## પ્રકાશકીયમ્.....

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર પધારી અનંત જીવોના કલ્યાણ કર્યા, અને તે માર્ગ ચાલુ રાખવા માટે મંદિરો બનાવ્યા. શાસ્ત્રોના સિધ્ધાંતરૂપ આચાર્ય અને સંતો દ્વારા મોક્ષના દ્વાર ખુલ્લા કર્યા. જેના દ્વારા સવાર - સાંજ કથાવાર્તા, ધ્યાન, પૂજા, માળા, મંત્રજાપ કરી આપણા ઉધ્ધવ સંપ્રદાયની પરંપરા પ્રમાણે અનેક મુમુક્ષુ જીવો મોક્ષના અધિકારી બની રહ્યા છે.

આજના ભૌતિક યુગમાં માનવ વધુ વ્યસ્ત બન્યો, દૂર દેશ-વિદેશ આવન-જાવન થયું પરિણામે વડીલોથી દૂર રહેવાનું થતાં ધીરે ધીરે પરંપરાના સંસ્કારો ઘટવા માંડ્યા. હાલના ઈલેક્ટ્રોનિક સાધનો અને મિડિયા દ્વારા સંપૂર્ણ જીવન વ્યવહાર બદલાઈ ગયો. આવા વ્યસ્ત સમયમાં પણ તમો તમારા પરિવાર સાથે રહો અને સાથે બેસી ભોજન લ્યો, થોડો સમય ઘરમાં બાળકો સાથે રહો, બને ત્યાં સુધી તમારા બાળ-યુવા સંતાનોને વ્યક્તિગત મળી હેત-પ્રેમથી વર્તો. બાળકો આપણું ભવિષ્ય અને મૂડી છે, તેમજ ધર્મ, સંપ્રદાય અને દેશનું પણ ભવિષ્ય છે.

આ માટે તમો પરિવારના દરેક સભ્યો દરરોજ અડધો કલાક સાથે મળી અને સત્સંગની વાતો કરી શકો એવા હેતુથી શ્રી સ્વામિનારાયાણ મંદિર - ભુજ દ્વારા ''ઘર સત્સંગ સભા'' નામનું પુસ્તક પ્રકાશન કરી રહ્યા છીએ.

આજના હરણફાળ યુગમાં મા-બાપ અને સંતાનો સર્વ રીતે નજીક રહે તે માટે આ અકસીર દવા છે ''ઘર સત્સંગ સભા''. આમ દરરોજ

સાંજે પરિવાર સાથે બેસી શ્રીજી મહારાજની એક વાત,ધૂન-કીર્તન કરવાથી દિવસ દરમ્યાન થયેલી સાંસારિક વિટંબમણાઓથી દૂર થશો અને જીવનમાં શાંતિ અને આનંદ પ્રાપ્ત થશે, પરિવારમાં સંપ અને સ્નેહ વધશે. પરિવારના દરેક સભ્યમાં શ્રીજી મહારાજની નિષ્ઠા વધશે અને દરેકમાં દિવ્યભાવ થશે. કુટુંબમાં સંપ અને સંગઠિત કરનારું છે ''ઘર સત્સંગ સભા'' પુસ્તક. તો ચાલો આ ''ઘર સત્સંગ સભા'' પુસ્તક વસાવો, વાંચો અને વંચાવો.

આ પુસ્તકની બે આવૃત્તિ થોડા મહિનાઓમાં જ સમાપ્ત થતાં હરિભક્તોની માંગ વધતાં ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરી રહ્યા છીએ. આ પુસ્તકના વાંચકોને સવિનય જણાવાનું કે આપણા જીવનમાં કે પરિવારમાં વાંચનથી થયેલા લાભો તથા સુઝાઓ ભુજ મંદિરે પ્રકાશન વિભાગમાં મોકલાવશો.

આ પુસ્તક પ્રકાશનમાં જે જે સંતો ભક્તોએ સહયોગ આપ્યો છે તેમને મહારાજ સર્વ રીતે સુખીયા રાખે. આનું ઝીણવટ પૂર્વક સંશોધન કર્યું છે છતાંય કાંઈ ક્ષતિ રહી જવા પામી હોય તો ક્ષમ્ય ગણશો, એ જ

લી. મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના જય શ્રીસ્વામિનારાયણ.

# પ્રસ્તાવના

''સત્સંગ'' શબ્દ જ સત્ત્વગુણનું પ્રેરક છે. જ્યાં સત્સંગ હોય ત્યાં સદ્‌વિચાર હોય, સદ્‌કાર્ય હોય, સદ્‌પ્રવૃતિ હોય, સત્ત્વગુણથી પ્રેરિત સદાચાર હોય. એવી કઈ વ્યક્તિ હોય કે જે પોતાનાં પરિવારના સભ્યોમાં સત્ત્વગુણ ન ઈચ્છે ? પરિવારજન સદાચારી હોય તેવી ભાવના ન રાખે ? સદાચાર એ સજ્જનતાનો ગુણ છે. સત્સંગનો અર્થ જ સજ્જનનો સંગ, સજ્જનની સોબત એવો થાય છે. સત્સંગનો એક અર્થ સત્યનો સંગ એવો પણ થાય છે. અને જ્યાં સત્ય હોય ત્યાં સત્ત્વગુણ પણ હોય છે. સત્સંગ દ્વારા સત્ત્વગુણનું સંવર્ધન થાય છે.

બાળક કુંટુંબમાં-ઘરમાં જે કાંઇ જૂએ છે તેનું અનુકરણ કરવા પ્રેરાય છે. ઘરના સભ્યોની વાણી, વર્તન, વ્યવહાર સંસ્કાર વિગેરેની વ્યાપક અસર તેના માનસપટ પર પડે છે. જો સંતાનોને સદ્‌ગુણી, સુસંસ્કારી અને સદાચારી બનાવવા હોય તો ''ઘર સભા'' અનિર્વાય છે. સત્સંગથી સંસ્કારોનું સંવર્ધન થાય છે. સાથે સાથે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં દઢતા આવે છે. ઈશ્વર પ્રત્યેની આસ્થામાં અભિવૃધ્ધિ થાય છે.

જીવનને જીવંત-ધબકતું રાખવા જીવનમાં વૈવિધ્ય આવકાર્ય છે. જીવનમાં વૈવિધ્ય લાવવા મનુષ્ય અનેકવિધ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહે છે. સમયનો અભાવ હોવાની ફરિયાદ કરનાર વ્યક્તિ પણ મનોરંજન માટે સમય ફાળવી જ લેતો હોય છે. ટી.વી. જોવું આજે અતિ સામાન્ય બાબત છે. દરેક ઘરમાં આજે કલાકો સુધી ટી.વી. કાર્યક્રમો જોવાય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે સમયના અભાવની ફરિયાદ કરનાર જો ટી.વી. જોવા માટે સમય કાઢી શકતો હોય તો ''ઘર સભા'' માટે સમય ન કાઢી શકે ? ટી.વી. લગભગ બધા ઘરોમાં જોવાય છે પણ ઘરે સત્સંગ કેટલા ઘરમાં થાય છે ? ટી.વી. માં મોટા ભાગે કાવાદાવા અને હિંસાથી ભરપૂર સીરીયલો વાળા અભદ્ર કાર્યક્રમો વધુ પ્રમાણમાં જોવાય છે. કોઈએ ક્યારે પણ એ વાતનો વિચાર કર્યો છે ખરો કે વધુ આવશ્યક શું છે, ટી.વી કાર્યક્રમોથી વિચારોમાં વિકૃત્તિ ભરવાનું કે સત્સંગથી પરંપરાગત સંસ્કારો નું જતન અને સંવર્ધન કરવાનું ?

આજે ભાગદોડના જમાનામાં કુટુંબના તમામ સભ્યો ભાગ્યે જ સાથે બેસતા હોય છે કે પરસ્પર એકબીજાને સમજવાનો પ્રયત્ન કરતા હોય છે, ભાગ્યે જ એક સાથે બેસીને જમતા હોય છે, એક બીજાના ખબર અંતર પૂછતા હોય છે, પરિણામે

કુટુંબના સભ્યોમાં આત્મીયતાનો અભાવ જન્મ લે છે અને પરસ્પર આત્મભાવનું અંતર વધતું જાય છે. પરંતુ જે ઘરમાં દરરોજ સત્સંગ થતો હોય, કુટુંબના તમામ સભ્યો સાથે બેસીને નિયમિત સત્સંગ કરતાં હોય, શ્રીજી મહારાજ પ્રત્યે સંપૂર્ણ શ્રધ્ધા રાખીને ભક્તિના રંગે રંગાતા હોય છે તે ઘરનું વાતાવરણ જ કંઇક ભિન્ન હોય છે ! કુટુંબના સભ્યોમાં પરસ્પર નિઃસ્વાર્થ સાચા પ્રેમની લાગણી હોય છે, આત્મીયતા અને એખલાસ સ્વાભાવિક રીતે જ અનુભવાય છે.

દરરોજ સાથે બેસવાથી પરસ્પર નજીક અવાય છે. તેમાંય એકબીજા સાથે સુખ દુઃખની, આનંદ-ઉલ્લાસની, પ્રગતિ માટે પ્રોત્સાહિત કરવાની, સમસ્યા હોય તેનું સમાધાન શોધવાની વાતો થતી હોય, સત્ત્વગુણોયુક્ત કૌટુંબિક ભાવના હોય તે કુટુંબની દરેક વ્યક્તિને એવો અહેસાસ થાય છે કે હું એકલો નથી, મારી સાથે મારું આખું કુટુંબ છે, હું સંપૂર્ણ સલામત છું. આવી હૂંફ હોવી બહુ મોટી વાત છે, જે ''ઘર સત્સંગ સભા'' થી શક્ય છે. જે ઘરમાં ભક્તિભાવભર્યું પવિત્ર વાતાવરણ હોય, શિક્ષાપત્રીમાં આપેલી આજ્ઞાઓનું અનુસરણ થતું હોય તેમજ દરરોજ સત્સંગ થતો હોય તે કુટુંબના સંતાનોમાં સુસંસ્કારોનું સંવર્ધન થતું હોય છે. આવા કુટુંબના સભ્યોની વાણીમાં વિવેક, વર્તનમાં વિનય અને વ્યવહારમાં વિનમ્રતા જોવા મળે છે. પરિણામે તેઓ સમાજમાં લોકપ્રિયતા પ્રાપ્ત કરે છે અને માન ભર્યું સ્થાન પણ મેળવે છે. લોકોના હૃદયમાં તેમનાં પ્રત્યે આદરભાવ હોય છે.

સત્સંગમાં એવી શક્તિ છે કે તેની સામે કોઇ અનિષ્ટ તત્ત્વ ટકી શકતું નથી, અસુર કુળમાં જન્મેલા પ્રહલાદ, બાળ ભક્ત ધ્રુવને નારદજીનો સંગ થયો. એમના સત્સંગથી તેમના હૃદયમાં ભક્તિભાવ જાગૃત થતાં તેઓ પ્રભુ પરાયણ થયા, તેમના પર અસુર પુરુષો દ્વારા અત્યાચાર થયા પણ સત્સંગથી આવેલા દૈવીગુણોના પ્રતાપે તેઓએ મચક આપી નહીં, પરાજિત થયા નહીં. આવા ભક્તો અમર થઇ ગયા ! આ છે સત્સંગનો પ્રભાવ. આપણા સંતાનોમાં પણ શૈશવકાળથી સંસ્કારોનું સિંચન થાય, નૈતિક મૂલ્યો સાથે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને માનવતાના પાઠો શીખે અને જીવનમાં ઉતારે તે માટે ''ઘર સત્સંગ સભા'' શ્રેષ્ઠ છે.

''ઘર સત્સંગ સભા'' પુસ્તકમાં અમૂલ્ય અને પ્રભાવિક વાતો સહજ અને સરળતાથી અભિવ્યક્ત કરવામાં આવી છે.

ભરતભાઇ મહેતા

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | પેજ નં. |
|---|---|---|


(નિત્ય ક્રમ)

| | | |
|---|---|---|
| ૧. | સભા-૧. ભગવાનની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે. | ૨૫ |
| ૨. | સભા-૨. સત્સંગ એ સુખનું મૂળ છે. | ૪૬ |
| ૩. | સભા-૩. કેવા થશું તો ભગવાનના ધામમાં જશું ? | ૫૧ |
| ૪. | સભા-૪. ભણ્યાં કરતાં ગણ્યો વધી જાય છે. | ૫૬ |
| ૫. | સભા-૫. ભગવાનમાં પૂર્ણ વિશ્વાસ છે તે શ્રેષ્ઠ છે. | ૫૯ |
| ૬. | સભા-૬. માયાનું શું રૂપ છે. ? | ૬૨ |
| ૭. | સભા-૭. નિર્માની ભક્ત સર્વથી શ્રેષ્ઠ છે. | ૬૫ |
| ૮. | સભા-૮. નમ્રતાથી કામ પતે તો ઉગ્રતા લાવશો નહિ. | ૬૯ |
| ૯. | સભા-૯. સાત્વિક ભાવ હોય ત્યાં પ્રભુ જમે છે. | ૭૩ |
| ૧૦. | સભા-૧૦. એકાદશી પર્વ યથાર્થમાં | ૭૭ |
| ૧૧. | સભા-૧૧. યાત્રામાં અને ફરવામાં બહુ ફેર છે. | ૮૧ |
| ૧૨. | સભા-૧૨. સાચી બુદ્ધિ ક્રોધથી ઢંકાઈ જાય છે. | ૮૪ |
| ૧૩. | સભા-૧૩. ભગવાનને ઓળખવા તે ભારે કામ છે. | ૮૭ |
| ૧૪. | સભા-૧૪. સત્સંગમાં ગાઢ પ્રીતિ કેમ થતી નથી ? | ૯૦ |
| ૧૫. | સભા-૧૫. પ્રભુ આશ્રયનો પ્રબળ પ્રતાપ. | ૯૩ |
| ૧૬. | સભા-૧૬. મેરુ પર્વત સમાન મન મજબૂત રાખો. | ૯૬ |
| ૧૭. | સભા-૧૭. બ્રહ્માનો ગર્વ ઉતાર્યો. | ૧૦૦ |
| ૧૮. | સભા-૧૮. ત્રણ પ્રકારના વૈરાગ્ય. | ૧૦૩ |
| ૧૯. | સભા-૧૯. ધર્મ હોય ત્યાં ધન ટકે છે. | ૧૦૫ |
| ૨૦. | સભા-૨૦. જન્મ દિવસ કેમ ઉજવવો ? | ૧૦૮ |

૨૧. સભા-૨૧. પ્રભુ નામ જપતા ગયા તો સૈનિકમાંથી
સંત બન્યા. ....................................................૧૧૨
૨૨. સભા-૨૨. લીલા સંભારી રાખવી. .........................૧૧૫
૨૩. સભા-૨૩. વાલીયા ભીલમાંથી વાલ્મીકિ ઋષિ બન્યા ..૧૧૭
૨૪. સભા ૨૪. સાત્વિક તપની વ્યાખ્યા. ......................૧૨૨
૨૫. સભા-૨૫. દયાળુ પ્રભુની દયાળુતા. ......................૧૨૪
૨૬. સભા-૨૬. ઈર્ષ્યા ન કરવી. .................................૧૨૮
૨૭. સભા-૨૭. આત્મઘાત એ મહાપાપ છે. ..................૧૩૧
૨૮. સભા-૨૮. નિર્માની થઈને સેવા કરશો તો પ્રભુને ગમશો. .૧૩૩
૨૯. સભા-૨૯. ભગવાન મળવાની ભૂખ લાગવી જોઈએ ...૧૩૭
૩૦. સભા-૩૦. સ્કૂલ કોલજમાં આપણી સાવધાની ...........૧૪૦
૩૧. સભા-૩૧. હનુમાનજીના રોમ રોમમાં રામ છે. ..........૧૪૪
૩૨. સભા-૩૨. સેવામાં ખૂબ સાવધાની રાખવી. ..............૧૪૭
૩૩. સભા-૩૩. સાચી કમાણી પ્રભુની ભક્તિ છે. .............૧૫૦
૩૪. સભા-૩૪. વિવેકી ભક્ત મોટ્યપને પામે છે. ............૧૫૩
૩૫. સભા-૩૫. ઉત્સવ સમૈયા યાદ આવી જાય તો
જીવનું કલ્યાણ થાય. .........................................૧૫૬
૩૬. સભા-૩૬. મને જમદૂતના મારમાંથી બચાવી લીધી. ....૧૫૯
૩૭. સભા-૩૭. જીતં જગત્ કેન, મનો હિ યેન. ................૧૬૨
૩૮. સભા-૩૮. સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્. ......................૧૬૫
૩૯. સભા-૩૯. માલણનો મધુર ભાવ...........................૧૬૮

| | |
|---|---|
| ૪૦. | સભા-૪૦. ઉંબરા પૂજન ....................................૧૭૧ |
| ૪૧. | સભા-૪૧. પ્રભુ, મને માફ કરો, માફ કરો !..............૧૭૫ |
| ૪૨. | સભા-૪૨. પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઇ ઇચ્છવું નહિ.......................................૧૭૮ |
| ૪૩. | સભા-૪૩. સંત શક્તિનો પ્રતાપ. ..........................૧૮૧ |
| ૪૪. | સભા-૪૪. પ્રભુ બ્રહ્મધામ દર્શક છે. ........................૧૮૪ |
| ૪૫. | સભા-૪૫. જીવનમાં વિવેક રાખો. .........................૧૮૭ |
| ૪૬. | સભા-૪૬. કૃતઘ્નીનો સંગ કરવો નહિ. ....................૧૯૦ |
| ૪૭. | સભા-૪૭. દુનિયામાં ભગવાન જેવો કોઇ ઉદાર નથી....૧૯૩ |
| ૪૮. | સભા-૪૮. બાલા બ્રહ્મચારી બોચાસણ પધાર્યા. .........૧૯૬ |
| ૪૯. | સભા-૪૯. વ્રજાનંદ સ્વામીનું જીવન ધન્ય બની ગયું !....૧૯૯ |
| ૫૦. | સભા-૫૦. સત્સંગીનું ઘર અંદર અને બહાર............૨૦૨ |
| ૫૧. | સભા-૫૧. અણસમજણથી માણસ દુઃખી થાય છે.......૨૦૬ |
| ૫૨. | સભા-૫૨. કઠણ કાળમાં આપ છો ધણી..................૨૦૮ |
| ૫૩. | સભા-૫૩. સાચા સંતથી સરી ગયા અનેક જીવના કાજ...૨૧૦ |
| ૫૪. | સભા-૫૪. ભગવાનનું ધામ કેવું છે ? ......................૨૧૪ |
| ૫૫. | સભા-૫૫. કીર્તન ભક્તિનું સ્થાન બહુ ઊંચું છે...........૨૧૭ |
| ૫૬. | સભા-૫૬. પ્રભુનો ટેકો સાચો...............................૨૨૦ |
| ૫૭. | સભા-૫૭. દેહાધ્યાસ છૂટે ત્યારે બ્રહ્મરૂપ થવાય છે. .....૨૨૩ |
| ૫૮. | સભા-૫૮. કર્મ અનુસારે જુદા જુદા દેહ પમાડે છે. .......૨૨૬ |
| ૫૯. | સભા-૫૯. સગપણ કીધું રે શ્યામળિયા સાથે............૨૨૯ |

૬૦. સભા-૬૦. આપણે ઘેર સંતો હોય ત્યારે વિવેક...........૨૩૪
૬૧. સભા-૬૧. ખાતાં પીતાં બગાડે છે શરીર..................૨૩૮
૬૨. સભા-૬૨. અંતે યા મતિઃ સા ગતિ ........................૨૪૧
૬૩. સભા-૬૩. લીલી ભાજી અમે નહિ તોડીએ. .............૨૪૫
૬૪. સભા-૬૪. મેં છપૈયાની રજ ખાધી છે......................૨૪૮
૬૫. સભા-૬૫. પ્રભુ પ્રત્યક્ષ સેવા સ્વીકારે છે..................૨૫૦
૬૬. સભા-૬૬. નિત્ય નવી શ્રધ્ધા રાખવી પણ કાયર થવું નહિ...૨૫૩
૬૭. સભા-૬૭.પ્રેમી ભક્તની સેવા ભગવાનને
બહુ ગમે છે...................................................૨૫૬
૬૮. સભા-૬૮.ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ઉતારો............૨૫૮
૬૯. સભા-૬૯. વૈરાગ્યરૂપી સદ્‌ગુણો આવવા
મહા કઠણ છે.................................................૨૬૧
૭૦. સભા-૭૦. બહેનોની મર્યાદા................................૨૬૪
૭૧. સભા-૭૧. જીવની અવળાઇનો પાર નથી. ................૨૬૮
૭૨. સભા-૭૨. સત્સંગનો ખપ હોય તેનાથી શું ન થાય !.....૨૭૧
૭૩. સભા-૭૩. કરેલા કર્મના બદલા દેવા પડે છે..............૨૭૩
૭૪. સભા-૭૪. મન મજબૂત કરી હરિ સ્મરણ કરો. ..........૨૭૭
૭૫. સભા-૭૫. ક્રોધનું પરિણામ ભયંકર હોય છે. .............૨૮૧
૭૬. સભા-૭૬.વિશ્વાસઘાત એ મહાપાપ છે. ..................૨૮૩
૭૭. સભા-૭૭. ચાર યુગ પ્રભુજીની અરજી કરે છે............૨૮૭
૭૮. સભા-૭૮. જેવી સોબત કરે છે તેવું અંતઃકરણ
થાય છે........................................................૨૯૦

૭૯. સભા-૭૯. તક તક ફરરરર..................................૨૯૩
૮૦. સભા-૮૦. ફાસ્ટથી સાવધાન.............................૨૯૭
૮૧. સભા-૮૧. ચાલો, આપણે કથા સાંભળવા જઈએ.......૩૦૧
૮૨. સભા-૮૨. ચાર ગુણની એક બીજાને અપેક્ષા છે. ........૩૦૩
૮૩. સભા-૮૩. સંતોનો ક્યારેય દ્રોહ કરવો નહિ. .............૩૦૬
૮૪. સભા-૮૪. આસ્તિક થાવું પણ નાસ્તિક થાવું નહિ. ......૩૧૦
૮૫. સભા-૮૫. તમારા ઘનશ્યામને વારો ! .....................૩૧૪
૮૬. સભા-૮૬. અજ્ઞાનીમાં અજ્ઞાની કોણ છે ? ................૩૧૭
૮૭. સભા-૮૭. ધર્મનું મૂળ દયા છે — પાપનું
મૂળ અભિમાન છે. .............................................૩૧૯
૮૮. સભા-૮૮. મર્યાદા માણસનું ભૂષણ છે. ...................૩૨૨
૮૯. સભા-૮૯. શ્રેષ્ઠ કોણ ? ધનવાન કે પ્રભુ સ્મરણ કરનાર.૩૨૫
૯૦. સભા-૯૦. સ્ત્રીઓનો માસિક ધર્મ અને વિજ્ઞાન..........૩૨૯
૯૧. સભા-૯૧. હરામનું ખાવું છે, ને બળ કરો છો ?...........૩૩૩
૯૨. સભા-૯૨. ક્ષમા છે તે સમર્થનું ભૂષણ છે. .................૩૩૬
૯૩. સભા-૯૩. ઈશ્વર સંસાર સાગરના તારક છે.............૩૩૯
૯૪. સભા-૯૪. સર્વ ક્રિયામાં ભગવાનની સ્મૃતિ રાખવી .....૩૪૪
૯૫. સભા-૯૫. અતિ જમવું એ વિકૃતિ છે. ......................૩૪૭
૯૬. સભા-૯૬. દષ્ટિને નિયમમાં રાખો. ........................૩૫૦
૯૭. સભા-૯૭. થાંભલાને બાથ ભીડીને રહેજો. ...............૩૫૩
૯૮. સભા-૯૮. પાણીના ઘડાનું દષ્ટાંત. .........................૩૫૭

૯૯. સભા-૯૯. ભગવા કપડાં પહેર્યાં છે
ને ધંધા કેવા કરો છો ? ........................................૩૫૯
૧૦૦. સભા-૧૦૦. ઘરમાં લગ્ન પ્રસંગે શું ધ્યાન રાખવું ? .....૩૬૩
૧૦૧. સભા-૧૦૧. અંતરની શાંતિનો ઉપાય. .....................૩૬૭
૧૦૨. સભા-૧૦૨. માયા ગાફેલને મારે છે ને જગતમાં
ફસાવે છે. ......................................................૩૭૦
૧૦૩. સભા-૧૦૩. બાપ દીકરા જેવો સંબંધ
ભગવાનની સાથે થવો જોઈએ. ...............................૩૭૨
૧૦૪. સભા-૧૦૪. સાચા સંતનો પ્રતાપ – સારણ
ગાંઠ મટી ગઈ. .................................................૩૭૫
૧૦૫. સભા-૧૦૫. ભૂધરજી ભરવાડ બન્યા. ....................૩૭૯
૧૦૬. સભા-૧૦૬. નિર્વાસનિક થવાય ત્યારે
અક્ષરધામમાં જવાય. ..........................................૩૮૩
૧૦૭. સભા-૧૦૭. સ્વભાવ સુધારવો જોઈશે. ..................૩૮૬
૧૦૮. સભા-૧૦૮. ધીરજ રાખવાથી મનમાં શાંતિ રહેશે. .....૩૮૮
૧૦૯. સભા-૧૦૯. શેખમીંયાની કસોટી. .........................૩૯૨
૧૧૦. સભા-૧૧૦. નિત્યકર્મ સંધ્યાકાળ-પૂજા ..................૩૯૫
૧૧૧. સભા-૧૧૧. ગુરુને કાંકરા ખવરાવ્યા. ......................૩૯૯
૧૧૨. સભા-૧૧૨. અપરાધથી બચો. ............................૪૦૩
૧૧૩. સભા-૧૧૩. સંતોની ધીરજશક્તિ..........................૪૦૭
૧૧૪. સભા-૧૧૪. ભગવાનનો અપાર મહિમા છે. ............૪૧૧

અનુક્રમણિકા

૧૧૫. સભા-૧૧૫. દુઃખહર દીનદયાળ ............................૪૧૪
૧૧૬. સભા-૧૧૬. અનુવૃતિનો ભંગ ............................૪૧૭
૧૧૭. સભા-૧૧૭. આદરેજમાં અન્નકૂટ ઉત્સવ ................૪૨૧
૧૧૮. સભા-૧૧૮. શુભ વાસનાની વૃધ્ધિ કોની થાય છે? ......૪૨૫
૧૧૯. સભા-૧૧૯. પ્રભુ કહે છે, મરે નહિ એવો દીકરો
આપીએ છીએ. ...............................................૪૨૮
૧૨૦. સભા-૧૨૦. પ્રભુ ભક્તને મદદ કરે છે. ..................૪૩૧
૧૨૧. સભા-૧૨૧. પ્રભુ ઉઘરાણી કરવા જાય છે. ...............૪૩૪
૧૨૨. સભા-૧૨૨. પરમેશ્વરની ભક્તિનું બળ રાખવું...........૪૩૭
૧૨૩. સભા-૧૨૩. મારો દીકરો એ તમારો દીકરો છે. ..........૪૪૦
૧૨૪. સભા-૧૨૪. સુખનું મૂળ પ્રભુ સ્મરણ અને પ્રાર્થના છે. ..૪૪૫
૧૨૫. સભા-૧૨૫. સત્યને જીવનમાં ટકાવી રાખજો ...........૪૪૭
૧૨૬. સભા-૧૨૬. નિષ્કપટ ભાવે સત્સંગ કરો..................૪૫૦
૧૨૭. સભા-૧૨૭. સમર્થ તો એક શ્રીહરિ છે. ...................૪૫૩
૧૨૮. સભા-૧૨૮. ચિતનો ચોંટવાનો સ્વભાવ છે. .............૪૫૬
૧૨૯. સભા-૧૨૯. સાચા ભક્તની કસોટી. .....................૪૫૮
૧૩૦. સભા-૧૩૦. સત્સંગીનો પહેરવેશ .........................૪૬૧
૧૩૧. સભા-૧૩૧. જીભ સુધરી તેની જીંદગી સુધરી...........૪૬૫
૧૩૨. સભા-૧૩૨. જબરી ખોટ આવી ગઈ. ......................૪૬૮
૧૩૩. સભા-૧૩૩. અભિમાન રૂપી ગાંઠ છોડવાની છે. ........૪૭૧
૧૩૪. સભા-૧૩૪. હે પ્રભુ. તમે અમારા જીવના ધણી છો. ....૪૭૪

૧૩૫. સભા-૧૩૫. ધર્મ સાધે ને બીજાને સધાવે. ................૪૭૭
૧૩૬. સભા-૧૩૬. ગઢપુરનો લીંબડો ક્યાંથી આવ્યો ? ........૪૮૦
૧૩૭. સભા-૧૩૭. જુઓ, ઘરધણી આવી ગયા. ................૪૮૨
૧૩૮. સભા-૧૩૮. ભગવાનનો દઢ આશરો રાખો. .............૪૮૫
૧૩૯. સભા-૧૩૯. ઘરને પડતાં બચાવી લીધું. ...................૪૮૮
૧૪૦. સભા-૧૪૦. દાદા-દાદી અને બાળકો......................૪૯૨
૧૪૧. સભા-૧૪૧. જેવું વાવો તેવું લણો, જેવું કરો તેવું પામો ...૪૯૬
૧૪૨. સભા-૧૪૨.માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ
ભગવાનના સ્વરૂપમાં રહે છે. ...............................૪૯૯
૧૪૩. સભા-૧૪૩. લાવો, અમે રોટલી કરતાં શીખવાડીએ ....૫૦૩
૧૪૪. સભા-૧૪૪. રામચંદ્ર વૈદ્ય અને હરિશ્ચંદ્ર વૈદ્ય
સત્સંગી થયા. ................................................૫૦૬
૧૪૫. સભા-૧૪૫. સામે ચાલી ભેટ સ્વીકારી. ..................૫૧૦
૧૪૬. સભા-૧૪૬. ક્રોધ, માન, ઈર્ષ્યા, કપટ ન રાખે તો
દુષિત બુદ્ધિ ટળી જાય છે. ....................................૫૧૪
૧૪૭. સભા-૧૪૭. આપણેને કેવા ભક્ત થાવું છે?
આજથી નક્કી કરો. ..........................................૫૧૮
૧૪૮. સભા-૧૪૮. વણિક બન્યા વનમાળી. .....................૫૨૨
૧૪૯. સભા-૧૪૯. વાહ દરબાર, વાહ! ધન્ય છે
તમારી સમજણને! ...........................................૫૨૫
૧૫૦. સભા-૧૫૦. ચા, કોફી, દૂધ અને ઠંડાપીણા..............૫૨૮

૧૫૧. સભા-૧૫૧. સુંદરજીભાઈનું અભિમાન ઉતાર્યું. .........૫૩૨
૧૫૨. સભા-૧૫૨. તમે અદ્‌ભુત કામ કર્યું છે. ..................૫૩૫
૧૫૩. સભા-૧૫૩. તમારા પુત્રનું નામ જગન્નાથ રાખજો ......૫૩૮
૧૫૪. સભા-૧૫૪. જન્મભૂમિ તથા સંબંધીમાં
હેત રાખવું નહિ. ...............................................૫૪૨
૧૫૫. સભા-૧૫૫. દીકરા તને ભક્તિરૂપી અમૃતનો
ખજાનો મળી ગયો છે. ........................................૫૪૬
૧૫૬. સભા-૧૫૬. સમેજાને સમાધિ..............................૫૪૮
૧૫૭. સભા-૧૫૭. વિશ્વાસી ભક્તનો ભાવ પૂરો કર્યો. ........૫૫૨
૧૫૮. સભા-૧૫૮. સાચા સંતની ચરણરજ
પ્રભુ માથે ચડાવે છે ...........................................૫૫૬
૧૫૯. સભા-૧૫૯. સેવા કરવાની એક સુંદર કથા ...............૫૫૯
૧૬૦. સભા-૧૬૦. બાળકોની મા-બાપ પ્રત્યેની ફરજો .........૫૬૨
૧૬૧. સભા-૧૬૧. આખું જગત સ્વાર્થથી ભરેલું છે. ............૫૬૬
૧૬૨. સભા-૧૬૨. જીંદગીના ચોપડામાં સરવાળો માંડજો. ....૫૬૯
૧૬૩. સભા-૧૬૩. અરદેશરને પ્રભુએ પાઘ ભેટમાં આપી.....૫૭૪
૧૬૪. સભા-૧૬૪. તમે ભવસાગર તરવાની વિદ્યા
ભણ્યા છો ? ....................................................૫૭૯
૧૬૫. સભા-૧૬૫. પ્રભુ સ્મરણમાં મસ્ત બનો..................૫૮૩
૧૬૬. સભા-૧૬૬. નવ પ્રકારની ભક્તિ વિષે. ...................૫૮૭
૧૬૭. સભા-૧૬૭. બ્રહ્મચારીના પગલે વરસાદ બંધ થયો. ....૫૯૧
૧૬૮. સભા-૧૬૮. સ્વામિનારાયણ પ્રગટ મહામંત્ર છે. .......૫૯૫

૧૬૯. સભા-૧૬૯. શીતળદાસમાંથી વ્યાપકાનંદ. .............૫૯૮
૧૭૦. સભા-૧૭૦. ટી.વી. ઈન્ટરનેટનું દુષ્પરિણામ ...........૬૦૧
૧૭૧. સભા-૧૭૧. સંતોની અદ્ભૂત શક્તિ. .....................૬૦૫
૧૭૨. સભા-૧૭૨. ચાલો, શ્રમ યજ્ઞ કરીએ. .....................૬૦૮
૧૭૩. સભા-૧૭૩. ભક્તિનું ફળ ભગવાન છે. .................૬૧૧
૧૭૪. સભા-૧૭૪. વિધિનિષેધ સત્ય છે.
ખોટા કહેનારા નારકી થાય છે. ..............................૬૧૪
૧૭૫. સભા-૧૭૫. અહંકાર તજો અને હરિ ભજો. .............૬૧૮
૧૭૬. સભા-૧૭૬. સમાધિ પ્રકરણ. ..............................૬૨૨
૧૭૭. સભા-૧૭૭. મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ. ..................૬૨૫
૧૭૮. સભા-૧૭૮. નિષ્કામ ભક્તને ભગવાન પોતાની
સેવામાં રાખે છે. ...............................................૬૩૦
૧૭૯. સભા-૧૭૯.નરકના કુંડ ખાલી કર્યા. ......................૬૩૨
૧૮૦. સભા-૧૮૦. ભુજધામ બદ્રિકાશ્રમ જેવું તીર્થધામ છે.....૬૩૫
૧૮૧. ઓરડાના પદ ..................................................૬૩૮
૧૮૨. વચનામૃતો.....................................................૬૪૨
૧૮૩. ભક્તચિંતામણિ પ્રકરણ ૨૩.................................૬૪૬
૧૮૪. ફગવા ...........................................................૬૫૦
૧૮૫. જનમંગલ સ્તોત્ર...............................................૬૫૧
૧૮૬. જનમંગલ નામાવલિ .........................................૬૫૩
૧૮૭. કીર્તનો..........................................................૬૫૫

# સવારનો નિત્યક્રમ

## પ્રાતઃપૂજા

### સ્નાનવિધિ

સવારે વહેલા ઊઠીને પથારીમાં બેસીને જ મહારાજનું ધ્યાન ધરવું. ભગવાનના સ્મરણ સાથે શૌચવિધિ કરવો. ડાબો હાથ ૧૦ વખત અને બે હાથ ભેળા કરીને ૭ વખત ધોવા. ત્યારબાદ એક સ્થાને બેસીને દાંતની શુધ્ધિ કરી, પવિત્ર જળથી ભારતદેશની પવિત્ર નદીઓના સ્મરણ સાથે મંત્રપૂર્વક સ્નાન કરવું અથવા ભગવાનનું સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્મરણ કરતાં કરતાં સ્નાન કરવું.

સ્નાન કરતાં બોલવાનો મંત્ર

ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતી ।
નર્મદે સિન્ધુ કાવેરી જલેસ્મિન્ સન્નિધિં કુરુ ॥

## પૂજાની તૈયારી

ધોતિયું પહેરી, શાલ ખભે મૂકી (બહેનોએ ચોખ્ખા કપડાં પહેરી) પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ પવિત્ર આસન ઉપર પૂજા કરવા બેસવું.

### આચમન

સૌ પ્રથમ આચમન કરવું. આચમન અંતરશુધ્ધિ માટે છે. ડાબો હાથ જમણા હાથને અડે એ રીતે ગોકર્ણ મુદ્રા બનાવી અડદનો દાણો ડૂબે એટલું જમણા હાથમાં જળ મૂકી ત્રણ વાર નીચે પ્રમાણે મંત્રો બોલી આચમન કરવું.

ૐ શ્રી નારાયણાય નમઃ
ૐ શ્રી વાસુદેવાય નમઃ
ૐ શ્રી વિષ્ણવે નમઃ

સ્ત્રી અને સચ્છૂદ્રોએ ઓમકાર ન બોલવો. (વાસુ. માહા. અ-૨૬. શ્લોક-૮)

## તિલક-ચાંદલો

નાકના મૂળ ભાગથી વાળ સુધી નીચેના મંત્રો બોલતાં ભાલમાં તિલક કરવું.

૧-ભાલમાં :- ૐ શ્રી વાસુદેવાય નમઃ

૨-હૃદયમાં :- ૐ શ્રી સંકર્ષણાય નમઃ

૩-જમણી બાહુના મૂળમાં :- ૐ શ્રી પ્રધ્યુમ્નાય નમઃ

૪-ડાબી બાહુના મૂળમાં :- ૐ શ્રી અનિરુદ્ધાય નમઃ

૫-ભાલમાં કુંકુમનો ગોળ ચાંદલો :- ૐ શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ

★ બહેનોએ માત્ર ભાલમાં કુંકુમનો ગોળ ચાંદલો કરવો.

★ વિધવા બહેનો ચંદનનો ચાંદલો કંઠમાં કરી શકે છે.

★ પૂર્વની માફક મંત્રો બોલી ફરી આચમન કરવું.

★ પછી આસન ઉપર ભગવાનને પધરાવતાં નીચે પ્રમાણે મંત્રો બોલવા.

નોંધ :- પૂજામાં અડધી મૂર્તિ (Half-Face) એટલે કે માત્ર મુખારવિંદ દેખાતું હોય તેવી મૂર્તિ ન રાખવી અને પૂજામાં ભગવાન સિવાય આચાર્ય, ગુરુ, સંત તેમજ ભક્તોના ફોટા ન રાખવા.

### ઉત્થાપન મંત્ર

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિંદ, ઉત્તિષ્ઠ ગરુડધ્વજ ।
ઉત્તિષ્ઠ કમલાકાન્ત, ત્રૈલોક્યે મંગલં કુરુ ॥
ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો ! દયાસિંધો ! સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥

# ઘર સત્સંગ સભા

હે મહારાજ ! હે ગોવિંદ ! હે ગરુડધ્વજ !હે લક્ષ્મીપતે ! જાગો અને ત્રિલોકીનું મંગળ કરો. હે નાથ ! હે દયાળુ ! હે ધર્મપુત્ર ! હે સ્વામિનારાયણ ભગવાન ! જાગો અને તમારા દરેક ભક્તનું પરમ કલ્યાણ કરો.

## માનસીપૂજા(ધ્યાન)

ત્યારબાદ મસ્તક ઉપર શાલ ઓઢી માનસીપૂજા કરવી. (શિક્ષાપત્રી ભાષ્ય શ્લોક-૫૬, સત્સંગિજીવન પ્ર.પ્ર. અ-૫, શ્લોક-૧૭) માનસીપૂજા કરતાં પહેલાં ટટ્ટાર બેસી આંખો બંધ કરી એવી ભાવના કરવી કે હું આત્મા છું, બ્રહ્મરૂપ છું, હું દેહ નથી ચૈતન્ય છું અને શ્રીજી મહારાજનો દાસ છું. મારા આત્મામાં શ્રીસ્વામિનારાયણ ભગવાન સદા વિરાજમાન છે. પછી હૃદયમાં પોઢેલા મહારાજને જગાડવા, સ્નાન કરાવવું, શણગાર ધારણ કરાવી આભૂષણો ધરાવવાં. પછી થાળ ધરાવી આરતી, દંડવત્ વિગેરે કરવાં.

ત્યારપછી કપડાંનો ટૂકડો લઇ મૂર્તિ ઉપર માર્જન કરવા પૂર્વક આવાહન મંત્ર બોલી મહારાજને પૂજામાં પધારવા પ્રાર્થના કરવી.

## આવાહન મંત્ર

આગચ્છ ભગવન્ ! દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજા કરિષ્યામિ. સદા ત્વં સન્મુખો ભવ ॥

હે સ્વામિનારાયણ ભગવાન ! હે દેવના દેવ ! હે પરમેશ્વર ! મારા હૃદયરૂપી અક્ષરધામમાંથી મારી પૂજામાં પધારી, મારી સન્મુખ વિરાજો, મારે તમારી પૂજા કરવી છે. પછી કાજુ, બદામ, દ્રાક્ષ, સાકર વિગેરેનો થાળ ધરી, મનોમન આરતી કરવી. ત્યારબાદ ભગવાનની મૂર્તિના ચરણ સ્પર્શ કરી દર્શન કરવા.

## મંત્રજાપ

પછી માળા ગૌમુખીમાં મૂકી, હૃદય સમીપે રાખી ટટ્ટાર બેસીને બે માળા કરવી. (શિક્ષાપત્રી ભાષ્ય શ્લોક-૫૬)

**પાપમાં પડે તે માણસ, તેનો ખેદ કરે તે**
**સંત અને અભિમાન કરે તે રાક્ષસ.**

ત્યારબાદ ડાબા પગે ઉભા રહીને (જમણો પગ ડાબા પગ ઉપર મૂકીને) બંને હાથ ઉંચા કરી તપની એક માળા કરવી.

પછી પ્રદક્ષિણા કરતાં બે માળા કરવી. જીવની દરેક ક્રિયામાં કેન્દ્ર સ્થાને ભગવાનને રાખવાની ભાવના પ્રદક્ષિણા દ્વારા પ્રગટ થાય છે. ભગવાનની દક્ષિણ (જમણા) ભાગથી વિનય ભાવે હરિસ્મરણ સાથે પરિભ્રમણ કરવું તે પ્રદક્ષિણા.

પછી ભગવાનની જમણી બાજુથી નીચેના શ્લોક બોલતાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. (વાસુ.માહા.અ-૨૯ શ્લોક-૨૬)

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા, ત્રાતા તમે સકલ મંગલ શાંતિ દાતા ।
માટે તમારું કરુણાનિધિ સત્યનામ, સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ ॥
અજ્ઞાન પાશ કરૂણા કરી કાપી નાખો, નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો ।
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ, સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ ॥
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥
નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા, સધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોખિલમંગલં નઃ ॥

પ્રાર્થના બોલતાં પાંચ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. છઠ્ઠો દંડવત્ જાણે-અજાણે ભગવાનના ભક્તનો અપરાધ થયો હોય તેની નિવૃત્તિને અર્થે કરવો. (વચનામૃત ગ.મ.પ્ર.-૪૦)

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ એટલે શરીરના આઠ અંગ હાથ, પગ, ઘુંટણ, છાતી, મસ્તક, દષ્ટિ, મન અને વાણીથી સંપૂર્ણપણે ભગવાનને શરણે થઈ જવું, આવી ભાવના વ્યક્ત થાય છે. આ પ્રણામથી આપણે સંપૂર્ણ ભગવાનના થઈ જઈએ છીએ.

પુરુષો સાષ્ટાંગ તેમજ પંચાગ બંને પ્રણામ કરી શકે છે.

બહેનોએ કેવળ પંચાગ પ્રણામ કરવા.

# ઘર સત્સંગ સભા

પંચાગ પ્રણામ એટલે હાથ, મસ્તક, દૃષ્ટિ, મન અને વાણીથી સમર્પિત થવું. મન, કર્મ અને વચને જે ક્રિયાઓ થાય છે તે પ્રભુ ચરણે સમર્પિત કરવાની ભાવનાઓ પ્રણામ દ્વારા જ વ્યક્ત થાય છે. પ્રણામથી સંપૂર્ણ શરણાગતિની ભાવના જાગે છે.

પછી ગુરુ મંત્રની એક માળા કરવી (જો ગુરુમંત્ર લીધો હોય તો.) (સત્સંગિજીવન પ્ર.પ્ર. અ-૭) ઉધ્ધવ સંપ્રદાયના સાચા અનુયાયી થવા માટે (ગુરુ) આચાર્ય મહારાજ પાસેથી ગુરુ મંત્ર લેવો જરૂરી છે.

પછી શિક્ષાપત્રીના પાંચ શ્લોક વાંચવા

જનમંગલનો પાઠ તથા વચનામૃત વિગેરેનું વાંચન નિયમિત કરવું.

ત્યારપછી પૂજામાં તથા જાણે અજાણે થયેલા અપરાધોની ભગવાન પાસે ક્ષમા માગવી.

### ક્ષમાપન મંત્ર

અપરાધ સહસ્રાણિ ક્રિયન્તેહર્નિશં મયા ।

દાસોયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ॥

બે હાથ જોડી દીન થઈને કહેવું, હે મહારાજ ! આપની પૂજા કરતાં જાણે અજાણે થયેલા અપરાધો માફ કરજો. મારાથી રાત-દિવસ હજારો અપરાધો થાય છે તેનાથી મારી રક્ષા કરજો. હું તમારો દાસ છું.

પછી ભગવાન પાસે એમ માગવું, જે હે મહારાજ ! અમારી કુસંગ થકી રક્ષા કરજો. તે કુસંગ ચાર પ્રકારના છે. (૧) કુડાપંથી (૨) શક્તિપંથી (૩) શુષ્કવેદાંતી (૪)નાસ્તિક

એ ચાર પ્રકારના કુસંગી માણસનો કોઈ દિવસ સંગ થાશો નહિ અને વળી એમ પ્રાર્થના કરવી જે હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર ઈર્ષ્યા અને દેહભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજો અને નિત્યે તમારા ભક્તોનો સમાગમ દેજો.

**ભુતકાળનો ખોટો વસવસો અને ભવિષ્યની ચિંતા વગર વર્તમાન સુધારે તે સાચો ભક્ત.**

એવી રીતે નિત્યે ભગવાન પાસે પ્રાર્થના કરવી. (વચનામૃત ગ.પ્ર.પ્ર. ૪૮)

પછી ભગવાનની દરેક મૂર્તિના ચરણ સ્પર્શ કરી દર્શન કરવાં.

પછી વિસર્જન મંત્ર બોલી પૂજા પૂર્ણ કરવી.

### વિસર્જન મંત્ર

સ્વસ્થાનં ગચ્છ દેવેશ ! પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામ પ્રસિધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

બે હાથ જોડી પ્રાર્થના કરવી જે હે મહારાજ ! મારી પૂજા સ્વીકારી મારા હૃદયરૂપી અક્ષરધામમાં પધારો અને મારા શુભ સંકલ્પો પૂરા કરવા માટે આવતીકાલે ફરીવાર મારી પૂજામાં પધારજો.

પૂજા બાદ દરેક મૂર્તિ આદરપૂર્વક પૂજાપેટીમાં પધરાવી, પૂજા પવિત્ર સ્થાને મૂકવી.

### ઘર મંદિર

પછી ઘર મંદિરમાં બિરાજતા ભગવાનના શ્લોક બોલતાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામથી દર્શન કરવા.

બહેનોએ પંચાગ પ્રણામથી દર્શન કરવા.

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા, ત્રાતા તમે સકલ મંગલ શાંતિ દાતા ।
માટે તમારું કરુણાનિધિ સત્યનામ, સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ ॥
અજ્ઞાન પાશ કરૂણા કરી કાપી નાખો, નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો ।
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ, સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ ॥

પછી ભગવાન પાસે ઉભા રહીને બે હાથ જોડીને નીચે પ્રમાણે શ્લોક બોલીને પ્રાર્થના કરવી.

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ ॥

# ઘર સત્સંગ સભા

નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા, સધર્મભક્તેરવનં વિધાતા।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોખિલમંગલં નઃ ॥

પછી માતા-પિતા, દાદા-દાદી તેમજ ઘરના વડીલ હોય તેને પગે લાગીને જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

ત્યારબાદ ભાઈ-બહેન, તેમજ ઘરમાં હાજર હોય તેમને તથા મિત્રો હોય તેઓને હાથ જોડીને હેતપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ કહેવા.

ત્યારબાદ મંદિરે દર્શન કરવા જવું.

ઘરમાં ભગવાનને જમાડવા માટેનાં અલગ પાત્રો (થાળી, વાટકો, ગ્લાસ) રાખવાં. તે પાત્રોમાં આપણે ન જમવું. ભગવાનને જમાડેલા ભોજન પ્રસાદ લઈને પોતાના વ્યવહારિક કાર્યમાં જોડાવું.

શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા છે કે :- પ્રાતઃકાળમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરવી અને પછી બીજો ધંધો કરવો અને જ્યાં સુધી પંચ વર્તમાનમાં રહીને શ્રીનરનારાયણદેવની પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિને વિશે શ્રીનરનારાયણદેવ વિરાજમાન રહેશે અને એ અમારી આજ્ઞા છે તે સર્વે દૃઢ કરીને માનજો. (વચનામૃત ગ.મ.પ્ર-૪૮)

## નોંધ

ઉધ્ધવ સંપ્રદાયમાં પુરુષોને ગુરુમંત્ર આચાર્ય મહારાજશ્રી દ્વારા અપાય છે અને બહેનોને આચાર્યશ્રીની આજ્ઞાથી ગાદીવાળાં (આચાર્ય પત્ની) દ્વારા અપાય છે. તે તે દેશના ભક્તોએ તે તે દેશના આચાર્ય પાસેથી ગુરુમંત્ર લેવો. ગુરુમંત્ર સત્સંગમાં આગળ વધવાનું બળ આપે છે.

જેને ગુરુમંત્ર લેવો હોય તેને પહેલાં સંતને શિક્ષાગુરુ તરીકે સ્વીકારવા જરૂરી છે.

ગુરુમંત્ર લીધો હોય તેઓએ આટલું તો અવશ્ય કરવું જ

પંચ વર્તમાનમાં રહેવું. દારૂ, માંસ, ચોરી, અવેરી(વ્યભિચાર), વટલવું

**બુધ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ**
**જોતો નથી પણ અવસર પેદા કરે છે.**

નહીં અને વટલાવવું નહીં.

નિત્યનિયમ આરતીથી માંડીને ચેષ્ટા સુધી કંઠસ્થ કરવા.

પાંચ માનસી પૂજા કરવી.

પ્રાતઃપૂજા દરરોજ કરવી. કોઈપણ પ્રસંગે બહાર જવાનું થાય ત્યારે વ્યક્તિગત પૂજા સાથે લઈ જવી. આ પૂજા અપૂજ રહે તો દોષ લાગે. મુસાફરી દરમ્યાન ગાડીમાં હો તો પણ પૂજા કર્યા સિવાય અન્ન-જળ લેવાય નહીં. ટ્રેનમાં, વિમાન, ટ્રાવેલ્સ વિગેરેની મુસાફરીમાં દિવસના કોઈપણ સમયે વ્યવસ્થિત જગ્યાએ પહોંચો ત્યારે ત્યાં પૂજા કરી પછી જ વ્યવહારિક કામ કરવું જોઈએ.

ગમે ત્યાં હો, પરંતુ તિલક-ચાંદલો તો નિયમિત કરવો જ.

સવારની પૂજામાં ધોતિયું હોવું જ જોઈએ.

દરરોજ મંદિરે દર્શન કરવાનું નિયમ રાખવો.

સંપ્રદાયનાં સત્સંગિજીવન, વચનામૃત, શિક્ષાપત્રી ભાષ્ય આદિ શાસ્ત્રોનું વાંચન તથા અભ્યાસ અવશ્ય કરવો.

લસણ-ડુંગળી જેવા તમોગુણ વર્ધક અભક્ષ્ય કયારેય ખાવાં નહીં.

બજારની તળેલી, રાંધેલી વસ્તુઓ ન ખાવી.

કેફીન જેમાં હોય એવા ઠંડાપીણા ન પીવા, જેમ કે રેડબુલ, કોફી, ચા, કોક વિગેરે.

જનમંગલ સ્તોત્ર, ગુરુ ભજન સ્તોત્ર(ભવસંભવ), શ્રીનરનારાયણાષ્ટક(અવતીર્ય), શ્રીવાસુદેવવિમલામૃત ધામવાસં જેવા સ્તોત્રો કંઠસ્થ કરવાં.

બની શકે તો એકાદશીનો ઉપવાસ કરવો અથવા એકટાણું કરવું.

હંમેશાં ભગવાનને જમાડીને પછી જ જમવાનો આગ્રહ રાખવો.

મંદિરમાં થતી દરરોજની સત્સંગ સભામાં હાજરી આપવી. બાળ-યુવક મંડળની પ્રવૃત્તિઓ તથા મંદિરની સેવામાં ભાગ લેવો.

# ઘર સત્સંગ સભા

ઘરના સિંહાસનમાં વિરાજતા ભગવાનની સાંજ-સવાર આરતી, સ્તુતિ, થાળ ધરી દરરોજ સાષ્ટાંગ દંડવત્ પ્રણામથી દર્શન કરવા. બહેનોએ પંચાગ પ્રણામથી દર્શન કરવાં.

દરરોજ સાંજે ઘર સત્સંગ સભામાં પુસ્તક વાંચન, કીર્તન, ધૂન ચેષ્ટા વિગેરે કરવાં.

ઘરના સિંહસનમાં ભગવાન સિવાય આચાર્ય, ગુરુ, સંત તેમજ ભક્તોના ફોટા ન રાખવા.( સિંહાસન બહાર રાખવા)

અષ્ટ પ્રકારની મૂર્તિ સિવાય ફાયબર વિગેરેની મૂર્તિ પૂજામાં કે ઘરમંદિરમાં પૂજવા માટે ન ચાલે.

તુલસીની પૂજા પ્રસાદી જળથી કરવી.

ભગવાનની પૂજા તુલસી પત્રથી કરવી.

તુલસી પૂજન :- પ્રભુ સ્મરણ સાથે સ્નાન - પ્રાતઃપૂજા બાદ ભગવાનને જગાડવા, તે જળથી તુલસીપૂજા કરવી, તુલસી પૂજા બાદ તુલસી પત્રોથી ભગવાનની પૂજા કરવી.

દરવાજાનાં પૂજનની પણ આપણી પ્રાચીન પરંપરા છે. **તુલસી પૂજન** બાદ ચોખા કંકુથી ઉંબરાનું પૂજન કરવું અને પ્રાર્થના કરવી હે ઉંબરાદેવ ! આ દ્વારેથી સદાય સંતનું આગમન થાય.

-ઘરમાં રહેલ ઠાકોરજીની સવારે આરતી કરવી.

-વિશ્વેશ છો...શ્લોકથી દંડવત્ કરવા.

-ઉભા રહી બે હાથ જોડીને ( ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ.....નિજાશ્રિતાનાં સકલાર્તિહન્તા.....શ્લોક બોલવા).

-નિત્ય બોલાતી જય (૬) (પેઈજ નં. ૨૬ પ્રમાણે બોલવી.)

-ઘરના સર્વે સભ્યોને પરસ્પર જય શ્રી સ્વામિનારાયણ કહેવા.

-મંદિર ગામમાં હોય તો અવશ્ય જવું.

-ભગવાનને ધરાવેલ પ્રસાદ ઉપહાર લઈ પોતાના કાર્યમાં જોડાવું.

**જીવનમાં કેટલી પણ સફળતા મેળવી લો પણ પોતાની ગરીબાઈ અને કઠીનાઈ ના દિવસ કોઈ દિવસ ભુલશો નહી.**

-આખો દિવસ કામ કરતા ભગવાનની સ્મૃતિ રાખવી. સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્મરણ મનોમન કરવું.

## સાંજનો નિત્યક્રમ

-સંધ્યા સમય થાય ત્યારે ઘરમાં ઠાકોરજી આગળ અગરબતી,દીવો કરવાં.(આરતી કરવી.)

-રામકૃષ્ણ ગોવિંદ..., નવીનજીમૂત...,નિર્વિકલ્પ....દંડવત્ પ્રાર્થના , વિશ્વેશછો સ્તુતિ...કરી મનપસંદ કિર્તન ગાવવાં.

-પરિવાર સાથે મળી ઠાકોરજીને ધરાવેલ પ્રસાદ લેવો.

-ત્યાર બાદ *ઘર સત્સંગ* સભા પુસ્તકમાં રહેલ એક પ્રસંગ વાંચવો.

-કિર્તન - ધૂન - ચેષ્ટા કરી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં સૂઈ જવું.

## સભા ચાલુ કરતા પહેલા ધ્યાનમાં રાખવા જેવી બાબતો.

૧.બાળકોને જે સમય પસંદ-અનુકૂળ હોય તે તેમને પુછીને જ સમય નક્કી કરવો.
૨.માતા-પિતા-વડીલોએ કોઈ પણ કારણસર ગેરહાજર ન રહેવું.
૩.તમારા ગામમાં મંદિર હોય ને તેમાં તમે આરતી-કથા-ચેષ્ટામાં બેસતા હો, તો પણ ઘરના સર્વે સભ્યો મળીને ''*ઘર સત્સંગ સભામાં*'' રહેલો એક પ્રસંગ તો વાંચવો જ.
૪.સભા સમયસર પુરી કરવી.
૫.જો ''*ઘર સત્સંગ સભામાં*'' મંજીરા,ખંજરી કે ઢોલકનો તાલ મળી જાય તો સભાનું વાતાવરણ અનોખું સર્જાય.
૬.પરિવારનાં બાળ-યુવા સંતાનોને જ વાંચન,કિર્તન,ધૂન માટે પ્રેરવાં. ન આવડે તો તેમને શીખવવું.
૭.''*ઘર સત્સંગ સભામાં*'' રહેલો એક પ્રસંગ વાંચ્યાં પછી દરેક સભ્ય સાથે ચર્ચા કરવી, શો બોધ મળ્યો ? શું જાણવાં મળ્યુ ?
૮.જો મહેમાન ઘરે આવ્યા હોય, તો પણ ઘરસભા કરવી જ.

# ઘર સત્સંગ સભા

# સભા-૧

## આરતી

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ, (૨) બળવંત બહુનામી. જય. ૧
ચરણસરોજ તમારાં વંદુ કર જોડી;
ચરણે શીશ ધર્યાથી,(૨) દુઃખ નાખ્યાં તોડી. જય. ૨
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુધારી;
પામર પતિત ઉદ્ધાર્યા,(૨) અગણિત નરનારી. જય. ૩
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી;
અડસઠ તીરથ ચરણે,(૨) કોટિ ગયા કાશી. જય. ૪
પુરૂષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે;
કાળ કર્મથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે. જય. ૫
આ અવસર કરૂણાનિધિ, કરૂણા બહુ કીધી;
મુક્તાનંદ કહે મુક્તિ,(૨) સુગમ કરી સિદ્ધિ. જય. ૬

## ધુન

રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! (૨)
હરે રામ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! (૨)
નારાયણ ! હરે ! શ્રીમન્નારાયણ ! હરે ! (૧)
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ ! હરે ! (૧)
કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ ! હરે ! (૨)
જય જય કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે ! (૨)
વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે ! (૨)
જય જય વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે ! (૨)
વાસુદેવ ગોવિન્દ જય જય વાસુદેવ ગોવિન્દ ! (૨)
જય જય વાસુદેવ ગોવિન્દ જય જય વાસુદેવ ગોવિન્દ (૨)

**કલ્યાણ ક્રિયાથી થતું નથી**
**પરંતુ ભાવ અને વિવેકથી થાય છે.**

રાધે ગોવિન્દ, જય રાધે ગોવિન્દ (૨)
વૃન્દાવનચન્દ જય રાધે ગોવિન્દ (૨)
માધવ મુકુંદ જય માધવ મુકુન્દ (૨)
આનંદકન્દ જય માધવ મુકુન્દ
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ!

## શ્રીરાધિકાકૃષ્ણાષ્ટક

નવીનજીમૂતસમાનવર્ણં, રત્નોલ્લસત્કુંડલશોભિકર્ણમ્
મહાકિરીટાગ્રમયૂરપર્ણં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૧
નિધાય પાણિદ્વિતયેન વેણું, નિજાધરે શેખરયાતરેણુમ્
નિનાદયન્તં ચ ગતૌ કરેણું, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૨
વિશુદ્ધહેમોજ્જવલપીતવસ્ત્રં, હતારિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૩
અધર્મતિષ્યાર્દિત સાધુપાલં, સદ્ધર્મ વૈરાસુર સંઘકાલમ્
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૪
ગોપીપ્રિયારમ્ભિત રાસ ખેલં, રાસેશ્વરી રંજનકૃત્ પ્રહેલમ્
સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૫
વૃન્દાવને પ્રીતતયા વસન્તં, નિજાશ્રિતાનાપદઉદ્ધરન્તમ્
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં, સંસારિ જીવાશ્રયણીયસારમ્
સદૈવ સત્પુરૂષસૌખ્યકારં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નન્દાદિસન્દર્શિત દિવ્યલોકમ્
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ૮

શ્રી નરનારાયણ દેવની જય, શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજની જય, શ્રી ઘનશ્યામ મહારાજની જય, શ્રી રાધાકૃષ્ણદેવની જય, શ્રી સહજાનંદસ્વામી મહારાજની જય, શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય.

# ઘર સત્સંગ સભા

## સાષ્ટાંગ દંડવત્ કરતાં પ્રાર્થના-(બોલવી)

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ ૧
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર ૨
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ૩
નાથ નિરંતર દર્શતવ, તવ દાસનકો દાસ
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ ૪
હેકૃપાળુ ! હે ભક્તપતે !, ભક્તવત્સલ ! સુનોબાત
દયાસિન્ધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત ૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ
તાકુ હોય દ્રઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ ૬
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય
તાકી વિક્તિ કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય ૭
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ
માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ્ય ૮
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત ૯
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત
વિમુખ જીવકે વદનસેં, કથા સુની નહિ જાત ૧૦
એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ ૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગ જીત ૧૨

**આરામનો પીછો કરવામાં માણસ પોતાને થકવી નાખે છે.**

## પ્રાર્થના - (ઉભા રહીને ગાવવી)

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકલ મંગલ શાંતિ દાતા;
માટે તમારું કરુણાનિધિ સત્યનામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ. ॥૧॥
અજ્ઞાન પાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભકતોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ. ॥૨॥

જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશિ સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષર ધામના અધિપતિ શ્રીસ્વામિનારાયણ. ૧
આવી અક્ષર ધામથી અવનિમાં જે દેહ ધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્ત જનને દીલે ધરીને દયા;
કીધાં ચારુ ચરિત્ર ગાન કરવા જેણે કરુણા કરી,
વંદુ મંગળ મુરતિ ઉર ધરી સર્વોપરી શ્રીહરિ. ૨
જન્મ્યા કૌશલ દેશ વેશ બટુનો લઈ તીર્થમાંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી. ૩

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમદેવદેવ,
નિજાશ્રિતાનાં સકતાર્તિહન્તા, સધર્મભક્તેરવનં વિધાતા,
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં ત નો તુ કૃષ્ણોડખિલ મંગલં નઃ ।

(ઘરમાં પવિત્રપણે બનાવેલ થાળ ઠાકોરજી આગળ રાખી થાળ બોલવો.)

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી. જમો૦ ૧
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો૦ ૨
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી;
કાઢ્યો રસ કેરીનો ઘોળી. જમો૦ ૩
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપુવા કઢી;
પુરી પોંચી થઈ છે ઘીમાં ચઢી. જમો૦ ૪
અથાણાં શાક સુંદર ભાજી, લાવી છું તરત કરી તાજી;
દહીં ભાત સાકર છે ઝાઝી. જમો૦ ૫
ચળુ કરો લાવું જળ ઝારી, એલચી લવીંગ સોપારી;
પાન બીડી બનાવી સારી. જમો૦ ૬
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને;
બેસો સિંહાસન રાજી થઈને. જમો૦ ૭
કમરેકસીને ફેંટો, રાજેશ્વર ઓઢીને રેંટો;
ભૂમાનંદના વ્હાલા ભેટો. જમો૦ ૮

## કથા - વાર્તા

પુસ્તક- વાંચવાની વેદી ઉપર મુકી મહારાજને સંભારી મંગલાચરણ-શ્લોક બોલવો

જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુછિદ્રમાં અણુસમાં બ્રહ્માંડ કોટી ફરે;
માયા કાળ રવિ શશિ સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષર ધામના અધિપતિ શ્રીસ્વામિનારાયણ. ૧

## (૧) ભગવાનની મૂર્તિ ચિંતામણિ તુલ્ય છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજે પ્રશ્નપુછ્યો કે કઠણમાં કઠણ સાધન તે શું છે? શ્રીજી

**નવાઇ ની વાત તો એ છે કે જ્યાં થોડા દિવસ રહેવાનુ છે તેના પાયા ઊંડાં નાખે છે, અને જ્યાં કાયમ રહેવાનુ છે તેના પાયાનો કોઇ વિચાર જનથી.**

મહારાજ પોતે એ પ્રશ્નનો ઉત્તર આપ્યો કે, ભગવાનની મૂર્તિમાં અખંડ વૃતિ રાખવી તે કઠણમાં કઠણ સાધન છે. (ગ. પ્ર. પ્ર. ૧ વચનામૃત – પહેલો પ્રશ્ન) સુખની ચાવી શ્રીજી મહારાજ બતાવે છે. પાઈલોટ બનવું સહેલું છે, એન્જીનીયર થવું સહેલું છે, ડોક્ટર થવું સહેલું છે, આરકીટેક્ટ થવું સહેલું છે, પણ ભગવાનની મૂર્તિમાં અખંડ વૃતિ રાખવી તે કઠણમાં કઠણ સાધન છે. કઠણ છે એમ માનીને હારી જવું નહિ. હિંમત રાખી, ભગવાનનમાં આશરો રાખીને એમની મૂર્તિ સંભારી રાખવી. ભગવાનના ભક્ત માટે ભગવાનમાં વૃતિ રાખવી કઠણ નથી.

ભગવાનમાં અખંડ વૃતિ રાખવાનો કેટલે પ્રતાપ છે ? અમૃત પીવે તે અમર થાય છે. હરિસ્મરણ છે તે અમૃત છે. ભગવાને કલ્યાણ કરવા માટે અનેક રસ્તા બતાવ્યા છે. ચિન્હ તીલનું ધ્યાન કરો, સેવા પૂજા કરો, મનથી ભગવાનનું નામ લ્યો. દેહ સાજો ન હોય તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલો. જાણપણારૂપ દરવાજે રહીને શ્રીજી મહારાજની મૂર્તિ વિના જગત પેસી ન જાય તેનું ધ્યાન રાખજો. આઠે પહોર શ્રીજી મહારાજના સ્વરૂપમાં અખંડ વૃતિ રાખવી.

ભગવાનમાં અખંડ વૃતિ રાખવાનો અતિ પ્રતાપ છે. હનુમાનજી અખંડ ભગવાનની મૂર્તિને હૈયામાં ધારી રાખીને મંદરાચલ પર્વતને ફુલની જેમ અધરાઅધર આકાશમાં ઉડતાં ઉડતાં ભગવાન રામચંદ્રજી પાસે આવીને મૂક્યો. જેમ ફુલનો હાર ચાંચમાં ઉપાડે તેમ પર્વતને ઉપાડી લીધો. વિચાર કરો, ભગવાનને હૈયામાં અખંડ ધારવાથી કેટલી શક્તિ આવી જાય છે. મીરાબાઈ અખંડ મૂર્તિ ધારી રાખતા તો ઝેર પણ અમૃત બની ગયું. હરિની મૂર્તિ ચિંતામણિ તુલ્ય છે. જે ચિંતવે તે પ્રાપ્ત થાય છે. પ્રહલાદજીએ અખંડ પ્રભુસ્મરણ કર્યું તો પોતે તો તરી ગયા પણ અસુર પિતાને પણ તારી દીધા.

ભાવનગરના આત્મારામ નામે દરજી પરમ ભક્ત હતા, સંતોનો સમાગમ કરવાથી સત્સંગી થયા. પ્રભુનું અખંડ સ્મરણ કરે. સ્થિતિ સુદામા જેવી ગરીબ હતી. પણ આધ્યાત્મિક રીતે શ્રીમંતના પણ શ્રીમંત હતા. ભજન કીર્તન ભાવ ભક્તિ અને શ્રદ્ધા રૂપી ધન અખૂટ હતું. કરિગર પણ સારા હતા. શ્રીજી મહારાજ માટે એક સરસ નવલી ભાતથી ભરત ભરીને હેતના દોરાથી ડગલી બનાવી. તેમાં સાંધો દેખાય નહિ. તેવી કળાથી સીવી. તે ડગલી લઈને ગઢપુર પગ પાળા ચાલ્યા આવે

છે,રસ્તામાં કીર્તન ગાય છે, ભાવવિભોર બની ગયા છે. લીંબવૃક્ષની નીચે ગાદી તકિયા પર શ્રીહરિ બિરાજમાન છે. સામે સંતો અને ભક્તો બેઠા છે. આત્મારામે પ્રભુને પગે લાગીને ડગલી અર્પણ કરી, શ્રીજી મહારાજે ભાવ જોઇને તરત ધારણ કરી અને રાજીપો વ્યક્ત કરતાં કહ્યું, બરાબર માપસર બંધબેસતી ડગલી થઇ છે. શ્રીજીમહારાજે સ્મિત હાસ્ય કરતાં પૂછ્યું. તમે માપ ક્યારે લીધું ? આત્મારામે સરસ જવાબ આપ્યો. હે પ્રભુ સવારે દરરોજ બે કલાક ધ્યાન કરું છું પછી માનસી પૂજા કરું છું ત્યારે તમારાં પ્રત્યક્ષ દર્શન થાય છે. તેથી માપ મળી જાય ને !! આપ અમારા અંતરમાં સદાય નિવાસ કરીને રહો છો. તેથી માપ લેવું સરળ થાય છે.

આવું સાંભળી શ્રીજીમહારાજ અતિશય રાજી થયા. તુરંત ઊઠીને ભક્ત આત્મારામને બાથમાં લઇને મળ્યા, આત્મારામના માથા ઉપર શ્રીહરિ પોતાના પવિત્ર હસ્ત પધરાવી બોલ્યા, ''ધન્ય છે તમારૂં ભક્તિ અને સમજણને.'' શ્રીજીમહારાજ કહે છે, ''આત્મારામ ! તમારા જેવા ભક્તો તો મારા આત્માનો શ્વાસ છે.'' આ વાતની ભાવનગરના રાજા વજેસિંહને ખબર પડી. તેથી આત્મારામ ભક્તને બોલાવીને કહ્યું, તમે સ્વામિનારાયણ ભગવાનને ડગલી આપી છે તેવીને તેવી ડગલી મારા માટે બનાવી આપો ! ત્યારે આત્મારામ ભક્ત બોલ્યા, ''શ્રીજી મહારાજનું સ્મરણ કરું છું ત્યારે હેત ઊભરાય છે. સતત સ્મરણ કરતાં કરતાં હૈયાના હેતના ટેભાથી ડગલી બનાવી છે. તેવો હેતભાવ હવે લાવવો ક્યાંથી ?'' રાજા સમજી ગયા. હરિહેતની વાત જુદી છે.

આવું સાંભળી રાજા રાજી થયા. કે આવા મહાન ભક્તરાજ મારા રાજ્યમાં રહે છે. તે મારાં મોટાં ભાગ્ય છે. એવું વિચારી આત્મારામ ભક્તને સરપાવ અને દ્રવ્ય આપીને ખૂબ ભાવથી સન્માન કર્યું. પછી આત્મારામ ભક્ત ઘેર આવ્યા તે દ્રવ્ય અનેક ગરીબો અને સાધુ, સંતો, ગાયોને અર્થે વાપરીને દાન પુણ્ય કર્યું. પણ એક પૈસો ઘરમાં રાખ્યો નહિ. આવા નિઃસ્વાર્થી અને ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખનાર હતા ભક્ત આત્મારામ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**અભિમાનથી માણસ ફુલાઇ શકે છે પણ ફેલાઇ શકતો નથી.**

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

## ભક્તચિંતામણિ ગાયન-ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાનાં પદો - ૧

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શિશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાવું. ૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાઈ વનને. ૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે. ૩

સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતાં સજની રે, બીક મટાડે જમની. ૪
ગાવું હેતે રે, હરિનાં ચરિત્ર સંભારી;
પાવન કરજો રે, પ્રભુજી બુદ્ધિ મારી. ૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે. ૬
રમૂજ કરતા રે, રાજીવ નેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા. ૭
બેવડી રાખી રે, બબ્બે મણકા જોડે;
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે. ૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા. ૯
ક્યારેય મીંચી રે, નેત્ર કમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી. ૧૦

**પદ – ૨**

સાંભળ સૈયર રે, લીલા નટ નાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખ સાગરની. ૧
નેત્ર કમળને રે, રાખી ઉઘાડાં ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બારે. ૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતાં જીવન રે, જન્મ મરણ દુઃખ ભાગે. ૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામુ જોઈ રહે છે. ૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે. ૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજાં;

**સર્વે કાર્યો અનિશ્ચિત છે પરંતુ મૃત્યુ તો નિશ્ચિત છે માટે સાવધાન.**

તેમને જોઈને રે, મગન થાય મહારાજા. ૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નિરખી રાજી થાય. ૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી. ૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે. ૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદનો સ્વામી. ૧૦

**પદ – ૩**

મનુષ્ય લીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે, બેઠા ભવભય હારી. ૧
જેને જોતાં રે, જાયે જગ આશક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ. ૨
તે સંબંધી રે, વાર્તા કરતા ભારી;
હરિ સમજાવે રે, નીજ જનને સુખકારી. ૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાન્ત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત. ૪
ક્યારેક હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે. ૫
જાણી પોતાના રે, સેવક જન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી. ૬
ભક્ત પોતાના રે, તેને શ્યામ સુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ. ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નીજ જનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઈન્દ્રિય મનને. ૮

# ઘર સત્સંગ સભા

સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઇ હરિજનને રે, તેડવો હોય પાસ. ૯
પહેલી આંગળી રે, નેત્ર તણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન. ૧૦

**પદ – ૪**

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી. ૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે. ૨
શીતળ જાણી રે, લીબું હાર ગુલાબી;
તેને રાખે રે, આંખ્યું ઉપર દાબી. ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોય;
વાતો કરે રે, કથા વંચાય તોય. ૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઇક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઇ ત્યારે. ૫
હાર ચડાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે. ૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઇ ડોલે. ૭
ભાન કથામાં રે, બીજી ક્રિયા માંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય. ૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઇ બેની. ૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદ રસ વરસાવે;
એ લીલા રસ રે, જોઇ પ્રેમાનંદ ગાવે. ૧૦

**સાચા સંત છે તે શ્રેષ્ઠ તીર્થ છે.**

### પદ — ૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મુરારી;
કરે ચરિત્ર રે, મનુષ વિગ્રહ ધારી. ૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજ જનને સુખ દેવા. ૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણ કામ. ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે. ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકીયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી. ૫
ઘણુંક બેસે રે, તકિયે ઓઠીંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને. ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી. ૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહે રે, ચરણ કમળ દે નાથ. ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરિધારી;
ક્યારેક આપે રે, અંગનાં વસ્ત્ર ઉતારી. ૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્ત તણા પ્રતિપાળ. ૧૦

### પદ — ૬

એવાં કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી. ૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે. ૨

છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાય રે, મુખ પર આડો દઈને. ૩
રમુજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ. ૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ. ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખ હારી રે, વારી બહુ નામીનો. ૬
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય. ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરુણા દ્રષ્ટિ રે, દેખી વાનજ વાળે. ૮
ડાબે ખભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી. ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વાલો રે, પ્રેમાનંદનો હેલી. ૧૦

**પદ — ૭**

નિત્ય નિત્ય નૌત્તમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય. ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વ્હાલે. ૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે. ૩
ત્યારે ડાબે રે, ખભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી. ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;

**કુરૂપ મન કરતા કુરૂપ ચહેરો સારો.**

જણસ જમ્યાની રે, લઈ લઈ તેનાં નામ. ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ. ૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણી પીરસતાં;
કોઈના મુખમાં રે, આપે લાડુ હસતાં. ૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે જ્યારે;
દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે. ૮
નાવા બેસે રે, નાથ પલાંઠી વાળી;
કર લઈ કળશ્યો રે, જળ ઢોળે વનમાળી. ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુએ. ૧૦

**પદ — ૮**

રૂડા શોભે રે, નાહીને ઉભા હોય;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે. ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણિ;
કોરા ખેસને રે, પહેરે સારીપેઠે તાણી. ૨
ઓઢી ઉપરણી રે, રેશમી કોરની વ્હાલે;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે. ૩
માથે ઉપરણી રે, ઓઢી બેસે જમવા;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા. ૪
જમતાં ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે, કર મેલે વનમાળી. ૫
જમણા પગને રે, રાખી ઉભો શ્યામ;
તે પર જમણો રે, કર મેલે સુખધામ. ૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ. ૭

જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા. ૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતાં જીવન રે, હરિજનને મન ગમે. ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ. ૧૦

**પદ — ૯**

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને. ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે. ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો. ૩
વર્ષાઋતુને રે, શરદઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી. ૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ. ૫
બહુ જળ ક્રિડા રે, કરતા જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય. ૬
ન્હાઈને બારે રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગ લહેરી. ૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે. ૮
ગઢપુરવાસી રે, જોઈને જગ આધાર;
સુફળ કરેછે રે, નેણાં વારંવાર. ૯
આવી બિરાજે રે, ઓસરીએ બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી. ૧૦

**ભગવાને તમારા બેન્ક એકાઉન્ટ આનંદ, પ્રેમ અને શાંતિ જમા કર્યાં છે. જો તમારે તે A T M દ્વારા ઉપાડવાં હોય તો તેનો પાસવર્ડ છે "સત્સંગપ્રાર્થના"**

**પદ — ૧૦**

નિજ સેવકને રે, સુખદેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ. ૧
ફળિયા માંહિ રે, સભા કરી બીરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે. ૨
બ્રહ્મરસ વરસે રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને. ૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે. ૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત ફેરવે ચિત્ત દઈને. ૫
ભુલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ. ૬
ભર નિદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય. ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ. ૮
એવી લીલા રે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર. ૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે.૧૦

**રાગ : ગરબી પદ-૧**

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વ્હાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉં વ્હાલા.૧
ચિહ્ન અનુપમ અંગો અંગનાં, સુરતે સંભારું વ્હાલા;
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારું વ્હાલા. ૨

અરુણ કમલસમ જુગલચરણની, શોભા અતિસારી વ્હાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા. ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વ્હાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા. ૪
અંગુઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા;
પાનીની બે કોરે જોતાં, ભક્તને મનભાવી વ્હાલા. ૫
જુગલ ચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વ્હાલા. ૬
અષ્ટકોણ ને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ ને કેતુ પદ્મ, જમણે પગે નવ વ્હાલા. ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ્ય ને મીન વ્હાલા;
અર્ધ ચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા. ૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા.૯
એજ અંગુઠાની પાસે, તિલ એક નૌતમ ધારું વ્હાલા ;
પ્રેમાનંદ કહે નિરખું પ્રીતે, પ્રાણ લઈ વારું વ્હાલા. ૧૦

### રાગ : ધોળ પદ- ૧

હવે મારા વ્હાલાને નહિ રે વિસારું રે;
શ્વાસઉચ્છ્વાસે તે નિત્ય સંભારું રે. ૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે;
હવે હું તો કેમ કરી રાખીશ છાનુંરે. ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે;
એ વર ન મળે ખરચે નાણું રે. ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે;
એ સ્નેહ લગ્ન વિના નવ આવેરે. ૪
દુરીજન મન રે માને તેમ કહેજો રે;

**કિનારા વિનાની નદી વિનાશ કરે**
**તેમ મર્યાદા વિનાનું જીવન વિનાશ વેરે.**

સ્વામી મારા હૃદિયાની ભીતર રહેજો રે. ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે;
મળ્યા મુને નિષ્કુળાનંદનો સ્વામી રે. ૬

**પદ — ૨**

હવે મારા વ્હાલાનાં દર્શન સારું;
હરિજન આવે હજારે હજારું. ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી;
પૂરણ પુરુષોત્તમ અંતર જામી. ૨
સભા મધ્યે બેઠાં મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચન્દ. ૩
દુર્ગપુર ખેલ રચ્યો અતિ ભારી;
ભેળા રમે સાધુ ને બ્રહ્મચારી. ૪
તાળી પાડે ઉપડતી અતિસારી;
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી. ૫
પાઘલડીમાં છોગલીયું અતિ શોભે;
જોઈ જોઈ હરિજનનાં મન લોભે. ૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશી;
સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી. ૭
ભાંગી મારી જન્મો જન્મની ખામી;
મળ્યા મુને નિષ્કુળાનંદનો સ્વામી. ૮

**રાગ-બિહાગ**

પોઢે પ્રભુ સકલ મુનિકે શ્યામ, નરનારાયણ દિવ્ય મૂરતિ;
સ્વામિનારાયણ દિવ્ય મૂરતિ, સંતનકે વિશ્રામ. પોઢે૦ ૧
અક્ષર પર આનંદ ઘન પ્રભુ, કિયો હે ભૂપર ઠામ;
જેહી મિલત જન તરત માયા, લહત અક્ષર ધામ. પોઢે૦ ૨
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ;

જાસ પદરજ શીષ ધરી ધરી, હોવત જન નિષ્કામ. પોઢે૦ ૩
પ્રેમકે પર્યંકપર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરણ ઢીગ ગુણ, ગાવત આઠું જામ. પોઢે૦ ૪

**રાગ : ગરબી પદ - ૧**

રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું. રે શ્યામ૦ ૧
રે તમ વિના સુખસંપત કહાવે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ ન આવે .રે શ્યામ૦ ૨
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મન વૃત્તિ અટકી. રે શ્યામ૦ ૩
રે અખંડ અલૌકિક સુખ તારૂં, તે જોઈ જોઇ મન મોહ્યું મારૂં;
ધરા ધન તમ ઉપર વારૂં. રે શ્યામ૦ ૪
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જુઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું. રે શ્યામ૦ ૫

**રાગ : ગરબી પદ - ૧**

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.૧
સમરું પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ. ૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ. ૩
વર્ણવું સુંદર રૂપ અનુપ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશીખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમીરે લોલ. ૪

**પદ — ૨**

આવો મારા મોહન મીઠડા લાલ કે, જોઉં તારી મુરતિ રે લોલ;
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ. ૧

**તૃષ્ણા (અપેક્ષા) સમધ્ધીવાનને પણ માગતો કરી દે .**

મન મારું મોહ્યું મોહનલાલ, પાઘડલીની ભાતમાં રે લોલ;
આવો ઓરા છોગલાં ખોસું છેલ, ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ. ૨
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યાં રે લોલ;
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ. ૩
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ;
નેણે તારે પ્રેમસખીના નાથ કે, ચિત મારાં ચોરીયાં રે લોલ. ૪

**પદ — ૩**

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ;
મન મારું તલપે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ. ૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ;
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ. ૨
વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ;
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ. ૩
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ;
મન મારું પ્રેમસખીના નાથ કે, તમ કેડે ભમે રે લોલ. ૪

**પદ — ૪**

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચ્હાય કે, જાય ચિતડું ચળીરે લોલ. ૧
વહાલા તારી જમણી ભુજાને પાસ, રૂડાં તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તીલ એક, અનુપમ સાર છે રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ. ૩
રસિયા જોઈ તમારું રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ. ૪

# ઘર સત્સંગ સભા

પદ — ૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતા લાલ, આવોને મારે બારણે રે લોલ. ૧
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણી જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ. ૨
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ. ૩
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળુ ભરી બાથજી રે લોલ. ૪

પદ — ૬

વહાલા તારી મૂરતિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ. ૧
વહાલા મારે સુખ સંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવન પ્રાણ, હસીને બોલાવતા રે લોલ. ૨
વહાલા તારું રૂપ અનુપમ ગૌર, મૂરતિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારું જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ. ૩
આવો મારા રસિયા રાજીવ નેણ, મરમ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ. ૪

પદ — ૭

વાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોવું સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ. ૧
વાલા તારી નાભિ નૌતમ રૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મનરંગ ચોળ છે રે લોલ. ૨
વાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વાલા નિત્ય નીરખું પીંડી ને પાની, કોઈને નવ કહું રે લોલ. ૩
વાલા તારા ચરણ કમલનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ. ૪

**આળસથી કટાઈ જવા કરતાં,**
**મહેનતથી ઘસાઈ ઉજળા થવું સારું.**

### પદ – ૮

વાલા તારાં જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વાલા અતિ કોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ. ૧
વાલા તારે જમણે અંગૂઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વાલા છેલી આંગળીયે તિલ એક, જોવાને મન દીન છે રે લોલ. ૨
વાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવિણ છે રે લોલ. ૩
વાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ. ૪

### પોઢણિયા

પોઢો પોઢો સહજાનંદ સ્વામી રે, અખિયામાં નીંદરા ભરાણી રે-૧
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે, પછી બનાતની ટોપી ધારો રે-૨
હાંરે તમે જરકસી જામો ઉતારો રે, પછી હીરકોરી ધોતી ધારો રે-૩
હાંરે તમે કેડનો પટકો છોડો રે, પછી ફુલની પછેડી ઓઢો રે-૪
હાંરે પોઢયા પ્રેમાનંદના સ્વામી રે, સખી જોઈ જોઈ આનંદ પામી રે-૫

## સભા-૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૨) સત્સંગ એ સુખનું મૂળ છે.

સ્વામિનારાયણ હરે..

અક્ષરધામમાં અમૃત રહેલું છે. ચિંતામણિમાં ધન રહ્યું છે. એવી રીતે સત્સંગમાં સર્વ રીતે સુખ રહેલું છે. દેવ દર્શન કરવાં, નિયમ ધર્મનું પાલન કરવું, પરોપકાર કરવો, અભયદાન કરવું, આ બધું કરવાથી સદ્‌ગુણો આવે છે. હૃદયમાં દિવ્ય પ્રકાશ ફેલાય છે. સત્સંગ કરવાથી ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું પોષણ મળે છે. મોક્ષની ઈચ્છાવાળા ભક્તજનોને તન,મન અને ખરા ખંતથી સત્સંગ કરવો. સત્સંગ વિનાનો મનુષ્ય જીવંત હોય તોય પણ મરેલો છે. દેહ જીવને આધારે છે. જીવ સત્સંગને આધારે છે. જેને જન્મ મરણરૂપ સંસારનો રોગ ટાળવો હોય, પરમ સુખીયા થવું હોય તેમને હંમેશા ખબરદાર થઈ, અતિ ગરજુ થઈને સત્સંગ કરવો.

- **સત્સંગ એ જ આપનું બળ બુદ્ધિ અને ધન છે.**
- **સત્સંગ એ જ આપનું સંસાર સાગર તરવાનું નાવ છે.**
- **સત્સંગ એ જ આપનું મનુષ્ય જીવનનું કર્તવ્ય છે.**
- **સત્સંગ છે તે દુર્બુદ્ધિનો નાશ કરે છે.**
- **સત્સંગ સદ્‌બુદ્ધિને જાગૃત કરે છે.**
- **સત્સંગથી જીતેન્દ્રિય અને સંયમી થવાય છે.**

પક્ષીઓ સરોવરનો ત્યાગ કરતા નથી. દેડકાઓ કાદવનો ત્યાગ કરતા નથી તેમ ધર્મવાન મનુષ્યો સત્સંગનો ત્યાગ કરતા નથી. શરીર પરોપકારથી શોભે છે. ચંદનના લેપથી નહિ. તેમ મનુષ્ય સત્સંગથી શોભે છે. આ લોકમાં બધું સુલભ છે પણ સત્સંગ કરવો એ દુર્લભ છે. સત્સંગીને ગમે તેટલું દુ:ખ આવે છતાં પણ ક્યારેય નિરાશ થતા નથી. સુખમાં છકી જતા નથી.

સંત સમાગમ કરવો, સત્શાસ્ત્રનું વાંચન કરવું, શ્રવણ કરવું, ધર્મનું પાલન કરવું, ભગવાનની પૂજાપાઠ, પ્રદક્ષિણા, માનસી પૂજા, મંત્રજાપ કરવા. સંતનો સંગ, સત્શાસ્ત્રનો સંગ, ધર્મનો સંગ અને ભગવાનનો સંગ આ ચારનો સંગ તેને સત્સંગ કહેવાય છે.

એક ભકત હતા, તેનું નામ લાલજીભાઈ હતું. ઘરમાં એકલા જ હતા,

**જામેં વેરી કોઈ નહિં જો મન શીતળ હોય,**
**આપા મેટી ખેલીએ તો દયા કરે સબ કોય.**

બીજુ કોઈ નહિ. ભગવાનમાં પ્રેમભાવ બહુ સારો હતો, તેથી હંમેશ ભજન કીર્તન ગાયા કરે. તેમાં સમયનું ભાન ન રહે. અનેક ભકતજનો ભજન સાંભળવા આવે, આખી રાત ભજન કરે પણ થાકે નહિ એવી એમની શ્રધ્ધા હતી.

ગામના માણસો રસ, કસ, ઘી, ગોળ, લોટ વિગેરે સીધુ દેવા આવે ત્યારે લાલજીભાઈ સરસ જવાબ આપે, મને મફત રોટલો માફક આવે નહિ, હકકનો રોટલો જમવો ગમે, કોઈ પાસે હાથ લંબાવવો નહિ, કડિયા કામ સારું આવડે, કામ ન હોય તો મજુરી પણ કરે.

એકવાર કોઈક ગામમાંથી ભજન કરવાનું આમંત્રણ આવ્યું, ત્યાં રાત્રિના બાર વાગ્યા સુધી ભજન કર્યું, પછી પોતાના ગામ તરફ રવાના થયા. સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા ચાલ્યા જાય છે, ત્યાં અચાનક ડાકૂ આવ્યા અને લાલજીભાઈને પકડ્યા. તારા ખીસ્સામાં જે હોય તે આપી દે, નહિંતર બંદુકથી મારી નાખશું, ગળામાં શું પહેર્યું છે ? કાઢ જોઈએ !....

ગળામાં તુલસીની કંઠી છે. અને ખીસ્સામાં સાકર સીંગનો પ્રસાદ છે. લ્યો !. આ પ્રસાદ જમો ! ડાકુએ પ્રસાદ ખાધો અને વૃત્તિ બદલાઈ ગઈ. રોફ કરતા હતા તે નરમ થઈ ગયા. ડાકુએ કહ્યું તારી પાસે ઘરે પૈસા કેટલા છે ? લાલજી ભાઈએ કહ્યું મારી પાસે પૈસા નથી પણ પરમેશ્વર છે, ભજન કીર્તન ગાવવાં એ મારું સાચું નાણું છે.

તમને સાચું નાણું જોઈએ તો આપું.... મારા સામે બેસો.....લાલજી ભાઈએ ભજન શરૂ કર્યું..... ડાકૂ ભગતની સામે બેઠા...... કીર્તન સાંભળે છે.

લાલજી ભાઈ કહે છે, આ શરીર કાચી માટીના કુંભ જેવુ છે, અંતે ધૂળ ભેળું ધૂળ થઈ જશે. જીવ સંગાથે કેવળ પાપ અને પૂન્ય જાય છે, ચોરાશી લાખના ચકકરમાં જીવાત્મા ફરી ચૂકયો છે, ત્યાં એને મા બાપ વિગેરે સંબંધી મળે છે, પણ અંતે કોઈ સાથે આવતાં નથી, માટે આ ક્ષણભંગુર શરીરથી હરિભજન કરી લેવું જોઈએ, વિગેરે ઉપદેશ આપ્યો.

સાચા હૃદયમાંથી નીકળેલા શબ્દો ડાકૂના હૃદયને સ્પર્શી ગયા, અંતરનું અજ્ઞાન દૂર થયું, સાચી સમજણ આવી ગઈ. પછી લાલજીભાઈએ હસીને કહ્યું, મેં તમને આખી રાત ભજન સંભળાવ્યાં તો તમારે મને કાંઈક આપવું જોઈએ !

# ઘર સત્સંગ સભા

ડાકૂએ ખીસ્સામાંથી સો રૂપિયાની નોટ કાઢી ! લ્યો ભગત આ દક્ષિણા ! ભગતે કહ્યું, આ દક્ષિણા નથી પણ આ તો ધૂળ છે, ડાકૂએ કહ્યું, આ તો પૈસા છે, ધૂળ નથી, લઈ લ્યો,.... તમને કામ આવશે ..... ત્યારે ભગતે સરસ જવાબ આપ્યો ! તમે પરસેવો વાળીને પૈસા ભેગા નથી કર્યા, લૂંટ ફાટ કરીને લાવ્યા છો તેથી તે ધૂળ છે.....!

આ બંદુક દક્ષિણામાં આપીએ છીએ લઈ લ્યો.....! ભગતે કહ્યું, આ ફટાકડીથી અનેકના પ્રાણ લીધા છે, તે પાપને હું શું કરું !... તો અમે તમને શું આપીએ ! ત્યારે ભગતે કહ્યું, હું જે માગું તે મને આપો ! આજ સુધી તમે કેટલા માણસના જીવ લીધા છે, ધન માલ લૂંટ્યા છે, તે લૂંટ ફાટ તમારે ન કરવી, એ મને આપો અને આ બંદુક ફેંકી દો !....

ડાકૂ જરાક ખચકાઈ ગયા, પછી વિચાર થયો, સાચી વાત છે. પાપનું પરિણામ દુઃખ છે માટે જાગ્યા ત્યાંથી સવાર માનીને કોઈને મદદ ન કરી શકીએ તો કાંઈ નહી પણ દુઃખી તો ન કરીએ, જીવન ન આપી શકીએ તો કાંઈ નહિ પણ કોઈના જીવનને સમાપ્ત ન કરીએ.

બંદુકને ફેંકી દીધી. પ્રતિજ્ઞા લીધી, કે હવેથી અમે કોઈ પાપ કર્મમાં પગલાં નહિ માંડીએ, પછી દરરોજ સત્સંગ સભામાં આવે અને ભજન કીર્તન કરે, જીવન પરિવર્તન થઈ ગયું... આ છે સત્સંગનો પ્રતાપ ભારાડીમાંથી ભગત બનાવે છે.

સંત સમાગમ કરવાથી બુદ્ધિની મલિનતા ટળે છે. તેજસ્વી બુદ્ધિ આવે છે. સાચા સંતો પારસમણિ જેવા છે. લોખંડને પારસમણિનો સ્પર્શ થાય તો તે સોનું બની જાય છે તેમ દુરાચારી મનુષ્ય જો સાચા સંતનો સમાગમ કરે તો સુવર્ણ જેવું અને પવિત્ર જીવન થાય છે. સંત સમાગમના પ્રતાપથી પામર જીવ ભગવાનના પરમ એકાંતિક ભક્ત થઈ જાય છે. સંત સમાગમ અને શાસ્ત્રનું સેવન કર્યા વિના જ્ઞાન થતું નથી. જ્ઞાન વિના મુક્તિ થતી નથી. મુક્તિ થાય ત્યારે અલૌકિક સુખની પ્રાપ્તિ થાય છે.

**ગંગા પાપં શશી તાપં, દૈત્યં કલ્પદ્રુમસ્તથા;**
**પાપં તાપં ચ દૈન્યં, હન્તિ સાધુ સમાગમ.**

ગંગાજી પાપને હરે છે. ચંદ્રમા તાપને હરે છે. કલ્પવૃક્ષ દારિદ્રતાને હરે છે.

**તમને જેકાંઈ મળ્યું છે તેમાં ખુશ રહો.**

પરંતુ સંત સમાગમ પાપ, તાપ અને દારિદ્રતા એ ત્રણેયને હરે છે. શરીરમાં જેવી આત્મબુદ્ધિ છે, શરીરના સગાં સંબંધીને વિષે મમત્વબુદ્ધિ છે, પ્રભુજીની પ્રતિમામાં પૂજ્યબુદ્ધિ છે, ગંગાજીના જળને વિષે તીર્થબુદ્ધિ છે તેવી રીતે સંતો પ્રત્યે આત્મબુદ્ધિ, પૂજ્યબુદ્ધિ, તીર્થબુદ્ધિ રાખવી. જગતના વ્યવહારમાં, દરેક કાર્યમાં શુરવીરતા જોઈએ તેમ ભક્તિ માર્ગમાં પણ શૂરવીરતા રાખવી. ગ.પ્ર.પ્રના ૫૬ ના વચનામૃતમાં ભગવાનને કેવા ભક્ત ઉપર હેત થાય છે ?જેના હૃદયમાં પરમાત્માની પરિપૂર્ણ ભક્તિ હોય તેના ઉપર હેત થાય છે. એવા જેનામાં ગુણ ન હોય તો હેત કરવા જઈએ તો પણ હેત થાય નહિ.

ભજન, ભક્તિ, કથા, કીર્તન, પૂજાપાઠ, દાન દક્ષિણા, સત્સંગ સમૈયા હંમેશા કરતાં રહેવું. ઘણાં ભક્તજનો વિદેશ જાય અથવા કામ ધંધા પ્રસંગે બીજે ગામ જાય ત્યારે પૂજા સાથે લઈ જતા નથી. ઘેર મૂકી જાય છે. ભગવાન તો પ્રાણ સમાન છે. પ્રાણને ઘેર મૂકીને જાઓ તો શું થાય? પ્રાણ ઘર મૂકી દે તો મૃત્યુ થઈ જાય છે. ભગવાનની પૂજાનો મહિમા હોવો જોઈએ. પ્રત્યક્ષ ભાવ રાખીને પૂજા કરવી. ભગવાન સાથે રાખે છે તો ભગવાન આપણને સાથે રાખે છે.

- **શાકમાં મીઠું ભૂલાવું ન જોઇએ.**
- **જાનમાં વરરાજા ભૂલાવો ન જોઇએ.**
- **પ્રભાતમાં પૂજા ભૂલાવી ન જોઇએ.**

પ્રભુની પૂજા કરવાથી અંતરમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાય છે. સદ્‌બુદ્ધિ આવે છે.

( સર્વે સાથે મળીને બોલવું )

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;......

# ઘર સત્સંગ સભા

### ભક્તચિંતામણિ ગાયન

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**માણસ મહેનત કરે તો ,ભગવાન દયા કરે.**

## (૩) કેવા થશું તો ભગવાનના ધામમાં જશું ?

સ્વામિનારાયણ હરે..

ગ. પ્ર. પ્રનું ૩૨ના વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ધણિયાતું ઢોર હોય એ સીમમાં જઇને સાંજે પોતાને ખીલે આવે. હરાયું ઢોર ખીલે આવે નહિ. જેનું તેનું ખેતર ખાઇને જ્યાં ત્યાં બેસી રહે. પછી કોઇક ધોકાથી મારે અથવા વાઘ આવે તો ખાય જાય. તેમ તમે ધણિયાતા ઢોરની પેઠે ખીલે આવો છો ? કે હરાયા ઢોરની જેમ કોઈકનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસીને વિરામ કરો છો ?

વ્યવહારિક પ્રવૃત્તિઓ છોડીને ભગવાનમાં વૃત્તિ રાખવી. ભજન કીર્તન, મંત્રજાપ કરવા તે આત્માનો ખોરાક છે. હરિભક્તોએ સુંદર જવાબ આપ્યો,''હે મહારાજ! કથા કીર્તન આદિક સત્સંગ કરીને મૂર્તિ રૂપી માળામાં વિરામ કરીએ છીએ.''

સ્વામિનારાયણ ભગવાન કહે છે, સમજુ હોય તેને વઢીને કહીએ તો એ ગુણ લે ને મૂર્ખ હોય તેને હિતની વાત કહે તો મૂંઝાઈ જાય. મુળજી બ્રહ્મચારીને રતનજી મૂંઝાતા નથી તો અમારે એમની સાથે બહુ બને છે. સ્વામિનારાયણ ભગવાન મુકુંદ-બ્રહ્મચારીને ઘણી વખત વઢતા. એક વખત મુકુંદ બ્રહ્મચારી પોતાના પગમાં પહેરવાના જોડામાં તેલ ચોપડતા હતા, ત્યાં એક સેવાભાવી હરિભક્ત આવ્યા અને કહ્યું, ''બ્રહ્મચારીજી, તમે જોડામાં તેલ ચોપડો એ બરાબર નહિ, તમે શ્રીજી મહારાજના હજૂરી સેવક છો. લાવો હું તમારા જોડામાં તેલ ચોપડી દઉં.'' બ્રહ્મચારીએ કહ્યું, હું ચોપડી લઈશ. લાવો લાવો હું ચોપડી દઉં. પરાણે ચોપડવા લાગી ગયા. ત્યાંથી શ્રીજીમહારાજ પસાર થયા, બ્રહ્મચારીજી, આ શું કરો છો ? મોટાહરિભક્ત પાસે તમારા જોડા ચોપડાવો છો ?'' મહારાજ ! મેં ઘણી ના પાડી પણ પરાણે લઈ લીધા છે. હું શું કરું !!

શ્રીજી મહારાજ કડક થઈ બોલ્યા, ''આજથી તમારે જોડા પહેરવા નહિ. ખુલ્લા પગે ફરવું.'' ભલે મહારાજ ! જેવી તમારી આજ્ઞા. ટાઢ, તડકામાં કાંટા કાંકરામાં ખુલ્લા પગે શ્રીજીમહારાજ સાથે ફરે છે. જરાય મૂંઝાય નહિ. હસ્તે મુખે આજ્ઞા સ્વીકારી લીધી. કાંઈ દલીલ કરી નહિ કે, પૂછો હરિભક્તને મેં ઘણી ના પડી છતાં જોરાઈએ લઈ લીધા. એમાં મારો શો વાંક. બ્રહ્મચારી

પહેલી પરીક્ષામાં પાસ થયા.

એક દિવસ શ્રીજી મહારાજ મુકુંદ બ્રહ્મચારીના આસને પધાર્યા. ત્યાં બ્રહ્મચારી ગોળ, ઘીની સાથે ભાખરી જમતા હતા. શ્રીજી મહારાજે કહ્યું, ''બ્રહ્મચારીજી, તમે સ્વાદીયા થઈ ગયા છો. આજથી તમારે ઘી, ગોળ જમવા નહિ.'' ભલે મહારાજ તમારી જેવી આજ્ઞા, ભાખરીનું બટકું ને પાણીનો ઘૂંટડો એ રીતે જમી લઈશ. પણ જરાય ખીજાયા કે મૂંઝાયા નહિ. હસતે મુખે આજ્ઞા સ્વીકારી લીધી.

**બ્રહ્મચારી બીજી પરીક્ષામાં પાસ થયા.**

એક વખત શ્રીજી મહારાજ માણકી ઘોડી ઉપર બિરાજમાન થવાની તૈયારી કરતા હતા. દોડીને મુકુંદ બ્રહ્મચારીજી આવ્યા ''મહાપ્રભુ, ઓચિંતા કઈ બાજુ પધારો છો ?'' શ્રીજી મહારાજે કહ્યું, ''તમારે શું કામ છે ? અમે ગમે ત્યાં જઈએ એમાં તમારે પૂછવાનું હોય નહિ. તમે અમારી કયાં સરખી રીતે સેવા કરો છો ? ફાવે તેમ વર્તો છો. તમે આ ગઢપુર છોડીને ચાલ્યા જાવ. અમને તમારી કોઈ જરૂર નથી.'' સારું મહારાજ જેવી તમારી આજ્ઞા. જરાય મૂંઝાયા નહિ, અભાવ લીધો નહિ. પ્રભુને પગે લાગીને પૂજા લઈને તરત ચાલતા થઈ ગયા...

ફરતા ફરતા ડભાણ આવ્યા. ત્યાં હરિભક્તોએ આગ્રહ કરીને રાખ્યા. વૈશાખ મહિનો આવ્યો ત્યારે ભક્તજનોએ કહ્યું, ''સરસ મઝાની કેસર કેરી છે પણ ગઢપુર શ્રીજી મહારાજ માટે કોણ લઈ જાય ?'' બ્રહ્મચારીજીએ કહ્યું, ''હું લઈ જઈશ.'' દોઢ મણ કેરીનો ટોપલો ભરીને ખુલ્લા પગે જેઠ મહિનાના તાપમાં ચાલતા ચાલતા ગઢપુર આવ્યા. પ્રભુની આગળ કેરીનો ટોપલો મૂકી દંડવત કરતાં જય સ્વામિનારાયણ કર્યા. શ્રીજી મહારાજ અવળું જોઈ ગયા. જય સ્વામિનારાયણ પણ લીધા નહિ, કયાંથી આવો છો ?? કેમ છો ? ભલે આવ્યા. કાંઈ પૂછ્યું નહિ...

દાદાખાચરના દરબાર નજીક એક વૃધ્ધ માજી રહેતાં હતાં. આગ્રહ કરી બ્રહ્મચારીને પોતાના ઘરે જમવા લઈ ગયાં. કાચું સીધું આપ્યું. લોટ, દાળ, ચોખા, ઘી, ગોળ વિગેરે પણ બ્રહ્મચારીજીએ કેવળ ભાખરી બનાવી ભગવાનને જમાડી જમવા બેઠા. ડોશીમાએ કહ્યું, ''ભાખરી સાથે ઘી, ગોળ જમોને !! લુખું ને કોરું શા

**ત્રણ ચીજવ્યક્તિની પોતાની આગવી હોય છે**
**૧ - સ્વભાવ. ૨ - ભાગ્ય. ૩ - રૂપ.**

માટે જમો છો ?'' બ્રહ્મચારીજીએ કહ્યું, ''મને શ્રીજી મહારાજે ઘી, ગોળ જમવાની અને પગમાં જોડા પહેરવાની મનાઈ કરી છે.'' માજીને બહુ દુઃખ થયું. તરત શ્રીજી મહારાજ પાસે આવ્યાં. હાથ જોડીને બોલ્યાં. ''બ્રહ્મચારીજી ડભાણથી કેરીનો ટોપલો લાવ્યા. છતાં કેમ બોલાવ્યા નહિ ? સામું જોયું નહિ. જોડા પહેરવા દેતા નથી. અને ઘી, ગોળ, ખાવા દેતા નથી. દયાળુ છો ને આમ કેમ કરો છો ?''

વૃધ્ધ માજીની કાલીઘેલી વાણી સાંભળી શ્રીજી મહારાજ મંદમંદ હસે છે..

વૃધ્ધ માવિત્ર વઢે ત્યારે હસવું પણ ખીજાવું નહિ...

વૃધ્ધ માવિત્રને વઢવાનો થોડોક અધિકાર છે..

શ્રીજી મહારાજે કહ્યું, ''બ્રહ્મચારીજી કેરીનો રસ કાઢી આપો. અમે રસ રોટલી જમીએ. બ્રહ્મચારી રાજી રાજી થઈ ગયા, મને સેવા મળી.'' શ્રીજી મહારાજે સભામાં વાત કરી કે બ્રહ્મચારીજીને અમે વગર વાંકે વઢ્યા છતાં અમારો અભાવ આવ્યો નહિ. ભરી સભામાં પ્રશંસા કરતા પ્રભુ બોલ્યા છે. મૂળજી બ્રહ્મચારી અને રતનજી કયારેય મૂંઝાતા નથી તેથી અમને એમના હાથની કરેલી સેવા બહુ ગમે છે. શ્રધ્ધા સહિત સેવા કરે એ અમને બહુ ગમે છે.

**બ્રહ્મચારી ત્રીજી પરીક્ષામાં પાસ થયા.**

સ્ત્રી જેની સાથે પરણી હોય તે પરણેલાને પતિ કહેવાય છે. પણ પ્રભુ છે તે પ્રાણના પતિ છે. સમગ્ર જીવાત્માના સ્વામી છે. પતિ જેમ પત્નિનું ધ્યાન રાખે તેમ ભગવાન સત્સંગી જનનું ધ્યાન રાખે છે. સાચા ભાવે ભજન કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ. દેહ છતાં બ્રહ્મરૂપ થઈ જાય છે. છોકરો નાનો હોય ત્યારે બાપ ધ્યાન રાખે. મોટો થયા પછી છૂટો મૂકી દે પછી દીકરાને બાપનું ધ્યાન રાખવાનું હોય છે. તેમ શ્રીજી મહારાજે આપણું ધ્યાન રાખવામાં કાંઈ બાકી રાખ્યું નથી. હવે આપણને શ્રીજી મહારાજની આજ્ઞાનું ધ્યાન રાખવાનું છે એ આપની જવાબદારી છે.

- **ઝાડને પાણીની જરૂર છે.**
- **શરીરને ખોરાકની જરૂર છે.**
- **જીવને પ્રભુનું ધ્યાન કરવાની જરૂર છે.**

# ઘર સત્સંગ સભા

પાણી વિના ઝાડ સુકાઈ જાય, અન્ન વિના શરીર સુકાઈ જાય, તેમ જપ તથા પ્રભુનાં ધ્યાન વિના જીવ ભક્તિમાં નબળો પડી જાય છે. એકાગ્ર ચિત્તથી ધ્યાન કરતાં શીખવું. નિરોગી માણસને બહુ ભૂખ લાગે છે તેમ પવિત્ર માણસને પ્રભુનું ધ્યાન કરવાની બહુ ઈચ્છા થયા કરે છે.

ધ્યાન એટલે શું? ચિત્ત વૃત્તિનો નિરોધ કરીને પ્રભુની મૂર્તિમાં જોડાઈ જવું તેને ધ્યાન કહેવાય. ધ્યાન કરવાથી કારણ શરીરમાં રહેલી વાસના બળી જાય છે. જો છેલ્લો જન્મ કરવો હોય તો કોઈનો અભાવ લેવો નહિ. સગાં સંબંધીમાં જેમ આપણે આભાવ લેતા નથી તેમ સંતો અને ભક્તોનો અભાવ લેવો નહિ. ઉપર કહ્યા પ્રમાણે જીવન થશે તો અક્ષરધામમાં જવાશે.

( સર્વે સાથે મળીને બોલવું )

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;

## ભક્તચિંતામણિ

### ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

જીવનમાં સફળતાના ૪ -માર્ગો ૧- આંખમાં વિકાર નહિ. ૨- મનમાં ધિક્કાર નહિ. ૩ - અંતરમાં અંધકાર નહિ. ૪ - જીભમાં તિરસ્કાર નહિ.

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૪) ભણ્યાં કરતાં ગણ્યો વધી જાય છે.**

સ્વામિનારાયણ હરે..

ગ. પ્ર. પ્રના ૧૧માં વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, એકાંતિક ભક્ત કેને કહીએ? શ્રીજી મહારાજ બોલ્યા જે, ભગવાન વિના બીજી વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભક્તિ કરે તેને એકાંતિક ભક્ત કહેવાય. એકાંતિક ભક્ત હોય તેને ભગવાન સિવાય બીજું પદાર્થ વ્હાલું રાખવું નહિ. ઊંધા ધંધા કરવા નહિ. પાપ કરવું નહિ. પાપ એટલે શું? ભગવાનની આજ્ઞાને તોડવી તેનું નામ પાપ. ખોટા વિચાર કરવા, કોઈની નિંદા કરવી એ પાપ. ઈર્ષ્યા કરે, કપટ રાખે, છળ, કપટ, દગા કરે વિગેરે અનેક પ્રકારના પાપ છે. સુખી થવું હોય, અક્ષરધામમાં જવું હોય, જન્મ મરણના ફેરા ટાળવા હોય તેના માટે જુદા રસ્તા

છે? સત્યને રસ્તે ચાલવું છે કે અસત્યના માર્ગે ચાલવું છે તે નક્કી કરી રાખવું. ચડવું કે પડવું એ આપણા હાથમાં છે.

એક સંત સત્સંગ પ્રચારાર્થે શિષ્ય મંડળ લઈને ફરતા હતા, અનેકને ભગવદ્ આશ્રય કરાવતા, ત્યાં રસ્તામાં ગાયો ચારતો એક ગોવાળ મળ્યો. સંતે કરુણા કરી કહ્યું, '' ભાઈ તમારું જીવન ઢોર ચારવામાંજ વ્યતીત કરો છો ! પણ જો વિદ્યા ભણી તેનો જીવનમાં અમલ કરો તો તમારું જીવન ધન્ય બની જાય.

ત્યારે ગોવાળિયાએ સરસ જવાબ આપ્યો, સાધુરામ હું ભણવા ગયો નથી, પણ સત્સંગમાં દરરોજ જાઉં છું, મહાપુરુષોના આશીર્વાદથી મારા જીવનમાં મેં છ સરળ મુદ્દાઓ અંતરમાં ધારી રાખ્યા છે, તેથી મને અંતરમાં કાયમ શાંતિ અને આનંદ રહે છે. તેથી નિરાંતે હરિ સ્મરણ થાય છે. સંતે કહ્યું, તે છ બાબત મને સંભળાવો. ગોવાળિયાએ કહ્યું :-

● **પહેલી બાબત એ છે કેઃ-** હક્કનું ખાવું, પણ હરામનું ખાવું નહિ, તેથી હકકનું ખૂટતું નથી, ને હરામનું ખાવાની મને જરુર પડતી નથી, હકકના પૈસાથી આનંદથી ભજન કરું છું.

● **બીજી બાબત એ છે કેઃ-** હંમેશાં સત્ય બોલવું પણ અસત્ય બોલવું નહિ. હિતકારી ભાષા બોલવી પણ કોઈને દુઃખ લાગે તેવું બોલવું નહિ.

● **ત્રીજી બાબત એ છે કેઃ-** પોતાના દોષ જોવા પણ બીજાના દોષ જોવા નહિ. ભૂલ થાય તો તરત સુધારી લેવી.

● **ચોથી બાબત એ છે કેઃ-** કુસંગીનો સંગ કરવો નહિ, તેથી સદાય તેમનાથી દૂર રહેવું જેથી વ્યસનથી મુકત રહેવાય.

● **પાંચમી બાબત એ છે કેઃ-** કોઈ પાસે હાથ લાંબો કરવો નહિ, કાંઈ પણ માંગવું નહિ, પુરુષાર્થ કરતા રહેવું.

● **છઠ્ઠી બાબત એ છે કેઃ-** સંત સમાગમ કરવામાં, ભજન ભકિત કરવામાં જરાય આળસ રાખવી નહિ, ખરા ખંતથી પ્રભુ સ્મરણ કરવું.

આવું સાંભળી સંત ખૂબ રાજી થયા. ગોવાળિયાને બાથમાં લઈને ભેટી શાબાશી આપતાં કહ્યું, 'ધન્ય છે તમારા ભણતરને તમે કહો છો હું ભણ્યો નથી,

**ઉંમરલાયક આપ મેળે જ થઈ જવાય છે,**
**પણ લાયક બનવામાં જિન્દગી આખી વહી જાય છે.**

પણ સાચી હકીકતમાં તમે તમામ શાસ્ત્રોનો સાર તમારા જીવનમાં અપનાવ્યો છે.

(ભણ્યા કરતાં ગણ્યો વધી જાય છે.)

તમે ચાર શાસ્ત્રનો સાર ભણી ચૂકયા છો. કોઈ પણ છોકરો પોતાના બાપનું અપમાન કરે છે, ત્યારે તેના બાપને બહુજ માઠું લાગે છે, તેમ આપણે પાપ કરીએ છીએ ત્યારે ભગવાનને બહુ દુઃખ લાગે છે. પાપ એ બૂરી વસ્તુ છે. સિંહનું બચ્ચું જયારે નાનું હોય ત્યારે તેને વશ કરી શકાય છે, પણ મોટું થયા પછી કાબુમાં રહેતું નથી, તેમ પાપને શરૂઆતથીજ અટકાવવું જોઈએ, વ્યસનરૂપ થઈ ગયા પછી જલદી છૂટી શકાતું નથી.

એક પ્રગટ પુરૂષોત્તમ ભગવાનનો આશરો રાખવો. શ્રીજી મહારાજે વચનામૃતમાં કલ્યાણના સરલ સાધનો દર્શાવતા કહ્યું છે કે, ભગવાનની ઉપાસના કરવી, ભગવાનના ચરિત્ર ગાવા, સાંભળવા અને ભગવાનનું નામ સ્મરણ કરવું, પોતપોતાના ધર્મમાં રહેવું એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થવું એ કઠણ નથી. એ તો જેમ વહાણમાં બેસીને સમુદ્ર તરવો એવો સુગમ માર્ગ છે.

( સર્વે સાથે મળીને બોલવું )

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**કીર્તન**

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;

**ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ**

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજયો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજયો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૫) ભગવાનમાં પૂર્ણ વિશ્વાસ છે તે શ્રેષ્ઠ છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે, અમારો વિશ્વાસ રાખશે અને કહીએ તેમ કરશો તો તમને મહા કષ્ટ આવી પડશે તથા સાત દુકાળ પડશે તો તે થકી અમે રક્ષા કરશું. પ્રભુ પર વિશ્વાસ એજ ધર્મનું જીવન છે, અને મોક્ષની ચાવી છે, પ્રભુને મન વાણી કે બુધ્ધિ પહોંચી શકતાં નથી, તે મહાન પ્રભુના વિશ્વાસથી જ ભક્તના હૃદયમાં સમાઈ જાય છે.

ગઢાળી ગામમાં ભાવસાર કુટુંબમાં અભરાજભાઈ શેઠ એકાંતિક ભક્ત હતા, ભગવાનપર પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ હતો, ઘરમાં કોઈ બીમાર થાય તો

**તમે જીવનમાં યોગી ન બનો તો વાંધો નહિ,**
**પણ ઉપયોગી તો જરૂર બનજો.**

ગઢપુર જઇ ઘેલા નદીનું પવિત્ર જળ પાય, તેથી સાજા થઇ જાય, દિલમાં વિશ્વાસ કે આ ચરણામૃત જે પીશે તેનો રોગ નાશ થઇ જાશે, અભરાજભાઇએ બે લાકડાની પેટી કરાવેલી, એક પેટીમાં મહિને મહિને જે આવક આવે તેમાંથી દશમો ભાગ જે થાય તેના પ્રમાણમાં જે પૈસા થાય તે પેટીમાં નાખી દે, બીજી પેટીમાં વ્યક્તિ દીઠ આઠ આનાં નામવેરાનાં નાખે, તાળું દઇને તેની ચાવી બીજા ભક્તને આપી દેતા.

એક વખત તેમનાં પુત્રવધૂ પોતાના માવતરે ગયાં, ત્યાં અચાનક બીમાર થઇ ગયાં, વેવાઇએ કાગળ લખ્યો કે, અભરાજ વેવાઇને માલમ થાય છે કે અમારી દીકરી બીમાર છે, તો તમે ખબર કાઢવા આવો, દવા કરાવીએ છીએ પણ બિલકુલ ફરક પડતો નથી, કાગળ આવ્યો કે તરત અભરાજભાઇને યાદ આવ્યું કે દીકરો પરણીને આવ્યો ત્યારે વહુનું નામ ભગવાનના ચોપડામાં લખાણું નથી, નહિંતર આવું બને નહિ, માંદગી આવી કેમ ? ભૂલથી નામ લખવાનું રહી ગયું છે, પછી ભગવાનનાં ચોપડામાં નામ લખીને આઠ આના પેટીમાં મૂકી દીધાં.

પછી તરત વેવાઇને કાગળ લખ્યો કે, વેવાઇને ખાસ લખવાનું કે તમારો કાગળ મળ્યો છે, તમારી દીકરીના માંદગીના સમાચાર મળ્યા છે, તેની દવા અમોએ અહીં કરેલી છે, તો તમે હવે બીજી દવા કરશો નહિ, તેના શરીરે બરાબર થઇ જશે, તમે ચિંતા કરશો નહિ, હું ચાર દિવસ પછી આવીશ, મને વિશ્વાસ છે, વહુજી સાજાં થઇ જાશે.

બે દિવસમાં પુત્રવધૂ સાજાં થઇ ગયાં, પછી અભરાજભાઇ વેવાઇના ઘરે આવ્યા, અરસ પરસ મળ્યા, વાત કરી કે, તમારા કાગળ આવ્યા પછી કાંઇ દવા નથી કરી છતાં, મારી દીકરી સાવ સાજી થઇ ગઇ, બરાબર જમે છે, ફરે છે, અને ભગવાનનું નામ લે છે, તમો ત્યાં શું દવા કરી, કે દરદી અહીં બેઠું હોય અને તમે તમારે ઘરે દવા કરી ને રોગ જતો રહ્યો, નવાઇની વાત છે.

અમને નવાઇ લાગે છે, માટે આ બાબત સરખી રીતે સમજાવો, અભરાજભાઇએ કહ્યું, તમારી દીકરી અમારે ઘરે પરણીને આવ્યા પણ એનું નામ અમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના ચોપડે લખતાં ભૂલાઇ ગયેલ હતું, લગ્ન થાય અને કુટુંબમાં નવું કોઇ આવે અથવા કોઇ પણ બાળકનો અમારે ઘરે

જન્મ થાય એટલે અમારા ઈષ્ટદેવના ચોપડે નામ લખાવી દેવું જોઈએ, તે વાત હું ભૂલી ગયો હતો.

પછી યાદ આવ્યું તેથી નામના વેરાની રકમ પેટીમાં એના નામની પધરાવી એ દવા કરી, આ સાંભળી વેવાઈ તથા સંબંધી દંગ થઈ ગયાં, મનમાં વિચાર થયો કે વેવાઈના ઈષ્ટદેવમાં આટલો બધો પ્રભાવ છે, અને વેવાઈને ઈષ્ટદેવમાં આટલો બધો વિશ્વાસ કે બીમારી જતી રહી, આવું સાંભળી વેવાઈનું ઘર સત્સંગી થઈ ગયું. આ બંધારણ ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયમાં અજોડ છે.

ભગવાનને અખંડ ઉરમાં ધારે તો ભક્તમાં અપાર સામર્થ્ય આવે છે, તે દેહ છતે મૃત્યુલોકમાં બેઠાં બેઠાં અક્ષરધામ, વૈકુંઠધામ, શ્વેતદ્વીપ ધામ, ગોલોક ધામ, વિગેરે ભગવાનના ધામમાં જઈ શકે છે, ભૌતિક દેહ અભૌતિક થઈ જાય છે, બ્રહ્મદશાને પામી જાય છે, સંતદાસ સ્વામીને દૃષ્ટિ સમક્ષ અખંડ શ્રીજીમહારાજની મૂર્તિ દેખાય, જે કોઈ મળે તેને પ્રગટ ભગવાનની વાતો સંભળાવે, છેક દલુજી પાસે પહોંચી ગયા, છ માસ ત્યાં રહી ત્યાંના મુક્તોને પ્રગટ પુરૂષોત્તમનો નિશ્ચય કરાવી ત્યાંથી બદ્રીકાશ્રમમાં ગયા, નરનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં, જ્યાં જાય ત્યાં ભગવાન આગળ ને આગળ દેખાય. આવો છે ભગવાનને અખંડ ધાર્યાનો પ્રતાપ.

- **નવા મકાનને ચમકાવવા કલરની જરૂર છે.**
- **નવા કીર્તનને ચમકાવવા સંગીતની જરૂર છે.**
- **નવી વસ્તુને ચમકાવવા જાહેરાતની જરૂર છે.**
- **તેમ જીવનને ચમકાવવા સત્સંગની જરૂર છે.**

માણસ માત્રને જમવાનું, ભણવાનું, કમાવાનું, શરીર સાચવવાનું તેનો કેવો ખટકો હોય છે. પૈસા ભેગા કરવાનો કેટલો ખટકો હોય છે. ગમે તેટલું દુઃખ આવે, શેઠ વઢ્યા કરે તોપણ પૈસા કમાવવાની જરૂર છે. આ બધું સહન કરીને કમાણી કરવી પડે છે. કમાય નહિ તો ભૂખ્યા મરે. ભજન ભક્તિ કરવાનો ખટકો રાખશો તો ભક્તિમાં આગળ વધશો અને જીવની કમાણી કરી શકશો. **ઇર્ષ્યાએ રહિત અને શ્રધ્ધા એ સહિત એવી ભક્તિ ભગવાનને બહુ ગમે.**

વ્યસન આજે છોડશો તો યશ તમને મળશે,કાલે છોડશો તો યશ ડૉક્ટરને મળશે, નહીં છોડો તો અંતે યમપુરીમાં યમ તો છોડાવશે જ.

( સર્વે સાથે મળીને બોલવું )

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૬

૧. જય સદ્ગુરુ સ્વામી,............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૬) માયાનું શું રૂપ છે?

સ્વામિનારાયણ હરે..

ગોવર્ધનભાઇ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછે છે કે, માયાનું શું રૂપ છે? માયા કેવી છે ? (ગ. પ્ર. પ્ર. ૧ વચનામૃત - બીજો પ્રશ્ન) માયા ત્રિગુણાત્મિકા છે. અંધકારરૂપ છે. સંબંધીને વિષે અહંમમત્વને કરાવનારી છે.

એક ગામમાં આત્મજ્ઞાની હરિભક્ત એવા ભાવિક ભક્ત હતા. અચાનક એમનાં પત્નીનું મૃત્યું થઇ ગયું, પાડોશી માણસની પણ સ્ત્રી મરણ પામી ગઇ. પાડોશી દુઃખી થઈને સતત રડ્યા કરતો પણ જ્ઞાની ભક્તને જરાય શોક થતો નથી. એ સમજે છે કે ધાર્યું બધું ભગવાનનું થાય છે. જે રીતે પાણીની પરબમાં ઘણા લોકો ભેગા થાય અને થોડીવારમાં સૌ જુદા જુદા માર્ગે ચાલ્યા જાય છે, એ રીતે અનેક નામવાળા અનેક જીવો એક ઘરમાં જન્મે છે. અંતે સર્વે જુદા જુદા ચાલ્યા જાય છે.

નદીના પ્રવાહમાં રેતીના કણો સદા એકત્ર રહેતા નથી, તેમ જીવો પણ એકત્ર નથી રહેતા. આ જીવન પણ જળના તરંગ જેવું ચંચળ છે. મકાનના પાયા ઊંડા હોય છે. ઝાડનાં મૂળિયાં ઊંડા હોય છે. મનુષ્ય દેહનો પાયો કે મૂળ કાંઇ નથી. આપણે મકાન બનાવીએ ત્યારે કડિયાને કહીએ પાયા ઊંડા ખોદજો.

પણ તેમાં રહેનાર આ દેહનો તો બિલકુલ પાયો જ નથી, તો એનો પાયો ઊંડો કેમ થાય ? બ્રહ્મરૂપ બનીને ભક્તિ કરે તો ઊંડો પાયો થાય. ને જન્મ મરણ ટળી જાય, જ્ઞાની ભક્તે પાડોશી ભાઇને કહ્યું, તું રાત દિવસ તારી સ્ત્રી પાછળ રડ્યાજ કરે છે. તેથી શું તારી પત્ની પાછી આવશે ? નકામો શા માટે છાતી કૂટે છે ? પાડોશીએ કહ્યું, મને નવાઈ લાગે છે કે, મારાં પત્ની મરી ગયાં તો મારું

**જીવન સુધરે છે ભુલો સુધારવાથી,છુપાવાથી નહિં.**

ખાવાનું ને ઉંઘવાનું હરામ થઇ ગયું છે, મને કાંઇ ગમતું નથી, સંસાર સૂનો લાગે છે, ને તમને કેમ કાંઇ થતું નથી ? ત્યારે જ્ઞાની ભક્તે કહ્યું–

મારું મારું શું કામ કરો છો ? કોઇ વહેલા કોઇ મોડા અંતે બધાને જવાનું જ છે. હવે તમે તમારાં પત્ની પાછળ ન રડો. હવે તમે તમારા જીવને માટે રડો કે મારે મારા જીવની મુક્તિ કરવી છે. દાંત જાય, આંખો જાય, શરીરની શક્તિ જાય પણ એક તૃષ્ણા જતી નથી. કોણ જાણે એનાં મૂળિયાં કેટલાં ઊંડાં છે ! ખેતરમાં ઝાડનાં ઠૂંઠાં હોય તે ટ્રેકટરથી ખેડીને કાઢી શકાય પણ માયાનાં મૂળિયાં ટ્રેકટરથી નહિ કાઢી શકાય સમજણથી કાઢી શકાશે, એને કાઢવા માટે શું કરવું ? સાંભળો.... ભગત શું કહે છે !

જ્ઞાની ભગતે સરખી રીતે સમજાવ્યા. તેથી સત્સંગ કરવા લાગ્યા અને મમતા ઓછી થઇ. કહેવાનો હેતુ કે પ્રભુ ઉપશમ સ્થિતિવાળા છે અને પોતાના ભક્તને બ્રહ્મરૂપ થઇને ભક્તિ કરવાનું કહે છે. ભગવાનનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહેવાય.

( સર્વે સાથે મળીને બોલવું )

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

# ઘર સત્સંગ સભા

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ...............................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૭) નિર્માની ભક્ત સર્વથી શ્રેષ્ઠ છે.

સ્વામિનારાયણ હરે..

સુંદર મજાની એલચી, બદામ, કેશર નાખીને દૂધપાક બનાવ્યો હોય પણ ખાંડને બદલે મીઠું નાંખીએ તો દૂધપાક સુધારવાનો કોઈ ઉપાય નથી. એ દૂધપાક કોઈ જમી શકે નહિ. સરસ મજાના દૂધપાક જેવી બુદ્ધિ હોય પણ એમાં ઈર્ષ્યા, અદેખાઈ, માન, અહંકાર, ક્રોધ વિગેરે દોષનો ભેગ ભળી જાય તો તે ભક્તિ ભગવાન સુધી પહોંચતી નથી. હું મોટો છું, મને પૂછીને બધું થવું જોઈએ, મારા જેવી કોઈ કથા વાંચી શકે નહિ, મારા જેવો કોઈ તપસ્વી નહિ, મારા જેવો કોઈ સંગીત આચાર્ય નહિ, મારા જેવો કોઈ ચતુર નહિ, મારા જેવો કોઈ ભક્તિવાન નહિ, મારા જેવો

**જીવન સત્સંગથી સદ્‌ગુણને સરવાળે ચડે છે. કુસંગથી ઉંધે રવાડે ચડે છે.**

કોઈ ધનવાન નહિ, આવી રીતે ભક્તિમાં અભિમાન આવી જાય, મમતા આવી જાય તે લોઢાના કમાડ જેવું છે. હું પણાના પાવરમાં કૂદકા મારો નહિ. **નમ્ર બનીને સત્સંગ કરશો તો આગળ જતાં મહાન થશો.**

શ્રીજી મહારાજ ગ. પ્ર. પ્રના ૫૬ના વચનામૃતમાં કહે છે, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિમાં જેમ ભેગ ભળતો જાય તેમ ત્રણ વાના ઓછાં થતાં જાય છે. માન રહિત જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ છે તે સોળવલા સોના જેવી છે. દાદાખાચરની ભક્તિ કેવી છે તે આપણે વાંચન શ્રવણ કરીએ. શ્રીજી મહારાજ હંમેશા કહેતા કે આ ઉત્તમરાજા તો ખરા ઉત્તમ છે.

દુનિયામાં બધાના દિવસો સરખા જતા નથી, કયારેક અણધાર્યું દુઃખ આવી પડે, કયારેક અણધાર્યું સુખ આવી પડે.

એક સમયે દાદાખાચરના વસમા દિવસો આવ્યા. દેશકાળ વિપરીત આવી ગયા. ઘરમાં મૂઠી અનાજ નથી, જીવાખાચર હંમેશાં દાદાખાચર ઉપર દ્વેષ રાખે, દાદાખાચરને હેરાન કરવાના પ્રયાસો કરે, ખરવાડમાં દાદાખાચરનું ઘણું બધું અનાજ હતું, પણ રાગદ્વેષના કારણે જીવાખાચરે સિપાહી બેસાડી દીધા. કોઈને અનાજ લેવા ન દે, હવે શું કરવું ? દાદાનું હૃદય ભરાઈ આવ્યું. પ્રાણ પ્યારા શ્રીજીને તથા સંતોને શું જમાડીશું ? દેશકાળ ખરાબ છે, ઘરમાં મૂઠી દાણા નથી. આ વાતની મુકતાનંદ સ્વામીને ખબર પડી, તેથી શ્રીજી મહારાજને કહ્યું, મહારાજ અમે સૌ સંતો સુરત જતા રહીએ. દાદાને તાણ છે, તેથી વધારે દુઃખી ન કરાય, આ સાંભળી લાડુબા, જીવુબા, દાદાખાચર રડતા હૃદયે કહ્યું, ‘‘મહારાજ ! આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો, દેવને વંદનીય સંતો અહીં પધાર્યા છે. અને અમે કર્મનાં ફુટેલાં જે તમારી સેવા કરી શકતાં નથી, તેથી સંતો સુરત જવાની વાત કરે છે, ધ્રૂસકે ધ્રૂસકે લાડુબા અને જીવુબા રડી પડ્યાં.

મુકતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘હે પ્રભુ આપ અહીં ગઢપુરમાં રહો, જેથી દાદાખાચરને આશ્વાસન મળશે. અને અમે બીજે ગામ ચાલ્યા જઈએ. પ્રભુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. થોડીવાર કંઈ બોલ્યા નહિ, ઉદાસ થઈ ગયા, દાદાખાચરે જલ્દી પાણી લાવીને શ્રીજીને આપ્યું, મહારાજે મુખ ધોઈને પાણી પીધું,

પછી ધીરેથી બોલ્યા, ''દુઃખના દિવસમાં દાદાને છોડીને ચાલ્યા જઈએ તો તો આપણે બધા કૃતઘ્ની કહેવાઈએ'' એમ કહી શ્રીજી મહારાજ એક સાખી બોલ્યા.

**''દાહ જલે ડુંગર જલે, જલે સબ વનરાઈ;**
**હમ જલે તુમ કાં જલો, હમારે પાંખો નાઈ.''**

તે સાંભળી મુકતાનંદ સ્વામીએ કહ્યું, ''હે મહારાજ આ સાખીનો અર્થ બરાબર સમજાયો નહિ, સરખી રીતે સમજાવો તો ખબર પડે.'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું.

એક વનમાં મોટો ઘેઘૂર વડલો હતો, તે વડ ઉપર અનેક પક્ષીઓના માળા હતા. બધા પક્ષીઓ દિવસે ચણ ચણીને માળામાં આરામ કરે. ટેટા ખાય અને મીઠો મધુર કલરવ કરે. તેમાં એક વખત વનમાં દાવાનળ લાગ્યો, આખું વન વનરાઈ અને ડુંગરો સળગવા લાગ્યા, છતાં પક્ષીઓ વડલા ઉપર બેઠાં છે. ત્યારે વડલાએ કહ્યું, ''હે પક્ષીઓ તમોને ભગવાને પાંખો આપી છે, તો ઉડી જાવ, નહિંતર બળી જશો.'' ત્યારે પક્ષીઓએ સરસ જવાબ આપ્યો, વડદાદા આજ સુધી તમારા ઉપર અમે માળા બાંધીને રહ્યા, ટેટા ખાધા, તમારી લીલી છત્ર છાયામાં અમે મોટા થયાં. મીઠો કલરવ કર્યો અને હવે તમને દુઃખ પડ્યું, તેથી ઉઠીને ભાગી જઈએ. તો તો અમારું જીવતર લાજે. પક્ષીઓની હિંમત અને હિતકારી વૃત્તિ જોઈને પ્રભુએ દયા કરી દાવાનળ ધીમો થયો, અને વડલાને આંચ ન આવી.

શ્રીજી મહારાજે આંખ લુછતાં કહ્યું, ''પક્ષીઓ ગુણ ભુલતા નથી તો આ તો મારો દાદો છે. દુષ્કાળમાં આપણને બધાને ઘણો સાથ દીધો છે, ખૂબ જમાડ્યા છે, રમાડ્યા છે અને ઉત્સવો કર્યા છે. હવે દુઃખી સ્થિતિમાં દાદાને મૂકીને ચાલ્યા જઈએ તો ગુણચોર કહેવાઈએ. દુઃખી સ્થિતિમાં ભેગા રહીએ તો દાદાને લાડુબા-જીવુબાને, સોમાદેવી અને સુરપ્રભાદેવીને સોમાફઈબાને બધાંને ધીરજ રહેશે, દુઃખમાં છોડીને જવાય નહિ.

ત્યાં તો સિપાઈઓ કહેવા આવ્યા, ખરવાડમાં જે તમારું અનાજ છે, તે ગાડા લઈને આવો ઉપાડી જાવ, તરત દાદાએ ગાડાં જોડીને અનાજ ઘરે લઈ આવ્યા. અંત્યના અગિયારમાં વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું કે દેહને વિશે

**વાણી અને પાણી એ બન્ને રેડી દેવાં સહેલાં છે પણ એક વાર રેડી દિધા પછી પાછા વાળવાં અશક્ય છે.**

જેવી આત્મબુધ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભકતમાં આત્મબુધ્ધિ થાય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહિ. ગમે તેવા ભુંડા દેશકાળમાં પણ દાદાખાચરની જેમ રક્ષા થાય. આપણે બધા ભગવાન પાસે પ્રાર્થના કરીએ કે ગમે તેવી વિપરીત પરિસ્થિતિ કદાચ આવે તો, હે પ્રભુ ! તમે દુઃખ સહન કરવાની શકિત આપજો. દેશકાળ વિપરીત આવે ત્યારે સહનશકિત રાખી ધૈર્ય રાખીને પ્રભુની ભકિત કરવી.

ચકોર પક્ષી ચંદ્ર મુકીને બીજે આજુ બાજુ કાંઈ જુવે નહિ, એક નજરે ચંદ્રને જોયા કરે. **તેમ ભગવાનના ખરેખરા ભકતો હરિ મૂર્તિ વિના કયાંય જુવે નહિ,** ગમે જે ધંધો કરતા હો પણ મનમાં ભગવાનને જોવા, મા જેમ ગમે તે ઘરનું કામકાજ કરતી હોય પણ વૃત્તિ બાળકમાં હોય, ભગવાન સાંભરે તેટલો સત્સંગ બાકી બધો કુસંગ છે.

લાખ વર્ષ સુધી પાણીને વલોવ્યા કરશું તો તેમાંથી માખણ મળશે નહિ. સકામ ભક્તિ છે તે પાણીને વલોવ્યા જેવું છે. નિષ્કામ ભક્તિ છે તે દૂધને વલોવ્યા જેવી છે. સ્વામિનારાયણ ભગવાને કૃપા કરીને આપણને મનુષ્ય જાતિમાં ઉત્તમ સત્સંગમાં જન્મ આપ્યો છે. શ્રી નરનારાયણ ભગવાનના ખોળામાં બેસાડી દીધા છે. શ્રીનરનારાયણ ભગવાનને મૂકીને ક્યાંય આડા અવળા જવાય નહિ. માટે નિઃસ્વાર્થ ભાવે ભક્તિ કરી લેવી. જે સારૂં વિચારે છે તે મહાન બની શકે છે.

( સર્વે સાથે મળીને બોલવું )

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**સ્વાભાવિક ચેષ્ટા**

**પ્રથમ શ્રી હરિને રે,...........**

# સભા-૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૮) નમ્રતાથી કામ પતે તો ઉગ્રતા લાવશો નહિ.**

સ્વામિનારાયણ હરે..

ગ. પ્ર. પ્ર. ૭૬ના વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, ક્રોધી, માની, ઈર્ષ્યાળુ અને કપટી સાથે અમારે બનતું નથી. થોડા કાળ જીવવું અને પરલોક શા

**દુધનું સત્ત્વ મલાઈ,માણસનું સત્ત્વ ભલાઈ.**

માટે બગાડો છો ! જીભથી કોઈ દિવસ ખોટું બોલવું નહિ. આપણે વાત વાતમાં ખોટું બોલીએ છીએ. અસત્ય બોલવામાં બહુ મોટું પાપ છે. જીભથી બહુ પાપ થાય છે અને જીભથી બહુ પુન્ય પણ થાય છે. જીભ પાસે જે કરાવશું તે કરશે. સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરાવશો તો તે જીભ કરશે. ના નહિ પાડે અને બોલાવશો તો બોલશે. કેવી રીતે ચાલવું, કેવી રીતે બોલવું, કેવી રીતે જમવું વિગેરે. આપણા હાથમાં છે.

પારકું ધન આપણને બહુ મીઠું લાગે છે.

એક વૃધ્ધ ડોશીમા દાદાખાચરના દરબારમાં કામકાજ કરતાં, કયારેક કયારેક ચોરી પણ કરી લે. અખંડ શ્રીજી મહારાજ તથા સંતોનાં દર્શન થાય છે. કથા સંભળાય છે છતાં સ્વભાવ સુધર્યો નહિ. સમજણ આવ્યા સિવાય સ્વભાવ સુધરતો નથી. એક વખત કોઈને ખબર પડે નહિ, તેમ ચારસો રૂપિયા લઈને ડોશીમા પોતાના ઘર તરફ ચાલતાં થઈ ગયાં. સીમાડા સુધી આવ્યાં પણ કાંઈ સૂઝ પડતી નથી. ચારે બાજુ દાદાનો દરબાર દેખાય છે. હવે કરવું શું ? ખૂબ મૂંઝારો ચડ્યો. ફરી ફરીને ડોશીમા પાછા દરબારમાં પહોંચી આવ્યાં.

શ્રીજી મહારાજ સંતો ભકતોની સાથે વિરાજમાન છે. ડોશીમા સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરતાં માળા ફેરવવા બેસી ગયાં. શ્રીજી મહારાજે કહ્યું, ચોર પકડાઈ ગયો. આ ડોશીમાએ ચોરી કરી છે. દાદા ખાચર. તમે આ ડોશીમાને ચાર પાંચ કોરડા મારો એટલે ફરીથી ચોરી કરે નહિ. દાદાખાચરે સરસ જવાબ આપ્યો. ''મહા પ્રભુ... ડોશીમા અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન સ્મરણ કરે છે. તેને મારાથી મરાય નહિ.''

શ્રીજી મહારાજે કહ્યું, ''શિક્ષા નહિ કરો તો ડોશીમા ફરીથી ચોરી કરશે. સજા તો થવી જ જોઈએ. ત્યારે દાદાખાચરે કહ્યું, ''તુલસીદાસજીએ કહ્યું છે કેઃ-

**તુલસી જયાકે મુખનસે, ભૂલે નિકસે રામ;**
**તાકે પગકી પહેનીયા, મેરે તનકી ચામ.**

ભૂલે ચૂકે ભગવાનનું નામ લે તેને મારા તનના જોડા કરીને પહેરાવું તો પણ થોડા છે, તેમ હું પણ કહું છું કે ડોશીમાએ ફકત ચારસો રૂપિયા લીધા છે પણ

કદાચ મારો દીકરો માર્યો હોય ને જો સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરતાં હોય તો પણ મને મારવાનો સંકલ્પ થાય નહિ. મારો હાથ એને મારવા માટે ઊંચો થાય જ નહિ. હું એને પગે લાગીશ. એમ કહી તે ડોશીમાને બે હાથ જોડી પ્રણામ કર્યા. ડોશીમા આવું જોઈ ભોંઠાં પડી ગયાં અને પ્રતિજ્ઞા લીધી કે હવેથી કોઈ દિવસ ચોરી નહિ કરું.

નમ્રતાથી પતે તો, ઉગ્રતા લાવવી નહિ.

દાદાખાચરનું આવું નિર્માનીપણું જોઈને શ્રીજી મહારાજે કહ્યું, ખરેખર તમે દ્રૌપદીજીની સમાન ક્ષમાવાન છો. એમ કહી પોતે કંઠમાં જે પુષ્પનો હાર પહેર્યો હતો તે દાદાખાચરને પહેરાવી બાથમાં લઈ પ્રેમથી ભેટી રાજીપો વ્યકત કર્યો. આવી રીતે ભૂલને જતી કરવી તે ભારે કપરું કામ છે.

આપણા ઘરમાંથી કોઈક ચોરી કરી જાય ને ચોર પકડાઈ જાય તો આપણે શું કરીએ ? લાકડી લઈને પાછળ દોડીએ પણ ક્ષમા ન આપીએ, પણ ધન્ય છે દાદાખાચરને અને ધન્ય છે એમની સમજણને! સમજણમાંજ સુખ અને શાંતિ છે. નિયમને ઠેલીને પૈસા ભેગા કરવા નહિ, **કરોડો કે લાખો રૂપિયાનો લાભ થતો હોય તો પણ ધર્મ નિયમનો ત્યાગ કરવો નહિ.** ધર્મ સહિત ભક્તિ કરવી પણ નિયમને ઠેલીને ભક્તિ કરવી નહિ.

પાપી જીવ રડતાં રડતાં કહે છે. ભગવાને મને ઉત્તમ માનવદેહ આપ્યો. સત્સંગ થઈ શકે તેવું હતું છતાં અજ્ઞાન અને આળસમાં મેં કોઈ સત્કર્મ ન કર્યું. સાચા સંતને સેવ્યા નહિ. આવી એવી મુજને કુબુધ્ધિ, ભૂલ્યો જન્મથી મરણ સુધી. આજ કોણ કરે મારી સહાય, એમ કહી કરે હાય હાય. ત્યારે કિંકર કહે છે પ્રાણી, તેં આ વાટને શું નહોતી જાણી ? તને ખબર હતી કે એકલા આવ્યા છીએ અને એકલા જવાનું છે. સગાં કોઈ સાથે નહિ ચાલે.

જેનાં સારાં કર્મ છે તે આ ને આ દેહે સ્વર્ગલોક જેવું સુખ ભોગવે છે અને જેનાં કર્મ ખરાબ છે તે આ ને આ દેહે નર્ક જેવું દુઃખ ભોગવે છે. એક નિર્દય બ્રાહ્મણ હતો. યુવાનીના મદથી ફાવે તેમ કરતો. દેવ દર્શન કરવા જાય નહિ. પૂજા પાઠ કે દાન-પુન્ય કાંઈ કરતો નહિ. ગામમાં આંટા મારે મંદિરના દરવાજાથી પસાર

**સત્સંગ એ ભગવાનનો મોબાઈલ નંબર છે.**
**નેટવર્કમાં હોઈએ તો રીંગ વાગે.**

થાય પણ દર્શન કરવા ન જાય. રસ્તામાં ગાય બેઠી હોય તો જોરથી એવી લાત મારે કે ગાય ફફડીને ઊઠી જાય, કૂતરાને પથ્થર મારે. પોતાના ઘરના આંગણામાં (બજારમાં) ગાય બેસે તો લાકડીના ગોદા ભરાવીને ગાય માતાને પરાણે ઊઠાડે. આવું કામ કોણ કરે ? જે દયાહીન હોય તે. તમે નિરાંતે બેઠા હો અને કોઈક લાકડીના ગોદા ભરાવી ઊઠાડે તો !! તો તમારી સ્થિતિ કેવી થાય ? જોયા જેવી થાય હો. ભારે ઝઘડો થાય. પાપ કરી પાછો ખડખડાટ હસે. મનમાં થાય કે હું કેવું સારું કામ કરું છું.

એમ કરતાં કર્યાં કર્મ ભોગવવાનો વારો આવી ગયો. યુવાનીયો સ્કૂલે ભણવા જાય છે ત્યાં ઘોડો ભડકયો. પેલા પાપી યુવાનીયાને જોરથી લાત મારી તેથી ઓચિંતો પડ્યો અને બેય પગમાં ઈજા થઈ. ઘણી સારવાર કરી પણ પગ બરાબર થયા નહિ. કેડથી ઘસી ઘસીને ચાલે છે. પસ્તાવાનો પાર નથી પણ હવે શું થાય !! ભગવાન ઉપર દોષ નાખે કે, ‘‘હે ભગવાન તને જરાય દયા ન આવી. મારા બેય પગ લઈ લીધા !!’’ ભગવાને કહ્યું, ‘‘તને ગાયને મારતાં દયા ન આવી. હવે કર્યાં કર્મ ભોગવ. ને મર્યા પછી જમના દંડા ખાજે. વિચારીને પગલાં ભરવાં જોઈએ ને ? હાથે કરીને પાપી દુઃખ વેચાતું લે છે, પણ ધ્યાન નથી રાખતો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।

# ઘર સત્સંગ સભા

પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥હ
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૯) સાત્વિક ભાવ હોય ત્યાં પ્રભુ જમે છે.

સ્વામિનારાયણ હરે..

આ દુનિયામાં આપણે જોઇએ છીએ, એક મા-બાપના દીકરા સગાભાઇ, કોર્ટે ચડતા હોય છે. ત્યારે એમ થાય કે- એણે શું સત્સંગ પચાવ્યો ? જમીન માટે ને વારસા માટે ઝઘડતા હોય છે. સત્સંગ પચાવ્યો હોય તો સગાભાઇ કોર્ટે કેમ

**તમે સામેના લોકોની અપેક્ષાઓ પુરી કરો છો ત્યાં સુધી જ તેને સારા લાગો છો.**

જાય ? પછી ત્રીજી વ્યક્તિ કહે એ નિર્ણય સ્વીકારે. પણ બે ભાઈઓમાં એટલી તાકાત કેમ નથી કે સાથે બેસીને સમાધાન કરી લે. એવી બાબતો માટે આ મંત્ર ખૂબજ પ્રેરણાદાયી છે. મારું અને તારું શરુ થાય ત્યારે ઝઘડા વધે.

મારું અને તારું એ કાતરના બે પાંખીયાં છે. બે ભાઈઓ વચ્ચેના અતૂટ સંબંધો કાપી નાખે છે. કાતર ક્યારેય પણ સીવવાનું કામ ન કરે, બે ભાઈ વચ્ચે પ્રેમનો અને લાગણીનો મજબૂત તંતુ હોય, પરંતુ જ્યાં મારું અને તારું એ બે પાંખીયાં કામ કરવા લાગે, એટલે તરત બે ભાઈ વચ્ચેના સંબંધો કપાઈ જાય છે. મતભેદો વધી જાય છે. લોહીનો સંબંધ ટકાવી રાખવો અને સત્સંગનો સંબંધ પણ ટકાવી રાખવો, એ ડાહ્યા માણસનું કામ છે.

બે સગા ભાઈ હતા, ખૂબ સંપીલા સાથે જમવા બેસે. એક ભાઈ ઘેર ન આવ્યો હોય તો બીજો રાહ જુવે. કોઈ વ્યવહારના કારણે કોઈ મતભેદ ઊભા થયા, હિસાબમાં મારું તારું થયું, હવે ભાઈ ભાઈ સામા મળે તો મોઢું આડું કરીને ચાલ્યા જાય, પણ બોલે નહિ. એક દિવસ પરસ્પર કહેવા લાગ્યા કે- તમે મને દબાવતા રહો છો. નાનો ભાઈ કહે ‘‘તમે મને દબાવો છો.’’ આમ ૪-૫ કલાક ઝઘડ્યા પછી છૂટા પડી ઘેર ગયા, જ્યારે મગજમાંથી ગરમી ઓછી થઈ, ત્યારે મોટા ભાઈને વિચાર થયો કે- ગમે તેમ હોય તોય હું મોટો. એ મારો નાનો ભાઈ છે, કદાચ બે શબ્દો બોલ્યો એમાં શું થઈ ગયું ?

કાયમને માટે મારા પડતા બોલને એણે ઝીલ્યા છે, માટે સહન કરવું જોઈએ, નાના ભાઈ સાથે ઝઘડું એમાં સારું નહિ. સત્સંગી તરીકે મને લાંછન લાગે, જગતમાં ખોટું લાગશે કે- આ સ્વામિનારાયણિયો સગાભાઈથી ઝઘડ્યા કરે છે. શરમ આવે એવી વાત છે. હું એને ધમકાવું તો મોટા ભાઈ તરીકેની મોટાઈ શોભતી નથી. આ રીતે આખી રાત પસ્તાવો થયો તેથી ઉંઘ આવતી નથી, ધિક્કાર છે મારી વાણીને !

બીજું તો બધું ઠીક પણ મારા ઈષ્ટદેવ પણ મારી ઉપર નારાજ થશે. આખી રાત રડતાં રડતાં પસાર કરી. સવારે વહેલા ઊઠી, નાહી ધોઇ માનસીપૂજા કરવા બેઠા, ત્યારે પ્રભુને પ્રાર્થના કરી, હે પ્રભુ ! તમે કહ્યું છે કે- કોઈને દુભવવો નહિ,

આજે તો મેં મારા નાના ભાઈને દુભવ્યો છે. ધીરજ ગુમાવીને ધમાલ કરી છે, હવે પ્રભુ ! મને એવી સદ્‌બુધ્ધિ દેજો કે કોઈ મારા જીવનથી દુઃખી ન થાય. અને રડવું ન પડે. આમ કરતાં આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. ભગવાન અંતરનો નાદ સાંભળી તરત તેની પાસે આવ્યા, અને માથા ઉપર હાથ પધરાવ્યો. અરે !!! ઓચિંતો મારા માથા ઉપર કોણે હાથ મૂક્યો ? જ્યાં નજર કરી ત્યાં પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં, ભગતે ચરણમાં મસ્તક ધરીને દંડવત્ પ્રણામ કર્યાં.

ભક્તે તરત ઉઠીને પ્રભુને આસન પર બેસાડ્યા, અને પ્રભુની આગળ દૂધપાક પીરસ્યો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું- ''ભગત! એકલા એકલા જમાય નહીં, જાવ તમારા નાના ભાઈને બોલાવી લાવો! આપણે બધા સાથે બેસીને જમીએ. મોટા ભાઈ દોડતા દોડતા નાના ભાઈને ઘેર આવ્યા; ''ભાઈ! ચાલ અમારે ઘેર, શ્રીજીમહારાજ બેઠા છે તે તને બોલાવે છે.'' નાના ભાઈને રીસ હતી કે- આજથી મોટા ભાઈના ઘરમાં પગ ન દઉં, પણ ભગવાન બોલાવે છે, તો જવું જ જોઈએ, તરત મોટા ભાઈને ઘેર આવ્યા.

શ્રીજીમહારાજે બે ભાઈને બાજુબાજુમાં બેસાડીને કહ્યું ''તમે બે સગાભાઈ થઈને ઝઘડા કરો છો તે સત્સંગીને શોભે નહિ, આ દૂધપાક અમને નહિ ભાવે, અમને તો જેના ઘરમાં સંપ હોય, સ્નેહ હોય, મતભેદ ન હોય તેના ઘરનું ભોજન ભાવે, તમે સમજુ થઈને અરસપરસ વેર ઝેર શા માટે ઊભાં કરો છો ? નાની સુની વાતમાં વેરનાં બીજ શા માટે વાવો છો ? તમે અમારા ભગત છો, કંઠમાં કંઠી છે, લલાટમાં ચાંદલો છે, ઘરમાં પૂજા છે, મુખમાં હરિનું નામ છે, સવાર સાંજ મંદિરે દર્શન કરવા જાઓ છો, ભેટ ધર્માદા અર્પણ કરો છો છતાં આવા ઝઘડા કરો તે સત્સંગીને શોભે નહિ.''

મોટા ભાઈ ધુસ્કે ધુસ્કે રડી પડ્યા, ''મહારાજ ! અમારો વાંક છે, હવે આવું નહિ કરીએ, પાણીના લીટાની જેમ ભળી જશું,'' મોટા ભાઈને રડતા જોઈને નાના ભાઈએ મોટા ભાઈના પગ પકડી લીધા, મોટા ભાઈ મારો વાંક છે, તમે રડો નહિ, મને માફ કરો, આજથી હું વધઘટ ક્યારે નહિ બોલું એમ કહી મોટાભાઈને

**બીજાને ઘસવાની કાનસ બનવા કરતાં**
**પ્રકાશ કરનાર ફાનસ બનીએ.**

બાથમાં લઈ ભેટીને પગે લાગ્યા.

શ્રીજીમહારાજે કહ્યું, ‘‘જે થયું તે, હવે રડો નહિ, ચાલો, આપણે સાથે બેસીને જમી લઈએ.’’ બધા સાથે બેસીને જમ્યા, પ્રભુ અજાતવૈરી છે. અને ભક્તજનોને ઉપદેશ આપે છે કે- તમે પણ વેર ઝેર રાખશો નહિ, વેર બહુ ખરાબ છે. જેના ઘરમાં વેરઝેર હોય, તેનો થાળ પ્રભુ જમતા નથી. સાત્ત્વિકભાવ હોય ત્યાં પ્રભુ જમે છે.

શ્રીજીમહારાજને ગાળો દેનારા ક્યાં ઓછા હતા. પણ શ્રીજીમહારાજે કોઈના પ્રત્યે વેરભાવ રાખ્યો નથી. ભગવાન કોઈના પર શત્રુ બુધ્ધિ રાખતા નથી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૧૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦) એકાદશી પર્વ યથાર્થમાં

સ્વામિનારાયણ હરે..

જેમને આ વિશ્વમાં સુખ-શાંતિ ભોગવવી છે, તમામ પ્રકારના રોગ-દોષથી મુક્ત થઈને લાંબુ આયુષ્ય ભોગવવું હોય તથા આત્યંતિક કલ્યાણ કરવું હોય તથા આ દેહે શ્રીહરિનું મૂર્તિ સુખ પ્રાપ્ત કરવું હોય તેમણે ધર્મ-સંપ્રદાયમાં પ્રચલિત જપ, તપ, વ્રત, યમ, નિયમ, ધ્યાન અને યોગ વિગેરે નિયમિત કરવા જોઈએ.

સંસારી જીવોની એવી સ્વાભાવિક વૃત્તિ હોય છે કે તેમને એશ-આરામ, ભોગ-વિલાસ વિગેરે પ્રતિ વધારે રુચિ હોય છે. પણ તે બધું કરતાં કરતાં પંદર દિવસે એક દિવસ એવો કાઢવો જોઈએ કે, જે દિવસે ઉપરોક્ત તમામ ભોગ-વિલાસથી દૂર રહીને માત્ર ''સ્વ'' નો જ વિચાર કરીને સાત્ત્વિક જીવન જીવીને ચોવીસ કલાક માત્ર ને માત્ર શ્રીહરિના ચિંતનમાં જ જોડાયેલાં રહેવું જોઈએ એવું એકાદશી વર્તનું વિધાન શાસ્ત્રમાં જોવા મળે છે.

**પ્રમાણિક રહીને ભગવાનને ભજનારો સાચો જેસત્સંગી છે તેને લક્ષ્મી શોધતી આવે છે.**

નદીઓમાં ગંગા, પ્રકાશમાન તત્ત્વોમાં સૂર્ય, દેવતાઓમાં ભગવાન વિષ્ણુ મુખ્ય છે એમ શાસ્ત્રકારો કહે છે તેવી જ રીતે સામાન્યતઃ તમામ વ્રતોમાં ''એકાદશી-વ્રત'' સર્વોપરિ વ્રત ગણાય છે.

પ્રત્યેક માસમાં બે એકાદશી, ૧-શુક્લપક્ષમાં અને ૨-કૃષ્ણપક્ષમાં આવે છે. બંને એકાદશીના દિવસે અન્ન ભોજન કરવું જોઇએ નહિ. તથા નિર્જળા વ્રત કરવું જોઇએ. ઉપવાસ કરવો જોઇએ, માત્ર એક વખત દૂધ વિગેરે પેય પદાર્થો લેવા જોઇએ, (તક્ત વ્રત-દિવસભર ઉપવાસ કરીને માત્ર રાત્રે ફળાહાર કરવો) અને (ભુક્ત વ્રત-કોઇપણ સમયે એક વખત ફાળાહાર કરવો જોઇએ.)

એકાદશીનો પ્રાદુર્ભાવ માગસર માસના કૃષ્ણ પક્ષમાં થયેલો છે. પુરાણોમાં છવીસ એકાદશીની જુદી જુદી કથાઓ જાણવા મળે છે. જે વાંચવાથી-સાંભળવાથી એકાદશી વ્રત પ્રત્યે શ્રધ્ધા જાગે છે. અને વ્રત કરીને તેનો લાભ પ્રાપ્ત થાય છે.

શ્રીહરિએ હરિભક્તોના સાધારણ ધર્મ વિષે વાત કરતાં શિક્ષાપત્રી ગ્રંથમાં આજ્ઞા ૭૯ઃ માં લખ્યું છે કે, ''અને સર્વે જે એકાદશીઓ તેમનું વ્રત જે તે આદર થકી કરવું, અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા.''

તથા સત્સંગિજીવન ગ્રંથમાં પણ પ્રકરણઃ ૧ઃ અને અધ્યાયઃ ૩૧ઃ માં પણ લખ્યું છે કે ''જે મનુષ્ય એકાદશીના દિવસે ઉપવાસ ન કરે તે મૂઢ મનુષ્ય ગાઢ અંધકારથી વ્યાપ્ત એવા રૌરવ નામના નરકના પાપોને પામે છે. અ હેતુથી એકાદશીના દિવસે અન્ન ખાવું નહિં.''

એકાદશીના દિવસે માત્ર અન્નનો જ ત્યાગ કરવો તે પૂરતું નથી પણ પાંચ જ્ઞાનેન્દ્રિયો-પાંચ કર્મેન્દ્રિયો અને અગિયારમું મન તેના જે આહાર છે તે શબ્દ, સ્પર્શ વિગેરે વિષયોનો ત્યાગ કરીને જ એકાદશીનો ઉપવાસ કરવો જોઇએ.

તમામ પ્રકારના વિષય ભોગનો ત્યાગ કરવો, શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરવું, કથા શ્રવણ કરવું, નવધા ભક્તિનું આચરણ કરવું, દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, વારંવાર પાણી ન પીવું વિગેરે વિગેરે નિયમોનું પાલન કરીને જ એકાદશીનું વ્રત કરવું જોઇએ. તથા બ્રહ્મચર્યનું પાલન કરવું, પરસ્ત્રીઓ સાથે વાતચીત ન કરાય, તેણીનો સ્પર્શ ન કરાય, તેણીનું નિરીક્ષણ ન કરાય. એકાદશીના દિવસે ક્રોધ કરવાથી

તે દિવસે કરેલાં સત્કર્મો નિષ્ફળ થાય છે. અને આ દિવસે જાગરણ ન કરો તથા પૂજા ન કરો તો એકાદશીનું ફળ અર્ધુ મળે છે. એકાદશી વ્રત કરવાથી ચિત્તની શુધ્ધિ થાય છે. આ દિવસે મંદિરમાં શ્રીહરિની મૂર્તિ સન્મુખ ઓચ્છવ કરવો જોઇએ.

આટલા ટૂંકા લેખમાં એકાદશીનું મહિમા ગાન પૂરતું ન થઇ શકે તેથી શાસ્ત્રોમાંથી તેનું અધ્યયન કરવું અતિ જરૂરી ગણાય. અને તે જાણીને યથાર્થ રીતે એકાદશી વ્રત કરવું જ.

રજસ્વલા નારીએ પણ આ વ્રત નિયમ મુજબ કરવું જોઇએ, જો સૂતક હોય તો પણ એકાદશી કરવી પણ દેવપૂજા બીજા પાસે કરાવવી. કુસંગના યોગથી જો એકાદશીએ અન્ન ખાય તો પ્રાયશ્ચિત તરીકે ચાંદ્રાયણ વ્રત કરવાથી શુધ્ધ થવાય છે. આઠ વર્ષ થી એંસી વર્ષ સુધીની તમામ વ્યક્તિઓએ એકાદશી વ્રત અચૂક કરવું જ જોઇએ.

એ જાણવું જરૂરી છે કે એકાદશી એ દેવી છે. પરમાત્માના સ્વરૂપમાંથી ઊત્પન્ન થયેલી છે. એકાદશીનું વ્રત પ્રાચીનકાળથી થાય છે. રામાયણ-શ્રીમદ્ભાગવતમાં પણ તેની કથા જાણવા મળે છે.

આરોગ્ય-તબીબી વિજ્ઞાનની દૃષ્ટિએ પણ પંદર દિવસે એક ઉપવાસ કરવાથી શરીરને ચોકક્સ ફાયદો થાય છે.

નિષ્કુળાનંદ કાવ્યમાં જણાવ્યું છે કે, ‘‘સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞા લોપ. રાજી કરવાનું રહ્યું પરું પણ કરાવીએ નહિ હરિનો કોપ.’’ તે મુજબ શ્રીહરિની આજ્ઞા છે કે એકાદશી કરવી તે આપણો ધર્મ નિયમ છે. વળી સ્વામી આગળ કહે છે, ‘‘ધર્મ ધર્મ સહુ કોઇ કહે, પણ ધર્મમાં બહુ મર્મ છે. પ્રગટ પ્રભુના વચન પાળે, એથી મોટો કોઇ ધર્મ છે?’’ મતલબ કે શ્રીહરિનું વચન છે કે મારા આશ્રિતોએ એકાદશી વ્રત કરવું જોઇએ તેથી એકાદશી કરવી જોઇએ.

તો હવે આ એકાદશી માહાત્મ્ય જાણ્યા પછી તેનો અમલ કરવો તે પણ યથાર્થ રીતે જ. તો આપણે સર્વોપરિ ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રસન્નતાના અધિકારી બની શકીએ.

**કરોડ કામ પડ્યાં મુકીને પણ**
**એક પોતાનો મોક્ષ સુધારી લેવો.**

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૧૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................

૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................

૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૧) યાત્રામાં અને ફરવામાં બહુ ફેર છે.

સ્વામિનારાયણ હરે..

આપણે તીર્થ કરવા જઈએ છીએ, પણ આપણે ફરીએ અને ભગવાન ફરે એમાં ઘણો ફેર છે. આપણે તીર્થમાં જઈએ તો પાવન થઈએ, ભગવાન પાવનકારી છે, પ્રભુ તીર્થ કરવા ગયા એટલે તીર્થ પાવન થયાં, અધર્મીઓ, અસુરો, દુરાચારીઓએ, તીર્થનું તીર્થત્વ ઝાંખું કરી નાખેલું, તેને પાવન કરવા પ્રભુ તીર્થ કરવા પધાર્યા છે.

પ્રભુએ તીર્થમાં ફરી તીર્થનો મહિમા વધાર્યો. પ્રભુ જ્યાં જ્યાં ફરે તે બધાં તીર્થ બની જાય, પવિત્ર બની જાય, ભગવાન નીલકંઠવર્ણી પાસે મૂર્તિમંત હિમાલયના અડસઠ તીર્થો, નવસો નવાણું નદીઓ, બધાં માનવરૂપ ધરીને આવ્યાં અને વિનંતિ કરી કે, પ્રભુ ! આ સંસાર આખો સળગ્યો છે, ચારે બાજું અનીતિ,

**ભગવાનની કૃપાનો સૂર્ય ઉગે ત્યારે
અજ્ઞાનની અમાવાસ્યાનો અંત આવે છે.**

અત્યાચાર, અદેખાઇ, છળ, કપટ અને પાખંડ વધી ગયા છે, તો આપ અધર્મને દૂર કરો, અમારાથી આ પાપ જોવાતું નથી, અને સહેવાતું નથી. અમારાં પવિત્ર જળાશયોને દૂષિત કરે છે, માટે આપ પધારો અને અમારા જળમાં સ્નાન કરી પવિત્ર કરો.

હે પ્રભુ ! લોગોં કે મનમેં સિર્ફ અજ્ઞાન ફૈલ ગયા હૈ, વૈદિક રાસ્તોંકા લોપ હુઆ હૈ, તો વહાં વૈદિક માર્ગકા પુનઃ સ્થાપન કીજિયે, જીસસે ભાવિક લોગોંકા સદા કે લીએ વ્યાવહારિક ઓર અધ્યાત્મિક માર્ગ પર માર્ગદર્શન મિલતા રહે.

પ્રભુ બોલ્યા, તીર્થરાજ ! તમે ચિંતા ન કરો, હું વનવિચરણ કરવા માટે નીકળ્યો છું. સર્વ દેશોમાં સર્વ સ્થળે, સદાકાળ માર્ગદર્શન મળે એવા શાસ્ત્રોની રચના કરીશ, પવિત્ર સનકાદિક અને શુકદેવજી જેવા સંતો તૈયાર કરીશ, જેથી એવા પવિત્ર સંતો સાથે અમો સ્નાન કરીને તમારી ઇચ્છા પૂરી કરીશું.

આપણે તીર્થ કરવા જઇએ છીએ, પાવન થવા, પાપ ધોવા, પણ પ્રભુ તીર્થ કરવા ગયા છે તીર્થને પાવન કરવા, ને મહિમા વધારવા. જ્યાં સરોવર દેખાય, ત્યાં પ્રભુ સ્નાન કરે, (ટારો ન દે) તમે યાત્રા કરવા જાઓ અને પવિત્ર નદીઓ આવે, ગંગા, જમુના, સરયુ વગેરે તેમાં સ્નાન કર્યા વિના ચાલ્યા જાઓ તો તીર્થનું અપમાન કર્યાનું પાપ લાગે. તેથી પવિત્ર નદીમાં અવશ્ય સ્નાન કરવું જ જોઇએ. ત્યાંનાં મુખ્ય દેવાલય હોય તેમાં અવશ્ય દર્શન કરવાં જ જોઇએ. સમય મળે, સંપત્તિ મળે, શારીરિક શક્તિ અને શ્રધ્ધા સરસ હોય ત્યારે એક વખત જરૂર યાત્રા કરવા જજો.

તમે યાત્રા કરવા જાઓ અને મંદિરમાં દેવ દર્શન ન કરો, પવિત્ર નદીઓમાં સ્નાન ન કરો, સંત સેવા ન કરો, અને હોટલમાં રોકાવ, અને હોટલમાં જમો, કીર્તન ભજન કાંઇ ન કરો, ખાઇ પી ને જલસા કરો, બાગ બગીચામાં ફરવા જાઓ, એને યાત્રા ન કહેવાય એને ફરવા ગયા કહેવાય, તો યાત્રા કોને કહેવાય ?

મંદિરમાં શાંતિથી દર્શન કરો, પ્રદક્ષિણા કરો, સાધુ સંતને જમાડો, પવિત્ર રજ માથે ચડાવો, કથા કીર્તનનો લાભ લ્યો, મંદિરમાં રાત રોકાવ, સવારે મંગળાનાં દર્શન કરો, આજુ બાજુમાં પ્રસાદીનાં સ્થાનનાં દર્શન કરો, અને પવિત્ર જળાશયોમાં

સ્નાન કરો. એને યાત્રા કહેવાય. પ્રભુની લીલાનું સ્મરણ કરો એને યાત્રા કહેવાય.યાત્રા કરવા જાઓ ત્યારે ખ્યાલ રાખજો, યાત્રાની નિંદા ન થઈ જાય. જોયું નારાયણસરોવર ? ત્યાં કાંઇ નથી, બધાં માંગણ ભેગા થયા છે, માગ્યા જ રાખે, કોઈ જમવાનું પૂછે નહિ. તમે યાત્રા કરવા ગયા છો કે નિંદા કરવા ગયા છો ? ધ્યાન રાખજો બધું બદલી જશે, પણ ધરતી માતા બદલાતાં નથી, ધરતી એની એ જ છે, મહિમા પવિત્ર ધરતીનો છે, પવિત્ર મંદિરોનો છે, પવિત્ર દેવોનો છે, પવિત્ર પ્રસાદીનાં સ્થળોનો છે. પણ કોઈ ભોજનનું પૂછનારા વહીવટદારોનો મહિમા નથી. યાત્રામાં ધ્યાન ન રાખે તો પાપ ધોવાને બદલે પાપ ચડી જાય. બહુ સમજવા જેવી આ કથા છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

**બહારથી નાના રહીએ તો કોઈ નડશે નહિં,**
**અંદરથી મોટા રહીએ તો કોઈ કનડશે નહિં.**

# સભા-૧૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૨) સાચી બુદ્ધિ ક્રોધથી ઢંકાઇ જાય છે.

સ્વામિનારાયણ હરે..

ભગવાને જેને માર્યા તેને તાર્યા છે. સમજાવીને શરણે લીધા છે. શિશુપાળે કૃષ્ણ ભગવાનને સો ગાળો દીધી તો પણ જરાય ખીજાયા નહિ. છેવટે એને મુક્તિ આપી એવા પ્રભુ દયાળુ. પ્રભુ જીવ પ્રાણી માત્રના પિતા છો, અજ્ઞાનીઓ એમને વિના કારણે સમજ્યા વિના દ્રોહ કરે છે, છતાં પ્રભુ હસતે મુખે સહન કરે છે. જરાય રોષ નથી રાખતા.

રોષ છે તે આત્માનો મોટો શત્રુ છે. ક્રોધને કારણે બધા દુઃખી થાય છે. તમારી ઈચ્છા હોય કે મારે આ ખાવું છે અને એ ન મળે એટલે તરત જ ક્રોધ આવી બેસે, ક્રોધ બહુ ભયંકર છે. જેમ બહુ ધુમાડાથી અગ્નિ દબાઈ જાય છે. જેમ બહુ મેલ ચડવાથી દર્પણ દબાઈ જાય છે, એ જ રીતે માણસનું તમામ જ્ઞાન, તમામ સમજણ ક્રોધથી ઢંકાઈ જાય છે અને શાંતિનું નામ નિશાન રહેતું નથી.

ક્રોધરૂપી ચોરને ઓળખો ! એ જ્ઞાન, સમજણ, દયા,શાંતિ,સંપની ચોરી કરી જાય છે, ચોરને ઓળખતાં શીખો. જ્યારે ગુસ્સો ચડે તયારે મૌન રાખશો તો ગુસ્સો એકદમ ઓસરી જશે. ક્રોધને એમ થશે. આ મને ઓળખી ગયો છે, મૌનનો મહિમા ઘણો છે.

એક ભક્ત હતા તેનું નામ કાનજીભાઈ. પણ નખથી શિખા સુધી કાયમ ક્રોધ ભરેલો જ હોય. વાતની વાતમાં બાઝી પડે, બહુ જ તીખો મરચા જેવો સ્વભાવ.એક દિવસે વાડીએ જાય છે, ઉતાવળી ચાલ તેથી જાય દોડ્યા, રસ્તામાં બોરડીના ઝાંખરા ચોટ્યાં કપડામાં તો ખેંચીને કપડા ચીરી નાખ્યા. બીજા દિવસે બોરડીને જળમૂળથી કાઢી નાખી. એક વખત ગાડાની ઈશ વાગી ગઈ તો ગાડાને બટકાં ભર્યાં. મોઢામાં લોહી નીકળ્યું  દાંત પડી ગયા. બધા કહે ડાચાં ન ભરાવો, નકામા તમે હેરાન થાશો, તો એની પત્નીને ચોંટે, બેસ રાંડ, બકબક ન કર. ઘરનાં બધાં કાનજીભાઈથી ફફડે. કોઈ બોલાવી ન શકે, કૂતરાં પણ બીવે. ખબર પડે કાનજીભાઈ આવે છે તો ઉઠીને ભાગી જાય. એમ કરતાં એના ગામમાં ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા.

ત્યાં આ કાનજીભાઈ અવાર-નવાર સત્સંગ કરવા જાય, કથામાં બેસે, સંતોને પગે લાગે, સંત દર્શનથી મગજમાં શાંતિ થવા લાગી, પછી તો મજાની પૂજા કરે, પ્રદક્ષિણા કરે, સંત સાથે હેત થવાથી એનામાં સંતના ગુણ આવવા લાગ્યા. સંસારની આસક્તિ ઓછી થઈ તેથી સાધુ થવાની ઈચ્છા થઈ, આવ્યા ગઢપુર. શ્રીજી મહારાજની પ્રાર્થના કરી, મને સાધુ કરો ! પ્રભુએ કહ્યું સાધુ કરીએ છીએ પણ તમારા ગુરુ કોણ થાશે? કોઈ તમારી જવાબદારી લે, તો કરીએ,

સભામાં શ્રીજી મહારાજે કહ્યું ''કાનજીભાઈના કોઈક ગુરુ થાવ ! બધા સંતોને એના સ્વભાવની ખબર છે કે આ તો સર્પ જેવો ખારો છે, માર કૂટ કરે તો આપણી મજા ઉડાડી દે તેથી કોઈ બોલ્યા નહિ કે, હું ગુરુ થઈશ, હવે શું કરવું ? ત્યારે શ્રીજીમહારાજે ભરી સભામાં કહ્યું ''મુકતાનંદસ્વામી સત્સંગની મા છે, માને જેવો હોય તેવો દીકરો સાચવવો પડે, કમાતો ન હોય, જેમ તેમ બોલતો હોય, તોય મા કયાં નાખી દે ! મા ને સાચવવો જ પડે. મુક્તાનંદસ્વામી જરૂર આ કાનજી ભગતને સાચવશે.''

**મુક્તતા વ્યક્તિગત સૌને ગમે પણ**
**નીયમ - કાયદામાં સર્વેનું સુખ છે.**

સ્વામીએ કહ્યું ભલે, આપની આજ્ઞા હોય તો જરૂર સાંચવીશ.'' કાળમીંઢ પથ્થર જેવા જીવને સ્વામી ગાળીને પાણી જેવો નિર્મળ બનાવી દે એવી શક્તિ છે. મુક્તાનંદસ્વામીને આવા માણસની ઘડતર કરવી બહુ કઠણ છે, તેથી થોડાક દિવસો સુધી ધોળે કપડે રાખ્યા.

સંતો પારસમણિ જેવા છે, લોઢાને કંચન બનાવે છે. આવેશ જન્ય પ્રકૃત્તિ બદલાઈ ગઈ. શાંત સ્વભાવ થઈ ગયો. પછી સાધુ કર્યા નામ રાખ્યુ નિર્માનાનંદ સ્વામી એક વખત નિર્માનાનંદ સ્વામી વડતાલ આવ્યા. ત્યારે એક ખીલીમાં એણે પોતાની ઝોળી લટકાવી, બીજા સાધુ કહે ''આ ખીલી મારી છે. ઉપાડો તમારી ઝોળી, બીજી ખીલીએ ટીંગાળો'' ત્યાંથી ૮-૧૦ વાર ઝોડી ઉપડાવી પણ જરાય ગુસ્સો ન આવ્યો. સાધુએ એની પરીક્ષા લેવા ઝોળી ફેંકી દીધી, છતાં પણ નિર્માનાનંદને જરાય ક્રોધ ન આવ્યો, જેને સેવે તેના જેવા ગુણ તેમાં આવે.

સ્વામી મુક્તાનંદજીની સેવા કરે, પગ દાબે, જમવાનું બનાવી દે, પૂજા-પાઠની તૈયારી કરે, જોઈતું કરતું બધું કરી આપે, સ્વામીની અનુવૃત્તિ ખૂબ સાચવે. પથ્થરને પીગળાવી દીધો અને એના જીવનને ધન્ય બનાવી દીધું. સાચા સંતોથી અનેક જીવના કાર્ય સરી ગયાં છે. ભગવાન કોઈ ઉપર રોષ રાખતા નથી અને ભક્તજનોને ઉપદેશ આપે છે કે કોઈ ઉપર રોષ રાખવો નહિં.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### (૧૩) ભગવાનને ઓળખવા તે ભારે કામ છે.

સ્વામિનારાયણ હરે..

**અભિયાન પહેલાં અભિગમ બદલો.**

- **જે પાણી ડૂબાડે છે તે જ પાણી તારે છે**
- **જે અગ્નિ દઝાડે છે તે જ ઠંડી ઊડાડે છે**
- **જે મન મુંઝાવે છે તે જ મન મુક્તિ અપાવે છે**

એનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ, માયાની ચીકાશ બહુ ચીકણી છે. પણ વચ્ચે જો ભગવાનના સ્નેહની ચીકાશ આવી જાય તો આપણને માયાની ચિકાશ નડે નહિ. ભગવાનને ઓળખવા ભારે કઠણ કામ છે.

ભાલ પ્રદેશના ધોળકા પાસે એક બળોલ ગામ છે, ત્યાં ચારણ કુળમાં દેવીદાનનો જન્મ થયો. દેવીદાને બાળપણથી મંદિરે જવું, શ્રીજી ભજન કરવું, આવી બાબત બહુ ગમતી, રમત-ગમત ગમતી નહિ. ગામમાં સકળેશ્વર મહાદેવનું મંદિર હતું, તેની સેવા પૂજા દેવીદાનના પિતા જીજીભાઈ કરતા. એક દિવસ પિતાને બહાર ગામ જવાનું થયું, પુત્ર દેવીદાનની પાંચ વર્ષની ઉંમર છે, પુત્રને કહ્યું બેટા, મહાદેવજીની પૂજા તારે કરવાની છે. હું એક મહિના પછી આવીશ. ત્યાં સુધી ભાવપૂર્વક પૂજા કરીશ તો મહાદેવજી રાજી થશે.

દેવીદાન બીલીપત્ર ચડાવે, દૂધ અને જળથી અભિષેક કરે. કાલીઘેલી ભાષામાં કીર્તન ભજન ગાય, આરતી ઉતારે, શ્રધ્ધાપૂર્વક પૂજા કરે. મહાદેવજી પ્રસન્ન થયા, પ્રત્યક્ષ દર્શન આપ્યાં. બેટા દેવીદાન તેં મારી શ્રધ્ધાથી સેવા કરી છે, તને વચન આપું છું કે તને શ્રી પુરુષોત્તમ નારાયણનાં પ્રત્યક્ષ દર્શન થશે. સામે ચાલીને તમારા ગામમાં આવશે. દેવીદાને કહ્યું, હું ભગવાનને કેમ ઓળકી શકું ? મહાદેવજીએ કહ્યું, જેની જીભ કોણીએ અડે, તે ભગવાન હોય. એ વાત યાદ રાખજે. માણસની જીભ કોણીએ અડી શકે ?

દેવીદાનને પ્રગટ ભગવાનને મળવાની ઝંખના જાગી, વર્ષો વીતી ગયાં. પ્રગટ પ્રભુ મિલનનો દિવસ નજીક આવ્યો, જેતલપુરનો યજ્ઞ પૂર્ણ કરી શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે ગામ બળોલ પધાર્યા. આખું ગામ એકત્ર થયું. શ્રીજીમહારાજ રૈયા ખટાણાને ત્યાં બિરાજમાન થયા છે. રૈયા ખટાણાએ થુલી અને દૂધની ત્રાંસળી ભરીને શ્રીજીમહારાજને અર્પણ કરી. ભરસભામાં પ્રભુ થુલી અને દૂધ પીવે છે, શ્રીજી મહારાજે કહ્યું ચાલો ઘરની બહાર જઈએ ત્યાં થુલી અને દૂધ પીવાની મજા

આવશે. ગાડા ઉપર બેસીને દૂધ ને થુલી જમે છે.

કોણીએ દૂધના રેલા જાય. તે જીભથી ચાટતા જાય. આ જોઈને દેવીદાન ગઢવી સજાગ થઈ ગયા. આ કોઈ સાધારણ મનુષ્ય નથી, પણ જગતના નાથ, ભગવાન છે. ગામના માણસોને તર્ક થયો. આને ભગવાન કહેવાય ? ખાતા નથી આવડતું, ગાંડાની જેમ રેલા ચાટે છે. ગામના માણસો ઘરે જતા રહ્યા. ભગવાને ફક્ત દેવીદાનને માટે આવી લીલા કરી. દેવીદાન શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે આવ્યા, હે પ્રભુ ! હું તમારી સાથે ચાલીશ. પ્રભુએ કહ્યું, તમે કોણ છો ? ક્યાંના રહીશ છો ? હું જીજીભાઈ રત્નુનો દીકરો છું, મૂળીમાં મારું મોસાળ છે. મારું નામ દેવીદાન ગઢવી. પ્રભુએ કહ્યું, તમારી ને અમારી જૂની ઓળખાણ છે, ચાલો અમારી સાથે, સમય જતાં દેવીદાનને ભાગવતી દિક્ષા આપી નામ રાખ્યું દેવાનંદ સ્વામી. ભગવાન ઓળખાઈ જાય તો કામ થઈ જાય. જીવ કહે છે :-

હે મન, ગરજ હોય ત્યારે તું મીઠી મીઠી વાતો કરે છે, નમ્ર બની જાય છે, ગરજ મટે ત્યારે તોફાન કરે છે. જગતમાં પણ એવુંજ ચાલે છે.

ઘણું બધું દૂધ હોય, અને તેમાં એક બે ટીપાં ઝેરનાં પડી જાય તો તે દૂધ ઝેર બની જાય છે. પછી જે પીવે તેના પ્રાણ જાય. સર્પનો વિશ્વાસ કરાય નહી. દૂધ પીવડાવનારને જ કરડે. તેમ કૃતઘ્ની માણસનો વિશ્વાસ કરાય નહિ. ભલાઈ કરી હોય તેને જ ભાલા મારે. રોગને સામાન્ય માનવો નહિ, ઉગતાં ડાંભવો જોઈએ, દવા કરવી જોઈએ. અગ્નિને પણ નાનો સમજવો નહિ, તણખા જેટલા અડે તેટલું નુકશાન કરી નાખે, સર્પનું બચ્ચું નાનું હોય પણ જો ડંસ મારે તો કાયાનો નાશ કરે છે.

મન રાગી છે ને જીવ ત્યાગી છે. શૂરવીર ભક્તાત્માને દેહ દમવો ને તમામ ઇંદ્રિયોને ભગવાનમાં જોડી રાખવાનો ઉમંગ હોય, અને મનને જગતની માયામાં રચ્યા પચ્યા રાખવાનો ઉમંગ હોય, ત્યાગી અને રાગીના વિચારો જુદા હોય છે. મહિમાએ સહિત ભક્તિ કરવી. તો મન જીતવાનું બળ આવશે.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**સ્ત્રીઓ ફેશન છોડે પુરુષો વ્યસન છોડે તો સંસાર સ્વર્ગ બને.**

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! .....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૧૪) સત્સંગમાં ગાઢ પ્રીતિ કેમ થતી નથી?

સ્વામિનારાયણ હરે..

હરજી ઠક્કરે શ્રીજી મહારાજને પ્રશ્ન પુછ્યો કે, પોતાના દેહ અને દેહના સંબંધીને વિષે જેવી ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં પ્રીતિ નથી થતી તેનું શું કારણ છે? શ્રીજી મહારાજ બોલ્યા જે, એને ભગવાનનો મહિમા નથી તેથી સત્સંગમાં પ્રીતિ થતી નથી. (ગ. પ્ર. પ્ર. ૧ વચનામૃત - ચોથો પ્રશ્ન) કેવા ભક્તને ભગવાનનો મહિમા હોય છે?

મહાપુરુષદાસજી સંતો સાથે ગામ સાંકળી પધાર્યા, ગામમાં મંદિર નહોતું, તેથી સ્વામીને થયું મંદિર હોય તો બધા સાથે મળીને સત્સંગ કરે, ઘણા લોકો કહે છે, મંદિરમાં શા માટે આટલો બધો ખર્ચ કરો છો ? એની શું જરૂર છે ? એના બદલામાં હોસ્પિટલો અને વિદ્યા ભણવાની શાળાઓ બાંધો તો સારું.

હોસ્પિટલ ભાંગેલું હાડકું સાંધવામાં મદદરૂપ બનશે. અને ભાંગેલા હૃદયને બેઠું કરવા માટે મંદિર જોઈશે, મંદિર મનના રોગનું નિવારણ કરે છે. મંદિરથી આત્માનું આરોગ્ય સચવાય છે. આપણા ઋષિમુનિઓ કહે છે જે ગામમાં મંદિર ન હોય ત્યાં રહેવું પણ નહિ. મંદિરનો આત્મા પ્રભુની મૂર્તિ છે, તેના પ્રાણ વર્તનશીલ સંતો છે.

ગામના હરિભક્તોએ ફાળો કર્યો, ત્રણસો રૂપિયા થયા, તે વખતે મોંઘવારી અત્યારના જેવી નહોતી, ખાતમુહૂર્ત કરી મંદિરનું બાંધકામ ચાલુ કર્યું. જેનાથી જે સેવા થાય તેવી સેવા કરે, કોઈ પથ્થર લાવે, કોઈ રેતી લાવે, કોઈ પાણી લાવે. છતાં પૈસા ઘટ્યા. હવે શું કરવું ? ઉકા પટેલને સ્વામીનો યોગ થયો તેથી સત્સંગી થયા. ઉકા પટેલનો સ્વભાવ આનંદિત હતો. પોતે આનંદમાં રહે ને બીજાને આનંદમાં રાખે. સ્વામીને પગે લાગીને બેઠા, સ્વામીએ કહ્યું, ''ભગત મંદિર કરવા માટે પૈસા જોઈએ છે. પાંચસો રૂપિયા ઘટે છે ?તો તમે આપશો ?'' સ્વામી ! રૂપિયા કયાંથી લાવું. સ્વામીએ કહ્યું, ''તમારા ઘરમાં કોઠી છે તેના નીચે માટલું દાટેલું છે, તે કાઢી લાવો.'' ઉકા પટેલ દોડતાં ઘરે ગયા. કોઠી ખેસવી માટલું કાઢી તેને પછેડીમાં બાંધીને મંદિરે લઈ આવ્યા.

**જેમ ઠંડીથી બચવા ગરમ વસ્ત્રો અને વરસાદથી બચવા છત્રી કે રેઈનકોટની જરૂર છે, તેમ આજના ભયંકર વાતાવરણથી બચવા "ઘર સત્સંગ સભા" નું કવચ અનિવાર્ય છે.**

લ્યો સ્વામીજી ૫૦૦ રૂપિયા મંદિરનું કામ ચાલુ રાખો, બીજા જોઈતા હોય તો વિના સંકોચે કહેજો, બીજા ૨૦૦ રૂપિયા આપો કૂવો કરાવવો છે, પાણીની ખાસ જરૂર છે. તરત ૨૦૦ રૂપિયા ગણી દીધા. સ્વામીજી હજુ જોઈતા હોય તો કહેજો. આવો લાભ વારંવાર નહિ મળે, અમે કમાઈ લઈશું. સ્વામીએ કહ્યું, ‘‘મંદિર માટે વાસણ અને સંતો માટે ગોદડાં જોઈએ છે, તેના માટે ૩૦૦ રૂપિયા આપો.’’ તરત પૈસા ગણી આપ્યા. સ્વામીએ રાજીપો વ્યકત કરતાં કહ્યું, ‘‘તમે સફેદ કપડામાં સંત જેવા છો. શ્રધ્ધાળુ ભકત છો. સામેથી પૈસા આપો છો.’’ ઉકા પટેલ ! માંગો આપને હું શું આપું ? ત્યારે ઉકા પટેલ હાથ જોડી બોલ્યા ગુરુદેવ જો રાજી થયા હો તો મને એક વચન આપો. તમે માળા ફેરવો છો તેમાં મારો અરધો ભાગ.

સ્વામીએ કહ્યું, ‘‘તથાસ્તુ ! તમારા માગ્યા પ્રમાણે તમને પુન્ય મળશે. મંદિર બનાવી મૂર્તિ પ્રતિષ્ઠા કરી સેવા પૂજાની પ્રવૃત્તિ શરૂ કરી, મુકતરાજ ઉકા પટેલ જેવા ગુણ કેળવવા બહુ અઘરું કામ છે. પ્રભુને પ્રાર્થના કરીએ કે દયા કરીને ઉકા પટેલ જેવા ગુણ આપણામાં આવશે તો સત્સંગમાં દઢ પ્રીતિ થશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૫) પ્રભુ આશ્રયનો પ્રબળ પ્રતાપ.**

સ્વામિનારાયણ હરે..

વન વગડે ભટક્તા તૃષાતુર થયેલાને પરબ મળી જાય, પાણી મળી જાય, કાળઝાળ તાપથી તપ્ત થયેલાને ઘેઘૂર વૃક્ષની શીતળ છાયા મળી જાય, મધદરિયે ડૂબતાને હોડીનો આશરો મળી જાય તો તેને કેટલો આનંદ થાય ! એનાથી વધુ અને દિવ્ય આનંદ શ્રીજીમહારાજના દર્શન સ્પર્શ અને પૂજનથી થાય છે. જે પ્રભુના નામનો આશ્રય લે છે તેને એક દિવસ પ્રભુનો સાક્ષાત્કાર જરૂર થાય છે.

દરરોજ પ્રભુ આગળ પ્રાર્થના કરવી કે, હે મહારાજ ! હું તમારો બાળક

**તમારા ઝઘડાના બીજ બાળકોમાં ન રેડો.**

છું. તમે મારા પરમ પિતા છો. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશ માત્ર અંતરાય રાખે નહિ. તો તેમાં અમે કોઈ જાતની કસર રહેવા દેતા નથી. પોતાના શરણાગત ભક્તનો શ્રીહરિ ઉધ્ધાર કરવા તત્પર છે. અંતરમાંથી મોહ મમતા અને વાસના જાય તો અક્ષરધામમાં જવાય..

એક કબો વણિક હતો, પુત્ર, પરિવાર, માલ, ધનમાં માયા ઘણી હતી. કોઈ દિવસ સત્સંગ સભામાં જાય નહિ. પૂજા પાઠ કરે નહિ, સત્શાસ્ત્રો વાંચીને વર્તનમાં ઉતારે નહિ. સત્સંગ છે તે આધ્યાત્મિક શાળા છે. જે અનાસક્ત જીવી શકે તે ભક્તિ માર્ગે ચઢી શકે છે. કૂડ કપટ કરીને પૈસા ભેગા કર્યા. સમય જાતાં પુત્ર અને પત્નીનું મૃત્યુ થઈ ગયું. પુત્રની પત્ની એને રસોઈ કરીને જમાડે. કબા વાણિયાની પંચાસી વર્ષની ઉંમર થઈ છે.

પુત્ર અને પત્નીને અખંડ યાદ કરી કરીને રડ્યા જ કરે. પણ ભગવાનને યાદ કરે નહિ. દેવ દર્શન જાય નહિ. તેથી ગાંડો થઈ ગયો. બજારમાં ત્રાજવાં લઈને બેસે. પલ્લામાં ધૂળ નાખીને જોખે. આખી જિંદગી જે કર્યું હોય તે યાદ આવે ને ! ને જોરથી બોલે ઘી..લઈ..જાવ..ઘી.. વળી ધૂળ ઠલાવીને બે છાબડામાં કાંકરા ભરે.. ને રાડો પાડે.. સાકર લઈ.. જાવ..સાકર.. આવી રીતે દરરોજ રાડો પાડે ને રખડ્યા કરે, ચીંથરે હાલ થઈ ગયો..

શ્રીજીમહારાજ ગાદી તકીયા પર બેઠા છે. સંતો અને ભક્તો સાથે છે. પ્રભુએ પૂછ્યું. આ કોણ રાડો પાડે છે. ભક્ત જનોએ કહ્યું, કબો વાણિયો ગાંડો થઈ ગયો છે. પુત્ર અને પત્નીનુ મૃત્યૃ થઈ ગયું છે. તેથી મગજ ફરી ગયું છે. ને ત્રાજવામાં ધૂળ ભરીને જોખે છે ને રાડો પાડે છે. શ્રીજીમહારાજે કહ્યું, ભગવાન ભજતા નથી ને વાસના તજતા નથી. જ્ઞાન વૈરાગ્ય સહિત ધર્મનું પાલન કરતા નથી. તે બધા કબા વાણિયા જેવા ગાંડા છે ડાહ્યા હોય તો તો ખબર હોય કે મારા અસલી માલિક કોણ છે ? ક્યાંથી આવ્યો છું.. ક્યાં જવાનું છે. આવી ગતાગમનો જેને ખ્યાલ નથી, તે મનુષ્ય જન્મ હારી જાય છે. ને જમપુરીમાં ધકેલાઈ જાય છે. બાજી હારી ગયો રે મનુષ્ય જન્મ પામી. પ્રભુ સુખનાધામ છે. તેનું શરણું સ્વીકારી લ્યો..

# ઘર સત્સંગ સભા

જેણે ભગવાનનું ભાવથી શરણું લીધું છે, તે સર્વે નિર્ભય થઈ ગયા છે. વડા પ્રધાન કે કલેક્ટર સાથે ગાઢ પ્રીતિ અને ઓળખણ હોય તો તેને લોકો હેરાન કરે નહીં. કેમકે તેને ડર હોય, જો તેને હેરાન કરશું તો પેલો વાયરો કાઢી નાખશે. તેમ આપણે ભગવાન સાથે પ્રીતિ રાખશું, ઓળખાણ રાખશું, તો ચોક્કસ નિર્ભય થઈ જઈશું. કામ ક્રોધાદિક અંતરશત્રુની તાકાત નથી કે તમને હેરાન કરી શકે.

સમજવા જેવી કથા છે. સહી વિનાનો ચેક બેન્કમાં સ્વીકારાતો નથી. તેમ પ્રેમ વિનાના હૈયાને પરમાત્મા કેમ સ્વીકારે! શ્રી સહજાનંદ સ્વામી આનંદકારી મૂર્તિ છે. નોધારાના આધાર છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

**ભગવાનનો રસ જીવમાં પેસે તો જાતનો રસ ગૌણ થાય છે.**

# સભા-૧૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૬) મેરું પર્વત સમાન મન મજબૂત રાખો.

સ્વામિનારાયણ હરે..

શ્રી સ્વામિનારાયણ ભગવાનના વખતની બનેલી ઘટના છે. જામનગર જીલ્લામાં જગામેડી ગામ છે. ત્યાં એક પરમભક્ત છોકરો રહેતો હતો. છોકરો સત્સંગી પણ તેનો બાપ ભારે કુસંગી અને નિર્દય હતો. છોકરો સ્વામિનારાયણ નામ બોલે તે તેના પિતાજીને બિલકુલ ગમે નહિ. તેથી છોકરાને મારકુટ કરે, હેરાન કરે, જમવાનું કાંઇ આપે નહિ. બહુ દુઃખી કરે છે છતાં પણ છોકરો જરાય હિંમત હારતો નથી. મન મજબુત કરીને હરિ સ્મરણ કરે છે.

એક વખત બાપ દીકરો પોતાના ખેતરમાં ગયા. બાપ કહે છે, મારું માની જા અને ભગવાનનું નામ લેવાનું બંધ કર નહિંતર મારી નાખીશ. ચેતી જા અને હરિ સ્મરણ કરતો અટકી જા. છોકરો બોલ્યો, પિતાજી, પ્રભુનું નામ તો મારા શિરને સાટે છે. તે નહિ છોડું. બાપનો ક્રોધ વધી ગયો. મારું માનતો નથી.

ગાડામાં ભર ભરીને છોકરાને ગળે જોતર બાંધીને કહ્યું, હવે સ્વામિનારાયણ નામ બોલીશ ? હા પિતાજી! તમે પણ બોલો ને હું પણ બોલીશ. પ્રભુ આપણા જીવન પ્રાણ છે. શ્વાસોશ્વાસની રીધમ પ્રભુ ચલાવે છે. બાપ બોલ્યો, ‘‘જો સ્વામિનારાયણ નામ બોલીશ તો આ ભર ભરેલું ગાડું ઉલાળીને તને મારી નાખીશ!’’ ત્યારે છોકરાએ કહ્યું, ભલે મારી નાખો પણ હું ભગવાનનું ભજન નહિ મૂકું. તેના પિતાએ ક્રોધ કરીને ભર ભરેલું ગાડું ઉલાળીને છોકરાને મારી નાખ્યો. મરણ સામે દેખાતું હતું છતાં આ છોકરાએ ભજન છોડ્યું નહિ. ધન્ય છે છોકરાની હિંમત અને નિષ્ઠાને.

શૂરવીર લડવૈયો તીર બરછીના તીક્ષ્ણ જોરદાર આયુધોથી ડરી જતો નથી. આયુધો જોઇને તેને શૂરાતન ચડે છે. તેમ શૂરવીર ભક્ત દુઃખથી ડરી જતો નથી. મનનો દાબ્યો દબાય નહિ. મનની સામે લડે છે. મન એવું ખરાબ છે જો વિશ્વાસ કરો તો ગોથું ખાઇ જાવ. મન ભેગા ભળી જાવ તો મન ક્યારેક માર પણ ખવડાવે. મનને એમ છે કે કરોડ જન્મ સુધી ભગવાનના ધામમાં જાય નહિ એવો માયામાં ગુંચવી નાખીશ. પણ જો જીવાત્મા શૂરવીર થાય તો ભગવાન તેને મદદ કરે છે. ઈન્દ્રિયો ઘોડા જેવી ચંચળ છે. શૂરવીર ભક્ત થાવું હોય તો ભગવાનનાં કથા કીર્તન સાંભળી તમારા મનને ભગવાનમાં રાખો. ભગવાનનું રૂપ જોઇને તમારી દૃષ્ટિને ભગવાનમાં રાખો તો મનનો બધો ગર્વ ઉતરી જશે. મન મોક્ષ આપનારું થશે.

શૂરવીરતા રાખવી. દાસના દાસ થઇને રહેવું. ગમે તેવી સમ વિષમ પરિસ્થિતિ ઊભી થાય છતાં ધર્મમાંથી ડગવું નહિ. મુખે મોટી વાર્તા કરે પણ વર્તનમાં કાંઇ ઠેકાણું ન હોય, એ તો ઉધઇ ખાઇ ગયેલા મકાન જેવા છે. ઉપરથી મકાન બરાબર સરસ લાગે પણ પાયા ખવાઇ ગયા હોય. ધર્મ, ભક્તિ, જ્ઞાન કે વૈરાગ્ય રૂપી સદ્‌ગુણ એના જીવનમાં હોય નહિ. કેવળ ભગવાં કપડાં પહેરીને ફરે. વર્તન કે વિવેક બિલકુલ હોય નહિ. ઉધઇ ચડેલા મકાનની દીવાલમાં જરાક ગોદો મારો તો તરત કાણું થઇ જાય. તેમ એવા સંતો કે ભક્તો હોય તેને તરત સંતોનો અવગુણ આવી જાય છે. રહો સાવધાન અને અળગું કરો અભિમાન. ભજન ભક્તિ કરવાનું રાખો એક તાન.

**ભગવાન અને ભગવાનના સંતથી જેટલો**
**નોખો પડ્યો તેટલો તે નરકના ખાડામાં પડ્યો જાણવો.**

ભગવાનને રાજી કરવા હોય તો કેવી ભક્તિ કરવી? નિષ્કામ ભક્તિ કરવી. સુખ દુઃખના અનંત પ્રસંગોમાં ભગવાન સિવાય ક્યાંય પ્રતીતિ ન રાખવી. વિચાર્યા વિના જ્યાં ત્યાં દોડવું નહિ. દ્રઢતા પૂર્વક ભગવાનનો આશ્રય રાખવો જોઈએ. ખરેખરા નિષ્કામ ભક્તજનો મુક્તિની પણ ઈચ્છા રાખતા નથી. કેવળ પ્રભુની પ્રસન્નતાને જ ઈચ્છે છે. સકામ ભક્તજનો ભિખારીની જેમ ભગવાન પાસે માગ્યા જ કરે છે. ભિખારીને વસ્ત્ર આપો તો લોટ માગે. લોટ આપો તો વાસણ માગે. તેમ આ જગતની અંદર માણસો લગભગ ભૂખ્યા છે. જમી લીધા પછી ધરાઈ જતા નથી. અગ્નિ ગરમી વિનાનો હોય નહિ, તેમ સંસાર દુઃખ વિનાનો હોય નહિ.

જેના પ્રારબ્ધમાં સુખ લખ્યું નથી તે બંગલામાં પણ દુઃખી થાય છે. હૈયું બાળે છે. જેના ભાગ્યમાં સુખ લખ્યું છે તે જંગલમાં ઝાડ નીચે બેઠો હોય તો ત્યાં પણ તેને શાંતિ મળે છે. બહુ પવિત્રતાથી, બહુ સરળતાથી જેનું યૌવન પસાર થયું છે તેવા મહાપુરૂષો જગતમાં બહુ થોડા હોય છે. આ જીવાત્મા લૌકિક સુખ અનેક જન્મથી ભોગવતો આવ્યો છે. ફસાયેલો રહ્યો છે. આજ સુધી એને શાંતિ મળી નથી. જેમ જગતના વ્યવહારના દરેક કાર્યમાં શૂરવીરતા જોઈએ તેમ ભક્તિ માર્ગમાં પણ શૂરવીરતાની જરૂર પડે છે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ભગવાનના ભક્તોએ પતિવ્રતાપણું રાખવું. અને બીજું શૂરવીરપણું રાખવું.

સાચા ભક્તજન કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા ને માન વિગેરે આંતરિક દુશ્મન સામે ટક્કર લે છે. દુઃખમાં માણસનું ઘડતર થાય છે. તમારા જીવનમાં સુખ આવે તો પ્રભુનો ઉપકાર માનજો, અને દુઃખનો પ્રસંગ આવે તો પણ ભગવાનનો ઉપકાર માનજો. મારા મન અને સ્વભાવને સુધારવા માટે મને પ્રભુએ સજા કરી છે. મારા પાપના પ્રમાણમાં બહુ ઓછી સજા કરી છે. પ્રભુ બહુ દયાળુ છે. મારાથી ડગલે ને પગલે પાપ થઈ જાય છે. તેના પ્રમાણે જો મને સજા કરે તો કદાચ ખાવાનું પણ મને મળે નહિ. સવળો વિચાર કરવો.

ભગવાન ઉપર દોષ મૂકવો નહિ. ભગવાન મારી સામે જોતા નથી. મારી વિનંતી સાંભળતા નથી. મારું દુઃખ મટાડતા નથી. વિગેરે દોષ પ્રભુ પર મૂકવો નહિ.

# ઘર સત્સંગ સભા

ફરીથી કોઈ પણ માતાના ગર્ભમાં જવું ન પડે, ભવસાગરમાં ભટકવું ન પડે, એવો ઊંડો વિચાર કરવો. શ્રીજી મહારાજ ગ. પ્ર. પ્ર. ૨૧ના વચનામૃતમાં ચેતવણી આપે છે, આ જીવાત્માએ અનેક વાર સ્ત્રીના દેહ ધરી ધરીને સંસારના સુખ ભોગવ્યાં છે. અનેકવાર પુરુષોનાં દેહ ધરીને વિષય સુખ ભોગવ્યાં છે. આ જીવાત્મા તમામ દેશાંતરમાં ફરી આવ્યો છે. જન્મ મરણનાં ચક્કરમાં રખડ્યા જ કરે છે. જ્યાં સુધી ભગવાનની ખરેખરી ભક્તિ નહિ આદરે ત્યાં સુધી ચોરાશી લાખ જન્મના ફેરા ચાલુ રહેશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

**સત્સંગ દર્પણ જેવો ચોખ્ખો છે, ભૂલ તરત જ દેખાઇ આવશે.**

# સભા-૧૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................

૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................

૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૭) બ્રહ્માનો ગર્વ ઉતાર્યો.

સ્વામિનારાયણ હરે..

ધર્મભક્તિને ઘેર ઘનશ્યામ મહારાજે અનેક પ્રકારનાં બાળ ચરિત્રો કર્યાં છે. બાલ ઘનશ્યામનું એક ચરિત્ર સાંભળીએ.

એક વખત છપૈયામાં ઘનશ્યામ મહારાજે સવારના સ્નાન કરીને દૈનિક વિધિ કર્યો, તિલક, ચાંદલો, પૂજા, પાઠ, મંત્ર જાપ કરીને ચોતરા ઉપર વિરાજમાન છે, ત્યાં સૃષ્ટિના સર્જક બ્રહ્માજી આવ્યા, પગે લાગીને બે હાથ જોડીને કહ્યું, હે પ્રભુ, અનેક વર્ષોથી આ સૃષ્ટિ ઉત્પાદનનું કામ કરું છું, હવે મને નિવૃત્તિથી તમારું ભજન કરવું છે... આ કાર્ય બીજાને સોંપી દો.. બ્રહ્માજીને એમ કે કાર્ય અટકી જશે.. ને મને આજીજી કરતા પ્રભુ કહેશે કે, આ કામ તમારેજ કરવાનું છે... બીજાથી આ કામ નહિ થઈ શકે.

બ્રહ્માજીને ગર્વ આવ્યો કે મારા થકીજ સૃષ્ટિનું ઉત્પાદન ચાલે છે, ભગવાને કહ્યું, હજુ તમારું શરીર સશકત છે, વૃધ્ધાવસ્થા દેખાતી નથી,... માટે તમારું કામ ચાલુ રાખો તો બહુ સારું... બ્રહ્માજીએ કહ્યું, ના.. હવે.. એ કાર્ય હું નહિ કરું, બીજાને સોંપી દો. બાલ ઘનશ્યામે કહ્યું, '' તમે થોડીવાર નારાયણ સરોવરના કિનારે બેસો કોઈ યોગ્ય વ્યક્તિને તે કાર્યમાં ગોઠવી દેશું... તમે ચિંતા ન કરો... બ્રહ્માજીને એમ કે ભગવાન હમણાંજ મને મનાવશે.. વાંસો થાબડીને કહેશે... તમારે જ કરવું પડશે.. ત્યાં આશ્ચર્ય થયું.

સામેથી ઊંટની લાઈન ચાલી આવે છે. ઊંટ ઉપર મોટી મોટી લાંબી પેટીઓ છે, બ્રહ્માએ આ દશ્ય જોયું.. ઓ.. હો... હો.. આ ઊંટ મારી સૃષ્ટિનો બનાવેલ નથી. કોઈ વિચિત્ર શ્વેત ઊંટ છે. બ્રહ્માજીએ ઊંટ ચલાવનારને પૂછ્યું .. આ પેટીમાં શું છે ? આ પેટીમાં અનેક બ્રહ્મા ભર્યા છે.. બતાવો તો જોઈએ.. પેટી ખોલી તો કોઈ ચાર મોઢાવાળા તેજસ્વી દિવ્ય પુરુષો છે.. કોઈ આઠ મુખવાળા બ્રહ્મા છે.. કોઈ સોળ મુખવાળા... ચોથી પેટી ખોલી તો ચાલીસ મુખવાળા બ્રહ્મા.. આવું અલૌકિક દશ્ય જોઈ બ્રહ્મા સ્તબ્ધ થઈ ગયા, મને એમ હતું કે આ દુનિયામાં હું એકજ બ્રહ્મા છું, મારા જેવો બીજો કોઈ નથી, પણ આ તો અનેક બ્રહ્માની લાઈન લાગી છે...

પેટીમાંથી નીકળેલા બ્રહ્મા ભગવાનની બે હાથ જોડી પ્રાર્થના કરે છે, હે પ્રભુ, કોઈ બ્રહ્મા થાકયા હોય.... તો એમની જગ્યાએ અમને ગોઠવી દો... આજ્ઞા ફરમાવો અમે સેવા કરવા માટે તૈયાર છીએ.. બ્રહ્માજીના પેટમાં ફાળ પડી.. હૃદયના ધબકારા વધી ગયા... મારી સત્તા ઝૂંટવાઈ જશે... તે બરાબર નહિ... દોડીને ઘનશ્યામ મહારાજના ચરણમાં માથું ઝુકાવ્યું.. રડતાં હૃદયે કહ્યું, '' પ્રભુ મને માફ કરો.. મારી ભૂલ થઈ છે. આવું બીજી વખત નહિ કરું. જે તમે મને કાર્ય સોંપ્યું છે તે હું કરીશ.

પ્રભુનો મહિમા સમજાઈ ગયો
તો બ્રહ્માનો ગર્વ ઉતરી ગયો.

ઘનશ્યામ મહારાજે કહ્યું, '' તમે નિરાંતે ભજન કરો.. અમે અમારું કાર્ય ગોઠવી લઈશું... બ્રહ્માજીએ કહ્યું, '' મહારાજ તમે જેમ કહેશો તેમ કરીશ... તમે

**માણસની સ્વાભાવિક આસુરી વૃત્તિ**
**સત્સંગ વગર સુધરતી નથી.**

મારા ઉપર રાજી રહો.. તમે બહુ સારું કર્યું, '' મારી ભૂલ સમજાવી. ભગવાને કહ્યું, '' મારા બ્રહ્માંડમાં અનેક કાર્યકર્તાઓ છે.. બ્રહ્માંડની ઉત્પત્તિના કાર્યનું સંચાલન તમારા વગર અટકશે નહિ.. તમે ખોટું અભિમાન કરો છો.

**માણસને થોડીક સત્તા કે અધિકાર મળે તો તરત અહંકાર આવી જાય છે,**

હું કેવો મોટો... મારું કાર્ય થાય.. મારો વટ પડે.. અભિમાનમાં ફુલાતો ફરે, જાણે મારા જેવું કોઈ નહિ, આપણી ,પાસે જે છે, તે બધું ભગવાનનું જ આપેલું છે, છતાં અભિમાન કરીએ છીએ, એક ગરીબ છોકરાને લગ્ન કરવાં હતાં, પાડોશી પાસેથી સોનાના દાગીના અને કિંમતી વસ્ત્રો લઈ આવ્યો.. પછી વટથી પરણવા ગયો. મનમાં ફૂલાય કે મારી પાસે કેટલા બધા દાગીના છે.. હું કેવો શ્રીમંત... રહેવા.. દે.. રહેવા.. દે... ખોટો વટ ન બતાવ... તારી પાસે જે વસ્તુ છે, તે તારી નથી.. પાડોશીની છે.. તેમ આપણે બધા નાહકના ફૂલાયા કરીએ છીએ... હું કેવો મોટો ?... પણ એ મોટાઈ તારી નથી.. એ દાગીના તારા નથી.. પાડોશીરૂપ પરમાત્માના છે, એની મરજી થશે ત્યારે લઈ લેશે.

**ખોટું અભિમાન સદ્‌ગુણોનું ભક્ષણ કરી જાય છે.**

મારી ભૂલ થઈ છે. આ ત્રણ શબ્દો ઉચ્ચારવા બહુ મુશ્કેલ છે.. જલદી પોતાની ભૂલ કબૂલ થાય નહિ.. બ્રહ્માએ પોતાની ભૂલ કબૂલ કરી..

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।

# ઘર સત્સંગ સભા

પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૮) ત્રણ પ્રકારના વૈરાગ્ય.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ ત્રણ પ્રકારના વૈગાગ્યની વાત કરે છે. ત્રણ પ્રકારના વૈરાગ્ય તે કહ્યા? ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વૈરાગ્ય. (ગ. પ્ર. પ્ર. ૨ વચનામૃત)

વૈરાગ્ય વિના શરીરનાં સુખ તજાતાં નથી. એક હરિચરણે અનુરાગ હોય

**જેને સંત સમાગમ નથી તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન આવવાનું છે.**

એવા સંતો વૈરાગ્યના શસ્ત્રથી મોહ, માયા અને મમતાને કાપીને વૈરાગ્યરૂપી ભગવાનની ચૂંદડી ધારણ કરી લે છે. સાર સિધ્ધિની કથા અતિ અદ્ભુત છે, આ ગ્રંથમાં ઠાંસી ઠાંસીને વૈરાગ્ય ભર્યો છે. જેનો વૈરાગ્ય અડગ હોય એને માયા રોકી શકે નહિ.

મથુરામાં લક્ષ્મીદાસ નામે મોટા શેઠ રહેતા હતા. તેને ત્યાં બે મુનિમ નોકરી કરે, ખૂબ જ પ્રામાણિક વૃત્તિ, જરાય સ્વાર્થીલો સ્વભાવ નહિ, ઊંચા પ્રકારની નોકરી કરે, પગાર પણ સારો. એ બે મુનિમ ને સમાચાર મળ્યા કે આ જગતની અંદર ભગવાન સાક્ષાત્ માનવરૂપે પધાર્યા છે. ગુજરાતમાં વિચરણ કરે છે, હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો, ભગવાનને મળવાની અંતરમાંથી તાણ થઈ, તેથી લક્ષ્મીદાસ શેઠને કહ્યું, ''અમો ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ, પાછા આવવાના નથી, સંસારમાં રહેવું ગમતું નથી, માટે રાજીપે રજા આપો !''

ત્યારે લક્ષ્મીદાસે કહ્યું બે ત્રણ ઘણો પગાર આપીશ, પણ તમે અહીં રોકાઈ જાવ, તમારા જેવા ધર્મશીલ અને પ્રામાણિક માણસો બીજા જલ્દી મળશે નહિ, ત્યારે બે મુનિમે કહ્યું, ''બે ત્રણ ઘણા પગારની કયાં વાત કરો છો ? તમારી તમામ મિલ્કત અમને આપી દો તો પણ અમે રોકાઈશું નહિ, જરાય ઢીલા ન થયા, જેનો વૈરાગ્ય પરિપકવ હોય એને માયા રોકી શકે નહિ.

બન્ને મુનિમો ફરતા ફરતા ગઢપુર આવ્યા, શ્રીજીના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા, અંતરમાં પ્રકાશ થયો. બે હાથ જોડી પ્રાર્થના કરી હે પ્રભુ અમને સાધુ કરો. શ્રીજી મહારાજે દીક્ષા આપી સાધુ કર્યા, નામ રાખ્યું છે, રામાનુજાનંદ અને બાળમુકુંદાનંદ. હરિચરણે અનુરાગ થાય, તેને સંસારનાં પંચવિષયોનાં સુખ તુચ્છ થઈ જાય છે, વૈરાગ્ય વિના ત્યાગ થઈ શકે નહિ.

વૈરાગ્યવાનને અખંડ એવો વિચાર રહે છે. કોઈ મને વખાણે કે કોઈ મને વગોવે, મારે કાંઈ કોઈથી લેવા દેવા નથી, તુકારામ કેવા પરમ ભકત હતા, અજ્ઞાની માણસોએ બધા ભેગા થઈને ગધેડા ઉપર બેસાડીને આખા ગામમાં ફેરવ્યા, બીજાના ભલા માટે પોતે પોતા ઉપર કલંક લઈ લીધું, ખુબ વગોણું કર્યું, છતાં પણ મનમાં કચવાણાં નહિ, નિરાશ થયા નહિ, પણ આનંદથી હરિ ભજન ચાલુ રાખ્યું.

ભગવાન ભજશે નર નીર્મોહી તે જ લાગશે હરિને વહાલા, કોણ લાગશે

હરિને વહાલા ? જે અખંડ હરિને જોઈ રહેશે તે. મનથી હરિને અખંડ અંતરમાં ધારી રાખવા. મોહનો ક્ષય થાય તો જ મોક્ષ થાય, જયાં સુધી મોહ જીતાણો નથી, ત્યાં સુધી કોઈ પણ કાર્યમાં સફળતા પ્રાપ્ત થતી નથી, મતલબ કે સંસારથી મન ન્યારું રાખવું તે ઉત્તમ વૈરાગ્યવાનની સમજણ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................

૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**જેકથાવાર્તાના ફેરા ચડાવશે તેના સંસારના ફેરા ઉતરી જશે.**

૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૯) ધર્મ હોય ત્યાં ધન ટકે છે.

સ્વામિનારાયણ હરે..

**જે ધર્મનું રક્ષણ કરે છે, તેનું ધર્મ રક્ષણ કરે છે.ધર્મ એવ હતો હન્તિ, ધર્મો રક્ષતિ રક્ષિતઃ**

ધર્મનું તન, મન તથા ખરા ખંતથી સેવન કરવું જોઈએ, જીસને ધર્મ સંપાદન નહિ કિયા ઐસા ધર્મહીન નાસ્તિક આદમી જિંદા હો તો ભી મુડદે જેસા હૈ. દેહ જીવકે આધાર પર હૈ, વૈસી જીંદગી ધર્મ કે આધાર પર હૈ.

ગોપાળાનંદ સ્વામી સંતમંડળ લઈને ગામ વસોમાં પધાર્યા.ત્યાં કારિયાણીના વસ્તાખાચર સ્વામીનાં દર્શન કરવા આવ્યા. પગે લાગીને સભામાં બેઠા. સ્વામી ઉપદેશામૃત કીર્તન ગાય છે.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે. **મીણનો દોરો ઉનાળામાં ઢીલો થઈ જાય. શિયાળામાં અક્કડ થઈ જાય, પણ સોનાનો દોરો છ ઋતુમાં સરખોજ રહે. કડક, ઢીલો થાય નહિ. તેમ ભકતજનને સોનાના દોરા જેવું થાવું. સુખમાં છલકાવું નહિ. દુઃખમાં મુઝાવું નહિ. હિંમત પૂર્વક રહેવું.**

વસ્તાખાચરે સ્વામીને પૂછયું - સ્વામીજી અગણોતરા કાળમાં મારા ઘરમાં એક લાખ રૂપિયા, પાંચસો કળશી અનાજ હતું અને પચાસ ભેંસો દુઝણી હતી.

ઘર ધનસંપતિથી છલકાતું હતું. પાંચસો પરમહંસ અમારે ઘરે રહેતા, કથા વાર્તા કરતા જમતા. છતાં ખબર પડતી નહિ. ભંડાર ભરપુર હતા. અત્યારે ઘરમાં કાંઈ નથી. રોટલા ખાવાનાં સાસાં પડે છે. આવું કેમ થયું હશે? મને કાંઈ ખબર પડતી નથી.

ગોપાળાનંદ સ્વામીએ સરસ જવાબ આપ્યો. - જયાં ધર્મ છે ત્યાં ભકિત રહે છે, ધર્મ અને ભકિત છે ત્યાં ભગવાન છે. ભગવાન હોય ત્યાં લક્ષ્મીજી રહે છે. તમારો પુત્ર પરિવાર ઉધ્ધત થઈ ગયો છે, ધર્મ નથી, સ્વછંદી પ્રજા થઈ છે. પૂજા પાઠ કરતા નથી, એકાદશીનું વ્રત કરતા નથી. ધર્મ મર્યાદા નથી, વિવેકને વિનય નથી. પ્રભુની આજ્ઞાનું પાલન કરતા નથી. તેથી ઘરમાં સુખ શાન્તિ કે બરકત નથી. સ્વામી એ કહયું તમારા ઘરમાં, દાદાખાચરના ઘરમાં તથા ઝીણાભાઈના ઘરમાં સૂરાખાચર અને જોબનપગીના ઘરમાં જે જે ધનસંપત્તિ હતી તે ભગવાને મોકલેલ હતી. પ્રભુએ અષ્ટ સિધ્ધિ નવનિધિને દશ દિગ્પાળને આજ્ઞા કરી હતી તેથી લક્ષ્મીજીનો અખંડ નિવાસ હતો.

ધર્મ છે ત્યાં સદાચારને સત્ય છે. જયાં સત્ય છે ત્યાં સુખ-સંપત્તિ-રિધ્ધિ અને કીર્તિ છે. સદાય સત્યનું જ સેવન કરવું. સત્ય છે એજ મોક્ષનું સાધન છે.માયાની માર ન ખાવો હોય તો સહજાનંદનું શરણું લો.

રોટલી કૂણી, સુંવાળી બનાવવી હોય તો લોટને બરાબર મસળવો પડે તો રોટલી સુંવાળીને સરસ થાય ને આનંદથી જમી શકાય. માટીમાંથી ઘડો બનાવવો હોય તો માટીને બરાબર ખૂંદવી પડે તો ઘડામાં ઠંડું પાણી થાય ને આનંદથી પી શકાય. પહેરવાનું વસ્ત્ર બનાવવું હોય તો કાપડને માપસર વેતરીને સીવવું પડે. પછી વસ્ત્ર આનંદથી પહેરી શકાય.કેળવ્યા વગર કોઈ વસ્તુ કામ લાગતી નથી.

એવી રીતે પરમ એકાંતિક ભકત બનવું હોય, અક્ષરધામમાં જવું હોય તો ઈંદ્રિયોને અંતઃ કરણને જરૂર કેળવવાં પડે છે. આવી કેળવણી પૂર્વ જન્મના બલિષ્ઠ સંસ્કાર હોય તો જ સહજ રીતે થઈ શકે છે.

ગમે તેવી વિપત્તિ આવે છતાં પણ ભગવાનના ભકત ભગવાનની ભકિતમાંથી ડગે નહિ. આ જગતની મોહ માયાની જાળ અટપટી છે. તેમાં કયાંય બંધાવું નહિ.

**હાથીને મારે તેવા શસ્ત્રો વિજ્ઞાન આપે છે, અને કીડીને બચાવે તેવાં શસ્ત્રો (આજ્ઞા) શાસ્ત્રો આપે છે.**

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૨૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૨૦) જન્મ દિવસ કઇ રીતે ઉજવવો ?

સ્વામિનારાયણ હરે..

કવિ કાલીદાસે કહ્યું છે કે, માનવીનો સ્વભાવ જ ઉત્સવ પ્રિય છે. વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવીને આનંદ માણવો તે માનવીની સ્વાભાવિક રીત છે.

એમ કહેવાય છે કે ધરતીની ફળદ્રુપતા ટકાવી રાખવા માટે તેમાં સમયે સમયે ખાતર નાંખવું પડે છે. તેમ એકધારી માનવ જીંદગી જે યંત્રવત્ જીવાતી હોય છે તેમાં નૂતન ઊર્જા ભરવા માટે નાના મોટા ઉત્સવો, તહેવારો, પર્વો ઉજવવા જોઇએ.

આ તહેવારોની ઊજવણી આદિકાળથી ચાલી આવે છે. જે આજકાલ એક પરંપરા જેવી બની ગઇ છે. વેદકાલિન ભારતીય સંસ્કૃતિના આયોજકો, પ્રયોજકો, સંરક્ષકો અને સંવર્ધકો એવા ઋષિમુનિઓએ આપણા હિંદુ ધર્મમાં વાર તહેવારે નાના મોટા ધાર્મિક ઉત્સવોનું આયોજન કરી આપેલું છે. જે ઉલ્લેખનીય છે.

આ ઉત્સવોનું જે વિભાગિકરણ કરીએ તો જણાશે કે તેમાં ધાર્મિક, સામાજિક, કૌટુંબિક, શૈક્ષણિક, ઔધોગિક, રાજકીય, ન્યાયિક વિગેરે ઊત્સવોનો સમાવેશ થાય છે.

આ ઉત્સવોમાં લોકો મન મૂકીને નાચે છે, ગાય છે, દાન કરે છે, ધાર્મિક વિધિ વિધાન કરે છે અરે કોઇ દિવસ નિયમનું પાલન ન કરનાર વ્યસનીઓ પણ વાર-તહેવારે વ્યસનમુક્ત જીવન જીવતા જણાય છે.

આપણા ઉત્સવો તો માનવ સભ્યતાના સામુહિક હર્ષોલ્લાસના પ્રતીક છે. તેમાં માનવ માનવ વચ્ચે કોઇ ભેદ રેખા રહેતી નથી. જેમ કે ગરીબ-તવંગર, ભણેલા-

**નિયમ જ્યારે સ્વભાવ બની જાય છે ત્યારે સત્સંગનું ખરું ફળ મળ્યું કહેવાય.**

અભણ, ગામડીયા કે શહેરી, રાજકીય નેતા કે કાર્યકર, શેઠ-નોકર, શિક્ષક-વિદ્યાર્થી, સ્ત્રી-પુરુષ, વૃધ્ધો, બાળકો, ખેડૂત, કામદાર વિગેરે સૌ સાથે મળીને તેની ઊજવણી કરતાં જોવા મળે છે. સમાજના તમામ વર્ગોના લોકો સાથે મળીને ઉત્સવનો આનંદ લૂંટતા હોય છે.

જો કે એક વસ્તુ જળવાવી જોઇએ કે સૌ સભ્યો એક બીજા સાથે લાગણી અને સ્નેહભર્યા સંબંધોના તાંતણે ઉત્સવ ઉજવે તો જ તેની મજા આવે છે.

ઉત્સવોની ઊજવણીથી સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર થતો રહે છે.સંસ્કૃતિ-માનવ સભ્યતા સમૃધ્ધ- સુદૃઢ બને છે. તે ઉત્સવોનું જમા પાસુ છે

આમ જોવા જઇએ તો માનવી આજે જેટલાં ઉત્સવો છે તેમાં નવા ઉત્સવોનો ઉમેરો કરતો આવ્યો છે. જેમ કે પરિવારમાં કોઇના જન્મદિનની ઉજવણી કરવી તે પણ નાના પ્રકાર-પ્રમાણનો એક ઉત્સવ જ છે અને તે ઉજવવો જ જોઇએ.

જન્મદિવસ-હેપ્પી બર્થડે ઉજવવાનું વલણ હવે જોર શોરથી વધતું જાય છે. તે આપ સૌ જાણો છો. સાધન-સંપન્ન માણસો હોટેલમાં બુકીંગ કરાવીને તેની પોતાની આગવી રીતે ઉજવણી કરતાં હોય છે. લગભગ શનિ-રવિનો સમય અને સાંજનો વખત સૌને અનુકૂળ આવતો હોય છે. સગાં-સંબંધીઓ સૌ ભેગા મળીને નાની-મોટી ગીફ્ટ-ભેટ લાવતાં હોય છે. ખાણી-પીણીનો આનંદ લૂંટતા હોય છે અને નાચગાનનો જલસો કરતાં હોય છે.

પણ આપણે તો ભગવાન સ્વામિનારાયણના આશ્રિતો છીએ...આપણે એવા હોટેલમાં પ્રસંગો ઉજવવાનું અનુકૂળ ન આવે. ત્યાં આપણે ધર્મ-નિયમ સચવાય નહિ.

માટે આપણે જન્મદિવસ કેવી રીતે ઉજવવો ? તો આપણા સાંપ્રદાયિક નિતિ-નિયમોને ધ્યાનમાં રાખીને ઉજવાય. જે અંગે નીચે મુજબ વિચારી શકાય.

જેનો જન્મદિવસ ઉજવવો હોય તે ભક્ત વહેલી સવારે પ્રાતઃકાળની તમામ ક્રિયાઓ પૂર્ણ કરીને વહેલાં વહેલાં દેવ મંદિરે પહોંચી જાય. ભગવાનને પ્રાર્થના, દંડવત્, પ્રદક્ષિણા વિગેરે નિયમો કરે. ભગવાનને યથાશક્તિ થાળ કરે. સંતવૃંદ જ્યાં નિવાસ કરતાં હોય તે મંદિરમાં પાકી રસોઇ આપવી જોઇએ. જેમાં સગાં-

સંબંધીઓને નિમંત્રિત કરી શકાય. આપણાં ઘેર તે દિવસે અથવા તો મંદિરમાં આપણાં તરફથી ભાઈઓ-બહેનોના મંદિરમાં ભજન-કીર્તનના ઓચ્છવનો કાર્યક્રમ રાખી શકાય. નાના-મોટા ધાર્મિક ગ્રંથો, કીર્તન-પ્રવચનની કેસેટો ભેટ તરીકે આપી શકાય. આપણાં નિવાસસ્થાને સંતોની પધરામણીનો કાર્યક્રમ ગોઠવી શકાય. મંદિરને જરૂરી નાની-મોટી જરૂરિયાતની ચીજ-વસ્તુઓનું દાન આપી શકાય. સંબંધીઓને તીર્થયાત્રાએ લઈ જઈ શકાય.

સાધન-સંપન્ન શ્રીમંત પરિવાર નાની-મોટી કથાપારાયણ સમૈયા પણ આ પ્રસંગે યોજતાં હોય છે. કેટલાંક કરૂણાસભર વ્યક્તિઓ બાલમંદિર-શાળાઓ-હોસ્પિટલોમાં જમાડતા હોય છે. તો વળી કેટલાંક વિધવા-ત્યકતા બહેનોને સહાય આપતા હોય છે. ઘણા આશ્રમોમાં જઈને તીથિ ભોજન આપતાં હોય છે. ટૂંકમાં સમરસ સમાજ બનાવવાનું આ એક નિમિત્ત છે. જે કાંઈ નૂતન સેવાકાર્યો કરવાની તક મળે તે ઝડપી લેવી જોઈએ. વળી આ દિવસે સૌ કોઈની ક્ષમા યાચના પણ માંગી શકાય. જન્મદિવસની વિશિષ્ટ રીતે ઊજવણી કરવાની દિવ્ય, બળ, બુધ્ધિ અને શક્તિ ભગવાન શ્રીસ્વામિનારાયણ આપણને પ્રદાન કરે તેવી પ્રાર્થના કરી જોઈએ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩

**નિયમની બાબતમાં જેટલી છુટછાટ લેશો
એટલું પતન વહેલું આવશે.**

અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૨૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી..............

# ઘર સત્સંગ સભા

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૨૧) પ્રભુ નામ જપતા ગયા તો સૈનિકમાંથી સંત બન્યા.

સ્વામિનારાયણ હરે..

કાશીના રાજાને ત્યાં એક વ્યક્તિ સૈનિક તરીકે નોકરી કરતો હતો, સમય જતાં તે રાજાનો અંગરક્ષક બન્યો, એટલે રાજમહેલમાં છૂટછાટથી ફરી શકે, યુવાન રાજકુંવરીનું રૂપ જોઈને મોહાંધ બની ગયો. રાજકુંવરી ચિત્તમાં ચોટી ગઈ, જમવાનું ભાવતું નથી ને ઊંઘ આવતી નથી, હવે શું કરવું... સૈનિકની પત્નીનું નામ કરૂણાબેન હતું.. તેણીએ પૂછ્યું, પતિદેવ તમે સદાય ઉદાસ દેખાવ છો ? બરાબર જમતા નથી. તમને શેની ચિંતા છે ? દેવી! વાત કહેવા જેવી નથી.. કહીશ તો તને દુઃખ લાગશે.. કરૂણાબેને કહ્યું, જે વાત હોય તે મને કહો.. હું બનતી કોશિશે તમારું દુઃખ દૂર કરીશ.

અતિ આગ્રહ કર્યો ત્યારે સૈનિકે કહ્યું, '' મારી ઈચ્છા શકય બનશે કે કેમ તે મને ખબર પડતી નથી. મને રાજકુંવરી સાથે પરણવાની ઈચ્છા થાય છે... કરૂણાબેને કહ્યું, પતિ દેવ તમે ચિંતા ન કરો.. હું તે બાબત બરાબર ગોઠવી દઈશ. કરૂણાબેન રાજ મહેલમાં ગયાં.. રાજમાતાનો જન્મદિવસ છે. રાજમાતા અતિ આનંદમાં સાહેલીયો સાથે બેઠાં છે.. કરૂણાબેન પગે લાગીને બેઠાં... રાજમાતાએ કહ્યું, '' આજ મારો જન્મદિવસ છે. આપ જે માગો તે હું આપીશ... બોલો શું જોઈએ... કરૂણાબેને કહ્યું, જો રાજી થયાં હો તો તમારી રાજકુંવરીનાં લગ્ન મારા પતિ સાથે કરો.

આવું સાંભળી રાજમાતા સ્તબ્ધ થઈ ગયાં... શું જવાબ આપવો... પછી વિચારીને સૈનિકને કહ્યું, તમારે છ મહિના સુધી જગતપાવની ગંગાજીના કાંઠે એકાંતમાં બેસીને આંખ બંધ કરીને ભગવાનને હૃદયમાં ધારીને પ્રભુના નામના જપ કરવાના છે. અમે તમને જમવાનું આપીએ તે જમવાનું.. બાકી કોઈની સાથે વાત કરવાની નહિ.. સતત પ્રભુ સ્મરણ કરશો ત્યાર પછી મારી કુંવરી સાથે તમારું

**નીતિ માણસને ખોટું કરતા રોકે છે,**
**જ્યારે ધર્મ માણસને સાચું કરવા પ્રેરે છે.**

સગપણ કરીશ.

સૈનિક જપ કરવા બેસી ગયો, ગામના માણસોને ખબર પડી કે એક યોગી મહાત્માજી ગંગાજીના કિનારે તપશ્ચર્યા કરે છે, તેથી મંદિરની જેમ માણસની અવરજવર થવા લાગી. સૈનિક રાજી થાય કે છ મહિના પછી મને રાજકુંવરી સાથે પરણવા મળશે, રાજાનો હું જમાઈરાજ થઈશ, એટલે મને નોકરી કરવી નહિ પડે, રહેવા માટે મને રાજા મોટો બંગલો આપશે.

ભગવાનને જમાડીને પ્રસાદરૂપ ભોજન સૈનિકને માટે દરરોજ મોકલાવે છે. પવિત્ર પ્રસાદ જમવાથી અંતર પવિત્ર થયું.. તેથી આનંદથી પ્રભુ સ્મરણ કરે છે, ધીરે ધીરે મનના વિચારો શાંત થયા, રાજકુંવરીનો મોહ ઘટવા લાગ્યો, હરિભજનમાં એવી લગની લાગી કે જમવાનું પણ ભૂલી જાય છે. રાત્રે સૂતાં સૂતાં પણ પ્રભુ સ્મરણ ચાલુ છે.

છ મહિના પૂરા થયા, રાજમાતા કુંવરીને લઈને આવ્યાં... સૈનિક હરિભજનમાં મસ્ત બની ગયા છે, આંખો ઊંચી કરી કોઈને જોતા નથી. યોગીરાજ... આંખ ખોલો... હું મારી કુંવરી લાવી છું.. તેની સાથે લગ્ન કરો.

યોગીરાજે કહ્યું, તમારી કુંવરીને હું શું કરું ! મને પરમાત્માના આનંદનો ખજાનો મળી ગયો છે. હવે મારે કાંઈ જોઈતું નથી, મારાં પ્રભુ સાથે લગ્ન થઈ ગયાં છે.

એમ કહી જંગલમાં ચાલતા થઈ ગયા, પ્રભુ ભક્તિ કરી જીવન સફળ કર્યું, આ છે પ્રભુના નામ જપનો પ્રતાપ, પ્રભુના નામનું અખંડ સ્મરણ કરવાથી સાધારણ જીવાત્મા પણ ઉચ્ચ સ્થિતિને પામી જાય છે.

આપણને સ્વામિનારાયણ નામ જેવો મહામંત્ર મળ્યો છે એ જેવો બીજો કોઈ મંત્ર નથી, **સ્વયં શ્રીમુખે જો કોઈ નામનું પ્રકાશન કર્યું હોય તો તે મંત્ર છે. સ્વામિનારાયણ....શ્રુતિ સ્મૃતિનો સાર સ્વામિનારાયણ મહામંત્રમાં સમાઈ જાય છે.**

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૨૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**ધન આપણે સાચવવું પડે, જ્યારે ધર્મ આપણને સાચવે છે.**

## (૨૨) લીલા સંભારી રાખવી.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજે આજ્ઞા કરી કે, જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવાં. અંતકાળે જો સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય. (ગ. પ્ર. પ્ર. ૩ વચનામૃત)

વારંવાર શ્રીજી મહારાજ સમૈયા ઉત્સવ કરાવી ભક્તજનોને ઉત્સાહિત બનાવતા. જેણે ઉત્સવ સમૈયાનાં દર્શન કર્યાં, તેણે લહાવો ભલો લીધો અને જન્મ સફળ કરી લીધો. શારીરિક રોગ માટે હોસ્પિટલની જરૂર છે. ભવરોગ મટાડવા માટે મંદિરોની જરૂર છે. મંદિરે દરરોજ દર્શન કરવા જાય તો ભલે તત્કાલીન સુધરી જતો નથી પણ ધીરે ધીરે તેનામાં બીજબળ ઉત્પન્ન થાય છે. લાંબે ગાળે માનવ પવિત્ર જીવન જીવતો થાય છે. જુનાગઢમાં એક પરમ એકાંતિક ભક્ત હતા. નામ હતું રામજીભાઈ. યોગાનંદ સ્વામીનો સમાગમ કરવાથી સત્સંગનો પાકો રંગ લાગી ગયો. ખેતીવાડીનું કામ કરે. વ્યવહારે સ્થિતિ ગરીબ હતી. પણ ભજન ભક્તિરૂપી અલૌકિક ધન હતું. દરરોજ મંદિરે જાય દર્શન કરે પ્રદક્ષિણા કરે. અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહીને દશ માળા ફેરવે.

ભગવાનના ભક્તોની વહેલા ઊઠવાની ટેવ હોય છે. નિત્ય નિયમ કરી પૂજા પાઠ કરી પછી ભગવદ્ સ્મરણ કરતાં કરતાં જમે, મંદિરે દર્શન કરવાનો નિયમ હતો. એમ કરતાં ચોમાસુ આવ્યું. વાડીએ વાવણી કરવા જાય. ખેડ કરવા જાય રાત્રે મોડું થઈ જાય. હવે શું કરવું ભગવાન પોઢી જાય અને મંદિરના દરવાજા બંધ થઈ જાય, સવારે દર્શન કરવા આવ્યા. રામજીભાઈએ ગુરુ યોગાનંદજીને વાત કરી. સ્વામીજી રાત્રે મોડું થઈ જાય છે. મારો નિયમ છે દર્શન કરી પછી પાણી પીવું હવે તમે કહો તેમ કરું. કચ્છદેશમાં શ્રી નરનારાયણદેવની ધજા અખંડ ફરકી રહી છે.

સ્વામીએ કહ્યું ચિંતા ન કરો ! પ્રેમભાવથી મંદિરનાં શિખર અને ધજાનાં દર્શન કરી લેજો, તમારાં દર્શન ભગવાન સ્વીકારી લેશે. તમે સંસારી છો. ધંધો કરવો પડે. ધજા અને શિખરનો મહિમા અપાર છે. ખૂબ મહત્વ છે. પછી ક્યારેક મોડું થઈ જાય, તો શ્રી રામ ભગવાનના શિખર અને ધજાનાં દર્શન કરી, મંદિરના

દરવાજે બેસીને દશ માળા ફેરવીને પછી ઘેર જાય. નિયમ સદાય ટકાવી રાખ્યો. સમય જતાં વ્યાવહારિક સ્થિતિ સારી થઈ અને બહુ સુખી થયા. પછી ભક્તિ વધારી દીધી. પહેલાં દશ માળા ફેરવતા હવે દરરોજ પચાસ માળા ફેરવે ને પ્રભુનું ધ્યાન કરે. માટે આવા ઉત્સવ સમૈયા સંભારી રાખીએ તો જરૂર અન્તે બ્રહ્મધામની પ્રાપ્તિ થાય.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૨૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**નાના થવામાં જેમજા છે તે મોટા થવામાં મજા નથી.**

૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૨૩) વાલીયા ભીલમાંથી વાલ્મીક ઋષિ બન્યા.

સ્વામિનારાયણ હરે..

ટાયરમાં હવા ન હોય તો કાર (ગાડી) ચાલે નહિ... તેમ જીવનમાં સત્સંગ ન હોય તો ભક્તિ જામે નહિ. પ્રભુમાં પ્રેમ થાશે તો સદ્‌ગુણો વધતા જાશે... અને અલૌકિક બળ આવશે, લોઢાને ગરમ કરવાથી નરમ થઈ જાય છે. અને નરમ થઈ ગયા પછી જ આકાર થઈ શકે છે. તેમ આપણું કઠોર હદય પ્રભુ પ્રેમથી નરમ થતું જાય છે. ધીરે ધીરે જીંદગી સુધરતી જાય છે અને આત્માનો આનંદ વધતો જાય છે.

વાલીયા ભીલમાંથી વાલ્મીક ઋષિ થયા

વાલીયો ભીલ મહા પાપી ને નિર્દય હતો. અનેક માણસોને લૂંટીને મારી નાખતો... ધોળે દહાડે જાન લૂંટે... કોઈથી ડરતો નહિ... જેટલી સાડીમાં ભાત તેટલાં વાલીયા લુંટારાનાં પાપ... માંસ ભક્ષણ કરે ને જંગલમાં રખડે... એક વખત ઘાટા જંગલમાં રખડે છે... નારદજી નારાયણ નારાયણ કરતા ચાલ્યા જાય છે.ત્યાં અચાનક વાલીયો લૂંટારો આવ્યો... નારદજીને પકડયા... તારા ખિસ્સામાં જે હોય તે આપી દે... નહિંતર મારી નાખીશ... ગળામાં શું પહેર્યું છે ? કાઢ જોઈએ નારદજી બોલ્યા, ‘‘ગળામાં તો તુલસીની કંઠી છે... અને ઝોળીમાં સાકર સીંગનો પ્રસાદ છે... લ્યો આ પ્રસાદ જમો!... લુંટારાએ પ્રસાદ ખાધો અને વૃત્તિ જરાક બદલાઈ

ગઈ. રોફ કરતો હતો તે નરમ થઈ ગયો...

લુટારો બોલ્યો !... તારી પાસે રૂપિયા કેટલા છે ? નારદજીએ કહ્યું, મારી "પાસે પૈસા નથી પણ પરમેશ્વર છે... ભજન કીર્તન ગાવાં એ મારું સાચું નાણું છે... તમને સાચું નાણું જોઈએ તો આપું... નારદજીએ ભજન શરૂ કર્યું... વીણા નાદ શરૂ કર્યો... વાતાવરણ સૂરથી ગાજી ઉઠ્યું...

'નારદજી કહે છે, "ધ્યાન રાખજો પાપનું ફળ દુઃખ છે... પુણ્યનું ફળ સુખ છે... ધર્મરાજા ખાતું તપાસશે કે કેટલું પાપ છે ને કેટલું પુણ્ય છે... પછી તે પ્રમાણે સજા કરશે જમના દૂતો જોરાવર છે. તેની ખાશો લાતુંજી... ઉકળતી કડાઈમાં જેમ ભજિયાં તળાય તેમ ભઠ્ઠીમાં નાખશે... કર્યા કર્મ ભોગવવાં પડશે. હિંસા કરવી તે મહા પાપ છે... જમના દૂતો બરાબર જેવાં દંડા મારી ધુમાડા કાઢી નાખશે... માટે ચેતી જાવ અને પાપથી અટકી જાવ... કોઈને મદદ ન કરી શકીએ તો કાંઈ નહિ... પણ દુઃખી તો ન કરીએ... જીવન ન આપી શકીએ તો કાંઈ નહિ પણ કોઈના જીવનને સમાપ્ત ન કરીએ... પાપમાં કોઈ ભાગીદાર નહિ થાય...

**હસી હસી કર્યાં જેહ પાપ રે... રોઈ રોઈ ભોગવજો આપ રે...**

અત્યારે હસી હસીને પાપ કરે છે... સમય આવશે ત્યારે આકરી સજા ભોગવવી પડશે ત્યારે બહુ કઠણ પડશે... માટે ચેતી જા ને પાપ છોડી દે. વાલીયો લુંટારો બોલ્યો, હું પાપ કરું છું તો અમારા ઘરનાં કુટુંબી ભાગીદાર થશે... મને એકલાને ભોગવવું નહિ પડે... નારદજીએ કહ્યું, તું ઘરે જા... સગાં સંબંધીને પૂછી આવ... પાપમાં ભાગીદાર થાશો!... લૂંટારો બોલ્યો," હું ઘરે પૂછવા જાઉંને તમે ભાગી જાવ તો! માટે ચાલો તમને ઝાડ સાથે દોરડાથી બાંધી દઉં... નારદજીને ઝાડ સાથે બાંધી દીધા... લૂંટારો આવ્યો ઘેર... પત્નીને પૂછ્યું, " હું લુંટફાટ કરીને માલ મિલકત લઈ આવું છું... તે પાપમાં તમે ભાગીદાર થાશો ને!... ત્યારે તેનાં પત્ની બોલ્યા, અમે શા માટે ભાગીદાર થઈએ ? તમારી ફરજ છે... કંટુંબ પરિવારનું પોષણ કરવું... ન્યાય નીતિથી કમાતા હો તો... શા માટે પાપ કરો છો ? તમારાં કર્યાં તમે ભોગવો...

વાલીયો પાછો જંગલમાં આવ્યો... નારદજીને કહ્યું, "કોઈ પાપમાં

**વૃધ્ધાવસ્થામાં તો જેટલી સમજણ દઢ**
**કરી હોય તેટલું સુખી રહેવાય.**

ભાગીદાર થતાં નથી... હવે હું શું કરું ! નારદજી બોલ્યા... મને ઝાડમાં બાંધ્યો છે... છૂટો તો કર ! વાલીયા લૂંટારે નારદજીને છૂટા કર્યા... સત્યનો માર્ગ પકડી લે ને જીવન સાર્થક કરી લે.. સગાં સંબંધી સૌ સ્વાર્થનાં સગાં છે... સાચા અંતરમાંથી નીકળેલા બોલ પાપીને અસર કરી ગયા... પગે લાગીને કહ્યું, '' બાપજી મને સત્ય માર્ગ બતાવો... સંત દર્શનથી બધાં પાપ બળી ગયાં... સંતો લોઢા જેવા પાપી જીવને કંચન જેવા કરે છે... ભરાડીમાંથી ભક્ત બનાવે છે... દુરાચારીમાંથી સદાચારી બનાવે છે... જીવનમાં માનસિક શાંતિ મહત્વની છે.

વાલીયો ભીલ કહે છે,''હવે હું શું..કરું ભગવાનના નામનો જપ કર... જપ કરવાથી પાપનો નાશ થાય છે અને અંતરમાં જ્ઞાનનો પ્રકાશ પથરાય છે.

**ૐ નમો ભગવતે વાસુદેવાય... ૐ નમો ભગવતે વાસુદેવાય...**

આ મંત્રનો જપ કરજે... વાલીયો બોલ્યો આવડું મોટું નામ મને આવડે નહિ. આવડે...તો...રામ. રામ... નામનો જપ કરજે... સાવ સહેલું છે. વાલીયાએ કહ્યું, ''એવું નામ મને બોલતા નહિ ફાવે... અરે ભલા માણસ બે શબ્દ બોલતા નહિ આવડે.. નારદજીને કહ્યું, મરા..મરા..તો આવડશે ને.'' હા...હા...એ નામ બોલતાં ફાવશે... આખી જીંદગી મેં માણસો માર્યા છે તેથી મરા...મરા બોલીશ... 'ભગવાન તારું કલ્યાણ કરે અને સદાય સદ્‌બુધ્ધિ આપે'... આટલા આશીર્વાદ આપી નારદજી ત્યાંથી ચાલ્યા ગયા અને મોક્ષનો માર્ગ બતાવી ગયા...

વાલીયો... એક જગ્યાએ બેસીને વનમાં.. મરા..મરા..મરા.. નામનો જપ કરે છે... મરા...મરા બોલે તો રામ...રામ થઈ જાય... અંતરમાં શાંતિ થવા લાગી પ્રભુ સ્મરણથી હદયની મલિનતા દૂર થઈ ગઈ... વર્ષો સુધી એક જગ્યાએ બેસીને જપ કર્યા... રાફડા વળી ગયા સમય જતાં વાલીયા લૂંટારામાંથી વાલ્મીક ઋષિ થઈ ગયા... નારદજી જો વાલીયા લૂંટારાને મળ્યા ન હોત તો વાલ્મીક ઋષિ ન બની શકયા હોત... તેથી તુલસીદાસજીએ વાલ્મીક ઋષિને યાદ કર્યા છે...

**ઉલટા નામ જપત જગ જાના, વાલ્મીક ભયે બ્રહ્મ સમાના**

જપ કરવાથી દેહદશા ભૂલાઈ ગઈ અને બ્રહ્મ ભાવના પ્રગટ થઈ... જગત વિસરાઈ ગયું... મન ભગવાનમાં જપ કરવાથી ચોંટી ગયું... સ્થિરતા આવી ગઈ...

# ઘર સત્સંગ સભા

દેહ સ્થિર થાય તો મન સ્થિર થાય છે... એક જગ્યાએ બેસીને જપ કરવા તે અતિ કઠણ કામ છે. મોક્ષ માર્ગ દોયલો છે, મળી જાય તો પળમાં મળી જાય અને ન મળે તો ભવોના ભવો નીકળી જાય.

પરબ્રહ્મ પરમાત્મામાં સ્નેહ થાય તો જીવન પવિત્ર થાય છે. જાતે ભીલ હોય કે અભણ હોય. સ્ત્રી હોય કે પુરુષ, જે વ્યક્તિ જેટલો પરમાત્મા સાથે એક થાય છે, સન્મુખ થાય છે તેટલો તે દેહાધ્યાસથી દૂર થતા જાય છે અને પરમાત્માની નજીક આવે છે.

સાચા સંત આઠો જામ હૈયાના હેતથી હરિ સ્મરણ કરે છે. જ્ઞાન વૈરાગ્ય સાથે ભક્તિ વધારવા માટે શાસ્ત્રો છે. જ્ઞાન અને વૈરાગ્ય આપણા હૃદયમાં છે... પણ અજ્ઞાનને કારણે મોહ-મમતાને કારણે ઊંઘી જાય છે. ઊંઘતાં જ્ઞાન અને વૈરાગ્યને જાગૃત કરવા માટે આ કથા છે... મહિમા સહિત અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરશો તો જીવનમાં ક્રાંતિ થશે... એવા સંતનો સંગ ઉમંગશું કરિયે તો અભંગ રંગ રૂડો રહે... ભગવાનનું સ્મરણ મનને ઠારે છે, ભગવાનની વાણી હૈયાને ઠારે છે. ભગવાનની મૂર્તિ આંખને ઠારે છે. ભગવાન સાથે અખંડ સંબંધ રાખવો...

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।

**કુસંપ દુર કરવા હંમેશા નમી દેવું.**

પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૨૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૨૪) સાત્વિક તપની વ્યાખ્યા.**

સ્વામિનારાયણ હરે..

શરીરનું તપ, વાણીનું તપ અને મનનું તપ તેની વ્યાખ્યા જુદી જુદી છે. શરીરનું તપ એટલે શું ? મા બાપની સેવા કરવી તે શરીરનું તપ કહેવાય. ગુરુ, ગરીબ, વડીલ, ગાયો આદિ જીવપ્રાણી માત્રની સેવા કરવી તે શરીરનું તપ છે.

માંદા હોય કોઈ સંત તો પગ દબાવવા, સ્નાન કરાવવું, ભોજન જમાડવું, ચાલી ન શક્તા હોય તો હાથનો ટેકો દેવો વગેરે સેવાને શરીરનું તપ કહેવાય છે.

પ્રભુની પૂજા કરવી, વિદ્વાનનું પૂજન કરવું, પવિત્રતા રાખવી, સરળતા રાખીને વડીલોનું સન્માન કરવું, બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું, તેને પણ શરીરનું તપ કહેવાય. આસન જીતવું, આંખને જીતવી, હાથને જીતવા, દેહની ચંચળતાને તજી દેવી, તેને શરીરનું તપ કહેવાય છે.

હવે મનનું તપ સાંભળો, મનથી પ્રભુનું સ્મરણ કરવું, પ્રયોજન પૂરતું જોઈતું બોલવું, ખોટો બકવાસ કે દ્રોહ કરવો નહિ, મૌન રાખવું, સંયમ રાખવો, સંતોષ રાખવો, તેને મનનું તપ કહેવાય. શુદ્ધભાવથી, પ્રેમથી, શાંતિથી માનસી પૂજા કરવી, મનથી પ્રભુની લીલાનું સ્મરણ કરવું તેને માનસિક તપ કહેવાય.

હવે વાણીનું તપ સાંભળો. પ્રિય અને મધુરવાણી બોલવી, વિચારીને હિતકારી વાણી બોલવી તેને વાણીનું તપ કહેવાય. કીર્તન ગાવાં, ધૂન્ય કરવી, પ્રભુનો જયજયકાર કરવો તેને પણ વાણીનું તપ કહેવાય છે. શાસ્ત્રોનો અભ્યાસ કરવો, શાસ્ત્રોનું વર્ણન કરવું તેને પણ વાણીનું તપ કહેવાય છે.

શારીરિક તપ, માનસિક તપ અને વાચિક તપને સાત્ત્વિક તપ કહેવાય. સૂક્ષ્મ તપને સાત્ત્વિક તપ કહેવાય છે. ભગવાનને તપ બહુ વહાલું છે.

લક્ષ્મીજીએ તપ કર્યું, ભગવાન પ્રસન્ન થયા, અને કહ્યું માગો લક્ષ્મીજી આપની શી ઈચ્છા છે ? ત્યારે લક્ષ્મીજીએ કહ્યું, તમે મારા પતિ થાઓ. ભગવાને કહ્યું, તથાસ્તુ, પછી ભગવાને લક્ષ્મીજીને વક્ષઃસ્થળમાં વાસ આપ્યો. તપ ભગવાનને બહુ વહાલું છે. ચોમાસામાં શ્રીજીમહારાજે સ્વયં ધારણા પારણાનાં વ્રત કરેલાં છે. એકાદશી, પૂનમ, અમાવાસ્યા અને રામનવમી જન્માષ્ટમી વગેરે પવિત્ર તિથિના ઉપવાસ કરવા અથવા ફળાહાર કરવું તે પણ તપ છે. બે કોળિયા દરરોજ ઓછા જમવા, મિતાહારી થવું, તે પણ તપ છે. પોતે તપ કરે છે ને ભક્તજનોને તપ કરાવાની આજ્ઞા આપે છે, કે તપ કરવાથી ઇંદ્રિયો કેન્દ્રિતા થાય છે. સંયમ ભગવાનને બહુ વહાલો છે.

**જીવને ભગવાનની બનાવેલી વસ્તુમાં આકર્ષણ છે, પણ ભગવાનમાં આકર્ષણ નથી.**

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૨૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૨૫) દયાળુ પ્રભુની દયાળુતા.

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી બંસીપુરથી ચાલ્યા જાય છે. વનમાં ચાલતાં ચાલતાં પાંચ દિવસ વિતી ગયા ત્યારે ગામ ચંદનપુર આવ્યું. ત્યાં સરોવરમાં સ્નાન કર્યું. નિત્ય નિયમ કરી સરોવરના કાંઠે શાંતિથી બેઠા છે. ત્યાં એક બ્રાહ્મણ બાઈ જળ ભરવા આવ્યા. પ્રભુનું અલૌકિક સ્વરૂપ જોઈ વૃત્તિ સ્થિર થઈ ગઈ. જિંદગીમાં આવા યોગી ક્યારે પણ જોયા નથી. બીજા બાઈઓ પણ પાણી ભરવા આવ્યાં. અરસ પરસ કહે છે, ‘‘બાળયોગીના વાળ કેટલા સુંદર ને ચળકતાં છે.’’ બીજી બોલી, ‘‘યોગીની આંગળીયું કેવી મનોહર છે!’’ ત્રીજી બોલી, ‘‘ચરણ કેવા કમળ જેવા ગુલાબી છે! પંપાળવાનું મન થાય છે.’’

ચોથી સ્ત્રી બોલી, ‘‘બાળા યોગીના અધરોષ્ઠ કેવા સુંદર છે!’’ આવું બધું સ્ત્રીઓ બોલતાં નથી. એની ભક્તિ બોલે છે. આમંત્રણ આપે છે, ‘‘પ્રભુ! અમારા ઘરે પધારો ને ભોજન સ્વીકારો.’’ પ્રભુ બ્રાહ્મણ બાઈને ઘેર પધાર્યા. બાઈએ રસોઈ બનાવી પછી બાઈના પુત્ર સાથે પ્રભુ જમવા બેઠા. બાઈનું મુખ ઉદાસ જોઈને પ્રભુએ પુછ્યું, ‘‘કેમ ઉદાસ દેખાવ છો?’’ ‘‘પ્રભુ! મારા પતિ ઘણા સમયથી પરદેશ કમાવા ગયા છે પણ તેના કોઈ સમાચાર નથી તેથી મને ચિંતા થાય છે કે મારા પતિ ક્યાં હશે? શું કરતાં હશે? ક્યારે આવશે?’’

પ્રભુએ કહ્યું, ‘‘ચિંતા ન કરો. જ્યાં સાક્ષાત્ પરમેશ્વર પધારે છે ત્યાં કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી. હમણાં જ તમારા પતિ આવશે.’’ ત્યાં તેમના પતિ આવ્યા. બાઈ રાજી રાજી થઈ ગયાં. ઘણાં દિવસોથી વાટ જોતી હતી તે આવી ગયા. પછી

**કોઈ તમારી નિંદા કરે ત્યારે પણ તમે શાંત રહી શકો તો માનજો તમે મહાન છો.**

જમવા બેઠા. ત્યાં સરકારી માણસ આવ્યો અને કહ્યું, ''આજે તમારા ઘરનો વારો છે રાક્ષસ પાસે જવાનો.'' આવું સાંભળી બાઈ મંડ્યા રડવા. પ્રભુએ પુછ્યું, ''કેમ, વળી શું થયું? શા માટે રડો છો?''

બાઈએ કહ્યું, ''આ ગામની નજીક એક ભયંકર રાક્ષસ રહે છે. તે અનેક માણસોને મારીને ખાઈ જાતો. તેથી રાજાએ ઘરોઘરના વારા કર્યા છે. વારો આવે ત્યારે એક ઘરમાંથી એક માણસને રાક્ષસ પાસે મુકવો. તેને રાક્ષસ મારીને ખાઈ જાય. આજે અમારા ઘરમાંથી એક માણસને જવાનો વારો છે.'' દયાળુ પ્રભુએ કહ્યું, ''તમે ચિંતા ન કરો. તમારા બદલે હું જઈશ.''

ભૂદેવ બોલ્યા, ''તમે અમારા મહેમાન છો. તમને રાક્ષસ પાસે મરવા મોકલીએ તો અમને મહા પાપ લાગે. તમને મોકલાય નહિ.'' પ્રભુએ કહ્યું, ''આ જગતની અંદર અમને કોઈ મારનાર છે જ નહિ. અમે જગતથી ન્યારા છીએ ને કાળના પણ કાળ છીએ. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ કરનારા પણ અમે છીએ માટે અમારી બિલકુલ ચિંતા કરશો નહિ. મશાલ સળગાવી આપો અને રાક્ષસનું સ્થાનક બતાવો.''

ભૂદેવ મશાલ લઈ પ્રભુ સાથે ચાલતા થયા. રાજ્યના દૂતે બાઉન્ડ્રીનો દરવાજો ખોલ્યો. ''આની અંદર જાવ. રાક્ષસ વાટ જુએ છે.'' પ્રભુ અંદર ગયા. માણસની ગંધ આવી. તેથી રાક્ષસ દોડતો આવ્યો. જ્યાં પ્રભુને પકડવા જાય ત્યાં પ્રભુએ જોરથી રાક્ષસના કપાળમાં થપાટ મારી. રાક્ષસ રાડ પાડી, ઠેકડો મારી દૂર ખસી ગયો. ફરીથી પ્રભુને મારવા આવ્યો. પ્રભુએ રાક્ષસના બે હાથ જકડી લીધાં. પકડીને આકાશમાં અધ્ધર કરી ચક્કર ચક્કર ફેરવ્યો. પછી પૃથ્વી ઉપર જોરથી પછાડ્યો. હા-હા-કાર કરતો રાક્ષસ મૃત્યુ પામ્યો.

જ્યારે રાક્ષસ મૃત્યુ પામ્યો ત્યારે આકાશમાં દુંદુભિ વાગવા લાગી અને જયજયકાર કરી દેવતાઓએ પ્રભુ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી.

**બોલો નીલકંઠ વર્ણી મહારાજની જય!!!**

રાજ્યના માણસો દરવાજા પાસે છુપી રીતે આ બધું જોતા હતા. આશ્ચર્ય પામી ગયા. બાલાયોગી નાના છે પણ બહુ પરાક્રમી છે. રમત માત્રમાં રાક્ષસને

મારી નાખ્યો. અનેક માણસોનો બચાવ થયો. મૃત્યુથી બચી ગયા. પ્રભુ જેને મારે છે તેને તારે છે. પ્રભુને વિચાર થયો, જો માણસોને ખબર પડશે તો મને રોકવાનો આગ્રહ કરશે. મારું કાર્ય પુરું થયું છે. પૃથ્વીનો ભાર ઉતારી પ્રભુ ત્યાંથી ચાલતા થયા. આ વાતની રાજાને ખબર પડી. રાજા રાક્ષસને જોવા આવ્યો. ભયંકર રાક્ષસને જોઇ રાજા ડરી ગયો. કદાચ રાક્ષસ જીવતો હશે તો! આવું ધારી રાક્ષસને દૂરથી બંદુકની ગોળી મારી. રાક્ષસનો મૃત દેહ જરાય હલ્યો નહિ, તેથી ખાતરી થઇ ગઇ કે રાક્ષસ ચોક્કસ મરી ગયો છે.

રાજાએ કહ્યું, ''બટુક બાળા યોગીની શોધ કરો!'' ખૂબ શોધ કરી પણ ક્યાંય મળ્યા નહિ. ત્યાં એક વટેમાર્ગુએ કહ્યું, ''બાલાયોગી પૃથ્વીથી અધ્ધર પવન વેગે ચાલ્યા જાય છે. તમને તે મળી શકશે નહિ.'' રાજા નિરાશ થઇ ગયા. આ કાર્ય ભગવાન સિવાય કોઇથી થાય નહિ. હાથમાં આવેલા ભગવાન ઓળખાયા નહિ. ખૂબ પસ્તાવો કરે છે પણ પછી શું થાય? વારંવાર એવો અમૂલ્ય સમય મળતો નથી. પ્રભુ દયાળુ છે. સર્વજીવહિતાવહ છે. પ્રભુનું વનવિચરણ જનના કલ્યાણને અર્થે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।

**પૈસાનો ઉપયોગ કરે પણ એના પર**
**આસક્ત ન થાય તે જસાચો ગૃહસ્થ.**

નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૨૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૨૬) ઇર્ષ્યા ન કરવી.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજે કહ્યું કે, ઈર્ષ્યા કરવી નહિ. ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો.

**(ગ. પ્ર. પ્ર. ૪ વચનામૃત)**

# ઘર સત્સંગ સભા

શ્રીજી મહારાજના આજ્ઞાંકિત પરમ એકાંતિક ભક્ત ગઢપુરના દાદાખાચર હતા. તેનો એક ચાકર હતો નામ હતું બુઢો ધાંધલ. મહાપ્રપંચી હતો. જેનો રોટલો ખાય તેનું જ વાંકુ બોલે. ગઢપુરના જીવાખાચર દાદાખાચરના કાકા થાય પણ અંદર પેટે સ્વાભાવિક દાદાખાચર સાથે દ્વેષ રાખતા. બે દ્વેષીલા ભેગા થયા. દાદાખાચરના અવગુણ ગાયા જ કરે. આ વાત શ્રીજી મહારાજ અંતર્યામી શક્તિથી જાણી ગયા.

શ્રીજી મહારાજે દાદાખાચરને કહ્યું, ‘‘બુઢા ધાંધલને નોકરીમાં રાખવા જેવો નથી. ફૂટેલ હૈયાનો ચાડી ચુગલી કરી ઝઘડા કરાવે તેવો છે. રજા આપી દો.’’ પગાર આપી રજા આપી દીધી. જીવાખાચરે બુઢા ધાંધલને કહ્યું, તું ચિંતા શું કામ કરે છે ? મારી પાસે ચાકર તરીકે રહીજા. હવે ભેગા થઈ ખૂબ નિંદા કરે છે. બુઢો જીવાખાચરની ડેલીમાં ખાટલા ઉપર બેઠો બેઠો હોકો પીએ અને કોઈ ગઢપુરમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવે તેને પોતાની પાસે બેસાડે. દાદાખાચરના દરબારમાં જવા જેવું નથી કોઈ જાશો નહિ. અવળે રસ્તે ચડાવી દે.

ભગવાન સાથે રહે છે, પ્રભુનાં દર્શન થાય છે, કથા, કીર્તન રૂપી જ્ઞાનગંગામાં આત્મા હરહંમેશ સ્નાન કરે છે, પણ પથ્થર હૃદયને કાંઈ ભક્તિની ભીનાશ લાગી નહિ. જીવાખાચરની ડેલીમાં બેઠો બેઠો બધાને પોતા પાસે બોલાવે, તમે દાદાખાચરના દરબારમાં જશો તો જાદુ કરી તમને વશ કરી લેશે. એ ભગવાન નથી, પણ પાખંડી છે. બાબરીયો ભૂત સાધ્યો છે. ઈંદ્રજાળનો ગુટકો બતાવી લોકોને મોહિત કરે છે. દાદાખાચર આદિ કાઠી દરબારને વશ કરી લીધા છે. દાદાખાચરની નજરમાં સ્વામિનારાયણ જ દેખાય છે. તમે જશો નહિ. અનેકને ઘરબાર વગરના કરી સાધુ કર્યા છે. અવળું સવળું ભરાવી પાછા વાળી દે. દ્રોહ કરવાથી બુઢાની બુધ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ.

જીવાખાચરના દરબારમાંથી ચોરી કરી, જીવાખાચરે નોકરીમાંથી રજા આપી દીધી. હવે ભીખારી થઈ ભટકે છે, મગજ છટકી ગયું. દિવસ ને રાત બકવાસ કર્યા કરે, ભયંકર રોગમાં રીબાતો રીબાતો ભૂંડે હાલે મૃત્યુ પામ્યો. શ્રીજી મહારાજે કહ્યું, અમારા હાથની સો મણ સાકરની પ્રસાદી ખાધી છતાંય

**જીવન લાભ માટે છે, લોભ માટે નથી.**

આસુરી બુધ્ધિ ગઈ નહિ.

કોઈને ઉતારી પાડવા તે ઉધ્ધતાઈ અને આસુરી વૃત્તિ છે. તેવા દ્રોહીનો મોક્ષ માર્ગનો દરવાજો બંધ થઈ જાય છે. નાના મોટા જે ભજે હરિને મન, કર્મ અને વચને પ્રીત કરીને તેને પોતાના કરતાં જાણે સારા રે એવા સંત તે હરિને પ્યારા, પ્રભુને ભજતા હોય એવા નાના મોટા સર્વેને પોતાના થકી સારા જાણે, અભાવ અવગુણ લેનારાની અને ઈર્ષ્યા કરનારાની દુર્ગતિ થાય છે. માટે શ્રીજી મહારાજ કહે છે અમારા ભક્તને કોઈ દિવસ ઈર્ષ્યા ન કરવી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૨૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૨૭) આત્મઘાત એ મહાપાપ છે.

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી ભયંકર વનમાં એકલા ચાલ્યા જાય છે. એક મોટી નદી આવી. તેમાં સ્નાન કરી, પૂજા કરી, ફળ જમીને ચાલતા થયા. ત્યાં એક પીપળાનું વૃક્ષ આવ્યું. ત્યાં પ્રભુ બેઠા. બાજુમાં એક કૂવો હતો. તેના કાંઠા ઉપર એક માણસ કૂવામાં પગ લટકાવીને બેઠો હતો. પ્રભુએ પુછ્યું, ''કેમ કૂવામાં પગ લટકાવ્યા છે?'' ''બસ, હવે કૂવામાં પડીને મરી જઈશ.'' ''મરવાનું કારણ શું છે?'' ''ઘણા દિવસથી ભક્તિ કરું છું પણ ભગવાન મળતા નથી. દર્શન થતાં નથી. તેથી કૂવામાં પડીને મરી જઈશ.''

પ્રભુએ કહ્યું, ''ભલા માણસ! જોરાઈએ મરવું એ તો આત્મઘાત કહેવાય. આત્મઘાત એ મહાપાપ છે. આત્મઘાત કરનારો નરકમાં જાય છે ને સજા ભોગવે છે. ફરીથી એને ક્યારેય પણ મનુષ્ય જન્મ મળતો નથી. આવી ખોટી આંટી રાખો

**તમારી પાસે રૂપ ને રૂપિયા બન્ને છે**
**તો તમારી નજર નીચી રાખજો.**

છો તે નરી મુર્ખતા છે. હઠ રાખવાથી ભગવાન મળશે નહિ. પ્રભુ સાથે અતિશય પ્રેમ કરવાથી, ધર્મ સહિત ભક્તિ કરવાથી ભગવાન મળે છે. મરવાથી મોક્ષ થતો નથી. મોહ અને માયાને મારવાથી મોક્ષ થાય છે. મોક્ષરૂપી કિનારા સુધી પહોંવામાં મદદરૂપ બને એવું આ માનવ શરીર છે.''

''તમને ખબર હોવી જોઈએ કે મારે ક્યાં જવું છે. ખબર વગર જશો ક્યાં? નક્કી નિર્ણય તો જોઇએ ને ? મર્યા પછી જવું ક્યાં? ધામમાં કે ગામમાં? નક્કી તો કરવું જોઇએ ને ? જેની પાસે જવું છે તેની સાથે ઓળખાણ તો જોઈશે ને! ઓળખાણ વિના જશો ક્યાં ? આત્મઘાત કરશો તો મર્યા પછી ભૂત થશો. ભૂતને નદી સરોવર વિગેરે જળાશયોમાં પાણી પીવા મળતું નથી. વરૂણદેવની ચોકી હોય છે. અનાજ પણ ખાવા મળતું નથી. પેશાબ અને વિષ્ટા ખાવા મળે છે અને જ્યાં ત્યાં રખડે છે. ભૂત યોનીમાં અપાર દુઃખ હોય છે માટે ચેતી જાવ ને આત્મઘાત કરતાં અટકી જાવ.''

પ્રભુ કહે છે, ''દેહ બુધ્ધિ દૂર કરીને યોગ ધારણા કરો. દૃઢ નિશ્ચય રાખીને પ્રભુનું ધ્યાન કરશો તો તમને દિવ્ય સ્વરૂપે ચોક્કસ પ્રભુ દર્શન થશે.'' ત્યાં પ્રભુ નીલકંઠ વર્ણીના સ્વરૂપમાંથી પ્રકાશના પુંજ છવાયા. પ્રકાશ મધ્યે ચર્તુભુજ નારાયણના દર્શન થયા. ભક્તરાજે પ્રભુના ચરણમાં દંડવત પ્રણામ કર્યા. ''હે પ્રભુ! તમે મને મૃત્યુથી બચાવી લીધો. દયા કરીને દર્શન આપ્યાં. ધન્ય હો મહારાજ! આપની દયાનો કોઇ પાર નથી.'' આંખમાં ઉપકારનાં આંસુ આવી ગયાં.

પ્રભુએ કહ્યું, ''તમે ઘરે જાવ. તમારા માતા પિતા વાટ જુવે છે. તેમની સેવા કરજો ને ધર્મ નિયમનું યથાર્થ પાલન કરજો.''

**મન્મનાભવ મદ્‌ભક્તો, મદ્યાજી માં નમસ્કરું ।**
**મામૈવેષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણ ॥**

પ્રભુ કહે છે, ''અખંડ મારું ચિંતવન કરતાં કરતાં જે દેહનો ત્યાગ કરે છે તે ચોક્કસ મને જ પામે છે, કહેતાં પરમપદને પામે છે. તમને આશીર્વાદ આપીએ છીએ આનંદ મગ્ન બનીને ભજન સ્મરણ કરશો તો દેહના અંતે ઉત્તમ ગતિને પામશો.'' સત્ય વાત સમજાઇ ગઇ તો મૃત્યુથી બચી ગયા.

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૨૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**ઘડીયાળની ટીક ટીક સમય બતાવે છે, અને સંતો કે વડીલોની રોક ટોક જીવનનો રાહ બતાવે છે.**

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૨૮) નિર્માની થઇને સેવા કરશો તો પ્રભુને ગમશો.

સ્વામિનારાયણ હરે..

વારંવાર વિચાર કરવો કે મારામાં સદ્‌ગુણ છે, ડહાપણ ચતુરાઇ જે કાંઇ છે તે ભગવાનનું આપેલું છે. પોતાપણાનું બળ રાખવા જાય તો, અતિશય અનાદર થાય અને લજ્જા જાય. કાળાતળાવના રવજીભાઇ પોતાનું બળ રાખવા ગયા તો દુઃખી થયો. વડોદરાના સયાજીરાવના પોલીસ ખાતાના સિંધ દેશના એક મુસ્લિમ અધિકારી શેખજી હતા. સંતોના યોગથી સત્સંગનો પાકો રંગ લાગ્યો. એક વખત ગઢપુરમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. શ્રીજીમહારાજને દંડવત પ્રણામ કર્યા. હાથ જોડીને કહ્યું, મહારાજ મને અખંડ તમારી સેવામાં રાખો. હવે મારે સંસારમાં જવું નથી.

શ્રીજીમહારાજે પાર્ષદ તરીકે સેવામાં રાખ્યા. શેખજીભક્ત બ્રહ્મરૂપ બનીને ખૂબ બળ પૂર્વક ભજન કરે, અને યથાશક્તિ પ્રમાણે સેવા પણ કરે, પણ મનમાં વારંવાર વિચાર થાય કે, હું પોલીસ ખાતાનો મોટા હોદ્દા વાળો છું. મને ભગવાન કાંઈક ઐશ્વર્ય આપે તો બહુ મજા આવે, શ્રીજીમહારાજે કહ્યું, શું વિચાર કરો છો ? કચ્છ, ગુજરાત, કાઠીયાવાડ અને મારવાડ વિગેરે પ્રદેશમાં સત્સંગ સારો ચાલે છે પણ સિંધદેશમાં બિલકુલ સત્સંગ નથી તો તમે ત્યાં જાવ અને સત્સંગ કરાવો.

શેખજી ભગતે કહ્યું, મહારાજ કાંઇક ઐશ્વર્ય આપો તો તેના લીધે સત્સંગ થાય, શ્રીજીમહારાજે કહ્યું અમે તમને ઐશ્વર્ય આપીએ છીએ. તમારી દાઢી સામું જોશે તેને સમાધિ થશે. અને તમે માણસોના અંતરના સંકલ્પ જાણી શકશો પણ એક વાતનું ધ્યાન રાખજો, તમારે અમારી પેઠે વસ્ત્ર ઘરેણાં પહેરવાં નહિ, કોઈને

ઘરે પધરામણીએ જવું નહિ, મેવા મિષ્ટાન્નના થાળ જમવા નહિ અને બાઈઓની સભામાં વાતો કરવી નહિ, એમ કહી પ્રભુએ પોતે જે પુષ્પનો હાર પહેર્યો હતો તે શેખજીને પહેરાવી રાજીપો વ્યક્ત કર્યો. અમારું વચન માનશો તો સુખી થાશો.

શેખજી સિંધદેશમાં આવ્યા. દાઢી જુવે તેને સમાધી થાય અને પ્રભુનાં ધામનાં અલૌકિક દર્શન થાય. માણસો આવું બધું જોઈને આશ્ચર્ય પામી ગયા. શેખજીભગત ! તમે તો ભગવાન જેવા પરાક્રમી છો. અમારે ઘરે પધરામણી કરવા ચાલો. પ્રેમભાવથી આદરથી પધરામણી કરવા લઈ જાય. મેવા મિષ્ટાન્નના થાળ ધરાવે. ઝરીયાનાં વસ્ત્રો પહેરાવે અને બાઈઓથી વાતુ પણ કરે. માણસો શેખજીની ભગવાનની જેમ પૂજા કરે, હાર પહેરાવે, ચરણ ધોઈને પીવે, ખૂબ માનપાનથી. શેખજીને થયું હું કાંઈક છું ખરો.પોતાપણાનું બળ રાખવા જાય તો અતિશય અનાદર થાય.

શેખજી ફુલાઈ ગયા ને ભગવાનને ભૂલી ગયા. આ બાબતની શ્રીજીમહારાજને ખબર પડી તેથી કચવાઈ ગયા. તુરંત ઐશ્વર્ય ખેંચી લીધું. હવે કોઈને સમાધિ થતી નથી, તેથી લોકો અનાદર કરે કે, શેખજી ખોટો ભભકો બતાવે છે, કોઈ માન પાન આપતા નથી, પૂજતા કે બોલાવતા પણ નથી. તેથી નિસ્તેજ અને નિરાશ થઈને રખડે છે, ફરતા ફરતા ગઢપુરમાં આવ્યા. પ્રભુને દંડવત્ પ્રણામ કરી રડતે હૃદયે કહ્યું, મહારાજ ! મારી ભૂલ થઈ. મને માફ કરો. હું તમારા ઐશ્વર્ય અને કૃપાને જીરવી શક્યો નહિ. મેં તમારી આજ્ઞા લોપી છે. અપરાધીના અપરાધ સામે નહિ જોતાં તમારી સેવામાં રાખો શ્રીજીમહારાજે કહ્યું, તમારામાં જે શક્તિ હતી, તે અમારી શક્તિ હતી. અમારી શક્તિથી સમાધિ થતી હતી. નહિંતર તો અષ્ટાંગયોગની સાધનાથી પણ સમાધિ થાય નહિ.

હવે તમે માણકી ઘોડીની લાદ ઉપાડવાની સેવા કરો, વાસીદું વાળવું ઘાસ ચારો નીરવો, પાણી પાવું, મહિમા સહિત સંતોની સેવા કરો, નિર્માની થઈને સેવા કરશો, ત્યારે અહંભાવ છે તે ઓગળી જશે અને અમારો રાજીપો રહેશે.

પોતા પાસે પૈસા હોય નહિ કરે વડાઈ વાર્તા કે આપણે ચાર માળનો મોટો બંગલો બનાવીશું, તેમાં બગીચો બનાવશું, સરસ હીંચકો રાખશું, બે મોટર ગાડી

**અનીતિ અને અધર્મની કમાણીનો**
**ઉપયોગ કરનારની બુધ્ધિ ભ્રષ્ટ થાય છે.**

રાખશું પછી જલસાથી ખાશું પીશું ને મઝા કરશું, પણ જાણતો નથી કે ખાવા માટે રોટલાના સાસાં છે, તો વાહન અને બંગલાની ક્યાં વાત ? દારીદ્ર હોય તે સારા સારા ખાન પાનને ઇચ્છે તે ક્યાંથી મળે ? તેમ જ ભક્તિમાર્ગમાં અજ્ઞાની આળસુ અને અભિમાની હોય તેનામાં સદ્‌ગુણો ક્યાંથી ટકશે ?

અભિમાનરૂપી માયા મોટા મોટાને મુંઝાવ્યા છે. માન મોટાઇનો રોફ હૈયામાં આવે છે તેની બાબત સ્વામી આપણને સમજાવે છે. કવિ હોય એને એમ અભિમાન આવે કે હું કેવો બુધ્ધિશાળી મને કવિતા બનાવતાં આવડે છે. ગાયકને સ્વરનું અભિમાન કે મારાં જેવું કોઇને ગાતાં આવડે નહિ, પંડિતને અભિમાન આવે કે મને કોઇ પ્રશ્ન ઉત્તરમાં જીતી શકે નહિ, મારા જેવો કોઇ ચતુર નહિ, દીનતાવાળાને એમ થાય કે હું કેવો નિર્માની છું. બધાને નમતો રહું છું, બીજાતો અક્કડતામાં ફરે છે, મને કોઇ જાતનું અભિમાન નથી, પણ એને ખબર નથી કે તું બોલે તે અભિમાન છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૨૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૨૯) ભગવાન મળવાની ભૂખ લાગવી જોઇએ.

સ્વામિનારાયણ હરે..

તમને મહિને પાંચ હજાર રૂપિયા મળી જાય તો પણ કાંઈ નથી મળ્યું. તમને મહિને પાંચ લાખ રૂપિયા મળી જાય તો પણ કાંઈ નથી મળ્યું. તમને મહિને કરોડ રૂપિયા મળી જાય તો પણ કાંઈ નથી મળ્યું. કારણ કે એ ધન નાશવંત છે. તે અહીં નું અહીં જ રહી જાય. તેને જો સાથે લઈ જવું હોય તો ગરીબને અર્થે વાપરો, સાધુ સંતને અર્થે વાપરો, દેવાલય બંધાવો,ધર્મને અર્થે વાપરો, વૃક્ષારોપણ કરાવો, ધર્મશાળા બંધાવો, વિદ્યાલયોમાં મદદ કરો તો એ ધન તમારું તમારી સાથે ચાલશે. તેનું ફળ તમને પરલોકમાં જરૂર મળશે.

**તમારી ભુલ બતાવે તેનો ઉપકાર ભુલશો નહી, ને કૃતઘ્ની થશો નહી.**

આ જગતની અંદર અજ્ઞાની મનુષ્ય સમજે છે કે જીંદગી મજા લેવા માટે છે, પણ થોડાક બુધ્ધિમાન થાઓ ને ઘરડા થાઓ ત્યારે ખબર પડે કે જીંદગી દુ:ખરૂપ છે.

જીંદગી દુ:ખરૂપ પણ નથી ને જીંદગી સુખરૂપ પણ નથી. જીંદગી જીવતાં આવડી જાય તો જીંદગી આનંદરૂપ છે. ભગવાનને પામવા જેવી છે. જેના જીવનમાં સત્સંગ નથી, જેના જીવનમાં સંત સાન્નિધ્ય નથી, એને કાંઈ ખબર નથી. દરરોજ એકવીશ હજાર છસો શ્વાસ વેડફી નાખે છે. ૫૦ વરસમાં ૩૮ કરોડ ને કેટલાય લાખ વેડફાઈ ગયા. આટલા બધા શ્વાસ લીધા એમાં તમે ભેગું શું કર્યું ? તમને મલ્યું શું ? જે નથી સાથે ચાલવાનું તેને ભેગું બહુ કર્યું, ને જે સાથે ચાલવાનું છે, તેનું કાંઈ નહિ. માણસની મોટામાં મોટી ભૂલ આ છે.

જે પરા ભકિત સુધી પહોંચી જાય. તો તેને ભગવાનનાં સાક્ષાત્કાર દર્શન થાય. તોય બરાબર અને ન થાય તો પણ સદૈવ આનંદરૂપની લહેરમાં મસ્ત રહે છે. જેને ભગવાનને મળવાની ભૂખ હતી, તેની ભૂખને પ્રભુએ શાંત કરેલી છે.

એક ભુલાભાઈ હતા. નામે ભુલાભાઈ ને હૃદયના પણ ભોળા. એને ભગવાનનાં દર્શન કરવાની ભૂખ જાગી ગમે તેમ થાય મારે ભગવાનને મળવું છે. જેને ભૂખ લાગે તે બરાબર જેવી મહેનત કરીને પણ પેટ ભરે ત્યારે શાંતિ થાય. આ ભુલાભાઈને કોઈકે કહ્યું. “ માનવ દેહે પ્રભુ અત્યારે ભુજ ગંગારામને ઘરે બીરાજે છે.”

આ વાત સાંભળતાંની સાથે રવાના થઈ ગયા, ભૂખ લાગે ને ભોજન મળે તો વાટ ન જુવે. તરત જમવા મંડી પડે. તેમ ભુલાભગતને ખબર પડતાં ચાલતા થઈ ગયા. એને ખબર નથી ભુજ કઈ બાજુ છે. કોઈ સથવારો નહિ, જમવા માટે કાંઈ નાસ્તો નહિ, દેહની કોઈ પરવા નહિ, કે રસ્તામાં શું જમીશ ને કયાં જઈશ. કોઈ વિચાર જ નહિ પણ એકજ લગની કે જલદી ભગવાનને મળું, અને દર્શન કરું.

પગે ચાલ્યા જાય છે, થાકી જાય તો ઝાડ નીચે વીસામો લે. વળી પાછા ચાલતા થાય. ભગવાનને ખબર પડી મારો ભોળો ભુલકો ભગત ભૂખ્યો તરસ્યો

મને મળવા આવે છે. તેથી ભગવાન બ્રાહ્મણના રૂપે મદદમાં આવી ગયા.

ભુલા ભગત કઈ બાજુ જાઓ છો ? ભગતે કહ્યું, ''ભુજ ભગવાનને મળવા જાઉં છું.'' બ્રાહ્મણના રૂપે ભગવાન બોલ્યા, ''અમે પણ ભુજ જઈએ છીએ.'' બે જણનો સથવારો સારો મળ્યો, સાંજ પડી ત્યારે બ્રાહ્મણના રૂપે ભગવાન બોલ્યા, ''ભુલા ભગત લ્યો આ ટીમણ છે તે આપણે જમીએ. ઝાડ નીચે બેસીને ભગવાન અને ભગત જમ્યા. આવી રીતે ૧૫ દિવસ સુધી ભગવાન ભુલા ભગત ભેળા રહીને જમાડે, પાણી પીવડાવે અને રાત પડી ત્યારે બ્રાહ્મણના રૂપમાં ભગવાને કહ્યું, ''ભુલા ભગત તમે ચાલી ચાલીને થાકી ગયા હશો, લ્યો પગ દાબી દઉં, એમ કહી ભગવાને પગ દબાવવાનું શરૂ કર્યું, ત્યારે ભુલાએ કહ્યું, તમે બ્રાહ્મણ છો તેથી તમારા માથે ભાર ચડાવાય નહિ. ને પગ દબાવાય નહિ. આ રીતે ભગવાને સંભાળ રાખતા રાખતા ભુજમાં ગંગારામને ઘરે પહોંચતા કર્યા, અને કહ્યું, ''ભગત આ ગંગારામ ભાઈના ઘરમાં ભગવાન બીરાજે છે, તમે દર્શન કરો. મને ઉતાવળ છે તેથી જાઉં છું.'' આટલું કહી ભગવાન અદૃશ્ય થઈ ગયા.

ભુલાએ ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કર્યાં. દર્શન કરતાંની સાથે હૃદયમાં શાંતિ છવાઈ ગઈ. જેને મળવું હતું તે મળી ગયું. પેટ ભરીને નીરખી નીરખીને દર્શન કર્યાં. ત્યારે આત્માને સંતોષ થયો કે આજે મારૂં જીવન સફળ થયું.

પછી ભગવાને ભુલા ભગતને પૂછયું, તમે કોની સાથે અહિ આવ્યા ? ભુલાએ કહ્યું, ''એક ભકત બ્રાહ્મણ ભેળો હતો, તે અન્ન જળ આપતો.'' મહારાજ ! તે મને રસ્તામાં મળ્યો અને અહિ પહોંચતો કર્યો, અને મને કહ્યું તમે દર્શન કરો મને ઉતાવળ છે તેથી જાઉં છું. એ બ્રાહ્મણ નવરો થશે ત્યારે આવશે.''

શ્રીજી મહારાજે કહ્યું, ''એ બ્રાહ્મણ નહોતો પણ અમે બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા હતા.'' ભુલો કહે ''અણસાર બ્રાહ્મણ જેવો જ આવે છે, મહારાજ તમારા વિના અમારી સંભાળ કોણ લે !''

જેને ભગવાનને મળવાની ભૂખ લાગે તો ગમે તેવી કઠણાઈ આવે છતાં પણ એ કાંઈ નહિ ગણકારતાં લક્ષ સુધી પહોંચી જાય છે.

**મનુષ્યમાં મોટામાં મોટો દોષ એ છે જે,**
**પોતાને નિર્દોષ સમજેછે.**

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;................

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૩૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૩૦) સ્કૂલ કોલજમાં આપણી સાવધાની

સ્વામિનારાયણ હરે..

આજનો સમય માહિતી-જ્ઞાન અને શિક્ષણનો છે. કોઈપણ ક્ષેત્રમાં આજે સફળ થવા માટે શિક્ષિત હોવું અત્યંત આવશ્યક છે. આજકાલ શિક્ષણ મેળવવું દિન-પ્રતિદિન અતિ મોંઘુદાટ થતું જાય છે. ત્યારે જરૂર પડે તો પેટે પાટા બાંધીને પણ સંતાનોને જરૂરી શિક્ષણ આપવું તે મા-બાપની પ્રાથમિક ફરજ છે.

સમયની માંગને ધ્યાનમાં રાખીને આજે બહુધા મા-બાપ પોતાના સંતાનોને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવા કટિબધ્ધ થતાં જાય છે. પણ આ બાબત માતૃભાષાનો ભોગ આપીને ન જ કરાય.

તે માટે રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે ''શિક્ષણ તો આહાર જેવું છે, પહેલા જ કોળિયે સ્વાદનો આનંદ મળવો જોઈએ. માતૃભાષામાં એ બને છે.''

એમ કહેવાય છે કે જગતમાં જો કોઈ મોટું દાન કહેવાતું હોય તો તે વિદ્યાદાન ''શિક્ષણદાન'' છે. કારણ કે વિદ્યાદાન એ મહાન પુણ્ય છે. સદ્વિદ્યાના કારણે વિદ્યાભ્યાસ કરનારને પોતાના આત્માના કલ્યાણ માટે જરૂરી બુધ્ધિનો વિકાસ કરવો શક્ય બને છે. જન સમાજમાં રહીને સુખી-સમૃધ્ધ થવા માટે આજીવિકા કેમ મેળવવી તે શીખવાનું કામ શિક્ષણ કરે છે.

શિક્ષણનું મહત્ત્વ જાણનાર ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રી શ્લોક-૧૩૨ માં આજ્ઞા કરીને જણાવ્યું છે કે ''અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી કેમ કે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે.'' જો આપણી પાસે નાણાં હોય તો

**દરરોજસર્વે ક્રિયામાં ભગવાનની પ્રાર્થના કરવી.**

વિદ્યાર્થીઓને ભણવા માટે જરૂરી પુસ્તક, પેન, નોટબૂક વિગેરેની મદદ કરવી જોઇએ.

અગ્નિપુરાણમાં કહ્યું છે કે, હે નૃપ, જે ભણનારા વિદ્યાર્થીઓને દિવો, વસ્ત્ર, ભોજન આપીને દરરોજ તેમની આજીવિકા ચલાવે તે યજ્ઞનું ફળ પામે છે.''

આપણે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે આજે અત્ર...તત્ર....અને સર્વત્ર શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા લગભગ નાના મોટા બધા વિભાગો બાલમંદિર, શાળા, મહાશાળા, કોલેજો અને ગુરુકુળો ચલાવે છે જ્યાં શિક્ષણ સાથે ધર્મ અધ્યાત્મના સંસ્કાર પણ અપાય છે.

પણ જ્યાં સહ-શિક્ષણ આપવામાં આવે છે તેવી શાળા-મહાશાળામાં વિદ્યાર્થીઓએ શિક્ષણ લેતાં લેતાં પોતાની શીલની પણ રક્ષા કરવાની હોય છે જે કામ કઠિન છે. પણ અશક્ય તો નથી જ.

મા-બાપ પોતાના સંતાનોને ભણાવતી વખતે તેમને આપવામાં આવતા રોકડ નાણાં તે વિદ્યાભ્યાસમાં જ વાપરે છે કે બીજે કયાંય ? તેની સમયે સમયે જરૂરી ચોકસાઇ કરવી જોઇએ.

વ્યક્તિની કિશોરાવસ્થા-યુવાવસ્થાના ગાળા દરમ્યાન શિક્ષણ લેવાનું હોય છે. આ સમય ખૂબ જ નાજુક ગણાય છે. ત્યારે વિદ્યાર્થીએ પોતે જ સમયની કિંમત સમજીને આડાં-અવળા ફેલ ફતુર કે મોજશોખ-વ્યસનોમાં સમય, નાણાં અને શક્તિ બગાડવી જોઇએ નહિ. પણ વિદ્યાભ્યાસ જ કરવો જોઇએ.

અત્યારનો સમય માત્ર ને માત્ર ભણતરનો છે તેથી તે માટે રસપૂર્વક વિદ્યાભ્યાસ કરવો જોઇએ અને ઊંચા ગુણાંક મેળવીને મા-બાપ-શાળા-કોલેજની પ્રતિષ્ઠા વધારવી જોઇએ. યાદ રાખો કે, મોજશોખ કરવા જિંદગી આખી હજુ બાકી છે. અત્યારે સૌથી વધુ જરૂર વિદ્યાભ્યાસની જ છે. માટે તેને જ પ્રાથમિકતા આપવી.

વિદ્યાભ્યાસ માટે ગામ, શહેર, રાજ્ય, દેશ છોડીને બહાર જવું પડે તો ભલે જાવ પણ આપણાં ધર્મના સંસ્કાર તે વખતે છૂટી ન જાય તેની સાવધાની રાખવી જ જોઇએ. પૂજા-પાઠ, દેવદર્શન, કપાળમાં તિલક ચાંદલો, ગળામાં કંઠી આ બધું ત્યજી દેવાય નહિ તેની જાણકારી રાખવી જોઇએ. નાના મોટા સમૈયામાં હાજરી

આપી સેવા કરવી તે તો યુવાનોનું કામ છે.

ભણતાં ભણતાં ઈત્તર પ્રવૃત્તિઓ કરવાનો વાંધો નહિ પણ તેના લીધે પરિણામ નીચું આવે તે હરગીજ ચલાવી લેવાય નહિ.

છોકરા-છોકરી વચ્ચેના જાતીય આકર્ષણથી તો હમેશાં દૂર જ રહેવું જોઈએ. કરકસર કરીને મા-બાપના નાણાં વાપરી ઊંચું પરિણામ મેળવી ગૌરવ પ્રાપ્ત કરવું જોઈએ.

શાળા-કોલેજની ચૂંટણી સ્પર્ધાથી દૂર રહેવું, નબળા વિદ્યાર્થીઓને મદદ કરવી. ભલે આપણે યોગી ન બનીએ તો કાંઇ નહિ પણ બીજાને ઉપયોગી તો જરૂર બની શકાય.

કોઈપણ સ્થળે કોઈપણ સ્થિતિમાં આપણી ભારતીય સંસ્કૃતિ, હિન્દુધર્મ અને આપણો સંપ્રદાયને લાંછન લાગે તેવી કોઈપણ હરકત આપણાથી ભૂલ ચૂકેય પણ ન થાય તેની સાવધાની રાખવી જોઈએ.

અંતમાં ખૂબ ભણો.... ખૂબ આગળ વધો પણ ધર્મ અને અધ્યાત્મના સંસ્કારના ભોગે તો નહિ જ. તેવી શુભેચ્છા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;

**તમારા સ્વાર્થ માટે કોઈનું અપમાન કરશો નહી.**

બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

**ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ**

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૩૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૩૧) હનુમાનજીના રોમ રોમમાં રામ છે.

સ્વામિનારાયણ હરે..

આપણે થોડીક સેવા કરી હોય તોય ઉઘરાણી કરવા જોઈએ, મેં જગનમાં પાંચ દિવસ સારતમાં સેવા કરી છે, મને પ્રસાદી આપો, મેં મંદિરમાં આટલી સેવા કરી છે. મને કાંઈક ભેટ આપો. ૨૫ રૂપિયાનો થાળ કરાવ્યો હોય અને પ્રસાદી ન મળી હોય તો પંદર દિવસ પછી પાછો આવે. મને પ્રસાદી નથી મળી. પણ હનુમાનજી એવા મહાન ભકત છે કે કોઈ દિવસ રામ પાસે ઉઘરાણી કરવા ન ગયા, કે મને ભેટ આપો. મેં સેવા કરી છે.

સીતાજીની શોધ કરી રાજા રામચંદ્રજી ભગવાન પાછા અયોધ્યામાં આવ્યા ત્યારે રામને વિચાર આવ્યો, મારી સીતાની શા માટે ઘણા ભકતજનો એ સારી સેવા કરેલી છે, રાજદરબારમાં સભા ભરાઈ, તેમાં જેણે જેણે સેવા નહોતી કરી તે પણ ભેટ લેવા આગળ બેસી ગયા. અને જેણે સેવા કરેલી તે પાછળ બેઠા હતા, તેમાં હનુમાનજી સૌથી છેલ્લા લાઈનમાં હાથ જોડીને પ્રભુ સામે બેસીને દર્શન કરે છે.

બધાને યોગ્ય રીતે ભગવાને પહેરામણી આપી, ત્યારે સતિ સીતાજીએ કહ્યું, ‘‘પ્રભુ, ખરેખરી પહેરામણી જેમને દેવાની હતી, તેને તમે ભૂલી ગયા છો.’’ પ્રભુએ કહ્યું, ‘‘દેવી, હું કોઈને ભૂલ્યો નથી ! ત્યારે સીતાજીએ કહ્યું, ‘‘પ્રભુ આ જગતમાં હનુમાનજી જો નહોત તો મને તમારા દર્શન થાત નહિ, મારા હનુમાનજીને તમે કેમ ભૂલી ગયા !’’

પ્રભુએ સરસ જવાબ આપ્યો, સતી હું હનુમાનજીને ભૂલ્યો નથી, પણ વિચાર કરું છું કે હનુમાનજીને મારે શું ભેટ આપવી ! હું નિર્ણય નથી કરી શકતો કે મારી સેવા કરી તેના બદલામાં હું એને શું આપું ? દેવી ! તમારા પાસે કાંઈ આપવા જેવું હોય તો આપો. ત્યારે પ્રભુએ હનુમાનજીને બોલાવ્યા. હનુમાનજી, તમે અહીં આવો. તમને સીતાજી બોલાવે છે.

હનુમાનજી ભગવાનને પગે લાગીને બેઠા કે સીતાજીએ તુરંત પોતાના કંઠમાં નવસેરો કિંમતી હાર પહેર્યો હતો તે ઉતારીને હનુમાનજીના કંઠમાં પહેરાવી દીધો.

**માન સૌને વ્હાલું છે, તો સર્વેને માન આપો.**

હનુમાનજી હારમાંથી મોતી લઈને દાંત વડે કડાક દઈને એક પછી એક મોતી ભાંગતા જાયને ફેંકતા જાય. તે વખતે અંગદ, સુગ્રીવ આદિક વાંદરા બેઠા હતા, તે હસતા હસતા બોલ્યા, અંતે હનુમાનજી જાતનો તો વાંદરોને ! એને હારની કયાં કિંમત છે, સતિ સીતાજીએ સમજયા વગર વાંદરાને હાર દઈ દીધો. સીતાજીએ કહ્યું, હનુમાન મોતીને શું કામ ભાંગીને ફેંકી દો છો?

ત્યારે હનુમાનજીએ કહ્યું, ''મા, હું મોતીમાં જોઉં છે કે મોતી ની અંદર રામ છે કે નહિ. જો રામ ન હોય તો આ હારને હું ન રાખું ! ત્યારે સીતાજીએ કહ્યું, ''તમારા શરીરમાં રામ છે ? '' ત્યારે હનુમાનજીએ પડકાર કરીને કહ્યું, ''મા જો મારા શરીરમાં રામ ન હોય તો એક ક્ષણ પણ આ શરીરને ન રાખું,''

સીતાજીએ કહ્યું, ''રામ જો તમારા શરીરમાં હોય તો બતાવો?'' તુરંત હનુમાનજીએ પોતાના તીક્ષ્ણ નખથી છાતી ચીરી તો તેમાં રામ લક્ષ્મણ અને જાનકીજીનાં દર્શન થયાં.

**રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાન કી !!**

હનુમાનજી ભગવાનને અખંડ હૃદયમાં ધારણ કરી રાખે છે. હનુમાનજી ને કોઈ માન મોટાઈની ઈચ્છા નહિ, હારની ઈચ્છા નહિ, પહેરામણીની ઈચ્છા નહિ, એવો જો કોઈ ભકત થયો હોય આ દુનિયામાં તો એ છે હનુમાનજી. હનુમાનજીની માતાને પણ ધન્યવાદ છે.

નાના ગામમાં કદાચ હરિમંદિર ન હોય પણ ગામનાં ઝાંપે હનુમાનજી હોય હોય ને હોય. દક્ષિણ તરફ પડકાર કરીને બેઠા હોય, કોઈ ભૂત પ્રેત ને ગામમાં આવવા ન દે, આવા મહાન ભકત છે હનુમાનજી. આજ સુધી હનુમાનજી ભકતજનોનાં કામ કરી દે છે. આવી સામર્થી હનુમાનજીમાં કયાંથી આવી છે. ! ભગવાનની જીભ વળીને હનુમાનજીનું અંગ વળ્યું. જીંદગીભર ભગવાનની આજ્ઞા પ્રમાણે રહ્યા છે, તેથી એમનામાં ભકિતની શકિત આવેલી છે. સારાય વિશ્વમાં એમનું પૂજન થાય છે. મહાન થવું હોય તો ભગવાનના વચનને પકડી રાખો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૩૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**મોત લાંચ સ્વીકારતું નથી.**

## (૩૨) સેવામાં ખૂબ સાવધાની રાખવી.

સ્વામિનારાયણ હરે..

સેવા મુકિતશ્ચ ગમ્યતામ્, સેવા એજ મુક્તિ છે એમ જાણવું. સેવાનો અર્થ શું થાય ? ભગવાનની સેવા આશા વગર નિઃસ્વાર્થપણાથી કરવામાં આવે તેને સેવા કહેવાય. ભાવથી સેવા કરવી. જો પ્રેમ ભાવ સિવાય સેવા કરે તેને સેવા ન કહેવાય, એને વેઠ કહેવાય.

સેવામાં ખૂબ સાવધાની રાખવી. સેવા સાથે અનુવૃત્તિ પણ રાખવી. સમો જોઈને જમાડવા, ગરમા ગરમ ભોજન ન જમાડવું, સમો જોઈને હાર પહેરાવવા, શિયાળામાં હાર પાણીથી પલળેલા હોય, ટાઢા હોય, તો ન પહેરાવવા, શિયાળામાં ભગવાનને ગરમ આભૂષણ ધરાવવાં. ઉનાળામાં પાતળાં સુવાળાં વસ્ત્ર પહેરાવવાં.

ઋતુ પ્રમાણે શાકભાજી જમાડવાં. અંદર જીવજંતુ હોય તો સાફ કરીને થાળ બનાવવો, ભાવથી સ્તુતિ કરવી, સમે ઉતારવી આરતી, સમે કરવી સ્તુતિ કર જોડ; સદા દીન આધીન રહેવું, કહેવું બક્ષજે ગુન્હા કરોડ.

ભગવાન આગળ ઊભા રહીને કેવાં કીર્તન ગાવાં જોઈએ તે જોવું પડે ! સવારે કેવાં કીર્તન ગવાય, સાંજે કેવાં કીર્તન ગવાય તેનો વિવેક જોઈએ. સમે પ્રભુને પોઢાડવા, સમે નાખવો પંખે પવન; સમે ચરણ ચાંપવા, એમ કરવા પ્રભુને પ્રસન્ન. જે ટાણે ભગવાનને જેમ ગમે તેમ તે ટાણે કરવું. મન ફાવે ત્યારે જમાડે ને મન ફાવે ત્યારે પોઢાડે, એમ ન ચાલે.

શ્રીજી મહારાજ ગઢપુરમાં ગોપીનાથજીનું મંદિરનું બાંધકામ કરાવતા હતા. કડીયા, શિલ્પી, કારીગરો અને મજુરોના પગાર ચડી ગયા હતા. પૈસાની તાણ હતી. હકીકતમાં સ્વયં શ્રીજી મહારાજ લક્ષ્મીનાપતિ છે. પૈસાની ખેંચ હોય નહિ. અષ્ટ સિધ્ધિ ને નવ નિધિ હાજરા હજુર છે. આજ્ઞા કરે તો કુબેર ભંડારી ધનના ઢગલા કરી જાય, પણ લીલા વિસ્તારવાને માટે આવી લીલા કરતા હોય છે. તે વખતે એક હરિભકત સંતોને રસોઈ આપવા માટે આવ્યા, શ્રીજી મહારાજ પાસે ત્રણ સો રૂપિયા મૂકીને કહ્યું, ‘‘મહારાજ મારે સંતોને રસોઈ આપવી છે.’’ શ્રીજીએ કહ્યું, ‘‘અત્યારે રસોઈ રહેવા દો, કડિયાના પગાર દેવાયા નથી, તો આ પૈસામાંથી

બધાના પગાર ચૂકવી દઈએ તો ચાલશે.'' ત્યારે ભગતે કહ્યું, મહારાજ ! મારે તો રસોઈ જ દેવી છે. શ્રીજી મહારાજે કહ્યું, ''અમે રસોઈ દીધાથી વિશેષ રાજી થાશું, પગાર ચુકવવામાં વાપરીએ તો શું વાંધો છે !'' ત્યારે ભગતે કહ્યું, ''મારો સંકલ્પ અધૂરો રહી જાય, ગમે તેમ થાય મારે તો રસોઈ જ દેવી છે,'' શ્રીજી મહારાજે બે ત્રણ વાર સમજાવ્યા પણ પોતાની વાત મૂકી નહિ. પોતાનું ધાર્યું કર્યું, પણ ભગવાનનું ધાર્યું ન કર્યું.

આપણું મન જયાં ત્યાં ભમતું હોય, જેવા તેવા સંકલ્પ કરતું હોય અને ભગવાનની સેવા કરીએ બહારથી બરાબર ભગત દેખાય, પણ મનથી બરાબર ન હોય, તન સેવામાં છે પણ મન સેવામાં નથી, તો તેનો કોઈ અર્થ નથી. માટે સ્વામી કહે છે, મન કર્મ વચનથી સેવા કરવી, તે જ મોટો લહાવો છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**ઉપદેશ આપવો સરળ છે, ઉપાય બતાવવો અઘરો છે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૩૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૩૩) સાચી કમાણી પ્રભુની ભક્તિ છે.

સ્વામિનારાયણ હરે..

જીવનનું અંતિમ લક્ષ્ય શ્રીજીમહારાજના ચરણમાં પહોંચવાનું છે અને મૂર્તિનું અવિરત સુખ મેળવવાનું છે. ભગવાનની કૃપાનો કોઇ પાર નથી. તે વિશેની એક સુંદર કથા છે.

એક કઠિયારો જંગલમાં રખડતો હતો. જંગલમાં આંટા મારે ને લાકડાં કાપીને ભારો બાંધે. પછી ગામમાં આવીને વેચે. તેમાંથી પૈસા મળે તેનાથી ગુજરાન ચલાવે. એક વખત રાજા જંગલમાં ફરવા માટે નીકળ્યા. મારી પ્રજા શું કરે છે? કઠિયારાને જોયો. તેના પગમાં પગરખાં નથી. માથે લાકડાનો ભારો ઉપાડ્યો છે.

ફાટેલ, તૂટેલ મેલાં કપડાં પહેર્યાં છે. વૈશાખ મહિનાનો સખત તાપ. પરસેવાથી રેબઝેબ થઈ ગયો છે. કઠિયારાને જોયો ને રાજાને દયા આવી. આ બીચારો બહુ દુઃખી છે. રાજાએ કઠિયારાને બોલાવ્યો. કઠિયારો ભયભીત થઈ ગયો. રાજા મને દંડ કરશે તો ? ફફડી ગયો. હવે શું કરવું?

રાજાએ કહ્યું, ''ભાઈ, તું ચિંતા ન કર. તારી લાકડાની ભારી નીચી નાખ અને મારા ઘોડા ઉપર બેસી જા.'' કઠિયારાને રાજદરબારમાં લઈ આવ્યા. સેવકોને કહ્યું, ''આ માણસને પાણીથી સ્નાન કરાવી ને સરસ મઝાનાં કીમતી વસ્ત્ર પહેરાવો. સુંદર મેવા મિષ્ટાનનાં ભોજન જમાડી રાજકચેરીમાં લઈ આવો!'' કઠિયારો વિચાર કરતો થઈ ગયો. આ બધું શું બની રહ્યું છે? રાજાની બાજુમાં ખુરશી હતી. ત્યાં કઠિયારાને બેસાડ્યો.

રાજાએ પૂછ્યું, ''તારો પરિવાર છે?'' ''હા અન્નદાતા, બે દીકરા છે. એક દીકરી છે ને એક મારા પત્ની છે.'' ''તું ઘરે જા અને તારા પરિવારને બોલાવી આવ. આંહી પરિવાર સહિત તું રહેજે અને જે તારાથી સેવા થાય તે સેવા કરજે, અને મોજ કરજે અને ભગવાનને યાદ કરજે.'' કઠિયારો પરિવારને રાજમહેલમાં લઈ આવ્યો. કઠિયારાના આનંદનો પાર નથી. કઠિયારો વિચાર કરે છે. આહાહા, આવો સુંદર મજાનો રાજદરબાર, ખુરશી, હિંડોળાખાટ, સાહેબીનો કોઈ પાર નથી. આવી જાહોજલાલી, મોટો વૈભવ મારા નશીબમાં ક્યાંથી હોય! પણ રાજા રાજી થયા તેનું આ પરિણામ છે.

પછી કઠિયારો પોતાનાં જુનાં કપડાં ફાટેલાં તૂટેલાં અને કુહાડો ને દોરડું આ બધી વસ્તુ પેટીમાં સાચવી રાખી અને તેને દરરોજ જુવે અને મનને ઉપદેશ કરે કે હે મનવા! તું ગરીબાઈ ભૂલજે નહિ. તારા નસીબમાં તો જંગલમાં રખડવાનું ભારા વેચી ગુજરાન ચલાવવાનું જ હતું પણ આ તો રાજા રાજી થયા એટલે મોજ કરે છે. પણ હે મનવા! જુની ગરીબીના દિવસો ભૂલજે નહિ એમ કહી પ્રભુને યાદ કરે, નમસ્કાર કરે.

એક દિવસ રાજાના પ્રધાનજીએ આ દશ્ય જોયું તેથી પ્રધાનજીએ રાજાને વાત કરી. ''આપણા રાજદરબારમાં માણસ આવ્યો છે તે અડધો કલાક પૂજા કરે

**ભક્ત થવું સહેલું છે, ભક્તપણું નભાવવું કઠિન છે.**

છે તે તમે જોઇ છે?'' રાજાને નવાઇ લાગી. ''કઠિયારો પ્રભુની પૂજા કરે?!'' ''હાહા, પૂજા કરે, પ્રાર્થના પણ કરે.'' રાજાએ કઠિયારાને કહ્યું, ''મને તારી પૂજાનાં દર્શન કરવાં છે.'' કઠિયારાએ બે હાથ જોડી કહ્યું, ''અન્નદાતા, મારી પૂજાનાં દર્શન કરવા જેવાં નથી.'' રાજા કહે, ''ગમે તેમ થાય, મને તારી પૂજાનાં દર્શન કરાવ.'' જ્યાં પેટી ખોલી ત્યાં જૂનાં, મેલાં, તૂટેલાં કપડાં કુહાડો અને દોરડું જોયું.

રાજા બોલ્યા, ''અલ્યા, આવી તારી પૂજા?! કમાલ કરે છે. અડધો કલાક નકામો બગાડે છે. ભગવાનની મૂર્તિની પૂજા કરાય. કપડાંની પૂજા ન કરાય.''

કઠિયારાએ સરસ જવાબ આપ્યો. ''હે અન્નદાતા! હું મારા મનને દરરોજ સમજાવું છું કે તું છકી ન જજે. તારા જૂના દિવસ આવા હતા. જંગલમાં ભટકતો હતો. આ તો મહારાજાની મહેર થઇ છે તેથી જલસા કરીએ છીએ. મારું મન આ વાતને ક્યારેય ભૂલી ન જાય, તમારો ઉપકાર ભૂલાઇ ન જાય, અડધો કલાક મારા મનને દરરોજ શીખામણ દઉં છું. અન્નદાતા, તમારી દયાનો કોઇ પાર નથી.'' આવું બોલતાં ગદગદીત થઇ આંખમાં આંસુ આવી ગયાં. પગે લાગીને કહ્યું, ''તમારી કૃપા અનહદ છે. તે ઉપર વારી જાઉં છું.''

રાજા ગાદી તકીયા પરથી ઊભા થઇ ગયા. બાથમાં લઇને કઠિયારાને ભેટી રાજીપો વ્યક્ત કર્યો. હેતનાં આંસુ આવી ગયાં. આવો વફાદાર માણસ ઉપકારને ભૂલતો નથી. કઠિયારાના માથા ઉપર હાથ મૂકી રાજાએ કહ્યું, ''આજથી તને મારૂં પ્રધાનપદ આપું છું. તું આજથી મારો જમણો હાથ છે.''

વિચાર કરો! કઠિયારો રાજાના કરેલા ઉપકારને ભૂલ્યો નહિ તો રાજાએ તેને પ્રધાનપદ આપ્યું. તેમ આપણે રાજાના પણ મહારાજા, અનંત કોટિ બ્રહ્માંડના ધણી સ્વામિનારાયણ ભગવાનને ભૂલશું નહિ, એના ઉપકારને નજરમાં રાખશું, એમનું શરણું સ્વીકારશું તો અક્ષરધામનું પદ ચોક્કસ આપશે અને જન્મ મરણના ફેરાથી મુક્ત કરશે. ભગવાને આજે કૃપા કરીને આપણને ભુજમાં નરનારાયણદેવના ખોળામાં બેસાડી દીધા છે. પોતાના રાજકુંવર બનાવ્યા છે. નરનારાયણદેવનો ખોળો મૂકીને ક્યાંય આડા અવળા જાવું નહિ.

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૩૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**ઉકરડો આપો આપ વધતો હોય છે,**
**બગીચાને વિકસાવવો પડે છે.**

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૩૪) વિવેકી ભક્ત મોટ્યપને પામે છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, વિવેકી ભક્ત પોતાને વિષે અવગુણ દેખે છે અને ભગવાન અને ભગવાનના ભક્તને વિષે ગુણ પરઠે છે. સંતો કઠણ વચન કહે છે તેને હિતકારી માને અને દુઃખ નથી લગાડતો, તેનો સત્સંગનો રંગ ચડતો રહે. (ગ. પ્ર. પ્ર ૬ વચનામૃત)

એકનાથજી મહારાજ પરમ ભકત હતા. એક વખત દક્ષિણ ભારતની યાત્રા કરવા શ્રી રંગક્ષેત્રમાં આવ્યા, ત્યાં કાવેરી નદી વહે છે, વહેલી સવારે સ્નાન કરવા જાય છે ત્યાં જ યુવાનીયા બેઠા હતા. તેણે કહ્યું, ''આ ભગતડો લાગે છે, દેખાવમાં ઠંડા સ્વભાવનો છે પણ પરીક્ષા કરીએ તો ખબર પડે કે ઠંડા છે કે ગરમ. ધારીએ તો મગજ છટકાવી દઈએ.''

મૂર્ખાને ખબર નથી કે ભકતની પરીક્ષા કરાય નહિ, જુવાની એવી છલકદાર છે કે ધ્યાન ન રાખે તો વૃધ્ધ સંતોનું, વૃધ્ધ માવીત્રોનું અપમાન કરી બેસે છે, એકનાથજીની ઉંમર ૮૦ વરસની છે, લાકડીના ટેકે સ્નાન કરીને ચાલ્યા આવે છે ત્યાં આ ઉધ્ધત યુવાનીયાઓ એકનાથજી મહારાજ ઉપર થૂંકયા, ભગત કાંઈ બોલ્યા નહિ, ફરીથી સ્નાન કરી, અને પાછા એ જ રસ્તે ચાલતા આવે છે ત્યાં વળી મૂર્ખાઓ ભગત ઉપર થૂંકયા એમ વારંવાર થૂંકયા કરે અને ભગત સ્નાન કરવા જાય, બપોરનાં બાર વાગી ગયા, યુવાનીયા કહે જોઈએ કેટલી વાર એકનાથજી ચુપ રહે છે, ''બહુ હેરાન કર્યા, પણ જેના હૃદયમાં ભગવાન બેઠા છે એને કાંઈ થયું નહિ, ૧૦૮ વખત સ્નાન કરવા ગયા. છતાં પણ ભગવાનનાં જપ કરે છે, શ્રી

કૃષ્ણઃ શરણં મમ. શ્રી કૃષ્ણઃ શરણં મમ... જપ ચાલુ છે, વારંવાર સંતને જોવાથી યુવાનીયાનાં હૃદયમાં પ્રકાશ થયો, કે આપણે કેવા પાપી છીએ કે સંતને મદદ ન કરીએ તો વાંધો નહિ પણ હેરાન કરીએ છીએ, બીચારા વૃધ્ધ સંત કયારે પૂજા કરશે ને કયારે ભોજન જમશે, બહુ ખોટું કર્મ કરીએ છીએ, રડી પડ્યા.

દોડીને સંતનાં ચરણમાં યુવાનીયાઓ ઢળી પડ્યા. બાપજી ''અમે પાપી છીએ, નિર્લજ છીએ તમારા જેવા પવિત્ર સંતને દુઃખ દેવામાં કાંઈ બાકી નથી રાખ્યું છતાં તમે એક શબ્દ પણ બોલતા નથી, ધન્ય છે તમારી ધીરજતાને.

અમને પાપની સજા થવી જ જોઈએ, તમે જે ચાખડી પહેરી છે તે અમારા માથા ઉપર મારો જેથી અમારી ભૂલ અમને બરાબર સમજાઈ જાય. ભૂલની સજા થવી જ જોઈએ તો જ માણસ ભૂલ કરતાં બચી શકે.

ત્યારે એકનાથ મહારાજે કહ્યું, ''ભાઈ, તમે ચિંતા ન કરો તમે પાપી નથી, પણ પુણ્યશાળી છો, અને ઉપકારી છો, હું પહેલી વાર દક્ષિણ ભારતની યાત્રા કરવા આવ્યો છું મેં નકકી કર્યું હતું કે એક વખત કાવેરી ગંગામાં સ્નાન કરી પૂજા પાઠ કરી બીજે ગામ જઈશ.

પણ તમે મને ૧૦૮ વખત ગંગામાં નવડાવ્યો, નહિંતર હું એક જ વાર સ્નાન કરત, તમારા લીધે મને ૧૦૮ વખત ન્હાવાનું પુણ્ય મળ્યું, તમે તો મારા મિત્ર છો, તમને કેવી રીતે મરાય ?

આ સાંભળી યુવાનોનાં રૂવાડાં ઉભાં થઈ ગયાં. એકનાથજી મહારાજને બાથમાં લઈને ભાવથી ભેટી પડ્યા, બાપજી તમે અમારી આંખ ઉઘાડી દીધી.

સંતનો ગુણ આવ્યો તેથી પાપ બળી ગયાં, યુવાનો બે હાથ જોડીને કહ્યું, બાપજી અમને તમારા શિષ્ય બનાવો. તમારી સાથે રહીને ભગવાનનું ભજન કરશું. ૪ યુવાનોએ એકનાથજી સાથે રહી ભજન કરી જીવન સફળ કર્યું.

સંતો પાપીને પુનિત કરે છે. નિંદા કરે તોય ભલે અને વંદન કરે તોય ભલે. સાચા સંતને કાંઈ થતું નથી. તેઓ અલમસ્ત ભજન કરતા રહે છે. અજ્ઞાની માણસો ગમે તેટલા ભકતજનોને હેરાન કરે, ગારો નાખે કે ગાળો આપે છતાં પણ મૂંઝાય નહિ ઝંખવાય નહિ. સત્સંગનો ખપ હોય, તેનાથી શું ન થાય ? જેને

**એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે.**

ભગવાનનો ખપ હોય તે સુખ, દુઃખ, માન, અપમાન બધુ જ સહન કરી શકે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૩૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૩૫) ઉત્સવ સમૈયા યાદ આવી જાય તો જીવનું કલ્યાણ થાય.

સ્વામિનારાયણ હરે..

શ્રીજીમહારાજની દિવ્ય અલૌકિક લીલાનું સ્મરણ કરી. ધ્યાન કરો સુતાં જાગતાં દાતણ કરતા તેલ ફૂલેલ અતર ચોળતાં ભક્તો અને સંતો સાથે સ્નાન કરે છે તેવી લીલાનું સ્મરણ કરો. ભગવદ્ સ્મરણનો અદ્‌ભુત મહિમા છે.પંચાળાની લીલા સાંભળો બહુ મજા આવશે.

શ્રીજીમહારાજે પંચાળામાં રંગોત્સવ કર્યો.. તે ગામમાં રબારી, ભરવાડ, આહીરની વસ્તી વધારે.. ઉત્સવમાં સેવા બહુ સારી કરી.. તનતોડ મહેનત કરે છે. પ્રભુએ કહ્યું, તેઓને શિખંડ-પૂરી-દૂધપાક ને બાસુંદી, લાડુ, જલેબી, સાટા વિગેરે સુંદર પકવાન જમાડી રાજી કરીએ. ભરવાડને બોલાવ્યા.વાત કરી ધુવાંબંધ ગામને જમાડવાનું છે. તમે જે કહો તે જમાડીએ. ભરવાડ બોલ્યા, લાડુ, સાટા જેવા પકવાનમાં શું જમીએ. એ અમને ભાવે નહિ. એનાથી પેટ ઠરે નહિ, અમને વહાલામાં વહાલું ભોજન શેલણ છે.

શ્રીજીમહારાજે કહ્યું, શેલણ એટલે શું ? ઝીણાભાઈએ કહ્યું, ચોખા રાંધી, તેમાં ઢીલો ગોળ ભેળવી ઘણું ઘી નાખીને બરાબર મીક્ષ કરે તેને શેલણ કહેવાય. એ સારામાં સારું ભોજન. શ્રીહરિએ કહ્યું, આ તો સહેલું ને સોંઘુ છે. ગામમાં સાદ પડાવી સૌને જાણ કરી.. બધા માણસો જમવા આવ્યા. પંક્તિ થઈ. પ્રભુ પંક્તિમાં પીરસે છે. ખૂબ જમાડી તૃપ્ત કર્યા. ભરવાડ રાજી રાજી થઈ ગયા. પ્રભુના હાથનો પ્રસાદ. થોડું જમવું હોય તોય ભરપેટ જમાઈ જાય. આનંદ આનંદ થઈ રહ્યો છે..

**ગુસ્સો એ ગાંડપણનો પ્રથમ તબક્કો છે,**
**અને અહંકાર તેનો અંતિમ તબક્કો છે.**

શ્રીજીમહારાજે પુછ્યું, જમવામાં કોઈ બાકી નથી રહ્યું ને.મહારાજ બધાએ જમી લીધું છે. શ્રીજી મહારાજે નદીના કિનારા તરફ નજર કરી તો માણસો ફરતા હતા, શ્રીજીએ કહ્યું, ફરતા માણસોને બોલાવી આવો. માણસોએ કહ્યું, એ પાપી વાઘરી છે, એને જમાડાય નહિ. શ્રીજીમહારાજે કહ્યું, જે હોય તે. બોલાવો. ગરીબ વાઘરીને બોલાવીને શેલણ જમાડ્યું. જિંદગીમાં આવું કોઈ દિવસ ખાધેલું નહિ.. રાજી રાજી થઈ ગયા.

સમય જતાં વાઘરી વૃધ્ધ થયો. ખૂબ તાવ આવ્યો. એનાં પત્ની બાજરાના ને જુવારના રોટલાના ટૂકડા દે.. લે.. ખા રોટલા ભાવતા નથી. બીજું કાંઈક સારું સારું ખાવાનું દે. તેની સ્ત્રીએ કહ્યું, ઘરમાં કાંઈ નથી. ગામમાં માગવા જાઉં છું. જે મળે તે આપું છું. ખાવું હોય તો ખાવ.. નહિંતર સૂઈ જાવ.

પંચાળામાં શેલણ જમ્યો હતો, તે યાદ આવી ગયું, ઓહો.. કેવા દયાળુ દિવ્યપુરુષ હતા, સુંદર શ્વેતવસ્ત્રધારી.. મસ્તકે ફેંટો બાંધેલો. કેવી મધુર મીઠી વાણી, આંખમાં અમૃત ઝરતું હતું. મને સુંદર ભોજન જમાડ્યું. કેવી મઝા આવી ગઈ. તે દિવ્યપુરુષ મને ફરીથી જમાડવા આવે તો પેટ ભરીને જમી લઉં. આ ટાઢા રોટલાના ટૂકડા ભાવતા નથી. શ્રીજીમહારાજના હાથે જમેલા પ્રસંગનું વારંવાર સ્મરણ કરી રહ્યો છે. એવામાં અંતઅવસ્થા આવી, ભગવાન યાદ આવે છે.

શ્રીજીમહારાજનાં દિવ્યસ્વરૂપે દર્શન થયાં, પથારીમાંથી બેઠો થઈ ગયો. મને જમાડ્યો હતો તે શ્વેત વસ્ત્ર પહેરીને મને વિમાન લઈને તેડવા આવ્યા છે. રાજી થઈ ગયો. હમણા મને જમાડશે. ઊંચે સાદે બોલ્યો, હું. એમની સાથે અક્ષરધામમાં જાઉ છું. ભગવદ્ સ્મરણનો અદ્‌ભુત મહિમા છે. શ્રી કૃષ્ણચંદ્ર ગીતાજીમાં કહે છે.

**યં યં વાપિ સ્મરન્ભાવં, ત્યજત્યન્તે કલેવરમ્ ।**
**તં તમેવૈતિ કૌન્તેય, સદા તદ્‌ભાવભાવિતઃ ॥**

વચનામૃતમાં શ્રીહરિ કહે છે - અંત સમયે ભગવાન સાંભરી આવે તો એના જીવનું ઘણું રૂડું થાય છે અને અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષો વર્ષ ઉત્સવ કરીએ છીએ.

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૩૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**વ્યસન મહેમાન બનીને આવે છે
પણ માણસને ગુલામ બનાવી દે છે.**

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૩૬) મને જમદૂતના મારમાંથી બચાવી લીધી.

સ્વામિનારાયણ હરે..

મન સાથે લડાઈ કરવી તે શૂરવીરનું કામ છે. ભક્તિ કરવી તે ઢીલા પોચાનું કામ નથી, એ તો શિરસાટાની વાત છે. ભક્ત થાવું કાંઇ સહેલું નથી, સહેલું હોય તો આખી દુનિયા ભક્ત થઇ જાય.. તો શું કામ અડધા કુસંગી રહે છે ? અરે !!! પા ભાગનું જગત ભક્ત નથી, અને જે ભક્ત થયા છે. તિલક ચાંદલો કરે છે ને કંઠી પહેરે છે, તેમાંય કેટલા નાસ્તિક છે, પોતાના વર્તમાન શું છે એની એને ખબર નથી, કહેવાય હરિભક્ત.

સિંહ જેવા શૂરવીર ભક્ત તો કોઈક જ હોય, બાકી સિંહનાં ટોળાં હોય નહિ, ઘેટાં બકરાનાં ટોળાં હોય... સાચા ભક્તનાં ટોળાં ન હોય, કોઈક જ વીરલા હોય છે, પોતે સત્સંગ કરે ને બીજાને કરાવે.

ગામ સરવઈમાં પરમ ભક્ત ગોપાળભાઈ હતા, ખેતીવાડી કરતા તેમને કીર્તન ભક્તિ પ્રધાન હતી, ખેતરમાં હાલતાં ચાલતાં કીર્તન ગાયા કરે, ગમે તેવું કામ કાજ હોય તો પણ નિયમસર કથામાં પહોંચી જાય અને સંતસમાગમ કરે, સારા ઉત્તમકોટિના ભક્ત હતા. પરણેલાં પત્ની ગુજરી ગયાં તેથી બીજી પત્ની ઘરમાં લાવ્યા, પણ બન્યું એવું કે તે સ્ત્રીને બિલકુલ સત્સંગ કે વિવેક નહિ, પતિ પત્નીનાં શરીર જુદાં પણ મન એક હોય તો સંસારમાં રહેવાની અને સત્સંગ કરવાની મજા આવે. ગાડાનું એક પૈડું સ્કુટરનું હોય અને બીજું પૈડું ટ્રેક્ટરનું હોય તો ગાડું સરખું ચાલે નહિ. સંસારમાં પણ એવું જ છે, પતિ પત્નીનું મન એક હોવું જોઈએ.

ગોપાળભાઇને બિલકુલ મજા આવતી નથી, સદાય દિલ અશાંત રહે છે. કરવું શું ? એક દિવસ તેનાં પત્નીને કહ્યું, અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ, તું ધર્મનિયમનું પાલન કરજે, દૂધ, પાણી, ઘી, તેલ વિગેરે પ્રવાહી પદાર્થને કપડાથી ગાળીને રસોઇમાં વાપરજે, પત્ની ખીજાઇ ગઇ, એવાં ફતુર હું નહિ કરું, મને ફાવશે તેમ કરીશ. ગોપાળભાઇએ કહ્યું, સ્વામિનારાયણ ભગવાનનું ભજન કીર્તન કરજે, સ્ત્રી બોલી ભગવાનનું નામ ભૂલે ચૂકે પણ નહિ બોલું.. ગોપાળભાઇએ કહ્યું રસોઇ બનાવી ભગવાનને જમાડજે. તેમનાં પત્ની ખીજાઇને બોલી વારંવાર આમ કરજે તેમ કરજે.. એમ કહ્યા કરશો તો મારા માબાપને ઘરે જતી રહીશ.. મને ખોટો કંટાળો નહિ જોઇએ.

ગોપાળભાઇ ઉદાસ થઇ ગયા, શું કરવું ? મૂર્ખને કઇ રીતે સમજાવું ? કાંઇક યુક્તિ કરવી પડશે,, ચોમાસાના દિવસો છે, બપોરના બાર વાગે તે સ્ત્રી ગોપાળભાઇને રોટલા દેવા ખેતરે ગઇ.. ગોપાળભાઇ કીર્તન ગાતા ગાતા વાવણી કરે છે.

પત્નીએ સાદ પાડ્યો... ચાલો રોટલા જમી લ્યો. ગોપાળભક્તે કહ્યું, તું સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલીશ તો હું જમીશ. નહિંતર તારા હાથના રોટલા જિંદગીભર મારે ખાવા નથી. સ્ત્રી બોલી ગમે તેમ કરશો પણ હું સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવાની નથી. તમારાથી થાય તે કરો. ગોપાળભક્તે પોતાના પગમાંથી ખાસડું કાઢી બીક બતાવી, સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરીશ કે નહિ ? નહિતર માર્યા વગર મૂકીશ નહિ. મારશો નહિ, હું ભગવાનનું ભજન કરીશ, તમે કહેશો તેમ કરીશ, દાસી થઇને રહીશ, મને મારશો નહિ. સ્ત્રી સીધી નેતર થઇ ગઇ. ગોપાળ ભક્તે કહ્યું પહેલેથી માની ગઇ હોત તો બીક બતાવી પડત નહિ, લાવ રોટલો જમી લઉં.

શ્રીજીમહારાજને સંભારી માનસીપૂજા કરી રોટલા જમ્યા. જીવત પર્યંત સત્સંગ ટકાવી રાખ્યો, કોઇ દિવસ ગોપાળભાઇના વચનને તરછોડ્યું નહિ. જેમ કહે તેમ કરે. આ છે શૂરવીર ભક્તનું કામ. સત્સંગ કરવાથી સાચી સમજણ આવી, તેથી સ્ત્રી કહે છે, હે પતિદેવ ! હવે મને જમદૂતના જોડા ખાવા નહિ પડે, દુઃખથી બચાવી લીધી.

**પૈસાદાર હોવાનો દેખાવ કરવામાં જ**
**માણસ ગરીબ થઇ જાય છે.**

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૩૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

# ઘર સત્સંગ સભા

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૩૭) જીતં જગત્ કેન, મનો હિ યેન

સ્વામિનારાયણ હરે..

ભગવાનની મૂર્તિમાં મનને રાખવું એ કાયરનું કામ નથી, શૂરવીર ભકતનું કામ છે. પંચવિષયની જાળ અટપટી છે. એમાંથી જલદી નીકળાતું નથી.. માયાની જાળમાંથી મુકત થવું હોય તો સાચા ભાવે નિશદિન સત્સંગ કરો, નિયમધર્મનું પાલન કરો.. જગતને રીઝવવા માટે કરવો નહિ, પણ જગદીશ્વરને રિઝાવવા માટે સત્સંગ કરવો.

ડભાણમાં એક ડોશીમા હતાં.. તેણે પોતાના ઘરમાં ખાડો ખોદીને તેર રૂપિયા ઘંટી નીચે રાખ્યા હતા. સમય જતાં ડોશીમા બીમાર થયાં. ભગવાન યાદ આવતા નથી. પણ પૈસા યાદ આવે છે. આખી જીંદગી માણસોને માયા બહુ વહાલી લાગે છે. મરે ત્યાં સુધી માયા મૂકતા નથી અને પરમેશ્વરમાં ચોંટતા નથી.

શ્રીજીમહારાજ તેડવા પધાર્યા, ચાલો થાવ તૈયાર.. મહારાજ.. મારી દીકરીને પૈસા સોપી દઉં પછી તેડવા આવજો.. હજુ વાર છે. તે સાંભળી શ્રીજીમહારાજ ચાલ્યા ગયા.. પૈસામાં વાસના રહેવાથી તે ડોશીમા ભૂત થઈને દીકરીના ઘરમાં આંટા મારે, વાસના પૂરી થઈ નહિ ને ધામમાં જવાયું નહિ.

ભલા થઈને ભગવાન સિવાય બીજું કાંઈ વહાલું રાખતા નહિ. જો બીજું વહાલું રાખ્યું તો ભૂંડા હાલ થશે. ભગવાનના ધામમાં જવા તૈયાર રહેવું. ઘરનાં સગાં સંબંધી ખોટું ખોટું હેત બતાવે છે. આ વધારે સુખ ભોગવે અને સંસારમાં ફસાયેલો રહે તો બહુ સારું. વાસના વશ થઈ માણસ સુખ ભોગવે છે, તેથી આંખ અને મન બગાડે છે.. તેથી વાસનાનું બીજ બળતું નથી. માનવનું મન એ વાસનાનું

**ભક્તિમાં ક્રિયાનું મહત્ત્વ નથી, ભાવનાનું મહત્ત્વ છે.**

ખેતર છે. ખેતરમાં પડેલું બીજ બળી ન જાય તો તે બીજ ફરીથી ઉગી નીકળે છે. મનમાં કેટલાં વાસનાનાં બીજ છે વિચાર કરજો..

વાસનાનું બીજ બળતું નથી, તેથી માણસ કામાંધ અને મોહાંધ બને છે. વાસનાનું બીજ કેમ બળશે ? અખંડ ભકિત કરવાથી અને જ્ઞાન યુકત વૈરાગ્યથી વાસનાનું બીજ બળે છે.

વચનામૃતમાં શ્રીહરિ કહે છે. શૂરવીર હોય તે લડાઈના સંગ્રામમાં સામે ચાલે. પાછો હટે નહિ, ફોસી હોય તો ઘરમાં પેસી જાય.. લડાઈ કરતાં કરતાં હારે તો ભગવાન એને શાબાશી આપે છે, મન સાથે લડાઈ તો લે છે ને.

શૂરવીર ભકતનો જીવાત્મા કહે છે, અલ્યા મન હું કાંઈ છ મહિનાનો બાળક નથી, કે ડરી જાંઉ, બીવે એ બીજા, હું શૂરવીર છું, તારી તાકાત હોય તો આવી જા. મારી સામે... તેં દેડકાં જેવા ભક્તોને ડાંભ્યા છે. હું મણિધર સાપ જેવો છું. મણિધર આગળ તારું કાંઈ નહિ ચાલે. મણિધર જેવા થાશું ત્યારે લડાઈમાં જીત થશે. સારંગપુરના પહેલા વચનામૃતમાં શ્રીહરિ કહે છે.

**જીતં જગત્ કેન - મનો હિ યેન**

જેણે પોતાનું મન જીત્યું તેણે જગત જીત્યું, મનને જીતવું બહુ કઠણ છે. મન વિના પ્રયોજને ચાળા કર્યા કરે છે. દિવ્ય દૃષ્ટિથી જગતને જુઓ તો ક્યારેય મનમાં ખોટી અસર થશે નહિ. પ્રહલાદજીકી બ્રહ્માકારે દૃષ્ટિ હુઇ તો સ્તંભમેં ભી ભગવાન કે દર્શન હુએ. ગોપીઓંકી બ્રહ્માકાર દૃષ્ટિ હુઈતો મટકી મેં ભી ભગવાન કા દર્શન હુઆ. ભગવાન કો આંખોંમેં રખોગે તો મન પવિત્ર હોગા.. ઔર મન પવિત્ર હોગા તો અચ્છે વિચાર હોંગે. હમેશા પરમાત્મા કો દેખને કી આદત રખો.

વારંવાર પરમાત્માને જોવાની ટેવ પાડો તો મન બગડશે નહિ... જગત બગડ્યું નથી... મન બગડ્યું છે... આ જગતને કોઇ સુધારી શક્યો નથી. પરંતુ જેણે દૃષ્ટિ સુધારી છે તેની જ સૃષ્ટિ દિવ્ય બને છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૩૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**અહંમ્‌નું વાદળું દુર થતા જ્ઞાનનો સૂર્ય ખીલી ઉઠે છે.**

## (૩૮) સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, ઇન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખે તો અંતઃકરણ શુધ્ધ થાય છે. અનંતકાળના જે પાપ જીવને વળગ્યા છે તેનો નાશ થઈ જાય છે. (ગ. પ્ર. પ્ર ૮ વચનામૃત)

ગઢપુરના પરમ ભક્ત ઉકાખાચર રહેતા હતા. એક દિવસ ગઢપુરમાં લીલુડા લીંબડા નીચે શ્રીજી મહારાજ ઢોલીયા ઉપર વિરાજમાન હતા. ચારે બાજુ સંતો અને ભક્તો બેઠા હતા. શ્રીજી મહારાજ સંતોને પુછ્યું, ''સંતો, તમે પૂજામાં કેટલી મૂર્તિઓ રાખો છો?'' સંતોએ કહ્યું, મહારાજ, એક તમારી જ મૂર્તિ રાખીએ છીએ.

પછી પ્રભુએ ઉકાખાચરને પુછ્યું, ભગત, તમે પૂજામાં કેટલી મૂર્તિઓ રાખો છો ? ઉકાખાચર સરસ જવાબ આપ્યો, મહારાજ, મારી પૂજામાં પાંચસો મૂર્તિઓ છે. આવી વાત સાંભળી બધાં ઉકાખાચર સામું એક નજરે જુએ છે. ત્યારે શ્રીજી મહારાજે ફરી પુછ્યું. તમે પાંચસો મૂર્તિની પૂજા કેવી રીતે કરો છો તે અમને સંભળાવો તો આનંદ થાય. ત્યારે ઉકાખાચરે કહ્યું જે, હે મહારાજ ! સંતો અને હરિભક્તો પૂજા કરવા બેસે ત્યારે આહવાન મંત્ર બોલે, પછી માળા ફેરવે, પ્રદક્ષિણા કરે, દંડવત કરે. એવી રીતે હું પૂજા નથી કરતો. મારી પૂજાની રીતભાત જુદી છે.

શ્રીજી મહારાજે સ્મિત હાસ્ય કરતાં કહ્યું, તમે જેમ પૂજા કરો છો તેમ અમને કહી સંભળાવો. ઉકાખાચર બે હાથ જોડીને કહે છે, હે મહારાજ, હું દરરોજ સવારે ત્રણ વાગ્યે ઉઠી સંતોની ધર્મશાળા સાફ કરું, બાથરૂમ સાફ કરૂં અને હાથમાં સાવરણો લઈને દાદાખાચરનો દરબાર સાફ કરું. પછી ઘેલા નદી સુધી રસ્તામાં કાંટા, કાંકરા હોય તે બધા સાવરણીથી સાફ કરું, જેથી સંતો સ્નાન કરવા જાય ત્યારે કાંટા કાંકરા વાગે નહિ. માંદા સંતો હોય, ચાલી ન શક્તા હોય, તેમના માટે ઘેલા નદીમાંથી પાણી લાવીને સ્નાન કરાવું. પછી તેમના ધોતીયાં ધોઈને સુકાવી દઉં. બીમાર સંતો હોય, વૃધ્ધ સંતો હોય તેમના હાથ પગ દબાવી આપું. કોઈ સંતોનું માથું દુખતું હોય તો માથું દબાવી આપું. અને દરરોજ વસ્તુ જે જોઈએ તે લાવી

આપું. દૂધ લાવી આપું. સંતોની સેવા કરવાથી મને હૃદયમાં ખૂબ શાંતિ અને સંતોષ થાય છે. સંતોની સેવાને હું પૂજાની મૂર્તિ માનું છું.'' આવું સાંભળીને શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા. પોતે જે પુષ્પનો હાર પહેર્યો હતો તે ઉકાખાચરને પહેરાવીને રાજીપો વ્યક્ત કર્યો. ધન્ય છે ઉકાખાચરની પૂજાને, સેવાને અને એમની સમજણને.

ગ. મ. ૨૫ ના વચનામૃતમાં શ્રીજી મહારાજે ભરી સભામાં ઉકાખાચરની પ્રશંસા કરતાં કહ્યું છે કે, ઉકાખાચરને જેવું સંતની સેવા કરવાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથ ભગવાનના સંતની સેવા કરવાનું જેને વ્યસન પડે, તે વિના એક ક્ષણ માત્ર પણ રહેવાય નહિ, તો એના અંતઃકરણની મલીન વાસના તે નાશ થઈ જાય છે. શ્રીજી મહારાજ ઉકાખાચરને ઘર ધણી કહીને પણ બીરદાવતા ત્યારે બીજા ભક્તોને વિચાર થાય કે, ઘરધણી તો દાદાખાચર છે, અને ઉકાખાચરને કેમ ઘરધણી કહેતા હશે?

તેની એક સરસ બાબત છે. એક વખત દાદાના દરબારમાં કુતરું બગાડી ગયું. બધાં દર્શન કરવા આવે ત્યારે બોલતા આવે, કુતરું ગંદુ કરી ગયું છે. પણ કોઈ સાફ ન કરે. પણ ઉકાખાચરે તરત કપડાં બદલાવી, સાફ કરી નાખ્યું. પછી સ્નાન કરીને સભામાં બેઠા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, હવે ઘરધણી આવ્યા! પોતાનું ઘર સમજીને દાદાનો દરબાર ચોખ્ખો રાખતા. તેવી રીતે આપણે પણ મંદિરને આપણનું ઘર જાણીને સેવા કરવી. સાફ સફાઈ કરવામાં શ્રધ્ધા રાખવી. એજ આ કથાનો હેતુ છે. સેવા જાતે કરવાની. સેવા કરવાથી અનંત ઘણું ફળ મળે છે. સેવા નીચી, ફળ ઉંચું. મંદિરનો ચોક વારશો તો એ સેવા નીચી કહેવાશે, પણ એનું ફળ બહુ ઉંચું મળશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

**પળે પળનો હિસાબ રાખો.**

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિતો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૩૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૩૯) માલણનો મધુર ભાવ

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી દંડકારણ્ય પધાર્યા. ત્યાંની શોભા જોતા થકા નાશીકપુરમાં પધાર્યા. ત્યાંથી પંચવટી આવી ગોદાવરી નદીમાં જ્ઞાનઘાટે સ્નાન કર્યું. રામચંદ્રજી ભગવાનના વનવાસ લીલાનું સ્મરણ કરી, દર્શન કરી, ત્યાં બે ત્રણ દિવસ રોકાઈને પછી ત્ર્યંબકેશ્વર પધાર્યા. મહાદેવજીના દર્શન કરી કુંડમાં સ્નાન કર્યું.

ત્યાંના મુમુક્ષુ જીવાત્માને ખૂબ ઉપદેશ આપ્યો છે. ‘‘પ્રભુના આશરાનું બળ રાખવું. હું ભક્તિ કરું છું, પૂજા પાઠ, કથા કીર્તન, દાન પુણ્ય બધું જ કરું છું. નિયમિત સત્સંગ કરું છું. મને દુઃખ કેમ આવ્યું? મારા સંકલ્પ ભગવાન કેમ પૂરા કરતા નથી? મને નોકરી કેમ મળતી નથી? મને બિમારી કેમ મટતી નથી? આવું ઊંધુ સમજવું નહિ. ભગવાનનો દોષ કાઢવો તે સારું નહિ. ભક્તની ધીરજ ભગવાન પડદામાં રહીને જુવે છે. હરિની આજ્ઞામાં રહીને ભજન સ્મરણ કરવું. આજ્ઞામાં ફેર પાડવો નહિ. જિંદગીભર નિયમ ધર્મ ટકાવી રાખવાં પણ ધર્મમાં ઢીલાશ રાખવી નહિ.’’ વિગેરે ખૂબ ઉપદેશ આપ્યો છે.

પ્રભુ ત્યાંથી ચાલ્યા તે બ્રહ્મગિરિ પર્વત ઉપર પધાર્યા. ગોદાવરી નદી જ્યાંથી નીકળે છે તે સ્થાન જોયું. પછી ત્યાંથી નીચે ઉતર્યા. ત્યાંથી માલે ગામ પધાર્યા. ગામથી પશ્ચિમ તરફ એક શિવાલય હતું. ત્યાં પાંચ દિવસ રોકાયા. ત્યાંથી પ્રભુ મોસમ નામની નદીએ પધાર્યા. ત્યાંથી ફરતા ફરતા ધર્મપુર પધાર્યા. ત્યાંથી સુરત શહેરમાં પધાર્યા. ત્યાં નિર્વાણ અખાડા પાસે ગોડિયાનું મંદિર છે તેના ઓટા ઉપર બેઠા.

મંદિરના મહંતને પૂછ્યું, ‘‘અગિયાર વાગ્યાનો સમય થયો છે. તમે ભગવાનને રાજભોગના થાળ ધરાવ્યા?’’ પૂજારી ખૂબ લોભી હતો તેથી બોલ્યો, ‘‘આજે કોરા કડાકા થયા છે એટલે ભગવાનને થાળ ધરાવ્યા નથી.’’ પૂજારી ભગવાનને દરરોજ રાજભોગમાં મિષ્ટાન્ન, દૂધપાક, પૂરી, શ્રીખંડ વિગેરે થાળ ધરાવે, પોતે જમે ને જલસા કરે પણ મંદિરમાં કોઈ દિવસ પ્રસાદ પણ આપે નહિ. પૂજારીને

**દુઃખ એ ઈશ્વરનો પડછાયો છે.**

એમ કે હું કહીશ કે રાજભોગ ધરાવું છું તો બટુક બ્રહ્મચારીને જમાડવા જોઇશે તેથી ના પાડી દીધી. ત્રણ દિવસ સુધી નીલકંઠ વર્ણીને કાંઇ પણ ભોજન આપ્યું નહિ. ખોટું બોલીને ત્રણ દિવસ સુધી પ્રભુને ભૂખ્યા રાખ્યા.

લોભી માણસ જલદી કોઇને જમાડી શક્તો નથી. લોભમાંથી અનેક પાપોનો જન્મ થાય છે. લોભ માણસને ભાન ભૂલાવે છે. જેનામાં લોભ પેસે તેનામાં કૂડ કપટ, અન્યાય, અધર્મ અને કામ ક્રોધાદિક સર્વ દોષ વાસ કરીને રહે છે. લોભે કરીને દીકરાઓ મા બાપ પાસેથી ગરાસ, માલ, મિલ્કત લઇ લે છે પણ મા બાપને બોલાવતા નથી. સેવા કરતા નથી. વાંકા વેણ બોલી મા બાપને સંતાપે છે. લોભ પાપનો બાપ છે. જેને સુખી થવું હોય તેને સર્વ પ્રકારે લોભનો ત્યાગ કરવો.

નીલકંઠ વર્ણી બધું જાણે છે છતાં પણ કાંઇ બોલ્યા નહિ. ચોથે દિવસે ત્યાં દયાળુ સ્વભાવના એક માલણ બાઇ આવ્યા. તેજસ્વી રૂપવાન બાલાયોગીને જોયા ને અંતરમાં ઠંડક વળી. જમાડવાનો ભાવ જાગ્યો. મારા ઘરનું ભોજન સ્વીકારે તો મારો બેડો પાર થઇ જાય. પ્રાર્થના કરતા કહ્યું, ‘‘યોગીરાજ! આપ અમારે ઘેર જમવા પધારો ને મારો જન્મ સુધારો.’’

માલણનો મધુર ભાવ જોઇને પ્રભુએ કહ્યું, ‘‘કાચું સીધું લઇ આવો. અમારા હાથે રસોઇ બનાવશું.’’ માલણ દોડતા ઘરે ગયાં. સીધું આપ્યું. પ્રભુએ રસોઇ બનાવી, શાલીગ્રામને જમાડીને પછી પોતે જમ્યા. પ્રસાદી માલણ બાઇને આપી. માલણ ભાગ્યશાળી હશે જેથી પ્રભુનો મિલાપ થયો. પૂજારીએ નીલકંઠ વર્ણીને જમાડ્યા નહિ પણ માલણ બાઇએ ભાવથી પ્રભુને જમાડ્યા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**કીર્તન**

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

# ઘર સત્સંગ સભા

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૪૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૪૦) ઊંબરા પૂજન

સ્વામિનારાયણ હરે..

ભારતીય સંસ્કૃતિ હિન્દુ ધર્મ-સંપ્રદાયોમાં કરવામાં આવતી નાની મોટી

**સુખી થવા માટે સર્વેમાં ઇશ્વરપણાની દ્રષ્ટિ કેળવો.**

કોઈપણ ધાર્મિક ક્રિયા તેનું પોતાનું એક આગવું મહત્ત્વ ધરાવે છે. તેની પાછળ એક ચોક્કસ વિચારધારા જોડાયેલી હોય છે. આ બધી જ ક્રિયાઓ કંઈ એમ ને એમ અંધશ્રધ્ધા પૂર્વકની પરંપરાઓમાં ચાલી આવતી નથી.

જ્યારે તે ક્રિયા-વિધિ બાબતે આપણને માહિતી મળે છે ત્યારે આપણે તે ક્રિયાનું મહત્ત્વ સમજીને તેને મનોમન વંદન કરીએ છીએ. અને તેને કાર્યાન્વિત કરીએ છીએ.

આવી જ એક ક્રિયા-વિધિ છે ''ઊંબરાપૂજન'' ઊંબરાની પૂજા કરવી તે ભારતીય સન્નારીને તેની માતા તરફથી કરિયાવરમાં મળેલ અધ્યાત્મ સંપદા છે. જે તેની સાસુજી આગળ ધપાવવા માટે પૂત્રવધુને પ્રોત્સાહિત કરે છે. યાદ રાખો કે કોઈપણ પરંપરા તોડવી એ મહાદોષ છે.

આજકાલ બાંધકામ સ્થાપત્ય કલાએ વિકાસના નામે અને બાંધકામ ઘટાડવાના બહાને તથા સગવડના નામે મકાનોમાંથી ઊંબરાને ગાયબ કરી દીધો છે. જે યોગ્ય નથી.

પણ જૂના મકાનોમાં પથ્થર-લાકડાંનો ઊંબરો આજે પણ જોવા મળે છે. જ્યાં ઊંબરા છે ત્યાં અને જ્યાં નથી ત્યાં તે ઘરમાં જો ઘરવાળી-ગૃહસ્વામિની ધર્મ-અધ્યાત્મનો સાંસારિક વારસો લઈને ફરતી હશે તો તે ઘરમાં અચૂક રોજ ઊંબરા પૂજન થતું જ હોય છે આવા ઘરો અને ઘરવાળી સન્નારીઓને લાખ-લાખ વંદન કરવા જોઈએ. કારણ કે તેણી આપણી પંરપરાઓને જાળવી રાખી રહી છે માટે.

નજરે કે ટી.વી.માં આપણે એ દશ્ય અચૂક જોયું હશે જ કે ઘરમાં લગ્નબાદ અનેક અરમાનો લઈને આવતી આશાભરી યુવતી ઘરમાં ઊંબરામાં મૂકવામાં આવેલી ધાનની ઢગલી કે અનાજ ભરેલા કળશને ઘરમાં પ્રવેશ કરતી વખતે તે ઢગલી-કળશને પ્રથમ લાત મારીને ઘરની અંદર પાછું ધકેલી દે છે, ત્યારબાદ જ ગૃહપ્રવેશ કરે છે.

સીધી-સાદી જણાતી આ ક્રિયાનું માર્મિક રહસ્ય એ છે, કે જ્યારે આ વિધિ શરૂ થઈ તે સમયમાં અનાજને માનવ વૈભવનું-ઘરનું શ્રી અને સમૃધ્ધિનું પ્રતિક ગણવામાં આવતું હતું. ઘર બહાર નીકળતા અનાજને લાત મારી પાછું ઘરમાં

ધકેલી દેવાની ઘરની માલિકણ તરીકેની આ જવાબદારી ભારતીય સંસ્કારી યુવતી અદા કરે છે. તે પણ પ્રથમ પગલાથી જ અને તેણી મનોમન તે ધાનને પૂછે છે કે ખબરદાર જો આ ઊંબરો આળંગ્યો છે તો. હવે હું તને મારી રજા બહાર જવા દઈશ નહિ. તું યાદ રાખજે કે આ ઊંબરાની અંદર મારી હકૂમત ચાલે છે. આજ સુધી તને કોઈ પૂછનાર નહોતું હવે હું આવી ગઈ છું

તત્ત્વચિંતકો કહે છે, ''ઊંબરો એટલે ઘરનો મૂક પ્રતિહારી'' ઊંબરો એટલે ઘરની શ્રી, લક્ષ્મી અને ગૃહસ્વામીનીનો ચોકીદાર. ઘરની પ્રતિષ્ઠા, શાન, બાન અને આનનો સંરક્ષક. જો સમજો તો તે ઊંબરો લક્ષ્મણરેખા છે. ઊંબરો એટલે મર્યાદા. માટે તેનું પૂજન પ્રતિદિન સવારે આર્યનારી કરે છે.

તેણી સવારે પ્રાતઃકાલીન કાર્યો પૂજાપાઠ પૂરા કરીને ઊંબરાનું પૂજન કરે છે. ઊંબરાની બંને બાજુ કુમકુમના ચાંદલા કરે છે. સ્વસ્તિક અને ત્રિશુળના ચિહ્નો કરે છે. અને કેટલાક સ્થળે તો શુભ-લાભ અને એક, બે, ત્રણ, ચાર, પાંચ ચાંદલાની હારમાળા પણ કરે છે. ચોખા-અબીલ ગુલાલ પણ મૂકે છે. આ બધી ક્રિયા કરવા પૂર્વે તે ઊંબરાને સ્વચ્છ પાણીથી ધૂએ છે.

ઊંબરો ઘરની બહાર જતી યુવતીની જડતી લે છે. કે બહાર જાય છે તો ક્યાંય તારો પગ આડો અવળો ન પડે તેનું ધ્યાન રાખજે...આ ઘરની મર્યાદા જાળવજે.

તથા ઘરની બહાર જતા પુરુષને પણ કહે છે કે તું બહાર જઈને આ ઘરની પ્રતિષ્ઠા જાળવજે. કાળા કામો કરીને ઘરની આબરૂના ધજાગરા ઉડાડીશ નહિ. અને અંદર આવતા પુરુષને પણ પૂછે છે કે આ ઘરમાં અનીતિનું ધન તો લાવ્યો નથી ને. તારા ખરાબ વિચાર, વાણી અને વર્તનને આ ઘરમાં હું પ્રવેશવા દઈશ નહિં.

આમ ઊંબરો વફાદાર ચોકીદારની માફક ઘરમાં આવતાં-જતાં તમામ સભ્યો (પરિવાર) ની જડતી લે છે. તે પણ બોલ્યા ચાલ્યા સિવાય જ. છે ને કમાલની વાત.

આ ઊંબરાએ ઘરમાં આવતાં મહેમાનો-સંતોનું સ્વાગત હરહંમેશ કર્યું છે. તો હરામી માણસોના પ્રવેશને પણ તેણે અટકાવ્યો છે. બાળકોની પા પા પગલીનો

**ધરતીકંપ કરતા ધિક્કારકંપ વધારે હોનારત સર્જે છે.**

હર્ષભેર સ્વીકાર કર્યો છે. તો ક્યારેક ઘરવાળીની લાતો પણ ખાધી છે વફાદારી માટે.

આમ ઊંબરાની મૂક સેવાના પ્રતિકને વંદન કરવારૂપે તેની સેવાને બિરદાવવા માટે તેનું પૂજન કરવાની પંરપરા આપણા સાંસ્કૃતિક વારસાએ આપણને શીખવી છે. જો ઊંબરાનું પૂજન ન કરતા હોઇએ તો હવે પછી તે ચાલુ કરવાનો શુભ સંકલ્પ લઇએ તે પણ આજ થી જ.

મર્યાદા પાલનની પ્રેરણા આપનાર, ઘરના શીલ, સદાચાર, વૈભવના રક્ષક અને દર્શક એવા મૂક સેવક ઊંબરાને શત શત વંદન.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઇ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઇ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૪૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૪૧) પ્રભુ, મને માફ કરો, માફ કરો !

સ્વામિનારાયણ હરે..

ભગવાનની સાચી શરણાગતિ સ્વીકારે તો ભગવાન તેના ગુન્હા સામે જોતા નથી.. પણ માનવી બે ઘોડે ચડે છે, બે બાજુ લઙે છે. શ્રીજીમહારાજે વચનામૃતમાં સોમલાખાચરને કહ્યું અડધો પ્રસંગ અમારો કરો છો અને અરધો પ્રસંગ જગતનો કરો છો... બે બાજુ ઢોલકી વગાડો છો. . તેને સાચી શરણાગતિ કહેવાય નહિ.

**આળસ એ આરામ નથી, અને કંજુસાઇ એ કરકસર નથી.**

સારંગપુરના માતરા ધાધલ શ્રીજીમહારાજના પરમભકત હતા, પૂજાપાઠ, નિત્યનિયમનું પાલન કરતા, શ્રીજીમહારાજે અઢાર ભકતોને પત્ર લખી પરમહંસ બનવા ભુજ બોલાવ્યા તેમાં માતરા ધાધલનું નામ લખ્યું હતું. માતરાધાધલની પત્નીનું નામ સોમદેબાઈ હતું, પરમ ભકત હતાં, પ્રભુમાં અસાધારણ પ્રીતિ હતી, મારા જીવના ધણી પરમાત્મા છે, ભકિત ભાવ જોઈને પ્રભુ તેમને ઘેર ઘણી વખત પધારતા, માતરાધાધલને આ ગમ્યું નહિ...મારા કરતાં મારી પત્નીને શ્રીજીમહારાજ ઉપર ઘણું હેત છે. શ્રીજીમહારાજને યાદ કરે એટલો મને યાદ કરતી નથી.

શ્રીજીમહારાજ પધારે ત્યારે જળથી સ્નાન કરાવે, કંકુ ચોખા પુષ્પથી પૂજા કરે, આરતી ઉતારે,ભોજન જમાડે.. આ સારું નથી કરતી... ભગવાનમાં મનુષ્ય ભાવ આવી ગયો, દિવ્ય ભાવ આવવો જોઈએ, તેના બદલે સંશય વધી ગયો, શ્રીજી મહારાજમાં દોષ દેખાયો. પારકી સ્ત્રી ઉપર આટલું બધું શા માટે હેતભાવ રખાવે છે. તે યોગ્ય નથી.. કાંઈક કરવું પડશે. લાગ મળે તો કાસળ કાઢી નાખું. ઘેર આવતા બંધ થઈ જાય.. વિચાર કરો.. જેને ઈષ્ટદેવ તરીકે પૂજા કરે છે તેને મારી નાખવા તૈયાર થયા.

શ્રીજીમહારાજના વચનને ઝીલનાર ઘરબાર પત્ની પરિવાર ગામ ગરાસ તજી સાધુ થવા ભુજ આવ્યા તે આજે ભગવાનને મારવાનો લાગ જુવે છે. થોડા દિવસ પછી શ્રીજીમહારાજ માતરાધાધલને ઘેર પધાર્યા, સોમદેબાઈ... જય સ્વામિનારાયણ શું કરો છો ? મહારાજ પધારો પધારો... મીઠો આવકાર આપ્યો... જય સ્વામિનારાયણ ધન્ય ભાગ્ય ધન્ય ઘડી... આજે સોનાનો સૂરજ ઊગ્યો... સોમદેબાઈ બોલ્યાં, પ્રભુ ! આજની રાત રોકાઈ જાવ, ભોજન કરી પછી સીધાવજો. શ્રીજીમહારાજે કહ્યું અમારે ગઢપુર જવાની ઉતાવળ છે, બીજી વખત રોકાઈશું... તૈયાર ભોજન હોય તો આપો, સ્નાન કરીને પછી જમી લઈએ.

સોમદેબાઈ નવશેકું ગરમ પાણી કરીને પ્રભુને સ્નાન કરાવે છે, ત્યાં પાછળથી માતરાએ સખત ઉકળતું પાણીનું મોટું દેગડું ભરીને પ્રભુના માથા ઉપર રેડ્યું.... હવે ખબર પડશે.... આંખ મોઢું ને શરીર હમણાંજ દાઝી જશે.

પ્રભુ બોલ્યા... માતરા પાણી સેજ નવશેકું ગરમ કરવું હતું ને, આતો

શીતળ ને ઠંડુ હીમ જેવું પાણી છે. બહુ મજા આવે છે. કેવી સરસ મજાની સેવા કરો છો, માતરો.... આવું સાંભળી સ્તબ્ધ થઇ ગયો. જોરદાર વરાળ નીકળે છે, પાણીથી અને કહે છે કે ખૂબ ઠંડુ પાણી છે. કાંઇ સમજાતું નથી, અરરર મને આ પાપ ક્યાં સૂઝ્યું.... ઇષ્ટદેવને મારી નાખવાનું કાવતરું કર્યું, એ પાપમાંથી હું ક્યારે છૂટીશ. મારા જેવો કોઇ પાપી નહીં હોય.... દોડીને પ્રભુના ચરણ પકડી લીધા, આંખનાં આંસુથી ચરણ પલાળી દીધા, પ્રભુ મને માફ કરો માફ કરો.

**પોતામાં રહેલા દોષને જોયા કરે છે તે કોઇક દિવસ સારા થઇ શકે છે.**

શ્રીજીમહારાજે દિવ્ય દૃષ્ટિ કરી કે તુરંત માતરાને સમાધિ થઇ ગઇ અક્ષરધામનાં દિવ્ય દર્શન થયાં, અનેક મુક્તો શ્રીહરિની સેવામાં છે. શ્રીહરિએ કહ્યું માતરા અમે તમારા જેવા માણસ નથી, અમે જીવપ્રાણી માત્રના ધણી છીએ. સર્વથી પર છીએ. અમારી સાથે રહ્યા છતાં અમને ઓળખ્યા નહીં. આ તમારાં પત્ની સોમદેબાઇ મહા મુક્તાત્મા છે. તેના મનોરથ અમે પુરા કરીએ છીએ, અમારે મન સ્ત્રી-પુરુષ, જડ-ચેતન એવું કાંઇ છેજ નહી.

શ્રીજીમહારાજે કહ્યું તમારું પાણી અમે ઠંડુ શીતળ કરી દીધું પણ સાથો સાથ તમારા ધગધગતા અંતરને પણ અમે હીમ જેવું શીતળ કરી દીધું છે. ફરીથી આવી ભૂલ કરશો નહીં. શાંતિથી ભજન ભક્તિ કરજો અને પાકી નિષ્ઠા રાખજો. મેરુ સમાન મન મજબૂત રાખવું જોઇએ.

અજ્ઞાન દશામાં કાંઇ પાપ થઇ જાય તો પ્રભુ માફ કરે છે. પણ પ્રભુના શરણે આવ્યા, કંઠી બાંધી, પૂજા પાઠ કરીએ પછી એક પણ પાપ કરે તો એ ભગવાનને ઠગે છે, એના ગુન્હા ભગવાન માફ કરતા નથી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

**ઈશ્વરનો ડર માણસને સાચું બોલતા શિખવે છે.**

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૪૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૪૨) પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઇ ઇચ્છવું નહિ

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, ભગવાન સ્વામિનારાયણનો નિશ્ચય હોય, ભક્તિ અને દર્શન કરતા હોય છતાં પૂર્ણકામ ન માને અને હૃદયમાં ન્યૂનતા વર્તે જે ગોલોક, વૈકુંઠધામને વિષે જે ભગવાન વિરાજે છે તેના મને દર્શન થયા નથી ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી. એવી અજ્ઞાનતા રાખવી નહિ. (ગ. પ્ર. પ્ર. ૯ વચનામૃત)

ધુઆ ગામમાં લુહાર જ્ઞાતિના ગાંગુબાઈ એક સારા સત્સંગી બાઈ હતા. પોતે સત્સંગ કરે અને બીજાને કરાવે. સ્થિતિએ ગરીબ હતા. જો સત્સંગમાં ન આવે તો તે બાઈ બહેનોને ઘેર જઈને સત્સંગની સમજણ આપે.

આપણને મનુષ્ય જન્મ મળ્યો છે તો સાર્થક કરી લેવો જોઈએ. નવરા થઈએ તો ભેગા બેસીને ગામના ગપાટા મારશું તે કાંઈ સાથે ચાલશે નહિ. સારા નરસાં કર્મ કર્યાં હશે તે સાથે ચાલશે. જેમ અન્ન શરીરનો ખોરાક છે તેમ ભગવાનની પૂજા કરવી, ધ્યાન કરવું, ભગવાનના નામના જપ કરવાં તે આત્માનો ખોરાક છે. વહેલી પ્રભાતમાં વાતાવરણ શાંત હોય ત્યારે નિરાંતે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરવું.ભાગ્યશાળી કોણ કહેવાય ખબર છે? આ જગતમાં જેની પાસે ઘણાં પૈસા હોય, ગાડી અને બંગલા હોય, પુત્ર પરિવાર હોય, તેને જગતના જીવ ભાગ્યશાળી માને છે. પણ સાચી હકીકતમાં સત્સંગ કરે છે તે જ ભાગ્યશાળી છે. એવી સરસ મજાની સમજણ આપે.

એમ કરતાં કરતાં ગામમાં સત્સંગ વધતો ગયો. વહેલી સવારે બધાં બાઈઓ ભેગા મળીને ગાયનું છાણ ભેગું કરવા જાય. ત્યાં રસ્તામાં કીર્તન ગાતાં જાય. ગાંગુબાઇ કીર્તન બોલે અને પાછળ બધાં બાઈઓ ઝીલે. ભગવાનમાં ચિત્ત ચાંટી ગયું. નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવા બેસી ગયા. ભક્તિની શક્તિ તો જુવો... જ્યાં બાઇઓ કીર્તન ગાતાં ગાતાં છાણા ભેગું કરતાં હતાં ત્યાં પ્રભુ દિવ્ય સ્વરૂપે પ્રગટ થયા. બાઈઓ કીર્તન ગાય છે તેની સાથે ભગવાન પણ કીર્તન ગાવા લાગ્યા. ગાંગુબાઈને શરીરનું ભાન ભૂલાઇ ગયું અને સમાધિ લાગી ગઈ.

**કોઈના પ્રેમ કરતાં, આપણી અપેક્ષા વધુ હોય છે.**

સમાધિમાં અક્ષરધામમાં ગયા. અનંત મુક્તોની સાથે શ્રીજી મહારાજ બીરાજમાન છે. ત્યાં દર્શન કરીને વિચાર આવ્યો કે ગોલોકધામ કેવું હશે? ગાંગુબાઈને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય છે, અક્ષરધામનું સુખ મળ્યું, પ્રગટ પુરુષોત્તમ નારાયણના દર્શન થયાં છતાં પણ એમના હૃદયમાં એ ન્યૂનતા વર્તે છે કે ગોલોક ધામ કેવું હશે? જ્યાં સુધી એ ગોલોકના દર્શન નહિ થાય ત્યાં સુધી મારૂં પરિપૂર્ણ કલ્યાણ થશે કે નહિ થાય ?

આવો વિચાર કરતાં કરતાં ગાંગુબાઈને પ્રભુએ ગોલોકના દર્શન કરાવ્યા. ગોલોકમાં વિરજા નદીના કીનારે ગોપગોપીઓ સાથે શ્રી કૃષ્ણ ભગવાન રાસ રમે છે એવા અલૌકિક દર્શન થયાં. ત્યાં ફરી વિચાર આવ્યો કે વૈકુંઠધામ કેવું હશે ? વૈકુંઠમાં પહોંચી ગયા. ત્યાં શ્રીલક્ષ્મીનારાયણના દર્શન થયા. હજુ પણ નવું નવું જોવાની ઇચ્છા થાય છે. શાસ્ત્રમાં શ્વેતદ્વીપ ધામ છે તે કેવું હશે ? શ્વેતદ્વીપ ધામમાં પહોંચી ગયા. ત્યાં શ્રીવાસુદેવ નારાયણના દર્શન થયાં. પછી વિચાર કર્યો કે બદ્રિકાશ્રમ ધામ કેવું હશે ? ત્યાં જઈને અનંત ઋષિમુનિઓની સાથે શ્રીનરનારાયણ ભગવાન બીરાજમાન થયા હતાં તેના દર્શન કર્યાં.

આવા દર્શન કરીને સમાધિમાંથી જાગ્યા. ત્યાં બધાં બાઈઓ પાસે બધી વાત કરી કે, હું અક્ષરધામમાં ગઇ હતી. પછી ત્યાંથી ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બદ્રિકાશ્રમ બધાં ધામમાં મેં ભગવાનના દર્શન કર્યાં. ગાંગુબાઈને સમાધિમાં આવા દર્શન થયાં છતાં પણ મનમાં એટલી ન્યૂનતા વર્તે છે કે મનુષ્યરૂપે પ્રત્યક્ષ ભગવાનના દર્શન મને ક્યારે થશે? પછી તરત જ સ્વામિનારાયણ ભગવાને દર્શન આપીને કહ્યું કે "ગાંગુબાઈ, અમે પ્રત્યક્ષ સર્વોપરી ભગવાન છીએ. અમારા જ સ્વરૂપમાંથી બધાં અવતાર પ્રગટ થાય છે. એવી દઢ નિષ્ઠા રાખજો. અમારાથી કોઇ પર નથી. મારા જીવનમાં અધુરપ છે એવી ન્યુનતા રાખશો નહિ." આપણેને પણ એવી નિષ્ઠા રાખવી કે મને પ્રગટ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે. હવે કાંઈ બાકી રહ્યું નથી. ગોલોક, શ્વેતદ્વીપ, વૈકુંઠ દેખાય તો જ મારું કલ્યાણ થશે એવી માન્યતા રાખવી નહિ. મૂર્તિને વિષે દિવ્યભાવ રાખવો પણ પ્રાકૃતભાવ રાખવો નહિ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૪૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી..............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**જ્યારે ભોગ વધે છે, ત્યારે તેની સાથે રોગ અવશ્ય વધે છે.**

## (૪૩) સંત શક્તિનો પ્રતાપ.

સ્વામિનારાયણ હરે..

ખેતરમાં અનાજ વાવવું હોય તો ખેતરને સાફ કરવું પડે, બોરડી ને થોરિયાંનાં ઝાડને કાઢવાં પડે પછી વાવણી થાય. તેમ પહેલાં પ્રભુ જીવમાંથી કૂડ, કપટ, કામ, ક્રોધ વગેરે બોરડીનાં ઝાંખરાંને સાફ કરે છે, પછી સદ્‌બુધ્ધિ રૂપી વાવેતર કરે છે.

ખાલી ઘડો હોય તોજ તેમાં પાણી ભરાય, તેમ હૃદયરૂપી ઘડો દૂષણોથી ભર્યો છે તે ખાલી થાય તો જ્ઞાન અને ભક્તિરૂપી પાણી ભરાય. ભગવાન અજ્ઞાનરૂપી અંધારાને હરે છે અને સદ્‌બુધ્ધિ આપે છે તેથી તેમનું નામ અબુધ્ધિહૃત્ છે. ભગવાન અબુધ્ધ જીવનાં અજ્ઞાનને હરે છે, ને સદ્‌બુધ્ધિ આપે છે.

ગામ ઉમરેઠની અંદર એક પ્રસંગ બન્યો. જેના ઉપર ભગવાન કે સંતની કૃપા ઉતરે તે ગમે તેવો અસમર્થ હોય તો તે સમર્થ થઈ જાય.

**''મૂકં કરોતિ વાચાલં, પંગું લંઘયતે ગિરીમ્ ॥''**

મૂંગો વેદ બોલતો થઈ જાય, પાંગળો પર્વત પર ચડતો થઈ જાય, ભગવાનની કૃપા થાય તો રાંક રાજા બની જાય. ઉમરેઠમાં બ્રાહ્મણ ઘણા રહે છે, પણ એમને ભગવાન સ્વામિનારાયણ સંપ્રદાય ઉપર અણગમો.

ભગવાને શિવજીનાં મંદિરમાં ઉતારો કર્યો. ગામનાં માણસો આવ્યા ને પગે લાગીને બેઠા, પછી બોલ્યા કે, સ્વામિનારાયણ ! તમે ભગવાન કહેવડાવો છો. તો તમે એવો કયો ચમત્કાર બતાવ્યો કે તમને જગતના જીવ ભગવાન માને છે ? પહેલાંના આચાર્યો થઈ ગયા તેમણે ઘણાને ચમત્કાર દેખાડ્યા છે, એવો કોઈ ચમત્કાર દેખાડો તો તમને ભગવાન માનીએ. પાડાના મુખે વેદ બોલાવી શંકરાચાર્યજીએ પરચો બતાવેલો છે.

સ્વામિનારાયણ ભગવાને કહ્યું, વેદ પવિત્ર છે, તે પશુના મોઢેથી બોલાવડાવાય જ નહિ, સ્ત્રીને અને શૂદ્રને વેદ બોલવાનો અધિકાર નથી તો પાડાના મોઢે કેમ બોલાવી શકાય ?

સાવ પશુ જેવો બ્રાહ્મણ હોય, કાંઈ ભણેલો ન હોય, સાવ મુરખ જેવો હોય એને મારી પાસે લઈ આવો, તો અમે વેદ બોલાવીએ. શોધ કરતાં હરિશંકર નામનો અબુધ છોકરો મળ્યો. એનો હાથ પકડીને લઈ આવ્યા. પ્રભુએ બ્રાહ્મણ બાળ સામે નજર કરી ત્યાં ચાર વેદની ઋચાઓનો સ્પષ્ટ ઉચ્ચાર કરવા લાગ્યો. બધા સ્તબ્ધ થઈ ગયા. આ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ. બધા બ્રાહ્મણો ભગવાનને શરણે આવ્યા. આખા ગામને નિયમ ધરાવી સત્સંગી કર્યા.

સુરતમાં એક પારસીનો છોકરો જન્મજાત મૂંગો હતો. તેનો બાપ સ્વામી ગોપાળાનંદજી પાસે છોકરાને લઈ આવ્યો. સ્વામી પૂજા કરતા હતા, તેમાં કેળા ભગવાનને ધરાવ્યાં હતાં તે છોકરાને આપ્યા. ''લે, દીકરા ! ખાઈજા.'' જ્યાં પ્રસાદી ખાધી ત્યાં તરત છોકરો બોલ્યો. ''બાપા ! કેળા બહુ મીઠીં છે.'' એના બાપ રાજી રાજી થઈ ગયા. જેના સંતમાં આટલી સામર્થી હોય તો તે ભગવાન કેટલા સમર્થ હશે ?

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે. કોઈ માણસમાં થોડી બુદ્ધિ છે, તો પણ કલ્યાણને અર્થે જતન કરવું, તેમાંથી પાછો પડ્યો નથી, કોઈ બહુ ભણેલો હોયને મોટા મોટામાં ખોટ કાઢે એવો હોય પણ કલ્યાણને માર્ગે કેમ ચાલતો નથી ? ઘણી બુદ્ધિ વાળો હોય તેણે કલ્યાણને માર્ગે ચાલવું જોઈએ, તો કેમ ચાલતો નથી ? ને બીજાના દોષ જ જોયા કરે છે. ત્યારે શ્રીજીમહારાજે સરસ જવાબ દીધો કે,

**''એની બુદ્ધિ ઝાઝી છે પણ દૂષિત છે, એણે કોઇ મોટા સંતનો અથવા મા બાપનો અપરાધ કર્યો છે, તેથી સવળું સૂઝતું નથી, તેથી તેની આસુરી બુદ્ધિ થઇ ગઇ છે.''**

હવે જો સાવધાન થઈને નિરમાની પણે સંતની સેવા કરે તો જે આસુરી બુદ્ધિ થઈ છે તે શુધ્ધ થઈને દૈવી થાય.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**હાડકાં વગરની જીભે ઘણાંનાં હાડકાં ભાંગ્યાં છે.**

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૪૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૪૪) પ્રભુ બ્રહ્મધામ દર્શક છે.

સ્વામિનારાયણ હરે..

ભગવાન સ્વામિનારાયણે છતે દેહે અનેકને અક્ષરધામમાં મોકલ્યા છે. પ્રભુ બ્રહ્મપુર દર્શક છે. પાત્ર હોય કે કુપાત્ર હોય ભગવાન કરુણા દૃષ્ટિ કરે ત્યારે બ્રહ્મપુરમાં ગતિ થઈ જાય. ત્યાં ભગવાનનાં દર્શન થાય,અને જ્યારે જાગે ત્યારે ભગવાનના ચરણમાં પડે.

ઝરણાપરણાના શીતળદાસ બ્રાહ્મણ ભગવાનની ખૂબ ભક્તિ કરે. એક વખત તે યાત્રામાં ફરતાં ફરતાં દ્વારિકામાં આવ્યા. ત્યાં એને કોઈકે કહ્યું. ગામ ફણેણીમાં રામાનંદ સ્વામીને બધા ઈશ્વર તરીકે પૂજે છે, ત્યાં તમે જાવ ! શીતળદાસ ફણેણી આવ્યા, તો રામાનંદ સ્વામી દેહ છતાં હતા નહિ, તે અક્ષરધામમાં ગયેલા. હવે શું કરવું ? વિચાર કરે છે, ત્યાં તેરમાને દિવસે સભા થઈ, તેમાં અનેક સાધુ અને ભક્તો બેઠા છે. ગાદી તકિયાપર ભગવાન સ્વામિનારાયણ બિરાજમાન છે. દર્શન કરીને શીતળદાસ બેઠા બેઠા વિચાર કરે છે, આ સહજાનંદ સ્વામી મોટા પુરુષ ખરા, પણ ઈશ્વરતો રામાનંદ સ્વામી હતા, એતો અત્યારે છે નહિ, અદૃશ્ય થઈ ગયા છે, માટે હું બીજે ક્યાંક જાઉં. પ્રભુ એનો સંકલ્પ જાણી ગાયા.

પ્રભુ બોલ્યા, શીતળદાસ ! શું વિચાર કરો છો ? બીજે જવાનો વિચાર છોડી દ્યો, તમને રામાનંદસ્વામીનાં દર્શન કરવાં છે ને ? આવો દર્શન કરાવું. એમ કહી ભગવાને શીતળદાસ સામે નજર કરી ત્યાં સમાધિ થઈ ગઈ. બ્રહ્મધામનાં દર્શન થયાં, તેજ તેજનાં પુંજ છવાઈ ગયાં, શિતળ શાંત પ્રકાશમાં દિવ્ય સિંહાસન ઉપર સહજાનંદ સ્વામી બિરાજમાન છે, આજુ બાજુ અનેક મુક્તો બેઠા છે, રામાનંદ સ્વામી ભગવાનની સેવા કરે છે.

રામાનંદસ્વામીએ કહ્યું, શીતળદાસ તમે ભુલા ન પડો, સહજાનંદ સ્વામી તો પ્રગટ પુરુષોત્તમ નારાયણ છે, તેમનો તમને યોગ થયો છે, તો તેની સેવામાં તમે લાગી જાઓ. મારા જેવા તો કેટલાય એમની સેવામાં રહે છે. પછી શીતળદાસજી સમાધિમાંથી જાગ્યા અને પ્રભુના ચરણમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી બે હાથ જોડી બોલ્યા. પ્રભુ, આજથી તમારે શરણે છું, મને દિક્ષા આપો. દઢ

**વ્યસન મુક્તિ એટલે સદાચારની વૃધ્ધિ.**

નિશ્ચય થઈ ગયો. સ્વામિનારાયણ ભગવાને દિક્ષા આપી નામ રાખ્યું વ્યાપકાનંદજી. પ્રભુ બ્રહ્મધામ દર્શક છે.

ભગવાન સ્વામિનારાયણે એક વખત પઠાણને સમાધિ કરાવી. ભગવાન ઊંચા સિંહાસન પર બેઠા છે અને રામાનંદસ્વામી બે હાથ જોડી સ્તુતિ કરે છે. આવાં દર્શન થયાં, પઠાણ બે હાથ જોડી બોલ્યા. તમારા હિંદુમાં આવું ઊંધુ કેમ છે ? મોટા છે તે નીચે બેઠા છે ને નાના છે તે ઊંચા બેઠા છે. સ્વામિનારાયણ ભગવાને કહ્યું, અમારામાં આવુંજ હોય. ગુરુ વશિષ્ઠજી ઊંચા આસને બેસતા, રામચંદ્રજી ભગવાન નીચા બેસતા. કહેવાનો હેતુ એ છે કે પાત્ર ન હોય, કોઈ સાધના કરી ન હોય અને ભગવાન બ્રહ્મધામનાં દર્શન કરાવે. આપણે અક્ષરધામની વાતો કરીએ પણ શ્રીજી મહારાજ તો ધામ દેખાડતા.

શ્રીજીમહારાજ ભુજ પધાર્યા. લાધીબાના મનમાં નિશ્ચય હતો કે રામાનંદ સ્વામી હતા તે ભગવાન હતા, આ સહજાનંદ સ્વામી તો એમના શિષ્ય છે, પણ ભગવાન નથી. તેથી શ્રીજીમહારાજ પાસે આવે નહિ. આ સંશયને દૂર કરવા શ્રીજી મહારાજે ગંગારામ ભાઈને કહ્યું. તમે લાધીબાને બોલાવી આવો, ગુરુભાઈના નાતે અમને મળવા આવે. લાધીબા આવ્યાં તે વખતે :-

લાધીબાને સમાધિ થઈ ગઈ. તેમાં અક્ષરધામની દિવ્ય રચનાઓ જોઈ, રામાનંદસ્વામી શ્રીજીમહારાજની સેવા કરે છે, રામાનંદસ્વામી કહે છે, લાધીબા આ ઊંચા સોનાનાં સિંહાસનમાં શ્રીજીમહારાજ બિરાજમાન છે, તે સ્વયં પ્રગટ પુરુષોત્તમ નારાયણ છે, સર્વેના આધાર છે, અમે એના સેવક છીએ.

લાધીબાએ નિરખી નિરખીને પ્રભુનાં દર્શન કર્યાં. ખાતરી થઈ કે સ્વામિનારાયણ છે તે ભગવાન છે. સમાધિમાંથી જાગ્યાં એટલે, તુરંત શ્રીજીના ચરણમાં પ્રણામ કર્યા, અને કહ્યું હે મહારાજ ! તમે મારો સંશય દૂર કરી, મને અક્ષરધામનાં અલૌકિક દર્શન કરાવ્યાં. ભગવાનની ચાખડીના ચટકાના શબ્દ સંભળાય તેને પણ સમાધિ થઈ જતી ! ભગવાને અનેકને સમાધિ કરાવી સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો છે.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૪૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**આળસુઓની કોઇ સદ્ ઇચ્છા પુરી થતી નથી.**

## (૪૫) જીવનમાં વિવેક રાખો.

સ્વામિનારાયણ હરે..

પવિત્ર આચરણ વિનાનો માનવી કોઈપણ કાર્યની સિધ્ધિ મેળવી શકતો નથી. આચરણ જ એને ઊંચનીચ બનાવે છે. ગમે તેવી સારી ઈમારત હોય, પણ પાયા વિના લાંબા કાળ સુધી ટકતી નથી. તેમ પવિત્ર આચરણ છે તે સારી લાંબી જીંદગીનો પાયો છે. આ લોકમાં માણસની શોભા, પ્રતિષ્ઠા અને વિદ્વતા સર્વે પવિત્ર આચરણથી જ શોભે છે. આખી જિંદગી સુખમાં પસાર કરવી હોય તો **તન, મન, અંતર સ્વચ્છ કરીને ભક્તિ કરવી.**

તન મન અંતર સ્વચ્છ કરીને, સાચા સેવક થઈએ;

આચાર અને શુભ સંસ્કાર એજ માણસનું ખરું ભૂષણ છે. મણિ ગમે તેવો અમૂલ્ય હોય પણ જયારે સુવર્ણમાં રહે ત્યારે તે મણિ શોભે છે, પણ એકલો શોભતો નથી. તેમ માનવી ગમે તેટલો પૈસાવાળો પંડિત હોય, વિદ્વાન કે ચતુર હોય પણ જો ચારિત્ર બરાબર ન હોય તો તેની કોઈ કિંમત નથી. રાવણની સોનાની નગરી હતી, જાતનો બ્રાહ્મણ હતો પણ ચારિત્રની શુધ્ધિ નહિ. આંખમાં વિકાર આવવાથી સતી સીતાજી પર દાનત બગાડી તો બૂરા હાલે મૃત્યુ પામ્યો. આચાર જોઈએ અને સાથો સાથ વિવેક પણ જોઈએ.

એક યજમાનને ઘેર એમના ગુરુજી આવ્યા. વૈશાખ મહિનાનો સખત તાપ. ઘરના આંગણામાં લીંબડો હતો. તેના નીચે પાટ ઉપર ગુરુજીને બેસાડ્યા. ઠંડક રહે તે માટે શિષ્યે ચારે બાજુ પાણી છાંટ્યું. જેથી ઠંડો પવન આવે, પછી શિષ્યો પંખાથી પવન નાખવા લાગ્યા. ગુરુજીને પાણી પાયું. ગુરુજી સુંદર મજાની ભગવાનની વાત સંભળાવે અને જ્ઞાન ઉપદેશ આપે તે કથા શિષ્ય ધ્યાન દઈને સાંભળે.

એમ કરતાં કરતાં યજમાન બીમાર થયા એને થયું હવે મારું શરીર રહેશે નહીં. તેથી તેમના દીકરાને કહ્યું, અમે જેમ ગુરુજીની સેવા કરીએ છીએ, જયારે ઘેર આવે છે ત્યારે, તેમ તમે પણ સેવા કરજો. થોડા દિવસ પછી યજમાનનું મૃત્યુ થઈ ગયું. પછી એક દિવસ ગુરુજી તેમના ઘેર આવ્યા, બરાબર પોષ મહિનાની

કળકળતી ઠંડી તેમાં લીંબડા નીચે ગુરુજીને બેસાડ્યા. ૮૦ વરસની વૃધ્ધ ઉંમરના ગુરુજી, તેથી ઠંડી પણ વધારે લાગે. પછી યજમાનના દીકરાએ ચારે બાજુ પાણી છાંટ્યું અને પંખો લઈને મંડ્યા પવન નાંખવા. ત્યારે ગુરુએ કહ્યું, પવન નાંખવો બંધ કરો, મને ઠંડી લાગે છે. મને ઘરમાં બેસાડો. ત્યારે શિષ્યે કહ્યું ''ઘરમાં નહિ જવા મળે. એમ કહી જોર જોરથી પવન નાંખે ગુરુજીએ કહ્યું - તો તો હું બીમાર પડી જઈશ. શિષ્યે કહ્યું તમારું જેમ થવાનું હોય તેમ થાય પણ અમે તો અમારા પિતાજીની આજ્ઞાનું પાલન કરીએ છીએ. અમારા પિતાજી કરતા તેમ અમને કરવાનું કહી ગયા છે. તેથી તેમ જ કરશું. પછી ગુરુજી આશ્રમમાં ગયા, સખત બીમાર પડી ગયા.

વિવેક વગરની સેવાથી શું ફાયદો ? માટે જીવનમાં વિવેકની પણ જરૂર છે

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

**પ્રભુની પરીક્ષા ન થાય, પ્રભુની તો પ્રતિક્ષા થાય.**

# સભા-૪૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૪૬) કૃતઘ્નીનો સંગ કરવો નહિ.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે જે કર્યા કૃતને ન જાણે તેને કૃતઘ્ની જાણવો. કૃતઘ્નીનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. વળી શિક્ષાપત્રીના ૧૩૯ ના શ્લોકમાં શ્રીજી મહારાજ કહે છે કે, અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમને માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઇ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. (ગ. પ્ર. પ્ર ૧૦ વચનામૃત)

શ્રી નીલકંઠ વર્ણી વેંકટાદ્રિના મહા વનમાં ચાલ્યા જાય છે. રસ્તામાં એક સાધુ મળ્યો. તેનું નામ સેવકરામ હતું. વિદ્વાન હતો. પૈસાના દાસ હતા. વિવેકહીન હતા. રસ્તામાં બીમાર થયા. મરડો થઈ આવ્યો. તેની સાથે બીજા ઘણા બધા બાવા હતા, પણ બધા છૂટા પડી ગયા. સેવા કરનારું કોઈ નથી. નિરાધાર થઈને રડે છે. પ્રભુ નીલકંઠ વર્ણી તેની પાસે આવ્યા. દયાળુને દયા આવી ગઈ. કહે છે...

**અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો, પરદુઃખહારી રે, વારી બહુ નામીનો, કોઇને દુઃખીયો રે, દેખી ન ખમાય, દયા આણી રે, અતિશે આકળા થાય.**

તમે ચિંતા ન કરો, તમારી ચાકરી અમે કરશું. આશ્વાસન આપ્યું. પણ એક શરત. શું ભગવાન વિના બીજી કોઇ વાત ન કરો તો તમારી સેવા કરીશ. ભલે, તમે જેમ કહેશો તેમ કરીશ. મારી સેવા કરો. સાધુ સખત બીમાર થઇ ગયો તેથી એક બગીચામાં આવ્યા. ત્યાં એક વડનું વૃક્ષ હતું તેમાં હજાર ભૂત રહેતા હતા. પ્રભુને ભૂતની કોઇ બીક નથી એટલે વૃક્ષ નીચે કેળના પાંદડાની એક હાથ ઊંચી પથારી કરીને સાધુને સુવાડ્યો. પેટ બેસણું થઇ આવ્યું છે તેથી બગડેલા વસ્ત્ર નીલકંઠ વર્ણી સાફ કરે.

સેવકરામ રાજી થાય કે પૈસા વગરનો સેવક મજાનો મળી ગયો છે. કાંઇ પૈસા આપવા નહિ પડે. સેવકરામ પાસે હજાર સોનામહોર હતી પણ લોભી બહુ, પોતા માટે જેટલું સીધુ જોઇએ તેટલું જ મંગાવે. પ્રભુ રસોઇ બનાવીને જમાડે. શીરો બનાવી આપે. ટેસથી જમે પણ કોઇ દિવસ એમ ન કહે કે તમે મારી સાથે જમો. ગુલામની જેમ કામ પર કામ બતાવ્યા જ કરે. પ્રભુ ગામમાં ભિક્ષા માગીને જમે. ક્યારેક ભિક્ષામાં કાંઇ ન મળે તો ઉપવાસ થાય. ક્યારેક બે ઉપવાસ થઇ જાય તો પણ સાધુ એમ ન કહે કે કાંઇ ન મળ્યું હોય તો અમારી સાથે જમો.

ધ્યાન રાખજો ! **જીવનમાં વિવેક જોઇએ. વિવેકરૂપી વસ્ત્ર પહેરજો. નહિંતર ભૂંડા લાગશો.** પ્રભુ નીલકંઠ વર્ણીએ બે મહિના સુધી સેવકરામ સાધુની ખૂબ સારી સેવા કરી. સાવ સાજા થઇ ગયા. એક શેર ઘી જમીને પચાવે એવા તંદુરસ્ત થઇ ગયા. વિચાર કરો ! પ્રભુના હાથની પવિત્ર રસોઇ જમે તો ભવસાગરનો રોગ મટી જાય તો આ લોકના રોગની શી વાત ! સાવ વિવેક વગરના હતા.

સેવકરામ બોલ્યા, બાલાયોગી ! ચલો, હમારા શરીર અચ્છા હો ગયા હૈ. તો હમારી સાથ સામાન લે કર ચલો. પ્રભુ પોતાના માથા ઉપર એક મણનું પોટલું ઉપાડીને ચાલે. સેવકરામ એક લાકડી લઇને ચાલતો થાય. પ્રભુ તો ભાર નામે એક રૂમાલ પણ રાખતા નહિ. પ્રભુએ તેને કૃતઘ્ની જાણી તેનો ત્યાગ કરી દીધો.

**કરેલા ઉપકારને ભૂલી જાય, ઉપકારની કોઇ કદર ન કરે તેને કૃતઘ્ની કહેવાય.**

**પૈસાનું નામ છે - અર્થ, પણ તે કરે છે મહા અનર્થ.**

મજુર પાસે, નોકર પાસે સખત કામ કરાવે અને તે પ્રમાણે પગાર આપે નહિ, અન્ન વસ્ત્રની ખબર રાખે નહિ તે કૃતઘ્ની કહેવાય. મા બાપના ઉપકારને ભૂલી જાય, ગુરુના ઉપકારને ભૂલી જાય, કોઈએ દુઃખમાં આપણને મદદ કરી હોય તેને ભૂલી જાય તેને કૃતઘ્ની કહેવાય. કૃતઘ્નીનો સંગ કરવો નહિ.

ભગવાનના ઉપકારને ભૂલી જાય તે પણ કૃતઘ્ની છે. ગર્ભવાસમાંથી કોણે છૂટા કર્યા છે ? ભગવાને છૂટા કર્યા છે. અન્ન, જળ, તેજ આપી કોણ પોષણ કરે છે ? ખાધેલા અનાજને કોણ પચાવે છે ? ભગવાન પચાવે છે. આંખમાં પ્રકાશ કોણ આપે છે ? ભગવાન આપે છે. શ્વાસોશ્વાસની રીધમ કોણ ચલાવે છે ? ભગવાન ચલાવે છે. ચાલવાની, બોલવાની, ઉઠવાની વિગેરે શક્તિ કોણ આપે છે ? ભગવાન આપે છે. તો ભગવાનને ભૂલી જાય છે, પૂજા પાઠ કરતા નથી, દેવ દર્શને જતા નથી, દાન પુણ્ય કરતા નથી, સાધુ સંતને નમસ્કાર કરતા નથી તે સાચી હકીકતમાં કૃતઘ્ની છે. **ગ. પ્ર. પ્ર. ૧૦માં વચનામૃતમાં પ્રભુએ સેવકરામ સાધુને યાદ કર્યા છે.** ભલા થઈને સેવકરામ સાધુ જેવા કૃતઘ્ની કોઈ થશો નહિ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

# ઘર સત્સંગ સભા

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૪૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.......................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૪૭) દુનિયામાં ભગવાન જેવો કોઇ ઉદાર નથી.

સ્વામિનારાયણ હરે..

ભગવાન એવા ઉદાર છે કે પોતાનું સર્વસ્વ આપી દે. અને પોતે ભક્તના દાસ થઈ જાય. સેવકના સેવક બની જાય. દુનિયામાં ભગવાન જેવો કોઈ ઉદાર નથી.

એક મૂઠી પૌંવાને બદલે સોનાના મહેલ બનાવી દીધા. સુદામાને એમ કે આપેલું પીતાંબર પણ પાછું લઈ લીધું, એ શું દેશે ? ભગવાન કહે છે, મિત્ર જા તો ખરો ઘરે, ખબર પડશે. મેં સમૃદ્ધિનો ધોધ મૂકી દીધો છે, પૃથ્વી માતા પણ એક કણના હજાર કણ આપે છે, તો ભગવાન કેમ ન આપે ? નવસો તાંતણાને બદલે નવસો નવાણું સાડીઓ આપી દીધી. આવા ઉદાર છે અવિનાશી.

**કળિયુગ એ નામ જપ કરવાની મોસમ છે.**

ભગવાનના ભાલમાં કુબ્જાએ ફક્ત ચંદનની અર્ચા કરી, રૂપમાં વધારો કર્યો તો. ભગવાને એને રૂપનું દાન આપી સરળ, સીધી ને રૂપાળી બનાવી દીધી. આવા ભગવાન ઉદાર છે. કંથકોટના કચરા ભક્તને ઘેર સ્વામિનારાયણ ભગવાન પધાર્યા, ઘરે કોઈ નથી. શું જમાડવું ? કચરા ભક્ત ઊંડા વિચારમાં ઉતરી ગયા, એમનાં પત્ની ધનબાઈને ખબર પડી કે, મારા પતિદેવ મૂંઝવણમાં છે, પતિને મૂંઝવણ થાય તો પત્ની તેની મૂંઝવણ ટાળે અને પત્નિને મૂંઝવણ થાય તો પતિ ટાળે, અરસ પરસ દુઃખનાં ભાગીદાર થાય, દેહ ભલે જુદા હોય મન એક હોવું જોઈએ.

પતિદેવ મૂંઝાવ છો શા માટે ? મારી પાસે કિંમતી ચૂંદડી છે, પરણવા વખતની તે મેં સાચવી રાખી છે, તે લઈ જાવ અને અડાણે રાખી તેમાંથી સીધું લઈ આવો જ્યારે પૈસા થશે ત્યારે ચુંદડી લઈ આવશું ને પૈસા દઈ આવશું. કચરા ભગત બજારમાં ગયા, ચુંદડીને અડાણે મૂકી સીધું લઈ આવ્યા. શ્રીજીમહારાજે મુકુંદ બ્રહ્મચારીને કહ્યું. ચાર જણા જમીએ તેટલી રસોઈ બનાવો. ભગવાન અને બ્રહ્મચારી જમ્યા બાદ દંપતીને પ્રસાદ આપ્યો.

આ બાબતનો શ્રીજીમહારાજને ખટકો થાય કે, કયારે સમય આવે ને હું ભક્તનાં ઋણમાંથી મુક્ત થાઉં. બે વરસ પછી શ્રીજીમહારાજ કંથકોટ પધાર્યા ત્યાં રાજમાતા સિંધદેશમાં વરેલાં હતાં તે રામબાઈએ ભગવાન પાસે આવીને ભેટ અર્પણ કરી. બધાં સોનાનાં દાગીનાં હતાં, સતી સોહાગણનો શણગાર બધો શ્રીજીમહારાજના ચરણમાં સમર્પિત કર્યો. શ્રીજીમહારાજ કહે. રામબાઈ ! આ દાગીના અમે બીજાને આપી દઈએ તો તમે રાજી કે નહિ ? રામબાઈએ કહ્યું, અમે તમને દઈને રાજી કર્યા પછી તમે જેમ યોગ્ય લાગે તેમ કરો. દીધેલું દાન તો મહારાજ તમારું જ થઈ ગયું હોય માટે આપની જેવી ઈચ્છા. !

શ્રીજીમહારાજ તરત ઊઠ્યા અને કચરા ભગતને કહ્યું. ભગત પછેડી પાથરો. ભગતને એમ કે કાંઈક કામ હશે. ત્યાં તો મહારાજે બધાં દાગીના પછેડીમાં મૂકી દીધાં અને સ્મિત કરતા બોલ્યા. આ બધા દાગીના કચરા ભક્તને અર્પણ, આ બધું તમારું છે લઈ લો.

કચરા ભગત કહે, મહારાજ ! આટલા બધાં દાગીનાં શું કામ આપો છો

? તમારી પાસેથી લેવાય નહિ. આ તો તમારી ભેટ છે.મહારાજ ! આટલી બધી સંપત્તિને હું શું કરું ? શ્રીજીમહારાજે કહ્યું, કચરા ભગત ! તમે મારી બહેન ધનબાઈની ચુંદડી ગીરે મૂકી  છે, તે લઇ આવો અને એના પૈસા ચૂકાવી આવો, ભગત અમે કોઈનો ભાર રાખતા નથી, આજે અમે તમારા લેણાંમાંથી છૂટ્યા. ઘણા દિવસથી વાટ જોતા હતા કે, ક્યારે સમય આવે ને અમે ઋણમાંથી મુક્ત થઈએ. સ્વામિનારાયણ ભગવાન આવા ઉદાર છે, અનંતગણું આપી દે છે. ભગવાન આપે છે ત્યારે માણસ ઝીલી ન શકે, તેટલું આપે છે.

દીવબંદરનાં પ્રેમબાઈએ ભેટ શ્રીજીના ચરણમાં અર્પણ કરી, ત્યારે શ્રીજી મહારાજે તે ભેટ તરત વિપ્ર દીનાનાથને આપી દીધી આવા ઉદાર છે ભગવાન પુરુષોત્તમ નારાયણ.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

**ઘર ભલે નાના હોય, પણ મન મોટા રાખો.**

# સભા-૪૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૪૮) બાલા બ્રહ્મચારી બોચાસણ પધાર્યા.

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી બામણ ગામમાં પધાર્યા. ત્યાં ખોડા પંડ્યાના મનોરથ પૂરા કરી આણંદ ગામમાં પધાર્યા. ત્યાંથી ડાકોર પધાર્યા. શ્રી રણછોડજીના દર્શન કરી ગોમતીજીમાં સ્નાન કરી ઉમરેઠ ગામમાં પધાર્યા. એકાદશીનો દિવસ છે. રૂપરામ ને નરભેરામ વિપ્ર મળ્યા. તેમણે પ્રભુને ફળાહાર આપ્યું. તે જમીને પ્રભુ ભાલેજ થઈ વરતાલ પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે બોચાસણ પધાર્યા.

પટેલ કાનદાસના ખેતરમાં ઉતારો કર્યો. સ્નાન કરીને નિત્ય નિયમ કરે છે. કાનદાસ પોતાના ઘરના આંગણામાં ઓટા ઉપર બેઠા છે. ત્યાં આકાશવાણી થઈ...

**"ઓટે બેઠા છે કરીને ધીર, થઇ આકાશવાણી ગંભીર ।"**

# ઘર સત્સંગ સભા

હે કાનદાસ પટેલ! તમારા ખેતરમાં ભગવાન પધાર્યા છે. નિત્ય નિયમ કરે છે. પૂજા પાઠ કરે છે. પૂજા થઈ જશે તો ચાલ્યા જશે. માટે જલદી જાવ ને દર્શન કરી કૃતાર્થ થાવ. કાનદાસના આનંદનો પાર ન રહ્યો. આજે મારું જીવન ન્યાલ થયું. ગામના માણસોને સાથે લઈ કાનદાસ હર્ષભેર દોડતા ખેતરમાં આવ્યા. પ્રભુને પગે લાગીને બે હાથ જોડી નમસ્કાર કર્યા. એક દષ્ટિએ પ્રભુને નિહાળે છે. ત્યાં પ્રભુના નિજઅંગમાંથી શ્વેત પ્રકાશ નીકળ્યો. પ્રકાશમાં પ્રભુના દર્શન થયા.

કાનદાસ ગદ્‌ગદ્‌ કંઠે કહે છે, પ્રભુ! દયા કરીને અમારા ઘેર પધારો. પાવન પગલાંથી પવિત્ર કરો. પ્રભુ કાનદાસને ઘેર પધાર્યા. સારો સત્કાર કરી ભોજન પીરસ્યું, હસ્તકમળ ધોઈ પ્રભુ જમવા બેઠા. એક લાડુમાંથી સહેજ કોર ભાંગીને મુખમાં મૂકીને બેસી રહ્યા ત્યારે કાનદાસના માતુશ્રી કહે છે, પ્રભુ! તમે કેમ જમતા નથી ? બેસી રહ્યા છો ? ત્યારે પ્રભુ બોલ્યા, દૂધ આપો તો સારું થાય. દૂધ સાથે ભોજન જમીએ.

કાનદાસના મા કહે છે, બપોરનો સમય છે તેથી ઘરમાં દૂધ નથી. પ્રભુએ કહ્યું, આંગણામાં ભેંસ બાંધી છે તેને દોહી આવોને ! પ્રભુ! ભેંસ સાંજે દોહવા જવાય. અત્યારે દૂધ દોહવા દેશે નહિ. પ્રભુએ કહ્યું, વિશ્વાસ રાખીને જાવ તો ખરા. ચોક્કસ દૂધ દેશે. ભેંસ પાસે ગયા તો આંચણમાંથી દૂધ ટપકે છે. ભેંસે પારસો મૂક્યો. તરત ભેંસને દોહી, દોણી ભરીને આવ્યા. કપડાથી દૂધ ગાળીને પ્રભુને આપ્યું. પ્રભુ દૂધ ભાત ને સાકર જમ્યા. સૌને પ્રસાદી આપી પછી ચળુ કરી મુખવાસ લીધો.

કાનદાસભાઈ! અમે તમને વરદાન આપીએ છીએ. તમારા ઘેર એક મુક્તાત્માનો જન્મ થશે. તમો બહુ ભાગ્યશાળી છો. નિષ્કામ ભાવે ભક્તિ કરો છો. સમય જતાં તેમના ઘેર એક સુપુત્રનો જન્મ થયો. તેનું નામ રાખ્યું કાશીદાસ.

કાશીદાસ ભાઈએ વચનામૃતમાં શ્રીજી મહારાજને સરસ સમજવા જેવો પ્રશ્ન પૂછ્યો છે, ત્યાગી નિવૃત્તિ માર્ગવાળા છે તેથી ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે પણ ગૃહસ્થાશ્રમી પ્રવૃત્તિ માર્ગવાળા છે. સંસારની અનંત વિટમણામાં વળગી રહ્યા છે. તે કેમ સમજે તો ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રહે ?

**સુખ કહો કે દુઃખ કહો, અંતે એ બન્ને બંધન તો છે જ.**

શ્રીજી મહારાજે સરસ જવાબ આપ્યો, ગૃહસ્થને એમ સમજવું જે જેમ પૂર્વે ચોરાસી લાખ જાતના મારે મા બાપ તથા સ્ત્રી છોકરાં હતાં તેવાં ને તેવાં જ આ દેહના છે. પૂર્વના સબંધીની મમતા નથી તેમ આ દેહના સબંધી તેની મારે મમતા ન રાખવી. સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનમાં દ્રઢ પ્રીતિ કરે ને નિત્ય સંત સમાગમ રાખે તો ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે ને નિર્વાસનિક થઈને ભગવાનના ધામમાં જાય.

બોચાસણથી પ્રભુ ચાલ્યા. તે ગામ દેવાણ પધાર્યા. બાદરસિંહજીના દરબારમાં એક રાત્રિ રોકાઈને ચાલ્યા. તે ગામ ખંભાત આવ્યા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૪૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૪૯) વ્રજાનંદ સ્વામીનું જીવન ધન્ય બની ગયું !

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી વનમાં ચાલ્યા જાય છે. રસ્તામાં એક સાધુરામ મળ્યા. સાધુરામની વૃત્તિ ભગવાનનાં સ્વરૂપમાં ખેંચાઇ ગઇ. એક નજરે સામે જુવે છે. કેટલા રૂપાળા ને કરૂણામય છે. વાણીમાં અમૃત ઝરે છે. આવા યોગીરાજ મેં ક્યાંય જોયા નથી. હૃદયમાં શાંતિ થઇ ગઇ. પ્રભુને પગે લાગ્યા ત્યારે ભગવાન પૂછે છે, સાધુરામ! આ ઘોર જંગલમાં કેટલે સુધી જાવ છો ? મારે હિમાલય તરફ જાવું છે. પણ રસ્તો ભૂલી ગયો છું.પણ તમે નાની વાયમાં કેમ વનમાં ફરો છો ? પ્રભુ બોલ્યા, અમે તમારા જેવા માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવા ફરીએ છીએ.

પ્રભુએ પૂછ્યું, સાધુરામ! તમારું નામ શું છે ? મારું નામ મોહનદાસ છે. ચાલો હિમાલયનો રસ્તો બતાવું. બેય થયા ચાલતા. મોહનદાસ કેવા નસીબદાર. ભગવાન ભેળા ચાલવા મળ્યું. દર્શન થયાં. મોહનદાસ પવિત્ર હ્રદયના હતા.

**જમીનના એક ટુકડા કરતા શાંતિ અને ભાઇચારો વધુ કિંમતી છે.**

અંતરમાં જગતની કોઈ કામના નહિ પણ ક્યારેક જગતના સારા પદાર્થમાં તેનું મન ખેંચાતું પણ ખરૂં. ભગવાન પાસે એક સરસ પાણી પીવાની કઠારી છે. તેમાં મોહ થયો કે કઠારી બહુ સરસ છે. બહુ રૂપાળી છે. તેથી વારંવાર કઠારીને મોહનદાસ જોયા જ કરે.

આગળ જતાં નદી આવી. સેવાળ વાળા પથ્થરા ચીંકણાં હતા. મોહનદાસ કહે છે, બાલાયોગી ! સંભાળીને ચાલજો. પથ્થરા ઉપર લીલી સેવાળ જામી ગઈ છે. પગ લસકશે તો કટારી તૂટી જશે. ધીરે ધીરે સામે કાંઠે પહોંચી ગયા. પ્રભુએ કટારીને જોરથી પથરા ઉપર પછાડી. કટારી તૂટી ગઈ. મોહનદાસનો મોહ તોડવા કટારી તોડી નાખી. મોહનદાસનો જીવ અધ્ધર ચડી ગયો. જોરથી બોલ્યા, બાલાયોગી! આ તમે શું કર્યું ? કેવી સરસ રૂપાળી કટારી ભાંગી નાખી ?

ભગવાને સરસ જવાબ આપ્યો, કટારી તો તૂટી તેની સાથે તમારો મોહ પણ તૂટ્યો. તમે આ લોકની માયામાંથી છૂટશો ક્યારે ? તમે વારંવાર કટારીને જ જોતા હતા. મારા સામે તો જોતા જ નથી. ભગવાન સાક્ષાત્ મળ્યા છે છતાં ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાના બદલે આ લોકના પદાર્થમાં આવો મોહ રાખશો તો આ લોકમાંથી છૂટશો ક્યારે ? મોહનદાસ સમજી ગયા કે આ યોગીરાજ સાધારણ માણસ નથી પણ સાક્ષાત્ પરમેશ્વર છે. ભગવાન ઓળખાઈ ગયા.

વનમાં ચાલતાં સુંદર મઝાનાં ઝાડ આવ્યાં. જાંબુ જેવાં ફળ લટકે છે. તે લઈને પ્રભુ મંડ્યા જમવા. તે જોઈને મોહનદાસ પણ જમવા જાય. ત્યાં ભગવાને કહ્યું, ''મોહનદાસ ! ફળ ઝેરી છે. ખાશો તો મરી જાશો. નાખી દો.તરત નાખી દીધા. ત્યાં ફરતાં ફરતાં ચાર બાવા આવ્યા. એ પણ ફળ તોડી ખાવા જાય છે ત્યારે મોહનદાસે કહ્યું, એ ! ભલા માણસો ! ફળ ઝેરી છે, ખાશો નહિ. ખાશો તો મરી જાશો. બાવા બોલ્યા, ઓલ્યો બાલાયોગી બટુકડો ફળ ખાય છે ને અમને શા માટે ના પાડે છે ? તો એ મરી જાવો જોઈએ ને ? તમે અવળાઈ કરો છો.

મોહનદાસે કહ્યું, બાલાયોગી તો મહાપુરુષ છે. સમર્થ યોગીરાજ છે. એની વાત ન્યારી છે. એ ઝેર પણ પચાવી શકે. તમારાથી નહિ પચાવી શકાય. માટે માની જાવ ને ફળ ખાતાં અટકી જાવ. બાવા ગર્વથી બોલ્યા, અમે પણ મહાપુરુષ

છીએ. સમર્થ છીએ. ના કહેશો તો પણ ખાશું. ઝાડમાંથી તોડતા જાય ને ખાતા જાય. ખાતાની સાથે ચાર બાવા તરત મરી ગયા. આવી રીતે પ્રભુનો વાદ લેવા જાય તો મોત જ આવે ને ! ભગવાનનું વચન માન્યા નહિ તો વગર મોતે મરી ગયા.

નીલકંઠ વર્ણી અને મોહનદાસ વનમાં ચાલ્યા જાય છે. ત્યાં એક શિવજીનું મંદિર બનાવ્યું. ત્યાં સેવા પૂજા કરવા મોહનદાસ રોકાઇ ગયા અને નીલકંઠ વર્ણી આગળ ચાલતા થયા. ઘણા વર્ષો પછી મોહનદાસ દ્વારિકાની યાત્રા કરવા ગયા. સૌરાષ્ટ્રમાં ભગવાનના દર્શન થયા. મોહનદાસ ઓળખી ગયા કે વનમાં મને મળ્યા હતા તે આજે રાજાધિરાજ થયા છે. અનેક સંતો બેઠા છે. મોહનદાસે પગે લાગીને કહ્યું, હે પ્રભુ ! મને સાધુ કરો. સદાય તમારી સેવામાં રહેવું છે. પ્રભુએ તેમને ભાગવતી દીક્ષા આપી વ્રજાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું. વ્રજાનંદ સ્વામીનું જીવન ધન્ય ધન્ય બની ગયું. પ્રગટ પ્રભુનો યોગ મળ્યો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સપનાં જોવા માટે ઊંઘવું જરૂરી છે,**
**તેને સાકાર કરવા માટે જાગવું જરૂરી છે.**

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૫૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૫૦) સત્સંગીનું ઘર અંદર અને બહાર

સ્વામિનારાયણ હરે..

આજે આ જગતમાં જો કોઈની પણ ગતિ ઝડપી હોય તો તે એક માત્ર માનવ ''મન''ની છે. ક્ષણવારમાં તે અમેરિકા-ઈંગ્લેન્ડ કે આફ્રિકામાં આંટો મારીને પાછું આવી જાય છે. પછી ભલે ને આપણે દેવ મંદિરમાં કેમ ન બેઠા હોઈએ. બોલો છે ને આશ્ચર્ય લાગે તેવી વાત.

આ મન માંકડા જેવું છે, શેતાની છે, તેને સાંસારિક વિષયો વધુ પ્રિય લાગે છે. અને ભગવદ્ ભક્તિ કરવી ગમતી નથી. જીવાત્માને પ્રભુ પ્રિય છે. પણ તેને ભક્તિ કરતાં મન રોકવા પ્રયત્નશીલ હોય છે.

પણ જે લોકો મનને જીતવા પ્રયાસ કરે છે. તે વહેલા કે મોડા સફળ થાય છે. આ બાબત નેવાના પાણી મોભે ચઢાવવા જેવી છે. પણ આજે વોટરપંપથી તે શક્ય છે. તેમ ધર્મ અધ્યાત્મ ગુરુના ચિંધેલા રાહે ચાલનાર વ્યક્તિ સાધક, મુમુક્ષુ, ભક્ત મનને જીતી જાય છે. અને આત્માનું કહ્યું કરે છે ત્યારે માણસ સત્સંગી બની જાય છે. સદાચારી બની જાય છે.

વ્યક્તિ સત્સંગી બને પછી તેનો સત્સંગ તેના પોતાના દેહની બહાર એટલે કે તેનું બાહ્ય વ્યક્તિત્ત્વ સત્સંગી જેવું લાગે. અને તેનું અંતઃકરણ પણ સત્સંગના રંગે રંગાયેલું જણાય. તેના આચાર, વિચાર, વાણી, વર્તન આ બધામાં સત્સંગ-સદાચાર નીતરતો દેખાય છે. પણ વાત માત્ર તેના પૂરતી મર્યાદિત રહે છે.

પણ આપણે તો સત્સંગીનું ઘર અંદર કેવું હોય અને બહાર કેવું હોય તે વાત જાણવી છે.

માણસ કેવા વિસ્તારમાં રહે છે. તેના પર એના વ્યક્તિત્ત્વનો આધાર રહેલો છે. તેથી સત્સંગી બનવા, આજીવન સત્સંગી રહેવા માટે સારા સંસ્કારી વાતાવરણમાં જ મકાન લેવું જોઇએ કે બાંધવું જોઇએ. ગમે તેવા ખરાબ વિસ્તારમાં રહેવાથી જે તે વિસ્તારના દુરાચારની અસર હરિભક્તો અને તેના પરિવારના સભ્યોને લાંબા ગાળે થયા વગર રહેતી નથી.

પરિવારની હાલની સભ્ય સંખ્યા અને ભાવિ જરૂરિયાતને ધ્યાનમાં રાખી પોતાની આર્થિક ક્ષમતા અનુસાર તથા ભવિષ્યમાં તે મકાનની જાળવણીની પાછળ થનાર ખર્ચનો હિસાબ કર્યા પછી જ મકાન બાંધવું કે ખરીદવું જોઇએ. તે સજ્જનની નિશાની છે.

મકાન-ઘરની ડિઝાઈન બાહ્ય દેખાવ અતિ સુંદર હોવો જરૂરી છે. મોટા ભાગના લોકો બહારથી જ મકાન નિહાળીને રવાના થતાં હોય છે. તેથી મકાનનો બાહ્ય દેખાવ આકર્ષક હોય તેની સાથે હરિભક્તનું ઘર છે તેવું પણ લાગવું જરૂરી છે.

સત્સંગીનું ઘર હોય તે ઘરનું નામ ધર્મ અધ્યાત્મનું પાલન કરનાર પરિવાર આ મકાનમાં રહે છે તેવું મકાન જોનારને મકાનનું નામ વાંચનારને લાગવું જોઇએ. હરિભક્તના ઘરનું આંગણું સ્વચ્છ હોય. ઘર આંગણે તુલસીક્યારો હોવો જોઇએ.

**ભગવાનને માનવા સહેલા છે,**
**પરંતુ ભગવાનનું માનવું અઘરું છે.**

આંગણું જો મોટું હોય તો સારા ફૂલછોડના કુંડા હોવા જોઇએ, તે ફૂલો ભગવાનને અર્પણ કરવામાં કામ આવે.

હવે આપણે ઘરની ઓસરીમાં પ્રવેશ કરીએ તો સત્સંગીના ચિહ્ન રૂપ શ્રીજી મહારાજની મૂર્તિ મુખ્ય પ્રવેશદ્વારની ઉપર હોવી જોઇએ. તથા આજુબાજુ એવું લખાણ હોય કે આવો....પધારો....જય શ્રીસ્વામિનારાયણ તો સોનામાં સુગંધ ભરી ગણાય.

હવે આપણે ઘરમાં પ્રવેશ કર્યો તો બિલકુલ સામે શ્રીજી મહારાજની સુંદર મોટી મૂર્તિના દર્શન થાય તે સ્વાભાવિક છે. અને ઘરના ઇશાન ખૂણાં અનુકુળ હોય તો નાનો પૂજાખંડ અને જગ્યાનો પ્રશ્ન હોય તો નાનું કે મોટું દેવમંદિર ગૃહમંદિરનું સિંહાસન જોવા મળે જ. જે નિહાળી આપણું હૃદય પુલકિત થયા વગર રહે નહિં.

શક્ય હોય તો ડ્રોઇંગરૂમમાં ચારેય દિવાલો પર શ્રીહરિના દિવ્ય લીલાચરિત્રના પેઇન્ટીંગ નાની-મોટી સાઇઝમાં હોય તો રૂમ ભર્યો લાગે. ધર્મ અધ્યાત્મના ગ્રંથો નાની મોટી સાઇઝના હોય તેનું પુસ્તકાલયનું કબાટ હોવું જરૂરી છે. કારણ કે પ્રતિદિન ઘર સત્સંગ સભા કરવાની જરૂર પડે છે.

મકાનના વાસ્તુ પ્રસંગે આચાર્ય મહારાજશ્રી, સંતો-ભક્તોની પધરામણી કરેલું મકાન જ રહેવા માટે ઉત્તમ ગણાય.

યાદ રાખો કે હરિભક્તના ઘરની અંદર સમયે સમયે ઠાકોરજી-સંતોની પધરામણી થતી રહે તો તે મકાનની અધ્યાત્મ ઊર્જા રી-ચાર્જ થતી રહે છે. ત્યાં જ સુખ-સમૃધ્ધિ-શાંતિ-સંતોષ અને દિવ્યતાની અનુભૂતિ થશે.

સત્સંગીઓ આધ્યાત્મિકતાવાળા ધાર્મિક માણસોની જ ઘેર અવરજવર હોવી જોઇએ. તેમ ન થાય તો જતે દહાડે ઘરના સત્સંગને લૂણો લાગે જે ગંભીરવાત છે.

સત્સંગીના ઘરમાં સતત શ્રીહરિના મંત્ર-કીર્તનો થતાં રહે. તેની કેસેટ વાગતી રહે તે જરૂરી છે. સવાર-સાંજ શક્ય હોય તો બપોર એમ ત્રિકાળ સંધ્યાના નીતિ-નિયમો થતાં રહે તે આવશ્યક છે. તો જ હરિભક્તનું ઘર છે અવું લાગે. આપણા ધર્મ-અધ્યાત્મના સંસ્કારની દિવ્યતાની અસરો આપણાં આડોશી પાડોશી અને તેમના ઘેર પણ અંદર બહાર જતે દહાડે દેખાવી જોઇએ.

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

**પ્રેમ સૌ પર રાખો, થોડાક પર વિશ્વાસ રાખો,
પણ દ્વેષ કોઈ પ્રેત્યે ન રાખો.**

# સભા-૫૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૫૧) અણસમજણથી માણસ દુઃખી થાય છે.

સ્વામિનારાયણ હરે..

મંદબુધ્ધિવાળાને સારી હિતની વાત પણ ઊંધી લાગે છે. રજપૂત બે ભાઈ ઊંટ ઉપર બેસીને કમાવા જતા હતા. તેને એક સાધુ સામા મળ્યા. સાધુએ કહ્યું આ રસ્તે આગળ જશો નહિ, બીજા રસ્તેથી જવું હોય તો જાવ. આ રસ્તે આગળ મોટી ડાકણ છે, પાસે જશો તો ખાઈ જશે. આટલું કહી સાધુ ચાલ્યા ગયા.

આપણે તો શૂરવીર રજપૂત છીએ, ડાકણથી ડરે એ બીજા, સાધુ બીકણ ડરપોક હોય, ડાકણને બંદૂકથી મારી નાખશું, ઊંટ ઉપર બેસી ચાલ્યા જાય છે, ત્યાં રસ્તામાં સોનામહોરની થેલી દીઠી. બાજુમાં જઈ ગણી તો દશહજાર સોનામહોર. રાજી રાજી થઈ ગયા. કમાવાની જરૂર નહિ પડે. પેલા સાધુ મહા ચાલાક હતા, પોતે ઉપાડી નહિ શક્યા હોય તેથી ઉપાડનારને બોલાવવા ગયા હશે, તેથી આપણને આ રસ્તે આવવાની મનાઈ કરતા હતા. રખડતા રામની વાત કોણ માને, અવળું માની લીધું.

પછી એક આંબાની નીચે બે ભાઈ બેઠા. આનંદ સમાતો નથી, બે ભાઈને ભૂખ લાગી હતી, હવે શું કરવું ? નાના ભાઈએ મોટા ભાઈને કહ્યું, ગામ નજીક છે, તમે ગામમાંથી પેંડાને ગાંઠીયા લઈ આવો તો નાસ્તો કરીએ, મોટા ભાઈ નાસ્તો લેવા ગયા. તે વખતે નાના ભાઈને વિચાર થયો કે, જો મોટા ભાઈને મારી નાખું તો દશહજાર સોનામહોર મને મળી જાય. આવું વિચારીને બંદૂક ભરીને તૈયાર બેઠો છે, આવે કે તરત મારી નાખું.

મોટો ભાઈ મીઠાઈ લેવા ગયો છે, તેણે વિચાર્યું કે થોડા પેંડા જુદા રાખીને અંદર ઝેર ભેળવી દઉં, નાના ભાઈને મારી નાખું તો દશહજાર સોનામહોર મને મળી જાય. એમ વિચારી મીઠાઈમાં ઝેર ભેળવીને ચાલ્યો આવે છે. ત્યાં તુરંત નાનાભાઈએ બંદૂકથી મોટાભાઈને મારી નાખ્યો. નાનો ઝટ ઝટ મીઠાઈ ખાવા બેઠો, ઝેર વાળી મીઠાઈ ખાવાથી તરત મૃત્યુ થઈ ગયું, સાધુએ સવળી સમજણ દીધી કે આગળ ડાકણ છે, ભરખી જશે, છતાં પણ માન્યું નહિ, તો વગર મોતે બેય ભાઈ મરી ગયા. સોનામહોર ત્યાં જ પડી રહી. અણસમજણથી માણસ દુઃખી થાય છે.

અણ સમઝણથી વેર વસાવીને અપરાધ કરે છે, શ્રીખંડ એટલે અગરચંદન ચંદન શીતળ હોય છે, ચંદનથી ઠંડક મળે છે, પણ એજ ચંદનના લાકડાંને બાળી નાખે તો અંગારા થઈ જાય, તેમ ભક્તિ છે તે ચંદનના જેવી હૃદયને ઠંડક આપનારી છે, તેને કામ, ક્રોધરૂપી દુષણોથી શા માટે બાળી નાખો છો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**વિવેક વિનાની વિદ્યાનું પરિણામ કેવળ શ્રમ જ છે.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૫૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૫૨) કઠણ કાળમા આપ છો ધણી.

સ્વામિનારાયણ હરે..

સત્ય, ત્રેતા અને દ્વાપરયુગમાં ભક્તને જ્યારે જ્યારે ભીડ પડે ત્યારે ભગવાન સુદર્શન ચક્ર મૂકી ભક્તોનું રક્ષણ કરતા, અને કલિયુગમાં કેમ કાંઈ મૂક્તા નથી ? કલિયુગના ભક્તો શું ભગવાનને વહાલા નથી ? કલિયુગના ભક્તો ભગવાનને ખૂબ વહાલા છે, સાચા દિલથી ભક્ત જો ભગવાનને પુકારે છે તો

ચોક્કસ ભગવાન રક્ષા કરવા માટે દોડી આવે છે.

મુક્તાનંદ સ્વામી પોતાનું મંડળ લઈને સત્સંગ પ્રચાર માટે ગામોગામ ફરે, અને મુમુક્ષુ આત્માને સત્સંગ કરાવે, એક સમય જંગલમાંથી પસાર થાય છે, ત્યાં અંધારી રાત પડી ગઇ, મોટી નદી અને તેમાં અગાધ પાણી, હવે શું કરવું ? રાતના કોઈ હોડીવાળો મળે નહિ, નદી કેમ પાર કરવી, આજુ બાજુ કોઈ માણસ નથી, કોની સલાહ લેવી. મુંઝાઇ ગયા, ઘોર જંગલ અને તેમાં હિંસક જનાવર હોય, કિનારે રહેવાય એવું કોઈ સ્થાન નથી, શું કરવું ? મનોમન પ્રાર્થના કરે છે.

**"॥ કઠણ કાળમા આપછો ધણી, સુખદ શામળા મુક્તના મણી ॥"**

બ્રાહ્મણના રૂપે તરત ભગવાન મદદમાં આવી ગયા. ભાલમાં બ્રહ્મતેજ તે મધ્યે ઉર્ધ્વપુણ્ડ્ર તિલક મજાનું મુલાયમ પિતાંબર, ઉપર એક ખેશ ઓઢેલો, અને ઠમકતી ઉતાવળી ચાલે આવ્યા, જય શ્રીકૃષ્ણ સાધુરામ ! સંતોએ કહ્યું, જય શ્રીકૃષ્ણ, કેમ અહીં બેઠા છો ? સંતોએ કહ્યું ભૂદેવ ! આ નદી ઉલ્લંઘવી છે પણ વહાણવાળા કોઈ મળતા નથી, રાત્રિ હોવાથી જંગલીપ્રાણીના ભયંકર અવાજ આવે છે, બહુ મુંઝવણ થાય છે, શું થાશે, સામે પાર કેમ પહોંચાશે ? જે થાય તે ખરું, જેવી શ્રીજીમહારાજની મરજી.

ભગવાન બ્રાહ્મણ રૂપમાં બોલ્યા, મુંઝાઓ છો શું કામ ?નદી ઉલ્લંઘી જાઓને, સંતોએ કહ્યું, બ્રહ્મદેવ ! આટલી મોટી વિશાળ નદી, અગાધ પાણી એમાં કઇ રીતે પાર ઉતરાય ? તણાઈ જવાય, બ્રાહ્મણ કહે છે, ચાલો મારી પાછળ પાછળ ચાલ્યા આવો, હું રસ્તાનો જાણકાર છું, નદીનું પાણી ઊંડું નથી, ચાલો એમાં શું મુંઝાવ છો ? સંતો થયા ચાલતા, રસ્તામાં બ્રાહ્મણ રૂપમાં ભગવાન વાતો કરે, જુઓ આ બાજુ અમે રહીએ છીએ, પેલી સામે પાર અમારું ગામ છે, અમે આ પ્રદેશના રહેવાસી એટલે અમને બધી ખબર હોય.

જરાય મુંઝાશો નહિ, ચાલ્યા આવો, પાણી અગાધ ભર્યું છે, પણ ભગવાનની કૃપાથી પાણી ઢીંચણ ભેર રહ્યું, જોતજોતામાં ધસમસતી નદી ઉલ્લંઘી ગયા, સામે પાર પહોંચી ગયા, બ્રાહ્મણ રૂપમાં ભગવાન બોલ્યા, સાધુરામ હવે અહીં સુખેથી ભજન કરજો, ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, બ્રહ્મદેવ તમારું નામ શું ? એમ કહી પાછું વળી જોયું તો ભગવાન અદશ્ય થઇ ગયા, કોઈ ન મળે, સંતોએ પૂછ્યું,

**બાળપણમાં ગોદ આપનારને ઘડપણમાં દગો ન દેશો.**

સ્વામીજી એ બ્રાહ્મણ કોણ હતા ? સ્વામીએ કહ્યું, બીજું કોણ હોય શ્રીજીમહારાજ આપણી રક્ષા કરવા આવ્યા હતા, સંતોની આંખમાં આંસુ આવી ગયાં, ધન્ય હો મહા પ્રભુ ભક્તોની કેવી રક્ષા કરો છો, આવી રીતે જ્યારે ભક્તજનો સાચા ભાવથી પરમાત્માને યાદ કરે છે, તો ભગવાન તેને મદદ કરવા તૈયાર રહે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૫૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................

# ઘર સત્સંગ સભા

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૫૩) સાચા સંતથી સરી ગયા અનેક જીવના કાજ.

સ્વામિનારાયણ હરે..

જન્મ સમયે ગર્ભવાસમાં જે દુઃખ થાય છે તે આપણે વારંવાર કથામાં સાંભળીએ છીએ. સાંભળીને ત્રાસ થતો નથી, એ દુઃખ ભૂલી ગયા છીએ. હવે મરણનું દુઃખ બાકી છે. દેહમાંથી જીવને નીકળતી વખતે દુઃખ થાય છે તેનું વાણીથી વર્ણન થઈ શકે તેમ નથી, ભયંકર દુઃખ થાય છે.

અંતવેળા અતિ કઠણ છે, મહાશૂરવીરથી પણ એ દુઃખ સહેવાય એમ નથી. એક વીંછી વળગે તો કેટલી વેદના થાય, તેથી કરોડ ઘણી વેદના દેહ મૂકવા સમે થાય છે. જનમ્યા એ મરવાના નિશ્ચિત છે, કોઈ બાકાત નહિ રહે.

એક વખત શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતોને કહ્યું, સંતો તમે વિચરો દેશો દેશ, આપો સહુ જનને ઉપદેશ. સંતો ફરતા ફરતા વડોદરા મંડળ સહિત પધાર્યા. અનેક ભક્તજનો કથા સાંભળવા આવે. તેમને ઉપદેશ આપતા. સંતો કહે છે, ‘‘સર્વે નદીઓમાં ગંગાજી ઉત્તમ છે. પીવાની વસ્તુઓમાં અમૃત ઉત્તમ છે. પક્ષીઓમાં ગરુડજી ઉત્તમ છે. મનુષ્ય દેહ સર્વથી ઉત્તમ છે. મનુષ્ય દેહ મોક્ષ માર્ગમાં પ્રથમ પગથીયું છે. સર્વ સાધનમાં ભક્તિ ઉત્તમ છે. શરીરને મજબૂત બનાવવા માટે ભોજનની જરૂર છે. મનને મજબૂત કરવા માટે ભક્તિની જરૂર છે. જેમ દેહ માટે કમાણી કરો છો તેમ આત્માની મુક્તિ માટે પ્રભુનું ભજન ભક્તિ કરવી જોઈએ. અને જે પાપ કરે છે તે જમપુરીમાં જાય છે અને મહા કષ્ટને પામે

**‘‘માં’’ અને ‘‘ક્ષમા’’ બન્ને એક છે,**
**કેમ કે માફી આપવામાં બન્ને એક છે.**

છે. વિગેરે ખુબ ઉપદેશ આપે છે.

ત્યારે કરસન સોની કહે છે, આ દુનિયામાં જમપુરી છેજ નહિ. તમે સ્વામિનારાયણવાળા ભેગા થઈને જમપુરી ઉભી કરી છે. અમે પાકા છીએ. તમારા જેવા બાવાની વાત અમે માનીએ એવા નથી. ભોળા હોય તે ભોળવાઈ જાય. અમે તો ચતુર અને ચાલાક છીએ.

સંતોએ કહ્યું, કરસનભાઈ તમને અમારી વાત માનવી જ પડશે. અને સંસારનો ત્યાગ કરીને અમારા પાર્ષદ થઈને રહેવું પડશે. અમે તમને વચન આપીએ છીએ. તમે સ્વામિનારાયણ ભગવાનની સેવામાં અખંડ રહેશો અને ભજન ભક્તિ કરશો.'' આટલું કહિ સંતો બીજે ગામ ચાલતા થઈ ગયા.

રાત્રિએ કરસન સોનીને બે જમદૂતો લેવા આવ્યા. લોઢા જેવા દોરડાથી બરાબર ઝકડીને હાથ પગ બાંધ્યા. ચાબુકથી બરાબર માર માર્યો. કરસન સોની જોરથી ચીસું અને બરાડા પાડે છે, મને કોઈ બચાવો. યમદુતો મને મારે છે. રાડોરાડ સાંભળી ગામના લોકો ભેગા થઈ ગયા. માણસો કહે છે, કોણ મારે છે ? અમે કોઈને દેખતા નથી. નાહકની શા માટે રાડો પાડો છો ? ચૂપ થઈ જાવ.

સોની કહે, તમે નથી દેખતા પણ હું દેખુ છું. બે યમદૂતો છે. એકનું મોઢું ભેંસ જેવુ છે અને એકનું મોઢું ગધેડા જેવું છે. મને જલદી બચાવો નહિતર મારો જીવ નીકળી જાશે. માર ખમાતો નથી અને દુઃખ સહેવાતું નથી. યમદૂતોએ જોરથી ધોકા માર્યા. ''આલ્યા પાપી ! હવે બરાડા પાડે છે ? સંતોની વાત માનવી નથી. પ્રભુ આજ્ઞાનું પાલન કરવું નથી અને અમારા હાથમાંથી છુટવું છે ?. વળી ધોકો ફટકાર્યો. ધ્યાન દેજો, યમદૂતના જોડા ન ખાવા હોય તો ચેતી જાજો. અને ભક્તિનો માર્ગ પકડી લેજો.

યમદૂતો કહે છે, તેં સંતોના વચનનો અનાદર કર્યો છે. કહેતો હતો કે દુનીયામાં જમપુરી છે જ નહિ. જોઈ લે જમપુરી છે કે નહિ ? વળી ધોકો માર્યો. કરસન સોનીના શરીરને ઢસડતા ઢસડતા યમદૂતો લઈ જાય છે. ત્યા શું બન્યું ?

ખુશાલ ભટ્ટ સવારના પહોરમાં પૂજા માટે તુલસીપત્ર લેવા માટે જતા હતા. યમદૂતો ખુશાલ ભટ્ટને જોયા કે તરત બે હાથ જોડીને નમસ્કાર કરી પગે લાગ્યા. કરસન સોનીને વિચાર થયો કે, યમદૂતો સંતોને નમસ્કાર કરે છે તો તે

મહાન શ્રેષ્ઠ સંત હોવા જોઈએ. તે મને યમદૂતથી બચાવશે. તેથી કરસન સોની બે હાથ જોડી ખુશાલ ભટ્ટને કહે છે, ખુશાલ ભટ્ટ, મને બચાવો. મને યમદૂતો બહુ માર મારે છે. મને બચાવો. દયા કરીને મને બચવો. રડતા રડતા કરગરે છે. ખુશાલ ભટ્ટને દયા આવી ગઈ તેથી કરુણા કરી કરસન સોની સામે નજર કરી. સ્વામિનારાયણ સ્વામિનારાયણ મંત્ર જોરથી બોલ્યા કે દોરડાથી હાથ પગ બાંધ્યા હતા તે છૂટી ગયા. કેવી અદ્‌ભૂત શક્તિ છે સંતમાં.

યમદૂતો કરસન સોનીને મુકીને જતા રહ્યા. ખુશાલ ભટ્ટ કહે, કરસનભાઈ, તમે ગઢપુર જાવ. ત્યાં સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરજો. સંત સમાગમ કરજો. નિર્માની થઈને દાસભાવે ખૂબ સેવા કરજો. તમારી આયુષ્ય પુરી થઈ ગઈ છે પણ હું તમને વીસ વર્ષની આયુષ્ય વધારી આપુ છું. તમે ગઢપુરમાં પાર્ષદ બનીને ભજન ભક્તિ કરજો. નીતિ નિયમનું પાલન કરજો. સંતો તથા શ્રીજી મહારાજનો રાજીપો મેળવજો. દેહના અંતે શ્રીજી મહારાજ તમને ધામમાં તેડી જશે. ભવસાગરના ફેરા ટળી જાશે.

**"તમે અમને નમસ્કાર કર્યા છે તેથી તમારા પાપ બળી ગયા છે."**

હવે ચિંતા ન કરો, જલદી ગઢપુર પહોચી જાવ. સાચા સંતથી કરસન સોનીનું કામ થઈ ગયું. જન્મ મરણના ફેરામાંથી મુક્ત થયા. આ છે સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતનો પ્રતાપ.

આપણે સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતનો મહિમા સહિત સમાગમ કરશું, તેમની આજ્ઞા પ્રમાણે વર્તશું તો શ્રીજી મહારાજ આપણને અક્ષરધામમાં તેડી જશે અને એની સેવામાં રાખશે.

અમુલ્ય માનવ દેહ ભગવાને આપણે આપ્યો છે. ધ્યાન રાખજો, ગાફલાઈમાં, આળસમાં, જગતની વાતોમાં વેળફાઈ જાય નહિ. કોઈને મનમાં એમ હોય કે હું મોટો ભક્ત છું, બીજા બધા અણસમજુ છે, એ માન્યતા તદન જુઠી છે. તું બીજાને સમજાવે છે પણ પહેલા તું ક્યાં સમજ્યો છે કે બીજાને સમજાવી શકે ?

બીજાના ગુણ અને પોતાની ભૂલ જોતા શીખો તો અંતરની મલીનતા ટળશે અને પ્રભુ સહજાનંદ સ્વામીનો અંતરમાં આનંદ આવશે. તમે આનંદમાં રહો અને બીજાને આનંદમાં રાખો.

**બચપણમાં જેદિકરાને મા-બાપ બોલતાં શીખવે છે, એ જ દિકરા ઘડપણમાં મા- બાપને ચુપ રહેવા શીખવે છે.**

● **માછલી સરોવરમાં રહે અને સરોવરની શુદ્ધિ કરે.**

● **સાધુ સમાજની વચ્ચે રહે અને સમાજની શુધ્ધિ કરે.**

આપણે સાચા સંતનો મહિમાએ સહિત સમાગમ કરીશું, એમની આજ્ઞા પ્રમાણે વર્તશું, એમને રાજી રાખીશું તો અંતે શ્રીજીમહારાજ આપણને પણ અક્ષરધામમાં તેડી જશે અને એની સેવામાં રાખશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૫૪

૧. જય સદ્ગુરુ સ્વામી,.............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! .....................................

# ઘર સત્સંગ સભા

૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૫૪) ભગવાનનું ધામ કેવું છે ?

સ્વામિનારાયણ હરે..

મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પુછ્યો છે કે, ભગવાનનું ધામ કેવું છે ? શ્રીજી મહારાજ કહે છે કે, તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે, અને અખંડ છે. તેને દષ્ટાંતે કરીને કહીએ છીએ, જેમ પર્વત ને વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય, પશુ, પક્ષ્યાદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની હોય અને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વે સૂર્ય હોય, પછી તેને તેજે કરીને તે સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. એવું જે ભગવાનનું ધામ તેને ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે. અને દેહ મૂક્યા પછી એ તેજોમય જે ભગવાનનું ધામ તેને પામે છે. (ગ. પ્ર. પ્ર. ૧૨ વચનામૃત)

ઘનશ્યામ મહારાજ પોતાના સખાઓને અક્ષરધામના દર્શન કરાવ્યાં. એકાદશીનો દિવસ આવ્યો. ઘનશ્યામ મહારાજ સખા સાથે ગૌઘાટ, વિશ્વામિત્રી નદીમાં સ્નાન કરવા ગયા. ઘનશ્યામ મહારાજ બોલ્યા, તમે પાણીમાં ડૂબકી મારો અને હું કિનારે ઊભો રહીને તાળી પાડી ગણી જોઉ તમે ક્યાં સુધી પાણીમાં રહો છો. તે મારે આજે જોવું છે. સખા પાણીનાં ધરામાં પડ્યા.

**ભક્તિથી માણસ પૈસાદાર બની શકે છે,**
**પણ પૈસાથી ભક્તિ નથી મળતી.**

ઘનશ્યામ મહારાજે ૨૦૦ તાળી પાડી ત્યારે વેણીરામ પાણીથી બહાર આવ્યા.

૪૦૦ તાળી પાડી ત્યારે પ્રયાગ પાણીથી બહાર આવ્યા.

૬૦૦ તાળી પાડી ત્યારે રઘુનંદન પાણીથી બહાર આવ્યા.

૧૦૦૦ તાળી પાડી ત્યારે ભવાનીદીન પાણીથી બહાર આવ્યા.

૧૨૦૦ તાળી પાડી ત્યારે ગૌરીદત્ત પાણીથી બહાર આવ્યા.

૧૪૦૦ તાળી પાડી ત્યારે માધવચરણ પાણીથી બહાર આવ્યા.

૧૬૦૦ તાળી પાડી ત્યારે બંસીધર પાણીથી બહાર આવ્યા.

ઘનશ્યામ મહારાજે સખાઓને પુછ્યું, તમો પાણીના ધરામાં ઘણો સમય રહ્યા ત્યારે ત્યાં તમને શું દેખાયું ? વેણીરામ બોલ્યા, બદ્રીકાશ્રમ ધામ દેખાયું. પ્રયાગ બોલ્યા, મને શ્વેતદ્વીપધામ દેખાયું. રઘુનંદન બોલ્યા, મને વૈંકુઠધામ દેખાયું. ભવાનીદીન બોલ્યા, મને ગોલોકધામ દેખાયું. ગૌરીદત્ત બોલ્યા, મને અક્ષરધામ દેખાયું. માધવચરણ અને બંસીધર બોલ્યા, મને પણ અક્ષરધામ દેખાયું છે.

અમને અક્ષરધામના દર્શન થયાં. ત્યાંના મુક્તો તમારી પૂજા કરતા હતા, અમારૂં મન અક્ષરધામમાં સ્થિર થઈ ગયું. તે ધામનાં સુખનું વર્ણન કરી ન શકાય. તેવું મહા અલૌકિક સુખ છે. ત્યાં તમામ પદાર્થ દિવ્ય અને ચૈતન્ય છે. ત્યાં કાળ માયાનો કોઈ કલેશ નથી. ત્યાં સ્ત્રી-પુરૂષનો કોઈ ભેદ નથી. તે ધામને પામ્યા પછી ક્યારેય જન્મ-મરણનાં ફેરામાં ફરવું પડતું નથી. જેને વેદો સદૈવ નેતિ નેતિ કહી પોકારે છે. અક્ષરધામમાં આધિ, વ્યાધિ કે ઉપાધી કોઈ પ્રકારનું દુઃખ નથી.એક વાત સમજી રાખવી કે - **“ભગવાનનું શાશ્વત સુખ જોઇતું હોય તો જગતનું માન મોટાઇનું ખોટું સુખ છોડવું જ પડે. જેમ પ્રકાશ થાય, તો જ અંધકાર જાય, તેમ ખોટું સુખ છુટે તો જ સાચું સુખ ઉદય થાય.”**

અક્ષરધામની સભામાં મુક્તોની સાથે બેસવું હોય તો દેહના સગા-સબંધીમાંથી આસક્તિ ને મોહ-મમતા છોડવી જ પડે. જો જગત સબંધી વિષયનું ચિંતવન થાય તો ભગવાન ભુલાઈ જાય, અને ભગવાનની અલૌકિક લીલાનું ચિંતવન થાય તો અક્ષરધામમાં જવાય. ઘનશ્યામ મહારાજ સાથે જે બાલ મિત્રો(સખા)રમે

છે, જમે છે, તે સાધારણ માનવી નથી, પણ અક્ષરધામના મુક્તો છે. સખાઓને અલૌકિક અક્ષરધામનાં દર્શન કરાવ્યા. પછી સૌ પોત પોતાને ઘેર ગયા છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૫૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**સમાધાન એ જ સર્વે સમસ્યાનો ઉકેલ છે.**

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૫૫) કીર્તન ભક્તિનું સ્થાન બહુ ઊંચું છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજીમહારાજે વચનામૃતમાં ઘણા ઠેકાણે કીર્તનનો મહિમા ગાયો છે, ગ.મ. ૧૯ માં કહ્યું છે કે અમે ગોલોકમાં ગયા. ત્યાં ભગવાનનાં અનંત પાર્ષદ દીઠા, કેટલાક પાર્ષદો ભગવાનની સેવામાં રહ્યા છે. તે તો સ્થિર સરખા જણાયા, અને કેટલાકતો પરમેશ્વરનાં કીર્તન ગાય છે, તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે, અને કીર્તન ગાતા જાય અને ડોલતા જાય, જેમ કેફે કરીને ગાંડા થયા હોય ને તે ડોલે ને ગાય તેમ કીર્તન ગાય અને ડોલે, પછી અમે પણ એ કીર્તન ગાતા હતા તે ભેળા કીર્તન ગાવા લાગ્યા, કીર્તન ભક્તિ દ્વારા જગતના જે ખોટા ઘાટ છે તે અનાયાસે શમે છે, અને ચંચળ મન જીતાય છે, કીર્તન એક એવું ભક્તિનું સાધન છે, કે ભગવાન તેને વશ થઈ જાય છે.

ભગવાનનું નામ કીર્તન સર્વ પાપોનો નાશ કરનાર છે, એકાગ્રતાથી ગાવામાં આવે તો ચિત્તમાં શાંતિ થાય છે, એક એકાંતિક ભક્ત હતા નામ હતું મોહન. વીસ વરસની ઉંમર હતી, એનો નિયમ કહ્યું, કે દરરોજ સાંજે વંદુ અને પ્રથમ વિગેરે ચેષ્ટાનું કીર્તન ગાઈને પછી જમે.

ચોર ચોરી કરીને જતા હતા, રસ્તામાં મોહન ચાલ્યો આવે છે, તેના ભેગા ચોર પણ ચાલ્યા આવે છે, સિપાઈએ ચોરને પકડ્યા તેની સાથે મોહનને પણ ચોર જાણીને પકડી લીધો, કરગરતા હૃદયે મોહને કહ્યું, હું ચોર નથી. સિપાઈએ કહ્યું, ચોર કદી સાચું બોલે ? એમ કહીને ચાર પાંચ સોટી મારી દીધી, હવે શું કરવું ? મોહનને પણ ચોર સાથે જેલમાં લઈ ગયા, સાંજ પડી. મોહન ધીમે સ્વરે ગાય છે.

**વંદુ સહજાનંદ રસ રૂપ, અનુપમ સારને રે લોલ.**
**જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવપારને રે લોલ.**

આ કીર્તન ચાલું છે, સિપાઈએ કહ્યું, ખોટો બકવાસ બંધ કર, ચોરી કરીને પાછો કાલા વાલા કરે છે, હમણાં જ ફાંસી દેવામાં આવશે. ત્યારે ખબર પડશે, ચાલ તૈયાર થઈ જા, પહેલાં તારો વારો, પછી બીજાની વાત ગળામાં જાડા દોરડાંથી ફાંસો બાંધ્યો.

મોહન આકાશ સામે નજર કરી, પ્રભુને પોકારે છે, વંદુ સહજાનંદ રસ રૂપ, અનુપમ સારને રે લોલ. જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવપારને રે લોલ. આવું જ્યાં બોલ્યો ત્યાં ફટાક કરતાં ગળામાં દોરડાથી બાંધેલ ફાંસો હતો તે તૂટી ગયો, સિપાઈ જોતા જ રહી ગયા, આ શું ? ઓચિંતાનું જાડું દોરડું કઈ રીતે તૂટી ગયું ? ત્યાં મોહન બોલ્યો સમરું પ્રગટ રૂપ સુખ ધામ, અનુપમ નામને રે લોલ. આમ બોલ્યો ત્યાં પ્રભુ પ્રગટ થયા. ચારે બાજુ તેજ તેજ છવાઈ ગયું, તેનાં મધ્યે દિવ્ય પુરુષોત્તમનારાયણનાં દર્શન થયાં, માથે મુગટ, વૈજયન્તી માળા, પીળું પીતાંબર, મરકતું મુખડું આવાં સુંદર સ્વરૂપનાં દર્શન થયાં.

મોહને પ્રભુના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યાં, બે હાથ જોડી કહ્યું, ધન્ય છે, મહાપ્રભુ ! તમે મને સંકટમાંથી બચાવી લીધો. ભક્તોની રક્ષા માટે તમે સદાય તત્પર રહો છો, હે દીનદયાળ ! આવાને આવા મારા હૃદયમાં રહીને દર્શન દેતા રહેજો, હું તમારે શરણે છું. પછી પ્રભુ અદ્રશ્ય થઈ ગયા, પોલીસોએ માફી માગતાં કહ્યું, મોહન ભગત તમારા પુણ્યના પ્રતાપે અમને પણ ભગવાનનાં દર્શન થયાં, અમારાથી ભૂલ થઈ ગઈ છે. તમે સાવ નિર્દોષ છો, પણ અજાણતાં મરાઈ ગયું છે, અમને માફ કરજો. બીજીવાર આવી ભૂલ નહિ કરીએ, ચોર હતા તે પણ મોહન ભગતના સમાગમથી ધીરે ધીરે સત્સંગી થઈ ગયા, પોલીસોને પણ ભક્તનો ગુણ આવવાથી તે પણ ભક્ત થઈ ગયા.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, જેને અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય અને દેહ મૂકે તો તેને ફરીને ગર્ભવાસમાં જવું પડે નહિ, ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તો પણ પરમપદને પામ્યો છે, જેવા શ્વેતદ્વિપમાં

**જેમાણસમાં જતું કરવાની ભાવના છે તે સાચો મુમુક્ષુ છે.**

નિરન્નમુક્ત છે તેવો જ એ પણ નિરન્નમુક્ત થઇ રહ્યો છે, તેનાં માબાપ પણ કૃતાર્થ થયા જાણવાં.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૫૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! .....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૫૬) પ્રભુનો ટેકો સાચો.

સ્વામિનારાયણ હરે..

પત્ની પતિને આધારે હોય છે, નોકર શેઠને આધારે હોય છે, શેઠ નગરપતિને આધારે હોય છે, નગરપતિ મંત્રીને આધારે હોય છે, મંત્રી, તંત્રી, દીવાન, પ્રધાન અને પ્રજાજનો બધા રાજાને આધારે હોય છે. ભગવાન કોઈને આધારે નથી તેથી સ્વતંત્રમૂર્તિ કહેલા છે.

જળ તેજને આધારે છે, તેજ વાયુને આધારે છે, વાયુ આકાશને આધારે છે, આકાશ ભગવાનને આધારે છે, પૃથ્વી શેષનારાયણ ભગવાનને આધારે છે. ભગવાન કોઈને આધારે નથી, સ્વતંત્ર છે.

શિશુમાર ચક્ર ધ્રુવમંડળને આધારે છે, ધ્રુવમંડળ ભગવાનને આધારે છે, તમામ જગતના દેવ, દેવીઓ પરતંત્ર છે, પરવશ છે, પણ પ્રભુ ! તમે એક જ એવા છો કે તમે કોઈને વશ નથી, કોઈના આધારે નથી, સ્વયં તમારા જ આધારે છો, જે ધારો તે કરી શકો છો, તમે સ્વતંત્ર છો.

એક નાનકડાં ગામમાં બ્રાહ્મણ રહેતો હતો. તે પોતાના સાસરાના ગામથી પત્નીને તેડીને પોતાના ગામ તરફ આવતો હતો. પત્નીને શરીરે સૂંડલો ભરાય એટલા દાગીના હતા. આ બન્ને દંપતી વનની વાટે ચાલ્યાં આવે છે, સ્ત્રીના શરીર પર દાગીના જોઈને ઠગારાની દાનત બગડી, આને લૂંટવા જેવો લાગ મળ્યો છે. પછી સાધુના જેવાં કપડાં પહેરીને એમની સાથે ચાલતો થયો, પત્ની ચતુર હતી તેમને ખબર પડી ગઈ કે, આ સાધુ સંત નથી પણ ઠગારો છે. સાધુની આંખ નિર્મળ હોય, આની આંખમાં કપટ ને વિકાર દેખાય છે. સાધુ સંતની દૃષ્ટિ સ્થિર હોય

**થોડો કાળ જીવવું અને પરલોક ગુમાવવો એથી ભયંકર કોઈ ભુલ નથી.**

અને આતો ચારે બાજુ ચક્કર વક્કર જોયા કરે છે.

ઠગારાની હાજરીમાં પતિને કાંઇ કહેવાય નહિ, હવે શું કરવું ? બ્રાહ્મણ બિચારાને કાંઇ ખબર નથી, તેથી ભગવાનની વાતો કરતા કરતા ચાલ્યા જાય છે. બ્રાહ્મણ પત્નીને થયું કાંઇ યુક્તિ કરવી પડશે, તેથી ધીરે ધીરે ચાલતાં પાછળ રહી ગયાં. પછી ઓચિંતાની જોરથી બૂમ પાડી, વોયરે !!! મને કાંટો વાગ્યો. બૂમ સાંભળી બ્રાહ્મણ દોડી આવ્યો, કયા પગમાં કાંટો વાગ્યો ? લાવ કાઢી દઉં, પત્નીએ કહ્યું, પગમાં કાંટો નથી વાગ્યો પણ કાળજામાં વાગ્યો છે. પતિદેવ ! આ સાધુના વેશમાં ઠગારો છે, સાધુ નથી, ધૂતારો છે, માટે ચાલો આપણે પાછા વળી જઇએ, ચેતી જઇએ તો સારૂં, નહિતર આ ધૂતારા હેરાન કરશે. ઠગારાને થયું આ બે જણ શું વાત કરતાં હશે ? અમારી વાત કરતાં હશે તો ! ચોરને ચંદેણાં સુઝે, દોડીને નજીક આવ્યા, શું થયું કહો તો ખરા ?

ત્યારે બ્રાહ્મણે કહ્યું, અમે અહિથી પાછા વળીને ઘરે જશું, પણ આગળ નહિ ચાલીએ. ત્યારે સાધુના વેશમાં ચોરે કહ્યું, અમારા જેવા સાધુ ઉપર તમને વિશ્વાસ નથી ? આપણા બધાની વચ્ચે ભગવાન છે, પ્રભુનો ટેકો સાચો, બીજાનો ટેકો કાચો, અમે સંતો છીએ, સંતો તો પરહિતકારી હોય છે. માટે તમે બેફિકર રહીને ચાલો. હમણાં જ આપણા ગામે પહોંચી જશું.

ભગવાનના ટેકાની વાત આવી એટલે દંપતીને થયું વાત સાચી કરે છે, એમ કરતાં ચાલતાં ચાલતાં દૂર વનમાં પહોંચ્યાં, ત્યાં આ ઠગારાએ બ્રાહ્મણની છાતી ઉપર ભાર દઇને બ્રાહ્મણને મારી નાખ્યો. ત્યારે સ્ત્રી આજુ બાજુ જોવા લાગી, ત્યારે ચોરે કહ્યું, આજુ બાજુ શું જુઓ છો ? હવે કોઇ મદદ કરવા નહિ આવે, તારા દાગીના બધા આપી દે, નહિંતર તને મારી નાખીશ.

ત્યારે બાઈએ કહ્યું, આજુ બાજુએ જોઉં છું, કે તમે કહેતા હતા કે આપણા વચ્ચે ભગવાન છે, એ હજુ કેમ આવતા નથી ! દેખાતા નથી ! એના આધારે હું અહિ આવી છું. એમ કહી ઊંચા અવાજે રડતાં રડતાં પોકાર કર્યો.

**સહજાનંદ શરણં મમ, સહજાનંદ શરણં મમ;**

ત્યાં તો ભગવાન મદદમાં આવી ગયા. હણહણાટ કરતી માણકી ઊભી રહી. ચોર આભા બની ગયા. આ ઘોડેસવાર કોણ વનમાં પહોંચી આવ્યો ? ભગવાને

હાકોટો માર્યો, અલ્યા પાપી, સાધુનો વેશ લઈ જગતને છેતરો છો ? જ્યાં નજર કરી ત્યાં ચોર લાકડાંની જેમ જડ બની ગયા, પૂતળાં જેવા અચેતન બની ગયા, બાઈ ખોળો પાથરીને પ્રભુને પગે લાગી, હે દીનદયાળ ! ખરી વખતે તમે અમારી સંભાળ લીધી, નહિતર આ પાપીના હાથે મારું મોત થઈ જાત.

ભગવાને બ્રાહ્મણ ઉપર હાથ ફેરવ્યો, બ્રાહ્મણ જીવતો થયો. પછી દંપતી ઘેર ગયા. અને આખી જિંદગી ભજન કર્યું. અને અંતે ભગવાનના ધામને પામ્યાં.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૫૭

૧. જય સદ્ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**જે ભગવાનની આજ્ઞા પાળે છે, ભગવાન તેની રક્ષા કરે છે.**

૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૫૭) દેહાધ્યાસ છૂટે ત્યારે બ્રહ્મરૂપ થવાય છે.

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી આદિવારાહ નામનાં પુન્ય તીર્થક્ષેત્રમાં પધાર્યા. પ્રભુનાં દર્શન કરી સૌને એમ થયું કે આ મહા સિધ્ધ છે. હજારો માણસો દર્શન કરવા આવે છે. તેમને પ્રભુ ધર્મનો ઉપદેશ આપે છે. ધર્મનું તન મન અને ખરા ખંતથી સેવન કરવું જોઇએ. ચિત્તનો ચોંટવાનો સ્વભાવ છે. જગતના જીવને અખંડ પંચવિષયનું ચિંતવન થયા કરે છે પણ જેને અખંડ ભગવાનનું ચિંતવન થાય છે તેનો બેડો પાર થઇ જાય છે અને જન્મ સુધરી જાય છે.

ચિત્તને ચોંટવા જ જોઇએ છીએ તો ભગવાનમાં ચોંટાડોને. લીલા ચરિત્રો ભજન કીર્તનમાં મન તલ્લીન કરી દેવું. નવરું રહેવા દેવું નહિ. પ્રભુ કહે છે, હે ભક્તજનો! મન સંકલ્પ વિકલ્પ કર્યા વિના રહી શક્તું નથી. એક સંકલ્પ પૂરો થાય ત્યાં બીજો શરૂ થઇ જાય. સંકલ્પની હારમાળા ચાલુ જ હોય.

મનને ભગવાનનાં લીલા ચરિત્રોમાં ગૂંચવી મૂકવું. લીલા ચરિત્રો સંભાળવા. પ્રભુએ આ ગામમાં આવી લીલા કરી છે. મન સંકલ્પથી જ જીવે છે. મન સંકલ્પ રહિત બને તો ભવસાગરથી તરી જાય. સંકલ્પની સંધિમાં ભગવાનને રાખો. પ્રભુનું ચિંતવન કરવાથી દેહાધ્યાસ છૂટે છે. સાધારણ જ્ઞાન કે સાધારણ ભક્તિથી દેહાધ્યાસ છૂટતો નથી. સતત ભક્તિ કરવાથી દેહાધ્યાસ છૂટે છે ને બ્રહ્મરૂપ થવાય છે. વિગેરે

ખૂબ ઉપદેશ આપી અનેક જીવાત્માને પોતાના શરણે લીધા છે. વિકરાળ કળિકાળમાં મોક્ષનો માર્ગ સરળ કર્યો અને કલ્યાણનો માર્ગ ખુલ્લો કર્યો.

શ્રી નીલકંઠ વર્ણી પોખરા નામના શહેરમાં પધાર્યા. પોખરા નેપાળ દેશનું વિદ્યાધામ છે. ત્યાંનું તે ઉતરકાશી ગણાય છે. ત્યાં સેતી ગંગા નામની નદી વહેતી હતી. તેમાં પ્રભુએ સ્નાન કર્યું. ત્યાં સંસ્કૃત ભણાવવાની ઘણી પાઠશાળાઓ છે. અનેક વિદ્યાર્થીઓ ત્યાં અભ્યાસ કરતા હતા. તે જોઈને પ્રભુ બહુ રાજી થયા. સંસ્કૃત છે તે દેવ ભાષા છે. સંસ્કૃત ટકશે તો આપનો સનાતન ધર્મ ટકી રહેશે. મજબૂત બનશે.

ત્યાં અનેક વેદ પાઠી હતા. તે વેદ બોલતા હતા. કોઈ જ્યોતિષ હતા. કોઈક પંડિતો હતા. તેમને પ્રભુએ પ્રશ્ન પૂછ્યા. તેના ઉત્તર વ્યવસ્થિત આપ્યા. તે સાંભળી પ્રભુ બહુ રાજી થયા. પંડિતો અને વેદપાઠી વિચાર કરતા થઈ ગયા કે બાલાયોગી નાના છે પણ સારી વિદ્યાનો સાર જાણે છે. આ કોઈ સાધારણ યોગી નથી પણ ચોક્કસ પરમેશ્વર લાગે છે. પછી ધીરેથી પૂછ્યું, વર્ણીરાજ! તમારું નામ શું છે ?

મારા અનેક નામ છે. મને જે નામથી બોલાવે તેને હું હોંકારો આપું છું. આવી વાત સાંભળી બ્રાહ્મણો આશ્ચર્ય પામી ગયા. નજીકમાં શિવાલય હતું તેમાં નીલકંઠ વર્ણીએ નિવાસ કર્યો. અનેક જીવાત્માને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી પ્રભુ ત્યાંથી ચાલતા થયા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**આ સત્સંગ દર્પણ જેવો ચોખ્ખો છે,ભુલ તરત દેખાઈ આવશે.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૫૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૫૮) કર્મ અનુસારે જુદા જુદા દેહ પમાડે છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, કર્મને અનુસારે એ જીવને ભગવાન જે તે ઉદ્‌ભિજ, જરાયુજ, સ્વેદજ અને અંડજ જાતિના જે દેહ તેને પમાડે છે.

**ઘર સત્સંગ સભા**

- **ઉદ્‌ભિજ જાતિના જે દેહ – ધરતીમાંથી થતી વનસ્પતિઓ**
- **જરાયુજ જાતિના જે દેહ – જરથી વીંટાયેલા માનવ અને પશુઓ**
- **સ્વેદજ જાતિના જે દેહ – પરસેવામાંથી થતાં માંકડ, ચાંચડ વિગેરે**
- **અંડજ જાતિના જે દેહ - ઇંડામાંથી થતાં પક્ષી સર્પ વિગેરે**

એ તો જે જીવને જેના દેહ થકી ઊપજ્યાનો કર્મસંબંધ પ્રાપ્ત થયો હોય તે જીવને તે દ્વારાએ ઉપજાવે છે. **(ગ. પ્ર. પ્ર ૧૩ વચનામૃત)**

ભગવાન બુદ્ધ પાસે શિષ્ય આનંદ નાની ઉંમરથી આવ્યો હતો. એક દિવસ ગુરુજીને પગે લાગીને કહ્યું, **જેવું વાવો તેવું લણો. કરો તેવું પામો.** તેનો મને અર્થ સમજાવો. ગુરુજી કહે છે, જમીનમાં જેવું વાવો તેવું જ ઉગે છે. એટલે કે બાવળનું બીજ વાવવાથી ક્યારેય આંબો ઉગે નહિ. તેમ આજ નહિ તો કાલે ખરાબ કાર્યોનું ફળ ખરાબ જ આવશે. અને સારા કાર્યોનું ફળ સારું જ આવશે. તમે કહેશો, કેવી રીતે ? તો સાંભળો.''

સવારે વહેલી પ્રભાતમાં ગુરુજીએ નિત્ય કર્મ કર્યું. પછી પક્ષીને દાણાં નાખ્યા ને ગાયને ઘાસ નીર્યું. શિષ્ય આનંદ પુછે છે, તમે આમ શું કરો છો ? પક્ષીને દાણાં નાખું છું. આમ કરવાથી શું થાય ? પરોપકાર કરવાથી પુણ્ય થાય અને નિર્દોષ જીવજંતુને મારીએ તો એ ખરાબ કર્મ કહેવાય. પાપ કર્મ કહેવાય. સેવા કરીએ તો પુણ્ય કર્મ કહેવાય. ગુરુદેવ, કર્મ એટલે શું? કર્મ એટલે કામ (ક્રિયા).

ભગવાને આપણને હાથ, પગ, આંખ, નાક, કાન સાથે સુંદર શરીર આપ્યું છે. સાથે શરીરમાં મન પણ રહેલું છે. શરીર અને મન દ્વારા આપણે જે ક્રિયાઓ કરીએ તેને કર્મ કહેવાય. આનંદ કહે છે, સારું કર્મ કયું અને ખરાબ કર્મ કયું કહેવાય તે મને સરખી રીતે સમજાવો. ગુરુ કહે છે, દરેક જીવાત્મા પ્રત્યે દયાભાવ રાખવો. તે સારા કર્મ છે. માતા પિતા, ગુરુ, ગરીબ, અનાથની સેવા કરવી તે પણ સારા કર્મ છે. ભગવાનની આજ્ઞામાં વર્તવું, પૂજા પાઠ કરવાં, સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો તે સારા કર્મ કહેવાય.

સંત સમાગમ કરવો, તીર્થ કરવા જવું, ધર્મ મર્યાદામાં રહી ભક્તિ કરવી વિગેરે શુભ કર્મો સારા કાર્યો છે. આનંદ કહે છે, વાહ! આવા સારા કાર્યો તો હું પણ

**જેને સારા ભક્ત થવું છે, તેને કોઈ સાથે વેર રખાય નહિ.**

કરીશ તો મને સારૂં ફળ મળશે ને ?હા બેટા, ચોક્કસ સારાં ફળ મળશે. ગુરુ કહે છે, હવે ખરાબ કર્મ વિષે પણ જાણીલે જેથી તું ખરાબ કર્મ કરે નહિ.

ચોરી કરે, જુઠું બોલે, કુડકપટ કરે, પશુપક્ષીની હિંસા કરે તે બધાં ખરાબ કર્મ કહેવાય. અવતારોની નિંદા કરે, વેદ, શાસ્ત્રો અને તીર્થની નિંદા કરે, સંતોની અવગણના કરે, તિરસ્કાર કરે માંસ ભક્ષણ કરે, ન ખાવાનું ખાય, ન બોલવાનું બોલે, ન જોવાનું જુવે વિગેરે ખરાબ કર્મ કહેવાય. ખરાબ કર્મનું ફળ ખરાબ હોય છે. કુદરતની હાઇ કોર્ટમાં જવું પડશે ને રતિ રતિના જવાબ દેવા પડશે.

આનંદ કહે છે, ખરાબ કર્મો કરશું નહિ. સદાય પ્રભુની ભક્તિ કરશું. પણ ગુરુદેવ, ખરાબ કર્મો કરે તો શું થાય ? ગુરુ કહે છે, ''ખરાબ કર્મ કરે તો યમદૂતો તેને ચાબુકથી મારે છે. ભયંકર સજા કરે છે. ગુરુદેવ, મને સારા કર્મો કરતાં શીખવાડશો ને ? હા બેટા, જરૂર શીખવશું. કર્મના સિદ્ધાંતો ભોગવવા જ પડે છે.

હે ગુરુદેવ, કર્મના સિદ્ધાંત એટલે શું ? સારા કાર્યનું સારું ફળ. ખરાબ કાર્યનું ખરાબ ફળ. તેને કર્મનો સિદ્ધાંત કહેવાય. જેના સારા કર્મ છે તે આ ને આ દેહે સ્વર્ગલોક જેવું સુખ ભોગવે છે અને જેના કર્મ ખરાબ છે તે આ ને આ દેહે નરક જેવું દુઃખ ભોગવે છે. બેટા આનંદ, કર્યા કર્મ અવશ્ય ભોગવવાં જ પડે છે. દુનિયામાં ડાહ્યો થઇને ફર્યો. સત્કર્મ કાંઇ ન કર્યું. માણસને ડહાપણ કરતાં બહુ આવડે છે. મોટા મોટા સંતોમાં અને વડીલોમાં ખોટ કાઢે. તમે મોટા કહેવાઓ છો પણ આટલી ખબર તમને નથી. પણ પોતાના મોક્ષ માટે કોઈ વિચાર કરતો નથી, કે મારું અંતે શું થશે ? ક્યાં જઇશ ? મારા જીવાત્માનો કોણ માલિક છે ? મારું અસલી ઘર ક્યાં છે ? માનવ જન્મ કેવો કિમતી ચિંતામણી જેવો છે. આવા કોઇ ઉત્તમ પ્રકારના વિચાર કરતો નથી. માયા જીવને ગાફલ કરે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

# ઘર સત્સંગ સભા

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૫૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી..............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૫૯) સગપણ કીધું રે શ્યામળિયા સાથે.

સ્વામિનારાયણ હરે..

કેટલાકનું માનવું એવું હોય છે કે કલિયુગમાં બ્રહ્મચર્ય વ્રતનું પાલન ન

**મૌન પણ એક પ્રકારનો ઉત્તમ જવાબ છે.**

થઈ શકે, અશક્ય છે. આ બાબત પણ સમજવા જેવી છે.

જેને ગુરુનું અવલંબન નથી, હરિનું શરણું નથી, તેના માટે નિષેધ છે. બાકી જેના ઉપર ગુરુની કૃપા છે, પુરુષોત્તમ નારાયણની ઉપાસના છે, તે ચોક્કસ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી શકે. કેવળ પોતાની સાધનાના બળથી ધારે કે, હું બ્રહ્મચર્યવ્રત પાલન કરી શકીશ, તો સંભવ છે કે તેના વ્રતમાં કદાચ ભંગ થાય પણ ખરો. પણ જેની દૃઢ નિષ્ઠા ભગવાનમાં અચળ હોય, હૈયામાં હરિવર રમતા હોય, તે ભક્ત સહેલાઈથી બ્રહ્મચર્યવ્રત જીવન પર્યંત રાખી શકેછે. નેત્રની વૃત્તિ નટવર નારાયણમાં રમતી હોય તેના માટે વ્રત રાખવું સહેલું છે. પણ જેના નેણમાં, વેણમાં, હૈયામાં માયા રમતી હોય તેના માટે કઠિન છે.

બ્રહ્મ એટલે ભગવાન, ચારી એટલે ભગવાનના માર્ગે ચાલનારો ને અખંડ ચિંતવન કરે તેને કહેવાય બ્રહ્મચારી. નૈષ્ઠિક એટલે એક ભગવાનમાં નિષ્ઠા, જેને પૂરેપૂરો ભગવાનનો આશરો હોય તેને ભગવાન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાની શક્તિ જરૂર આપે છે. તેથી તો યુવાન સાંખ્યયોગી બાઈઓ અને યુવાન સાધુઓ હળાહળ કલિયુગમાં પણ આજીવન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી, હરિધ્યાન પરાયણ જીવન જીવે છે. એ પ્રતાપ ભગવાન સ્વામિનારાયણનો છે, બાકી થાય નહિ. કીડીથી બ્રહ્મા સુધી માયા મૂકી શકે તેમ નથી. ૬૦-૬૦ ૮૦-૮૦ વરસના વૃધ્ધોથી માયા છોડાતી નથી.

વીસ વીસ વરસના યુવાન માયાને ઠોકર મારી પ્રભુ ભજે છે, એ ચોક્કસ સાબિતી આપે છે, કે ભગવાન સ્વામિનારાયણ સત્સંગમાં સાક્ષાત્ છે જ. ! નહિતર પંચવિષય અને માયા મૂકે એવા નથી. ભગવાનને મૂકી દે, પણ માયાને ન મૂકે. સૂકા તણખલાની જેમ માયાને ઉડાડી દે છે, એવા અનેક ભક્તજનો આપણા સંપ્રદાયમાં થયા છે અને વર્તમાન કાળે થાય છે.

વાંકિયા ગામના દરબારની દીકરી પરમ એકાંતિક ભક્ત હતા. તેમનું નામ રાજબાઈ હતું. મીરાબાઈની જેમ પ્રેમ મગ્ન થઈ ભગવાન સાથે રમે. ભગવાનની મૂર્તિને સ્નાન કરાવે, શણગાર ધરાવે, ભાવથી ભોજન જમાડે. જમાડતાં વાતો કરે. તમને ભૂખ લાગી હશે. તમારા માટે દૂધપાક લાવી છું. બહુ સરસ સુગંધદાર છે.

જમો તો ખરા. જમ્યા પછી મને પ્રસાદી આપજો. મૂર્તિની આગળ બે બે કલાક સુધી બેસી જાય. સમયનો ખ્યાલ રહે નહિ. બ્રહ્મરૂપ થઇ જાય. પ્રભુમાં તલ્લીન બની જાય.

ઉંમરલાયક થયા. મા કહે છે, રાજુ, તારૂં સગપણ કરવું છે ? રાજબાઈ બોલ્યા, મેં મારૂં સગપણ કરી લીધું છે. મારી ચિંતા ન કરશો. કોની સાથે સગપણ કર્યું છે ? પુરુષોત્તમ નારાયણ સાથે કર્યું છે. લાડુબાઈ અને જીવુબાઈની જેમ સાંખ્યયોગ ધારણ કરીશ. શ્રીજી મહારાજનું ભજન કરીશ.'' મા બાપે કહ્યું, રાજુ, સંસારમાં રહીને ભક્તિ થાય છે. અમારૂં વચન માની જાઓ અને સગપણ કરવાની હા કહો.

રાજબાઈ બોલ્યા, કોઈ દિવસ મરે નહિ એવા અખંડ વરની સાથે સગપણ કરી દો તો લગ્ન કરવાની હા. નહિંતર ના. હવે શું કરવું ? માતા પિતા વિચાર કરતાં થઇ ગયા. ચાલો, શ્રીજી મહારાજ પાસે જઇએ. રાજુને લઇને ગઢપુરમાં આવ્યા. પગે લાગીને પછી વાત કરી કે, રાજુ માનતી નથી. સગપણ કરવાની મનાઈ કરે છે. તમે સમજાવો તો બહુ સારું. શ્રીહરિ રાજબાઇને કહે છે, તમારી ભાવ ભક્તિ અમને બહુ ગમે છે.

શ્રીજી મહારાજે આકરી ધમકી આપી, માનો અમારું એક વચન. પરણીને ભગવાન ભજવા. અમારી આજ્ઞા નહિ માનો તો સત્સંગ બહાર થશો. મા બાપની ઈચ્છા છે તમને પરણાવાની તો લગ્ન કરો ને ભગવાન ભજો. તમારી સાચી નિષ્ઠા હશે તો ભગવાન તમારી રક્ષા કરશે. મા બાપનું વચન માનવું જોઈશે. હવે શું કરવું ? રાજબાઈ મુંઝાઈ ગયા. શ્રીજી મહારાજે કહ્યું છે તેમ કરવું જોઈશે. સગપણ કર્યું. વરપક્ષવાળા ચુંદડી લઈને આવ્યા. ચુંદડી પટારા ઉપર રાખી. માએ વાત કરી, રાજુ, તારી ચુંદડી આવી ગઈ છે.

રાજબાઈ છણકો કરતાં બોલ્યા,બળી તમારી ચુંદડી! ત્યાં તો ભળભળ કરતાં ચુંદડી બળી ગઈ. સૌ આશ્ચર્ય પામી ગયા. ભક્તિની શક્તિ જુઓ. જેવું વચન બોલે તેવું સત્ય થાય. એવી શક્યતા ધરેલા જીવનમાં તાકાત છે. ખૂબ સમજાવ્યા પણ જરાય ઢીભા થયા નહિ. કાચો વૈરાગ્ય હોય તો ઢીલો થાય પણ રાજબાઈનો તો ઉત્તમ વૈરાગ્ય છે. વૈરાગ્ય વસે જેના ઉરમાં, બળતો લાગે સંસાર,

**માનવતા જ મનુષ્યનો મહાન ગુણ ગણાય.**

અરુચિ રહે સદા અંતરે... આધિ, વ્યાધિ, ઉપાધિની આગ લાગી છે તેમાંથી કોઇક જ વીરલા બચે છે. અસાર સંસારમાંથી વિરક્ત થઇ ગયા છે. જ્ઞાનયુક્ત વૈરાગ્ય છે.

અંદરનું તોફાન શાંત થાય ત્યારે સાત્વિક કહેવાય. માબાપને થયું કે સાસરે જશે પછી બરાબર ગોઠવાઇ જશે. વાજતે ગાજતે માંડવો રોપ્યો. ઢોલ ઢબુકવા લાગ્યા. શરણાઇઓના સુર રેલાયા. નારીઓ મંગળ ગીત ગાય છે. રાજબાઇ આંખ બંધ કરી પ્રભુની પ્રાર્થના કરે છે. વહે પ્રભુ! મારી ખરી વેળાએ લાજ રાખજો. જગતની માયાથી બચાવજો. હું તમારા શરણે છું. દેહ માંડવામાં છે, મન શ્રીજી મહારાજમાં છે. શ્વાસોશ્વાસ પ્રભુનું સ્મરણ કરે છે.

ધામધૂમથી રાજબાઇના લગ્ન થયાં. સાસરે આવ્યા. ઓરડામાં ખાટલા ઉપર બેઠા બેઠા રડે છે. હે મહારાજ! જગતની માયાથી બચાવજો. તમારા શરણે રાખજો. પાણી વિના માછલું તરફડે તેમ પ્રભુના દર્શન માટે તરફડે છે. હે પ્રભુ, મારા બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરો, રક્ષણ કરો. રાજબાઇનો પતિ રામજેબલીયા જ્યાં ઓરડામાં પ્રવેશ કર્યો ત્યાં પ્રભુ મદદ કરવા આવી ગયા. રાજબાઇને બદલે સિંહ દેખાયો.

રામજેબલીયો ધ્રુજી ગયો. અરે ઘરમાં સિંહ ક્યાંથી આવ્યો ? રાડ પાડીને ભાગ્યો. દોડો, દોડો, ઘરમાં સિંહ આવ્યો છે! બધાં દોડતા આવ્યા. જોયું તો રાજબાઇ બેઠા છે પણ સિંહ દેખાતો નથી. ''અલ્યા! નાહકની રાડો ન પાડ... સિંહ તો જંગલમાં હોય. ઘરમાં કાંઇ રહેતો હશે ? તું ગાંડો થઇ ગયો છે. હું ગાંડો નથી પણ ઘરમાં ચોક્કસ સિંહ છે જ. હું ઘરમાં રહીશ નહિ. જલદી આ સ્ત્રીને પીયરે મૂકી આવો. એ સતી દૈવી આત્મા છે. સંસારમાં રહેશે નહિ. આજથી તે મારી બહેન અને માતા સમાન છે.

રાજબાઇ રાજી રાજી થઇ ગયા. ધન્ય હો પ્રભુ! ભક્તો માટે કેવા રૂપ ધારણ કરો છો. હિંમત આવી ગઇ. મારા ભગવાન મદદમાં આવી ગયા છે. હવે કાંઇ ચિંતા નથી. સાસુ સસરા કહે છે, રાજબાઇ, તમે સુખેથી તમારા ગામ વાંકિયા જાવ અને અમે રાજીપે રજા આપીએ છીએ. રાજબાઇ રાજી થઇ ગયા. સંસારની જેલમાંથી છૂટકારો મળ્યો. રાજબાઇ વેલ (ગાડી)માં બેઠા. ગાડાવાળાએ ગાડુ

ચલાવ્યું. ગામ વાંકિયાનો રસ્તો આવ્યો. ગાડુ તે તરફ વાળ્યું. ત્યારે રાજબાઇ બોલ્યા, હે વીરા! હવે મારે ગામ વાંકિયા નથી જવું પણ ગઢપુર જાવું છે.

રાજબાઇ ગઢપુર આવ્યા. અંતરમાં આનંદ થાય છે. પ્રભુએ મને માયામાંથી બચાવી લીધી. પ્રભુને પગે લાગીને સભામાં બેઠા. શ્રીજી મહારાજે લાડુબા તથા જીવુબાને કહ્યું, “મુક્તકોટિના રાજબાઇ આવ્યા છે. તેને ધર્મ નિયમની બધી રીતભાત શીખવજો અને તમારી સાથે રાખજો. રાજબાઇની સ્થિતિ બહુ ઉંચી હતી. ગર્ભવતિ સ્ત્રીના ઉદરમાં પુત્ર હોય તો કહેતા કે તારા ઉદરમાં પુત્ર છે માટે મને અડીશ નહિ. નિયમો ટકાવી રાખ્યા હતા. લોયાના ૩ વચનામૃતમાં શ્રીજી મહારાજે યાદ કર્યા છેઃ-

૧. પુરુષથી દશ હાથ છેટે ચાલવું
૨. દિવસમાં એકવાર રસકસ વિનાનું જમવું.
૩. ભૂમિપર સુવું
૪. સવારના ચાર વાગ્યા પહેલાં ઉઠવું

રાજબાઇનું સાસરું અને પીયર બધું સ્વામિનારાયણ હતું.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥

**ઉતાવળિયો નિર્ણય ઘાતક બને છે.**

નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૬૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૬૦) આપણે ઘેર સંતો હોય ત્યારે (વિવેક)

સ્વામિનારાયણ હરે..

આજનો માનવી આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી ત્રસ્ત છે. વળી સમયે સમયે તેના પર રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણની પણ અસર થયા કરે છે. આ બધાના પરિપાક રૂપે તેનામાં તનાવ પેદા થાય છે. તે તર્ક-વિતર્ક અને શંકા-કુશંકાના જાળામાં ભરાઈ પડે છે.

તેથી તેનામાં માનવ સહજ દુર્ગુણો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, તૃષ્ણા અને અહંકાર આવે છે. અને તે અસંતોષી બની જાય છે. તેમાંથી છુટવા તેનું અંતઃકરણ ઈશ્વરી શક્તિના આશરે દોડી જાય છે. ત્યાં તેનો અધ્યાત્મ ઈલાજ થાય છે અને તે સદ્‌ગુરુરૂપી વૈદ્યરાજની આજ્ઞા પ્રમાણે પોતાનું શેષ જીવન વિતાવવા તૈયાર થાય છે.

એક ભજનમાં લખ્યું છે કે, ''હરિ તારાં નામ છે હજાર, કયા નામે લખવી કંકોત્રી'' પણ આ પ્રશ્નનો ઉત્તર આપણને મળી ગયો છે.

અક્ષરધામના અધિપતિ ભગવાન શ્રીસ્વામિનારાયણની દૃષ્ટિ આપણાં ઉપર પડી અને આપણે તેમને ગમી ગયા અને તે આપણને ગમી ગયા અને શરૂ થયો આપણી અને એમની વચ્ચે ભગવાન-ભક્તનો અતૂટ નાતો. જે આજે પણ ચાલુ છે.

જગતના લોકો કહે છે સંબંધ બાંધવો સહેલો છે પણ તેને આજીવન નિભાવવો અઘરો છે પણ ભાઈ એ તો દુનિયાના સંબંધોની વાત થઈ.

આપણે તો અહીં આધ્યાત્મિક સંબંધની વાત કરીએ છીએ. સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીએ કહ્યું છે કે, ''રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું....રે . સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાંગ્યું મન મિથ્યા ભાળી, છે વરવા જેવા એક વનમાળી....રે સગપણ...''તો વળી જેરામે કહ્યું છે કે, ''પૂર્વેનું પુણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળિયા છે ત્યારે, આગળ કહે છે.....નીરખી નારાયણ મૂર્તિ જ્યારે, ત્રિવિધ ટાપ ટળ્યા મારા ત્યારે.....હવે આજીવન આ સંબંધ નિભાવવો છે જ. તે માટે શું કરવું.

શ્રીહરિએ સ્વમુખે કહ્યું છે કે,

''સંતો અમારું સ્વરૂપ છે. વળી શાસ્ત્રો, મંદિરો, સંતો અને આચાર્ય આ ધર્મ-સંસ્કૃતિના આધાર સ્તંભો છે.''

જેમણે આજીવન શ્રીહરિ સાથે સંબંધ રાખવો છે અર્થાત આ જીવન દરમ્યાન સત્સંગ પારાયણ જ રહેવું છે. તેમણે આ ચારેય ના સતત સંપર્કમાં રહેવું જ પડે.

તેથી અવારનવાર અરે વર્ષમાં એક વખત તો સંતો અને આચાર્ય મહારાજશ્રીના પુનિત પગલાં આપણાં ઘેર પડવા જ જોઈએ. ઠાકોરજીની

**કોઈ પણ વાત કે પ્રસંગને જાણ્યા વગર પ્રતિક્રિયા આપવી એ મૂર્ખામી છે.**

પધરામણી થવી જ જોઈએ.

વિશ્વ વિખ્યાત ભારતીય સંસ્કૃતિ-સભ્યતા આજે બે અબજ વર્ષોથી અસ્તિત્ત્વ ધરાવી રહી છે. તેના ઉપર ઠેર ઠેરથી અસંખ્ય આક્રમણો થયા ત્યારે આ સંસ્કૃતિ-સભ્યતા-ધર્મની રક્ષા ઋુષિ-મુનિઓએ જ કરી છે.

આજે પણ આપણો સ્વામિનારાયણ સંપ્રદાય આ સંતોથી જ ઉજળો છે. આ સંતો જ શ્રીસ્વામિનારાયણીય સભ્યતા-સંસ્કૃતિનું રક્ષણ કરી રહ્યા છે અને ંસવર્ધન પણ તેને જ આભારી છે.

એવા સંતો જ્યારે આપણે ઘેર પધારે ત્યારે આપણે તેમનું માન, મર્યાદા અને વિવેક રાખવા જોઈએ. યાદ રાખો કે જેટલી માનીએ છીએ તેટલી સરળ વાત નથી જ. આપણા ઘેર સંતો પધારે ત્યારે તેમની ઉપસ્થિતિમાં વિવેકભાન ભુલવા નહીં.

કંચન-કામિનીના ત્યાગી આવા સંતો આપણા ઘેર પધરામણીએ પધારે ત્યારે શેરી-સોસાયટીના પ્રવેશદ્વાર અને ગામની પાદર સુધી તેમને આવકારવા અને ભાવભીની વિદાય આપવા જવું એ આપણી ફરજ છે.

સંતોનું આપણા ઘરના પ્રવેશદ્વારે ફુલહારથી સ્વાગત(સન્માન) કરવું જોઈએ. ખાસ ધ્યાન રાખવું એ જોઈએ કે સંતો અષ્ટપ્રકારે બ્રહ્મચર્યવ્રતના પાલક હોય છે. ત્યારે સ્વાભાવિક છે કે ઘર-પરિવાર-સગાં-સંબંધીઓના મહિલાવર્ગને પ્રમાણસર દૂર રાખવા જોઈએ. નાના બાળકોને સત્સંગના સંસ્કાર સિંચન માટે પ્રત્યેક ક્રિયામાં ભેગા આગળ રાખવા જોઈએ.

શાસ્ત્રકથિત ષોડ્ષોપચારે ઠાકોજીનું અને સંતોનું યથોચિત પૂજન-અર્ચન કરી જરૂરી ભેટ-સોગાદ મૂકવી જોઈએ. આ પ્રસંગે આવેલ આપણાં સગાં-વહાલા, હેતુ-સંતોષી તે સત્સંગી નથી તેમને આગળ રાખી સત્સંગના અમીછાંટણા નાખવા તે આપણી પવિત્ર ફરજ છે.

આપણાં અંતઃકરણ ઉપર જેમનું શાસન ચાલે છે તેવા આપણાં હૃદય સમ્રાટ સંતો પ્રત્યે યજમાનભાવ પ્રગટ કરવાના ઉત્સાહમાં નાની સરખી પણ વિવેકભાવ દર્શાવવાની ભૂલ ન થાય તે જોવું જરૂરી છે. તે માટે દરેક ક્ષણે સાવધાન રહેવું જોઈએ.

# ઘર સત્સંગ સભા

તપના આરાધક, જ્ઞાનના સંવર્ધક અને ધર્મના ઉપદેષ્ટા એવા સંતોને વારંવાર આપણાં નિવાસ્થાને આવવાનું મન થાય એવી લાગણી સભર ખાસ તો વિવેક સભર પધરામણીનો રૂડો-અનેરો ઉત્સવ આપણે ઊજવી શકીએ તે માટે દિવ્ય શક્તિ, ભક્તિ અને જ્ઞાન શ્રીજી મહારાજ આપણને સૌને પ્રદાન કરે તેવી આ પ્રસંગે પ્રાર્થના કરવી જ જોઈએ.

સંતો પોતાના સ્થાને પહોંચે પછી ફોન કરીને કે રૂબરૂ મળીને પધરામણી કરવા બદલ ઋણભાવ વ્યક્ત કરવો જરૂરી છે. તથા કંઈપણ નાની મોટી ભૂલ-ચૂક થઈ ગઈ હોય તો તે માટે ક્ષમા માંગવી જોઈએ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**મનને સાચી દિશામાં વાળવું જરૂરી છે.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૬૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૬૧) ખાતાં પીતાં બગાડે છે શરીર.

સ્વામિનારાયણ હરે..

છપૈયાની ભૂમીને ધન્યવાદ છે... એક રજકણ ચરણની, પામે કોઈ નરનાર, જન્મ મરણ સંકટ ટળે, મટે જમનો માર... આ સંસારમાં અનેક

પ્રસંગો કેફી હોય છે. પણ લગ્ન પ્રસંગમાં વિશેષ કેફ ચડતો દેખાય છે... તે વિષે એક વાત છે. મોતી ત્રવાડીના પુત્રનું નામ પ્રયાગ હતું. તેનું સગપણ કર્યું... ધામધુમથી સૌ લગ્નમાં જાય છે... લક્ષાવિધિ શરૂ થયો. મંગળ ફેરા ફરાયા. પછી સંબધી સૌ જમવા બેઠાં... લાલબિહારી બોલ્યા, ''આપણે આજે શરત રાખીએ. એક મણની પુરી અને ચાર શેર ખાંડ જે જમી જાય તેને એકાવન રૂપિયા ઇનામ આપીએ... છે કોઇ તૈયાર ? ત્યારે ઉન્મત ત્રવાડી બોલ્યાં, હા હા, હું તૈયાર છું.

શરત પ્રમાણે જમી ગયા, બધા માણસોએ તાળી પાડી. વાહ ઉન્મત ત્રવાડી, વાહ. સીમેન્ટ કોથળીની જેમ પેટ ફુલ ભરાઈ ગયું. શ્વાસ લેવાતો નથી.બરાબર બોલાતું નથી. સરખી રીતે ચલાતું નથી. માંડ માંડ ઉતારે આવ્યા. ઉન્મત ત્રવાડી રાજી થાય છે, હું કેવો મરદ કે શરત પ્રમાણે જમી ગયો. મારી જીત થઇ ને ૫૧ રૂપિયા મળ્યા. ઉતારે આવીને સુઇ ગયા. ઊંઘ આવતી નથી... સખત પીડા ઉપડી... ઊંડા ઊંડા મરોડ આવે છે. હવે શું કરવું ? રાડો પાડે છે... મારું કાંઇક કરો...

ઘનશ્યામ મહારાજ બોલ્યા, જમવાની કાંઇક હદ રાખવી જોઇએ ને... કોણે કહ્યું હતું કે એટલું બધુ ખાવ... ભોજન બીજાનું હતું, પણ પેટ તો તમારૂં હતું ને, હવે રાડો પાડો છો. મને એમ લાગે છે તમે વગર મોતે મરી જાશો. ત્યારે મામા બોલ્યા, મરીએ તો તમે જીવત કરજો.

અમને જીવત કરતાં આવડતું નથી. એ તો પ્રભુના હાથની વાત છે... એમાં અમે શું કરીએ ? મધરાત્રિ થઇને ઉન્મતત્રવાડીનું મૃત્યુ થઇ ગયું... સગાં સંબધી સૌ ઉદાસ થઇ રડે છે. મંગળ કાર્યમાં અમંગળ થયું... સ્મશાનમાં લઇ ગયા... ગામ નાગપુરમાં વાત પ્રસરી ગઇ. સૌ નિંદા કરે છે. છપૈયાના લોકોમાં અક્કલ નથી. સાવ મુર્ખ છે. જીંદગીમાં ખાવાનું જોયું ન હોય તેમ જમે છે ને વગર મોતે મરે છે. ખાવાનો કાંઇ ઢંગ રાખતા નથી. તેથી કાલે એક મર્યો ને બીજો આજે મરશે... ૫૧ રૂપિયાના લોભથી જીંદગી પૂરી કરી નાખી.''

ધર્મદેવને આ વાત સાંભળી ખૂબ દુઃખ થયું. ઉન્મતત્રવાડીના શરીરમાં

**ઈર્ષાળુ મનુષ્ય અન્યમાં દોષ જોવે છે.**

અગ્નિ મૂકવા જાય છે. તે વખતે ધર્મદેવે ઘનશ્યામ મહારાજ સામે નજર કરી... અંતર્યામી પ્રભુ પિતાજીના હાર્દને સમજી ગયા... પ્રભુ ચિતા પાસે આવ્યા... અને જોરથી બોલ્યા, ''મામા! ઓ મામા! જાગૃત થાઓ...'' ત્યાં તો મામા ચડપ દઈને બેઠા થઈ ગયા. સૌ આશ્ચર્ય પામી ગયા... જોતાજ રહી ગયા... મરેલા માણસ જીવતા થાય તે ગજબની વાત છે.

ઘનશ્યામ મહારાજ સાક્ષાત પરમેશ્વર છે... બધા માણસો પુછે છે, '' ઉન્મત ત્રવાડી, તમે ક્યાં ગયા હતા?'' ''હું અક્ષરધામમાં ગયો હતો. ત્યાં મને પ્રભુનાં દિવ્ય દર્શન થયાં... અનેક મુક્તો ઘનશ્યામ મહારાજની સેવામાં છે. તમે સૌ છપૈયાવાસી લોકોની નિંદા કરતા હતા તેથી ઘનશ્યામે મને આંહી બોલાવી લીધો.'' સગાંસંબધી સૌ રાજી થયાં... પ્રયાગના ધામધુમથી લગ્ન થયાં... ધર્મદેવ વિગેરે સર્વજન છપૈયા આવ્યા... ઘનશ્યામ મહારાજે ઉન્મત ત્રવાડીને જીવતા કર્યા તે છપૈયા વિગેરે ગામમાં વાત પ્રસરી ગઈ. સૌ આશ્ચર્ય પામી ગયા.

છપૈયાવાસી ઉન્મત ત્રવાડીને કહે છે, ઘનશ્યામ મહારાજ સાથે હતા એટલે તમે જીવતા થયા. નહિંતર બચી શકત નહિ. યાદ રાખજો... આપણે દરેક કાર્યમાં પ્રભુને સાથે રાખીશું, ધર્મ સહિત ભક્તિ કરીશું, તો જરૂર પ્રભુ આફતમાંથી બચાવી લેશે... અને જન્મમરણના ફેરાથી મુક્ત થશે... કથા સાર...

**જમતી વખતે મૌન રાખી કોળીયે કોળીયે ભગવાનને યાદ કરવા. શરીરથી, વાણીથી અને મનથી પવિત્ર રહેવું. અનાજનો બગાડ કરવો નહિ.**

જમવા માટે જેટલી વસ્તુ જોઈએ તેટલી લેવી પણ થાળીમાં અન્ન વધારવું નહિ. ભોજનને વધારીને ગટરમાં ફેકી દેવું તે પાપ છે. માટે જોઈતું ભોજન લેવું... બે ભાગ ભોજનથી ભરવા. એક ભાગ પાણીથી અને એક ભાગ વાયુને અવર જવર માટે ખાલી રાખવો... અલ્પ આહાર કરવો, તે પણ તપ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. .ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હૈયું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતીયાં કહે છે માયા રે. તેને૦ ૪

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૬૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**સારા કાર્યોની કદર થયા વગર રહેતી નથી.**

૩. નવીનજીમૂતસમાનવર્ણ,...................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૬૨) ॥ અંતે યા મતિઃ સા ગતિ ॥

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, અંતકાળે જેવી મતિ રહે છે તેવી ગતિ થાય છે. **(ગ. પ્ર. પ્ર ૧૪ વચનામૃત)**

માયાનો કીડો માયામાં સુખ માને છે. ધર્મદાદાએ કુટુંબ સહિત અયોધ્યા જવા માટે પ્રયાણ કર્યું. સગાસંબંધી સૌ મળવા આવ્યાં, અને કહ્યું કે, તમે પાછા જલદી છપૈયા પધારજો. પ્રાણ સમાન ઘનશ્યામ વિના અમને જરાય ગમશે નહિ. ઘનશ્યામ મહારાજ અમારા જીવન પ્રાણ છે. આટલું બોલી ગદ્‌ગદિત થઈ ગયા. ધર્મદાદા કહે છે, ‘‘તમે ચિંતા ન કરો... અમે જલદી છપૈયામાં આવશું. કુટુંબ સહિત ધર્મદાદા અયોધ્યા પધાર્યા. અને બરહટ્ટાશાખા નગરમાં પોતાનું મકાન હતું તેમાં આનંદથી નિવાસ કર્યો.

ધર્મદેવના ઘરની નજીક એક ભટ્ટેશ્વર મહાદેવનું મંદિર હતું. ઘનશ્યામ મહારાજ તે મંદિરમાં દર્શન કરવા ગયા. તો ત્યાં એક દેવીબકસ નામનો કાયસ્થ દર્શન કરવા આવ્યો. ગાલ વજાડી નાચતો સતો મહાદેવ પાસે માંગે છે. હે ભોળાનાથ! તમે દયાળુ છો. સેવકની ઈચ્છા પુરી કરો છો. તો મારી ઈચ્છા પૂરી કરજો. મને હવે કોઈ દિવસ મનુષ્યનો જન્મ ક્યારે પણ દેજો નહિ. મનુષ્ય જન્મમાં ત્રાંબુ ખાઈને

હેરાન થઇ ગયો. પરંતુ વિષય સુખ (સ્ત્રીનું સુખ) સારી પેઠે ભોગવાતું નથી. લોક લાજ આડી આવે છે. મર્યાદા રાખવી પડે છે. તમારી પાસે હાથ જોડીને માગું છું મને જન્મો જન્મ લંબકર્ણ (ગધેડા) નો અવતાર આપજો. જેથી કરીને મર્યાદા રાખ્યા સિવાય દિવસ અને રાત સારી પેઠે માયાનું સુખ ભોગવું. દરરોજ આવું માગે ને રાજી થાય. આવા દુષ્ટબુધ્ધિવાળા વિકારી કાયસ્થને જોઇને ઘનશ્યામ મહારાજ વિચાર કરે છે, માયાના જીવને મનુષ્ય જન્મની કાંઇ કદર (કિંમત) નથી. આવો ઉત્તમ દેહ મળ્યો છે તેનો પાપીને કોઇ મહિમા નથી.

આવો ઉત્તમ માનવદેહ મળ્યો છે. અનેક જન્મનાં પુણ્ય હોય ત્યારે માનવદેહ પ્રાપ્ત થાય છે. કામી વિકારી પુરૂષનું મન વિષ્ટારૂપી સ્ત્રીમાં ચોંટ્યું છે. જન્મોજન્મ તુચ્છ વિષય ભોગવ્યાં છે, છતાં માણસ ધરાતો નથી. ઉત્તમ ભક્તો કહે છે, હે પ્રભુ... અમને જગતની માયા-મમતામાંથી ઉગારી લેજો અને ખોટા વિકાર વાસના થકી રક્ષા કરજો. તમારા વિષે પ્રીતિ થજો. ત્યારે કનિષ્ટ માણસ શું માગે છે, હે પ્રભુ! ખુબ આ જગતની માયા આપજો. પૈસા દેજો. પુત્ર અને પુત્રી દેજો. માલ-મિલ્કત અને બંગલા દેજો. ફરવા ગાડી દેજો. મનગમતી પત્નિ દેજો. મુર્ખાને માયામાં બહુ મજા આવે છે.

ઉત્તમ ભક્તને ભગવાનની આજ્ઞા મુજબ વર્તવામાં મજા આવે છે. આટલો ફર્ક છે ઉત્તમ ભક્ત અને કનિષ્ટ ભક્તમાં. માયાનો કીડો માયામાં સુખ માને છે. રાત-દિવસ માયાની વાતું કરશો તો હૃદયમાં માયા ભરાશે. અને રાત-દિવસ ભગવાનની વાતું કરશો તો હૃદયમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો પ્રકાશ ભરાશે.

આજથી નક્કી કરો! તમારે સંસાર સાગર કીચડમાંથી બહાર નીકળવું છે, કે જન્મ મરણના ચક્કરમાં ફરવું છે. જો ચોરાસીના ચક્કરમાં ફરવું ન હોય તો સ્વપ્ના જેવો સંસાર જાણીને મહેમાનની જેમ ઘરમાં રહેવું. ધન, ધામ, કુટુંબ, પરિવાર, ગામ, ગરાસ, એ બધું જ્યાં જન્મ થશે ત્યાં મળશે પણ માનવ દેહ મળેલો જશે તો પાછો મળવાનો નથી. માનવ દેહ મોક્ષ કરવા માટે ભગવાને આપ્યો છે.

**વચનામૃત ગ. પ્ર. પ્ર.૨૧** માં શ્રી હરિ કહે છે કે અનેકવાર સ્ત્રીના દેહ ધરીધરીને સંસાર સુખ ભોગવ્યાં છે. અનેકવાર પુરૂષના દેહ ધરીધરીને વિષય સુખ

**પ્રારબ્ધ ચિંતા મટાડવા માટે છે, નકામા બનાવવા માટે નહિ.**

ભોગવ્યાં છે. આ જીવાત્મા અનંત દેશાંતરમાં અનંત વખત ફરી આવ્યો છે. જન્મ મરણના ચક્કરમાં રખડ્યાજ કરે છે. કેવા માણસને જીવતાં કે મરીને સુખ થતું નથી ? એક લોભી, બીજો સ્ત્રીને વિષે બેઠ્યા ઉઠ્યાની વાસના વાળાને જીવતાં કે મરીને ક્યારેય સુખ થતું નથી. સાચા ભક્તો પ્રભુને કહે છે, માયા ટાળજો ને ભક્તિ વૃધ્ધિ પામે એવી સદ્‌બુધ્ધિ આપજો.

પાપી કાયસ્થની આવી દુષ્ટવાસનાની વાણી સાંભળી પ્રભુને ખુબ દુઃખ થયું. આવા વિકારી વાસનાથી ભરેલા દુનિયામાં પાપી કેટલા હશે?. હવે જલદી વનમાં જાંઉ અને પાપી પામર જીવાત્માને ઉપદેશ આપી સત્ય માર્ગ બતાવું. ઉદાસ થઈ ગયા. ઘનશ્યામ મહારાજને ઉદાસ જોઈ ધર્મદાદા પુછે છે...

બેટા ઘનશ્યામ! તમે આજે ઉદાસી કેમ દેખાવ છો ? પ્રભુએ કહ્યું, પિતાજી, કાંઈ ઉદાસીનતા નથી પણ ઈતિહાસની વાતનો વિચાર કરું છું. અંતેઃ યા મતિ સા ગતિ.

**જેવી હમણાં મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.**

શ્રીજી મહારાજ આ વચનામૃતમાં કહે છે કે, જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતાં ચાલતાં દેહ મૂકે છે તોપણ તેનું કલ્યાણ થાતું નથી અને મરીને યમપુરીમાં જાય છે. અમે કેટલાક પાપી કસાઈ હોય તે બોલતાં ચાલતાં દેહ મૂકે છે અને ભગવાનના ભક્ત હોય અને તેનો અકાળ મૃત્યુ થયો તે માટે શું એનું અકલ્યાણ થાશે ? અને તે પાપીનું શું કલ્યાણ થાશે ? નહિ જ થાય. ત્યારે તે શ્રુતિનો અર્થ એમ કરવો જે, જેવી હમણાં એને મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.

માટે તે જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે મારૂં કલ્યાણ તો થઈ રહ્યું છે, તો તેનું કલ્યાણ અંતકાળે થઈ જ રહ્યું છે. અને જેને સંતની પ્રાપ્તિ નથી થઈ એને ભગવાનના સ્વરૂપની પણ પ્રાપ્તિ નથી થઈ, તેની મતિમાં તો એમ વર્તે છે જે, હું અજ્ઞાની છું અને મારૂં કલ્યાણ નહિ થાય. તો જેવી એની મતિ છે તેવી એને અંતકાળે ગતિ થાય છે. અને જે ભગવાનના દાસ થયા છે તેને તો કાંઈ કરવું રહ્યું નથી. એના દર્શન કરીને તો બીજા જીવનું કલ્યાણ થાય છે તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું ?

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૬૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**નક્કિ કરેલી હદમાં સહુ રહે તો**
**તકરાર ઘણી ઓછી થઈ જાય છે.**

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૬૩) લીલી ભાજી અમે નહિ તોડીએ.

સ્વામિનારાયણ હરે..

અયોધ્યામાં માગશર સુદી પાંચમના દિવસે મેળો ભરાય છે. અધ્યાપી સુધી પણ મેળો ભરાય છે. ધર્મદાદા, રામપ્રતાપભાઈ અને ઘનશ્યામ મહારાજ મેળામાં જાય છે. મખોડાઘાટે રામચંદ્રજી ભગવાનનું મંદિર હતું. ત્યાં ઉતારો કર્યો. પછી મનોરમા નદીમાં સ્નાન કરવા આવ્યા. ત્યાં વૈરાગીની મોટી જમાત આવી હતી. હતા વૈરાગી બાવા પણ માયાના દાસ હતા. ધન અને સ્ત્રીને છાની રીતે ભોગવતા હતા. માણસો પાસેથી ડરાવીને પૈસા ભેગા કરતા. સ્ત્રીઓ પાસે પોતાના પગ દબાવડાવતા, ભોગમાં ભરપૂર હતા. ઘનશ્યામને વિચાર થયો કે સજા કરવી પડશે. જેથી પાપ કરતાં અટકી જાય ને સત્યને માર્ગે ચડી જાય.

ઘનશ્યામને નાના બાળ જાણીને એક બાવાએ ઘનશ્યામને બોલાવ્યા. એ લડકા ઈધર આવ. અમે બતાવશું તે કામ તું કરીશ ? હા, જરૂર કરીશ. કહો મારા જેવું શું કામ છે ?

નદીના કિનારે તાજી અને લીલી ભાજી છે તે લઈ આવો. શાક બનાવશું ને જમાત જમાડશું. ઘનશ્યામ મહારાજે કહ્યું, તે ભાજી પુજારીએ મંદિરના ઠાકોરજી માટે વાવી છે. એટલે આપણાથી લેવાય નહિ.

ભાજીમાં જીવ રહ્યો છે, તેથી અમે એક પણ પત્ર તોડશું નહિ. વૈરાગીને ગુસ્સો આવ્યો. આટલો નાનો બાળક મને સામો થાય છે. દોડીને મારવા આવ્યો. ક્યું હમારી બાત નહિ સ્વીકારતે હો ? ત્યારે બીજા બાવા બોલ્યા, યહ છોટે લડકે કો કાય વાસ્તે ડરાવતે હો. ક્રોધી બાવો કહે છે, હમારા વચન ક્યું નહિ માનતે ?

હમ ઉસ્કો માર ડાલુંગા. આવી રીતે અરસ પરસ બાવા ઝગડો કરે છે તેથી ઘનશ્યામ મહારાજ ઉતારે ચાલ્યા ગયા. હરિ ઈચ્છાથી અરસ પરસ ખુબ વિવાદ થયો. માંહો માંહી બે પક્ષ બંધાયા. નાના બાળકને શા માટે મારવા ગયો ? બીજો બાવો કહે, જઈશ... તારાથી જે થાય તે કરી લે. વાણીથી લડ્યા. પછી હાથ ઉપડ્યા ને પછી હથિયારથી લડ્યા.

મોટા ગુરૂને ખબર પડી તેથી તે વારવા આવ્યા કે, નાની બાબતમાં શા માટે લડો છો ? શાંતિ રાખો. નમ્રતાથી પતે તો ઉગ્રતા શા માટે લાવો છો ? ભજન-ભક્તિ કરવા અને પ્રભુને રાજી કરવા માટે ભેખ લીધો છે. ઝગડા કરવા માટે નથી લીધો. સારી શિખામણ દીધી પણ વિનાશકાળે વિપરીત બુધ્ધિ. ગુરૂની વાત સ્વીકારી નહિ. ગુરૂને મંડ્યા મારવા. તુંમ ક્યા સમઝતે હો! ચલા જાવ. અરસ પરસ ખુબ લડાઈ થઈ. અનેક વૈરાગી મૃત્યુ પામ્યા. પ્રભુએ કળા કરીને ભૂમિનો ભાર ઉતાર્યો. પાપી પોતાના પાપે મૃત્યુ પામ્યા. પછી ઘનશ્યામ મહારાજ પોતાના પિતાજી સાથે છપૈયા પધાર્યા છે.

પ્રભુ કળિયા છે, બળીયા છે, ને છળીયા છે. તેના પરાક્રમનો કોઈ પાર નથી. આ કથા યાદ રાખજો. કદાચ આવેશ આવે તો છેવટે ઠરતાં શીખજો. એક-બીજાની ભુલને ભુલી જઈશું તો જ મગજ ઠરશે. જો સ્વભાવ ઠરશે તો તે વ્યક્તિ તરી જશે. માટે સરલ બનવાની જરૂર છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

**ધર્મ, સાંભળીએ ભલે બે ઘડી, પણ સંભાળીએ હરઘડી.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૬૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૬૪) મેં છપૈયાની રજ ખાધી છે.

સ્વામિનારાયણ હરે..

જેણે પોતાના કાનથી ભગવદ્ કથા સાંભળી નથી એના કાન સર્પને રહેવાના દર છે. જેણે નેત્રોથી ભગવાનનાં અને સંતનાં દર્શન કર્યાં નથી તે નેત્ર નથી પણ

મોરના પીછાંના છાપ છે. જે જીભથી હરિગુણ ગાયા નથી તે દેડકાની જીભ સમાન છે. જેનું હૃદય હરિ ચરિત્ર સાંભળતાં પીગળે નહિ તે વજ્ર કરતાં પણ કઠોર છે.

ભક્તિમાતાના આંગણામાં એક પારિજાતકનું વૃક્ષ હતું. મૈયા ભક્તિદેવીએ ઘનશ્યામને ભાતભાતનાં રમકડાં આપી રમવા બેસાડયા, પરંતુ ચપળ અને ચંચળ મનોવૃતિવાળા ઘનશ્યામ ત્યાંથી ઉઠીને અન્યત્ર ચાલ્યા જાય. પુત્રની ચંચળતાથી માતાજીને કંટાળો આવતો નથી. આનંદ થાય છે. રમકડાં રમતાં રમતાં ઓંચિતી મૃતિકા લઈને બાલ ઘનશ્યામે પોતાના મુખમાં મેલી દીધી... માટી ખાય છે... ભક્તિમાતાએ બૂમ પાડી, ચંદનબેન, ધ્યાન રાખો. ઘમશ્યામ માટી ખાય છે... પેટમાં દુખશે... મુખમાંથી જલ્દી માટી કાઢી નાખો. ચંદનમાસીએ ઘનશ્યામને ધમકી આપી. માટી શા માટે ખાધી ? જલદી બહાર કાઢો નહિંતર દીદી મારશે.

માસી, મેં માટી નથી ખાધી... છપૈયાની પવિત્ર રજ ખાધી છે. જલદી મુખ ખોલી મને બતાવો.'' પ્રભુએ મુખ પહોળું કર્યું તો મુખની અંદર સમગ્ર બ્રહ્માંડ દેખાય છે. છપૈયા દેખાય છે. માસી સ્થિર થઈ ગયા... થોડી વાર આવું દેખાયું. પછી દેખાતું બંધ થઈ ગયું. માસીના આનંદનો પાર ન રહ્યો... મારા ભાણેજ સાધારણ બાળક નથી... ખાત્રી થઈ ગઈ કે જગતના માલિક પુરુષોતમ નારાયણ છે.

ચંદનમાસી બાલ ઘનશ્યામને પા-પા-પગલી ચાલતાં શીખવે છે. લાકડાંની ત્રણ પૈડાની ગાડી લઈ આવ્યા છે... બે હાથ ઝાલી પ્રભુને ચાલતાં શિખવે છે... તે સમય ગોમતી ગાયની નાની વાછરડી ગૌશાળામાંથી દોડતી આવી... પ્રભુના ચરણ જીભથી ચાટે છે.

ભગવાનની ઈચ્છાથી ગાય બોલી. આજે તમે કેમ દૂધ પીધું નથી ? હું તમને દૂધ પાવા માટે ગોલોક ધામમાંથી આવી છું. તમે દૂધ પીઓ તો મારો મનોરથ પૂરો થાય. પ્રભુ બોલ્યા, હે ગાય માતા! હવેથી જરૂર તમારૂં દૂધપાન કરશું... તમે રાજી રહેજો.

દીવાળીના મંગળ દિવસો આવ્યા. ભક્તિમાતાએ ઘર લીંપવાની ગાર્ય બનાવી. બાલ ઘનશ્યામ ઓસરીમાંથી દડ દડ દોડતા આવ્યા. લીંપવાની ગાર્ય લઈને નીજ શરીરમાં ચોપડે છે... ભક્તિમાતા જોઈ ગયા. એ ઘનશ્યામ! આ શું

**પંચવર્તમાન અણિશુધ્ધ રાખે તો ઠીક રહે,**
**નહિ તો ઝાંખો પડી જાય.**

કરો છો ? આવું કરાતું હશે ? મૂકી દો. શરીર ખરાબ થાય છે. પ્રભુ મંડયા રડવા. એટલે સુથારે તેડી લીધા... સુથાર ધર્મદાદા પાસે આવ્યો હતો. પ્રભુએ પોતાના શરીરમાં ખૂબ વજન મૂકી દીધો... ઘનશ્યામને તરત નીચા બેસાડી દીધા. આ સામાન્ય બાળક નથી... પણ ખપે જગતના નાથ... સુથાર આશ્ચર્ય પામી ગયો. પ્રભુનું સ્મરણ કરતો કરતો ઘેર ગયો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૬૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

# ઘર સત્સંગ સભા

૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૬૫) પ્રભુ પ્રત્યક્ષ સેવા સ્વીકારે છે.

સ્વામિનારાયણ હરે..

જૂનાગઢમાં નાગર બ્રાહ્મણો ઘણા, તે બધા શિવની ઉપાસનાવાળા. શિવને ભજે. તેથી ભગવાન સ્વામિનારાયણે રાધારમણદેવની પ્રતિષ્ઠા કરી. પણ સાથે સાથે સિધ્ધેશ્વર મહાદેવની પણ સ્થાપના કરી. એનાં દર્શન નિમિત્તે નાગરો મંદિરે આવતા થયા. બહુ વિચારીને દેવ પધરાવ્યા છે. જયાં જેવા દેવ પધરાવવા ઘટે ત્યાં તેવા દેવ પધરાવ્યા છે. જુદા જુદા સ્વરૂપો પધરાવ્યાં પણ નામના પોતાની રાખી. ગઢપુર જાવ અને એમ કહો કે, ગોપીનાથજીનું મંદિર કયાં છે ? તો કોઈ ન બતાવે. પણ એમ કહો કે, સ્વામિનારાયણનું મંદિર કયાં ? તો તરત બતાવશે.

મંદિર બંધાવી પછી ભગવાને સાધુઓને આજ્ઞા આપી કે હે સંતો ! તમે ભગવાનની પૂજા કરજો. પૂજારી બીજા નહિ પણ તમે પૂજારી થજો તમે ભલે ત્યાગી છો પણ ભગવાનની પૂજા ભારે ભારે કિંમતી વસ્ત્ર અલંકારોથી સેવા કરજો. કેશર-ચંદન વિગેરે ષોડશોપચારથી સેવા કરજો. ભગવાનને સોનાના દાગીના પહેરાવજો. પ્રભુને જુદા જુદા મેવા મીઠાઈના થાળ ધરજો. તમે ભલે ત્યાગી છો પણ ભગવાનમાં અનુરાગી થાજો. શુષ્ક હૃદય નહિ પણ ભાવ ભીની ભકિત કરજો ને બીજાને કરાવજો.

દામ વિનાના દાસ સાધુ સંત છે. તેને પૂજા કરવાની આજ્ઞા આપી અને

**જયાં ધર્મ-ભક્તિનો વાસ છે, ત્યાં જ શ્રીહરિનો વાસ છે.**

દેવનો અપરાધ ન થાય તેવો ઉપદેશ આપ્યો. જે દેવનું પૂજન કરવા તત્પર થાય તે દેવ જેવો પવિત્ર થઈને પૂજા કરે તો દેવ એની પૂજાને અંગીકાર કરે છે.

મલિન વસ્ત્ર પહેરીને પૂજા કરાય નહિ. પૂજા કરતા બોલાય નહિ. જમીને એંઠા મુખે પૂજા કરાય નહિ. અપવિત્ર હાથે ભગવાનનો સ્પર્શ કરાય નહિ. એક હાથે પ્રણામ કરાય નહિ. એક પ્રદક્ષિણા કરાય નહિ. ભગવાન પોઢ્યા હોય ત્યારે પ્રદક્ષિણા કરાય નહિ, ભગવાનને પ્રાર્થના કર્યા વગર જગાડાય નહિ. ભગવાનને પ્રાર્થના કરીને પોઢાડાય. ભગવાનની પૂજા ઋતુ અનુસારે કરાય. સમય સમયના વસ્ત્ર અલંકાર ધરાવાય. સમો જોઈને કીર્તન ગવાય, વાસી ફૂલોથી પૂજા કરાય નહિ. કાગડા કે કૂતરાં અડી ગયાં હોય એવા અપવિત્ર વસ્ત્ર પહેરીને પૂજા કરાય નહિ.

ભગવાન સામે પગ લાંબા કરાય નહિ. પૂંઠ વાળીને બેસાય નહિ ભગવાનને જમાડ્યા વગર કોઈ વસ્તુ જમાય નહિ. મંદિરમાં ગ્રામ્ય વાર્તા કરાય નહિ. વિષય વાસનાથી દૂર રહેવું, ભગવાન સાક્ષાત્ બિરાજેલા છે, એવો ભાવ રાખીને પૂજા કરવી. આ પ્રમાણે સેવા કરશો તો ભગવાન કહે છે : હું તમારી પ્રત્યક્ષ સેવા સ્વીકારીશ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।

# ઘર સત્સંગ સભા

પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૬૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી..............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૬૬) નિત્ય નવી શ્રધ્ધા રાખવી પણ કાયર થવું નહિ.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, સંત મને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે એવી હૈયામાં હીંમત રાખવી પણ કાયર થવું નહિ. (ગ. પ્ર. પ્ર ૧૫ વચનામૃત)

જે ભગવાનને અખંડ યાદ કરે તેને સાધુ કહેવાય અને જેને ભગવાન યાદ

**સાચું સુખ આપવાની તાકાત ધનમાં નહિ, પરંતું ધર્મમાં છે.**

કરે તેને સંત કહેવાય, સંત શબ્દ બહુ મહાન છે, સંત ગમે તે કપડામાં હોય, એને વસ્ત્ર સન્યાસ ની કોઈ જરૂર નથી, હૃદય ભકિતથી રંગાઈ જવું જોઈએ.

પ્રેમ કરવા લાયક એક પરમાત્મા છે. મનુષ્યનો પ્રેમ ક્ષણેક્ષણે બદલાય છે, પરંતુ તેને કયારેય પણ સંતોષ કે શાંતિ મળતી નથી. બાલ્યાવસ્થામાં બાળક પોતાની જનેતા મા સાથે પ્રેમ કરે, પછી રમકડાં સાથે પ્રેમ કરે, જરા મોટો થાય પછી મિત્રો સાથે પ્રેમ કરે, લગ્ન થયા પછી લાડી સાથે પ્રેમ કરે, વખત જતાં વહાલી પત્ની પર અણગમો આવે છે, પછી પુત્ર પરિવાર ઉપર પ્રેમ કરે છે, આમ ક્ષણે ક્ષણે પ્રેમ પાત્ર બદલતું જાય છે.

સાચી હકીકત સમજજો, પ્રભુને પ્રેમ પાત્ર બનાવો કે જેથી પ્રેમનું પાત્ર બદલવાનો પ્રસંગ કદી આવે નહિ. ઉધ્ધવજી કહે છે, ‘‘ભવ બ્રહ્મા, તેત્રીસ કરોડ દેવતાઓ, અઠયાસી હજાર ઋષિઓ ભગવાનને ભજે છે, ભગવાનનું સ્મરણ કરે છે, પણ નવાઈની વાત એ છે કે ભગવાન તમને ભજે છે, તમને યાદ કરે છે, રાત દિવસ હૃદયથી હરિ તમને વિસારતા નથી. મને આશ્ચર્ય થાય છે, કે તમારાં એવાં શું પુન્ય હશે કે જેથી પ્રભુ સુતાં બેઠા જાગતાં વાત કરે છે વ્રજની.’’

ઉધ્ધવજી કહે છે, હે સુંદરીઓ, સાંભળો તમને સુખ થાય, શાંતિ થાય એ રીતે સમજાવું.  એક ચિત્તથી ગોપીઓ, ઉધ્ધવજીની વાત સાંભળે છે.

હે ગોપીઓ તમે સગુણ સાકાર જાણીને પ્રભુને ભજો છો, પણ પરબ્રહ્મ પુરૂષોત્તમ તો સર્વ વ્યાપક છે, આખા વિશ્વમાં વસીને રહ્યા છે, વ્યાપક સ્વરૂપ આપણાથી એક અણું જેટલા દૂર નથી. વિશ્વમાં ભગવાન છે, અને ભગવાનમાં વિશ્વ છે, એમનો સર્વત્ર વાસ છે. અણું પરમાણુંમાં વસીને રહ્યા છે. રજે રજમાં અને કણેકણમાં ભગવાન છે.

તમે બહારવૃત્તિ સંકેલીને અંતરવૃત્તિ રાખીને ભગવાનનું ધ્યાન કરો, સાક્ષીરૂપે રહેલા ભગવાન ને અંતરમાં જુઓ. ભગવાન મથુરા ગયા જ નથી ! અહીં જ છે એવી ધારણા કરો. વેદ વેદાંતનો આજ સાર છે. પ્રભુ સર્વમાં વિસ્તરેલા છે.

દેહબુધ્ધિ દૂર કરીને યોગધારણા કરો ! દ્રઢ નિશ્ચય રાખીને ધ્યાન કરો. તેજની સાથે પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરશો તો તમને દિવ્ય સ્વરૂપે દર્શન થશે. ઉધ્ધવજી

ઉંચી અને ઉંડાણવાળી વ્યાપકની વાતું કરે છે. પણ જાણતા નથી કે ગોપીઓની ઉંચાઈ તો સર્વેથી શ્રેષ્ઠ છે જ. એને વ્યાપકની જરૂર નથી, એ તો પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કરે છે.

ઉધ્ધ્વજી કહે છે, હે ગોપીઓ !

તમે વિચાર કરો ! પ્રભુ ની કથા વાંચવામાં અને ગાવામાં આટલો બધો આનંદ આવે છે, તો પ્રભુને મળવામાં કેટલો આનંદ હશે ! ઉધ્ધવજી કહે છે, બાઈઓ દેહબુધ્ધિ દૂર કરો ને વિષય વાસના પરહરો.

ત્યારે ગોપીયુંથી રહેવાયું નહિ, ઉધ્ધવજી તમે શું બોલો છો ? દેહબુધ્ધિ અમારી છે જ નહિ. દેહબુધ્ધિ હોય તો તો અમને સંસારનું ભાન હોય, પણ અમે તો લૌકિક ભાન ભૂલી ગયાં છીએ. વાસનાનો વિનાશ થાય ત્યારે જ પ્રભુમાં હેત થાય. પ્રભુની ઉપાસનાથી વાસના દૂર થઈ ગઈ છે. અમને કોઈ જાતની વાસના છે જ નહિ.

હે ઉધ્ધ્વજી તમે શું બોલો છો ? અમે ભોળી અબળા નથી. જેને કંથનો વિયોગ થયો હોય, અંતરનો રોગી હોય, તેને નિર્ગુણ સગુણની વાત સમજાય. પણ અમને તો કૃષ્ણનો વિયોગ છે જ નહિ. સદાય સંયોગ જ છે. પછી બીજું કાંઈ કરવાનું રહેતું નથી. અંતરનો જે રોગી હોય, વાસનીક હોય તેને આ વાત ગળે ઉતરે, તેને યોગ સાધવો પડે, અમે તો વગર યોગે ભગવાનમાં જોડાઈ ગયાં છીએ.

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, યોગ યજ્ઞ સદાય કરતા રહેજો. યોગ યજ્ઞ કોને કહેવાય ?

**દશ ઈંદ્રિયો અને અગીયારમું મન એ સર્વે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછા ખેંચીને બ્રહ્મ અગ્નિને વિષે હોમવા એને યોગ યજ્ઞ કહેવાય.**

યોગ યજ્ઞનું ફળ શું છે ? અંતરમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈ આવે એ યોગ યજ્ઞનું ફળ છે.

અંતદષ્ટિ એટલે શું ? ... બહાર અથવા હૃદયની અંદર ભગવાનની મૂર્તિ સામે વૃત્તિ રાખવી અને તેને અંતર્દષ્ટિ કહેવાય. ભગવાનની મૂર્તિ અંતરમાં ધારીને તેનું પૂજન વંદનાદિક કરવું તે પણ અંતર્દષ્ટિ છે.

**પોતાની ખોટ ટાળવા માટે મોટાનું માપદંડ લેવું.**

ગોપીઓ કહે છે, હે ઉધ્ધવજી, આંખ બંધ કરીને ધ્યાન કરવાનું તમે કહો છો ! પણ સમજવા જેવી બાબત છે. આંખ બંધ કર્યા પછી સમાધિ લાગે છે, તેથી સંભવ છે, કે કદાચ આંખ ઉઘડ્યા પછી તેનું મન સંસારમાં ભાગશે. અમને તો ખુલ્લી આંખે સમાધિ જ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૬૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................

# ઘર સત્સંગ સભા

૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૬૭) પ્રેમી ભક્તની સેવા ભગવાનને બહુ ગમે છે.

સ્વામિનારાયણ હરે..

જયાં પ્રેમ હોય ત્યાં માગી ખાવાની ઈચ્છા થાય. ગામ ભાડેરમાં શ્રીજી મહારાજ પાતળભાઈને ઘેર પધાર્યા, પોતે હતા નહિ પણ એમનાં પત્ની હતાં, જયાં પ્રેમ હોય ત્યાં માગી ખાવાની ઈચ્છા થાય, શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ભુખ બહુ લાગી છે, કાંઈક જમવાનું હોય તો આપો, પ્રેમને આધીન થયેલાં પાતળભાઈનાં પત્નીએ તરત દૂધને બદલે ખાટી છાશનો વાટકો ભરીને આપ્યો, પ્રભુ પ્રેમથી પી ગયા, ત્યાં પાતળભાઈ આવ્યા, ‘‘પગે લાગીને બેઠા, મહારાજ આજની રાત આંહી રોકાઈ જાવ, ‘‘કાલે જાજો’’ શ્રીજી મહારાજે કહ્યું, ‘‘બીજી વખત રોકાઈશું, આજે જવું છે. પાતળભાઈ કહે, તો હું તમારી સાથે ચાલુ છું, પ્રભુ કહે તમે બહારથી આવો છો, ભુખ્યા હશો, માટે જમી લો, પછી અમારી સાથે ચાલજો, પાતળભાઈ જમવા બેઠા, પોતાનાં પત્નિને કહ્યું, ‘‘દેવી દૂધ આપો, જયાં દૂધ લેવા જાય ત્યાં ખબર પડી કે ભુલ થઈ ગઈ કે શ્રીજી મહારાજને દૂધને બદલે ખાટી છાશ અપાઈ ગઈ છે. પ્રભુને કહ્યું, હું સાવ ગાંડી છું. ત્રણ દિવસની છાશ તમને આપી અને દૂધ એમનું એમ પડયું છે, મહારાજ તમે પણ કાંઈ બોલ્યા નહિ.

શ્રીજી મહારાજ કહે, ‘‘બહેન તમારો ભાવ દૂધનો હતો તેથી મને છાશમાંથી

**કોઈપણ બાબતનો અતિરેક થાય તો તે નુકસાન કર્તા છે.**

દૂધનો સ્વાદ આવ્યો, તમે ચિંતા ન કરો, હું કોઈ પદાર્થનો ભુખ્યો નથી, હું તો ભાવનો ભુખ્યો છું.'' ભકતનો ભાવ જાગે તે ભગવાનને ભુખ લાગે, **પરમાત્માને શું અર્પણ કરો છો એ મહત્વનું નથી, પણ કેવા ભાવથી અર્પણ કરો છો તે બહુ મહત્વનું છે.**

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૬૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! .....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................

# ઘર સત્સંગ સભા

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૬૮) ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ઉતારો.

સ્વામિનારાયણ હરે..

એક વખત દ્વારિકાનાથ બીમાર થયા, અનેક ઉપાય કર્યા પણ બીમારી મટતી નથી, અષ્ટ પટરાણીઓ ખુબ સેવા કરે છે, પણ જરાય ફેર પડયો નહિ, પ્રભુએ કહ્યું, બીમારી દૂર કરવાનો એક જ ઉપાય છે, મારો ભકત મને એના ચરણની રજ આપે એ રજ મારા શરીરે લગાડું તો તરત બીમારી દૂર થઈ જાય.

અષ્ટપટરાણીઓ કોઈ ચરણ રજ આપતાં નથી, આપણા પતિદેવને ચરણરજ આપીએ તો આપણને નરકમાં જવું પડે, માટે આપણાથી ચરણ રજ અપાય નહિ. હવે શું કરવું ! ત્યાં ફરતા ફરતા નારદજી આવ્યા, નારદજીને વાત કરી, નારદજીને થયું નરકમાં જાવું પડે, દુઃખી થાવું પડે, એવું કામ આપણાથી થાય નહિ, તેથી તે દોડતા દોડતા વૃંદાવનમાં ગોપીઓ પાસે આવ્યા.

ચરણ રજની યાચના કરી, આ સાંભળી ગોપીઓની આંખમાં આંસુ આવી ગયાં...અરે રે... અમારા કૃષ્ણ બીમાર છે ? જલ્દી લઈ જાવ, અમારી ચરણ રજ. જલ્દી કૃષ્ણને આપો, અમારા કૃષ્ણની બીમારી દૂર થતી હોય તો અમે નરકમાં પડવા તૈયાર છીએ, અમે ભલે દુઃખી થઈએ, પણ અમારો કૃષ્ણ જરાય દુઃખી ન થવા જોઈએ.

ચરણ રજ લઈ નારદજી વૈકુંઠમાં આવ્યા, લ્યો પ્રભુ, આ ગોપીઓની

**જીવનમાં ભવ્યતા લાવવી હોય તો,**
**જીવન સંતને સમર્પિત કરવું જોઇએ.**

ચરણરજ. પ્રભુની આંખમાં આંસુ આવી ગયાં, ધન્ય છે ગોપીઓના પ્રેમને અને જીવનને. ગોપીઓની ભકિત અહૈતુકી છે, કોઈ હેતુથી ભકિત નથી કરતાં, કેવળ પ્રભુ પ્રસન્નતા માટે જ પ્રેમ કરે છે, પ્રભુ તરત સાજા થઈ ગયા, ગોપીઓ પરીક્ષામાં પાસ થયાં. ગોપીઓનું મન ભગવાનને મળવા માટે તલપે છે,

પ્રભુના વિયોગમાં, રાત્રે ઉંઘ નથી આવતી, દિવસે અન્ન નથી ભાવતું, સુતાં, બેઠા, જાગતાં ભીંતરમાં કાયમ ભજન થાય છે, ભગવાનને મળવા જીવ ઝંખે છે, કયારે આલિંગન કરીને કૃષ્ણને ભેટીશું...પાણી વિના માછલી તરફડે તેમ કૃષ્ણ વિના ગોપીયું તરફડે છે.

**"જયાં સુધી અંતરમાં પાપ છે, વાસના છે ત્યાં સુધી ગોપીયું ના જેવી ભકિત થાતી નથી."**

સંસારનાં વિષયોમાંથી આસકિત દૂર નહિ થાય, ત્યાં સુધી ભકિત થશે નહિ અને થશે તો ભકિતનો આનંદ મળશે નહિ, જીવ પરમાત્માનું નામ લેશે, પણ ગાંઠ રહી જાશે તો ભકિતની ગતિ રોકાઈ જશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૬૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૬૯) વૈરાગ્યરૂપી સદ્‌ગુણો આવવા મહા કઠણ છે.

સ્વામિનારાયણ હરે..

સાચી સંપત્તિ અને વિપત્તિની વ્યાખ્યા જુદી છે. હરિનું સ્મરણ એ સંપત્તિ અને હરિનું વિસ્મરણ એ વિપત્તિ.

**એવા સુખ ઉપર પથ્થર પડો જો હરિ હૃદય સે જાય;**
**બલિહારી એવા દુઃખ કી કે પલ પલ હરિ નામ જપાય.**

એવી સંપત્તિ શું કામની કે તમને ભગવાન ભુલાવે,

**“ભગવાન ભુલાઇ જાય એજ વિપત્તિ અને**
**ભગવાન યાદ આવે તે સંપત્તિ.”**

જ્ઞાની તે કહેવાય જે બીજાની ભૂલ પચાવી શકે છે.

વિદુરજી ધૃતરાષ્ટ્રના ભાઇ થાય એને હકીકતમાં રાજ મળવું જોઈએ, પણ રાજપાટની મમતા તજીને યાત્રાના બહાને વનમાં જતા રહ્યા. વૈરાગ્યવાનની સમજણ જુદી છે.

ગોપીચંદનની મા મેનાવતીએ ઉપદેશ દીધો કે તારા બાપુની કાયા કંચનવર્ણની હતી, પણ એક દિવસ એવો આવ્યો કે અગ્નિની જવાળામાં બળીને ખાખ થઈ ગયા, કાંઈ સાથે ન ગયું, રાજપાટ, ધન માલ, કુંટુંબ પરિવાર અહીં જ રહી ગયું, તારે એ અમરત્વ પદ જોઈતું હોય, જન્મ મરણના ફેરા ફરવા ન હોય તો ભગવાનની ભજન ભકિત કરવા વનમાં જા, બાકી આ તુચ્છ સંસારમાં સુખ નથી, સાચું સુખ ભગવાનના ચરણમાં છે. ખૂબ ઉપદેશ આપ્યો તેથી ગોપીચંદ રાજા જંગલમાં ગયા અને ભગવાનને પ્રસન્ન કરી ઉત્તમગતિને પામ્યા.

બાજંદ મોટો રાજા હતો, અસવારીમાં બેસીને નગરયાત્રા કરવા જાય છે, રસ્તામાં વચ્ચે ઉંટ મરેલું પડયું હતું, તેથી અસવારી અટકી ગઈ, રાજા કહે, અસવારી જલ્દી આગળ ચલાવો કેમ અટકી ગઈ છે, ત્યારે માણસોએ કહ્યું, રાજન્ ઉંટ મરી ગયું છે તેથી ઉભા રહી ગયા છે. રાજાને નવાઈ લાગી, મરી જાય એટલે શું ? દોડીને જોવા આવ્યો તો હાથ, પગ, કાન, નાક, આંખ્યું પગ બધું બરાબર છે, રાજા કહે ઉંટનું બધું જ શરીર બરાબર છે, છતાં મરેલું કેમ કહો છો, ત્યારે નોકર કહે બધું છે, પણ જીવ નથી તેથી તેને મરેલ કહેવાય. રાજાને નવાઈ લાગી કે આ રીતે બધાને મરવાનું છે. રાજાએ પૂછયું તેમાંથી બચવાનો કોઈ ઉપાય હશે ?

હા ઉપાય છે, ખુદાની બંદગી કરે તો મૃત્યુથી બચી જાય, જન્મ મરણના ફેરા ટળી જાય. આટલું સાંભળી ત્યાં જ વૈરાગ્ય આવી ગયો. વનમાં જતા રહ્યા, વિચાર કરો આપણે અનેકનાં મૃત્યુ નજર સામે દેખીએ છીએ, છતાં પણ વૈરાગ્ય નથી થતો આ નવાઈની વાત છે, વૈરાગ્યરૂપી સદ્‌ગુણો આવવા મહા કઠણ છે.

ભર્તૃહરિ રાજા પીંગલામાં ફસાઈ ગયા હતા. પછી સાચી ખબર પડી કે પીંગલા મારી ગેરહાજરીમાં મને દગો દે છે, પરપુરૂષમાં બંધાણી છે અને મારી સાથે ખોટું હેત બતાવે છે, સજાગ થઈ ગયા. તરત રાજપાટ છોડીને જંગલના જોગી થઈ ગયા.

# ઘર સત્સંગ સભા

વૈરાગ્ય આવે તો કામ થઈ જાય કયાંય બંધાવા દે નહિ, શેખ, સબસ્ત, બરેજ, મનસુર આ બધા મુસલમાન જ્ઞાતિના મહા વૈરાગ્યવાન મોટા ભગવાનના ભકત હતા. ભગવાનને ભજી ભગવાનને પામ્યા છે, અચાનક વૈરાગ્ય આવી જાય તો બેડો પાર થઈ જાય.

વૈરાગ્યવાન માણસને આ લોકની સંપત્તિ દુઃખરૂપ લાગે, એક પ્રભુની મૂર્તિ સુખમય જણાય છે, આત્માને સારામાં સારૂં અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુખ જોઈતું હોય તેને સર્વપ્રકારે શ્રીહરિમાં જોડાઈ જવું, વિષયથી વિરકત રહેવું, અને હરિમાં હેત કરવું, તે સારમાં સાર વાત છે.

મરી તો સર્વેને જાવું છે, પણ મરવાની વાસ્તવિકતા કોઈ સમજતું નથી,

**"જે ઘડીનો નિરધાર નથી, તેને માટે રાત દિવસ મથે છે,**
**અને જયાં ગયા પછી ફેરવણી નથી**
**તેવા પ્રભુને પામવા કોઈ દાખડો કરતા નથી."**

આ જ અજ્ઞાન છે. જીવની અવળાઈનો પાર નથી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥

**મનુષ્ય જન્મ ભોગ માટે નહિ, પણ પ્રભુના યોગ માટે છે.**

નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૭૦

૧. જય સદ્ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૭૦) બહેનોની મર્યાદા

સ્વામિનારાયણ હરે..

જે પરિવારમાં બહેનોનો આદર-સત્કાર થાય છે ત્યાં દેવતાઓ નિવાસ કરીને રહે છે. અને જ્યાં બહેનોનો આદર-સત્કાર-સન્માન થતાં નથી ત્યાં તમામ કાર્યો નિષ્ફળ જાય છે. આ છે મહિલાનું મહત્ત્વ.

આથી જેમણે સુખી-સમૃધ્ધ થવું છે, જીવનમાં શાંતિ અને સંતોષ જોઇએ

તો તેમણે મહિલાઓની ઉપેક્ષા કરવી જોઇએ નહિ. તેણીને ધુત્કારવી જોઇએ નહિ.

આ સચરાચર સૃષ્ટિના પ્રારંભથી જ પરમાત્મા બે સ્વરૂપે વિભક્ત થયા....જમણા ભાગમાંથી પુરુષ થયા અને ડાબા ભાગમાંથી પ્રકૃતિ (સ્ત્રી) થઇ.

સનાતન હિન્દુ ધર્મના તમામ શાસ્ત્રો, વેદ, પુરાણ, સ્મૃતિ વિગેરે સ્ત્રીને પુરુષની અર્ધાંગિની માને છે. ગાંધીજીએ કહ્યું છે કે, ‘‘નારી સહનશક્તિની સાક્ષાત પ્રતિમૂર્તિ છે, ધૈર્યનો અવતાર છે.’’ તેણીનો મહિમા સમજવો જોઇએ.

બહેનોનું મહત્ત્વ દર્શાવતી બે કહેવતો આપણી ગુજરાતી ભાષામાં જોવા મળે છે.

૧-‘‘નારી નમણી નેહમાં, રણમાં શક્તિરૂપ, એ શક્તિના તેજને, નમતા મોટા ભુપ.’’

૨-‘‘ત્રિયા નમાવે દેવને, ત્રિયા અપાવે રાજ. ત્રિયા કુશળ સંસારમાં, ત્રિયા જગતની લાજ.’’

આપણે એ ન ભુલવું જોઇએ કે સ્ત્રી માત્ર ભોગ-વિલાસની ચીજ નથી જ. નારીને અબળા ગણવાનું પાપ કયારેય ન કરવું. નારી સબળા છે...છે....છે ને છે જ.

આપણે સતિ સાવિત્રીની વાત જાણીએ છીએ તેણીએ પોતાના તપોબળના પ્રભાવથી સાક્ષાત યમરાજ પાસેથી પોતાના માતા-પિતા, સાસુ-સસરા, પતિ તેમજ પોતાના માટે વરદાન માંગીને બધાને ઉન્નત કર્યાં હતા. માટે કહ્યું છે કે, ‘‘નારીકી નિંદા મત કરો, નારી નર કી ખાન, નારી સે નર હોત હે, ધ્રુવ, પ્રહલાદ સમાન.’’

આજે તો આવી મહાન નારીને પ્રદર્શનની બનાવી વસ્તુ દેવામાં આવી છે. જ્યાં તેણીનાં માન-મર્યાદા-શીલનો ભંગ થતો જોવા મળે છે. ત્યારે સ્ત્રીએ પોતાનું રક્ષણ પોતે જ કરવું જોઇએ. તે સમયનો તકાદો છે.

જે તે સમયે સ્ત્રીઓની મર્યાદાનું રક્ષણ કરવાની જવાબદારી આપણી આર્ય કાલીન સંસ્કૃતિએ પિતા, ભાઇ, પતિ અને પુત્રને સોંપેલી છે. જે મનન કરવા યોગ્ય છે.

નોકરી-ધંધા વ્યવહારના પ્રસંગોએ સ્ત્રીઓએ પુરુષનો ખપ પુરતો જ સંપર્ક રાખવો જોઇએ. કારણ કે સ્ત્રી-પુરુષના વિજાતીય સ્પર્શમાં હંમેશા વિકારનું જોખમ

**આજનો માનવી ઘર છોડી શકતો નથી,**
**અને ઘરમાં શાંતિથી રહી શકતો નથી.**

રહેલું છે. ટૂંકમાં સમાજમાં સ્ત્રી-પુરુષના પરિચયને મર્યાદામાં રાખવો જોઇએ. નહિતર અનિષ્ટ સર્જાવાનો ભય ઊભો રહે છે.

મહિલા ઉત્કર્ષના પ્રણેતા ભગવાન શ્રીસ્વામિનારાયણે બહેનોની મર્યાદા જળવાય, તેણીનું સર્વ પ્રકારે સંરક્ષણ થાય તે માટે હિન્દુ ધર્મ-સંપ્રદાયમાં કયાંય જોવા ન મળે તેમ મહિલાઓ સ્વતંત્રરીતે ભજન-ભક્તિ ઈશ્વર ઉપાસના કરે તે માટે તેમના અલાયદા મંદિરો-સંસ્કાર તીર્થોના નિર્માણ કરાવ્યા છે.

શિક્ષાપત્રી ગ્રંથની આજ્ઞા ૧૬૦ માં શ્લોકમાં શ્રીહરિએ જણાવ્યું છે કે, "અને તે સુવાસીની સ્ત્રીઓ તેમણે રૂપ અને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ જે સહજ સ્વભાવે પણ ન કરવો." ૧૬૧ માં શ્લોકમાં આજ્ઞામાં લખ્યું છે કે, "અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાના નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું. અને ભાંડ ભવાઈ જોવા ન જવું અને નિર્લજ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો."

આમ બહેનોની મર્યાદા-શીલના રક્ષણને માટે શ્રીહરિએ અનેકવિધ ભલામણો શિક્ષાપત્રીમાં કરેલી છે તે જાણવી જોઈએ.

આમ કહેવાય છે કે, સ્ત્રીઓ ઘી ના ઘડા સમાન છે અને પુરુષો સળગતા અગ્નિસમાન છે. તેથી બુધ્ધિશાળીઓ ઘી અને અગ્નિને એકસાથે રાખતા નથી એ જ રીતે સ્ત્રી અને પુરુષે સાથે રહેવું જોઈએ નહિ.

આજે દુનિયા એવા નાજુક તબક્કામાંથી પસાર થઈ રહી છે કે, ઠેરઠેર દુરાચારી, પાપચારી, પાખંડી, ધુતારાઓ જેવા પુરુષ વર્ગથી પોતાની જાતને બચાવવી જોઈએ. નારીએ કોઈપણ પ્રકારની લાલચને વશ થવું જોઈએ નહિ. નહિતર પરિણામ ખરાબ આવશે.

પોતાની મા, બહેન, દીકરી સંગાથે પણ એકાંતમાં ન રહેવું જોઈએ. કારણ કે ઈન્દ્રિયોનો સમુહ ખૂબ જ બળવાન છે. તે વિદ્વાનને પણ પાયમાલ કરી નાખે છે.

સ્ત્રીઓમાં તમોગુણ વધારે હોય છે તેથી તેમનામાં શ્રધ્ધા, વિશ્વાસની ભાવના પ્રબળ હોય છે. તેના લીધે પુરુષો તેમને સરળ રીતે બહેકાવે છે ફોસલાવી

લે છે. અને તેમની સાથે અઘટિત વર્તાવ કરે છે તેથી સ્ત્રીઓએ આ બાબતે સાવધાની રાખવી.

યાદ રાખો કે નારીનું ભુષણ લજ્જા છે. તેની લજ્જાનો ત્યાગ કરશે તો તે પોતાની જાતને બચાવી શકેશ નહિ.

મહિલાઓ પાસે સૌથી કિંમતી સંપતિ તેમનું શીલ છે જેને સાચવવા માટે આજકાલ તેણીએ પોતે જ ધ્યાન રાખવું જોઇએ.

ભલે આજે સમયનો સાદ સાંભળીને સ્ત્રીઓ પુરુષ સમોવડી બનવા જાય છે. પણ ત્યાં જોખમ ઘણાં છે તેનું જાણપણું તેણીએ જ રાખવાનું છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. . .ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હૈયું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતીયાં કહે છે માયા રે. તેને૦ ૪

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

**સંસાર એક સેતુ છે, ચાલો જરૂર એના પરથી,
પસાર થાવ, પરંતું અહીં ઘર ન બનાવતા.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૭૧

૧. જય સદ્ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૭૧) જીવની અવળાઇનો પાર નથી.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજે પ્રેમ લક્ષણા ભકિતને દશમા પ્રકારની ભકિત કહી છે. એક વખત પુંજાભાઈએ મનમાં નિર્ણય કર્યો કે ગોપનાથ જઈને કાંતો દેહ પાડી દઉં

ને કાંતો પ્રગટ પ્રભુને મળું. પછી ગોપનાથ જઈને સમુદ્રમાં શિવલીંગ હતું, તેને બાથ ભરીને બેસી ગયા, ત્યાં ભરતી આવી એટલે બહાર કાઢી નાખ્યા, એમ ઘણી વાર થયું, પછી સમુદ્રમાં ચાલવા લાગ્યા.

ત્યારે આકાશવાણીએ કહ્યું, ''મરવાનું છોડી દે, તારે ઘરે જા ! પ્રગટ ભગવાન મળશે.'' તુરંત હરખાતા હેડે ઘરે આવ્યા, ત્યાં ગામના ચોરે સ્વામિનારાયણ ભગવાનના સંતો બેઠા હતા, ત્યાં તે ગયા, એટલે સંતોએ નિશ્ચય રૂપી વાત કરીને નીતિ નિયમ શીખવાડયાં, માનવ શરીરનું મહત્વ સમજાવ્યું.

પૂજાપાઠની રીતભાત શીખવાડી, પાકો સત્સંગનો રંગ ચડાવ્યો. પુંજાભગતે વસ્તાખાચરને કહ્યું, ''તમારા ગામ કારીયાણીમાં ભગવાન પધારે ત્યારે મને સમાચાર મોકલજો.'' થોડા સમય પછી શ્રીજી મહારાજ કારીયાણી પધાર્યા, વસ્તાખાચરે સમાચાર મોકલાવ્યા. તે સમયે પુંજાભગત વાડીએ કામ કરતા હતા, ઉનાળાનો સમય હતો.

વૈશાખ મહીનાનો સખત તાપ, ત્યાં સમાચાર મળતાંની સાથે બળદોને ગામને રસ્તે હાંકીને પોતે બાળકની જેમ દોટ મૂકી, ત્રણ ગાઉ દોડતા જ ગયા. જેમ નદી સમુદ્રને મળવા આતુર બને છે, તેમ ભકત ભગવાનને મળવા આતુર છે.

ભગવાન કારીયાણીમાં બિરાજે છે, ત્યાં તેમને ખૂબ તરસ લાગી, મુકુંદબ્રહ્મચારી વારંવાર પાણી આપે છે છતાં પણ તરસ છીપતી નથી. મુકતાનંદ સ્વામીએ કહ્યું, ''હે મહારાજ, આપ વારંવાર પાણી પીઓ છો, છતાંય પાણી માગ્યા જ કરો છો !''

શ્રીજી મહારાજે સરસ જવાબ આપ્યો, સ્વામી અમને મળવા માટે પ્રેમી ભકત પુંજાભાઈ દોડતા આવે છે, તેને બહુ તરસ લાગી છે, પણ પાણી પીવા પણ રોકાતા નથી, અંતરમાંથી એમને મને મળવાની ખૂબ આતુરતા છે, તેમને પાણી પાયા સિવાય અમારી તરસ નહિ બુઝે. માટે લાવો પાણીનો લોટો. અમે જાતે તેમને પાણી પાવા જઈશું.

ઠંડા પાણીનો લોટો ભરીને શ્રીજી મહારાજ સ્વયં દોડતા સામે જાય છે, પેલી બાજુ પુંજા ભગત દોડે છે. આ બાજુ શ્રીજી મહારાજ દોડે છે. રસ્તામાં બન્ને

**જનકરાજાએ રાજ્યમાં રહીને રાગ અને**
**મમતા તજવાનું આપણને શીખવ્યું છે.**

ભેગા થયા, શ્રીજી મહારાજે ઝાડનાં છાંયે પુંજા ભગતને બેસાડીને પોતે પાણી પાયું, ત્યારે શ્રીજીની તરસ છીપી. આ પ્રસંગ દ્વારા શ્રીજીએ ભકતો સાથે પોતાની એકતા બતાવી.

જેમ મુંગા બાળકને સારી પેઠે મિઠાઈ ખવડાવીએ, અને પછી પૂછો કે કેવો સ્વાદ છે ? તો મૂંગો શું બોલે ! મુખથી કહી ન શકે, તેમ પ્રેમી ભકતના પ્રેમનું વર્ણન કોણ વર્ણવી શકે !

વચનામૃતમાં શ્રીજી મહારાજ બોલ્યા છે, ''મારે તો એક જ અંગ છે. જો ભગવાનનો ખરેખરો ભકત હોય તો હું તો તે ભગવાનના ભકતોનો પણ ભકત છું, અને હું ભગવાનના ભકતની ભકિત કરું છું, એજ મારે વિષે મોટો ગુણ છે, અને એટલો ગુણ જેમાં ન હોય, તો તેમાં કોઈ જાતની મોટપ શોભે નહિ.''

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૭૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૭૨) સત્સંગનો ખપ હોય તેનાથી શું ન થાય !

સ્વામિનારાયણ હરે..

જેને ભગવાનનો ખપ હોય તે સુખ, દુઃખ, માન, અપમાન બધુ જ સહન કરી શકે. સંસ્કૃતમાં કહેવત છે બુભુક્ષિતં ન પ્રતિભાતિ કિંચિત્, ભૂખ્યા માણસોને કાંઈ નજરમાં ન આવે, જે મળે તે ખાઈ લે એમાં નાના સંતોને ભૂખ બહુ લાગે.

જામનગરના ડોળી તળાવને કાંઠે ''એક વખત અદ્‌ભુતાનંદ સ્વામીએ સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું, આ તળાવની ખારી ખરવટ ચાટીએ ? વિચાર કરો, સંતો કેટલા ભૂખ્યા હશે કે તળાવની માટી ચાટવા તૈયાર થયા, સ્વામીએ કહ્યું, ''સારૂં માટી ચાટો, ચાર દિવસ સુધી સંતો માટી ચાટીને રહ્યા, પાંચમે દિવસે બપોરે લોટના ગોળા જમ્યા અને પાણી પીને તળાવને કાંઠે બેઠા બેઠા ભજન કરે છે, ત્યાંથી જામનગરના જામ સાહેબ પસાર થયા, પોતાના જાસૂસને પૂછ્યું, આ કોના સાધુઓ છે ?

**દાસત્વ ભક્તિ વગર અહં ટળતો નથી.**

રાજન, એ સ્વામિનારાયણના સાધુ છે. દયાળુ રાજાએ કહ્યું, આ બધા સંતો કયાં જમે છે. સાહેબ તેઓ શહેરમાં ભિક્ષા માગીને જમે છે, દયાળુ રાજા જામસાહેબ સાધુ પાસે ગયા, અને કહ્યું, કાલે અમારા તરફથી રસોઈ છે, સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું, અન્નદાતા તમારા આમંત્રણને શિર સાટે સ્વીકારીએ છીએ, પણ માફ કરજો, અમારા ગુરૂદેવની આજ્ઞા નથી, રાજાએ ઘણો આગ્રહ કર્યો, કાલે અમારી રસોઈ લેવી જ પડશે, સંતો એ કહ્યું, કાલે અમે બીજે ગામ જતા રહીશું. સાધુ તો નિજાનંદી હોય છે, સાચા સાધુ રાજાની શેહ શરમમાં લોભાઈ જાય નહિ.

ત્યારે રાજાએ કહ્યું, અમારૂં અનાજ તમારા જેવા સાધુનાં મુખમાં જાય એવો ઉપાય બતાવો, ત્યારે સ્વરૂપાનાંદ સ્વામીએ કહ્યું, અમારા સાધુ શહેરમાં ભિક્ષા માગવા આવે ત્યારે અન્નદાન કરજો. રાજા રાજી થયા.

બીજે દિવસે રાજાએ દરેકનાં ઘરના દરવાજે પોતાનાં નોકરોને ગોળ, ઘી, લોટની મોટી મોટી ગાંસડી બાંધીને ઉભા રાખ્યા, સવારે સંતો ભિક્ષા માટે આવ્યા કે ગોળની ભીલીયું, લોટના ડબા, ઘીના ઘડા સંતોને અર્પણ કર્યા.

આ બધો રસકસ નોકરો દ્વારા સંતોના નિવાસ સ્થાને પહોંચાડ્યો. સંતો કુલેર બનાવી ઠાકોરજીને ધરાવીને જમ્યા, આવી રીતે છ દિવસ પસાર થયા પછી સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું, ''હે સંતો હવે આ ગામમાં માન સન્માન અને ખાવા પીવાનું ખૂબ વધ્યું છે, તેથી ચાલો બીજે ગામ જતા રહીએ.

વિચાર કરો, આપણા નંદસંતાએ મૂળાનાં પાકેલ પાંદડાં ખાઈને અગવડ વેઠીને, અપમાન સહન કરીને સત્સંગનો પાયો નાખેલો છે. ધન્ય એવા સંતને કે જગ સુખના પ્રલોભનમાં લોભાયા નથી. જેમનો નિશ્ચય મેરૂ સમાન હોય તે દુઃખમાં ડગી જાય નહિ.

મેરૂ પર્વત ડગે કદાચ પણ સાચા ભકતજનોનાં મન કયારેય પણ ડગતા નથી, લડવૈયા જેમ સામે પગલે શત્રુ સાથે લડે અને પોતાના દેશની આઝાદી ઈચ્છે, તેમ સાચા સંતો અંતઃશત્રુ સાથે લડે અને પોતાના આત્મારૂપી દેહને મોક્ષ ધામમાં પહોંચાડે છે.

જેને સાચી સમજણ આવી જાય તેને પોતાના દેહમાંથી દેહ બુધ્ધિ ટળી

જાય છે, એવા જે ભક્તજનો છે તેને કાયમ અંતરમાં મનાઈ ગયું છે, કે સુખ દુઃખ જે કાંઈ અંતરમાં થાય છે, તે દેહને થાય છે, આત્માને કાંઈ થાતું નથી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૭૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**જો ભગવાન ભજાય તો આ મનુષ્ય દેહ ચિંતામણિ છે.**

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૭૩) કર્યા કર્મના બદલા દેવા પડે છે.

સ્વામિનારાયણ હરે..

વડોદરાના નાથ ભકત હતા. પરમ એકાંતિક સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હતા. ધર્મ, ભકિત, જ્ઞાન અને વૈરાગ્યે કરીને સમૃધ્ધ હતા પણ આ લોકની આર્થિક સ્થિતિ નબળી હતી. ઘણી વખત જમ્યા વગરનાં બાળકો ભૂખ્યાં રહી જતાં. ભૂખ્યાં બાળકોને જોઈને નાથ ભકત રડી પડે. હવે શું કરવું. નાથ ભકતનાં પત્નિની પણ ધીરજ ખૂટી ગઈ તેથી તેણે પતિને કહ્યું, ‘‘પતિદેવ જમવા માટે ઘરમાં કાંઈ નથી, તો એમ કરો આપણી દુઝણી ભેંસ છે, તેને વેચી નાખીએ અને એ પૈસામાંથી અનાજ લઈએ તો બાળકો અને આપણે ખાધા પીધા ભેગા થઈએ.

વડોદરાના દીવાનજીએ ભેંસ નાથ ભકત પાસેથી વેંચાતી લીધી. પણ બન્યું એવું કે દશ દિવસ થયા પણ પૈસા આપ્યા નહિ. નાથ ભકતનું કુટુંબ ભૂખ્યું દુખ્યું ટળવળે છે. મોટા માણસ પાસે પૈસા કેમ માગવા, પણ ન છુટકે નાથ ભકતે હિંમત કરી અને મંદિરના ઓટલે દીવાનજીની વાટ જોઈને બેઠા. દીવાનજીનો નિયમ હતો, દરરોજ દર્શન કરવા આવે. દીવાનજી ચોકીદારો અને અંગરક્ષકોની સાથે ઘોડા ગાડીમાંથી નીચે ઉતરી દર્શન કરવા મંદિર માં આવે છે. ત્યાં નાથ ભકતે બે હાથ જોડી જય સ્વામિનારાયણ કહી બોલ્યા, અમારી ભેંસ તમે વેંચાતી લીધી છે, તેના પૈસા મને આપો તો મારા બાળકો કાંઈક ખાધા ભેગા થાય. આટલું બોલી ને અટકી ગયા,નાથ ભકતનું હૈયું ભરાઈ આવ્યું.

દુઃખીયાનું દિલ જલ્દી ભરાઈ જાય. ગરીબાઈ કેવી દુઃખકારી છે તેની ખબર ગરીબને જ પડે. ત્રણ ટાઈમ ભરપેટ જમીલેનારા શ્રીમંતને ખબર ન પડે કે

ગરીબાઈ કેવી ભુંડી છે. દીવાનજી આ વાત સાંભળી, લાલ પીળો થઈ ગયો. અરે મૂર્ખ, ભીખારી તું કોની સામે ઉઘરાણી કરે છે, પૈસા માંગતા શરમાતો નથી. નાથ ભકતે કહ્યું હું મફત પૈસા નથી માગતો. તમે ભેંસ વેંચાતી લીધી તેના પૈસા માગું છું. દીવાનને સત્તાનું અભિમાન હતું તેથી કડકાઈથી બોલ્યો, હમણાં તારી ખબર કાઢી લઉં, રસ્તામાં પૈસા માગે છે. એમ કહી પોતાના પગમાંથી મોજડી કાઢીને નાથભકત સામે ઉગામી, લે પૈસા જોઈએ છીએને.

નાથ ભકત ધ્રુજતા ધ્રૂજતા ધ્રુસ્કો મૂકી રડી પડ્યા. સામે સભા મંડપમાં ગોપાળાનંદ સ્વામી બેઠા હતા, તેની નજર નાથ ભકત ઉપર હતી. સ્વામીએ પડકાર કર્યો, સત્તાથી અંધ થયેલ નારૂપંત દીવાન સબુર કરો ! રહેવા દેજો, જો નાથભકતને મોજડી મારશો તો તમારૂં સત્યાનાશ નીકળી જાશે. ભૂખે મરવાનો વારો આવશે, મોજડીનો ઘા નાથભકત ઉપર નથી કરતા પણ ભગવાન સામે કરો છો. સત્તાના ગર્વથી ગરીબને મારવા દોડો છો, પણ ધ્યાન રાખજો ભગવાન તમને નહિ છોડે.

ગોપાળાનંદ સ્વામીની હાકલથી દીવાનજીએ મોજડી પગમાં પહેરી લીધી. પણ ધ્યાન રાખજો, કર્યા કરમના બદલા દેવા પડે છે. થોડા સમય પછી દીવાનજી અને રાજા સાથે કાંઈક તકરાર થઈ. રાજાએ દીવાનને કડકાઈથી કહી દીધું, મારા રાજયમાંથી જતા રહો. પહેરેલે કપડે દીવાન બીજા દેશમાં રવાનો થઈ ગયો. નાથ ભકતને દુઃખી કર્યા તો પોતાને દુઃખી થવું પડયું. હાથમાં રામ પતર લઈ દીવાનજી ઘરો ઘર ભીખ માગે છતાં પણ પેટ પુરતું પણ ખાવા મળતું નથી. આખી જીંદગી રીબાઈ રીબાઈને મરી ગયો. ગરીબને કલ્પાવે તેના ઉપર ઈશ્વર નારાજ થાય છે. કોઈનું ભલું થાય તો ભલું કરજો પણ કોઈની હાય લેશો નહિ. જીવના સાચા સગા સંત છે.

સાચી વાત સાચા સંતો જ કહેશે, સંતોનાં દિલમાં દયા છે, એના હૃદયમાં કોઈ સ્વાર્થ નથી. જેમ જનેતા માવડીને પોતાના બાળક સાથે હેત છે. તેથી તે બાળકને રોગથી મુકત કરવા કડવી દવા પાય છે. તેમ સંતો છે તે જન્મ મરણના રોગથી મુકત કરવા કડવાં વચન રૂપી દવા પાય છે. ટકોરે છે. ભૂલ બતાવે છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે જે ટકોરે ભૂલ થતી અટકાવે તેવા સંત પાસે રહેવું, પણ જેમ

**મંદિર ભગવાન ભજ્વાનું કેન્દ્ર, અને ત્રિવિધ તાપ શમનનો ઠંડો ધરો છે.**

કરે તેમ કરવા દે, જેમ બોલે તેમ બોલવા દે, અધર્મના માર્ગે ચાલે છતાં પણ ગુરૂ શિષ્યને વાળે નહિ, તેવા ગુરૂથી તેવા સંતથી કાંઈ સુધારો થશે નહિ. પણ જે પાપને પોષે નહિ તેવા સંતથી ધ્યેય સુધી પહોંચાશે.

અજ્ઞાનરૂપી અંધારામાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં લઈ જાય અને માયામાં રમતા મનને મોહનવરમાં રમતું કરી દે તેવા સંતથી અનેક જીવનાં કામ થઈ જાય છે.

ભમરી ઈયળને ઝાલી આવે પછી દરમાં પુરીને એવા ચટકા ભરાવે કે ઈયળ ફફડી જાય અને સતત ભમરીને યાદ કરે, સતત ઈયળ ભમરીનું સ્મરણ કરતાં કરતાં ઈયળ મટીને ભમરી બની જાય છે,

**"તેમ જે સંતના ચટકા સહન કરે. માન, અપમાન, સહન કરે.**
**કટુ વચન હીતકારી હોય છતાં મુંઝાય નહિ તો તે**
**સાવ બધ્ધ જેવો જીવ હશે તો પણ તે મુકત થઈ જશે."**

અને આજ્ઞા ઉપાસના રૂપી પાંખો મળવાથી ભગવાનના મોક્ષધામમાં એ મહા સુખને પામે છે.

જીવના સાચા સગા સંત છે, સંત સમાગમ કરવાથી જ ભવસાગર તરી શકાય છે. જન્મ મરણથી નિર્ભય થવાય છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૭૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૭૪) મન મજબૂત કરી હરિ સ્મરણ કરો.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, હિંમત રહિત વાત કરવી નહિ. સદાય હિંમત સહિત વાત કરવી. **(ગ. પ્ર. પ્ર. ૧૭ વચનામૃત)**

**નિર્માનીપણાની પાત્રતા આપણામાં આવે તો ભક્તિ ટકી જાય છે.**

ગઢપુરમાં એક વાણિયો જીવાખાચરનું કામ કરતો. જ્યારે જીવાખાચર મહારાજના દર્શન કરવા જાય ત્યારે આ વાણિયો પણ સાથે જાય. દરરોજ સભામાં આવવાથી બ્રહ્માનંદ સ્વામી સાથે ખૂબ હેત બંધાઇ ગયું. પણ એક વખત એવો સમય આવ્યો કે જીવાખાચરને શ્રીજી મહારાજનો અભાવ આવી ગયો. મહારાજ તો વારે વારે દાદાખાચર દાદાખાચર કહેતા હોય અને અમને તો કોઇ દિવસ ન સંભાળે. જ્યારે કાંઇક થાય ત્યારે દાદાખાચરનો જ પક્ષ રાખે. જીવાખાચરને અભાવ આવવાથી એમના નોકરને પણ મહારાજનો અવગુણ આવી ગયો. જેનો સંગ કરશું તેવા આપણે થઈશું. સોબત કરવી તો સાચા ભક્તો, સંતોની સોબત કરવી. વાણિયાને અભાવ આવી ગયો. પહેલા દરરોજ મહારાજના દર્શન કરવા આવે. પણ હવે દર્શન પણ બંધ થઇ ગયા. મહારાજની સામુ પણ ન જુવે.

નિંદાના કારણે વાણિયો માંદો પડ્યો. દિવસે દિવસે બીમારી વધતી ગઇ. એમના સગાં સંબંધી એમને મળવા આવે. ત્યાં તો છેટેથી આ વાણિયાએ ચાર યમદૂતોને આવતા જોયા! રાડ પાડી, બચાવો, બચાવો. યમદૂતો વાણિયાને મારવા માંડ્યા. રાડ પાડતા પાડતા વાણિયાના મોઢામાંથી અચાનક બ્રહ્માનંદ સ્વામીનું નામ નીકળ્યું. જ્યાં બ્રહ્માનંદ સ્વામીનું નામ બોલ્યા ત્યાં સ્વામી તરત જ દિવ્ય સ્વરૂપે હાજર થયા. આવા મહાન સંતને જોયા અને યમદૂતો મુઠી વાળીને જાય ભાગ્યા. યમદૂતો મોટા અને કદાવર હતા તેથી દોડતા દોડતા વાણિયાની ખડકી ઉપર માથું ભટકાણું. આખી ખડકી તૂટી ગઇ અને દરવાજા પણ તૂટી ગયા. કમાડ અને ભીંતો બધું પડી ગયું.

સગાં સંબંધીને થયું કે, આ અવાજ ક્યાંથી આવે છે ? શું થયું ? જ્યાં જોયું ત્યાં આખી ખડકી ઉખડીને પડી ગયેલી. પણ આ કેવી રીતે થયું ? નથી વરસાદ, નથી વાવાઝોડું, નથી ધરતાકંપ. વાણિયો બ્રહ્માનંદ સ્વામીની આગળ કરગરીને પ્રાર્થના કરવા લાગ્યો. એમના ચરણે પડીને માફી માગી. ફરીથી જ્યાં પગે લાગવા જાય ત્યાં બ્રહ્માનંદ સ્વામીનું દિવ્ય સ્વરૂપ ત્યાંથી અદશ્ય થઇ ગયું.

વાણિયો જાગ્રત અવસ્થામાં આવી ગયો. સગાં સંબંધી પુછ્યું, ભાઇ, આ બધું કેમ બન્યું ? આ ખડકી કેમ પડી ગઇ ? આ દરવાજા, ભીંતોની હાલત આવી

કેમ થઇ ? આ કડાકા અને ભડાકા શેના હતા ? ત્યારે વાણિયા સાચી હકીકત કહી સંભળાવી અને બોલ્યા કે, આ તો બધો બ્રહ્માનંદ સ્વામીનો પ્રતાપ છે. નહિંતર હું જીવતો ન રહ્યો હોત. વાણિયો સાજો થયો. શ્રીજી મહારાજને મળવા માટે ખૂબ ઈચ્છા જાગી. પ્રભુના ચરણે પડીને કહ્યું, હે મહારાજ, મારા ગુન્હાને માફ કરો. મારી ભૂલ થઈ. અમારા શેઠ જીવાખાચરના કારણે હું પણ તમારા અવગુણમાં લેવાય ગયો પણ પ્રભુ, હું તમારો બાળક છું, તમે મારા મા સમાન છો! હવે કોઈ દિવસ તમારો અભાવ નહિ લઉં.

મહારાજે તો કરૂણાદષ્ટિથી આ શરણે આવેલો જીવ સામે જોયું. વાણિયાના મસ્તક ઉપર પોતાનો હસ્ત પધરાવીને બોલ્યા, જા, તારા બધાં ગુન્હા માફ! વાણિયાના અંતરમાં શાંતિ છવાઈ ગઈ. શ્રીજી મહારાજ અને બ્રહ્માનંદ સ્વામીને પોતાના ઘેર જમવા માટેનું નોતરૂં આપ્યું. મહારાજ કહે, તમને યાદ છે ને ભગત, તમે અમારા સામું જોવા પણ તૈયાર નહોતા અને હવે આજે અમને તમારા ઘેર જમવા માટે બોલાવ્યા... એમનું શું કારણ ?

વાણિયો કહે, પ્રભુ, મને તો જમદૂત મારી નાખતા હતા. આ બ્રહ્માનંદ સ્વામીએ આવીને જમના મારથી મને બચાવ્યો. યમદૂતો બ્રહ્માનંદ સ્વામીને જોઈને મૂઠી વાળીને ભાગ્યા. એવા ડરીને ભાગ્યા કે ખડકી તૂટી ગઈ. હે મહારાજ, એટલે મને નિશ્ચય થઈ ગયો કે જો સ્વામિનારાયણના સંતનો ઓટલો બધો પ્રતાપ હોય કે યમદૂતો એમને જોઈને નાસી જાય તો એ સંતોના માલિક સ્વામિનારાયણમાં કેટલો પ્રતાપ હશે! હે પ્રભુ, મારા ઉપર રાજી રહેજો. મહારાજ કહે, ભગત, આ બ્રહ્માનંદ સ્વામી ઉપર હેત રાખશો ને, તો યમદૂતોની તાકાત નથી કે તમારા પાસે આવી શકે! જીંદગીભર આવા સંતોને યાદ કરજો.

ભવજળમાં બુડતાં જીવોને સંતો નાવિક બનીને બચાવે છે. સંત એ આધ્યાત્મિક ક્ષેત્રે અગ્ર સ્થાન ધરાવે છે. એ ભગવાનની ઓળખાણ કરાવીને માયામાં ફસાયેલા જીવોને પ્રભુ તરફ લઈ જાય છે. એમનો છેડો જો પકડીશું તો મોહ, માયા અને મમતામાં ગુંચવાયેલો આત્મા ભવસાગર તરી જશે. સંતોની સાથે આત્મીય ભાવ રાખીશું તો સંતની સાથે આપણું પણ કલ્યાણ થઈ જશે.

**કથા,કીર્તન,ધ્યાન,ભજન એ ચાર વાતો રાખે તેને ભગવાનની અખંડ સ્મૃતિ રહે.**

નિયમ ધર્મ યથાર્થ કોણ પાડી શકે છે. જેટલું પળે તેટલું પાળીએ. ભગવાન તો અધમ ઉધારણ છે. કલ્યાણ કરશે. એવી રીતે હિંમત વિનાની વાત કરવી નહિ. હિંમત વિનાની વાત કરે તેને નપુંસક જાણવો. હિંમત વિનાની વાત થઈ જાય તે દિવસે ઉપવાસ કરવો.

પ્રભુને પામવા માટે મહેનત કરવી પડે, ખેતીવાડીમાં ધાન્ય ઉગાડવું હોય તો મહેનત કરવી પડે. પણ ઘાસ તો એમને એમ થાય, તેમાં મહેનત કરવી પડતી નથી. વાડીમાં વાવી આવીએ પછી કોઈ દિવસ સંભાળ લેવા જાય નહિ, તો હાથમાં કાંઈ આવે નહિ. ઘેટાં બકરાં મોલને ચરી જાય, એમ માયા આપણા ભક્તિરૂપી ખેતરમાં વાસના રૂપી ઘેટાં બકરાં મૂકીને ચરી જાય. પછી શું હાથમાં આવે ? માટે સદાય જાગતા રહેવું. પરમાત્માનું બળ રોમરોમમાં વ્યાપી જાય તો આત્મા અને પરમાત્મા સ્વરૂપ સમજાઈ જાય. હૈયામાં બિરાજમાન હરિનું સ્મરણ કરી જાગતા રહેવું અને ભજન કરવામાં હિંમત રાખવી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

# ઘર સત્સંગ સભા

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૭૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૭૫) ક્રોધનું પરિણામ ભયંકર હોય છે.

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી ભૂતપુરી નામના ક્ષેત્રમાં પધાર્યા. ત્યાંના દેવ મંદિરોમાં દર્શન કર્યા. ત્યાંના ત્યાગીમાં મુખ્ય પંડિત જીઅર સ્વામી હતા. તેમની પાસે જઈને પ્રભુ બેઠા. જીઅર સ્વામીએ સારો આદર આપ્યો. તેમની પાસેથી વિષ્ણુના આયુધોની છાપ લીધી. રામાનુજાચાર્યનો મત સરળ અને સુંદર લાગ્યો. આચાર વિચાર સારા લાગ્યા તેથી પ્રભુ ત્યાં રોકાયા છે.

એક વખત પ્રભુએ જીઅર સ્વામીને પુછ્યું, તમે સારા ત્યાગી છો. ધન અને વ્યસનનો ત્યાગ રાખો છો તે સારી વાત છે. પરંતુ સ્ત્રીનો સ્પર્શ કરો છો, તેની સાથે વાત કરો છો તેથી ત્યાગી જાણીને પૂછું છું કે શાસ્ત્રમાં ધન અને સ્ત્રીનો ત્યાગ

**કર્મને વશ થઇ આ જીવ ઘણું સહન કરે છે,**
**પણ સત્સંગ માટે જરાય નમતું મુકતો નથી.**

કરવાનું કહ્યું છે તેની બાબત કેમ સમજવી ? સ્ત્રી અને ધન બંધનકારી છે. કામનો વેગ મહા ભયંકર વેગ છે. દેવના દેવ મહાદેવ સ્ત્રીમાં મોહ પામ્યા. બ્રહ્મા પોતાની પુત્રી સરસ્વતીજીમાં મોહ પામ્યા. સૂર્ય, ચંદ્ર વિગેરે દેવતાઓ મોહ પામ્યા છે. કામ વાસનાએ મોટા મોટાની લાજ લીધી છે. ત્યાગીને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો જોઈએ.

વચનામૃતમાં શ્રી હરિ કહે છે, સ્ત્રીને વિષે બેઠા ઉઠ્યાની વાસનાવાળાને જીવતા કે મરીને ક્યારેય સુખ થતું નથી. આવી વાત સાંભળી જીઅર સ્વામી સ્વસ્થતા ગુમાવી બેઠા. ક્રોધ કરીને બોલ્યા છે, આ નાનો બાળક અમારા જેવા મહાન પુરુષો સાથે બાથ ભીડે છે! ગગનની ગતિ ગરૂડ લઈ શકે. મચ્છર જેવા બાળકને શું ખબર પડે ? બાળક થઈ બ્રહ્માંડને ડોલાવે તેવી વાત કરે છે. આ છોકરાને આંહીથી જલદી રજા આપી દો.

અલ્યા બાલાયોગી! અમારા આશ્રમથી બહાર નીકળી જાઓ. તમે બહાર જશો પછી હું અન્ન જળ લઈશ. પ્રભુ ધીરેથી સમજાવે છે. ધર્મની વાત સમજવામાં ક્રોધ કરીને અકળાઈ જવું તે સંતોનો ધર્મ નથી. કામ, ક્રોધ અને લોભ એ નર્કના દ્વાર છે. ક્રોધનું પરિણામ ભયંકર હોય છે. તમારા જેવા સંતોને ક્રોધ કરવો તે યોગ્ય નથી.

સ્વભાવ સુધારવાની બાબત નીલકંઠ વર્ણી સમજાવે છે. બહુ ક્રોધ કરશો તો દુ:ખી થશો. સરળ બની જાવ. સર્પ જેવા સ્વભાવવાળા જ્યાં જાય ત્યાં દુ:ખી થશે. ઘણા માણસોને ખોટી ટેવ હોય છે. વાત વાતમાં ગુસ્સો કરે. ધ્યાન રાખજો. જો સ્વભાવ ઠરશે તો તે વ્યક્તિ ભવસાગર તરી જશે. માટે હેતના વચનને હૈયે ધારી રાખવા જોઈએ. વિગેરે ખૂબ ઉપદેશ આપ્યો છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

# ઘર સત્સંગ સભા

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૭૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૭૬) વિશ્વાસઘાત એ મહાપાપ છે.

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી માંગરોળ પધાર્યા. ગામની ભાગોળે વિશ્રાંતિ લેવા બેઠા છે. ત્યાં રામાનંદ સ્વામીના શિષ્ય એક વણિક ભક્ત આવ્યા. નામ છે ગોવર્ધનભાઇ.

**જીવ ભગવાનમાં બે રીતે જોડાય છે, કાં ભયથી, કાં લાલચથી.**

તેજસ્વી બાલાયોગીને જોયા ને મન વર્ણીના દિવ્ય સ્વરૂપમાં ખેંચાઇ ગયું. નજીક ગયા. બે હાથ જોડી નમસ્કાર કરી કહે છે...

કૃપાનાથ! અમારા ઘેર પધારો ને ભોજન સ્વીકારો. પ્રભુ બોલ્યા, અમે કોઈને ઘેર જતા નથી. તો પ્રભુ, હું અત્યારે જ ભોજન લાવું છું. દોડતા પોતાને ઘેર ગયા અને સુખડી ને ગાંઠિયા લઈ આવ્યા. પ્રભુને અર્પણ કર્યું. પ્રભુએ એક ગાંઠિયાનો કકડો મુખમાં મૂક્યો. પછી પૂછ્યું, આવું બધું તૈયાર ભોજન ક્યાંથી લાવ્યા ?

ગોવર્ધનભાઈએ કહ્યું, મારા ફઈ હતાં તેનું મૃત્યુ થઈ ગયું છે. તેનું આજે તેરમું છે. તેથી સગાં, સબંધી, બ્રાહ્મણો, બાળકો, ગરીબને જમાડીશું. તમે પધાર્યા તે બહુ સારું થયું. ગોવર્ધનભાઈ કહે છે, વર્ણીરાજ! મારા ગુરુ રામાનંદ સ્વામી છે. ઉધ્ધવનો અવતાર છે. બહુ સમર્થ મૂર્તિ છે. ગુરુ પ્રતાપથી મને સમાધિ થાય છે. મારી ફૂઈ પુતળીબાઇ જમપુરીમાં પડી છે. નરકના કુંડમાં ડૂબકી મારે છે ને બરાડા પાડે છે.

હે ગોવર્ધન! મને બચાવ, બહુ દુઃખી છું. મને નરક કુંડમાંથી બહાર કાઢ. હું નરકકુંડમાંથી બહાર કાઢવા જાઉં છું તો જમદૂતો મને મારવા દોડે છે. હવે હું શું કરું ? તમે મને કાંઇક રસ્તો બતાવો.

પ્રભુએ પૂછ્યું, તમારા ફઇ સત્સંગી નહોતા ? સત્સંગી હતા. ભજન કીર્તન પૂજા પાઠ બધું કરતાં. પણ એક મહાપાપ થઈ ગયું છે. શું થઈ ગયું છે ? તે કહો. પુતળીફઈ રામાનંદ સ્વામીના આશ્રિત હતાં. એક વખત રામાનંદ સ્વામીના ચરણમાં સત્સંગી ભક્તજને સોનાનો પાસો ભેટમાં અર્પણ કર્યો. રામાનંદ સ્વામીએ પુતળી ફઈને કહ્યું, ફઈબા, તમારા ઉપર અમને વિશ્વાસ છે. તમે આ સોનાનો પાસો સાંચવી રાખજો. અમને જ્યારે જરૂર પડે ત્યારે આપજો.

સોનાનો પાસો જોઇને પુતળીફઈની દાનત ફરી ગઈ. આવી ભેટ તો ગુરુ પાસે ઘણી આવે છે. તે વાતને ભૂલી જશે. ખોટું બોલી જઈશ, ગુરુ મને શું કરી લેશે ? સમય જતાં સદાવ્રત માટે પૈસાની જરૂર પડી ત્યારે રામાનંદ સ્વામીએ પુતળીબાઇને કહ્યું, ફઈબા! સોનાનો પાસો આપો. અમારે સદાવ્રત માટે જોઈએ છીએ. ત્યારે પુતળીબાઇ બોલ્યા, જૂઠું કલંક મારા ઉપર નાખો છો ? શરમ નથી આવતી! તમે

સોનાનો પાસો મને આપ્યો જ નથી.

રામાનંદ સ્વામીએ કહ્યું, યાદ કરો ફઈબા. તમે ભૂલી ગયા છો. અરે, નથી જ આપ્યો! હું ભૂલું એવી નથી. બધું યાદ છે. તમે ભૂલી જાવ છો ને વારંવાર માગ્યા કરો છો. તે તમારા જેવા મહાન સંતને શોભતું નથી. ત્યારે રામાનંદ સ્વામી બોલ્યા.

પુતળીબાઈ! વિશ્વાસઘાત એ મહાપાપ છે. તમે નરકમાં પડશો ને હેરાન થશો. માટે સમજી જાવ અને સોનું પાછું આપી દો. ખૂબ સમજાવ્યા પણ કોઈ પ્રકારે સમજ્યાં નહિ. વિનાશકાળે વિપરિત બુધ્ધિ. પાપ કરવાથી નરકમાં પડ્યાં છે. ગોવર્ધનભાઈ કહે છે, હે પ્રભુ! તમે દયાળુ છો. મારી ફઈના ગુન્હા સામે નહિ જોતાં તેનો ઉધ્ધાર કરો. પ્રભુએ કહ્યું, તમે સમાધિ કરીને જમપુરીમાં જાવ.

ગોવર્ધનભાઈ યમપુરીમાં ગયા. ત્યાં ચાર પાર્ષદો આવ્યા. તેમની સાથે ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ લેતા લેતા ચાલ્યા જાય છે. સ્વામિનારાયણ નામ સાંભળી યમદૂતો દૂર ભાગી ગયા. પુતળી ફઈએ ગોવર્ધનભાઈને દીઠા ને રડતાં રડતાં બૂમ પાડી, હે ગોવર્ધન! મને નરક કુંડથી બહાર કાઢ! ફરીથી આવી ભૂલ નહિ કરું. હું બહુ દુઃખી છું. પરું, પાચ ને રૂધિરના કુંડમાં ડૂબકી ખાઉં છું. ગોવર્ધનભાઈએ હાથ લાંબો કરીને ફઈને બહાર કાઢ્યાં.

પ્રભુએ પુતળીબાઈ ઉપર કૃપા દૃષ્ટિ કરી તેથી તમામ પાપ બળી ગયાં. પ્રભુએ તેમને બદ્રીકાશ્રમમાં મૂકી દીધાં. બદ્રીકાશ્રમમાં જાવ ને ત્યાં તપ કરજો. ચેતવા જેવી કથા છે. પાપની ખીલી આડી આવશે તો મોક્ષ માર્ગ અટકી જાશે. પુતળીફઈએ આખી જીંદગી ધર્મના કાર્ય કર્યાં. ભજન ભક્તિ કરી પણ એક નાનો સોનાનો પાસો પચાવી પાડ્યો તો શું દશા થઈ ? નરકમાં પડવું પડ્યું. દુઃખી દુઃખી થઈ ગયાં. ભરતજીને સ્નેહની ખીલી આડી આવી તો કેવી દશા થઈ ? માનવમાંથી પશું (મૃગલુ) થવું પડ્યું.

ત્રિશંકુ રાજાએ ગુરુનો દ્રોહ કર્યો તો તેની કેવી દશા થઈ ? આજ સુધી અધવચ્ચે લટકે છે. ભક્ત સુદામાએ બે મૂઠી બીજાના ભાગના ચણા ખાધા તો તેની કેવી દશા થઈ ? દરિદ્રતા આવી. ખૂબ દુઃખી થયા જમવા માટે અન્ન મળતું નહિ.

**જીવ વાદ અને સ્વાદ મુકે તો જ ભગવાન ભજાય.**

માટે ખ્યાલ રાખજો. પાપની ખીલી મોક્ષ માર્ગમાં આડી આવી જાય નહિ. મોક્ષ મેળવવાનું કામ નાનું સુનું નથી. એમાં જરાક ભૂલ થશે તો મનુષ્ય જન્મ વૃથા થઈ જશે.

એક વેપારી વાણિયો હતો. જોખવામાં હંમેશા દગો કરે. દગો કોઈનો સગો થતો નથી. આ દુનિયામાં કોઈને કાયમ રહેવાનું નથી. એક દિવસ આ દુનિયાને છોડીને પરલોકમાં સર્વેને જવાનું છે. બધી ખબર છે છતાં બીજાને છેતરવામાં પાછા હટતાં નથી. આયુષ્યના અંતે વાણિયાને જમદૂતો પકડીને યમપુરીમાં લઈ ગયા. ખૂબ માર્યો. સાંધા બધા નરમ કરી નાખ્યા. રાડો પાડે. બચાવો, બચાવો! પણ ત્યાં કોણ બચાવે ? જમપુરીની સજા ભોગવવી જ પડે છે. તે વાણિયાનો આત્મા બીજે જન્મે બળદ થયો.

જ્યાં સુધી બરાબર ભાર ખેંચતો ત્યાં સુધી માલિકે રાખ્યો. પછી જંગલમાં કાઢી મૂક્યો. ખાવા પીવાનું કાંઇ મળે નહિ. વાંસામાં ચાંદા પડ્યા. પરૂ પાચ ખદબદે તેમાં કાગડાઓ ટોચા મારે. દુઃખનો કોઈ પાર નથી. પગ પછાડે. ધરતીમાં આળોટે. આવી રીતે દુઃખ ભોગવતો રીબાઈ રીબાઈને મરી જાય. બાવીસ વરસ સુધી વેપારમાં દગો કર્યો તેથી બાવીસ વખત બળદના જન્મ લેવા પડ્યા. વિચાર કરો! ઊંચે કુળે માનવ જન્મ મળ્યો. હાથે કરીને જનાવર થયો.

સારા કામમાં મદદરૂપ બનજો પણ પથ્થર રૂપ બનશો નહિ. પાપી જીવાત્મા ઘણા કલ્પ સુધી નરકકુંડમાં દુઃખ ભોગવે છે. પાપી માણસ પુરું આયુષ્ય ભોગવી શક્તો નથી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૭૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૭૭) ચાર યુગ પ્રભુજીની અરજી કરે છે.

સ્વામિનારાયણ હરે..

નીલકંઠ વર્ણી પાસે ચાર યુગ મૂર્તિમાન માનવ દેહ ધરીને આવ્યા. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ. સત્યયુગ બ્રાહ્મણના વેશે છે. ત્રેતાયુગ ક્ષત્રિયના વેશે. દ્વાપરયુગ વૈશ્યના વેશે. કળિયુગ શુદ્રના વેશે આવી પ્રભુને નમસ્કાર કર્યા.

**જીવ બ્રહ્મચર્ય રાખે તો તેનો મેળાપ ભગવાન સાથે ચોક્કસ થાય છે.**

સત્યયુગ કહે છે કે, હે પ્રભુ! મને બહુ દુઃખ થાય છે. પ્રભુએ કહ્યું, શું દુઃખ છે ? કહો. મારાથી જે સહાય થશે તે કરીશ. તમે ચિંતા ન કરો. સત્યયુગ હાથ જોડી કહે છે.

મારા યુગમાં સંતો અને ભક્તો તપ કરતા ને પ્રભુનું ધ્યાન ધરતા. તે હવે કોઈ કાંઈ કરતા નથી. પૈસાનું ધ્યાન રાખે છે. માલ મિલ્કત, કુટુંબ પરિવારનું ધ્યાન રાખે છે. એમનું ધ્યાન રાખવું જરૂરી છે. ફરજ બજાવવી જોઈએ એ બરાબર છે. પણ જેનું ધ્યાન રાખવું જોઈએ એ ભૂલાઈ જાય છે. જીવાત્મા ભૂલ કરે છે. આપણું ધ્યાન માયા નથી રાખતી. આપણું ધ્યાન ભગવાન રાખે છે. જમેલું અનાજ માયા નથી પચાવતી. ભગવાન પચાવે છે. અન્ન જળ પ્રકાશ આપી ભગવાન ધ્યાન રાખે છે માટે પ્રભુની ભક્તિ અવશ્ય કરવી જ જોઈએ.

નીલકંઠ વર્ણીએ કહ્યું, તમે ચિંતા ન કરો, તમારા યુગમાં જેવા સાધુ સંતો હતા, ધ્યાન ધરતા, સ્ત્રી ધનના ત્યાગી સંતો તૈયાર કરીશ. શ્રી સ્વામિનારાયણ ભગવાને પાંચસો પરમહંસ તૈયાર કર્યા. કળિયુગમાં સતી, યતિ અને યોગી જોવા મળે નહિ પણ સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપે સંતો બ્રહ્મચર્યવ્રતનું અણીશુધ્ધ પાલન કરે છે. કળિયુગમાં સત્યયુગ જેવા યોગી તૈયાર કર્યા, વર્તનશીલ ભક્તજનો તૈયાર કર્યા. પારકી સ્ત્રી સામે ઊંચી આંખ કરી જુએ નહિ. દૃષ્ટિમાં વિકાર કે વાસના નહિ. કરોડો રૂપિયાના આસામી હોય છતાંય એમના જીવનમાં સાદાઈ દેખાય. સંસારરૂપી કળિયુગનો કીચડ એને સ્પર્શ કરતો નથી. આ છે પ્રગટ પ્રભુનો પ્રતાપ.

ક્ષત્રિયના રૂપમાં ત્રેતાયુગ બે હાથ જોડી કહે છે, હે પ્રભુ, મારા યુગમાં સૌ માણસો વિષ્ણુયાગ કરતા અને ધર્મનું યથાર્થ પાલન કરતા. તે હવે કોઈ કરતા નથી. તો તેનું મને દુઃખ થાય છે. આપ કાંઈક કરો તો સારું. નીલકંઠ વર્ણીએ કહ્યું, તમે ચિંતા ન કરો. હવે અમે યજ્ઞયાગાદિક વિષ્ણુયાગની પ્રવૃત્તિ કરાવીશું. સદાય જ્ઞાનયજ્ઞ ચાલુ રહેશે. વૈદિક ધર્મમાં જેટલો અધર્મ પેસી ગયો હતો તે સ્વામિનારાયણ ભગવાને નાશ કર્યો અને વૈદિક માર્ગ શુધ્ધ કર્યો. જ્ઞાનયજ્ઞ ચાલુ રાખ્યા અને હિંસા થતી હતી તે અટકાવી અને ઉત્તમ ધર્મની રીતભાત શીખવાડી. સત્યનો માર્ગ બતાવ્યો.

પછી દ્વાપરયુગ વૈશ્યના રૂપમાં આવ્યો. નમસ્કાર કરી કહે છે, હે પ્રભુ!

મારા યુગમાં ભગવાનનાં મંદિર હતાં. તેમાં સૌ પૂજાપાઠ કરતા તે હવે પૂજાપાઠની પ્રવૃત્તિ નષ્ટ થઈ ગઈ છે તેનું મને દુઃખ છે. કાંઇક કરો તો સારું! નીલકંઠ વર્ણીએ કહ્યું, તમે ચિંતા ન કરો! તમારા યુગમાં જેવી પ્રભુની સેવા પૂજા થતી તેવી પ્રભુની સેવા પૂજાની પ્રવૃત્તિ કરાવીશું. મોટા મંદિરો બનાવી મૂર્તિ પ્રતિષ્ઠા કરાવશું અને સેવા પૂજાની પ્રવૃત્તિ ઘરો ઘરે ચાલું રહેશે.

શુદ્રરૂપે કળિયુગ કાળો ભીલ જેવો તે કહે છે, હે પ્રભુ! તમે બધી જગ્યાએ ધર્મ સાથે ભક્તિની પ્રવૃત્તિ કરશો, યજ્ઞયાગાદિક કરાવશો, પૂજાપાઠ કરાવશો, મંદિર કરાવશો, સત્કર્મોની પ્રવૃત્તિ કરાવશો તો મારા દીકરા ને મારી દીકરી ક્યાં રહેશે ? પ્રભુએ કહ્યું, તું ચિંતા ન કર. જે અમારી શિક્ષાપત્રી પ્રમાણે વર્તે નહિ, ધર્મને તજીને મરજીયાત પ્રમાણે વર્તે, પૂજાપાઠ, દાન, પુન્ય, સત્સંગ, સમૈયા વિગેરે કાંઇ પણ સત્કર્મ કરે નહિ ત્યાં તારે કુટુંબ સહિત નિવાસ કરીને રહેવું.

**"કુસંપ અને કલેશ એ બે દીકરા છે અને ઇર્ષ્યા એ દીકરી છે.**
**કળીયુગનો પરિવાર બહુ મોટો છે.**
**વેર, ઝેર, અદેખાઇ, અભાવ, અભિમાન, દ્વેષ, અશાંતિ, કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા વિગેરે દુષણો છે તે કળિયુગનો પરિવાર છે."**

ચાર યુગ પ્રભુને નમસ્કાર કરી પોતપોતાને સ્થાને ગયા છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**નાના થવામાં જેમજા છે તે મોટા થવામાં નથી.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૭૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૭૮) જેવી સોબત કરે છે તેવું અંતઃકરણ થાય છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કુસંગથી બચવાની વાત કરે છે. (ગ. પ્ર. પ્ર. ૧૮ વચનામૃત) સર્પને સોડમાં લઈને સુવે તો કરડ્યા વગર મૂકે નહિ. માટે દુર્જનથી દૂર રહેવું. આહાર વિહાર પવિત્ર થાય તો અંતઃકરણની મલીનતા જાય.

એક મહાત્માજી જંગલમાં વૃક્ષ નીચે બેસીને અખંડ ધ્યાન ભજન કરે. પાણી પીવા માટે એક કમંડળ બાજુમાં રાખ્યું. રાજા જંગલમાં મૃગયા કરવા ગયો. સેવકો સાથે હતા, પણ છૂટા પડી ગયા. રાજાને ખૂબ તરસ લાગી. હવે શું કરવું ? આજુબાજુ નજર કરી તો મહાત્માજીને જોયા. ત્યાં ગયા. રાજાને થયું મહાત્માજી ધ્યાનમાં બેઠા છે, તેને જગાડવા તે બરાબર નહિ, ભજનમાં ભંગ કરાય નહિ તેથી ધીમેથી કમંડળમાંથી પાણી પીધું. રાજા ભાગ્યશાળી કે મહાત્માજીનું પવિત્ર પાણી પીવા મળ્યું. પાણી પીને રાજા રવાના થયા. સામે સેવકો મળ્યા.

સેવકોએ કહ્યું, અન્નદાતા આપ તરસ્યા હશો. પાણી પી લ્યો. રાજાએ કહ્યું, મેં મહાત્માજીના કમંડળમાંથી પાણી પીધું છે. પોતાના પાસે જે પાણી છે તે ઋષિના કમંડળમાં ભરી દીધું . પછી બધા રાજ્ય દરબારમાં ચાલ્યા ગયા. મહાત્માજીએ બે કલાક પછી ધ્યાનમાંથી જાગીને પાણી પીધું. બીજે દિવસે ધ્યાનમાં બેઠા પણ મન ભગવાનમાં સ્થિર થતું નથી. જગત સંબંધી વિચારોની હારમાળા ચાલુ થઈ ગઈ. સંકલ્પ વિકલ્પમાં ગૂંચવાઈ ગયા. ખેંચી ખેંચીને મન ભગવાનમાં લઈ જાય છે પણ નિષ્ફળ જાય છે. બહુ અકળાઈ ગયા. કાંઈ સૂઝતું નથી. મૂઝાય છે કે મેં ભગવાનનો માર્ગ લીધો એ બહું ખોટું થયું. જગત સંબંધી વિષય વિલાસ ભોગવવા જેવા છે.

વિચાર કરો રાજાનું અપવિત્ર પાણી પીવાથી જીવનમાં કેટલી મલિનતા આવી જાય. અને માણસો એમ કહેતા હોય કે બજારમાંથી જમવાની વસ્તુ લઈને જમીએ તેમાં શું વાંધો ? ધ્યાન રાખજો. કપડાં કાળાં નહિ થાય, કાળજું કાળું થશે. આહાર બગાડશો તો અંતઃકરણ બગડશે. અંતઃકરણ બગડશે તો વિચાર બગડશે અને વિચાર બગડશે તો કોઈ પણ ક્રિયા શુધ્ધ નહિ થાય. કલ્યાણ નિર્ણયની કથા સમજવા જેવી છે.

ચાલીસ વરસથી ભજન ભક્તિને યોગ સાધના કરે છે, કોઈ દિવસ આવા ખરાબ વિચાર નથી આવ્યા તેવા વિચારોથી મન ઘેરાઈ ગયું. કોઈ પ્રકારે મન શાંત થતું નથી. હવે શું કરવું ? ધ્યાનમાંથી ઊભા થઈ ગયા. શહેરમાં જઈને કન્યાની શોધ કરે છે. કોઈ કન્યા મળી જાય તો ઈચ્છા પૂરી થાય. વિચાર કરો. અજામિલે

**વૃધ્ધાવસ્થામાં તો જેટલી સમજણ સુદઢ કરી**
**હોય તેટલું સુખી રહેવાય છે.**

ફકત વેશ્યાના હાથનું ફૂલ સૂંઘ્યું, તો બુધ્ધિ બગડી ગઈ અને મહાત્માજીએ રાજસેવકના હાથનું પાણી પીધું તો બુધ્ધિ બગડી ગઈ. વિચારવા જેવી વાત છે.

ઋષિનું પવિત્ર જળ પીવાથી રાજાને સદ્‌વિચારની સ્ફુરણા ખીલી. મારું જીવન પશુની માફક ગયું, પૈસાની પાછળ પશુની જેમ ભટકયો, ભૂખ લાગી ત્યારે ખાધું. ઊંઘ આવી ત્યારે સૂતો, વાસના જાગી ત્યારે વાસનાને સંતોષી. માનવદેહે મેં પ્રભુ માટે એક પણ સત્કર્મ કર્યું નહિ. ધિક્કાર છે મને ! મારું જીવન કૂતરા અને બિલાડાની માફક ગયું. હું હજુ પ્રભુ પ્રેમમાં ડૂબ્યો નહિ, સત્સંગ કર્યો નહિ. મને જગતમાં માન પ્રતિષ્ઠા મળ્યાં પણ પરમાત્મા મળ્યા નહિ. ભગવાનની ભક્તિ વિના મારું જીવન વૃથા ગયું. સદ્‌વિચારથી રાજા રાજ્યનો ત્યાગ કરી રાજપોષાક ઉતારી ઋષિ પોષાક પહેરી હાથમાં માળા લઈ જંગલમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા. પાણી પીવાથી સંતની બુધ્ધિ બગડી ગઈ.

ભ્રષ્ટ જીવની વાત સાંભળવી નહિ. તેના હાથનું જમવું નહિ. ભ્રષ્ટ જીવનો સ્પર્શ કરવો નહિ. જો આવું કરે છે તો અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે. શ્રીજી મહારાજ કહે છે તે, આ અમારી વાતને જરૂરા જરૂર માનજો. તેમાં અમારો ઘણો રાજીપો છે. આવી વાર્તા કરીને જય સચ્ચિદાનંદ કહીને શ્રીજી મહારાજ પોતાના ઉતારામાં પધાર્યા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૭૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૭૯) તક તક ફરરરર.

સ્વામિનારાયણ હરે..

એક ભરવાડ હતો. આખો દિવસ ઘેટાં ચારે. સંતો એક ગામમાં આવીને ઝાડ નીચે બેસીને સત્સંગ કરાવતા હતા. કીર્તન ગાય, ભજન કરે. ભરવાડને મનમાં

**કુસંપથી ધન હોવા છતાં ક્યાંક પ્રગતિ થતી નથી.**

એમ થયું કે, આ સંતો બહુ સુખીયા છે. હું આખી જીંદગી જંગલમાં રખડ્યો. સંતોને કેવી શાંતિ ! બેસીને માળા ફેરવે. સંતો સાથે કોઈક ને કોઈક હોય. પાંચ સાત તો સાથે જ હોય અને હું સાવ એકલો. હું ઘરે જાઉં ત્યારે મારી પત્નિ મને વઢે. જ્યાં જાઉં ત્યાં અશાંતિ. ઘરે જાઉં તો અશાંતિ અને જંગલમાં આવું તોય પણ અશાંતિ.

આવો વિચાર કરતાં ભરવાડ સંતો પાસે ગયો. પગે લાગીને કહ્યું, હે મહાત્માજી! મારે સાધુ થવું છે. સંતોએ આ ભરવાડની વાત સાંભળીને પુછ્યું, તમને સાધુ થવાનો સંકલ્પ કેમ થાય છે ? અમને એવું લાગે છે કે તમે ધક્કો દીધેલ આવ્યા છો. ભરવાડ કહે, કોઈએ મને ધક્કો મારીને કાઢી નથી મુક્યો પણ હું ઘરમાંથી કંટાળીને આવ્યો છું. સંતો કહે, ભલે, તમને સાધુ તો કરીએ, પણ અમને એટલું કહો કે તમને શિષ્ય થવું છે કે ગુરુ ?

ભરવાડ કહે, શિષ્ય કોને કહેવાય અને ગુરુ કોને કહેવાય એ સમજાવો. અને ક્યાં મજા છે અને ક્યાં સુખ છે એ કહો. સંતો ભરવાડને સમજાવવા માંડ્યા. જુઓ, શિષ્ય સેવા કરે. દોડી દોડીને ગુરુના કપડાં ધુવે. આશ્રમ સાફ કરે. રસોઈ બનાવે. ગુરુ કાંઈક કહે અને શિષ્યનું અંગ વળે. અને ગુરુ હોય તે તકીયા ઉપર બેસે, માળા ફેરવે, શાસ્ત્ર વાંચે, શિષ્ય ગુરુને પગે લાગે, ગુરુની વાહ વાહ થાય, એમનું માન, સન્માન, આદર, સત્કાર થાય. ભરવાડ કહે, આવડી ગુરુની મોટ્યપ! વાહ, તો મારે ગુરુ બનવું છે. શિષ્ય બનીએ તો પાછી એજ લફ.

સંતો કહે, જો તમારે ગુરુ બનવું હોય તો ભલે. આ તકીયા પર બેસી અને આખો દિવસ માળા ફેરવજો. સંતોએ આ ભરવાડને ભગવા કપડાં પહેરાવ્યા અને ગાદી તકીયો ઢાળી દીધું. પણ ભરવાડને ખબર નથી કે ધ્યાન પૂજા કેમ કરાય. છતાં મનમાં થાય કે, ઓહોહો, કેવા જલસા. લાડવા, ખીચડી, શીરો જમવા માટે મળે. વાહ! ભરવાડ તો રાજી રાજી થઈ ગયો. સંતોએ ભરવાડને ભલામણ કરી, ગુરુજી, તમારે ગુરુ થવાનું, પણ એક વાત યાદ રાખજો. તમારે કાંઈ પણ બોલવાનું નહિ. છાનામાના બેસી રહેવું. ભરવાડ કહે, તમે જેમ કહેશો એમ કરીશ.

હવે આ નવા ગુરુ બાવાજીને બધાં મળવા આવે. શિષ્યો બધાં આગળ આ ગુરુ બાવાજીના વખાણ કરે. જુઓ, આ અમારા ગુરુ! કેવા પ્રતાપી છે. આજ સુધી

૨૫ વર્ષો થયાં મૌન વ્રત રહ્યા છે. અને એટલા તો તપસ્વી અને ભક્તિવાન. આવી રીતે ખૂબ પ્રશંસા કરે. ભરવાડ આ સાંભળી મનમાં રાજી થાય. વિચાર કરે કે, જુઓ તો ખરા, પહેલાં બકરાં ચારી ચારીને થાકી જતો. પીવા માટે પાણી પણ ન મળતું અને અહિ તો મારા શિષ્યો પાસેથી પાણી માગું તો દૂધના પ્યાલા પીવા મળે છે.

એક દિવસ એ ભરવાડ ઝાડ નીચે ગાદી તકીયો ઢાળીને બેઠો હતો. ત્યાં તો ઘેટાંનું ટોળું આવ્યું. જંગલમાં કૂવો હતો. એ કૂવામાં જાંખરા અને કાંટા હતા. એમની આજુ બાજુ પથ્થરાની ભીંત બાંધેલ હતી એ પણ તૂટી ગયેલી. તેમાં એક ઘેંટું પડ્યું. આ જોઇને બીજા બધા ઘેટાંને એમ કે આ કૂવામાં મજા છે તેથી એક પછી એક મંડ્યા કૂવામાં પડવા. અને ભરવાડ આ બધું ઝાડ નીચે બેસીને જોયા કરે. વિચારે કે કોઈ આ ઘેટાંને વારતું નથી. કૂવો આખો ભરાઈ જશે. પણ બોલવાની બંધી છે. ભરવાડ આગળ સાધુ બેઠા હતા. ચારે બાજુ અસંખ્ય વસ્તી હતી. ભરવાડ એમની ભાષા યાદ કરીને રાડ પાડી, ''તક તક ફરરરરરરરર!''

આ રાડ સાંભળી બધાં ઘેટાં સાવધાન થઈ ગયા અને કોઈ કૂવામાં પડ્યું નહિ. સંતો ભરવાડની રાડ સાંભળીને ગુરુજીને સભાજનો ન સાંભળે તેમ વઢવા માંડ્યા, અમે તમને કહ્યું હતું કે તમારે કાંઇ બોલવાનું નથી અને મૌન રહેવાનું છે! તોય બોલ્યા ! હવે શું કરશું ? બધાં શિષ્યો મુંઝાય ગયા. હવે કાંઈક કરવું પડશે નહિંતર આપનું કપટ પધરું થશે.

શિષ્યો સભાજનો તરફ બોલવા માંડ્યા, વ્હાલા ભક્તજનો. ધન્ય ઘડી, ધન્ય અવસર! આજે કેવો દિવસ આપણને સૌને પ્રાપ્ત થયો. ભક્તો, ૨૫ વર્ષોના વાણાં વીતી ગયા અમારા ગુરુજીએ મૌન વ્રત ધાર્યું છે. તમારા કેવા મહાભાગ્ય કે તમે બધાં અહીં આજે આવ્યા અને ગુરુજીની વાણી સાંભળવાનો તમને મોકો મળ્યો. કેવી એમની અમૃત જેવી વાણી, તમે સાંભળ્યું ને! ગુરુજી કહે છે કે તમારા સૌનું કલ્યાણ થશે! માણસોએ જવાબ આપ્યો કે, સાંભળ્યું તો ખરૂં પણ અમને એ કહો કે તક તક ફરરરરનો અર્થ શું થાય ? સંતો કહે, તક તક ફરરરર એટલે તમે બહુ ભાગ્યશાળી છો રે ભગવાન ભજવાની તક મળી છે એ તક ચૂકી ન જવાય. ભજન કરજો ભજન! જો એક વખત તક ગઈ તો એ તક ફરી નહિ આવે. ભવસાગરનોફેરો આવશે.

## કુસંપ સમાજને તોડી નાખે છે.

આવી રીતે સંતો સભાજનોને સમજાવે છે પણ ગુરુને કાંઇ ગતાગમની ખબર નહિ. એક શબ્દ પણ સમજ્યા નહિ. બસ, આરામથી ઢોલીયા ઉપર બેઠા છે. આ વાતનો સિદ્ધાંત એ છે કે આ ચોઘડિયું આવ્યું છે ભગવાન ભજવાનું હવે આ મળેલી તક જવા ન દેવી.

ભરવાડને કાંઇ આવડતું નહોતું પણ તક મળી તો એમનું કામ થઇ ગયું. તેમ આપણને કાંઇ નહિ આવડે પણ જો ભગવાનની મૂર્તિમાં આપણી મનની અખંડ વૃતિ રહેશે તો આપણું કામ થઇ જશે. એક વાત સારી રીતે સમજી રાખવી કે આપણી નિષ્ઠા દઢ જોઇશે. નિષ્ઠા નહિ હોય ત્યાં સુધી ભગવાનના ધામને નહિ પમાય.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૮૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૮૦) ફાસ્ટફૂડથી સાવધાન

સ્વામિનારાયણ હરે..

હવા, પાણી અને ખોરાક વગર કોઈપણ માનવી જીવી શકે નહિ. માણસ માત્રને ભૂખ લાગે છે. ભૂખ સંતોષવા ખોરાકની જરૂર પડે છે.

આમ જોવા જઈએ તો ભોજનનો સાચો આનંદ સ્વાદિષ્ટ વાનગીની મીઠાસમાં નહિ પણ તે ખોરાક ખાનારની ભૂખ પર અવલંબન ધરાવે છે. સમજવા જેવી વાત છે.

ભૂખ વિશે વાત કરતાં મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, ''ખાલી પેટ વાળી વ્યક્તિ માટે ભોજન એ ઈશ્વર છે.'' મતલબ કે ભોજન કર્યા પછી ભજન કરવાની મજા આવે છે. પ્રત્યેક વ્યક્તિને ભોજન, ભજન, ભાષણ અને ભ્રમણ અતિ પ્રિય હોય છે.

**કુસંપ દુર કરવા હંમેશા નમી દેવું.**

શરીરને નિરોગી રાખવા માટે સમયે સમયે જરૂરી સાત્ત્વિક આહાર લેવો જોઈએ. શરીરનું હિત ઈચ્છનારાઓએ ગમે તે ખોરાક લેવો નહીં. કારણ કે રોગ થવાનું મુખ્ય કારણ મિથ્યા આહાર જ છે. આ બાબતે ચિંતન કરવું જોઈએ.

માણસને કોઈપણ ખોરાક માંથી ગળ્યો, ખાટો, ખારો, તીખો, કડવો અને તુરો એમ છ રસ માંથી કોઈપણ રસ મળી રહે છે પ્રત્યેક રસ સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

આયુર્વેદ એમ કહે છે કે દરેક માણસે પોતાની પ્રકૃત્તિને માફક આવે તેવો સમતોલ અને પોષક તથા સાત્ત્વિક આહાર લેવો જોઈએ. જેમાંથી પ્રોટીન, શર્કરા, ચરબી, વિટામીનો અને પાણીનો જથ્થો મળી રહેવો જોઈએ. **જરૂર કરતાં થોડો ઓછો ખોરાક લેવો જોઇએ.**

વ્યક્તિએ પોતાના વિસ્તારની આબોહવા પ્રમાણે, ઋતુ પ્રમાણે, પોતાની ઉંમર પ્રમાણે પોતાના આહારમાં અનાજ, કઠોળ, દાળ, લીલા શાકભાજી, કંદમૂળ, ઘી, તેલ, માખણ, દૂધ તથા ફળફળાદિક લેવા જોઈએ. તે પણ પર્યાપ્ત માત્રામાં લેવા જોઈએ.

તબીબો એમ કહે છે કે, કરી પાળનારને વગર દવાએ રોગ મટતાં હોય છે, કરી (પથ્ય) ન પાળનારને અનેક દવાઓ આપવા છતાં રોગ મટતો નથી.

બાળકો અને સગર્ભા સ્ત્રીઓને પ્રમાણમાં બીજાઓ કરતાં વધારે ખોરાકની જરૂર પડે છે. વળી તે વારંવાર ખોરાક લેતાં પણ હોય છે. ખોરાકના ગુણદોષ જાણવા જોઈએ. અને પછી જ તેનો ઉપયોગ કરવો જોઈએ જેથી માંદગી આવે નહિ.

શરીર પાસે જો કામ લેવું હોય તો તેને તંદુરસ્ત રાખવું જોઈએ અને ખોરાક એ માનવ સ્વાસ્થ્ય માટે અમૃતનું કામ કરે છે. પણ ગમે તેવો ખોરાક ખાવ તો તે ઝેર સમાન સાબિત થાય છે.

**"આજે જમાનો એવો આવ્યો છે કે મહ્દ અંશે માણસોને ઘેર ખાવું અને ઝેર ખાવું સરખું લાગે છે."**

તેથી ઘરની બહાર, ખાદ્ય પદાર્થો માટે રેંકડી, હોટેલ, રેસ્ટોરેન્ટ, લોજ વિગેરેની સંખ્યા વધતી જાય છે. અને આજે તો ખાદ્ય પદાર્થોના વેપારીઓએ તેમની દુકાને જવાનું પણ નથી....તેવી રીતે ડોર ડીલેવરી ની વ્યવસ્થા ગોઠવી દીધી છે.

મતલબ કે

એક ફોન કરોને ગરમાગરમ ચટાકેદાર વાનગીનું પાર્સલ તમારા ઘેર ગણત્રીના સમયમાં આવી જાય પછી ભલે તે ખાઈને તમારા ખીસ્સા હળવા થાય અને માંદા પડો તેની ચિંતા નહીં.

મા-બાપ બહારના ખાદ્ય પદાર્થો ખાતાં હોય એટલે તે તેમનાં સંતાનોને પણ આ કુટેવના રવાડે ચડાવી દેતાં અચકાતા નથી. અને બાળકોના સ્વાસ્થ્ય માટે અનેક પ્રશ્નો સર્જાય છે. તે માટે બાળકો નહિ પણ મા-બાપ પોતે જ જવાબદાર છે. થોભો અને વિચારો.

આજે દેશી-વિદેશી અનેકાનેક કંપનીઓએ પોતાના કારખાના ભારતમાં નાંખી દીધા છે અને બજારમાં વિવિધ જાતના ફાસ્ટફૂડ-ઠંડાપીણા-આઈસક્રીમના ગંજ ખડકી દીધા છે. અને નવી પેઢી તેને હોંશે હોંશે ખાય છે-પીવે છે. અને મોજ-મસ્તી કરે છે.

માતા-પિતા પણ રસોઈ બનાવવાની કડાકુટમાં પડવાને બદલે બાળકોને ફાસ્ટફૂડ ખાવા માટે નાણાંની કોથળી ખુલ્લી મૂકી દે છે. ત્યારે વિચાર આવે છે કે આ બાળકોના સ્વાસ્થ્યનું ભાવિ કેટલું ઊજળું હશે ? પણ કોઈને તે બાબતની ચિંતા નથી. ફાસ્ટફૂડ સાચવવા માટે અનેક રસાયણો વપરાય છે જે ખોરાકને ચટાકેદાર બનાવતા હશે પણ આરોગ્ય સામે ખતરો પેદા કરે છે.

વળી બહારના ખાદ્ય પદાર્થો ખાવાના કારણે આપણો ધર્મ-નિયમ જળવાતો નથી. અને જે તે ખોરાકની અવળી અસરો સંતાનોના આચાર, વિચાર, વાણી, વર્તન અને સ્વાસ્થ્ય પર થયા વગર રહેતી નથી.

સૌ પોત પોતાના અંગત સ્વાર્થો માં ગુંચાયેલા હોય ત્યાં ‘‘કુફાયદાકારક ફાસ્ટ ફૂડ’’ ને દેશવટો કોણ આપે ?

સમજુ-ડાહ્યા, ભક્તિપ્રિય મા-બાપ પોતના સંતાનોને ફાસ્ટ ફૂડથી દૂર રાખે છે પણ તેમની સંખ્યા નહિવત છે.

ફાસ્ટ ફૂડના કારણે નવી પેઢી મેદસ્વી-જાડિયાપણું ધરાવતી થતી જાય છે. જે ગંભીર બાબત છે.

**જેની સમજણ મોટી તે મોટો.**

માટે આપણા સંતાનોને ફાસ્ટ ફૂડ ખાતાં રોકવા માટે ઘેર ઘેરથી આંદોલનો શરૂ કરવાનો સમય પાકી ગયો છે. સાવધાન ??? મોડું થાય તે પહેલાં આ બાબતે સમયસરની જાગૃતિ બતાવવી જ પડશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. . .ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હેયું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતીયાં કહે છે માયા રે. તેને૦ ૪

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

# ઘર સત્સંગ સભા

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા - ૮૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ...............................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૮૧) ચાલો, આપણે કથા સાંભળવા જઇએ.

સ્વામિનારાયણ હરે..

અયોધ્યામાં એક વૈરાગી મહાભારતની કથા વાંચતા હતા. ઘનશ્યામ મહારાજે મિત્ર દીલ્લીસંગને કહ્યું, મિત્ર આજે એકાદશી છે. ચાલો કથા સાંભળવા જઈએ. મોટાભાઇ સૂઇ ગયા છે. રાત્રિનો સમય છે. મિત્રની સાથે પ્રભુ કથા સાંભળવા ગયા. ત્યાં રાજા દર્શનસિંહ પણ અનેક માણસો સાથે કથા સાંભળવા આવ્યા છે. ગાદી તકીયા પર રાજા બેઠા છે. રાજાએ ઘનશ્યામ મહારાજનો સત્કાર કર્યો. પુષ્પનો હાર પહેરાવી પોતાની બાજુમાં બેસાડ્યા. પ્રભુ એકાગ્ર ચિતેથી કથા સાંભળે છે. ઘણી વાર કથા સાંભળી.

**વિવાદોથી દૂર રહેવું એ સફળ માણસની નિશાની છે.**

કથા વિરામ પામી ત્યારે ઘનશ્યામ મહારાજે શાસ્ત્ર ઉપર પાંચ રૂપિયા મુકીને શાસ્ત્રનું પુજન કર્યું. પછી ઘનશ્યામ મહારાજના દિવ્ય નિજઅંગમાંથી પ્રકાશ નીકળ્યો. તે પ્રકાશ મધ્યે શંખ, ચક્ર, ગદા, પદ્મધારી ચર્તુભુજ સ્વરૂપે સૌને દર્શન થયાં. સૌ આશ્ચર્ય પામી ગયા. આ સાધારણ બાળક નથી, પણ સાક્ષાત પરમેશ્વર છે. અનેક ભક્તોને પોતાની ઓળખાણ કરાવી શરણે લીધા છે. ઘનશ્યામ મહારાજ ઘર તરફ આવે છે, ત્યાં રસ્તામાં અસુરો મળ્યા. તેનો પરાભવ કરી પ્રભુ ઘરે આવ્યા, અને છાના માના પોઢી ગયા.

અયોધ્યામાં લગભગ ૩૬૦ મંદિરો છે. ત્યાં વારંવાર શ્રી મદ્ ભાગવતની કથા વંચાય. કોઈ મંદિરમાં રામાયણની કથા વંચાય. ત્યાં ઘનશ્યામ મહારાજ કથા સાંભળવા જાય. શાંતિથી કથા સાંભળે. એક વખત બહુ મોડા ઘરે આવ્યા. ત્યારે મોટાભાઈ પ્રભુને શિખામણ દેતા કહે છે.

ઘનશ્યામભાઈ, તમે કથા સાંભળવા જાવ છો તે બરાબર છે પણ રાત્રે બહુ મોડા આવો છો તે બરાબર નથી. વારંવાર દુષ્ટો તમને મારવા આવે છે, તેથી અમને બહુ ચિંતા થાય છે. ને તમે જ્યાં સુધી ઘેર ન આવો ત્યાં સુધી અમારા મનમાં શાંતિ થતી નથી. માટે અમારૂ વચન માનો તો સારૂ. ત્યારે ઘનશ્યામ મહારાજ ધીરેથી વિવેક પુર્વક બોલ્યા, હે મોટાભાઈ! કથા છે તે આત્માનો ખોરાક છે. કથા સાંભળ્યા સિવાય આત્મા નબળો થઈ જાય છે. કથા અધુરી મુકી કેમ ઘરે આવું? કીર્તન, ધુન્ય થયા પછી આવું છું. તમે પણ અમારી સાથે કથા સાંભળવા આવજો. પ્રભુ કહે છે,

એક બે વિઘ્ન કોણ ગણે છે. પરંતુ કરોડ વિઘ્ન આવે તો પણ કથા સાંભળ્યા સિવાય કેમ રહેવાય ?

જ્યાં પરમાત્માના સત્શાસ્ત્રોની કથા કીર્તન થાય છે ત્યાં ગંગા, યમુના, ત્રિવેણી, ગોદાવરી, સિન્ધુ અને સરસ્વતિ આદિક પવિત્ર નદીઓ તથા સર્વે તીર્થો આવીને નિવાસ કરે છે.

કથા સાર... જ્ઞાન વિના મુક્તિ થતી નથી, અને જ્ઞાન કથા વાર્તા સિવાય થતું નથી. માટે હંમેશા કથા કીર્તનને પોતાનું જીવન ગણીને કથા સાંભળવાનો ખટકો રાખવો.

# ઘર સત્સંગ સભા

**"જેને કથા વાર્તામાં રૂચિ નહિ, તેની કોરની એમ અટકળ કરવી જે એને વિશે મોટા ગુણ નહિ આવે."**

કથા છે તે જીવનનો પાયો છે. પાયો નબળો હોય તો મકાન ટકે નહિ. પડી જાય. તેમ કથા સાંભળવામાં નબળાઇ રાખે તો આત્મા નબળો થઈ જાય છે. ભક્તિની વૃધ્ધિ થતી નથી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૮૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**જીંદગીમાં ગંદકી ભરશો તો રાવણ થશો ને**
**બંદગી ભરી દેશો તો વિભીષણ થશો.**

૩. નવીનજીમૂતસમાનવર્ણં,................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૮૨) ચાર ગુણની એક બીજાને અપેક્ષા છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આ ચાર ગુણ ભગવાનના માર્ગમાં જરૂરી છે. (ગ. પ્ર. પ્ર. ૧૯ વચનામૃત) ઈષ્ટદેવ પ્રત્યે પ્રીતિ, સ્વધર્મ પ્રત્યે નિષ્ઠા, આત્મા પરમાત્મા સંબંધી જ્ઞાન, જગત પ્રત્યે વૈરાગ્ય. જેને ભગવાનને રાજી કરવા હોય તેને સવારના વહેલા ઉઠી જવું જોઈએ. વહેલા ઉઠવાથી ઘણા ફાયદા થાય છે. નિરાંતે માનસી પૂજા થાય, નિરાંતે ગુરુમંત્રની માળા ફેરવાય, નિરાંતે શાંતિથી પ્રદક્ષિણા અને દંડવત થાય, મંગળા આરતિના દર્શન થાય, શાંતિથી પૂજા-પાઠ થાય અને કથા સંભળાય. આ સત્સંગનું મૂળ ધર્મ છે. જપ કરે, તપ કરે, તીર્થ કરવા જાય, યજ્ઞ કરે પણ ભગવાનમાં પ્રેમ ભાવ નથી, ભજન કીર્તન કરતા નથી તો બધું વ્યર્થ ગણાશે. શાકમાં ઘણો મસાલો હોય પણ મીઠું એટલે નીમક ભૂલી ગયા હોઈએ તો એ શાક ફીક્કું લાગે. તેમ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય વિનાનું ડાહ્‌પણ પણ ફીક્કું લાગે છે.

ભોજન સરસ બનાવ્યું હોય પણ મીઠું ન હોય, શીરો બનાવ્યો હોય પણ અંદર ઘી ન હોય તો તે સાવ કોરૂં લાગે છે અને શીરો લુખો લાગે છે. તેમ ધર્મ વિનાનો માણસ, પ્રભુ પ્રેમ વિનાનો સત્સંગ લુખો અને સુકો લાગે છે. જીવ વિનાનો

દેહ નકામો છે તેમ જ્ઞાન, વૈરાગ્ય વિનાની ભક્તિ નકામી છે. ખરાબ જમીનમાં વરસેલો વરસાદ જેમ ફોગટ જાય છે, વરસાદ વિના ગમે તેવી સારી જમીનમાં કાંઈ પાક થતો નથી. તેમ પ્રભુ પ્રેમ વિના ભક્તિમાં ફળ થતાં નથી. જ્ઞાન વિના બળ આવતું નથી. વૈરાગ્ય વિના સંસારમાંથી આસક્તિ ટળતી નથી.

- **પોતાનું કામ કરવું તે આસક્તિ**
- **બીજાનું કામ કરવું તે સંસ્કૃતિ**
- **ભગવાનનું કામ કરવું તે ભક્તિ**
- **સંસારમાં રહીને અલિપ્ત રહેવું તે વિરક્તિ**

પારકા દોષને જુવે નહિ પણ પોતાના દોષને તપાસ્યા કરે તે સાચા સંત કહેવાય. આંટીદાર સ્વભાવ ભગવાનને ગમતો નથી. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય આદિ અનેક શુભ ગુણ યુક્ત જે સંત છે તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.

વૈરાગ્યવાનની વૃત્તિ હરિ મૂરતિમાં જ વસીને રહે છે, જેમ અન્ન શરીરનો ખોરાક છે, તેમ ભગવાનની પૂજા કરવી, ધ્યાન કરવું, ભગવાનના નામનો જપ કરવો, તે આત્માનો ખોરાક છે, વહેલી પ્રભાતમાં વાતાવરણ શાંત હોય ત્યારે નિરાંતે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરવું.

શરીરને સ્વચ્છ રાખવા આપણે સ્નાન કરીએ છીએ, તેમ મનને સ્વચ્છ રાખવા માટે હરિનું ધ્યાન કરવું જોઈએ.

રાજાની રાણી હોય એના મહેલમાં ખૂબ ખાન પાનને વૈભવો હોય, પાણી માગે તો દૂધ મળે, સેવા માટે અનેક દાસ દાસીઓ હોય, જમવા માટે મીષ્ટાન્ન ને મેવાના થાળ ભર્યા હોય, સુવા માટે સોના ચાંદીના પલંગ હોય, એને તજીને જો રાજરાણી એકલી રખડતી ભીખ માગે કે કોઈક બટકું રોટલો દેજો, તો કેવી હલકી કહેવાય ! તેમ અનંતકોટી બ્રહ્માંડના રાજા સ્વામિનારાયણ ભગવાન તેના આપણે આશ્રિત થયા છીએ. આવો સર્વોપરી સત્સંગ મળ્યો, પૂજા, પાઠ, ધ્યાન ભજન, કથા કીર્તનરૂપી વૈભવ મળ્યો, તેને તજીને જયાં ત્યાં ઘરોઘર રખડ્યા કરે, પૈસા દેજો, પુત્ર દેજો, પત્ની દેજો એવી ભીખ માગ્યા કરે તેને ભીખારી કહેવાય, ભીખારી

**દુશ્મનની લાખ રાખજો, પણ સંબંધો રાખ ન કરજો., મન મળે ન મળે, હાથ મિલાવતા રહેજો.,**

માગે શેઠ કોઈ દિવસ માગે નહિ, શેઠ જેવા થાવું, માયાની ભીખ માગવી નહિ.

આત્મનિષ્ઠા, પ્રીતિ, વૈરાગ્ય અને સ્વધર્મ અતિ દઢપણે રાખવા. ચાર ગુણમાંથી ન્યુનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તને સમાગમે કરીને તે ન્યુનતા ટાળવી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૮૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

# ઘર સત્સંગ સભા

૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ...................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.......................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૮૩) સંતોનો ક્યારેય દ્રોહ કરવો નહિ.

સ્વામિનારાયણ હરે..

પ્રભુ કોઈનો દ્રોહ કરતા નથી, અદ્રોહી છે. એમનો કોઈ દ્રોહ કરે તેને પ્રભુ સહન કરે છે, પણ કોઈનો દ્રોહ કરતા નથી અને ભક્તજનોને ચેતવણી આપે છે કે દ્રોહ કરશો તો તમે પછાત થતા જશો, નિંદા નરકમાં નાખે છે, દ્રોહ જેવું બીજું કોઈ પાપ નથી. બીજા પાપનાં પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહેલાં છે પણ જે દ્રોહી છે તેના પાપનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહેલું નથી તે વજ લેપ થાય છે.

ગૌહત્યા કરી હોય, બાળ હત્યા કરી હોય, સ્ત્રી હત્યા કરી હોય, બ્રહ્મહત્યા આદિક મહાન પાપ કર્યાં હોય તે કદાચ પ્રાયશ્ચિત કરવાથી પાપથી મુક્ત થાય પણ સંત, બ્રાહ્મણ, ગુરુ, દેવ અને ભગવાનના અવતારોનો દ્રોહ કરે, નિંદા કરે. તેની પ્રાયશ્ચિતથી પણ શુધ્ધિ થતી નથી, તે અસુર થઈ જાય છે.

ભગવાન સ્વામિનારાયણનો દરરોજનો નિયમ હતો કે પૂજા કરીને દંડવત્ કરે. એક દિવસ એક દંડવત્ પ્રણામ વધુ કર્યો, તે જોઈને શુકમુનિએ પૂછ્યું, હે મહારાજ ! આજે એક દંડવત્ પ્રણામ વધુ કેમ કર્યો? ભગવાને સરસ જવાબ આપ્યો.

**‘જાણે અજાણે કોઈનો દ્રોહ થઈ ગયો હોય તેના નિવારણ માટે એક દંડવત્ પ્રણામ વધારે કર્યો.”**

**કોઈ ફોન અથવા પ્રત્યક્ષ મળે તેને જય શ્રી સ્વામિનારાયણ કહેવા.**

આ સમજવા જેવી કથા છે.

ભગવાનની સામે ઘણા આસુરી પ્રકૃતિના મારા માર કરતા આવે ભરી સભામાં તિરસ્કાર કરે કે. નીકળી જાઓ મારા ગામમાંથી. આવું બધું શ્રીજીમહારાજ સાંભળે છતાં પણ કોઈનો દ્રોહ ન કરે. તેને સમજાવવાની કોશીશ કરે, પણ નિંદા કરી તિરસ્કાર ન કરે. રાજાના મહારાજા છે છતાં પણ અલ્પ એવા તુચ્છ જીવનાં વચનોને સહન કરે છે. સર્વની સાથે મિત્રભાવથી વર્તનારા છે.

કેટલાક ભગવાનના ભક્ત કહેવાતા હોય પણ ઈર્ષાથી ભગવાન, ભગવાનના સંતોનો અને સત્સંગીઓનો દ્રોહ કરતા હોય છે, દુઃભાવતા હોય છે. ભક્તિ કરતા હોય, વાજીંત્ર વગાડતા હોય, અખંડ નામ રટણ કરતા હોય, છતાંય તેમને અક્ષરધામની પ્રાપ્તિ નથી, નરકમાં જવું પડે છે.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ભગવાનનો સંત અને ભગવાનના અવતાર કુરાજી થાય, એવું કાંઈ કર્મ થઈ જાય તો આ ને આ દેહે મૃત્યુલોકમાં જમપુરીના જેવું દુઃખ ભોગવે. ભગવાન અને સંતને કુરાજી કરે, ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તો પણ તેનો નાશ થઈ જાય, ને નરકમાં પડવું પડે. માટે ભગવાનના ભક્તનો, સંતનો કયારેય દ્રોહ કરવો નહિ, પુણ્ય થાય તો પુણ્ય કરવું, પણ પાપથી બીતા રહેવું.

જો સાધુ સંત, બ્રાહ્મણની નિંદા કરશો તો, જમદૂતો દ્વારા જમપુરીમાં જમનો માર ખાવો પડશે. એક વખત બ્રહ્માનંદસ્વામી એક ગામથી બીજે ગામ સંતો સાથે જઈ રહ્યા છે. રસ્તામાં જુવાનીયા સામે આવ્યા. તે વિના કારણે સંતોની નિંદા કરવા લાગ્યા, લેવું નહિ, દેવું નહિ ને આસુરી વૃત્તિવાળા અકારણ નિંદા કરે, સંતોને નમસ્કાર કરો, યા ન કરો, તમારી મરજીની વાત છે. પરંતુ મશ્કરી કરી, એના દિલને દુભાવવું નહિ.

પુરાણોમાં રાવણ, કંસ જેવા રાક્ષસોની વાતો આવે છે. તો એ રાવણ, કંસના માથે શીંગડાં નહોતાં, રાવણ અને કંસ મરી ગયા નથી, હજુ દુનિયામાં છે. અરસ-પરસ જુવાનીયા વાતો કરે, યુવાની એવી છલકદાર છે કે, ધ્યાન ન રાખો તો અનેકના અપરાધ કરી બેસે. યુવાનીયા કહે, જુવો તો ખરા સ્વામિનારાયણના મુંડીયા, લાડવા ખાઈ ખાઈને કેવું પેટ વધાર્યું છે.'

આ શબ્દો બ્રહ્માનંદસ્વામીએ કાનો કાન સાંભળ્યા. બ્રહ્માનંદસ્વામીની ફાંદ જરાક મોટી હતી. આણે મશ્કરી કરી, સ્વામી કહે, ભાઇ, લાડવા ખાઈ ખાઈને ફાંદ મોટી નથી કરી, મારા હૃદયમાં તો કેવળ પરમાત્મા સ્વામિનારાયણનો નિશ્ચય અને ભક્તિ ભરી છે. આ શરીરમાં દરરોજ લીંબુ જેટલું અન્ન જાય છે. આટલું કહી સંતો ચાલતા થઈ ગયા.

બીજા જ દિવસે આ યુવાનીયો સાવ ગાંડો થઈ ગયો. ગામમાં રાડું પાડે ને રખડે બે હાલ થઈને અંતે નરકમાં પડ્યો. આ લોક બગડ્યો ને પરલોક બગડ્યો, હેરાન-હેરાન થઈ ગયો. સંતના દ્રોહથી વંશનો નાશ થઈ જાય છે, આયુષ્યનો, બુધ્ધિનો અને સુખનો નાશ થઈ જાય છે. આ જન મંગલની કથા અતિ અદ્‌ભુત કથા છે. આપણામાં જે કાંઈ ખોટ ખામી હોય તે સમજીને ટાળવાની કથા છે.

તેથી શાસ્ત્રો ટકોરી ટકોરીને કહે છે. દ્રોહ ન કરો, નિંદા ન કરો. જેના ચરણમાં માથા ઝુકાવા જોઈએ, જેના ચરણરજથી પૃથ્વી પાવન થાય છે, જેના ચરણ ધોઈને પી જવાય. શ્રીજીમહારાજ વાસુદેવાનંદજીના ચરણ ધોઈને પી ગયા છે, ખુદ પરમાત્મા, આટલો મહિમા જાણે, તો આપણે તો મચ્છર જેવા છીએ. સાધુ સંત થવું કાંઈ સહેલું નથી, કોઈ આપણાથી દુભાઈ જાય એવું કરવું નહિ,

**"લોહીના સંબંધ કરતાં સત્સંગનો સંબંધ ટકાવી રાખવો."**

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

**કુટુંબ એટલે લાગણીના લસકરા, સ્નેહના સથવારા પ્રેમના પુષ્પો અને વિશ્વાસનો વરસાદ.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૮૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૮૪) આસ્તિક થવું પણ નાસ્તિક થાવું નહિ.

સ્વામિનારાયણ હરે..

ઓછી સમજણ વાળા શું બોલે ખબર છે ? અમે યાત્રા કરવા ગયા હતા, તો અહિ સોનાની મૂર્તિ હતી. શું તમે સોનાનાં દર્શન કરવા ગયા હતા ? આ

મંદિરમાં આરસની મૂર્તિ છે, આ ઠેકાણે કાષ્ટની મૂર્તિ છે, આમ ભગવાનમાં પથ્થર અને સોનાની ભાવના કરે તેને આસ્તિક ન કહેવાય તેને નાસ્તિક કહેવાય.

જેને પ્રભુમાં પ્રેમ નહિ, વિશ્વાસ નહિ, સંત, શાસ્ત્રોમાં આસ્થા નહિ, તેને કહેવાય નાસ્તિક. મૂર્તિમાં ચિત્રની ભાવના કે પથ્થરની ભાવના નહિ રાખીને આસ્થા રાખતાં શીખવું. ભગવાન વનમાં ગયા ત્યારે જ્યાં શિવ મંદિર આવે ત્યાં પ્રભુ શિવજીની ઉપર અભિષેક કરે, પૂજન કરે, પ્રાર્થના કરે, આ સાક્ષાત્ શંભુ છે એવી ભાવના કરે.

પ્રભુમાં આસ્થા એ આસ્તિક અને જેને ભગવાનમાં આસ્થા નહિ તે નાસ્તિક. જેને શ્વાસ ચલાવનાર સર્વેશ્વરમાં વિશ્વાસ નથી તે નાસ્તિક. વિશ્વાસનું બીજું નામ છે શ્રધ્ધા.

તમારી પાસે જોખમ હોય, તમે પરદેશથી આવતા હો અને પછી તમને બાથરૂમમાં જવું હોય તો તમે તમારું જોખમ કોને સાચવવા દેશો ? જેના ઉપર તમને વિશ્વાસ હશે તેને તમારું જોખમ સાંચવવા આપશો. બીજા જે રખડતા હોય એને તમારી બેગ સાચવવા નહિ આપો. વિશ્વાસ હોય એને જ અપાય, તમે જેને તેને જોખમ સાચવવા નથી દેતા, તેમ ભગવાનને જેના ઉપર વિશ્વાસ હોય તેને જ ભગવાન કિંમતી વસ્તુ સાચવવા આપે છે. ભગવાનની કિંમતીમાં કિંમતી વસ્તુ કઇ છે તમને ખબર છે ? ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, શીલ, સંતોષ, શાંતિ, દયા, શ્રધ્ધા, વિશ્વાસ, આનંદ આ સદ્ગુણોનો ભંડાર ભગવાન જેને તેને આપતા નથી, પણ ભગવાનને જેના ઉપર વિશ્વાસ છે તેને જ આપે છે. આપણે ભગવાનના વિશ્વાસ પાત્ર બનીએ એવી શ્રીજી પાસે પ્રાર્થના છે.

નાસ્તિક માણસો ભગવાનની મૂર્તિમાં પૂતળાંની અને પથ્થરની બુધ્ધિ કરે છે, પણ ભગવાનનું આવાહન કરવામાં આવે તો ભગવાનનો જરૂર આવિર્ભાવ થાય છે, ભગવાનને ભાવનાથી પૂજનારને મૂર્તિ અભિષ્ટ ફળ આપે છે.

એક મહાત્માજી ભગવાનનું મંદિર બાંધે છે તેથી ઉદયપુરના રાજા પાસે ફાળો માગ્યો કે, રાજન્ ! મંદિર માટે કાંઇક પૈસાની સેવા કરો. રાજાએ કહ્યું, મંદિર બનાવીને શું કરશો ? મહાત્માજીએ કહ્યું, તેમાં ભગવાન પધરાવશું પછી

કુટુંબમાંએક બીજાને ગમતા રહીએ, કંઈક ખટકે તો ખમતાં રહિએ, સંજોગો કેવા પણ સર્જાય, થોડા નમતા રહિએ, વાત અંદરો અંદર ન વાગોળતા એક બીજાને કહેતા રહીએ

તેની પૂજા કરશું, આરતી કરીશું, થાળ જમાડીશું અને અનેક ભક્તજનો તેમાં બેસીને ભજન કીર્તન કરશે.

નાસ્તિક રાજાને સત્તાનો મદ હતો. મદ કોઈ દિવસ સવળું સૂઝાડે નહિ, અભિમાન ઊંધું જ કરાવે. રાજા ઉધ્ધતાઈથી બોલ્યો, આ દુનિયામાં ભગવાન છે જ નહિ, હું ભગવાનને માનતો નથી, ભગવાન કોઈ દિવસ પથ્થરમાં હોય જ નહિ, એવાં બધાં પૂતળાંને બેસાડીને પૂજવાથી શું વળે ? તમારા જેવા સાધુ સંતને કાંઈ બીજો ધંધો નથી તેથી તૂત માંડી બેઠા છો. એવા ખોટા માર્ગે હું એક ટકો પણ આપીશ નહિ, ફોટામાં શું ભગવાન હોય ?

ત્યારે મહાત્માજીએ શાંતિથી કહ્યું, તમારે પૈસા ન દેવા હોય તો કાંઈ વાંધો નહિ, અમને બીજા અનેક દાતાર મળી રહેશે. ભગવાનનું કાર્ય ભગવાન પોતે પૂરું કરશે. પણ ભગવાનની મૂર્તિમાં ભગવાન નથી રહેતા એ તમારી ખોટી માન્યતા છે.

ત્યારે રાજાએ કહ્યું, સાબિત કરી બતાવો તો માનું, બાકી કેવળ વાતો કરશો તો નહિ માનું. મહાત્માજીને થયું આ નાસ્તિકને સરખી રીતે સમજાવવો પડશે.

મહાત્માજીએ કહ્યું, સાબિત કરી દઉં, પણ તમે ગુસ્સે ન થાવ તો. રાજાએ કહ્યું, ગુસ્સે નહિ થાઉં. પછી મહાત્માજી રાજાનો ફોટો લઈને આવ્યા. રાજા સામે એક ખુરશી ઉપર તે ફોટો રાખ્યો. પછી મહાત્માજીએ ફોટાને ફૂલનો હાર પહેરાવ્યો. આ જોઈ રાજા ખુશ થઈ ગયા.પછી મહાત્માજીએ ફોટાને લાડુ જમાડ્યા રાજા ખુશ ખુશ થઈ ગયા, પછી પગે લાગ્યા. ત્યાં તો રાજા હાસ્ય કરીને ઊભા થઈને મહાત્માજીને બાથમાં લઈને ભેટી પડ્યા, શાબાશ મહાત્માજી ! શાબાશ ! તમને મારા પ્રત્યે કેટલો બધો ભાવ અને પ્રેમ છે, પછી રાજા સોનાના સિંહાસન પર બેઠા, અતિ આનંદમાં હસે છે.

થોડીવાર પછી મહાત્માજી રાજાના ફોટા સામે હાથ લાંબો કર્યો, અને બોલ્યા, આ ફોટો સાવ ખોટો છે, હું એને માનતો જ નથી. એમ કહીને ફોટાને તોડીને ફેંકી દીધો. ફોટો તૂટી ગયો આવું જોઈને રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો, અને બોલ્યો, અરે !!! મૂર્ખ આ શું કરો છો ? સભા વચ્ચે મારું અપમાન કરો છો ? સમજો છો શું ? સિપાઈઓ એને પકડીને જેલમાં પૂરી દો.

# ઘર સત્સંગ સભા

ત્યારે મહાત્માજી શાંતિથી બોલ્યા, રાજન્ ! ગુસ્સે ન થશો. આ ફોટો હું લાવ્યો છું, તેમાં તમને એક ટકાનો ખર્ચ નથી કરવો પડ્યો. ફેંકી દીધો ને તૂટી ગયો તો તમને નુકશાન નથી, મને નુકશાન છે. છતાં આપ કેમ ખીજાઇ જાવ છો ?

રાજાએ દાંત કચકચાવતાં કહ્યું, ગમે તેમ તોય ફોટામાં આકૃતિ તો મારી છે ને ? મહાત્માજીએ કહ્યું, રાજન્ ! આ ફોટામાં કાચ, કાગળ ને લાકડું છે. આપ તો આમાં બેઠા નથી. ફોટાને હાર પહેરાવ્યો તો તમે રાજી થયા, મને ભેટી પડ્યા. ને ફોટાને ફેંકી દીધો તો ગુસ્સે થયા. તેવી જ રીતે પ્રભુની મૂર્તિની કોઇ પૂજા કરે, આરતી ઉતારે, થાળ જમાડે, વસ્ત્ર અલંકાર પહેરાવે, તો પ્રભુ તેના પર રાજી થાય છે અને જે મૂર્તિનું અપમાન કરે, તેના ઉપર ભગવાન નારાજ થાય કે નહિ ? તમે જ ન્યાય કરો. રાજા બરાબર સમજી ગયો, કે વાત સાચી છે. મારા ફોટાનું સન્માન જોઇ હું ખુશ થયો. તેમ ભગવાનનું પૂજન કરવાથી ભગવાન રાજી થાય. રાજાએ બે હાથ જોડી મહાત્માજીને વંદન કરી કહ્યું, મહાત્માજી ! તમે મારામાં રહેલો જે નાસ્તિક ભાવ હતો તે દૂર કર્યો, બહુ સારું થયું. પછી રાજાને ભગવાન પ્રત્યે આસ્તિક ભાવ બેઠો, તેથી મંદિર બંધાવવા માટે સારી સેવા અર્પણ કરી.

અવતારના અવતારી સ્વામિનારાયણ ભગવાન અયોધ્યામાં હનુમાનગઢીએ દર્શન કરવા જાય, ત્યારે રામચંદ્રજીની મૂર્તિની પૂજા કરે, અને એક પગે ઉભા રહીને સ્તુતિ કરે.

ભગવાન સ્વામિનારાયણ જ્યાં જ્યાં ગયા છે, ત્યાં પોતાનાં જ આગળના સ્વરૂપો હોય અથવા તો દેવતાઓની પ્રતિમાઓ હોય તે મૂર્તિની પૂજા કરી છે. જગતના માનવ માત્રને શીખવ્યું કે આસ્તિક થજો, પણ નાસ્તિક કોઇ ન થજો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

**કુટુંબમા ગાંઠના સરવાળા ન કરતાં મીઠા સંબધોનો ગુણાકાર કરતા રહીએ.**

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૮૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૮૫) તમારા ઘનશ્યામને વારો

સ્વામિનારાયણ હરે..

ઘનશ્યામ મહારાજ મિત્રોની સાથે નરેચાની સમીપમાં એક જાંબુનું વૃક્ષ હતું ત્યાં ગયા. ઘનશ્યામ ફટાફટજાંબુના વૃક્ષ ઉપર ચડી ગયા. જોરથી ડાળીઓ

હલાવી. ટપોટપ જાંબુ નીચે પડે. સખાઓ જાંબુ જમતા જાય, રમત કરતા જાય ને કપડાની ઝોળીમાં જાંબુ ભેગા કરતા જાય. ત્યાં એક રામચરણ લોભીયો કોટવાળ હતો. જાંબુડાનો માલિક નહોતો પણ એના મનમાં એમ હતું કે જાંબુ પાકશે ત્યારે વેચીને પૈસા ભેગા કરીશ. કોઇ છોકરાને ઝાડ પાસે જવા દે નહિ. જાય તો લાકડી લઈને પાછળ દોડે. તે ઝાડ નીચે ખાટલો રાખીને સુતો હોય. રાત-દિવસ પૈસાના જ વિચાર કરે કે પાંદડા કરતાં જાંબુ ઘણા છે ને મોટાં છે. તેથી આ વરસે કમાણી સારી થશે.

ખડખડાટ સાંભળી રામચરણ કોટવાલ જાગી ગયો. છોકરાને જાંબુ વીણતા જોઇ ક્રોધ આવ્યો. લાકડી લઇને બાલમિત્રોની પાછળ દોડ્યો. ઉભા રહેજો... માર્યા વગર નહિ મૂકું. જાંબુનું ઝાડ તમારા બાપનું છે ? રજા વગર જાંબુ ઉતારો છો ? ખબડદાર. એમ કહી લાકડી ઉગામી મારવા જાય છે. છોકરાઓ ભાગ્યા. ભાગો નહિંતર કોટવાલ મારશે. દોડતા જાય ને પાછુ વાળીને જોતા જાય. ઘર ભેગા થઈ ગયા. ઘનશ્યામ મહારાજ નિર્ભયપણે વૃક્ષ ઉપર બેઠા છે. કોટવાલે ઘનશ્યામ સામે લાકડી ઉગામી. મારવા જાય છે ત્યાં પ્રભુએ વિચાર્યુ કે લોભીયાને સજા કરવી પડશે. પારકો માલ પચાવી જાય છે. બાળકોને જાંબુ ખાવા દેતો નથી ને બળ કરે છે... પ્રભુએ શું કર્યુ!

જ્યાં કોટવાલ ઘનશ્યામ મહારાજને મારવા જાય ત્યાં પ્રભુ વૃક્ષ ઉપર બેઠા બેઠા હાથ લાંબો કરીને કોટવાલના ખભાને ખેચ્યો. લોભીયા... બાળકોને જાંબુ ખાવા નથી દેતો ને ફાવે તેમ ધમકાવે છે. ચક્રીખાઇને પડ્યો હેઠો. હાથ ખભાથી ઉતરી ગયો. મહામલ્લને જાંબુડેથી પાડીયો રે, એનો ખંભો ખેંચીને ઉખેડીયો રે.

પછી ઘનશ્યામ દોડતા ઘરે ગયા. શરીરનું ભાન આવ્યું ત્યારે કોટવાલ ઊઠીને ઉભો થયો. ખોઈમાં હાથ નાખીને ધર્મદેવને ઘરે ફરિયાદ કરવા આવ્યો. ધર્મદેવ, તમારા ઘનશ્યામને વારો. તોફાન બહુ કરે છે. તમે કાંઇ કહેતા નથી. ઉપરામણ કરો છો... આજ મારો હાથ ભાંગી નાખ્યો છે. જોરદાર ધક્કા મારે છે. જાંબુ ખવાય તેટલાં ખાધા ને બીજાં કાચા પાકા ખેરવી નાખ્યા. તમારે ધ્યાન રાખવું જોઇએને. આવું સાંભળી ધર્મદેવ હસ્તા હસ્તા બોલ્યા, શું વાત કરો છો ?

**જ્યાં સ્નેહ હોયછે ત્યાં સંકડા નથી હોતી.,જ્યાં સ્વાર્થ હોયછે ત્યાં મોકળાશ નથી હોતી.**

બાળકોએ કદાચ જાંબુફળ ખાધા હશે, પણ તમારો હાથ કઇ રીતે ભાંગી શકે. તમે પાંત્રીસ વરસના યુવાન માણસ છો ને મારા ઘનશ્યામ તો સાત વરસના નાના બાળક છે... બાળકથી હાથ ભાંગતો હશે ? બાજુમાં મોટાભાઇ ઉભા છે તે ચપટી વજાડી બોલ્યા, વિચારીને બોલજે. શરમ નથી આવતી ? છાનો માનો ચાલતો થઈ જા. વાત કરીશ તો ગામમાં તારી લાજ જશે. કોટવાલ શરમાઇ ગયો. હવે શું કરવું ? સામે બાળ ઘનશ્યામ ઊભા ઊભા હસે છે. કોટવાલ પસ્તાવો કરતો પોતાને ઘેર ગયો. લોભની સજા મળી ગઇ. કથા સાર... લોભ વૃતિ તજી ને હરિ ભજી લ્યો. ભગવાન અતિ દયાળુ છે. કોઇને દુઃખી કરતા નથી. સર્વજીવહિતાવહ છે અને કોટવાલના ખભાને ધક્કો શા માટે માર્યો ? કોટવાલને ધક્કો નથી માર્યો. એનામાં રહેલા લોભને ધક્કો માર્યો છે. લોભ શબ્દને ઉથલાવો તો શું થાય ? ભલો ...ભલો થા ભલાઇ કરી લ્યો, જે તમને મળ્યું છે તેનો સદુપયોગ કરી લ્યો. આપણને એમ થાય કે અમે ધર્મના કાર્યમાં પૈસા વાપરીએ છીએ. સાચી હકીકતમાં વપરાતા નથી. ધર્મના ક્ષેત્રમાં વવાય છે. વાવેલું ઉગશે. તેને ભક્તિનું પાણી પાવ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૮૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૮૯) અજ્ઞાનીમાં અજ્ઞાની કોણ છે ?

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, જે કેવળ બાહ્ય દૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે. **(ગ. પ્ર. પ્ર. ૨૦ વચનામૃત)** માણસ પોતાની જાતને ઓળખી રાખે છે કે હું જ્ઞાતિએ પટેલ છું, ઠક્કર છું, વણિક છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું, આમ પોતાની જાતને જાણે છે, તેમ ભગવાનમાં રસબસ થયેલાં બ્રહ્મભાવવાળા ભક્તો સદાય મનમાં સમજી રાખે છે કે હું દેહ નથી, હું આત્મા છું. હું કણબી નથી, હું બ્રહ્મરૂપ છું. દેહને દુઃખ થાય, આત્માને કાંઇ થાય નહિ. દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે. દેહ નાશવંત છે, આત્મા

**સંયુક્ત સંયુક્ત કરે સૌ કોઈ, સંયુક્ત રહિ શકેના કોઈ,**
**થોડો સંયમ કેળવો તો, સંયુક્ત રહી શકે હર કોઈ.**

અવિનાશી છે. દેહ અસત્ય છે, આત્મા સત્ય છે.

મારા દેહને શ્વાસોશ્વાસની રીધમ ચલાવનાર ભગવાન છે. મારા ખોરાકને પચાવનાર ભગવાન છે. મારા પગમાં શક્તિ આપનાર ભગવાન છે. મારી બુદ્ધિમાં પ્રકાશ આપનાર ભગવાન છે. આવું જે સમજતો નથી તે ઘેલામાં ઘેલો છે, નીચમાં નીચ છે અને મૂર્ખમાં મૂર્ખ છે. પોતાની જાતને ભૂલી ગયો છે.

**"ઉત્તમ સાહિત્ય સદગુણોનું સિંચન કરે છે."**

સિંહનું બચ્ચું ઘેટાં-બકરાં ભેગું ભળી ગયું. ઘેટાં બકરાં ભેળું ફરે, એમાંજ મોટું થયું, મનમાં એમ થયું કે હું બકરો છું. કયારેક વિચાર થાય આ બધા ઘેટાં બકરાંમાંથી મારું શરીર કેમ મોટું છે. હું વધારે ખાઉં છું એટલે મોટો દેખાઉં છું. સિંહનું બચ્ચું પાણી પીવા આવ્યું. ત્યાં વાર લાગી ગઈ. ત્યાં જંગલમાં સિંહ નીકળ્યો એને વિચાર થયો આ મારા જેવો સિંહ છે ને ઘેટાં બકરાંમાં કેમ આંટા મારે છે? સિંહ નજીક આવ્યો ત્યાં બચ્ચું ભાગ્યું. અલ્યા મને દેખીને શું કામ ભાગે છે ? તમે મને ખાઈ જાવ તો ? તને નહિં મારું... ના ! મને બકરાને તમે ખાઈ જાવને .... અલ્યા તું સિંહ છે. બકરો નથી! ના હું મોટો બકરો છું. અલ્યા તું ભૂલો પડયો છે. પાણીમાં તારું મોઢું જો.. મારા જેવું જ તારું મોઢું છે. પાણીમાં જોયું. તો બેયના મોઢા સરખાં. અલ્યા તું બકરો કેમ થઈ ગયો ? એકલો રહી ગયો તેથી બકરાં ભેગો ભળી ગયો.

સિંહે કહ્યું - હું ત્રાડ નાખું તેમ તું ત્રાડ નાખ. આણે ત્રાડ નાખી. હાશ! મને તમારા જેવી જ ત્રાડ નાખતાં આવડે છે. તું બકરો નથી સિંહ છે. આ કથાનો અર્થ : જીવાત્મા સત-ચિત- આનંદમય દિવ્યને તેજસ્વી સિંહ જેવો બળિયો છે. પણ જગતની માયામાં ભળી ગયો તેથી ઘેટાં બકરા જેવો ઢીલો બીકણ થઈ ગયો છે. અસલી સ્વરૂપ સમજાતું નથી. તેને સંતો સમજાવે છે. તું દેહ નથી પણ આત્મા છો. બ્રહ્મ છો. સહજાનંદી સિંહ છો. તું અસલરૂપને ભૂલી ગયો છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૮૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**ઘર મોટાં હોવાથી ભેગું નથી રહેવાતું પણ
મન મોટું હોય તો ભેગું રહેવાય.**

## (૮૭) ધર્મનું મૂળ દયા છે – પાપનું મૂળ અભિમાન છે.

સ્વામિનારાયણ હરે..

તુલસીદાસજી કહે છે,

**દયા ધર્મકા મૂળ હૈ, પાપ મૂળ અભિમાન ।**

**તુલસી દયા ન છાંડીયે, જબ લગ ઘટમે પ્રાન ॥**

પશુ પંખી જીવ પ્રાણી માત્ર ઉપર દયા રાખવી, પરને પીડીને રાજી થાય એતો અસુર છે.

**"અનંત જીવાત્માઓનો રાજીપો આપણી ઉપર ઉતરે ત્યારે આપણું મન ભગવાનમાં જોડાય છે."**

સંતનો રાજીપો, માતા, પિતા, ગુરુ તથા ગરીબનો રાજીપો આપણા ઉપર થાય ત્યારે ભજનમાં સ્થિરતા આવે અને હૃદયમાં શાન્તિ થાય છે. ઘણા માણસોમાં બિલકુલ દયા હોતી નથી, ક્રૂર દષ્ટિથી જોતા હોય છે.

સાચા ભક્તનાં લક્ષણ કહે છે. સાચા ભક્તજન પશુ, પક્ષી ઉપર પણ કરડા નેણ કરતા નથી, અને આપણે તો સગા ભાઈ ઉપર, સગા બાપ ઉપર, સગી મા ઉપર, સાચા ભક્તજન ઉપર કરડાં નેણ કરીએ છીએ. માતા, પિતા, ગુરુ અને ગરીબને રાજી ન કરો તો કાંઇ નહિ, પણ દુઃખી કરીને રીબાવજો નહિ.

આવી ઉત્તમ સમજણ મહાપુરુષોની હોય છે.નાના જીવનો પણ અપરાધ ન થઈ જાય તેની કાળજી મહાપુરુષો રાખે છે, મહાપુરુષોનાં લક્ષણ નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે, મહા પુરુષ કેવા હોય ?

આ દુનિયામાં ઉપરછલી ભક્તિ કરનારા ભક્ત ઘણા છે પણ અંતરની ભક્તિ કરનારા બહુ થોડા હોય છે. સ્વામી દશ ઈન્દ્રિયોને જીતવાની વાત કરે છે, આંખને જીતવી, સ્વાદને જીતવો, મનને જીતવું, ઈન્દ્રિયોને પોત પોતાના વિષયમાંથી પાછી વાળી અને ભગવાન તરફ વાળવી, સાધુના અંગે અંગમાં સાધુતા ભરેલી હોય છે, અને સદાય હિતકારી હોય છે. સાચા સંતની વિશાળ દષ્ટિ હોય છે.

# ઘર સત્સંગ સભા

એક વખત મુક્તાનંદ સ્વામી નાના સંતોને લઈને વડતાલ પધાર્યા. એક દિવસ નાના સંતોને રાત્રે બહુ ભૂખ લાગી. જેથી પાંચ સાત સંતો ભંડારમાં જઈ બપોરના ટાઢા સૂકા રોટલા હાથમાં લઈને જમવા લાગ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામી રાત્રે માળા ફેરવતા ફેરવતા અચાનક ભંડારમાં આવ્યા, સ્વામીને જોયાને સંતો ધ્રૂજી ગયા, શરમાઈને નીચું જોઈ ગયા.

મુક્તાનંદ સ્વામીને થયું મને દેખીને સંતો ડરે છે, તે બરાબર નહિ. ભૂખ્યા રહે તે પણ ઠીક નહિ, તેથી સ્વામીએ કહ્યું, સંતો ! શાન્તિથી જમો, રોટલો હોય તો મને પણ આપો, હું પણ જમી લઉં. આવું સાંભળી સંતોના હૃદયમાં ઠંડક વળી. સ્વામીને છાશ ને રોટલો પીરસ્યો. નાના સંતો સાથે બેસીને સ્વામી જમ્યા, સંતો રાજી રાજી થઈ ગયા.

હકીકતમાં મુક્તાનંદ સ્વામીને ભૂખ લાગી નહોતી, જમવું નહોતું, પણ સંતોને જોઈને છાના માના ચાલ્યા જાત તો સંતો ગભરાઈને જમવાનું છોડી દેત તેથી સમય સૂચકતા વાપરી, ધર્માધર્મનો યોગ્ય નિર્ણય લેવો એ પણ એક સાધુતા છે. નાના, મોટા, સાજા, માંદા સર્વે સંતોની યથાયોગ્ય સંભાળ રાખતા અને સેવા પણ કરતા. આવા અનેક ગુણ સ્વામીમાં સ્વભાવિક હતા.

શ્રીજીમહારાજે (ગ.મ. ૪૭ વચનામૃતમાં) કહ્યું છે, જે સંતની પાસે ચાર સાધુ રહેતા હોય તેને જો મન દઈને માણસાઈથી રાખતા આવડતું હોય તો તેની પાસે સાધુ રાજીપે રહે, અને જેને સાધુને રાખતાં આવડે નહિ, તેની પાસે સાધુ રહે પણ નહિ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

**આજે માણસ બધુ સમજી શકે છે, પણ પોતે પોતાના સ્વભાવને સમજી શકતો નથી**

**ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ**

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૮૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૮૮) મર્યાદા માણસનું ભૂષણ છે.**

સ્વામિનારાયણ હરે..

ભગવાન સ્વામિનારાયણે આર્ય સંસ્કૃતિનું જતન કર્યું છે. વાતની વાતમાં

વ્યાસજીની વાતને પ્રમાણ માનેલી છે. આર્ય સંસ્કૃતિની ભગવાને મર્યાદા સાંચવી છે. ભગવાને માતા પિતાનું શ્રાધ્ધ પોતાના હાથે કરેલું છે, અને આપણને શીખવ્યું છે કે, તમે પણ સંસ્કૃતિની મર્યાદાને સાંચવજો. મર્યાદા તો વૈરાગ્યનું કામ કરે છે, પોતપોતાની મર્યાદામાં રહેવું, એટલે પોતાના ધર્મ પ્રમાણે વર્તવું, ક્યારેય પણ કુત્સિત શબ્દો બોલવા નહિ.

અસત્ય, ખોટું, કડવું, કોઇને તીરની જેમ છાતીમાં વાગી જાય એવું બોલવું નહિ. ઘણાં માણસો મંદિરમાં આવી કીર્તન બોલે, એ સારી વાત છે, બોલવાં જોઇએ અને ગાડીમાં બેસે ત્યારે ફિલ્મની કેસેટ ચડાવી સાથો સાથ ગાતા પણ હોય, તેને ધર્મે બોલ્યા ન કહેવાય ! ન બોલતાં આવડતું હોય તો મૌન રહેવું પણ બોલીને સંબંધ બગાડી નાખવા નહિ.

આર્ય મર્યાદાને ભગવાને સાંચવી છે, મર્યાદા પુરૂષોત્તમે ક્યારેય મર્યાદાનું ઉલ્લંઘન કર્યું નથી. કૃષ્ણે જરાક મર્યાદાને એક બાજુ મૂકી છે. એટલે મર્યાદા લોપી એમ નથી. સમજવાનું, ભગવાને ખૂબ લીલા વિસ્તારી છે, રમૂજ કરીને ભક્તોને રાજી કર્યા છે.ભગવાન અગ્નિ જેવા છે, અગ્નિને ઊધઇ ચડે નહિ. તેમ પ્રભુને દોષ લાગતો નથી ભગવાન રામચંદ્રજીની હાજરીમાં સભા જુઓ તો એવી મર્યાદાથી સભા બેઠી હોય. પહેલું આસન ભગવાનનું. પછી ગુરુજનોનું, પછી ન્યાયાધિશ, દીવાન અને પછી મંત્રીનું એની પાછળ દરબારો બેઠા હોય. આગળ દ્વારપાળ ઊભા હોય. સભા એવી મર્યાદાથી શોભે કે જાણે ગુલાબ, ડોલર, હજારી, અને કણીયરનો બગીચો શોભતો હોય ! એવી બગીચા જેવી સુંદર સભા બેઠી હોય.

ભગવાન સ્વામિનારાયણની સભા કેવી ? શ્રીજીમહારાજ ગાદી તકિયા પર બેસે, પછી બ્રહ્મચારીઓ બેસે, પછી સંતો બેસે, પછી પોતપોતાના વિભાગ પ્રમાણે ભક્તજનો બેસે, એક બાજુ મર્યાદાથી બાઇઓ બેઠાં હોય. આવી મર્યાદાને જાળવી રાખી છે. એટલી મર્યાદા જાળવી કે શ્રીજીમહારાજ કાંઇ રમૂજ વાત કરતા હોય ને મુક્તાનંદસ્વામી આવે તો ચૂપ થઇ જાય. મુક્તાનંદ સ્વામીની શ્રીજીમહારાજ મર્યાદા રાખતા.

સતી સીતાજીએ પણ મર્યાદાનું બરાબર પાલન કર્યું. વન તો ભગવાન

**સંસાર ઊભો કરવો અઘરો નથી પણ**
**તેને શાંતિથી ચલાવવો અઘરો છે**

માટે હતું, છતાં સીતાજી પણ વનમાં પતિની સાથે ગયાં. વનમાં પ્રભુની ખૂબ સેવા કરી. પતિના દુઃખે દુઃખી, પતિના સુખે સુખી. પોતાના સુખ સારું ક્યારેય પણ પાછો પગ કર્યો નથી, ભગવાનનો અભાવ લીધો નથી.

**"કોઇનો અભાવ ન લેવો એ પણ એક જાતની મર્યાદા છે."**

શ્રીકૃષ્ણ ભગવાનની લીલા જુઓ તો બહુ અદ્‌ભૂત લાગશે, ભગવાન પોતે બાળમિત્રોનું એઠું જૂઠું જમ્યા હોય, ગોપીઓ સાથે એકલા વનમાં ફર્યા હોય, ક્યારેક મિત્રો પ્રભુના વાંસા ઉપર ચડીને મહીની મટુકી ઉતારે. એજ ભગવાન ક્યારેક મુરલી વગાડે અને ક્યારેક રણસંગ્રામમાં શંખ પણ વગાડે, પણ ભગવાનનાં ચરિત્ર તો કલ્યાણકારી જ છે.

ભગવાન સ્વામિનારાયણ સંતોને ખૂબ ભાવથી મિષ્ટાન્ન જમાડે, દૂધપાક જમાડે, પાછા મર્યાદામાં લઈ લે. સંતો ! હવે ખટરસ વર્તમાનનું પાલન કરજો, સંતો ! તમે હવે લીંબુ જેટલું અન્ન જમજો. આમ ખૂબ મિષ્ટાન જમાડી તૃપ્ત કરે, પાછા મર્યાદામાં લઈ લે, કેવી મર્યાદા પોતે રાખીને સંપ્રદાયમાં પ્રવર્તાવી છે. રંગ ઉત્સવમાં સંતો, બ્રહ્મચારી સાથે રમે, ભગવાન સંતો ઉપર રંગ ઢોળે, સંતો ભગવાન ઉપર રંગ ઢોળે, પણ સંતો બ્રહ્મચારીની સાથે કોઈ સ્ત્રી નહિ, સ્ત્રી સ્ત્રીની સાથે રાસ રમે, પુરુષો પુરુષોની સાથે રમે, ઋષિ પરંપરાને અખંડ રાખી છે. કેટલી હદે મર્યાદા રાખી છે. !

ભગવાન સ્વામિનારાયણ પોતાના હાથમાં કાયમ રૂમાલ રાખતા, જ્યારે હસતા ત્યારે મુખ આડો રૂમાલ દઈને હસતા, છીંક આવે ત્યારે રૂમાલ આડો દેતા એ આપણને શીખવાડવા માટે છે.

સત્સંગનો પાયો છે મર્યાદા, કેટલાક માણસો એટલા બધા અવિવેકી હોય કોઈની સામે જોઈને છીંક ખાય ને જોરથી બગાસું ખાય. કોઈના સામે બગાસું ખવાય નહિ, કપડું આડું દઈને અથવા હાથ આડો દઈને બગાસુ ખાવું, પણ ખૂલ્લે મોઢે બગાસા ખાવાં નહિ, આ પણ એક મર્યાદા છે. સગો બાપ આજે દીકરાને કાંઈ કહી શકતો નથી. સાવ અવળો ચાલતો હોય છતાં વઢીને સવળી સમજણ આપી શકતા નથી, જો ભલામણ કરે તો સામે ફુંફાડા મારે, ધમકાવીને બેસાડી દે. છાંના માના બેઠા રહો, લવરી લાંબી થઈ ગઈ છે. આવું બોલે... પહેલા પાંચ પચીસ માણસો વચ્ચે બાપ પોતાના દીકરાને વઢતા ત્યારે દીકરો સામું બોલતો નહિ, ઉલટાનું

નમન કરી સ્વીકાર કરતો આજે બાપે દીકરાને કાંઇ કહેવું હોય તો વિચાર કરે, સાસુએ વહુને કહેવું હોય તો વિચાર કરે, ગુરુએ કાંઇ શિષ્યને કહેવું હોય તો વિચાર કરે. શું કહેશે ? જો કહેશું ને અવળું પડશે તો મતભેદ થશે. માટે ઋષિમુનિઓએ જે મર્યાદા બાંધી છે, તે પ્રમાણે બરાબર મર્યાદામાં રહીને પ્રભુનું ભજન કરવું.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૮૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**વિચારથી જીંદગીનું નિર્માણ થાય છે.**
**વિચારની તત્પરતા જ સફળતા છે.**

૩. નવીનજીમૂતસમાનવર્ણં,..................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ...............................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.......................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૮૯) શ્રેષ્ઠ કોણ ? ધનવાન કે પ્રભુ સ્મરણ કરનાર ?

સ્વામિનારાયણ હરે..

મોટામાં મોટું આશ્ચર્ય અને દુઃખની વાત તો એ છે કે, આ દુનિયામાં લોકો લખપતિને શ્રેષ્ઠ અને સુખી માને છે. પરંતુ દરરોજ ભગવાનના એક લાખ નામ સ્મરણ જપ કરનારને લોકો સુખી અને શ્રેષ્ઠ માનતા નથી. પણ વિચાર કરો, લખપતિનું મરણ થતાં એક કોડી પણ સાથે લઈ જાતો નથી. જ્યારે ભગવાનનું સ્મરણ કરનારો મૃત્યુ પામતાં નામ સ્મરણ જપરૂપી ધન સંપત્તિ તેની સાથે જાય છે. તો શ્રેષ્ઠ કોણ ? ધનવાન કે નામ સ્મરણ કરનાર ?

ઈંદ્રિયોને અંકુશમાં રાખીને ભજન ભક્તિ કરવી, ધ્યાન રાખજો, જગતનાં ખપે તેટલાં સુખ ભોગવીશું, છતાં જીવનની સમાપ્તિ થાય પણ સુખની સમાપ્તિ કોઈ દિવસ થાય નહિ. આટલી ઉંમરમાં આપણે કેટલાં સુખ ભોગવ્યાં, આપણી આંખથી આપણે કેટલું જોયું, સારું, નરસું, સાચું, ખોટું, બહુ જોયું, પણ જરાક નજર ઘટે તો રાડો પાડીએ કે કાંઈ નથી દેખાતું, ભગવાન કહે, બેટા ! ઘણું જોયું હવે બેઠાં બેઠાં માળા ફેરવ.

પછી કાનથી આપણે ખોટી નરસી અનેક વાતો સાંભળી પણ કાને સંભળાતું બંધ થાય, ત્યારે રાડું પાડીએ કે કાંઈ સંભળાતું નથી, વહુ દરરોજ કકળાટ કરે, પણ

કાંઈ સંભળાય નહિ, ભગવાન કહે છે, બેટા ! ઘણું સાંભળ્યું, હવે શા માટે રાડારાડ કરે છે ?

પછી જીભ આટલી ઉંમર થઈ કેટલા સ્વાદ ચાખ્યા, સાટા, જલેબી, શીરો, પુરી, ભજીયાં, ઢોકરી, સંભુષા, ડબલરોટી અનેક વસ્તુ ખાધી પણ જીભનો સ્વાદ પૂરો થયો નહિ, ક્યાંક શીરો રંધાતો હોય અને સુગંધ આવે તો લુલીબાઈ માંહી આંટા મારે, ભણે ક્યાંક શીરો રંધાય છે, ભગવાન કહે છે, બેટા ! ઘણું ખાધું, હવે ભગવાનનું નામ લે. આમ બેઠી બેઠી સ્વાદની વાત કરે છે.

પછી આપણા પગ કેટલી પૃથ્વી ફરી આવ્યા, પણ ગોઠણમાંથી વા ઉપડે ને જરાક ચલાય નહિ તો કહે, કે ચલાતું નથી, ભગવાન કહે છે, બેટા ! ગામમાં અને પરદેશમાં ઘણાય આંટા માર્યા, હવે સ્થિર થઈ ભગવાનની માળા ફેરવ.

આ શરીરને ગમે તેટલું સુખ દેશું, જીવન પુરું થાશે પણ ઇંદ્રિયાનું સુખ કદી પણ પુરું થયું નથી અને થવાનું પણ નથી. જીવનની સમાપ્તિ થાય પણ જગતના સુખની સમાપ્તિ ન થાય, હૃદય પ્રકાશ ગ્રંથનો મૂળ પાયો એ છે કે, જીવનમાં ઇંદ્રિયોને બહુ લાડ લડાવશો નહિ.

ઇંદ્રિયોનું કામ છે ફસાવવાનું અને જીવનું કામ છે ભોગવવાનું, ઇંદ્રિયો ફસાવે અને જીવ સજા ભોગવે, માટે ઇંદ્રિયોને બહુ લાડ ન લડાવશો, નહિંતર જ્યાં ત્યાં ફસાવ્યા જ કરશે, આ જોવાનું બહુ સારું છે, આ પહેરવાનું બહુ સારું છે, આમ ફસાવ્યા જ કરશે.

પંચ વિષયથી તારું ઘર ભરાઈ ગયું છે, એક રસ થઈને તારા જીવમાં ચોટી ગયા છે, શબ્દમાં હરણ લોભાય છે, રૂપમાં પતંગિયું લોભાય છે, સ્પર્શમાં હાથી લોભાય છે, રસમાં માછલું લોભાય છે, અને ગંધમાં ભમરો ફસાય છે, પણ પંચવિષયમાં માનવી ફસાય છે, બીજા એક એક વિષયમાં ફસાય છે તો પણ નાશ થઈ જાય છે, પણ માનવી પાંચે વિષયમાં ફસાય છે, એની હાલત કેવી થશે. સમજ્યા જેવી આ કથા છે.

**"ભગવદ્ કથા રાષ્ટ્રની સંસ્કૃતિને જીવંત રાખનારી છે."**

ભમરો કમળમાં સુગંધ લેવા જાય. દિવસમાં કમળ ખીલે સાંજનાં કમળ

**ગમે તેવી પરિસ્થિતિમાં પણ સદા સુખનો વિચાર કરવા**

બિડાઇ જાય, આખો દિવસ કમળમાં સુગંધ લીધા જ કરે, પછી સાંજ પડે ત્યારે ભમરો લોભને લીધે ઉડી જાય નહિ, ને સુગંધ લીધા જ કરે, હમણાં ઉડી જાઇશ, હમણાં ઉડી જાઇશ, આમ લોભને લીધે ઉડે નહિ, સાંજ પડી જાય ને કમળ બિડાઇ જાય, ભમરો પુરાઇ જાય.

ભમરો જો લાકડામાં કાણાં કરી શકે, તો શું કમળની પાંખડી તોડી ન શકે ? પણ એને એમ થાય કે સવાર પડશે. કમળ ખીલશે ત્યારે હું ઊડી જાઇશ, આખી રાત કમળની સુગંધ લીધા કરીશ, મધ્ય રાત્રિ થાય ત્યારે હાથીનાં ટોળાં જંગલમાંથી આવે, અને કમળ તોડીને ખાય, જેમાં ભમરો પુરાઇને બેઠો હતો તે જ કમળ ખાઇ ગયો, તેમાં રહેલો ભમરો મરણ પામ્યો.

આ કથા એ સમજાવે છે કે, અતિ લોભમાં જો ભમરો પડે છે તો હાથીના મોઢામાં નાશ પામે છે, તેમ જગતના પદાર્થમાં અતિ લોભ અને તૃષ્ણામાં પડશે તો કાળના મુખમાં જઇશું અને જન્મ મરણના ફેરામાં ભટકશું, હજુ મને મરવાની વાર છે. હજુ હું યુવાન છું, હજુ દેહ સારો છે. દેહ ચાલે ત્યાં સુધી બરાબર કમાઇ લઇએ. આ કામ કરી લઉં, આ કામ કરી લઉં, પછી નિરાંતે ભગવાન ભજશું.

ભગવાન કહે છે, દીકરા ! ધ્યાન રાખજે, કાળ આવશે ને એ ઓચિંતો આવશે, તું નાનો છો કે યુવાન છો, નિર્બળ છો કે બળવાન છો, એવું નહિ જુવે, એ તો એનું ટાણું આવ્યું નથી, ને ઉપાડીને રવાનો થયો નથી. ધ્યાન રાખજો, મોત આવશે ત્યારે આપણી અક્કલ બુધ્ધિ ચતુરાઇ ડહાપણ કે તાકાત કાંઇ કામ નહિ આવે. એ તો જે દિવસ, જે સમય જે સ્થાને લખાણું છે એમાં ફેર બિલકુલ પડવાનો નથી.

મોત ક્યાં સંતાઇને બેઠું છે, તેની ભલભલાને પણ ખબર ન પડે, એટલા માટે લખ્યું છે કે, હું કાલે જ મરવાનો છું. એમ ધારશો તો જ ભગવાન ભજાશે, નહિંતર અંતકાળ સુધી પણ ભગવાન ભજાવાના નથી, આજ કરીશ, કાલે કરીશ, પછી કરીશ એમાં સમય વીતાઇ જાશે.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ગંધ અનંત પ્રકાર કી હૈ, સો યદિ પાપી જીવ કે હાથ કે પુષ્પ અથવા ચંદન ઉનકી જો સુગંધ લે તો જૈસી ભાંગ પીનેસે બુધ્ધિ ભ્રષ્ટહોતી હૈ વૈસેહી બુધ્ધિ ભ્રષ્ટ હોતીહૈ, બડે પુરુષકો ચઢે હુએ જો પુષ્પ

ચંદન ઉનકી સુગંધ લેનેસે ભી બુધ્ધિ નિર્મળ હોતી હૈ.

અજામિલ પવિત્ર બ્રાહ્મણ હતો, પણ વેશ્યાના અંબોડામાંથી પુષ્પ ખરી પડેલ તેની સુગંધ લીધી તો બુધ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ, ધીમે ધીમે ધર્મ છોડીને અધર્મી બની ગયો, ભગવાનના પ્રસાદીના પુષ્પની સુગંધ લેવાથી મન બુધ્ધિ અને ચિત્ત પવિત્ર થાય છે.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૯૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................

**કુટુંબમાં જે સહન કરે તે કુટુંબનો ખરો મોભી કહેવાય.**

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૯૦) સ્ત્રીઓનો માસિક ધર્મ અને વિજ્ઞાન

સ્વામિનારાયણ હરે..

સર્વજીવ હિતાવહ ગ્રંથ શિક્ષાપત્રીમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને આજ્ઞા ૧૭૩ શ્લોકમાં લખ્યું છે કે, **"અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઇ પ્રકારે ગુપ્ત ન રાખવું."**

વળી આગળ આજ્ઞા ૧૭૪ શ્લોકમાં પણ જણાવ્યું છે કે, **"અને રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ તે ત્રણ દિવસ સુધી કોઇ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિં ચોથે દિવસે નાહીને અડવું."**

આમ ગૃહસ્થાશ્રમી સ્ત્રીઓનો આ વિશેષ ધર્મ દર્શાવ્યો છે અને તે ધર્મ આચાર્ય પત્નીએ પણ પાળવા જણાવેલું છે. કારણ કે તે ગૃહસ્થ છે.

કોઈપણ કન્યા કિશોરી અવસ્થા પૂર્ણ કરે એટલે તેણી ઋતુકાળમાં પ્રવેશ કરે છે. જેને આપણે ત્યાં રજોદર્શન, રજસ્વલાપણું, છેટે છે, ટાઈમમાં છે, અતડાયેલી છે, માસિક ધર્મમાં છે, એમ સી માં છે એમ કહે છે. આ બાબત એમ સૂચવે છે કે હવે તેણીએ યુવાવસ્થામાં પ્રવેશ કર્યો છે. માનવદેહની રચના અનુસાર આ એક સ્ત્રીમાં પ્રતિમાસ થતી કુદરતી પ્રક્રિયા છે. જેને છાની -ગુપ્ત ન રાખવી તેમ સ્ત્રીઓને આજ્ઞા કરેલી છે. કારણ કે રજસ્વલાપણું ગુપ્ત ન રાખવાથી તેણીના સગાં-સંબંધીઓને જાણ થાય છે કે પરપુરુષ થકી આવતી ગર્ભધારણની શંકા દૂર થઈ જાય છે.

વિશ્વના તમામ ધર્મ-સંપ્રદાયો માસિક ધર્મના નીતી નિયમોનું પાલન કરવા જણાવે છે. અને તે પાળવાથી સ્ત્રીઓનો સતી ધર્મ જળવાય છે.

શ્રીમદ્‌ભાગવતમાં જણાવ્યું છે કે, ''હંમેશા પુરુષના સહવાસરૂપી વરદાનને ઈન્દ્ર પાસેથી ગ્રહણ કરી બ્રહ્મહત્યાનો ચોથો ભાગ સ્ત્રીઓએ લીધો છે.'' તે ચોથો ભાગ પ્રતિમાસ રજોદર્શન રૂપે દેખાય છે.

આ દિવસો દરમ્યાન સ્ત્રીઓએ મનુષ્યનો સ્પર્શ કરવો જોઈએ નહિ, વસ્ત્ર અને માટીના વાસણોને પણ સ્પર્શ ન કરવો જોઈએ. ત્રણ દિવસ સુધી આ નિયમોનું પાલન કર્યા બાદ ચોથા દિવસે પોતે પહેરેલાં વસ્ત્રો ધોઈ માથાના વાળ ધોઈને સ્નાન કર્યા બાદ જ માનવ સ્પર્શ કે ઘરની ચીજ-વસ્તુઓને સ્પર્શ કરવાનું ધર્મશાસ્ત્રો કહે છે.

રજસ્વલા સ્ત્રીને પહેલે દિવસે ચંડાલી, બીજે દિવસે બ્રહ્મઘાતિની અને ત્રીજે દિવસે ધોબણ જેવી કહેલી છે. અને ચોથે દિવસે સ્નાન કર્યા પછી શુધ્ધ થાય છે એમ ભવિષ્યોતર પુરાણ જણાવે છે.

રજોદર્શન દરમ્યાન સ્ત્રીએ શું નિયમો પાળવા એ બાબત શાસ્ત્રો લખે છે કે, હળવો ખોરાક ખાવો, ફૂલ ધારણ ન કરાય, ખાટલા ઉપર સુંવું નહિ, અગ્નિને સ્પર્શ ન થાય, બીજાને અડવું નહિ, અભ્યંગ સ્નાન ન કરવું, મુસાફરી ન કરવી, પાન ખવાય નહિ, દિવસની નિંદ્રાનો ત્યાગ કરવો, ગાયન-વાદન ન કરવું, રડવું , હાસ્યનો ત્યાગ કરવો, શરીરને માલિશ ન કરાય, બહુ બોલવું નહિ, બહુ સાંભળવું નહિં, પતિ સંગથી દૂર રહેવું, દેવપૂજા ન થાય આ ધાર્મિક દોષ લાગે છે. પરિવારના સભ્યોની શારીરિક સુખાકારી માટે રજસ્વલા સ્ત્રીએ ત્રણ દિવસ સુધી ઘર-પરિવારની કામકાજ-પ્રવૃત્તિઓથીદૂર રહેવું જોઈએ.

તબિબ વિજ્ઞાન એમ કહે છે કે, રજોદર્શન સમય સ્ત્રીના શરીરમાંથી લોહી વહી જવાથી તેણીનું શરીર નબળું પડે છે તેથી તેને આ સમયે સખ્ત આરામની જરૂર પડે છે તેથી તેણીએ ઘરના કામકાજ ન કરવા જોઈએ.

રજોદર્શન દરમ્યાન સ્ત્રીના દેહમાં નાડીઓનું શુધ્ધિકરણ થતું હોય છે તેથી તે સમયે તેણીના સ્પર્શ કરવાથી તેણીના દેહ અંદરના દોષોની અસર સ્પર્શ કરનારને લાગે છે, જેને સૂક્ષ્મ પ્રભાવ કહેવામાં આવે છે. માટે સાવધાની રાખવી સારી.

**અનુભૂતિ અને ચિંતન આપણી જીંદગી બદલી નાખે છે.**

વિજ્ઞાને સાબિત કર્યું છે કે રજસ્વલા સ્ત્રીના સ્પર્શની અસર માનવ, પ્રાણી, વનસ્પતિ પર અચૂક થાય છે જ. દા.ત. રજસ્વલા સ્ત્રી જો તુલસીના છોડને બે-ત્રણ વખત સ્પર્શ કરે તો તે છોડ થોડા દિવસોમાં કરમાઈ જાય છે.

આ બધું જાણ્યા પછી આપણે આ તારણ કાઢવું જોઈએ કે જેમણે ધર્મ-અધ્યાત્મના માર્ગે પ્રગતિ સાધવી છે તથા સુખી-સમૃધ્ધ થવું છે તેમણે આ બધા જ નિયમોનું અચૂક પાલન કરવું જોઈએ.

પણ આજે સમય એવો આવ્યો છે કે અમે ભણેલા છીએ, વિકસિત છીએ તે બહાના આગળ ધરીને મહિલાઓને રજોદર્શનના નિયમોનું પાલન કરતાં અટકાવવામાં આવે છે મતલબ કે ''સગવડીયો ધર્મ'' પાળે છે તે ચાલે નહિ.

મહિલાઓએ પણ રજોદર્શન સમયે પોતાની માતા, દાદી, ભાભી, દેરાણી, જેઠાણી, ફોઈ કે બહેનપણી વિગેરેના અનુભવોમાંથી બોધપાઠ લઈને તેમની સલાહ મુજબ વર્તવું જોઈએ.

રજોદર્શનની સ્થિતિને પાછી ઠેલવા જાત જાતના અખતરા કરાય છે જે ઉચિત નથી. રજોદર્શનના કુદરતે ગોઠવેલા સમય ચક્રમાં ગાબડાં પાળવામાં આવે તો દુઃખ આવે છે.

ટૂંકમાં જે નારીએ સુખી થવું હોય તેણે શાસ્ત્ર કથિત નિયમો-ડોકટરની સૂચનાનો અમલ રજોદર્શન સમયે કરવો જોઈએ તે પણ કોઈના દબાણ સિવાય.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. . .ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હૈયું ન હીસે રે;

# ઘર સત્સંગ સભા

આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊડું તે ઊડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતીયાં કહે છે માયા રે. તેને૦ ૪

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૯૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**કામ કરવા માંડો આગળનો માર્ગ મળી જશે.**

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૯૧) હરામનું ખાવું છે, ને બળ કરો છો ?

સ્વામિનારાયણ હરે..

વૈશાખ મહિનો આવ્યો, સખત તાપ તપે છે... ઘનશ્યામ મહારાજ કહે છે, ચાલો બાળ મિત્રો, આપણે બધા નારાયણ સરોવરમાં સ્નાન કરવા જઇએ. સખા તૈયાર થઇ ગયા... આનંદથી જળક્રીડા કરી... પછી થોડી વાર સંતાકુકડી રમ્યા. પછી ભુખ્યા થયા તેથી આંબાવાડીમાં ગયા... ત્યાં સરસ મઝાની આંબામાં કેશર કેરી પાકી ગઇ છે. ઘનશ્યામ મહારાજ ઝડપથી આંબાના વૃક્ષ ઉપર ચડી ગયા. બાળ સખા નીચે ઉભા છે. બાલ ઘનશ્યામ કેશર કેરી નીચે નાખે તે મિત્રો ભેગી કરીને ચોફાળમાં ઢગલો કરે.

એ વખતે બ્રાહ્મણોનું ટોળું આવ્યું. તેમાં રામદત્ત આગેવાન હતો. શરીરે તગડો ને ઊંચો હતો. તેણે કહ્યું, શું વિચાર કરો છો? કેરીનો તૈયાર માલ પડયો છે. ફાળીયાની ગાંઠડી બાંધી લો. ગાંઠડી ઉપાડવા જાય છે ત્યાં વેણીરામ બોલ્યા, આ કેરી અમારી છે. અમે આંબાના વૃક્ષ ઉપર ચડીને ઉતારી છે... ખૂબ મહેનત કરી છે. તમને જોઇતી હોય તો મહેનત કરી વૃક્ષમાંથી ઉતારી લ્યો. આ કેરી નહિ મળે! રામદત્ત ગુસ્સાથી આંખ કાઢીને બોલ્યો, નાનો છે ને બળ કરે છે ? બધી કેરી ઉપાડી જઇશું... તારાથી થાય તે કરી લે. એમ કહી વાંકો વળી કેરી ઉપાડવા જાય ત્યાં ઘનશ્યામે રામદત્તના ખભા ઉપરથી દોરી ને લોટો લઇ લીધો. આવું જોઇને વધારે ખીજ ચડી. ઘનશ્યામ મહારાજે કહ્યું, નાના જાણીને ડરાવો છો ? મહેનત કરવી નથી ને કેરી જોઇએ છે... બ્રાહ્મણ થઇને બાળકો સાથે અન્યાય કરો છો ? આવું સાંભળી રામદત્ત ક્રોધે ભર્યો. આંબાના વૃક્ષ ઉપર ચડયો. ઘનશ્યામ, વધુ પડતું

બોલે નહિ, નહિંતર આંબાના વૃક્ષ ઉપરથી પકડીને તને નીચે ફેંકી દઈશ... ધ્યાન રાખજે. માર્યા વગર નહિ મૂકું.

ઘનશ્યામ મહારાજ બોલ્યા, પકડતો ખરો... કેમ પકડે છે ? જ્યાં રામદત્ત પકડવા જાય ત્યાં બીજા આંબા ઉપર કુદી ગયા. બીજા બ્રાહ્મણો હતા તે બીજા આંબા ઉપર ચડયા, ત્યાં પ્રભુ ત્રીજા આંબા ઉપર કુદી ગયા. ખૂબ મહેનત કરે છે પણ પ્રભુ પકડાતા નથી... રામદત્ત બોલ્યો, અમને શા માટે હેરાન કરે છે ? વૃક્ષથી નીચે ઉતરવા જાય છે રામદત્ત. ત્યારે ઘનશ્યામ મહારાજે બાલ મિત્રોને કહ્યું, રામદત્તને નીચે ઉતરવા નથી દેવો... જોરદાર પથ્થરની જેમ કેરી ફેકો... કેમ ઉતરે છે જોઈએ.

તડાતડ ને ભડાભડ એવી કેરીઓ વાગે વાસામાં ને માથામાં ને પેટમાં. બ્રાહ્મણો બરાડા પાડે... ઘનશ્યામ... બચાવો... બચાવો... માર ખમાતો નથી. રડતાં રડતાં કહે છે, હવે બીજી વખત આવો અન્યાય નહિ કરીએ. અમને જીવતાં જાવા દો. ઘનશ્યામે કહ્યું, બાલ મિત્રો, લગાતાર કેરી ફેકતા જ રહો... ભલે રડે... સજા થવીજ જોઈએ. ઘનશ્યામ બોલ્યા, અમારા જેવા નાના બાળકો સાથે ઝગડો કરો છો ? હરામનું ખાવું છે ને બળ કરો છો ? એમ કહી વળી કેરી એવી ફેંકે... ધડ દઈને માથામાં વાગે.

રામદત્ત અને બ્રાહ્મણોને વિચાર થાય છે કે આ ઘનશ્યામ સાધારણ બાળક નથી. બહુ પ્રતાપી છે. બીજાથી આવું કામ થાય નહિ... રડતાં રડતાં પ્રાર્થના કરે છે રામદત્ત અને બ્રાહ્મણો...

અમારી ભૂલ થઈ છે. માફ કરો. હવે અમે ખોટો અહંકાર નહિ કરીએ. કોઈ અણહકનું નહિ લઈએ. મહેનત કરતાં જે મળશે તે લેશું. અમને ક્ષમા કરો. ઘનશ્યામ બોલ્યા, બાલ મિત્રો, કેરી ફેંકો છો તે બંધ કરો. દ્વિજ નીચે ઉતર્યા અને પ્રભુને પગે લાગી કહ્યું, ઘનશ્યામ, તમે દયાળુ છો... અમને સજા થવીજ જોઈએ. સજા થાય તો પાપ કરતા અટકાય ને સત્યને રસ્તે ચલાય. નમસ્કાર કરી બ્રાહ્મણો સૌ સૌને ઘેર ગયા.

કથા સાર એ છે કે **હરામનું ખાય છે તેના ઉપર ભગવાન ખીજાય છે,** ને મહેનત કરીને ખાય છે તેના ઉપર પ્રભુ રાજી થાય છે. હરામનું દ્રવ્ય હકના

**દરેક કામની સફળતામાં જરૂર ભગવાનનો આભાર માનો**

દ્રવ્યને પણ હરી જશે ને જમપુરીમાં કડક સજા થશે. માટે ચેતીને ચાલવું જોઈએ. ડરના હો તો પાપસે ડરીએ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૯૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

# ઘર સત્સંગ સભા

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૯૨) ક્ષમા છે તે સમર્થનું ભૂષણ છે.

સ્વામિનારાયણ હરે..

આપણા સંપ્રદાયનો પ્રસિદ્ધ પ્રસંગ છે આણંદનો, આણંદમાં જેટલા માણસો રહેતા હતા તેમને બધાંને સ્વામિનારાયણ ભગવાન સાથે અને સ્વામિનારાયણના સંતો સાથે વેર. એક વખત કાઠી દરબારો સાથે પ્રભુ આણંદ વચ્ચેથી પસાર થયા, પહેલેથી પ્રભુએ કહ્યું કે, હે સંતો ! પાર્ષદો ! આ ગામની પ્રજા અજ્ઞાની છે, ઉધ્ધત છે, પથ્થરો મારશે, કોઈ ગારો ફેંકશે, કોઈ ગાળો બોલશે, પણ તમારે કોઈને કાંઈ પણ બોલવાનું નથી, હું એક કડક આજ્ઞા કરું છું, કે તમારે બધાએ પછેડીના ઘૂંઘટા કાઢવાના છે.

ત્યારે ભક્તજનોએ કહ્યું કે – હે પ્રભુ ! અમે શું બૈરાં છીએ કે લાજ કાઢીએ ? અમે તો શૂરવીર ક્ષત્રિય છીએ, પથ્થરોના માર અમે સહન નહિ કરીએ. એને પૂરા કરી દેશું, જીવતા નહિ રહેવા દઈએ, શ્રીજીમહારાજે કહ્યું – હે ભક્તજનો ! હું કહું તેમ તમારે કરવું પડશે, એમાં મારો રાજીપો રહેશે.

ભગવાનની આજ્ઞાથી બધાય ભક્તજનોએ ઘૂંઘટા કાઢ્યા અને પોતપોતાના ઘોડા ઉપર સવાર થયા, કોઈક પગપાળા ચાલે છે. ગામ વચ્ચે આવ્યા ત્યાં અજ્ઞાનીઓનું ટોળું ધસી આવ્યું અને ફાવે તેમ મંડ્યું પથ્થરો ફેંકવા, કોઈ ગારો ને કીચડ ઉડાડે.

જોબનપગી કહે છે – મહારાજ ! હવે હદ થાય છે. અમારી નજર સામે અમારા ઈષ્ટદેવને હેરાન કરે, પથ્થરા મારે, કાદવ ફેંકે, મને રજા દો, હમણાં આણંદને ભાંગીને ભૂકો કરી નાખું, મેં ત્રણ વાર આ ગામને ધોળે દહાડે લૂંટ્યું છે,

**સદા સર્વ પ્રતિ સદ્‌ભાવ કેળવો.**

કોઈને જીવતા ન રાખું, હમણાં હતા ન હતા કરી નાખું, હાથમાં તીર કામઠાં લઈને દોટ મૂકી.

ત્યારે શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, સ્વામી ! દોડો, જો ખેલ ખેલશે તો આજે આણંદમાં અનેકનો ઘાણ વારી નાખશે, લડાઈ થશે અને લોહીની નદીઓ વહેશે. બ્રહ્માનંદ સ્વામીએ દોડીને જોબનપગીનો હાથ ઝાલી લીધો, જોબન શ્રીજીનાં વચનને યાદ કરીને પાછો વળી જા નહિતર જુલમ થશે.

ત્યારે જોબને કહ્યું – આજે એક એકનાં માથાં ઝાલી ભટકાવીને પૂરા કરીશ, જીવતાં ન મૂકું, ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, જોબન ! શ્રીજીમહારાજે પહેલેથી જ કહ્યું છે, સહન કરજો, પણ ઝઘડા ન કરશો, સમજી જા જોબન સમજી જા.

માંડ માંડ સમજાવ્યા, વળી આગળ વધ્યા ત્યાં, દુષ્ટોએ શ્રીજીમહારાજ ઉપર કાદવ ફેંક્યો, જોબને કહ્યું, હે પ્રભુ ! લડવા ન દો તો કાંઈ નહિ, પણ ઘૂંઘટો ઊંચો કરવા દો, એ બધાને ખબર પડશે કે આ વડતાલો જોબન લૂંટારો છે, તો પણ ડરીને ભાગી જશે, લાજ ઊંચી કરી મારું મોઢું દેખાડવા દો, પછી ખબર પડે કે પથ્થરો કેમ ફેંકાય છે. જોબનપગી લાલ પીળા થઈ ગયા, ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, ઘૂંઘટો ઊંચો નથી કરવો અને લડાઈ પણ નથી કરવી, આવી રીતે દ્વેષીલાઓ કાદવ, કીચડ અને પથ્થરા ફેંકતા રહ્યા અને શ્રીજીમહારાજ તથા સંતો બધા ગામ બહાર નીકળી ગયા.

કાદવ કીચડથી ખરડાયેલા બધા આગળ જતાં એક ઝાડ નીચે બેઠા, ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, ''આજે આપણે ઈડરિયો ગઢ જીત્યા, ક્રોધ જીતાઈ ગયો. એ ઈડરિયો ગઢ કહેવાય. સામ સામા લડત તો શું થાત ? લોહીની નદીયું વહેત, અને વેર ઝેર વધત પણ ઘટત નહિ અને અનેકની હત્યાનું પાપ લાગત.''

**''સમય ઉપર જો ક્રોધ જીતાઇ જાય તો એ જગ જીતી જાય, પણ અણી ઉપર ક્ષમા રાખવી બહુ મુશ્કેલ છે. ક્ષમા રાખે તે સુખી થાય.''**

શ્રીજીમહારાજે કહ્યું, હે ભક્તજનો ! આપણે આ જગતમાં જીવનો ઉધ્ધાર કરવા આવ્યા છીએ પણ ઉત્પાત કરવા આવ્યા નથી. ક્ષમા એ ખડગ છે. ક્ષમા જેવી કોઈ ધીરજ નથી. માટે હે ભક્તજનો ! હર હમેશાં ક્ષમા રાખતાં શીખજો.

# ઘર સત્સંગ સભા

જેણે જેણે દ્રોહ કર્યાં છે, તે અસુરભાવને પામી ગયા છે, અને જેણે ક્ષમા રાખી છે તે અમર બની ગયા છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૯૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**સુખ અને દુખ સદાય આપણી સાથે છે,
તેમાંથી આપને શુ લેવું છે ?**

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૯૩) ઇશ્વર સંસાર સાગરના તારક છે.

સ્વામિનારાયણ હરે..

પ્રભુ શરણે આવેલાને જન્મ મરણરૂપી સંસૃતિથી છોડાવનારા છે. ભગવાનને અવતાર લેવાનો મુખ્ય હેતુ શું છે ? આ સંસારનાં તમામ જીવ પ્રાણી-માત્ર ત્રિવિધ તાપમાં તપી રહ્યાં છે, ડૂબકાં ખાય છે તેના ઉદ્ધાર માટે અને પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂરા કરવા પ્રભુ પધારે છે. એજ અવતાર લેવાનું પ્રયોજન છે.

ચૂલા ઉપર તપેલાંમાં ખીચડી ચડતી હોય ત્યારે પાણીમાં અનાજના દાણા જેમ ખદબદ્યા કરે, તેમ સંસારમાં રહેલા માયાના જીવો કામ, ક્રોધ, લોભ, મોહ, માયા વગેરે દોષોથી ખદબદ્યા કરે છે, સંસૃતિમાં અટવાયા કરે છે. ત્રિવિધ તાપથી પ્રભુ છોડાવવા આવ્યા છે, ભવસાગરમાં અથડાતા જીવને તારવા આવ્યા છે.

ભગવાનને શરણે જે જીવ આવે તેને પ્રભુ સંસૃતિથી મુક્ત કરે છે. શ્રીહરિને શરણે કોણ આવે ? જે સંસારથી ઉદાસ થઈ જાય તે, જેને પંચવિષયનાં સુખ તુચ્છ થઈ જાય, તે શ્રીહરિને શરણે આવે.

**“જેને ભોગ વહાલા લાગે એને ભગવાન વહાલા ન લાગે.”**

આ જગતની અંદર માણસો વિષયો અને વાસનાની પાછળ જિંદગી ખલાસ કરી નાખે છે. ઈશ્વર સંસાર સાગરના તારક છે.

જે સતત સંસારમાં જ રચ્યા પચ્યા હોય, કુટુંબ પાછળ રચ્યા પચ્યા હોય, પૈસા માટે મૂઠી વાળીને દોડતા જ હોય, આવી માયામાં ખૂંચેલાની વાત નથી,

માયાથી બચાવવાવાળાની વાત છે. મા કુંતાજીએ શું કહ્યું ? હે ભગવાન ! મને ગમે તેટલું દુ:ખ પડશે તો પણ હું કોઈને શરણે નહિ જાઉં, તમારે જ શરણે આવીશ. કેવળ ભગવદાશ્રય જે થાય છે, જેને સંસારમાંથી વૈરાગ્ય થાય છે તેને ભગવાન જન્મ મરણરૂપી સંસૃતિથી છોડાવે છે.

ઘંટીના બે પડ હોય, ઉપરનું પડ ફરે તેમાં અનાજના દાણા નાખે ને ઘંટી ફેરવે, તેમાં બધા દાણા પીસાઈ જાય પણ જેટલા દાણા ખીલાની આજુ બાજુ ગોઠવાઈ જાય તે પીસાય નહિ, આ જગતની અંદર કાળમાયાનું ચક્ર સતત ફર્યા જ કરે છે, તેમાં જેટલા જીવાત્માઓ પ્રભુના ચરણરૂપી ખીલાની આજુબાજુ ગોઠવાઈ જશે, તે માયાના ચક્કરમાં આવતા નથી. જન્મ મરણરૂપી ચક્કરમાં ફરવાનું રહેતું નથી, માટે ભગવાનના ચરણરૂપી ખીલાને પકડી રાખો.

પરમાત્માના શરણ વિના કોઈ દેવતા પણ સંસૃતિથી તરી શકતા નથી, તો સામાન્ય જીવની ક્યાં વાત કરવી ! ભગવાનને આ પૃથ્વી ઉપર પધારવાનું એજ પ્રયોજન છે કે, ભવસાગરમાં ડૂબકાં ખાતા મનુષ્યોને તારવા. રામચંદ્ર ભગવાને વનમાં પ્રયાણ કર્યું, મંદાકિની નદી પાર કરવી છે. ખેવટે કહ્યું, પ્રભુ ! મારી નાવમાં બેસો, ત્યારે રામ, લક્ષ્મણ અને સીતાજી ત્રણે નાવમાં બેઠાં, વહાણ ચાલું થયું, પહેલે પાર પહોંચ્યું પણ ઊભું ન રાખ્યું, પાછું વાળી લીધું, એમ ત્રણ ચાર વાર નાવ હાંકી કિનારો આવે અને ખેવટ પાછી વાળી લે, કિનારે ઊભી રાખે નહીં, ત્યારે લક્ષ્મણજીએ કહ્યું, ખેવટ અમને પેલે કાંઠે ઉતારતો કેમ નથી ? અને પાણીમાં આંટા કેમ મારે છે ? ઉતારી દેને ! કેટલી વાર આમ આંટા ખવરાવશો ? કિનારો આવે છે છતાં અમને ઉતરવા શું કામ નથી દેતા ?

ત્યારે ખેવટે સરસ જવાબ આપ્યો, માફ કરજો મહારાજ ! તુમકો ચાર ચકર લગાયે, તબ તુમ થક ગયે, ઔર હમ ચોરાસી લાખ ચક્કર મારકે આ રહે, ફીરભી નહિ થકે. પ્રભુ ! સંસારના ચકરથી થાકી ગયેલો છું. આટલું કહ્યું ત્યાં ભગવાને એ ખેવટને સંસાર સાગરથી તારી દીધો.

જેને સંસારમાંથી વૈરાગ્ય થાય અને પ્રભુમાં પ્રીતિ થાય, તેને પ્રભુ ચોક્કસ તારે છે. પાત્ર કુપાત્ર કાંઈ જોતા નથી. મને ભજે તે મારો. ગીધરાજ જટાયુએ બીજું

**સફળતાને લક્ષમાં રાખી પ્રયત્ન કરો સફળતા જરૂર મળશે.**

કાંઈ નહોતું કર્યું પણ સીતાજીનો પક્ષ રાખ્યો તો ભગવાને તેને સંસૃતિથી છોડાવી દીધો. ગીધપક્ષીને મુક્તિ આપી દીધી.

જેતલપુરના જીવણ ભક્તે બીજું કાંઈ નહોતું કર્યું પણ ભાવથી મઠનો રોટલો જમાડ્યો, તો ભગવાન સ્વામિનારાયણે તેને મુક્તિ આપી દીધી. મુસલમાન બીબડીએ કેવળ દાતણ આપ્યું, તો તેને ભગવાને તારી દીધી. ભગવાન ભવસાગરના તારક છે, તારવા આવ્યા છે પણ આપણને તરવાની ગરજ હોવી જોઈએ.

સમજવા જેવી કથા છે. જે પાણી ડૂબાડે છે તે જ પાણી તારે છે. જે અગ્નિ દઝાડે છે તેજ અગ્નિ ઠંડી ઉડાડે છે. એનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ. માયાની ચિકાસ બહુ ચીકણી છે. પણ વચ્ચે જો...

**"ભગવાનના સ્નેહની ચીકાસ આવી જાય,**

**તો આપણને માયાની ચિકાસ નડે નહીં."**

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં અનાસક્તિનો બોધ વારંવાર આપણને આપ્યો છે. હજારો વાર કથાઓ કરીએ છીએ, અને સંતોના મુખથી કથા સાંભળીએ છીએ. પણ જો સંસારની આસક્તિ ન જાય તો કથા સાભળવાનું શું પ્રયોજન ? પચાસ, સાઠ વર્ષની ઉંમર થાય ને ત્યારે આપણો સમય, આપણી શક્તિ, આપણી સંપત્તિ, આપણી બુધ્ધિ સત્સંગની સેવામાં વાપરવી જોઈએ, નહિ કે પેટ ખાતર જ.

જિંદગીના છેલ્લા શ્વાસસુધી બળદની માફક ગાડું ખેંચ્યા કરવું, તે તો અજ્ઞાનીની બુધ્ધિ છે. એંસી નેવું વરસના થાય તો પણ મમતા મૂકે નહિ. એક બાપા એંસી વરસના છે, વાડીમાં બેઠા છે. સંતો વાડીએ સ્નાન કરવા ગયા. તેની પાસે બાપા આવ્યા. સંતો બોલ્યા, બાપા ! જય સ્વામિનારાયણ. બાપા કહે, જય સ્વામિનારાયણ. કેમ બાપા ! સુખી છોને ? સ્વામી શું સુખી ? અમારું મન જાણે. કેમ બાપા આવું બોલો છો ? સ્વામી હું બહુ દુઃખી છું, દીકરો બહુ ઉધ્ધત છે. એકનો એક છે, રમાડ્યો, ભણાવ્યો, ગણાવ્યો, પરણાવ્યો, ગરાસ આપ્યો, મિલ્કત આપી બધું કર્યું, પણ હવે મને જરાય બોલાવતો નથી. સ્વામી તમે કીર્તન ગાઓ છોને !

બાપા કહે સાવ સાચી વાત છે. સ્વામી પહેલાં મારો દીકરો મને બોલાવતો, પણ હવે પરણ્યા પછી બોલાવવાનું તો ઠીક પણ, હાથ ઉગામે છે, ને ક્યારેક મારી પણ લે છે. તેની વહુ છે તે ન બોલવાનું બોલે છે. સંસારમાં જરાય સુખ નથી સ્વામી ! આટલું બોલતાં બાપા રડી પડ્યા.

આ બધી વાત દીકરાએ સાંભળી, તે સ્વામી પાસે આવી પગે લાગ્યો. ''સ્વામી મારા બાપા ખોટી ફરિયાદ તમારી પાસે કરે છે. સ્વામી એમ તો હું દીકરો છું, સત્સંગી છું, કંઠી પહેરી છે, હું બધું સમજું છું, મેં કોઇ દિવસ મારા બાપા સામે હાથ ઉપાડ્યો નથી, બાપા ટક ટક કરે તેથી ખીજાઇ ગયો હોઇશ.''

સ્વામી કહે ''અરે ભાઈ ! બાપ એતો બાપ છે, તારે સહન કરવું જોઇએ, એતો ઘરડા છે, સમજવું જોઇએને ! લે પાણી, આજથી નિયમ લે. તારા બાપાને વધઘટ બોલવું નહિ. ''ભલે સ્વામી, તમે જેમ કહેશો તેમ કરીશ પણ મારા બાપાને પણ નિયમ આપો, કે મહેરબાની કરીને ઘરમાં ઓછા રહે અને મંદિરે માળા ફેરવે, સમયસર જમવા આવે, હું કપડાં આપીશ, દેવ દર્શન કરવા પૈસા આપીશ, બાપાને સમજાવો કે, ઘરમાં વધઘટ બોલે નહિ.''

સંતોએ બાપાને કહ્યું, બાપા ! જમવા ટાણું થાય ત્યારે ઘરે જમવા જવું, બાકી મંદિરમાં બેસીને ભજન કિર્તન કરવાં, ને કથા સાંભળવી, જે મળે તે જમી લેવું. આવું સાંભળી બાપા મંડ્યા માથું ખંજોડવા, મંદિરે સમય ગાળવો એ કેમ થશે, કેમકે, આખી જિંદગી વાડીમાંજ કાઢી છે. મંદિરે રહેવાની ટેવ હોય તો થાય ને ? બાપાને સંતની વાત મનાણી નહિ, મંદિરે જાય ખરા પાંચ મિનિટમાં પાછા વળી જાય. વિચાર કરો આવી રીતે સંસારમાં આસક્તિ પૂર્વક જીવન હોયતો સંસાર સાગર કેમ તરાય !

આપણા ધર્મગ્રંથો કહે છે, દીકરો લાયક થાય ત્યારે માતા પિતાએ પ્રવૃત્તિ છોડીને નિવૃત્તિ લઇને ભજન ભક્તિ કરવી. જીવન તો એટલું જ જીવેલું કહેવાય જે પુરુષોત્તમ નારાયણના સાનિધ્યમાં જીવાયું હોય, સત્યના રાહે જેટલું જીવન જીવાયું. એજ જીવન જીવ્યા કહેવાય.

૭૦-૮૦- વરસની જિંદગીમાં ક્યારેક માણસ અમુક સમય જ જીવેલો

**આનંદ વેચવાથી વધે છે.**

હોય છે, બાકીનું જીવન ભ્રાંતિમાં જ પસાર થઇ ગયું હોય છે. વૃદ્ધાવસ્થામાં જેમ બને તેમ મંદિરે વધારે રહો, ને ઘરમાં ઓછા રહો. આમે પણ વૃદ્ધ માવતર દીકરાને અને કુટુંબીઓને ઓછાં ગમતાં હોય છે. મંદિરો એટલા માટે જ ગામની વચ્ચોવચ્ચ બનાવ્યાં છે, ત્યાં જઇને શાંતિથી હરિ સ્મરણ કરવું. તો તે સહેજે સહેજે સંસાર સાગર તરી જાય છે. પ્રભુ સંસાર સાગરથી તારનારા છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૯૪

૧. જય સદ્ગુરુ સ્વામી,............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

# ઘર સત્સંગ સભા

૩. નવીનજીમૂતસમાનવર્ણ,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૯૪) સર્વ ક્રિયામાં ભગવાનની સ્મૃતિ રાખવી.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, હાલતાં ચાલતાં ખાતાં પિતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃતિ રાખવાનો અભ્યાસ કરવો તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃતિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃતિ રહેવા લાગે તેને તો કામકાજ કરતાં પણ રહે. અને જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃતિ ન રહે. તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃતિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તને કરવો.**(ગ. પ્ર. પ્ર. ૨૨ વચનામૃત)**

સિંહ સામે બકરી ઘાસ ખાઈ ન શકે. હરિ સ્મરણ ચાલુ રાખે તો પાપ ન થઈ શકે. અણુ પરમાણુમાં પરમાત્મા છે. ઘણા એમ કહે છે, તો મૂર્તિ શા માટે પૂજાય છે. મૂર્તિ અધિષ્ઠાન છે. મનને કેન્દ્રિત કરવા માટે મૂર્તિની જરૂર છે. પૂજા કરવાથી મનને એકાગ્ર થવાનો અભ્યાસ થાય છે, સ્નાન, વસ્ત્ર, આભૂષણ તિલક, પુષ્પના હાર અને આરતી આ બધું કરવાથી મન કેદ્રિત થાય છે. મન મૂર્તિમાં લગાવવું જ પડે નહિતર પૂજા ન થઈ શકે ! મૂર્તિ પૂજા એ સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ છે.

એક શેઠ બહુ લોભી હતા, પૈસા ઘણા. રહેવા માટે મહેલ મોટા પણ મન સાવ નાનું હતું, દરરોજ સત્સંગ કરવા આવે, સંતો કહે છે ભગવાને તમને ખૂબ ધન

**સલાહથી વધારે સહકાર આપો.**

આપ્યું છે તો કાંઈક દાન પૂણ્ય કરવા જોઈએ. શેઠ બોલ્યા, શું કરું ? એકપણ પૈસાનો ખર્ચન થાય તેવું હોય તો બતાવો ! સંતે કહ્યું, માનસી પૂજા કરવામાં એક ટકાનો ખર્ચ નથી. શેઠે કહ્યું. દીવો તો કરવો પડે ને ! નૈવેદ્ય ધરાવવું પડે તો એમાં પૈસાનો ખર્ચ થાય જ ને ! સંત બોલ્યા માનસી પૂજામાં બધું મનથી અર્પણ કરવાનું હોય. બેસો તમને શીખવાડું. નાહી ધોઈ પલાંઠી વાળીને ઉત્તર અથવા પૂર્વ દિશા સામે બેસીને મનથી ધારણા કરવાની કે મારી સામે ઠાકોરજી બેઠા છે મનથી સ્નાન કરાવવાનું પછી વસ્ત્ર અલંકાર ધરાવવાના, વાઘા પહેરાવવા. શેઠે કહ્યું, વાઘા બનાવવામાં ખર્ચ થાય ને ! સંતે કહ્યું મનથીજ પહેરાવવાના છે. કાંઈ ખર્ચ નથી. તમે ચિંતા ન કરો.. !

પુષ્પના હાર પહેરાવવાનાં તુલસી પત્ર અર્પણ કરવા પછી ભોજનના થાળ જમવા આપવાના. હાં આ રીત બરાબર છે. કાલથી જ આ બધું હું ચાલુ કરી દઈશ. દરરોજ માનસી પૂજા કરે. એમ કરતાં બાર મહિના થયા. ધીરે ધીરે શેઠનું મન એકાગ્ર થવા લાગ્યું હૃદયમાં આનંદ વધતો ગયો. તેથી વધારે સમય સુધી નિરાંતે માનસી પૂજા કરે.

એક દિવસ માનસી પૂજા કરતાં દૂધમાં ખાંડ વધારે પડી ગઈ. લોભી સ્વભાવ એટલે મનમાં થયું. ખાંડના ભાવ ચડતા જાય છે તેથી દૂધમાંથી ખાંડ કાઢવા ગયો. ભગવાન પ્રગટ થઈને લોભીનો હાથ પકડી લીધો. તમારું શું જાય છે. ભલે ખાંડ વધારે પડી. આંખ ઉઘાડી જોયું. તો તેજનાં કિરણો મધ્યે ભગવાન દૂધ પીવે છે. અહાહા. સાક્ષાત પરમાત્માએ એમને દર્શન આપ્યાં. પગે લાગી નમસ્કાર કરવા જાય ત્યાં પ્રભુ અદૃશ્ય થઈ ગયા. આજે મારી માનસી પૂજા સિદ્ધ થઈ. માનસી પૂજા કરવાથી લોભીનું મન એકાગ્ર થયું. જીવન ધન્ય બની ગયું.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

# ઘર સત્સંગ સભા

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૯૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૯૫) અતિ જમવું છે એ વિકૃતિ છે.

સ્વામિનારાયણ હરે..

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે... **સર્વેન્દ્રિયાણી જેયાનિ**

**ભુલને માફ કરવા કરતાં ભુલી જવું વધુ જરૂરી છે.**

**રસના તુ વિશેષતઃ ...** સર્વ ઈન્દ્રિયોને જીતવી પણ રસના ઈંદ્રિયને વિશેષ કરીને જીતવી.

**"જ્યારે ખાવાની વાત આવે ત્યારે ઘણું બધું ભૂલી જવાય છે. જ્ઞાનીનું જ્ઞાન ભુલાઇ જાય, ધ્યાનીનું ધ્યાન ભુલાઇ જાય, યોગીઓનો યોગ, ડાહ્યાપણાનું ડહાપણ ભુલાઇ જાય."**

ઓશીકામાં કપાસ ભરે તેમ દાબી દાબીને પેટ ભરે.

એક જાદવજી ભગત હતા. મિત્રોની સાથે એક દિવસ લગ્ન પ્રસંગમાં ગયા. બધા જમવા બેઠા જાતજાતની રસોઇ તીખી તળેલી ને વઘારેલી ખૂબ વાનગી, બધાની થાળીમાં પીરસાઇ ગઇ, ભરપેટ બંધ જમ્યા, જીભના સ્વાદથી ખૂબ જમ્યા, પછી પેટમાં મંડી અકળામણ થાવા, અતિ આહારને લીધે હોઠ સુકાવા લાગ્યા, હવે શું કરવું ? સગા સંબધી બધા ભેગા થઈ ગયા, ઓચિંતાનું આ શું થયું ? બાજુમાં બેઠેલા માણસ જોઇ ગયેલા તેણે કહ્યું, આ લાકો ખૂબ જમ્યા છે તેથી અકળાય છે. ભલા માણસ અનાજ બીજાનું હતું પણ પેટ તો બીજાનું નથી ને ? કાંઈક વિચાર રાખવો જોઈને, સ્વાદિયા માણસો જમવા બેસે ત્યારે એક પછી એક વસ્તુ માગ્યા જ કરશે. ચટણી લાવો, ભજીયાં લાવો, ઢોકરી લાવો બસ લાવો લાવો.... વિવેક રાખવો જોઇએ.

પશુ પક્ષી પણ વિવેક રાખે છે, જનાવર માંદા થાય તો તરત જ એનું ખાવાનું બંધ કરી દે છે, અને માણસ માંદો થાય તો પણ ડૉકટરને પુછે કે મારે શું ખાવાનું ? પણ એક બે દિવસ પેટને આરામ દવો. પશુ પક્ષી માટે ઈશ્વરે જે નિર્માણ કર્યું છે, ખાવાનું તે જ ખાશે, ઘાસ ખાતાં હોય તો એ પ્રાણી ઘાસ જ ખાશે, દારૂ કે માંસ ન ખાય, પણ માણસ એવું પ્રાણી છે કે - જેનાં અનેક પ્રકારના ખોરાક છે, છતાં મનુષ્ય અન્ન પણ ખાય ને માંસ પણ ખાય.

શાસ્ત્રો કહે છે. બે ભાગ અન્નથી ભરો, એક ભાગ પાણીથી ભરો. અને એક ભાગ ખાલી રાખો. વાયુની અવર જવર માટે.

- **અતિ જમવું એ વિકૃતિ**
- **પ્રમાણસર જમવું એ પ્રકૃતિ,**

# ઘર સત્સંગ સભા

**● ભગવાનને જમાડીને જમવું તે સંસ્કૃતિ.**

પછી જાદવજી ભગત તથા મિત્રોને દવાખાને તેડી ગયા. ડોકટર નવરો બેઠો દર્દીની વાટ જોતો હતો, દર્દીને જોઇને ખુશ થઇ ગયો, કે ઘરાક આવ્યો.

ડોક્ટરે પૂછ્યું, બોલો ભાઇ ! શું તકલીફ છે ? તકલીફ તો હાથે કરીને ઊભી કરી છે, આજે અમે લગ્ન પ્રસંગમાં ગયેલા ત્યાં વધારે પડતું જમાઇ ગયું છે. તેથી અકળામણ થાય છે, હવે કાંઇક દવા કરો, ડોકટરે તરત પડીકી દીધી, લ્યો આ દવા પાણી સાથે પી જાઓ, અકળામણ મટી જશે.

ઘરે આવી દવા પીધી ને અકળામણ વધી ગઇ. પાંચે મરવા પથારી પડ્યા, હવે શું કરવું ? દોડતા ગયા વૈદ્ય પાસે, વૈદ્યે તપાસ કરી તો ભૂલમાં ઝેરી દવાની પડીકી અપાઇ ગયેલી. ડોક્ટર મંડ્યો માથું ખંજવાડવા, એને તો પૈસાથી કામ, જાદવજી ભગત મંડ્યા હાથ પગ ઘસવા. ત્યાં અચાનક ભગવાન યાદ આવી ગયા, આખી જિંદગી જે કર્યું હોય તે યાદ આવે ને ?

હે નાથ ! હે નાથ ! ગાય, સ્વામિનારાયણ કરો સહાય.

પ્રભુ મદદમાં આવી ગયા, જાવદજી ભગત ! આટલું બધુ કાંઇ જમાતું હશે ? એમ કહી માથા ઉપર હેતાળ હાથ ફેરવ્યો, ભગત સાજા થઇ ગયા. ભગત આજે સહાય કરીએ છીએ પણ બીજી વખત આવું કરશો નહિ.

પછી જાદવજી ભગત સીધા દોર થઇ ગયા, નિયમ લઇ લીધો કે મારે સાદું અને ઓછું જમવું,

**"જેનું ભોજન સાદું તેનું ભજન તાજું,**

**જેનું ભોજન નિરસ તેનું ભજન સરસ."**

આહાર જો સાદો ને પવિત્ર હોય તો શરીરમાં સત્ત્વગુણ વધે છે, સહન શક્તિ પણ વધે છે, અને તેથી મન સ્થિર થાય છે.

ભોજન જમવું એ પાપ નથી, પણ ભોજનની સાથે તન્મય બની જવું અને ભોજન જમતી વખતે ભગવાનને ભૂલી જવા એ પાપ છે. ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જમે છે તો તેને ઉપવાસનું ફળ મળે છે. આ સાવ સહેલી વાત છે. જો ટેવ થઇ જાય તો જીવનું કામ થઇ જાય, જેવું જમે તેવા ગુણ તેમાં આવે છે.

**બેન્કના ખાતામાં આર્થિક બેલેન્સ છે, તેમ માનવ હૃદયમાં આપણી લાગણીનું બેલેન્સ છે તેને ખાલી થવા ન દેવું**

જેવો આહાર કરે તેવો ઓડકાર આવે. રસોઈ કરતાં કરતાં જો ક્રોધ કરે અને જમનારા સભ્યો તે ભોજન જમે તો ઘરમાં કુસંપ, કલેશ અને અશાંતિ પ્રસરી જાય, સંસ્કારી થાવું કે કુસંગી થાવું તે તમારા હાથમાં છે. ઘરની તમામ જવાબદારી સ્ત્રી ઉપર હોય છે. બાળક મોટું મા પાસે થાય, મા રાખે ધ્યાન તો સંતાન બને મહાન.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૯૬

૧. જય સદ્ગુરુ સ્વામી,..............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

# ઘર સત્સંગ સભા

૩. નવીનજીમૂતસમાનવર્ણ,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૯૬) દષ્ટિને નિયમમાં રાખો.

સ્વામિનારાયણ હરે..

ઇંદ્રિયો એટલી બળવાન છે, કે ભલભલા વિદ્વાનોને પણ ચલાયમાન કરી નાખે છે, વેદવ્યાસજી ભાગવતની રચના કરતા હતા, જે શ્લોક લખે તે પોતાના શિષ્ય જૈમીનીઋષિને તપાસવા માટે આપે. વાંચતાં વાંચતાં શ્લોક આવ્યો, વિદ્વાનોને પણ ઇંદ્રિયો વિચલિત કરી નાખે છે.

**બલવાનિન્દ્રિયો ગ્રામો વિદ્વાંસમપિ કર્ષતિ**

જૈમિનીને થયું, આ શ્લોક લખવામાં વ્યાસજીએ ભૂલ કરી છે, વ્યાસજીને વાત કરી વ્યાસજીએ કહ્યું. સમય આવશે ત્યારે બરાબર સમજાશે, મેં સમજી વિચારીને શ્લોક લખ્યો છે, છતાં પણ શંકા ગઇ નહિ.

એક દિવસ શિષ્યની પરીક્ષા લેવાનું વ્યાસજીએ નક્કી કર્યું, પોતે સ્ત્રીનું રૂપ લઇને આશ્રમ તરફ આવ્યા. તે વખતે જૈમિની સંધ્યા કરી સંધ્યાનું જળ આશ્રમ બહાર નાખવા આવ્યા. આ યુવાન સ્ત્રીને જોઇ. ઝરમર ઝરમર વરસાદ વરસે છે, ઠંડો મીઠો પવન વાય છે, આ યુવતિ ઝાડ નીચે વરસાદમાં ઊભી છે, વસ્ત્રો ભીંજાયેલા છે, તેથી શરીર દેખાય, રૂપ આંખમાં ચોટી ગયું, તરત તેની પાસે ગયા અને કહ્યું, બહેન એકલાં અહીં જંગલમાં કોની સાથે આવ્યાં છો ?

**અપેક્ષાથી ઓછુ આપવામાં આવે તે અસંતોષ,અપેક્ષા પ્રમાણે આપે તે સંતોષ,અપેક્ષાથી વિશેષ આપે તે પ્રસન્નતા.**

યુવતી કાંઇ બોલતી નથી, જૈમિનીએ કહ્યું અત્યારે રાત પડી ગઇ છે તો તમે આ ઝૂંપડીમાં આવો, ઝુપડી તમારી જ છે, આવો આશ્રમમાં વિશ્રામ કરો. સ્ત્રીએ કહ્યું અજાણ્યા પુરુષનો વિશ્વાસ કેમ કરાય, અરે હું સાધારણ માણસ નથી, મહા તપસ્વી જૈમિનીઋષિ છું, પૂર્વ મીમાંસાનો આચાર્ય છું, આજની રાત રહી જાવ, કાલે જ્યાં જવું હોય ત્યાં જાજો.

સ્ત્રી આશ્રમની અંદર આવી, જૈમિની તાકી તાકીને સ્ત્રીને જુવે છે, જૈમિની અને એમના શિષ્યો ઝૂંપડી બહાર સુતા છે, જૈમિનીને ઊંઘ આવતી નથી. દરરોજ ભગવાનનાં સ્વરૂપમાં તલ્લીન રહેનાર આજે સ્ત્રીના રૂપમાં તલ્લીન થઇ ગયા, હૃદયમાંથી કામાગ્નિ જાગી ઉઠ્યો, ગમે તેમ કરીને મને સ્ત્રીને મળવું જ છે, પણ શું થાય, સાથે પચાસ શિષ્યો છે, જોરથી રાડો પાડવા મંડ્યા કે, મને પેટમાં બહુ દુ:ખે છે, શિષ્યો બધા ભેળા થઇ ગયા, કોઇ માથું દાબે કોઇ પગ દાબે છતાં રાડો પાડતા બંધ થયા નહિ.

જૈમિનીને થયું, આમ ઇચ્છા પુરી નહિ થાય. તેથી શિષ્યોને કહ્યું, તમે પચાસે શિષ્યો જંગલમાંથી ઔષધિ લઇ આવો, ગુરૂની આજ્ઞાથી શિષ્યો જંગલમાં ગયા, પાછળથી જૈમિનીએ યુવતિને કહ્યું દરવાજો ખોલો, મારે અંદર કામ છે, યુવતિ કાંઇ બોલી નહિ, તમને ખબર છે ? યુવતિ કોણ હતી ? વ્યાસજી સ્ત્રીનું રૂપ લઇને આવ્યા છે, શિષ્યની પરીક્ષા લેવા.

સ્ત્રીએ દરવાજો ખોલ્યો નહિ, અને જવાબ પણ આપ્યો નહિ, હવે કામવાસના તીવ્ર બની, મન ઝલાતું નથી, તેથી ઝુંપડી ઉપર ચડીને ઘાસ આઘું કરી અંદર ગયા અને જ્યાં, સ્ત્રી સુતી છે, ત્યાં સ્ત્રીના ગાલ ઉપર હાથ ફેરવ્યો ત્યાં મોટી દાઢી હાથમાં આવી, અરે આ શું ? ત્યાં તો સ્ત્રી મટી વ્યાસજી ઊભા થયા, કેમ દીકરા કહેતો હતો કે આ શ્લોક બરાબર નથી.

વિદ્વાનને ઇંદ્રિયો વિચલિત કરી શકે તો તું શું વિદ્વાન નથી ? કેમ સ્ત્રી પાછળ ગાંડો થયો છે ? વિચાર કર હવે શ્લોક લખવો છે કે નહીં ? શું જવાબ આપવો ? જૈમીની શરમાઇ ગયા, ધરતી માર્ગ દે તો તેમાં સમાઇ જાઉં, ગુરુદેવને શું મોઢું બતાવીશ ? ભોંઠા પડી ગયા, રડતા રડતા ગુરુ વ્યાસજીના ચરણમાં પડી

માફી માગી, ગુરુદેવ ! મારી ભૂલ થઇ છે, માફ કરો, ત્યારે વ્યાસજીએ સરસ જવાબ આપ્યો.

બેટા જૈમીની ! ગાફેલ થાશો તો કામ છાતી પર ચઢી બેસશે, કામને કારણે મોટા મોટા જ્ઞાનીઓ ભૂલા પડ્યા છે, કામદેવે અનેકને ફજેત કર્યા છે, તો આપણા સાધારણ માણસની શું દશા ?

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૯૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**તમે જે કરી રહ્યા છો તે એટલું જોર સોરથી બોલી રહ્યું છે કે જે તમે કહી રહ્યા છો તે શોભળાતું નથી.**

૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૯૭) થાંભલાને બાથ ભીડીને રહેજો.

સ્વામિનારાયણ હરે..

પ્રભુ સર્જુદાસને રામાનંદ સ્વામીને મળવાની અંતરમાં તાણ થાય છે. ત્યાં માંગરોળથી આણંદજીભાઈ અને મયારામ ભટ્ટ ગામ લોજમાં આવ્યા. મુક્તાનંદ સ્વામી આદિક સંતોને પગે લાગીને બેઠા. પ્રભુના દર્શન કરીને દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. જોતા જ રહી ગયા. કેવું અલૌકિક સ્વરૂપ છે. કરૂણા ભર્યા નેત્રો અને દિવ્ય રમણીય મુખારવિંદ. આણંદજીભાઈ અને મયારામ ભટ્ટ પ્રભુને પગે લાગ્યા.

મયારામ ભટ્ટ કહે છે, સ્વામી! અમે ભુજનગર જવાના છીએ. કાંઈ સમાચાર કહેવાના હોય તો કહો. મુક્તાનંદ સ્વામી બોલ્યા, રામાનંદ સ્વામીને કહેજો, લોજમાં એક અલૌકિક દિવ્ય સ્વરૂપવાન બાલાયોગી આવ્યા છે. તમારા દર્શન કરવા માટે ઉતાવળા થાય છે. વિગેરે શુભ સમાચાર આપજો. આણંદજી ભાઈ અને મયારામ ભટ્ટ ભુજ નગરમાં આવ્યા. ગુરુ રામાનંદ સ્વામીને પગે લાગીને બધી વાત કહી સંભળાવી. વાત સાંભળી રામાનંદ સ્વામી રાજી થયા અને કહ્યું, નીલકંઠ વર્ણીને કહેજો, જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે.

થોડાક દિવસ ભુજ રોકાયા. પછી લોજમાં આવ્યા. વાત કરી કે, જગદ્‌ગુરુ

શ્રીરામાનંદ સ્વામીએ કહ્યું છે કે સત્સંગમાં રહેવાનો ખપ હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે. તે જ વખતે પ્રભુએ ઉઠીને આશ્રમમાં થાંભલો હતો તેને બાથ ભીડી. ત્યારે મયારામ ભટ્ટ બોલ્યા, ''બ્રહ્મચારીજી! થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્થંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવું.''

આવી વાત સાંભળી પ્રભુ થાંભલાને છોડી મુક્તાનંદ સ્વામીને પગે લાગ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ બાથમાં લઈને ભેટીને રાજીપો વ્યક્ત કર્યો.

આજ્ઞા પ્રમાણે વર્તવામાં જ આનંદ છે. આજ્ઞા લોપવામાં કોપ છે.

**ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવાથી આત્મામાં ભક્તિ કરવાનું બળ વધે છે.**

આજ્ઞા પ્રમાણે વર્તવાથી સદ્‌ગુણો તેના હૃદયમાં નિવાસ કરે છે. જે ભગવાનના વચન પ્રમાણે વર્તે છે તેના ઉપર ભગવાન સદાય રાજી રહે છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે,

**''અમે જેમ કહીએ છીએ તેમ નહિ કરો તો તમારે ને અમારે ઘણું છેટું થઇ જાશે. ભૂત કે બ્રહ્મરાક્ષસના દેહ આવશે અને હેરાન થાશો.''**

અને જો ભક્તિ કરી હશે તો તેનું ફળ ગમે ત્યારે ઉગી નીકળશે. આજ્ઞા પ્રમાણે રહેશો તો મુક્ત થઈને ભગવાનના ધામમાં જાશો.

પ્રભુ આખા દિવસમાં એક જ વખત બપોરે બાજરાનો રોટલો, મરચાં અને મીંઢી આવળ જમે.

**જેવું અન્ન મળે તેવું જમે, નિસ્વાદુ જમીને દિન નિર્ગમે ॥**

કમ ખાવાથી શરીર સ્વસ્થ રહે છે. ગમ ખાવાથી પરિવારમાં સંપ રહે છે. સ્વાદ જીતવા માટે સ્વામિનારાયણ ભગવાને રસકસ ન ખાવાનાં સંતોને નિયમ આપેલાં. ખારું, ખાટું, તીખું, ગળ્યું વિગેરે જમવું નહિ. સાદું ભોજન જમવું. નંદ સંતો ભિક્ષા લેવા જાય. જે કાંઈ મળે તે કપડામાં બાંધીને જળમાં બોળે. રસ જળદેવતાને આપી દે. પછી નિરસ ભોજન જમી ભજન કરે. આ કથા એ બતાવે છે કે સાદા ભોજનથી શરીર સારું રહે છે અને સાત્ત્વિક્તા આવે છે. ભગવાનના ભક્તને બહુ સ્વાદિયા ન થાવું. ટાણે જે મળે, દાળ, ભાત, રોટલી તે જમી લેવું. ક્યારેક શાક ન હોય તો છાશ ને રોટલી જમી લેવી. પેટનો ખાડો જ ભરવો છે ને! બહુ

**આપણે આપણા વર્તનથી જેસમસ્યાઓ ઉભી કરીએ છીએ તે વાતો કરવાથી શાંત થતી નથી.**

સ્વાદિયા થાવું નહિ. ક્યારેક રોટલાનો મેળ ન થાય તો ફળ જમી લેવાં પણ જમવા ટાણે (ડખો) ગુસ્સો કરવો નહિ. સંતોષ રાખવો. રસાસ્વાદ વાળા માણસો ખૂબ દુઃખી થાય છે.

એક દિવસ એક વૈરાગી બાવાજી લોજમાં આવ્યા. સંતોએ તેને સદાવ્રતમાંથી અન્ન આપ્યું. બાવાજી બોલ્યા, હમકો સીધું નહિ ચાહીએ. હમ તો સર્જુદાસ કે સાથ ભોજન સ્વીકારેંગે. બપોરનો સમય થયો. પ્રભુ જમવા બેઠા. બાજરાનો અડધો રોટલો ને લવિંગિયાં મરચાનો ગોળો. વૈરાગીએ કહ્યું, હમ કો ભોજન ખીલાવો. તુરંત બાજરાનો રોટલો ને મરચાનો ગોળો પીરસ્યો. બાવાજીએ જમવાનું શરૂ કર્યું. મરચાનો ગોળો લાડુ જાણીને મોઢામાં મૂક્યો કે તે જ ક્ષણે જીભ અને આંખ બળવા લાગી. સીસાટા કરે છે. બળતરાનો પાર નથી. આંખ અને નાકમાંથી પાણી ટપકે છે. હવે શું કરવું ? અકળાઇ ગયો. હમ મર જાયેંગે, મર જાયેંગે! બૂમો પાડે છે.

પ્રભુને દયા આવી તેથી કહ્યું, આ બાવાને જલદીથી ઘી પાઓ નહિંતર મરી જાશે. પછી ઘી પાયું ત્યારે ધીરે ધીરે શાંતિ થઈ. ભગવાનનો વાદ લેવાય નહિ. ભગવાન જેમ કરે તેમ આપણાથી કરાય નહિ. ભગવાને જેમ કહ્યું છે તેમ કરાય.

**મનમુખી દુઃખી થાય છે. હરિમુખી સુખી થાય છે.**

આત્માનું કલ્યાણ કરવું હોય તો સત્સંગનો ખપ રાખવો. ખપ વિના આ જગતમાં કોઈ કાર્ય સિધ્ધ થતું નથી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૯૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ...............................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૯૮) પાણીના ઘડાનું દષ્ટાંત.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ પછી વળી બીજે દિવસ અથવા ત્રીજે દિવસ તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહિ. કાં જે આગલા દિવસનું જળ આગલે

**ક્ષમા યાચતા શબ્દોમાં વિશ્વાસ જગાડવાની ખૂબ મોટી શક્તિ છે પણ એજપ્રકારની ઘટનાઓ વારંવાર કરવાથી સંબંધોમાં ઓટ આવી જાય છે.**

દિવસે સુકાય જાય અમે પાછલા દિવસનું પાછલે દિવસે સુકાય જાય. અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય. તેમ ખાતાં પીતાં હાલતાં ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃતિ રાખવી. પછી એવી રીતે ભગવાનમાં વૃતિ રાખતાં રાખતાં એવી દઢ સ્થિતિ થાય છે. (ગ. પ્ર. પ્ર. ૨૩ વચનામૃત)

હરિસ્મરણ પરમ પદની યાત્રા છે. શ્રીજીમહારાજે સંતોને કહ્યું તમે વિચરો દેશ વિદેશ. આપો સૌ જનને ઉપદેશ. બે સંતો ફરતા ફરતા ગામ ભાદરા આવ્યા. ત્યાં પરમ એકાંતિક ડોસાભાઈ ભક્ત રહેતા હતા. દેહથી કામ કાજ કરે અને અખંડ પ્રભુ સ્મરણ કરે, મસ્ત બની કીર્તન ગાય.

સંતો ગામમાં ભીક્ષા માગવા આવ્યા. ડોસાભાઈને ઘેર આવી બોલ્યા, નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ. ડોસાભાઈ તે વખતે જમતા હતા. તે બોલ્યા જય સ્વામિનારાયણ, પધારો. આપનાં પવિત્ર પગલાંથી અમારું ઘર તીર્થ રૂપ થયું છે. આસન આપી મીઠો આવકાર આપ્યો. પછી ઘી-ગોળ, લોટ, દાળ, શાકભાજી વિગેરે સીધું અર્પણ કર્યું. સંતો બેઠા પછી બોલ્યા. ભક્તરાજ ! તમે અમને પાકું સીધું આપ્યું ને તમે લૂખું કેમ જમો છો ? ઘી, ગોળ, શાક કે દહીં દૂધ કાંઈ નથી. ફક્ત બાજરાનો રોટલો ને છાશ દેખાય છે. ભક્તરાજે સરસ જવાબ આપ્યો. સ્વામીજી ! હું લૂખું નથી જમતો. કોળીએ કોળીએ ચાર પાંચ વખત સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલું છું.

ભગવાનને હૃદયમાં ધારીને જમું છું. મૌન રાખી ભગવદ સ્મરણ કરતાં કરતાં જમે છે તેને ઉપવાસનું ફળ મળે છે. લૂખું કોને કહેવાય ખબર છે ? સાટા પેંડા, બરફી, દૂધપાક, શીરો પુરી વિગેરે પાંચ પ્રકારનાં ભોજન જમતો હોય. પણ હરિ સ્મરણ વિના જમે છે તે લૂખું ખાય છે. આવું સાંભળી સંતો ખૂબ રાજી થયા. ધન્ય છે ડોસાભાઈની સમજણને આપણે સૌ આજથી નિયમ લઈએ ભોજન જમતાં હરિ સ્મરણ ચાલુ રાખશું. વચમાં કાંઈ બોલશું નહિ.

વચનામૃતમાં શ્રીહરિ કહે છે એકાંતિક ધર્મવાળા જે ભક્ત તે આ સમામાં સત્સંગમાં ઘણા છે અને જે ભગવાનના ભક્ત હોય, તેને ખાતાં, પીતાં, નાતાં ધો'તાં,

હાલતાં ચાલતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું અને ભગવાનની મૂર્તિ સામે જોઇ રહેવું. (ગ.પ્ર. ૨૧)

રાત દિવસ જેનું મન ભગવાનમાં રમતું હોય. ભજન, ભક્તિ, કથા કીર્તનમાં મસ્ત હોય તે અલૌકિક આનંદનો કેફ જુદો હોય છે. મોટાં ભાગ્ય હશે તે પુરુષોત્તમ નારાયણનું અખંડ સ્મરણ કરશે અને શ્રીહરિના ચરણ કમળમાં દાસના દાસ થઈને રહેશે.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૯૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**શ્રદ્ધા, ખપ, અને સમાગમ સત્સંગને દ્રઢ કરે છે, હઠ, માન, અને ઈર્ષા સત્સંગમાંથી પાડે છે.**

૩. નવીનજીમૂતસમાનવર્ણ,..................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ...............................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૯૯) ભગવા કપડાં પહેર્યા છે ને ધંધા કેવા કરો છો ?

સ્વામિનારાયણ હરે..

શ્રી નીલકંઠ વર્ણી ફરતા ફરતા સીરપુર નામના શહેરમાં આવ્યા. ત્યાંના રાજાનું નામ સિધ્ધવલ્લભ હતું. બહુ પવિત્ર અને ધાર્મિક રાજા હતા. પ્રભુનાં દર્શન થયાં ને મન ખેંચાઇ ગયું. બહુ તેજસ્વી યોગીરાજ છે. હાથ જોડી આગ્રહ કર્યો, તમે મારા રાજ્ય દરબારમાં પધારો. ત્યાં વિશાળ બગીચો હતો. ત્યાં અનેક ભેખધારી બાવાઓ રહેતા હતા. ત્યાં પ્રભુ રહ્યા. રાજાએ ગોપાળદાસને કહ્યું, તમે આ બાલાયોગીની સેવા કરજો ને એની સાથે રહેજો.

ભેખધારી બાવા શુદ્રદેવના ઉપાસક, અજ્ઞાની અને વ્યસનમાં ભરપૂર હતા. સર્પ જેવો ક્રોધી સ્વભાવ હતો. અનેકને જંત્રમંત્ર કરીને વશ કર્યા હતા. રાજાને સત્‌અસત્‌નો વિવેક ઓછો હતો. એમને બધા બાવા સરખા લાગે. તેથી તમામ ભેખધારીને પગે લાગે ને ખૂબ સન્માન પૂર્વક જમાડે. એમ માને કે આ ભેખધારી પરમ સિધ્ધ પુરુષો છે. ધીરજવાન છે.

હરિ ઇચ્છાથી ગાજવીજ સાથે મુશળધાર વરસાદ થયો. વીજળીના ચમકારા થવા લાગ્યા. જોરદાર પવન ફૂંકાયો. સખત ઠંડી પડે છે. વરસાદની ધારા સહન ન થવાથી ભેખધારી બાવા બધા ભાગી ગયા. ફક્ત નીલકંઠ વર્ણી તટસ્થ પણે ધ્યાનસ્થ

સ્થિતિમાં બેઠા છે. શરીર ઉપર ધૂળ ચડી ગઈ છે. રાજા જોવા આવ્યા તો કોઈ બાવા નથી. બધા ભાગી ગયા છે. એક નીલકંઠ વર્ણી શાંતિથી બેઠા છે.

હરિ ઈચ્છાથી એક વરસાદનું ઝાપટું આવ્યું. પ્રભુના શરીર ઉપરથી ધૂળ ધોવાઈ ગઈ. રાજાને નિશ્ચય થયો કે આ બાલાયોગી સાક્ષાત્ પરમેશ્વર છે. ધીરજવાન છે. રાજાને ગુણ ભાવ આવી ગયો તેથી પ્રભુની ખૂબ સેવા પૂજા કરે, સન્માન કરે, ઉપદેશ આપે પ્રભુ, તે રાજા ભાવથી સાંભળે. રાજાને પ્રભુ પ્રત્યે આત્મીય ભાવ થઈ ગયો. તેથી બાવાઓને મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. રાજા અમારી કાંઈ ગણત્રી કરતા નથી. અમારા કરતાં વિશેષ જોગીરાજ બટુકની સરભરા કરે છે.

આ બટુક બાલાયોગીને મારી નાખીએ તો લફ મટે. તેથી મલીન મંત્ર ઉચ્ચાર કરી અળદની મુઠ પ્રભુ ઉપર નાખી. પણ પ્રભુને કાંઈ થયું નહિ. જેમ બેઠા છે તેમ શાંતિથી બેઠા છે. પાપી બાવા નવાઈ પામી ગયા. અમે મુંઠ નાખીએ તો માણસ ચક્કર ખાઈને હેઠો પડી જાય તુરંત મરી જાય, અને આ બોલોયોગીને કાંઈ કેમ થતું નથી ? કાંઈ વાંધો નહિ. એના સેવકને મારી નાખીએ.

ગોપાળદાસ ઉપર અળદની મુઠ નાખી. ગોપાળદાસ ચક્કર ખાઈને પૃથ્વીપર પડી ગયો. મોઢામાં ફીણ આવી ગયું. મૂર્છિત થઈ ગયો. હવે શું કરવું? રાજાએ પાપી બાવાને કહ્યું, ગોપાળદાસને બેઠો કરો. નહિંતર મેળ નહિ પડે. બિચારા નિર્દોષ માણસ ઉપર આવું દુષ્ટકર્મ શા માટે કરો છો ? વગર વાંકે હેરાન કરો છો ? જલદી બેઠો કરો.'' પાપી બાવો વટથી બોલ્યો, તમે અમને ક્યાં માનપાન આપો છો?! પેલા બાલાયોગીની જ સરભરા કરો છો. પૂજા કરો છો. તો બાલાયોગીને કહો. એ બેઠો કરશે.

રાજાએ પ્રભુને કહ્યું, હે બાલાયોગી! ગોપાળદાસને જીવનદાન આપો. બેઠો કરો. આપ તો સમર્થ મૂર્તિ છો. પ્રભુએ ગોપાળદાસ પાસે આવી તેના કાનમાં ભગવાનના મંત્રનો ઉચ્ચાર કર્યો.

શ્રી કૃષ્ણઃ શરણં મમ, શ્રી કૃષ્ણઃ શરણં મમ...

મંત્ર સાંભળતાની સાથે ગોપાળદાસ બેઠો થઈ ગયો. પાપી બાવાઓ આશ્ચર્ય પામી ગયા. બાલ બ્રહ્મચારી ભારે પરાક્રમી લાગે છે. શેરનો સવા શેર મળી ગયો.

**આપણા સંપર્કમાં આવતા કોઈ પણ ને સત્સંગમાં જોડવા. તેના જીવમાં મહારાજઅને શાસ્ત્ર આપવાં**

પ્રભુએ વિચાર કર્યો કે પાપી બાવાને સજા કરવી પડશે નહિંતર અનેક માણસોને વગર મોતે મારી નાખશે. પ્રભુએ બાવા સામે નજર કરી તેથી ધડાક દઈને પડ્યો હેઠો. ખાડો ખોદે એ પડે. મોઢામાંથી ને નાકમાંથી લોહી વહે છે. હવે શું કરવું ? બરાડા પાડે છે. બચાવો, મને બચાવો.

બીજા ઘણા બધા બાવા હતા. તેમણે ઘણા ઉપાય કર્યા પણ નિષ્ફળ ગયા. કાંઈ ન થયું. બાવા બધા રડતા રડતા પ્રભુ પાસે આવ્યા. હે પ્રભુ! અમારી ભૂલ થઈ છે. તમે સાક્ષાત્ પરમેશ્વર છો. બાવાને બચાવો નહિંતર મરી જશે. પ્રભુ નીલકંઠ વર્ણીએ કહ્યું, આજથી નિયમ લ્યો કે અમે કોઈ ઉપર જંત્ર મંત્ર કરીને મૂઠ નહિ નાખીએ. કોઈને દુ:ખી નહિ કરીએ. તો બચાવ થશે નહિંતર વગર મોતે મરી જશે.ભગવાં કપડાં પહેર્યા છે ને ધંધા કેવા કરો છો ? બોલો, શું કરવું છે ?

બાવા બોલ્યા, અમે ખોટા કામ નહિ કરીએ. આજથી અમે તમારા શરણે છીએ. તમે જેમ કહેશો તેમ કરશું. પ્રભુએ તે પાપી બાવાના કાનમાં પ્રભુનામ મંત્ર ઉચ્ચાર કર્યો કે તુરંત બાવો બેઠો થયો ને વટ બધો ઉતરી ગયો. ભગવાને ભલભલાના વટ ઉતારી દીધા છે. પ્રભુના ચરણ પકડી લીધા. હે કૃપાસાગર! અમે ચાર ધામની યાત્રા કરી પણ તમારા જેવા સમર્થ યોગીરાજ ક્યાંય દીઠા નથી. અમારો જન્મ સફળ થયો. તમે સત્યમાર્ગ બતાવ્યો છે. આજથી અમે તમામ વ્યસનનો ત્યાગ કરીએ છીએ. સંસારનું બંધન છૂટે ને પ્રભુમાં પ્રેમ વધે એવું અમને જ્ઞાન આપો.

પ્રભુ કહે છે, કાયા કાચો કુંભ ધુળનો, ધુળ પલકમાં થાશેજી, પાપ કર્યા તે માથે લઈને, જીવ એકલો જાશેજી. જેમ આકાશમાં વાદળાં છવાઈ જાય અને થોડીવારમાં વીખરાઈ જાય તેમ આ સંસારનું ક્ષણિક સુખ નાશવંત છે. આકાશમાં વીજળી સ્થિર રહેતી નથી. તેમ જીવપ્રાણી માત્રનું જીવન સ્થિર રહેતું નથી. આ શરીર કાચી માટીના કુંભ જેવું છે. એ તો ધૂળ ભેળું ધૂળ થઈ જશે. જીવ સંગાથે કેવળ પાપ અને પુણ્ય સાથે જાય છે.

અંતે કોઈ સાથે આવતાં નથી માટે આ ક્ષણભંગુર શરીરથી હરિ ભજન કરી લેવું જોઈએ. વિગેરે ખૂબ ઉપદેશ આપ્યો છે. બાવાઓનું અંતરનું અજ્ઞાન દૂર થયું અને સાચી સમજણ આવી ગઈ. શ્રી હરિએ ભરાડીમાંથી ભક્ત બનાવ્યા છે.

# ઘર સત્સંગ સભા

દુર્જનમાંથી સજ્જન બનાવ્યા છે. વ્યસનીમાંથી નિર્વ્યસની બનાવી અનેક જીવાત્માને સદાચાર શીખવીને એમનું શ્રેય કર્યું છે. પ્રભુ સંસાર તારક છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૦૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**આ જગતમાં સૌથી ઉત્તમ અભૂષણ ચારિત્ર્ય છે**

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦૦ ) ઘરમાં લગ્ન પ્રસંગે શું ધ્યાન રાખવું ?

સ્વામિનારાયણ હરે..

વિશ્વની સર્વોચ્ચ ગણાતી ભારતીય સંસ્કૃતિ અને હિન્દુધર્મમાં ચાર વર્ણ અને ચાર આશ્રમ અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત. આ ચાર અશ્રમમાં ગૃહસ્થશ્રમનું મહત્ત્વ વધારે છે કારણ કે બાકીના ત્રણે આશ્રમનો આધાર, પોષક અને અસ્તિત્વ ગૃહસ્થાશ્રમને આભારી છે.

ભારતના બંધારણ મુજબ દીકરી અઢાર વરસની થાય કે દીકરો એકવીસ વરસનો થાય એટલે તેમને સારા પાત્ર શોધીને તેમના લગ્ન કરાવી આપવા તે મા-બાપની અને વડીલોની પ્રાથમિક પવિત્ર ફરજ છે.

લગ્ન કર્યા બાદ જ વ્યક્તિ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. અને તેણે ઘર, પરિવાર, સમાજ માટેની વિશિષ્ટ જવાબદારીઓનું વહન કરવું પડે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વમુખે ગૃહસ્થ-ગૃહસ્થાશ્રમની પ્રસંશા કરતાં ગઢડા પ્રથમ પ્રકરણના ચૌદમા વચનામૃતમાં જણાવ્યું છે કે, ગૃહસ્થ તો વાસનાવાળા ત્યાગી કરતાં ઘણો શ્રેષ્ઠ છે. જો ગૃહસ્થના ધર્મો સચવાય તો પણ ગૃહસ્થના ધર્મો ઘણા કઠણ છે. અનંત પ્રકારના સુખ-દુઃખ આવી પડે છે.

ઘર-પરિવાર એ સમાજ-જ્ઞાતિ-મંડળનું એક નાનું એકમ છે. તેને આદર્શ બનાવવા માટે ધર્મ-અધ્યાત્મના નીતિ-નિયમોનું પાલન ઘર આંગણેથી જ થવું જોઈએ.

ગૃહસ્થાશ્રમનું પ્રથમ ચરણ છે, લગ્ન બંધનથી બંધાવું તે. અધ્યાત્મ વિભૂતિ સંત પુનિત મહારાજે લગ્નની વ્યાખ્યા આમ કરી છે.

**“લગ્ન માત્ર બે શરીરની મૈત્રી નથી. એ આત્માની એકતા પણ છે. લગ્નના કોલ કરાર દ્વારા પતિ-પત્ની એક-બીજાના સુખ-દુઃખના સાથી બનવાનો સંકલ્પ કરે છે.”**

હિન્દુ ધર્મમાં માનવ જીવનમાં સોળ સંસ્કારનું મહત્ત્વ દર્શાવેલું છે. તેમાં “લગ્ન” ને પણ એક સંસ્કારનું બિરૂદ આપેલું છે

એમ કહે છે કે,

**“જેની ચા બગડી તેની સવાર બગડી,**
**જેની દાળ બગડી તેનો દિવસ બગડ્યો,**
**જેનું અથાણું બગડ્યું તેનું વર્ષ બગડ્યું,**
**પણ જેની બૈરી બગડી તેની તો,**
**આખી જીંદગી બગડી જાય છે.”**

માટે સુપાત્ર વર-કન્યા ના જ લગ્ન કરવાં જોઈએ. લગ્ન એ કાંઈ ઢીંગલા-ઢીંગલીના ખેલ નથી. માટે ગુણ, કર્મ, સ્વાભાવ અને શારીરિક તથા માનસિક દૃષ્ટિએ સમાનતા ધરાવતા હોય તેવા જોડાં ખોળીને જ લગ્ન કરવાં જોઈએ. બાકી મેળ વગરના લગ્નો દુઃખ દાયક હોય છે. તેનું જાણપણું રાખવું.

યાદ રાખો કે લગ્ન એ મન, વચન અને કર્મથી બંધાવાનો પવિત્ર અવસર છે. તેથી તે કલુષિત વાતાવરણ ઊભું કરે તે રીતે કરાય નહિ. માટે ક્ષણે ક્ષણે સાવધાની રાખવી જોઈએ.

**પહેલું સુખ તે જાતે નર્યા** તે ન્યાય આપણાં ઘેર જ્યારે લગ્ન હોય ત્યારે વર-કન્યાની તંદુરસ્તી તથા પરિવારના બધાં સભ્યોની તંદુરસ્તીનો ખ્યાલ રાખવો જોઈએ. મહિલાઓના માસિક ધર્મ બાબત ધ્યાન લઈને અડચણ દૂર કરવી.

લગ્ન આનંદમાં ઊંછાંછળા થઈને પ્રસંગને બગાડશો નહિ. લગ્ન પ્રસંગે ખાવા પીવામાં સાવધાની રાખવી, સંયમ રાખવો. જેથી પ્રસંગમાં માંદગીનું વિઘ્ન ઊંભું થાય નહિ. લગ્નમાં ભલે તમારી પસંદગી મુજબ બધી જ ખરીદી કરજો, પણ મા-બાપના ખર્ચ બાબતના બજેટનું ઊલ્લંઘન કરશો નહિ. લગ્ન અને રીસેપ્શન

**માનવીનું ચારિત્ર્ય એ શું બોલે છે એના પર નહિ પણ નિષ્ફળતા મળ્યા પછીના પ્રયત્નોમાં સમાયેલું છે.**

પ્રસંગે આવનાર સૌનું ઉમળકાભેર સ્વાગત કરવું.

લગ્ન પ્રસંગે કુળદેવી, કુળદેવતા, ગ્રામ્યદેવતા, આરાધ્યદેવતા અને ઈષ્ટદેવતા તથા આચાર્ય મહારાજશ્રી, ગુરુદેવ, સંતો, માતા-પિતાના આશીર્વાદ અચૂક મેળવવા. લગ્ન પ્રસંગે ગાયોને ઘાસ, પક્ષીને ચણ, દેવમંદિરે થાળ-રસોઇ, ગરીબોને યથાશક્તિ દાન આપવું જોઇએ.

મગજ પર બરફ રાખવો, ચિત્ત સ્વસ્થ રાખવું. સૌ સાથે વિનય પૂર્વક વર્તવું, જરૂર કરતાં વધારે નાણાં-દાગીના ઘરમાં ન રાખતાં બેંકમાં રાખવા. વળી ઘરમાં અજાણ્યા માણસોની અવર જવર વધારે રહેતી હોવાથી કેશ-દરદાગીના કબાટમાં રાખી તાળું મારવું. બધા જ કામની વહેંચણી કરવી, યાદ રાખો કે આજકાલ ઝડપથી ફેશન બદલાય છે તેથી કપડાં બહુ મોંઘા ન લેવા. શક્ય હોય તો આ મંગલ પ્રસંગે સંતો-ભક્તો, આચાર્યા મહારાજશ્રીને તેડાવવા જેથી આપણું માંગલિક પ્રસંગ મંગલમય નીવડે. કરવા જેવું આ રૂડું કામ છે.

લગ્નની તમામ તૈયારીઓ સમયસર કરવી તેની લેખિત નોંધ રાખવી પણ કોઇ બાબતમાં આળસ કરવી નહિ. લગ્ન પ્રસંગે જ્ઞાતિરિવાજ, ધાર્મિક-સાંસ્કૃતિક પરંપરાઓને તોડવાનો પ્રયાસ કરવો નહિ. લગ્ન કરતાં પહેલાં અને પછી શ્રીજી મહારાજના આશીર્વાદ લેવા વરઘોડિયાએ મંદિરે અચૂક જવું જોઇએ. લગ્ન અંગેની તમામ ધાર્મિક વિધિઓના નિષ્ણાંત ભુદેવને જ ગોર મહારાજના સ્થાને બેસાડવા જોઇએ.

શુભલગ્ન કર્યા પછી લગ્નના સિધ્ધાંતો-આદર્શોને જીવનમાં ઉતારીને શ્રીહરિની કૃપાથી મળેલાં ગૃહસ્થાશ્રમને દીપાવવા માટે પ્રતિદિન દંપતિએ સાથે જ સવાર-સાંજ મંદિરે જવાનો સંકલ્પ કરવો જોઇએ.

અંતમાં એમ કહીએ કે, ''અંતરમાં અમી રાખજો, હરખે દેજો આવકાર, શામળિયો રહે સાથમાં બેડો કરશે પાર.''

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. ...ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હૈયું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊડું તે ઊડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતીયાં કહે છે માયા રે. તેને૦ ૪

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૦૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................

**ચારિત્ર્ય જ મનુષ્યની શ્રેષ્ઠ મૂડી છે.**

૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦૧) અંતરની શાંતિનો ઉપાય.

સ્વામિનારાયણ હરે..

એક મહાત્માજી ઘોડા ઉપર બેસીને બીજે ગામ જતા હતા, રસ્તામાં એક વટેમાર્ગુ મળ્યો, તેણે મહાત્માજીને કહ્યું, તમારો ઘોડો બહુ તેજસ્વી ને પાણીદાર છે. તો મને વેચાતો આપશો ? મારે લેવો છે, મહાત્માજીએ કહ્યું, વેચાતો શું મફત આપી દઉં. આ સામે પહાડ ઉપર ગામ દેખાય છે, ત્યાં પહોંચી જાઉં પછી તમને મફત આપી દઉં. મને તો ધારેલા મુકામ સુધી પહોંચવાનું કામ છે, પછી મારે ઘોડાની જરૂર નથી.

પણ એક શરત છે કે, જો તમને આ ઘોડો જોઈતો હોય તો હું સાંભળું એમ ભગવાનનું નામ નારાયણ.... નારાયણ..... નારાયણ..... એમ બોલતા બોલતા મારી સાથે ચાલો. માત્ર અઢી ગાઉ ગામ દૂર છે, ત્યાં સુધી સતત નારાયણ નારાયણ બોલતા બોલતા આવો તો પછી ઘોડો આપી દઉં, પણ વચમાં બીજું કાંઈ પણ બોલશો તો ઘોડો નહિ આપું.

વટેમાર્ગુ પાકો હતો, ઘોડો મફત મળતો હોય તો ભગવાનનું નામ લેવામાં શું વાંધો ? ભલે શરત કબુલ છે. મહાત્માજી અને વટેમાર્ગુ ઘોડાની સાથે પગપાળા ચાલતા થયા, વટેમાર્ગુ નારાયણ નારાયણ જપ કરતો ચાલે છે, એક ગાઉ સુધી

સતત ભગવાનનું નામ લેતો જાય છે, ત્યાં અચાનક મનમાં વિચાર થયો. સાધુ છેતો ભલા. નહિતર કાંઇ મફત ઘોડો આપે ખરા ?

હું ઘોડાને બાંધીશ ક્યાં ? ઘોડો જોરદાર છે છોકરાંઓને લાત મારશે તો ! ઘોડાને ઘાસ, ચાર, જોગાણ જોઇશે તે હું દરરોજ ક્યાંથી લાવીશ ? જીભથી ભગવાનનું નામ લે છે ને મન આડા અવળા વિચાર કરે છે. ત્યાં ઓચિંતાનું ભગવાનના નામને બદલે બીજું બોલાઇ ગયું, મહાત્માજી ઘોડાને હું ક્યાં બાંધીશ ને ખાવા માટે શું આપીશ, હું ભિક્ષા માગીને ગુજરાન કરું છું.

મહાત્માજીએ કહ્યું, તું શરતમાં હારી ગયો, માટે હવે તને ઘોડો નહિ મળે. વટેમાર્ગુ નિરાશ થઇ ગયો. મેં ભારે ભૂલ કરી ભગવાનનું નામ લેવાને બદલે બીજું બોલાઇ ગયું. આવીજ રીતે આપણે પણ મનને રોકી શકતા નથી. તેથી અમૂલ્ય લાભ ખોઇ બેસીએ છીએ.

મહાત્માજી વટેમાર્ગુને ફક્ત એક ઘોડો જ આપવાના હતા, પણ પરમાત્મા કહે છે, જો મારા સ્મરણમાં તન્મય થાશો તો હું તમને અંતરની શાંતિ આપીશ. સાચું જ્ઞાન આપીશ. અખૂટ સમૃધ્ધિ આપીશ અને અંતે મારા અક્ષરધામનું મહા સુખ આપીશ. જો સાચું મહાસુખ જોઇતું હોય તો જેમ બને તેમ વિષયોમાંથી મનને ખેંચી ને પ્રભુમાં એકાગ્ર કરવાની કોશિશ કરો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**ચારિત્ર્ય શુદ્ધિ જ સમગ્ર જ્ઞાનપ્રાપ્તિનું ધ્યેય હોવું જોઈએ.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૦૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૦૨) માયા ગાફલને મારે છે ને જગતમાં ફસાવે છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, સાચા ભાવે ભક્તિ કરે છે તેને જગતના વૈભવો લલચાવી શક્તા નથી. જેને ભગવાનના મહાત્મય જ્ઞાનની ખટાશ ચડી હોય તેને પોતાની દશ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણરૂપી દાઢ અંબાઈ જાય છે. પછી તે વિષયરૂપી ચણા ચાવવા સમર્થ થતા નથી. જગતના કોઈ પણ વૈભવો તેમને લોભાવી શક્તા નથી. **(ગ. પ્ર. પ્ર. ૨૪ વચનામૃત)**

આ જગતમાં માણસને માયા બહુ વહાલી લાગે છે. મરે ત્યાં સુધી માયા મૂકતા નથી ને પરમેશ્વરમાં ચોટતા નથી. દેવાનંદ સ્વામીના સમાગમથી એક રજપૂતને ચટકી લાગી મારે હવે ઘરમાં રહેવું નથી. જંગલમાં જઈ તપ કરવું છે. સ્વામીજી હું તમારી સાથે ચાલીશ. મને સાધુ થાવું છે. સ્વામીએ કહયું - તમારે ઘરેથી રજા લઈ આવો. ઘરે ગયો. પત્નીને વાત કરી મારે સાધુ થવું છે. પત્નીએ કહયું - બહુ સારું, રોટલો તૈયાર છે. લેતા જાવ. રોટલો ઝોળીમાં નાખી ચાલતો થયો.

ગામના ઝાંપે આવ્યો ત્યાં વિચાર આવ્યો હું જાઉં છું પણ મારા નાના ઘોડાનું શું થશે? કોઈકના ખેતરમાં જશે તો કોઈક મારશે. તો મરી જશે. માટે ઘોડાને સાથે લેતો જાઉ. પાછો ઘરે આવ્યો. ઘરવાળી બોલી, કેમ પાછા આવ્યા? ઘોડો તમારાથી સંચવાશે નહિ. તેને લેવા આવ્યો છું. પત્નીએ કહયું - લઈ જાવ લપ મટે.

ઘોડો લઈ ચાલ્યો જાય છે. આગળ ગયો, જંગલમાં ઘાસ જોયું, વળ્યો પાછો. આવ્યો ઘરે. પત્નીએ પૂછયું, - કેમ પાછા આવ્યા. તને કહેવા આવ્યો છું જંગલમાં ઘાસ મોટું છે તે લઈ આવજે. ગાયને ચાર્ય નીરવા થશે. પત્નીએ કહ્યું ઘરમાં વાસના શું કામ રાખો છો ? અમે અમારું ઉકેલી લેશું. તમે સાધુ ભેગા જાવ. વળી ચાલતો થયો. એક કીલોમીટર ગયો ને વિચાર થયો. દીકરાની ભલામણ દેતાં ભૂલી ગયો છું પાછો આવ્યો.

પત્નીએ પૂછયું, કેમ આંટા મારો છો ? દીકરાને સાચવજે દૂધ પાજે. દુઃખી ન કરજે. ભલામણ દેવા આવ્યો છું. પત્ની બોલ્યાં, મારા પીટયા...તારાથી સાધુ ન થવાય. ઘોડામાંથી...ઘાસમાંથી...પુત્ર પરિવારમાંથી આસકિત ગઈ નથી. ચટકિયો વૈરાગ્ય પાર ઉતારે નહિ. જ્ઞાન યુકત વૈરાગ્ય પાર ઉતારે છે. આ જીવ તુચ્છ વિષયમાં બંધાઈને પ્રભુ ભજવાનું ભૂલી જાય છ. અને મોક્ષનું સાધન કરતો નથી.

**"જે ખોટું છે તેમાં આપણે વળગી રહયા છીએ, અને જે સાચું છે તેને સમજતા નથી. આ મોટી તકલીફ છે."**

શાહુકાર માણસે કદાચ ખોટા નકલી દાગીનાં પહેર્યાં હોય તો સમાન્ય માણસોને એ ઘરેણાં સાચા જ છે એમ લાગે. સાચા ઝવેરી તેને પારખી શકે. દાગીનો

**ચારિત્ર્ય વગરનું જીવન સુગંધ વગરની અગરબત્તી જેવું છે.**

સાચો છે કે ખોટો. ઝવેરી જેવા સંતો જ આ સંસાર ખોટો છે અસત્ય છે એવું સમજી શકે છે, બાકી સાધારણ માનવી તો સંસારમાં રસબસ થઈ જાય છે. સંસાર સાચોને મીઠો મધુરો લાગે છે. જગતમાં તે ગૂંચવાઈ જાય છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૦૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

# ઘર સત્સંગ સભા

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦૩) બાપ દીકરા જેવો સંબંધ ભગવાનની સાથે થવો જોઇએ.

સ્વામિનારાયણ હરે..

એક ગૃહસ્થને પોતાના દીકરામાં બહુ હેત, દીકરો ફક્ત ત્રણ વરસનો હતો. બપોરના બાર વાગ્યે દીકરાને મંદિરમાં લઈને આવ્યા, ત્યારે સંતે પૂછ્યું કેમ આજે અત્યારે મંદિરે આવ્યા ? ત્યારે જવાબ આપ્યો, સ્વામીજી આજે બાબાએ હઠ લીધી કે અત્યારે મંદિરે ચાલો, એટલે આવ્યો છું.

ત્રણ વરસનો બાબો હઠ લે તો મોટો બાપો તેને ઊંચકીને મંદિરે લાવે, આ હેતની વાત છે. રસ્તે ચાલતું કોઈ અજાણ્યું છોકરું કહે મને મંદિરે લઈ જાવ તો કોઈ લાવે ? કારણ કે એમાં પોતાપણાનું હેત નથી. એવી રીતે ભગવાન પોતાના ભક્ત ઉપર હેત રાખે છે, ભક્ત કહે તેમ ભગવાન કરે, અને ભગવાન કહે તેમ ભક્ત કરે. બાપ દીકરા જેવો સંબંધ ભગવાનથી થાય તો જીવનું કલ્યાણ થઈ જાય. આ મુદાની વાત છે.

દાસનાં દુઃખ ટાળવા પ્રભુ જરાય આળસ કરતા નથી, એક ક્ષણ પણ ખમી શકતા નથી, પોતાના ભક્તનું ખૂબ જતન કરે છે. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે,

**"અમારા સંતને દુઃખી કરે ત્યારે અમને એમ થાય કે એના હાથને કાપી નાખીએ. કોઇ પાપી માણસ આંખ કાઢીને ગરીબને દુઃભાવે ત્યારે અમને એમ થાય કે એની આંખને ફોડી નાખીએ, ત્યાં દયા નથી આવતી."**

દાસના દુઃખ ટાળવા, નથી રાખતા આળસ રજે, એને અર્થે અલબેલડા કરો છો જતન ઘણી, સદાય સહાય કરો છો સંતની. વચનામૃતમાં મહારાજ કહે

જેવી રીતે ઘડપણ રંગરૂપનો નાશ કરે છે,
તેમ અધર્મ લક્ષ્મીનો નાશ કરે છે,

છે, ભગવાનના ભક્તને ડરાવતો હોય ને તે પ્રભુનો ભક્ત હોય, તો પણ તેને અસુર જાણવો. પ્રભુને એમના ભક્ત બહુ વહાલા છે, પ્રાણથી પણ પ્યારા છે.

જગતના જીવને માયા બહુ વહાલી હોય, પ્રભુના ભક્તને ભગવાન બહુ વહાલા હોય. બેયના રસ્તા જુદા છે, બેય ના વિચારો જુદા છે. જેને જેની સાથે હેત હોય તેને તે બહુ યાદ આવે, તેની વૃત્તિ સતત તેમાં ચોંટેલી રહે છે. ખબર કેમ પડે કે મને ભગવાન બહુ વહાલા છે. તેના લક્ષણ એ છે કે પ્રભુ મિલનની ઈચ્છા થાય તો મૂર્તિ મૂકીને મન ક્યાંય ન જાય.

જેને ભગવાનને પામવાની ઈચ્છા હોય, ભક્તિ માર્ગમાં વધવું હોય,
તેને પ્રભુની પ્રાર્થના કરવાની ઘણી જરૂર છે.

**જેમ સૂર્ય ઉગવાથી અજવાળું થાય છે,**
**તેમ પ્રભુ પ્રાર્થના કરવાથી અંતરનું અજ્ઞાન ઘટતું જાય છે**

અને સત્ય જ્ઞાનનો ઉદય થાય છે. પ્રભુ ચરણમાં પ્રીત થાય તો ક્યાંય ફસાતું નથી, દૈહિક દુઃખથી દાઝતુ નથી.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૦૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦૪) સાચા સંતનો પ્રતાપ — સારણ ગાંઠ મટી ગઇ.

સ્વામિનારાયણ હરે..

ઝાલાવાડ પ્રદેશમાં ધાંગધ્રાની બાજુમાં બલદાણા ગામ છે. શ્રીજી મહારાજના વખતનો સત્સંગ. તેમાં એક જુઠા ભગત રહેતા હતા. પરમ એકાંતિક ભક્ત હતા. મનથી અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ મંત્ર બોલ્યા જ કરે. જ્ઞાતિએ બ્રાહ્મણ છે. ખેતી વાડીનો ધંધો કરે. સંતોષી જીવન હતું.

આ દુનિયાની અંદર સંતોષી જીવન વીતાવવું અતિ કઠણ છે. પુત્ર મળે તો પૌત્રની ઇચ્છા થાય. પૈસા મળે તો બંગલાની ઇચ્છા થાય એક પછી એક સુખ મળતા આવે છતાં નાશવંત સુખની તૃપ્તિ થતી નથી. આ જગતની અંદર માણસો

આપણે આપણા વિશે જે વિચારીએ છીએ તે નહિ, પરંતુ આપણે જે વારંવાર ઉચ્ચારીએ અને આચરીએ છીએ તે જ આપણું સાચું ચારિત્ર્ય છે.

મોહ માયામાં એટલા બધાં ડૂબ્યા છે ન પૂછો વાત! શાંતિ જોઈતી હોય તો ભગવાનનું ભજન કરો. જુઠા ભગત નિષ્કામી ભક્ત છે. જુઠાભાઇના પેટની અંદર સારણ ગાંઠ થયેલી હતી. ખૂબ દવા કરી. વૈધ્યને બતાવ્યું છતાં પણ મટતી નથી. ઝીણો ઝીણો દુઃખાવો ચાલુ છે. જ્યારે સંતો બલદાણા ગામમાં પધારે ત્યારે જુઠાભાઇને ઘેર ઉતારો રાખે. રસકસ, છાશ, પાણી, દૂધ વિગેરે તમામ સામગ્રી તૈયાર રાખે. સંતો ભોજન બનાવી, ભગવાનને જમાડીને જમે. પ્રસાદી જુઠાભાઇને પણ આપે.

સગાં સંબંધીમાં જેટલું હેત છે એટલું જ હેત સંતો ઉપર છે. સંતો જમ્યા પછી બીજે ગામ જવાનું થયું. મહાનુભાવાનંદ સ્વામી ચાર સંતોને લઈને આવ્યા છે. જુઠા ભગતને કહ્યું, અમારે બીજે ગામ જવું છે તો ગાડાની સગવડ કરી દો તો સારૂં. સખત તાપ તપ્યો છે. ચાલીને જવાય તેમ નથી. જુઠા ભગતે કહ્યું, સ્વામીજી! તડકામાં જવાનું રહેવા દો. ઠંડો પહોર થશે ત્યારે જઈશું. મહાનુભાવાનંદ સ્વામી બોલ્યા, પછી તમને વળતાં સાંજ પડી જાય. પછી તમે દિવસમાં જ પાછા પહોંચી આવો તો સારૂં. તમારા પેટમાં સારણ ગાંઠ છે. શરીરે સારૂં નથી. તો બીજાને મોકલશો તો ચાલશે. જુઠા ભગતે સરસ જવાબ આપ્યો, સ્વામીજી, આવો લાભ ક્યારે મળે ? જુઠા ભગત વાડીએ ગયા. બળદ ગાડું લઈ આવ્યા. ગાડામાં ગોદડું પાથર્યું. સંતોને કહ્યું, ગાડામાં બેસો. ચાર સંતો ગાડામાં બેઠા. ગાડું ચાલતું થયું. સંતો ભગવાનની વાતું કરે છે.

શ્રધ્ધા અને ભાવના તો જુઓ. બીમાર હોવા છતાં પોતે જવા તૈયાર થયા. એમ ન કહ્યું કે સ્વામી બીજાના ગાડામાં જાઓ. હું બીમાર છું. આવા ભક્ત ઝાઝા મળતા નથી. સંતો ઉપદેશ આપે છે અને જુઠા ભગત સાંભળે છે. ભગત, જીવની કમાણી કરી લેજો. આ સંસાર પંખીડાના મેળા જેવો છે. પંખીડાને પાંખ આવે તો ઉડી જાય. દીકરાના લગ્ન થાય તો જુદા થઈ જાય. માયામાં રચ્યા પચ્યા રહેશો તો વાસના રહેશે. ભગવાનનાં ભજન ભક્તિમાં રચ્યા પચ્યા રહેશો તો નિર્વાસનિક થશો. દેહદર્શી થવું નહિ. આત્મદર્શી થવું. દેહદર્શીને મલીન સંકલ્પ થયા કરે. આત્મદર્શીને ભગવાન ભજવાના પવિત્ર સંકલ્પ થાય. દેહદર્શીને આ લોકના સુખ મીઠા લાગે. આત્મદર્શીને આ લોકના સુખ કડવાં ઝેર જેવા લાગે.

# ઘર સત્સંગ સભા

જુઠા ભગત એક ચિત્તે વાત સાંભળે છે. બળદ ધીમા ધીમા ચાલે છે. ગાડુ ચલાવવામાં વૃત્તિ રહી નહિ. સાવધાની રહી નહિ. ઓચિંતું સસલું જંગલમાંથી નીકળ્યું. બળદના પગ વચ્ચેથી પસાર થયું. બળદ ભડક્યા. ગાડાથી દૂર થઇ ગયા. અને જુઠા ભગત ઓચિંતા ગાડાથી નીચે પડી ગયા. ગાડાનું પૈડું જુઠા ભગતના પેટ ઉપરથી ચાલ્યું ગયું. ગાડું ચલાવો, મોટર ગાડી ચલાવો તો ડ્રાઈવરે ધ્યાન રાખવું જોઇએ. ધ્યાન ન રાખો તો નુકશાન થાય છે. સંતોને કાંઇ થયું નહિ. જુઠા ભગત પડ્યા અને સંતો ગાડા ઉપરથી નીચે ઉતરી ગયા. જુઠા ભગત બેભાન થઇ ગયા છે. સંતોના હૃદયમાં દુઃખ થયું. અમને મુકવા આ બીચારા ભગત આવ્યા, એમની આ દશા થઇ ગઇ ? મહાનુભાવાનંદ સ્વામી આદિક સંતો જુઠા ભગતના પેટ ઉપર સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ કહીને જુઠા ભગતના પેટ ઉપર મીઠો હાથ ફેરવે છે. સાચા સંતોના હાથમાં શ્રીજી મહારાજનો હાથ છે. સંતો દિલગીર થઇ ગયા. હવે શું થશે ?

ભગવાનને પ્રાર્થના કરે છે, હે ભગવાન! હે દયાળુ! દયા કરો. જુઠા ભગતને બેઠા કરો. બે કલાક થયાં જુઠા ભગત બેઠા થઇ ગયા. સ્વામી રાજી થઇ ગયા. હે પ્રભુ! તમે અમારી અરજી સ્વીકારી. સંતોએ જુઠા ભગતને પાણી પાયું. જુઠા ભગત, તમે ધીરે ધીરે તમારા ઘરે જાઓ. અમે ચાલ્યા જઇશું. ગામ નજીક છે. જુઠા ભગત મંદ મંદ હસતા બોલ્યા, સ્વામીજી, મને કાંઇ થતું નથી. સારણ ગાંઠની પીડા હતી તે મટી ગઇ. પૈડું પેટ ઉપર ફરી ગયું તો ગાંઠ દબાઇ ગઇ. હવે સારૂં થઇ ગયું છે. મારી ચિંતા ન કરો. દવાથી મટ્યું નહિ પણ તમારા આશીર્વાદથી મટી ગયું.

સંતોનો પ્રતાપ તો જુઓ. દેહના રોગ તો મટી જાય પણ ભવસાગરના રોગ પણ ટળી જાય છે. આવા પ્રતાપશાળી મહાનુભાવાનંદ સ્વામી. ભગવાન જેવું કામ કરે છે. જુઠા ભગત બોલ્યા, સ્વામી, ગાડામાં બેસો. જુઠા ભગત જલ્દી ગાડામાં બેસી ગયા. ગાડું ચાલતું થયું અને જુઠા ભગત કીર્તન ગાતા જાય છે.

દુઃખ માત્ર ટળી ગયા. સંતોને બીજા ગામ મૂકીને જુઠા ભગત પાછા પોતાને ગામ આવ્યા. ગામના માણસો પુછે છે, જુઠા ભાઇ! તમને પેટમાં સારણ ગાંઠ હતી તે કેમ મટી ગઇ ? અમને દવા બતાવો. ત્યારે જુઠા ભગત ખુમારીથી બોલ્યા, મહાનુભાવાનંદ સ્વામી જેવા સંતો ગાડામાં બેઠા હોય, બળદ ભડકી જાય, આપણે

**ચારિત્ર્ય એક થોડો ડાઘ પડવાથી મનુષ્યની
તમામ કીર્તિ ઉપર કાળાશ છવાઈ જાય છે.**

નીચે પડી જઈએ, ગાડાનું પૈડું પેટ ઉપર ચાલ્યું જાય તો સારણ ગાંઠ મટી જાય. આ એની દવા છે. જુઠા ભગત પહેલાં થોડો ભાર પણ ઉંચકી શક્તા નહિ. હવે તો ગમે તેટલો ભાર ઉપડાવો તે ઉપાડી જાય છે. જેના ઉપર ભગવાનની અને સંતની કૃપા થાય છે તેના દુઃખ ચાલ્યા જાય છે. દાસ ભાવે રહે તે ગુરુમુખી કહેવાય. મનનું ગમતું કરે તેને મનમુખી કહેવાય. અજ્ઞાનીને ઊંધું સમજાય અને જ્ઞાનીને સવળું સમજાય છે.

સાચા ભક્તજનોને પંચવિષયમાં ક્યાંય પ્રીતિ હોતી નથી અને દૈહિક દુઃખથી હિંમત હારી જતા નથી. દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખે છે. પ્રભુનું સ્મરણ કરતાં કરતાં જમે છે. એક ક્ષણ પણ ભગવાનને ભૂલતા નથી. મીટ થકી નથી મૂકતા, સુંદર મૂર્તિ સગુણ, સૂતાં બેઠાં જાગતાં, ગાય છે પ્રભુનાં ગુણ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૧૦૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦૫) ભૂધરજી ભરવાડ બન્યા.

સ્વામિનારાયણ હરે..

લીંબલી ગામમાં મુળજી શેઠ રહેતા હતા. એમનું સમજણનું અંગ હતું. આખા ગામમાં સત્સંગ કરાવે. જંગલમાં જંગલી ઝાડ ઘણા હોય. જો એક બે વૃક્ષ ચંદનના હોય તો સમગ્ર જંગલમાં સુગંધ ફેલાઈ જાય તેમ સંતો ભક્તો જ્યાં હોય ત્યાં ભજન ભક્તિ અને વૈરાગ્યની સુગંધ ફેલાઈ જાય છે. સંતમાં હેત થાય તો જન્મ સુધરી જાય. જીવન પરિવર્તન થઇ જાય. મુળજી શેઠ લીંબલી ગામના અને સગરામ ભક્ત પણ લીંબલી ગામના. આ બે ભક્તને અરસ પરસ ખૂબ હેત. સગરામ ભક્ત કહે છે, મુળજી ભગત! ચાર મહિના થયા, આપણે શ્રીજી મહારાજના દર્શન કરવા ગયા નથી. ચાલોને દર્શન કરવા જઇએ. કથા કીર્તનનો લાભ લઇએ. વ્યવહારમાં કામ તો સદાય ચાલ્યા જ કરશે. નવરા થશું ત્યારે દર્શન કરવા જશું એ વાત શક્ય નથી. જીવનમાં કોઇના કામ પુરાં થયાં નથી અને થશે પણ

**ચારિત્ર્ય વિનાની ફક્ત બુદ્ધિ આપણને અધોગતિની ગર્તામાં ધકેલે છે.**

નહિ. બન્ને ભક્તો મનને મજબૂત કરી ભગવાનના દર્શન કરવા માટે ચાલતા થઈ ગયા. રસ્તામાં કીર્તન ગાતા જાય છે,

મુળજી શેઠ વણિક છે અને સગરામ ભક્ત દેવી પૂજક છે. લીંબલી અને ગઢપુર વચ્ચે મોટા મોટા ડુંગર આવે. હમણાંની જેમ હાઈવે રોડ નહોતા. રસ્તાની કાંઈ ખબર પડે નહિ. માર્ગ ભૂલાઈ ગયો. એક માણસે સમાચાર આપ્યા, શ્રીજી મહારાજ ગઢપુરમાં નથી. કારીયાણી છે. સૂર્ય અસ્ત થઈ ગયો. અંધારૂં થવા લાગ્યું. રસ્તો સુજતો નથી. ક્યાં જવું ? મુળજી શેઠ પાસે ઘણા પૈસા હતા. શ્રીમંત હતા એટલે ભગવાનના માટે ભેટ લીધી હતી. મુળજી શેઠ પાસે સંપત્તિ છે અને સગરામ ભક્ત પાસે સદ્‌ભાવના છે. સામેથી ચોર લૂંટારાની ટોળી આવી.

સ્વામિનારાયણ ભગવાને વિચાર કર્યો કે મારા ભક્ત મારે ભરોસે આવે છે. મારા દર્શન કરવા આવે છે. રસ્તામાં ચોરની ટોળી મળશે હેરાન કરશે. સંપત્તિ લૂંટી લેશે. દુઃખી કરશે. ભગવાને ભરવાડનું રૂપ ધારણ કર્યું. ભરવાડના જેવું ધોતીયું પહેર્યું. ચરણમાં જાડી મોજડી પહેરી. હાથમાં મોટી લાકડી. ભરવાડના રૂપમાં ભગવાન સામે આવ્યા અને બોલ્યા, રામ રામ! કેટલે સુધી જાઓ છો ? મુળજી શેઠ અને સગરામ ભક્ત રાજી રાજી થઈ ગયા. સથવારો સારો મળ્યો હો! ભગત બોલ્યા, રામ રામ! અમને સથવારો સારો મળ્યો. અમને એમ થાય છે કે તમને ભગવાને મોકલ્યા લાગે છે. ભગતને ખબર નથી કે આ તો સાક્ષાત ભગવાન આવ્યા છે.

મુળજી શેઠે પૃછા કરી, ભરવાડભાઈ! ક્યાં જાઓ છો ? કેટલે સુધી જશો ? ભરવાડ બોલ્યા, અમે તો જંગલમાં વસનારા. ગાયો ચારવા જઈએ છીએ. તમે કેટલે સુધી જાઓ છો ? સગરામ ભગતે કહ્યું, અમે કારીયાણી જઈએ છીએ. ભગવાન સ્વામિનારાયણના દર્શન કરવા. ભરવાડના રૂપમાં ભગવાન બોલ્યા, આ કારીયાણીનો રસ્તો નથી. આ તો ડુંગરનો વિસ્તાર છે. તમને રસ્તો બતાવીશ ત્યારે મળશે નહિંતર તમે ભૂલા પડી જશો. તમારી સાથે આવું છું. લાકડી પછાડતા પછાડતા ભગવાન ચાલતા થયા. ભગવાનની ચાલ ઉતાવળી છે. મુળજી શેઠ અને સગરામ ભગત પાછળ રહી ગયા.

# ઘર સત્સંગ સભા

ભરવાડે કહ્યું, કેમ પાછળ રહી જાઓ છો ? મુળજી શેઠે બોલ્યા, પગમાં કાંટો વાગી ગયો છે. બહુ ખૂંચે છે. ચાલી શકાતું નથી. ભરવાડે કહ્યું, લાવો લાવો કાંટો કાઢી દઉં. કાંટો કાઢવાનો ચીપિયો સાથે જ રાખ્યો છે. ભગવાને તરત જ કાંટો કાઢી દીધો. કાંઇ પીડા થઇ નહિ. મુળજી શેઠ બોલ્યા, એટલી વારમાં કાંટો નીકળી ગયો ? ભગવાને કાંટો બતાવ્યો. જુઓ! આ કેટલો લાંબો કાંટો! ભગવાન ભરવાડના રૂપમાં કહે છે, અમે શહેરમાં નથી રહેતા, વગડામાં રહીએ છીએ. કાંટો કાઢવામાં કસબી છીએ.

ત્રણે જણ ચાલ્યા આવે છે. મુળજી શેઠને તરસ લાગી. ભરવાડભાઇ, મને તરસ બહુ લાગી છે. પાણી મળશે ? હાહા... પાણી મળશે પણ ડુંગર ચડવો પડશે. શેઠ વિચાર કર્યો, ઊંચા ડુંગર ઉપર કેમ ચલાશે ? ભરવાડભાઇ, આ ડુંગરની ધાર મારાથી ચડાશે નહિ. ચડવી કઠણ છે. ભરવાડ બોલ્યા, એ તમારું કામ નહિ. અમે જંગલમાં રહીએ અને ડુંગરા ચડી જઇએ. દોડતા પાણીનો લોટો ભરી આવ્યા. શેઠને આપ્યું. કપડાંથી ગાળીને ભગવાનનું નામ લઇને સગરામ ભગત અને મુળજી શેઠે પાણી પીધું. શાંતિ થઇ ગઇ. ફરી ચાલતા થઇ ગયા. ભરવાડ કહે છે, જુઓ, આ સામે ગામ દેખાય છે એ કારીયાણી છે. ત્યાં સ્વામિનારાયણ ભગવાન મળશે. દર્શન કરો. અમે જંગલમાં જઇએ અને તમે કારીયાણી જાઓ.

મુળજી શેઠે ભરવાડના ખંભા ઉપર હાથ મુકીને કહ્યું, ભરવાડભાઇ! મને અહીં સુધી મુકવા આવ્યા તો કાંઇક મહેનતના પૈસા લ્યો. મારે પૈસા નથી જોઇતા! તમે દર્શન કરવા જાઓ છો. ધંધો કરવા જાઓ તો પૈસા લેવાય પણ દર્શન કરવા જાઓ તો પૈસા ન લેવાય. આટલું કહીને ભગવાન જંગલ તરફ ચાલતા થઇ ગયા. આ બાજુ શું થયું ? સાંજનો સમય છે. શ્રીજી મહારાજ માંચા ખાચરના દરબારમાં સંતો ભક્તોની સાથે બીરાજમાન છે. બન્ને ભક્તજને દંડવત પ્રણામ કર્યા. શ્રીજી મહારાજે પુછ્યું, આટલા સાંજના મોડા આવ્યા ? મહારાજ, વહેલા નીકળ્યા હતા પણ રસ્તો ભૂલાઇ ગયા એટલે મોડું થઇ ગયું છે. હે પ્રભુ! એક ભલો ભરવાડ એવો સારો હતો. બહુ ડાહ્યો હો. ઉપકારી બહુ. અમને પાણી પાયું. પગમાંથી કાંટા કાઢ્યા. પાછું મહેનતના પૈસા પણ લીધા નહિ. બહુ દયાળુ હતો ભરવાડ.

શ્રીજી મહારાજ મંદ મંદ હસતા કહે છે, વાણિયાભાઇ તો પાકા હોય.

**ચારિત્ર્ય એ જ કે જે વિપત્તિઓની અભેદ દીવાલોમાંથી પણ પોતાનો માર્ગ શોધી કાઢે.**

તમે કાચા કેમ લાગો છો ? આટલી બધી તમારી સાથે વાતો કરી, કાંટા કાઢ્યા તોય તમે અમારો અવાજ ઓળખ્યા નહિ ? અમે તમારી સાથે ચાલ્યા તોય અમારી ચાલ ઓળખાણી નહિ ? સગરામ ભક્ત હસતા હસતા બોલ્યા, પ્રભુ, તમને ઓળખવા બહુ કઠણ છે. તમારી ભાષા, તમારી રીતભાત, તમારૂં સ્વરૂપ બધું જંગલમાં રહેનારા ભરવાડ જેવું જ હતું તેથી કેમ ઓળખાય ? માફ કરજો મહારાજ. તમારી સેવા કરવી જોઈએ તેના બદલે તમે અમારી સેવા કરી. કાંટા કાઢ્યા. દુઃખાવો પણ ન થયો. તમે તો ભવસાગરના રોગને ટાળનારા છો. જેમ હાથ ઝાલીને રસ્તો બતાવ્યો તેમ અંતકાળે અમારો હાથ ઝાલીને ધામમાં તેડી જજો. ધન્ય ઘડી, ધન્ય અવસર. અંતરમાં ઠંડક વળી છે. અમારી આંખ તમારા દર્શન માટે તલપી રહી હતી તે અમારી ઇચ્છા આજે પૂરી થઈ.

એક નજરે ભગવાનનું સ્વરૂપ અંતરમાં ઉતારતા જાય છે, દંડવત કરતા જાય છે. શ્રીજી મહારાજ ઉભા થઈ બાથમાં ઘાલીને પુષ્પના હાર પોતે પહેર્યો હતો તે ભક્તજનોને પહેરાવ્યા. રાજીપો વ્યક્ત કર્યો. શ્રીજી મહારાજે કહ્યું, ચાલો ચાલો, તમને બહુ ભૂખ લાગી હશે. બેય ભક્તોને જમાડીને તૃપ્ત કર્યા. પ્રભુ ભક્તવત્સલ છે. માતા પિતા જેમ બાળકનું રક્ષણ કરે તેમ ભગવાન ભક્તનું રક્ષણ કરે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।

# ઘર સત્સંગ સભા

પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૦૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦૬) નિર્વાસનિક થવાય ત્યારે અક્ષરધામમાં જવાય.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, ચિતને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે તો જ્યારે સર્વ ઠકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાન

**નબળા ચારિત્ર્યવાળી વ્યક્તિ નિર્બળ છોડ જેવી છે જે પવનના પ્રત્યેક સપાટે ઝૂકી જાય છે.**

વિષે વૃત્તિ જોડાય. અને તે ભગવાનને વિષે વૃતિ ક્યારે જોડાય, તો જ્યારે સર્વ ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ. જેમ કોઈ કૂવો હોય ને તે ઉપર વીશ કોશ ફરતા હોય ને તેનો પ્રવાહ જુદો જુદો ચાલતો હોય ત્યારે તે પ્રવાહમાં જો હોય નહિ અને વીશે કોશનો પ્રવાહ ભેળો કરીએ તો નદીના જેવો અતિશય બળવાન પ્રવાહ થાય. તે કોઈનો હઠાવ્યો પાછો હઠે નહિ. તેમ જેની વૃત્તિ નિર્વાસનિક થાય છે ત્યારે તેનું ચિત્ત છે તે ભગવાનના સ્વરૂપમાં જોડાય છે. અને જેના ચિત્તમાં સંસારના સુખની વાસના હોય તેને તો શ્રોત્ર ઈન્દ્રિયો દ્વારે અનંત જાતના જે શબ્દ તેને વિષે જુદી જુદી વૃત્તિ ફેલાઈ જાય છે. **(ગ. પ્ર. પ્ર. ૨૫ વચનામૃત)**

એક માણસ ઝવેરીની દુકાને હીરા ખરીદવા આવ્યો. ભાવ પૂછ્યો. ઝવેરીએ કહ્યું, એક લાખનો એક હીરો છે. તમારી પાસે કેટલા રૂપિયા છે ? મારી પાસે અઢી રૂપિયા છે. ઝવેરીએ કહ્યું, ચાલતો થા. કોડી ખરીદી લેજે. હીરો નહિ મળે. બકરી ખરીદવા જેટલી તેવડ નથી ને હાથીની ઈચ્છા રાખે તો હાથી કેમ મળશે ? સારા સારા સદ્‌ગુણોને ઈચ્છે પણ રાંક જેવા જીવને ક્યાંથી મળે ?

સંસારમાં અને સત્સંગમાં તાકાત હોય તેનું જ કામ થાય છે. ભગવાન ભજવામાં તાકાત જોઈએ. કાયરનો માર્ગ નથી. આ તો શૂરવીર અને શ્રધ્ધા વાળાનો માર્ગ છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને ઉપાસનાની તાકાત હોય તો પરમાત્મા ભક્તને આધીન થાય છે. જાનમાં વરરાજા શિરપર મોડ પહેરે. જાનૈયા ન પહેરે. જાનૈયા તો જમે રમે ધરે વર શિરપર મોડ. જેના રોમરોમમાં સ્વામિનારાયણ ભગવાનની મસ્તી ચડી જાય તેના જીવાત્માનું કામ થઈ જાય છે.

હંસ અને બગ રે રૂપે રંગે એક છે રે. પણ ગુણમાં ફરક છે. તેમ સાચા સંતમાં અને કાચા સંતમાં ફરક છે. સન્માનમાં ડોલે નહિ, અપમાનમાં બોલે નહિ તે સાચા સંત છે.

સન્માન થાય ત્યારે ફુલાઈ જાય નહિ. મારું સન્માન નથી, મારા પરમાત્માનું સન્માન છે. હું તો સર્વે સત્સંગીનો દાસ છું. આશ્રમ બદલાવો તે સરળ છે. અંતર બદલવું અલગ વસ્તુ છે. જગતના તુચ્છ પદાર્થોને હૃદયથી પકડી રાખવાં એ ત્યાગી

સંતનું રાંકપણું છે. માનસિક દોષ અને સમજણમાં ખામી છે.

આપણને જેવા તેવા આલી મવાલી નથી રહેવું પણ પ્રહલાદજી, ધ્રુવજી અને હરિશ્ચંદ્ર જેવા શૂરવીર ધીરજશાળી ભક્ત થવું છે. માણસ માત્ર સુખને ઝંખે છે પણ એને ખબર નથી કે સાચું સુખ ક્યાં છે. સુખ તો શ્રીજીમહારાજ અને મોટા સંતની આજ્ઞા પાળવામાં છે.

**"મનનું ધાર્યું કરવામાં દુઃખ છે. પ્રભુનું ધાર્યું કરવામાં સુખ છે."**

દેહના સુખ માટે રાત દિવસ મહેનત કરીએ છીએ. મોક્ષની બાબતમાં બહુ ધ્યાન રાખવું. મોટો બીઝનેસ કરવો હોય તો ખૂબ ધ્યાન રાખવું પડે, નહિંતર નુકસાની આવતાં વાર ન લાગે. આ તો કલ્યાણ કરવું છે. પ્રભુના અક્ષરધામમાં જાવું છે. તે શું એમને એમ મળી જશે?! જિંદગી આખી કુટુંબ પરિવારના પોષણમાં જ વિતાવી દીધી. કાંઇ સત્કર્મ કર્યું નહિ. કાયરને ધીરજવાન થવું તે અટપટી વાત છે. શૂરવીર ભક્ત થાવું તે કઠણ કામ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**ચારિત્ર્યનો વિકાસ તમારી પ્રતિભાનો વિકાસ છે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૧૦૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................

૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................

૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦૭) સ્વભાવ સુધારવો જોઇશે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજીમહારાજે એક વખત બે પાર્ષદને કહ્યું. તમે ભાવનગર વજેસિંહ રાજા પાસે જાવ. દાદાખાચરના ગામગરાસ વિષે કામ છે તે કરી આવો. બે પાર્ષદો દરબારમાં આવ્યા. રાજા કચેરીમાં બેઠા છે. કામ કાજ પતાવી લીધું. વજેસિંહ રાજા કહે છે. અમારી પાસે એક કૂતરો છે. કોઈને વળગતો નથી, મારતો નથી, ભસતો નથી. અભક્ષ ખાતો નથી. કોઈના એંઠા રોટલા ખાતો નથી. નિર્માની થઈને બેઠો હોય છે. તમે તે કૂતરાને ગઢપુર લઈ જાવ. દાદાખાચરને આપજો ત્યાં સુખી થાશે ને પ્રભુનાં દર્શન થાશે. બે પાર્ષદોએ તે કૂતરો લાવીને દાદાખાચરને આપ્યો.

શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન છે. કૂતરો એક નજરે શ્રીજીમહારાજ સામે જુવે છે. માથું હલાવી નમસ્કાર કરે છે. જાણે કહેતો હોય કે મારો મોક્ષ કરો.

દાદાખાચરે પૂછ્યું. હે પ્રભુ ! આ કૂતરાનાં એવાં શું પુણ્ય હશે કે સાક્ષાત પરમેશ્વરનાં દર્શન થયાં. આ પવિત્ર ચરણરજમાં બેસવા મળ્યું. પ્રભુ બોલ્યા. આ પૂર્વજન્મમાં ઋષિ હતો. ભજન ભક્તિ કરતો તેના પુણ્યથી દાદાખાચરના દરબારમાં આવ્યો છે. કુતરો ભાગ્યશાળી છે. પ્રગટ પુરુષોત્તમનો યોગ પ્રાપ્ત થયો. દાદાખાચરે પૂછ્યું હે પ્રભુ ! પૂર્વજન્મમાં ઋષિ હતો તો કૂતરાનો અવતાર કેમ લેવો પડ્યો ? શ્રીજીમહારાજે કહ્યું. ઋષિ હતો પણ ક્રોધી અને માની સ્વભાવને લીધે સંતો અને ભક્તોનો ખૂબ દ્રોહ કરતો. અપમાન કરતો. અભિમાનના લીધે મનમાં ફુલાતો કે મારા જેવો કોઈ હોંશિયાર નથી. હું ગુણવાન છું.. મારાથી બધા ડરે છે. કૂતરાની જેમ બીજાથી ઝગડા કરતો તેથી બીજો જન્મ તેને કૂતરાનો મળ્યો છે. હવે પસ્તાવો થાય છે ને રાત દિવસ રડ્યા કરે છે. મેં મોટી ભૂલ કરી. ઊંચે કુળે અવતાર પામી મેં મારો સ્વભાવ સુધાર્યો નહિ. તેથી પશુયોનીમાં રખડું છું..

**"માણસને સારા કાર્યનું માન બહુ નડે છે.**
**તેથી બીજાનો તરત અભાવ આવી જાય છે."**

આપણે એકાદશીનો ઉપવાસ કરીએ. અને બીજા ફરાળ કરે તો તરતજ તેનો અભાવ આવે. આવી રીતે ગુણ અને સાધનનું માન બીજાનો દ્રોહ કરાવે છે. તેથી પોતાનું જ પતન થાય છે. ભલાઈમાં ભાગ રાખવો અને બીજાનું ભલું કરવું.. નિંદા નરકમાં નાખે છે. સંતોની નિંદા માતા પિતાના અપરાધ.. અવતારોની નિંદા તેની પ્રાયશ્ચિતથી પણ શુધ્ધિ થતી નથી. નીચ યોનીમાં ભટકે છે. ને કર્યાં કર્મ ભોગવે છે..

જેના રગરગમાં ભક્તિ નિવાસ કરીને રહે છે. તે વ્યક્તિ નિર્ધન હોવા છતાં પણ ધન્યવાદને પાત્ર છે. કારણકે ભક્તિરૂપી દોરીથી બંધાઈને સ્વયં પરમાત્મા પોતાના ધામને છોડીને ભક્તોના મધ્યમાં આવી નિવાસ કરે છે. ભગવાનની નિષ્કામ ભક્તિ, મુક્તિ કરતાં પણ મહાન છે. જઠરાગ્નિ ખાધેલા અન્નને પચાવે છે. નિષ્કામ ભક્તિ વાસનાને બાળીને ભસ્મ કરી નાખે છે.

પ્રભુનું સ્મરણ કરવાથી આધિ, વ્યાધિ ઉપાધિ દૂર થાય છે. ભાવથી ભક્તિ

**તમે સમાજ પાસેથી જે લો એ પ્રતિષ્ઠા. તમે સમાજને જે આપો એ ચારિત્ર્ય. જે પળથી તમે આ સમજો એ પળથી જ જીવવાની શરૂઆત કરી છે એમ માનજો.**

કરે છે તેની ભક્તિ ભગવાન સુધી પહોંચી જાય છે. ભગવાન સાથે સતત સંબંધ રાખવો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૦૮

૧. જય સદ્ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૦૮) ધીરજ રાખવાથી મનમાં શાંતિ રહેશે.

સ્વામિનારાયણ હરે..

ભગવાનના ભક્તોની પરીક્ષા મુશ્કેલીમાં થાય છે. પણ દુઃખ દેખીને સાચા ભક્તજનો હિંમત હારી જતા નથી. તે વિષે એક સરસ કથા છે. સાંભળો... સુખ અને દુઃખનું કારણ સમજણ છે. જેની સમજણ સવળી તેને દુઃખમાં પણ આનંદ રહેશે, અને જેની સમજણ અવળી તેને સુખમાં પણ કંટાળો રહેશે.

બોટાદ ગામની નજીક શીરવાણીયા ગામમાં ગીગા ધાધલ નામે દરબાર રહેતા હતા. સેવાભાવી અને પ્રભુ પ્રેમી હતા. જનકરાજા જેવી શ્રેષ્ઠ સમજણ છે. વ્યવહાર સાધારણ પણ સમજણ મહાન હતી. સમય જતાં બન્ને આંખે આંધળા થઈ ગયા. આંખે અંધ હતા, પણ તેની અંતરની આંખો ખુલ્લી હતી. સમય જતાં તેની પત્નીનું મૃત્યુ થઈ ગયું. તેના પરિવારમાં એક દીકરો અને એક દીકરી હતાં દીકરાનાં લગ્ન થયાં હતાં અને દીકરી વિધવા થઈને બાપને ઘરે આવી હતી. દીકરો ખેતીનું કામ કરે અને દીકરી ઘરનું કામ કરે.

ગીગાભક્ત ભજન ભક્તિનું કામ કરે. એવામાં વિપત્તિ ઉપર વિપત્તિ આવી. દીકરો બીમાર થયો. ભગત તેની બાજુમાં બેસી માળા ફેરવે છે. દીકરાને શ્રીજીમહારાજે દર્શન આપીને કહ્યું, તારું આયુષ્ય પૂરું થઈ ગયું છે. અમે તને તેડવા આવ્યા છીએ. તારા પિતાજીને પૂછી જો. રાજી થઈને રજા આપે તો તને ધામમાં તેડી જઈએ.'' આ વાત સાંભળી બાપે પૂછ્યું, દીકરા, તું કોની સાથે વાતું કરે છે ?

દીકરાએ કહ્યું, બાપુજી, મને શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે ને કહે છે,

**મનુષ્યની ચારિત્ર સુધારણા નહિ થાય ત્યાં સુધી દુઃખોની સમાપ્તિ નહિ થાય.**

તારા બાપુજી રાજીપે રજા આપે તો તને અક્ષરધામમાં તેડી જઈએ. બાપુજીએ સરસ જવાબ આપ્યો, શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે તો હું રાજીપે રજા આપુ છું. મારી ચિંતા ન કરો! સુખેથી તેડી જાવ. શ્રી હરિ દીકરાને ધામમાં તેડી ગયા. પછી સગા સંબધી બધા ઘરે બેસવા આવે ત્યારે કહે, કમાઉ દીકરાને ભગવાન તેડી ગયા ને તમે આંખે દેખતા નથી. હવે તમે કેમ ગુજરાન ચલાવશો ?

દીકરી વિધવા છે. બહુ ખોટું થયું. બધા કરગરે, રડે ને જુદી જુદી વાત કરે. ત્યારે ગીગાભક્તે કહ્યું, શ્રીજીમહારાજને જે ગમ્યું તે બરાબર. વહેલા મોડું બધાને જાવું જ છે. આવા કઠિન દુઃખને દબાવવું અને મનને મજબૂત રાખવું અતિ કઠિન કામ છે. હવે ઘરમાં બાપ દીકરી રહ્યાં. છ મહિના પછી દીકરી બીમાર થઇ ગઇ. શ્રીજી મહારાજ તેડવા આવ્યા. ગીગા ભગતને કહ્યું - તમારી દિકરીનું આયુષ્ય પૂરુ થઈ ગયું છે. ભગતે કહ્યું, પ્રભુ, આપની જેવી ઈચ્છા. દીકરીને ચિંતા થાય છે. રડતાં રડતાં પિતાજીને કહે છે, પિતાજી, હું ધામમાં જઇશ પછી તમારું કોણ ? તમને કોણ રસોઇ કરી જમાડશે ? કોણ તમારી લાકડી પકડીને મંદિરે લઈ જશે ?

ભગતે કહ્યું, બેટા! મારી ચિંતા તારે નથી કરવાની. મારી ચિંતા શ્રીજી મહારાજ કરશે. એ જે કરતા હશે તે સારું જ કરતા હશે. તું સુખેથી અક્ષરધામમાં જા. દીકરીને શ્રીજીમહારાજ ધામમાં તેડી ગયા. ભગવાન ઉપર વિશ્વાસ રાખી ધીરજપૂર્વક ભજન કીર્તન કરે છે. ભગવાન કહે છે, જે મારા ઉપર વિશ્વાસ રાખે છે તેની જેમ પાંપણ આંખની રક્ષા કરે છે તેમ હું રક્ષા કરીશ. સજ્જન ક્યારેય ગુસ્સે થતા નથી, અને દુર્જન ક્યારેય નમ્રતાથી વાત કરતા નથી.

શ્રી સ્વામિનારાયણ ભગવાન રાત્રે બોટાદના શિવલાલભાઈને દર્શન દઈને કહ્યું, ગીગાભગતને તમારા ઘરે તેડી આવો અને તમારા દીકરાના જેવી સેવા અને સંભાળ રાખજો. પછી શિવલાલભાઈ ગીગાભગતને પોતાના ઘેર તેડી આવ્યા અને જીવનભર ખુબ સેવા કરી. શિવલાલભાઈ ભગતની દીકરાની જેમ ખૂબ સંભાળ રાખે.

**જો હોય હિમત રે, નરને ઉરમાં ભારી ।**
**દ્રઢતા જોઇને રે, તેની મદદ કરે મોરારી ॥**

બાપા, કાંઇ જોઈએ તો કહેજો. હું તમારો દીકરો છું. એમ કહી વાંસામાં

હાથ ફેરવે, પગ દાબે, ખૂબ ચાકરી કરે છે. પછી સમય જતાં ગીગાભક્તને શ્રીજી મહારાજ ધામમાં તેડી ગયા. તેમની અંતિમ વિધિ અને શ્રાધ્ધ વિગેરે તમામ કાર્ય શિવલાલભાઈએ કર્યું. કહેવાનો મૂળ હાર્દ એ છે કે કેટલી બધી કઠિન વિપત્તિ આવી, ઘરમાં એકલા થઈ ગયા, છતાં હિંમત હારી ગયા નહિ. ભગવાન જે કરે છે તે સારું જ કરે છે. આવો દ્રઢ વિશ્વાસ.

આજે સગા દીકરાઓ મા બાપની પ્રેમ ભાવથી સેવા કરતા નથી. મીઠી વાણીથી બોલાવતા નથી. પણ ધન્ય છે શિવલાલભાઈની સમજણને કે ભક્તની સેવા કરી રાજી કર્યા. શ્રીજીમહારાજે કહ્યું, તમે નિરાધાર ભક્તની સેવા કરી તે અમારી સેવા કર્યા બરાબર માનીએ છીએ. એમ કહી પ્રભુ શિવલાલભાઈને બાથમાં લઈને મળ્યા અને પુષ્પનો હાર પહેરાવી રાજીપો વ્યક્ત કર્યો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

**માણસની મોટામાં મોટી જરૂરિયાત શિક્ષણ નહિ પણ ચારિત્ર્ય છે અને તે જ તેનો રક્ષક છે.**

# સભા-૧૦૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૦૯) શેખમીંયાની કસોટી.

સ્વામિનારાયણ હરે..

ઈક્ષુ એટલે શેરડી. શેરડી ચીચુડામાં પીલાય, પછી રસ નીકળે, પછી તે રસને અગ્નિના તાપમાં ઉકાળે. પછી તેમાંથી ગોળ, ખાંડ અને સાકર બને છે. એની કિંમત વધે છે. કિમતી બનાવવા માટે ચીચુડામાં પીલાવું પડે. તાવડે ચડવું પડે. કસ્યા વિના કોઇ વસ્તુ ખરે ખપે નથી આવતી. એમ સમજી સંકટ સહો તો ભલી ભજી જાય ભગતી.

ગામ ગોંડળના શેખમીયાં મુસલમાન હતા, પણ શ્રીજીમહારાજમાં પાકી નિષ્ઠા હતી. રહેણી કહેણી હિંદુથી પણ સવાઇ હતી. નિયમ ધર્મનું નિત્ય પાલન કરતા. શેખમીયાં જ્યારે ગઢપુરમાં દર્શન કરવા આવે ત્યારે શ્રીજીમહારાજ ફૂલનો હાર પહેરાવીને ભરી સભામાં આગળ બેસાડે. આવું બધું કાઠી દરબારને જરાય ગમે નહિ. મુસલમાનનો આટલો બધો સત્કાર પ્રભુ કરે છે તે બરાબર નથી. યવનનો સત્કાર કરાય જ નહિ.

અરસ પરસ બોલ બોલ ચાલુ થઈ જાય. આપણાથી આગળ મુસલમાન બેસે તે જરાય વ્યાજબી નથી. ટીકા કરે. ખુણામાં બેસીને મીયાંની વાતુ કરે. શ્રીજીમહારાજે આ વાત જાણી લીધી.

**શેખમીચાંની પરીક્ષા કરું,કાઠીની અકળામણ ઉતારું.**

કાઠી દરબારની નજરું આગળ બતાવું કે શેખમીયાં કેવા ભક્ત છે. કથાની સમાપ્તિ થઈ. કથામાંથી બધા ઊઠી ગયા. મિયાંજી બેઠા છે. શ્રીજીમહારાજે કહ્યું, મિયાંજી, તમે ઊભા થઈને અમને કાંઈક મારો. અરે મહારાજ! તમે તો અમારા જીવન પ્રાણ છો. સેવા કરાય, પૂજા કરાય, જમાડાય પણ મરાય નહિ. પાપ લાગે ને નરકમાં પડવું પડે. મહારાજ, મારી જીભથી કાંઇ વધઘટ નહિ બોલું. તમે તો મારા આત્માના આધાર છો પ્રભુ.

શ્રીજીમહારાજ કહે છે, ફક્ત હાથ ઊંચો કરીને મારવાનો દાવો કરો. કરવું જ પડશે. ઘણો આગ્રહ કર્યો તેથી મિયાંજીએ જરાક હાથ ઉંચો કર્યો. પ્રભુએ માનવ ચરિત્ર ચાલુ કર્યું. રાડ પાડી. દોડો દોડો! મને શેખમિયાં મારે છે. અમે કાંઈ તેનું બગાડ્યું નથી. ત્યાં તો કાઠી દરબાર દોડીને ધક્કા મારીને બહાર કાઢી આવ્યા. શ્રીજીમહારાજ સામે હાથ ઉપાડતાં શરમ નથી આવતી ? ઉપકારનો બદલો મારવામાં વાળે છે. નીકળ બહાર!

મિયાંજી અંતરમાં ઊંડા ઉતરી ગયા. એક બાજુ બેસી માળા ફેરવે છે. ત્યાં એક સંતને દયા આવવાથી જમવાનું આપ્યું તો પ્રભુએ કહ્યું, આ મારકણાને કોણે જમવા આપ્યું છે ? કાઢો બહાર! તરત કાઠી આવ્યા અને ભોજનની થાળીમાં ધુળ નાખી હોકીરો કરીને ધક્કા મારીને બહાર કાઢી મૂક્યા. હવે શું કરવું? પછી શેખમિયાં ગઢડાથી ગોંડલ આવ્યા. ત્યાંના રાજાની નોકરીમાં રહ્યા. શ્રીજીમહારાજે કહેવરાવ્યું, મિયાં મારકણો છે. તેને નોકરીમાં રાખશો નહિ. કાઢી મૂકો. એ અમને ગઢડામાં મારવા આવ્યો હતો. રાજાએ નોકરીમાંથી કાઢી મૂક્યા. મિયાંજીને ખૂબ દુઃખ થયું. રડતા રડતા રાજકોટમાં આવ્યા. ત્યાં અંગ્રેજ રાજ્યમાં નોકરી મળી ગઈ. ત્યાંથી પણ કઢાવ્યા. હવે શું કરવું ને ક્યાં જાવું ?

ગુજરાન કઈ રીતે ચલાવવું? બહુ મૂંઝાય છે. છતાં પણ શ્રીહરિનો રંચ માત્ર

**માણસની મોટામાં મોટી જરૂરિયાત શિક્ષણ નહિ પણ ચારિત્ર્ય છે અને તે જ તેનો રક્ષક છે.**

અભાવ આવ્યો નહિ. શ્રીહરિ જે કરતા હશે તે સારું જ કરતા હશે. પછી શેખજીએ દાદાખાચર પાસે રડતાં રડતાં વાત કરી કે, હું પ્રભુનો અપરાધી છું. પ્રભુ તો બહુ દયાળુ છે. બધું જાણે છે છતાં મારી વતીથી અરજી કરજો કે મને માફી આપી ને અપનાવી લે. મને અંતરમાં ખૂબ દુઃખ થાય છે. જીવ બળે છે. શ્રીજીમહારાજનાં દર્શન ક્યારે થશે ? મને ક્યાંય ગમતું નથી. હૃદય ઠરતું નથી. શાંતિ થતી નથી. શ્રીજીમહારાજ જલદી મળે એવી કૃપા કરજો. દર્શન વિના દિલ ઝંખે છે. રડતાં રડતાં કીર્તન ગાય છે.

દાદાખાચરે શ્રી હરિને વાત કરી. પ્રભુએ કહ્યું, શેખમિયાંને બોલાવો. હું એના ઉપર ખુબ રાજી થયો છું. સમાચાર મળતાં મિયાંજી દોડતા ગઢપુર આવ્યા. ફળીયામાં જ દંડવત્ કરવા લાગી ગયા. શ્રીજીમહારાજ સફાળા ઊભા થઈને બાથમાં લઈને ભેટ્યા. માથા ઉપર હાથ ફેરવતાં કહ્યું, ધીરજ રાખો ભક્તરાજ.

શ્રીજીમહારાજ ગાદી તકીયા ઉપર બિરાજમાન થયા છે. પોતાની બાજુમાં મિયાંજીને સહુ હરિભક્તોની આગળ બેસાર્યા. મિયાંજીએ પ્રભુના ચરણમાં મસ્તક મૂકી આંખનાં આંસુથી શ્રીજીનાં ચરણ પલાળી દીધાં. ભરી સભામાં શ્રી હરિએ કહ્યું, આ શેખમિયાંજીનો અમે વગર વાંકે કૂતરાની જેમ તિરસ્કાર કર્યો. હડધૂત કર્યા. નોકરીમાંથી કઢાવ્યા છતાં એને અમારો રંચમાત્ર અંતરમાં અભાવ આવ્યો નથી. વડવાનળ અગ્નિ જેવા એકાંતિક ભક્ત છે. એવા ભક્ત ઉપર વગર કહ્યે હેત થાય છે.

આદરણીય ભક્ત છે, મિયાંજી.

આવું સાંભળી સભામાં બેઠેલા કાઠી દરબારો કહેવા લાગ્યા, સાચી વાત છે. આપણે પણ કેવા ધક્કા મારીને ન કહેવાના શબ્દો કહ્યા છતાં જરાય ગુસ્સે થયા નહિ. સત્સંગી ભક્તજનોનો અભાવ આવ્યો નહિ. બીજાની આવી પરીક્ષા લે તો એ તો મૂળગેથી જાય. ઢીલો થઈ જાય. સત્સંગથી બહાર નીકળી જાય ને ફાવે તેવી નિંદા કરે. પણ ધન્ય છે શેખમિયાંની ધન્યતાને. ખરેખર આગળ બેસાર્યા જેવા આદરણીય ભક્ત છે.

લુહાર એરણ ઉપર લોઢું રાખીને અગ્નિથી બરાબર તપાવીને જલદી જલદી

જોરથી ટીપે ત્યારે હથિયાર બનાવી શકે છે. હથિયારને આકાર આપવા માટે બરાબર ટીપે. પછી તેની કિંમત વધે છે. તેમ માણસ દુઃખ રૂપી તાપમાં અને જ્ઞાન રૂપી એરણમાં ટીપાય છે ત્યારે તેની કીમત વધે છે. સદ્‌ગુરૂ રૂપી લુહારની ટીપ હસતે મુખે સહન કરવી પડે તો જ ઘાટ નીકળે. નહિતર કટાયેલું લોઢું જ રહી જાય. પછી ભંગારમાં જાય, એની કોઈ કિંમત નહિ. ટીપ સહન કરે તો મુક્તદશાને પામી જાય.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૧૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ......................................

**ચારિત્ર્યથી બુદ્ધિ આવે છે. બુદ્ધિથી ચારિત્ર્ય નથી આવતું.**

૩. નવીનજીમૂતસમાનવર્ણ,......................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૧૦) નિત્યકર્મ સંધ્યાકાળ-પૂજા

સ્વામિનારાયણ હરે..

ભારતીય સંસ્કૃતિ અને આપણા હિન્દુ ધર્મ-સંપ્રદાયોમાં...માનવીએ પ્રતિદિન સ્નાન, સંધ્યા, જપ, દેવપૂજન, બલિવૈશ્વદેવ અને અતિથી સત્કાર આ છ કર્મો કરવાં જોઇએ.

કારણ કે મનુષ્ય જન્મ લેતાંની સાથે જ ત્રણ ઋણવારો થઇ જાય છે. તે ઋણમાંથી મુક્ત થવા માટે શાસ્ત્રોએ નિત્યકર્મો જણાવ્યા છે તે કરવા જોઇએ. શારિરીક શુધ્ધિ, સંધ્યા વંદન, તર્પણ અને દેવપૂજન પ્રભુતિ શાસ્ત્ર નિર્દિષ્ટ કર્મો આવે છે. તેમાં ઉપર જે છ કર્મો બતાવ્યા છે તે મુખ્ય છે. તેના કારણે માનવી દેવ સંબંધિત ઋણ, પિતૃ સંબધિત ઋણ અને મનુષ્ય સંબંધિત ઋણ માંથી મુક્ત થઇ જાય છે.

શાસ્ત્રમાં દર્શાવ્યા મુજબ જે લોકો પ્રતિદિન સંધ્યા કરે છે, તેઓ પાપરહિત થઇને સનાતન બ્રહ્મલોકને પામે છે.

જેણે સંધ્યાનું જ્ઞાન થયું નથી, જેણે સંધ્યાની ઉપાસના કરી નથી તે (દ્વિજ) જીવિત હોવા છતાં શુદ્ર સમાન ગણાય છે. અને મૃત્યુ બાદ કુતરા આદિ યોનિઓને પ્રાપ્ત કરે છે.

# ઘર સત્સંગ સભા

સંધ્યાકાળની વ્યાખ્યા કરતાં તત્ત્વદર્શી મુનિઓએ લખ્યું છે કે, **"સૂર્ય અને તારાઓથી રહિત દિવસ-રાત્રિની સંધિ" તેને સંધ્યાકાળ કહેવામાં આવે છે.**

સમય પર કરવામાં આવતી સંધ્યાપૂજા ઈચ્છાનુસાર ફળ આપે છે અને કસમયે કરવામાં આવેલ સંધ્યાપૂજા વન્ધ્યા સ્ત્રી સમાન ગણાય છે.

પ્રાતઃકાળે તારા હોય ત્યારે, મધ્યાહ્નકાળે જ્યારે સૂર્ય આકાશની મધ્યમાં હોય ત્યારે અને સાંયકાળે સૂર્યાસ્ત પૂર્વે- આ પ્રમાણે ત્રણ પ્રકારની સંધ્યા જેને ત્રિકાળ સંધ્યા કહેવામાં આવે છે તે કરવી જોઈએ.

ઘરમાં સંધ્યા-વંદન કરવાથી એક, ગોચરમાં સો, નદી કિનારે લાખ તથા શિવ-પ્રભુ સમીપમાં કરવાથી અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્ર કથન છે કે સંધ્યોપાસન દ્વિજ માત્ર માટે ઘણું જ આવશ્યક કર્મ છે. તે વિના પૂજા આદિ કાર્ય કરવાની યોગ્યતા પ્રાપ્ત થતી નથી.

સંધ્યા ઉપાસનામાં ૧-લોટો મુખ્ય જળપાત્ર, ૨-ઘંટડી અને સંધ્યાનું વિશેષ જળપાત્ર-૧, ૩-પાત્ર ચંદન પુષ્પાદિ માટે, ૪-પંચ પાત્ર-૨, ૫-આચમની-૨, ૬-અર્ઘા, ૭- જળ ઢોળવા માટેનું તરભાણું (નાની થાળી-૧), ૮-આસન.

ગૃહસ્થના ઘરમાં પાંચ સ્થળ એવા છે, જ્યાં પ્રતિદિન ના છૂટકે જીવહિંસા થવાની શક્યતા રહે છે. ૧-ચૂલો (અગ્નિ પ્રગટાવવાથી), ૨-ઘંટી (દળવાથી), ૩-સાવરણી (કચરો વાળવાથી) ૪-ખાંડણીયો (કૂટવાથી) ૫-પાણિયારા (જળપાત્ર નીચે જીવ દબાવાથી) થી જે પાપ થાય છે, તે પાપોથી મુક્ત થવા માટે બ્રહ્મ યજ્ઞ, વેદ-વેદાઙ્ગાદિ તથા પુરાણાદિ આર્ષ ગ્રંથોના સ્વાધ્યાય, ૨-પિત્તૃયજ્ઞ-શ્રાધ્ધ તથા તર્પણ, ૩-દેવયજ્ઞ-દેવતાઓનું પૂજન અને હવન, ૪-ભૂત યજ્ઞ-બલિવૈશ્વદેવ તથા પંચબલિ, ૫-મનુષ્ય યજ્ઞ-અતિથી સત્કાર આ પાંચેય યજ્ઞ દરરોજ કરવા જોઈએ. આપણે કેટલાં કરીએ છીએ ?

ઉપરોક્ત સંધ્યાકાળ-પૂજા કેટલાં ભક્તો કરી શકે ? આજના સમયમાં તે એક મોટો પ્રશ્ન છે.

કરુણા સાગર ભગવાન શ્રીસ્વામિનારાયણે આ પ્રશ્નનો સીધો-સાદો ઉત્તર ''શિક્ષાપત્રી'' ના માધ્યમથી આપી દીધો છે. શિક્ષાપત્રીની તમામ આજ્ઞાઓનું

**ચારિત્ર્યનું નિર્માણ કરવું અને તેને સુધારવું એ જમાનવીનું પરમ લક્ષ્ય હોવું જોઈએ.**

પાલન કરવાથી નિત્યકર્મ-સંધ્યાકાળ પૂજા-ત્રિકાળ સંધ્યા વિગેરે વિગેરે તેમાં આવી જાય છે તેવો અમારો વ્યક્તિગત અભિપ્રાય છે. આપ સૌ પણ તે સાથે સહમત થશો.

આજે નોકરી-ધંધાની દોડધામમાં વળી આવક-જાવકના બે છેડા સરખાં કરવામાં માણસને કેટલો સમય ત્રિકાળ સંધ્યા કરવા મળે ? તે સમજી શકાય તેમ છે તેથી શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં બધી જ બાબતોનો સમાવેશ કરી દીધો છે.

**‘હિન્દુધર્મના ૩૬૦ થી વધારે ગ્રંથોનો નિચોડ તત્ત્વજ્ઞાન શ્રીસહજાનંદસ્વામીએ શિક્ષાપત્રીમાં ગાગરમાં સાગર સમાવે તેમ સમજાવી દીધો છે.’’**

હિન્દુ ધર્મ વિશે વાત કરતાં એની બેસન્ટે લખ્યું છે કે, ‘‘ચાલીસ કરતાંય વધારે વર્ષ સુધી વિશ્વના મહાન ધર્મોનો અભ્યાસ કર્યા પછી મને હિન્દુ ધર્મ જેવો સંપૂર્ણ હિન્દુ ધર્મ જેવો વૈજ્ઞાનિક, હિન્દુ ધર્મ જેવો તત્ત્વજ્ઞાનથી પરિપૂર્ણ અને હિન્દુ ધર્મ જેવો આધ્યાત્મિક ધર્મ બીજો કોઈ દેખાયો નથી. હિન્દુ ધર્મને તમે જેમ વધારે જાણો તેમ તમને તેના પર વધારે પ્રીતિ થશે, અને તમે જેમ તેને સમજવાનો વધારે પ્રયત્ન કરશો તેમ તમને તેનું મૂલ્ય વધારે ને વધારે સમજાતું થશે.

‘‘શિક્ષાપત્રી’’ તો શ્રીજી મહારાજનું વાઙ્ગમય સ્વરૂપ છે. તેની પૂજા-અર્ચના, પઠન, મનન, નિદિધ્યાસ અને તેનો સ્પર્શ કરવાથી અક્ષરધામની પ્રાપ્તિ જરૂર થાય અને આ લોકમાં પણ સુખી થવાય.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. . .ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હૈયું ન હીસે રે;

# ઘર સત્સંગ સભા

આગળ જઇને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઇને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઇને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતીયાં કહે છે માયા રે. તેને૦ ૪

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૧૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.......................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**કોનો જન્મ વખાણવા લાયક છે ? જેનો ફરીથી જન્મ ન થાય તે.**
**કોનું મૃત્યુ વખાણવા લાયક છે ? જેનું ફરીથી મૃત્યુ ન થાય તે.**

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૧૧) ગુરુને કાંકરા ખવરાવ્યા.

સ્વામિનારાયણ હરે..

સદ્‌ગુણોનો અહંકાર ન આવે એ સાચા સાધુ છે. જે પાણી ડૂબાડે છે તે પાણી તારે છે. જે અગ્નિ દઝાડે છે તે જ ઠંડી ઉડાડે છે. જે મન મુઝાવે છે તે જ મન મુક્તિ અપાવે છે. એનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ.

કૂતરાના કાનમાં કીડા પડે ત્યારે કૂતરાનું જ લોહી પીવે અને કૂતરાનું મગજ સડવી નાખે ને મારી નાખે. ભલા થઈને કૂતરાના કાનમાં કીડા પડે તેવા શિષ્ય થાશો નહિ. ગુરુનું લોહી પીને હૈયાને બાળીને હેરાન કરજો નહિ.

સત્સંગની મા સમાન મુક્તાનંદ સ્વામીને શરીરે ક્ષયરોગ હતો, તેથી ગળ્યું ચીકણું કાંઇ જમી શકાય નહિ. કેવળ મગની ખીચડી જમતા. બીમાર માણસ માટે મગ છે તે ઉત્તમ ખોરાક છે. શ્રીજીમહારાજે એક સાધુને કહ્યું, તમે મુક્તાનંદસ્વામીની સેવામાં રહો. એમને રુચે એવું જમાડજો ને ખૂબ ભાવ શ્રધ્ધાથી સેવા અને અનુવૃત્તિ સાચવીને રાજીપે સેવા કરજો. સાધુરામને મુક્તાનંદ સ્વામીનો મહિમા નહિ. રજોગુણી પ્રકૃતિ હતી. બહારવૃત્તિ હતી તેથી સ્વામીને કાંઇ પૂછે નહિ. પગ દાબે નહિ. અહંકારમાં ફર્યા કરે. વડીલ સંતો પ્રત્યે ભાવ નહિ. સાવ સૂકા હ્યદયનો હતો.

મગ સાફ કર્યા વગર ખીચડી રાંધી આપે. ક્યારેક ખીચડી કાચી હોય. ક્યારેક દાઝી ગઇ હોય છતાં સ્વામી કાંઇ બોલે નહિ. ભગવાનનું નામ લેતાં જમી લે. સાધુરામ જલદી જલદી ખીચડી રાંધીને સ્વામીને આપી દે. પછી વિદ્યાભ્યાસ કરવા ચાલ્યા જાય. એક વખત મુક્તાનંદ સ્વામી જમતા હતા ત્યારે નિત્યાનંદ સ્વામી દર્શન કરવા આવ્યા. પગે લાગીને બેઠા. સ્વામીને કહ્યું, મને પ્રસાદીની ખીચડી

આપો. મુક્તાનંદ સ્વામીને થયું જો નિત્યાનંદ સ્વામીને ખીચડી આપીશ તો સાધુરામને ઠપકો આપશે તેથી પ્રસાદીની ખીચડી આપી નહિ. નિત્યાનંદ સ્વામી કહે છે, સ્વામી! આજે મને પ્રસાદી આપવી જ પડશે.

બહુ હઠ કરી ત્યારે પોતાના પાત્રમાંથી પ્રસાદીની ખીચડી આપી. જ્યાં નિત્યાનંદ સ્વામીએ મુખમાં ખીચડી નાખી... કાંકરા હોવાથી ગળે ઉતરે નહિ. દાઢ અંબાઈ ગઈ. ઊઠીને થૂંકી આવ્યા. સાધુરામને ઠપકો આપ્યો. આવી ઝણી કાંકરી સ્વામીને ખવરાવો છો ? મગ કેમ સાફ કરતા નથી ? બીમાર સંતને આવી ખીચડી ભાવે? બીમારીમાં વધારો કરો છો ? ત્યારે સાધુરામ જોરથી બોલ્યા, ‘‘હું નવરો નથી! મગ સાફ કરું તો ભણું ક્યારે ? ભૂખ લાગશે તો પોતે ખાઈ જશે.

આવો ઉધ્ધત જવાબ આપ્યો તેથી નિત્યાનંદ સ્વામી બોલ્યા, તમારા બદલે બીજા સંતને સેવામાં રાખવા જોઈશે. તો રાખી લ્યોને! હું તો છૂટો થાઉં. મને બંધન ગમતું નથી. મને ભણવું ગમે છે. આટલું બોલી ચાલ્યા ગયા. નિત્યાનંદ સ્વામીએ પછી એક સાચા સેવાભાવી મહિમાવાળા અનુપાનંદ સ્વામીને કહ્યું, સ્વામી! તમે આ મુક્તાનંદ સ્વામીની સેવામાં રહેશો ? અનુપાનંદ સ્વામીએ કહ્યું, મારા એવાં ભાગ્ય ક્યાંથી કે મને આવા મહાન સંતની સેવા મળે. હું ખૂબ ભાવથી સેવા કરીશ. તમે ચિંતા ન કરો. નિત્યાનંદ સ્વામી બહુ રાજી થયા.

ઉધ્ધત સાધુને મુક્તાનંદ સ્વામીનો અવગુણ આવી ગયો. જ્યાં જાય ત્યાં અભાવ લીધા કરે. પોતે દ્રોહ કરે ને બીજાને દ્રોહ કરીને ભરાવે. નસેનસમાં મુક્તાનંદ સ્વામીનો અવગુણ ભરાઈ ગયો. એક વખત મુક્તાનંદ સ્વામીને શરીરે સારૂ નહોતું. તેથી અનુપાનંદ સ્વામીએ ખારો પુડલો બનાવ્યો. ઠાકોરજીને જમાડીને મુક્તાનંદ સ્વામીના પાત્રમાં જમવા માટે આપ્યો. દ્રોહી સાધુ ત્યાંથી પસાર થયો. પાત્રમાં પુડલો જોયો અને મુક્તાનંદ સ્વામીને કહ્યું, જોરથી બોલ્યો, ઓ હો હો! સભામાં બધાને રસાસ્વાદ જીતવાની વાત કરે છે. પોતે પુડલા ખાય છે.

રગેરગમાં અભાવ છવાઈ ગયો. બધા સાધુ સંતો ભક્તોની પંક્તિમાં ફરતો જાય ને ફજેતી કરતો જાય, શ્રીજીમહારાજની આજ્ઞા પાળતા નથી ને મોટા થઈને પૂજાય છે. આવા સાધુને પગે લાગે તે મૂર્ખ છે! મનમાં ફુલાતો ફરે કે હું કેવો હોંશિયાર

**જીવવું એ એવું ગીત છે કે મરવું તેનું ધ્રુવપદ છે.**

ને ડાહ્યો છું. શ્રેષ્ઠ સંતનો અભાવ લેવાથી પુણ્ય બળીને ભસ્મ થઇ ગયાં. કર્યાં કર્મ ભોગવવાનો વારો આવી ગયો.

દ્રોહી સાધુ સખત બીમાર થઇ ગયા. ખાવા પીવાનું કાંઇ ભાવતું નથી. પેટમાં ભોજન ટકતું નથી. જે વસ્તુ જમે તેમાં ઇયળ દેખાય છે. પેટમાં સખત પીડા ઉપડી. દુઃખનો કોઈ પાર નથી. ખૂબ રિબાય છે. પાણી વિના માછલી તરફડે તેમ તડફડીયાં મારે છે. પગ ઘસીને ઊંચે સાદે રડે છે. શરીર સાવ ફિક્કું થઇ ગયું. રાત્રે નિદ્રા આવતી નથી. હવે શું કરવું? કાંઇ સૂઝતું નથી. ઊઠવાની શક્તિ નથી. મરવા જેવા થઇ ગયા. ગોપાળાનંદ સ્વામીને વાત કરી. મને આ દુઃખથી મુક્ત કરો. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, તમે મુક્તાનંદ સ્વામીનો ખૂબ અભાવ લીધો છે તેથી દુઃખી થાવ છો. કર્યાં કર્મ ભાગવો છો.

મુક્તાનંદ સ્વામી પાસે જાવ ને માફી માગો તો કાંઇક સારું થશે નહિંતર વગર મોતે મરી જશો. પછી તે દ્રોહી સાધુએ મુક્તાનંદ સ્વામી પાસે આવી રડતાં રડતાં માફી માગી. મને ક્ષમા કરો. સ્વામીએ કહ્યું, શ્રીજીમહારાજ સારું કરશે. માફી માગવાથી સહેજ સારું થયું પણ પહેલાંના જેવું શરીર રહ્યું નહિ. ઊંચે પગથિયે ચડેલો જીવાત્મા નીચે પછડાઇ ગયો. જન્મ હારી ગયો. સાક્ષાત પુરુષોતમ નારાયણનાં દર્શન થયાં છતાં મોક્ષથી વંચિત રહી ગયો. આવા શિષ્ય છે તે કૂતરાના કાનમાં કીડા પડે એવા છે. મરીને અનેક વખત કીડાની યોનિમાં ભટકે છે. માટે ચેતી જાવ ને પાપથી અટકી જાવ. નહિંતર ભયંકર સજા ભોગવવી પડશે.

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, ભગવાનના સાચા સંતો અને ભક્તો છે તે કેવળ બ્રહ્મની મૂર્તિ છે. તેમાં મનુષ્ય ભાવ લાવવો નહિ. વિદ્વાન સંતો સંપ્રદાયની શોભારૂપ છે. હરિ ચરણમાં સ્નેહ તે જ સાચો મોક્ષ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**કીર્તન**

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

# ઘર સત્સંગ સભા

**ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ**

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૧૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૧૨) અપરાધથી બચો.**

સ્વામિનારાયણ હરે..

વચનામૃતમાં શ્રીજીમહારાજ વારંવાર ચેતવણી આપે છે. સત્સંગી માત્રનો

**મને મૃત્યુનો ભય નથી. ભય તો મને જીવનનો છે.**

અભાવ લેવો નહિ. આવી બાબત તમને રામાયણ, મહાભારત કે ગીતામાં જોવા નહિ મળે. ભગવાનના માર્ગમાં અભાવ લેવાની ટેવ રોકી રાખે છે. અવગુણ કે અભાવ લેવાની ટેવ પડી જાય તો સમજવું કે સત્સંગમાં આપણી પાનખર ઋતુની શરૂઆત થઈ છે. અભાવ લેશે તો સૂર્ય જેવો પ્રકાશમાન જીવાત્મા હશે તો પણ કીડી જેવો થઈ જશે. પૂર્ણિમાના ચંદ્ર જેવો હશે તો અમાવાસ્યા જેવો કાળો મેશ થઈ જશે.

સંતો સત્સંગ પ્રચારાર્થે દેશાંતરમાં ફરે છે. શંકરાનંદ સ્વામી અને નારાયણદાસ સ્વામી ફરતા ફરતા વસો ગામમાં આવ્યા. ગામના ઝાંપે વૃક્ષ હતું ત્યાં ઉતારો કર્યો. ભાવિક ભક્તો કથા સાંભળવા આવે. તેને સરસ ઉપદેશ આપે છે. આ સંસારનું સુખ ઝાંઝવાના પાણી જેવું છે. ઝાંઝવાના પાણીથી સ્નાન થાય નહિ, પીવાય નહિ. ખાલી આભાસ માત્ર દેખાય. આ સંસાર સ્વપ્ન જેવો છે. તેને નાશ થતાં વાર લાગતી નથી.

**જગતની માયામાં રચ્યા પચ્યા રહેલા જીવાત્માને સતત પૈસાનું સ્મરણ રહે છે અને મોક્ષભાગી જીવાત્માને સતત પ્રભુનું સ્મરણ રહે છે.**

આપણા અંતરમાં તપાસ કરો. આપણે જગતના જીવ છીએ કે મોક્ષભાગી જીવ છીએ? સતત પૈસાનું, પુત્ર પરિવારનું સ્મરણ થતું ન હોય તો મોક્ષભાગી જીવ. તપાસ કરો, સૌ સૌના અંતરમાંથી શું જવાબ આવે છે ? વચનામૃતમાં શ્રી હરિ કહે છે, પરમેશ્વરના ભક્ત હોય તેમણે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી કઠણ છે અને જગતના જીવને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી કઠણ છે.''

ખૂબ ઉપદેશ આપ્યો. પછી રાત્રે નિયમ ચેષ્ટા બોલ્યા અને માનસી પૂજા કરી સૂઈ ગયા. નારાયણદાસ ભલા ભોળા અને ઋષિ જેવા હતા. શંકરાનંદ સ્વામી સ્વભાવના તેજ હતા. નારાયણદાસ ભર નિંદ્રામાં સૂતા છે. સવારના સાડા ત્રણ થયા ત્યારે શંકરાનંદ સ્વામીએ ઊઠીને નારાયણદાસ સ્વામીને પગનું ઠેબુ મારીને કહ્યું, ''ક્યું બૈલ જૈસે સોતે હો? ભાન નહિ હૈ પ્રભાત હો ગયા.'' આવી રીતે વારંવાર નારાયણદાસને ધમકાવે છતાં સ્વામી કાંઈ બોલે નહિ. સહન કરે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને રાત્રે શંકરાનંદ સ્વામીને દર્શન આપ્યાં અને

કહ્યું, કેમ તમે તમારી વાણીને બેફામ મૂકી દીધી છે ? ફાવે તેવું બોલીને લાત મારો છો ? નારાયણદાસને બૈલ જેવા કહો છો? જેટલા વખત બૈલ જેવા કહ્યા, તેટલા જન્મ બળદના લેવા પડશે. બળદ થઈને બીજાના ધોકા ખાશો ને જન્મમરણના ચક્કરમાં રખડશો. કર્મ વિચારીને કરવાં જોઈએ ને!

પાણી અને વાણી બન્ને ગાળીને, વાપરીએ તો પરિણામ સુંદર આવે.

હંમેશાં વાણીમાં વિવેક રાખવો. જીવનનો આધાર વાણી ઉપર છે. માણસની પરીક્ષા વાણી ઉપરથી થાય છે. માટે મિષ્ટ વાણી બોલવી જોઈએ.

શંકરાનંદસ્વામી બે હાથ જોડી કહે છે, હે પ્રભુ! મારી ભૂલ થઈ છે. મને માફ કરો! હવે બીજી વખત એવું કાંઈ નહિ બોલું. શ્રીજીમહારાજે કહ્યું, હું માફી નહિ આપી શકું. તમારે નારાયણદાસ સ્વામીની માફી માગવી જોઈશે. એ માફી આપશે તો તમારે બળદ નહિ થાવું પડે. તમે એમનો અપરાધ કર્યો છે. જલદી જાવ અને સ્વામીનો રાજીપો મેળવો. શંકરાનંદ સ્વામીએ પગે લાગી માફી માગી કે મારી ભૂલને ક્ષમા કરો. દયાળુ સંતે માફી આપી અને કહ્યું, ચિંતા ન કરો.

શ્રીજીમહારાજે કહ્યું છે કે -

**"નિત્ય લાખ રૂપિયા લાવતો હોય પણ**
**જો તે ભગવાનના સંતો અને ભક્તોનું ઘસાતું બોલે તો**
**તે અમને દીઠો પણ ગમે નહિ."**

સત્સંગની કાંઈ સેવા ન કરતો હોય અને સૂતો સૂતો ખાતો હોય પણ જો ભગવાનના સંતો ભક્તોનું સારૂં બોલતો હોય, ગુણ લેતો હોય તો તેની ચાકરી હું કરાવું.

જે ઘસાતું બોલે છે તેનું માથું કપાણું જાણવું. એની આસુરી મતિ થઈ છે એમ જાણવું. જો પાપ ન કરીએ, દ્રોહ ન કરીએ તો હજારો ધર્મ પાળ્યા બરાબર છે. હજારો દાન કર્યા બરાબર છે. આપણે દરરોજ પ્રાર્થના કરવી.

સમજણ વિના બધા દુઃખી થાય છે. ખોટી હાયવોય કરવા જેવું નથી. અમે મરી ગયા ને અમે શું કરીએ ? આવી દલીલ છોડીને પ્રભુને પામવાનો માર્ગ પકડો.

**મોત કાયરોને વળગે છે. જ્યારે બહાદુરોને ભેટે છે.**

**"સંસારમાં તમે રહો પણ સંસાર તમારામાં ન રહેવો જોઇએ."**

સંસાર સાથે ખપ પુરતું કામ રાખીએ તો ભગવાન ભૂલાય નહિ. કેવી રીતે ? જેમ અગ્નિ પાસેથી આપણે ઘણાં કામ લઈએ છીએ પણ અગ્નિને આપણા અંગને અડવા દેતાં નથી, તેવી રીતે સંસારમાં રહીએ તો સંસાર બાધ નથી કરતો.

જેને આ સંસારનુ સુખ સ્વપ્ના તુલ્ય જણાય તે ભક્ત હરિના અતિ મોટા અમૂલ્ય. પ્રભુને ભજવા હોય,અક્ષરધામમાં જવું હોય, અખંડ સુખને પામવું હોય તો વારંવાર પરમાત્માને જોવાની ટેવ પાડો તો મન બગડશે નહિ. જગત બગડ્યું નથી મન બગડ્યું છે. આ જગતને કોઇ સુધારી શક્યા નથી, પરંતુ જેણે દૃષ્ટિ સુધારી છે તેની સૃષ્ટિ દિવ્ય બને છે. જેની દૃષ્ટિ દિવ્ય તેની સૃષ્ટિ દિવ્ય.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૧૧૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૧૩) સંતોની ધીરજશક્તિ

સ્વામિનારાયણ હરે..

સ્વામિનારાયણ ભગવાનને કચ્છ દેશ બહુ વ્હાલો છે. પ્રભુ વિચરણ કરતાં કરતાં તેરા ગામ પધાર્યા. પ્રાગજી ભક્તને ઘેર વીરાજમાન થયા. પ્રાગજી ભક્તના માતાએ થાળ બનાવ્યો. દૂધપાક, શીરો પુરી, રોટલી, શાક વિગેરે પીરસ્યું. શ્રીજી મહારાજે કહ્યું, માજી, અમારે મીષ્ટાન્ન જમવું નથી. ઘી ચોપડ્યા વગર કોરી રોટલી લઈ આવો. ડોશીમા બોલ્યા, કોરી રોટલી ન જમાય. મહેમાન આવે ત્યારે શીરો પુરી જમાડીએ અને તમને કોરી રોટલી જમાડીએ તે ઠીક ન કહેવાય. કોરી રોટલી જમવાનું કારણ શું છે?'' ત્યારે શ્રીજી મહારાજે સરસ જવાબ આપ્યો, અમારા સંતો ગામડે ફરવા ગયા છે. સત્સંગ કરાવવા માટે. તેમને કાંઈ જમવાનું મળતું નથી. દીકરા ભૂખ્યા રહે તો બાપ મીષ્ટાન્ન કેમ જમી શકે ? સંતો છે તે મારા મોટા દીકરા છે. હરિભક્તો છે તે મારા નાના દીકરા છે. દીકરાનું દુઃખ એ બાપનું દુઃખ ગણાય.

**જીવન એટલે શિવનું જીવને મળવા આવવું; અને જીવનું શિવને મળવા જવું એટલે મૃત્યુ.**

જ્યારે સંતો તેરા ગામ પધારશે ત્યારે સંતો સાથે બેસીને દૂધપાક શીરો જમશું. અત્યારે કોરી રોટલી બરાબર છે. આવી રીતે આઠ દિવસ પસાર થયા. ત્યાં બે સંતો પધાર્યા. પ્રાગજી ભક્ત રાજી રાજી થઇ ગયા. સંતોને પગે લાગ્યા. મીઠો આવકાર આપ્યો. અદ્‌ભૂતાનંદ સ્વામી અને કાનડાનંદ સ્વામી શ્રીજી મહારાજને પગે લાગ્યા. પ્રભુ ઉઠીને બાથમાં લઇને ભેટ્યા. અને બોલ્યા, હે સંતો! હું તમારા થકી ઉજળો છું. તમે પધાર્યા બહુ સારૂં થયું.

શ્રીજી મહારાજ કહે છે, તમે કયા કયા ગામમાં ગયા હતા ? ત્યાં શું થયું ? તમને કોણ કોણ મળ્યા ? ત્યાંની રીતભાત કેવી હતી? થોડી તમારી પરિસ્થિતિની વાત કહો. અદ્‌ભૂતાનંદ સ્વામી કહે છે, હે પ્રભુ! ત્રણ દિવસ સુધી કાંઇ જમવા મળ્યું નહિ. વિચાર આવ્યો, કોનું કલ્યાણ કરશું ? ચપટી લોટ પણ કોઇ આપતું નથી. પછી અમે એક શેરીમાં ફરતા હતા. એક દુકાનદાર માણસ દુકાનના ઓટલે બેઠો બેઠો કેરડાના દીટા છૂટા કરતો હતો. અમે ભિક્ષાં દેહી, નારાયણ હરિ, સચ્ચિદાનંદ પ્રભુ કહીને ઉભા રહ્યા.

દુકાનવાળો માણસ કઠણ હૃદયનો હતો. શું નારાયણ હરે કરતા આવ્યા છો ? લોટ કે સીધું કાંઇ નહિ આપીએ. જો જોઇતા હોય તો આ દીટા જોઇએ તો લઇ જાઓ. આ દીટા ક્યાંય કામ આવે એવા નથી. ગાય ભેંશ પણ ખાશે નહિ. અમે દીટડાં લીધાં. મનમાં થયું કે ખાલી હાથે તો જવા નથી દીધા. હાથ વળ્યા તો ક્યારેક હૈયું પણ વળશે. સંતો એ આશીર્વાદ આપ્યા. હે પ્રભુ, સદ્‌બુદ્ધિ અને સદ્‌મતિ આપજો. કેરડાંના દીટા લઇને સંતો ગામના તળાવની પાળે આવ્યા. પછી બે પથ્થર શોધ્યા. તેને પાણીથી ધોયા. પછી કેરડાના દીટા સારી પેઠે વાટ્યા. વાટીને ચપટી મીઠું નાખ્યું. એક રોટલા જેટલો લોટ મળ્યો હતો. તેનો રોટલો બનાવ્યો. પૂજાની મુર્તિને થાળ જમાડ્યો. પછી સંતો જમ્યા. પછી નિયમ ચેષ્ટા કરી સંતો ધ્યાન કરતાં કરતાં પોઢી ગયા.

બીજો દિવસ થયો. નાહી ધોઇ, પૂજા પાઠ કરી, એ જ શેરીમાં એ જ વેપારીની દુકાન પાસે ગયા. આજે વેપારી ભાજી સુધારતો હતો. વેપારીએ સંતોને પુછ્યું, કાલે દીટા લઇ ગયા હતા તે દીટડાનું શું કર્યુ ? સંતોએ કહ્યું, ચટણી બનાવી હતી.

વિચાર કરો. તે દીટડાંની ચટણી કેવી થઇ હશે. કેવી રીતે દુઃખી દિવસો પસાર કર્યા હશે તે સંતોને જ ખબર પડે. વેપારી બોલ્યો, આજે ભાજીના દાંખડા લઇ જાઓ. દાંખડા ચાલશે ? સંતો બોલ્યા, ‘‘હા હા ચાલશે. ચાલે તો લઇ જાઓ નહિંતર અમે તો ફેંકી દઇશું. દાંખડા ધોઇ, સાફ કરી, ચટણી બનાવી. ભગવાનને જમાડીને સંતો જમ્યા. અદ્‌ભૂતાનંદ સ્વામી અને કાનડાનંદ સ્વામીને વિચાર આવ્યો કે હવે બીજે ગામ જઇએ અને સત્સંગ કરાવીએ.

એ વેપારીના દુકાનના રસ્તેથી પસાર થયા. વેપારીની નજર આ બે સાધુ ઉપર જાય છે. સંતોના દર્શન થવાથી બુદ્ધિમાં જ્ઞાનનો પ્રકાશ થયો. વેપારીએ બૂમ પાડી. મહાત્માજી! ઉભા રહો, ઉભા રહો! સંતો પાછું વળીને જોયું. સંતો બોલ્યા, આજે ભાજીના દાંખડા દેવા છે ? વેપારી કહે છે ,મહાત્માજી, દાંખડા કે દીટડાં દેવાં નથી. આજે તો મારે સીધું દેવું છે. દાળ, ભાત, લોટ, ગોળ, ઘી અને શાકભાજી લઇ જાઓ. રસોઇ બનાવીને જમજો. વેપારી કહે છે, મહાત્માજી, મને કાંઇક ઉપદેશ આપો. સંતો બોલ્યા, પૂજા કરો છો ? ના, હું કાંઇ કરતો નથી. નાહી, ધોઇ, ખાઇ પીને હું દુકાને જાઉં છું. સંતોએ ઉપદેશ આપ્યો, માનવ જન્મ બાળકાનો ઉછેર કરવા માટે નથી પણ મોક્ષ કરવા માટે છે. જેમ દેહની કમાણી કરો છો તેમ હવે જીવની કમાણી પણ કરજો.

બે માળા સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહીને ફેરવજો. દૂધ પાણી ઘી ગાળીને વાપરજો. કંઠી બાંધી વર્તમાન ધરાવ્યાં. ધર્મની રીતભાત શીખવી. આ પ્રમાણે રહેશો તો સુખી થશો. સંતોની વાણી અંતરમાં ઉતરી ગઇ. વેપારી સત્સંગી થયા. ઘરના સભ્યો સત્સંગી થયા. ગામમાં પણ સત્સંગનો વિકાસ થયો. આ છે સંતોની ભક્તિની શક્તિ. સંતોને આપેલાં દીટડાં કામ કરી ગયા. શ્રીજી મહારાજ ધ્યાન દઇને સંતોની વાત સાંભળે છે.

શ્રીજી મહારાજ પુછે છે, પછી શું થયું ? પછી અમે ચાલતા ચાલતા ધૂફી ગામમાં આવ્યા. ગામના ચોરામાં ઉતારો કર્યો. ત્યાં એક દરબારની દષ્ટિ અમારા ઉપર પડી. સંતો થાકી ગયા છે. જમવાનું કાંઇ મળ્યું નથી. દરબારને દયા આવી. દરબારે બાજરાનો લોટ આપ્યો. હું ગરીબ માણસ છું. મારી પાસે શાક કે દાળ

**પાકેલાં ફળોને વૃક્ષ પરથી પડી જવા સિવાય બીજો કોઈ ભય નથી હોતો, તે જ રીતે જન્મ લઈ ચૂકેલા મનુષ્યોને મૃત્યુ સિવાયનો કોઈ જ ભય નથી હોતો.**

નથી. રોટલાનું બટકું મીઠાને અડાડીને જમી લેજો.

શ્રીજી મહારાજ કહે છે, દરબારે રોટલો અને મીઠું દીધું તો બહુ સુખિયા થશે. ભુજના રાજાએ આ દરબારને પોતાની નોકરીમાં રાખ્યા. છ ગામ બક્ષીસમાં આપ્યાં.

**"સંતોને જમાડે છે તેને વિશ્વને જમાડ્યાનું પુણ્ય મળે છે."**

શ્રીજી મહારાજ પ્રાગજી ભક્તના માતાને કહે છે, માજી, હવે દાળ ભાત, શીરો પુરી, રોટલી અને શાક સરસ મજાના પકવાનનો થાળ બનાવો. આપણે સંતોની સાથે જમીએ. સંતોને જમવા બેસાડ્યા. શ્રીજી મહારાજે ભોજન પીરસ્યું. સંતો અને શ્રીજી મહારાજ જમે છે. આવી સંતોની ધીરજ જોઈને શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા. સંતો, આ સંપ્રદાય તમારા થકી ઉજળો છે. સંતો પારસમણિ અને ચિંતામણિ જેવા છે. દર્શન કરવાથી પાપ નાશ થાય છે અને પુણ્યની વૃધ્ધિ થાય છે માટે સંતોની સાથે હેત રાખવું.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૧૧૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૧૪) ભગવાનનો અપાર મહિમા છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, કેવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે ? (ગ. પ્ર. પ્ર. ૨૭ વચનામૃત) એમ સમજતા હોય જે આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે, ડોલાવી ડોલે છે, તારા મંડળ જેનું રાખ્યું અધર રહે છે, જેના વરસાવ્યા મેઘ વરસે છે, જેની આજ્ઞાએ કરીને સૂર્ય ચંદ્ર ઉદય અસ્તને પામે છે, ચંદ્રમાની કળ વધે ઘટે છે, પાર વિનાનો સમુદ્ર મર્યાદામાં રહે છે.

જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે. હાથ, પગ, નાક, કાન આદિક દશ ઈન્દ્રિયો થઈ આવે છે. આકાશમાં અધર જળ રાખી મૂક્યું છે. તેમાં ગાજવીજ

**મૃત્યુ રૂદન કરાવે એવું હોવું જોઈએ,
અફસોસ કરાવે તેવું નહિ.**

થાય છે. એવા અનંત આશ્ચર્ય તે મને મળ્યા એવા જે ભગવાન તેના કર્યા થાય છે. આવો મહિમા સમજે તેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે.

ગમે તેવું અપમાન થાય છતાં દિલગીર થાય નહિ. સન્માનમાં છકી જાય નહિ. રૂપવાન સ્ત્રી, યુવાન સ્ત્રી, વૃદ્ધ સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે.

એક વખત શ્રીજીમહારાજ ગણોદ પધાર્યા, તે વખતે અલીભાઈ પરણવા જતા હતા, એને ખબર પડી કે શ્રીજી મહારાજ બગીચામાં સંતો ભકતોની સાથે સભામાં બેઠા છે, તેથી મંગળ પ્રસંગે પ્રભુનાં દર્શન કરવા આવ્યા, અને મનમાં વિચાર થયો કે મહારાજની આજ્ઞા લઈને પરણવા જાઉં, શ્રીજી સન્મુખ બે હાથ જોડીને ઊભા રહ્યા, પ્રભુએ અલીભાઈ સામું જોયું નહિ. વાત કરતા હતા તેમજ વાત કરતા રહ્યા ત્યારે પાર્ષદે કહ્યું, પ્રભુ અલીભાઈ આપની આજ્ઞા માગે છે, તો પણ શ્રીજીમહારાજ કાંઈ બોલ્યા નહિ, અલીભાઈ બે હાથ જોડી આજ્ઞાની રાહ જોઈ સ્થિર ઊભા છે, ત્યારે પાર્ષદે કહ્યું, મહાપ્રભુ જાન બહાર ઊભી છે, જાનૈયા ઉતાવળ કરે છે અલીભાઈ આપની આજ્ઞા વિના અહીંથી જશે નહિ, માટે રાજી થઈ રજા આપો.

ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, **''પરણો ભાઈ પરણો'' આ જગતમાં પ્રભુ ભજવા કોઈ નવરો નથી,** જીંદગીભર માયા મમતામાં ગુંચાઈને જીવન પસાર કરી દે છે, પરણો ભાઈ પરણો આવી રીતે ત્રણ વાર કહ્યું, અલીભાઈ સમજી ગયા કે સંસારમાં રહી તમામ જવાબદારી નીભાવતાં નીભાવતાં ભગવાનનું અખંડ ભજન કરવું એવો હાર્દ શ્રીજીમહારાજનો થાય છે.

કમળ જળમાં રહે પણ જળથી અલિપ્ત રહે છે, તેવી રીતે અલિપ્ત રહી ભગવાનનું ભજન કરશું, પછી ધામધૂમથી લગ્ન થયાં, અલીભાઈ મુસલમાન હોવા છતાં સત્સંગનાં બધા નિયમોનું પાલન કરતા, અખંડ હરિને હૈયામાં ધારીને ભજન કિર્તન પાઠ-પૂજા કરે.

તેમને ત્યાં એક દીકરો હતો તે પણ ભારે સંસ્કારી થયો, ભજન ભકિત સારી રીતે કરે, ઉંમર લાયક થયો ત્યારે પરણાવ્યો, અને ધંધો બધો શીખવાડયો, દીકરો બહુ જ કહ્યાગરો ને વિવેકી, દરરોજ સારા સંસ્કાર આપવાથી દીકરામાં

બાપ જેવા ગુણ ઉતર્યા.

એક વખતે અલીભાદએ પોતાના દીકરાને કહ્યું, દીકરા મેં તારી ૧૮ વરસ સુધી સેવા કરી, રમાડયો, ભણાવ્યો, પરણાવ્યો અને મારી જે કાંઈ મિલ્કત છે તે તને સોંપી દઉં છું.

મારી ૧૮ વરસ સુધી તું સેવા કરજે, હું ફકત એક વખત ઘરે જમવા આવીશ બાકીનો સમય ભજન ભકિતમાં વીતાવીશ, ૧૮ વરસ પછી હું જીવતો રહીશ તો આપણે સાથે મળીને ધંધો કરીશું.

દીકરાએ સરસ જવાબ આપ્યો, પિતાજી આપની સેવા કરવી એ મારી ફરજ છે, આપ સુખેથી ભજન ભકિત કરો, તેમાં મારો ભાગ છે, પછી અલીભાઈ બાકીની જીંદગી પ્રભુ ભજનમાં વિતાવી, ઉત્તમ ગતિને પામ્યા.

અલીભાઈના જેવી સમજણ હોય તે ભક્તના હૃદયમાં પ્રભુ નિવાસ કરીને રહે છે. શ્રીજી મહારાજ કહે છે કે, ક્ષમાવાળા છે તે જ મોટા છે. આંખ્યું કાઢીને ગરીબને બીવરાવે છે તે માયાના જીવ છે અને યમપુરીના અધિકારી છે.

**"અધિક સંપત્તિ હોય તેને સંસારમાં મોટો કહેવાય પણ પરમેશ્વર ભજ્યામાં મોટો નથી."**

હરિ ભજતાં સહુ મોટપ પામે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**મૃત્યુ નહિ પણ તેની પાછળનો હેતુ માણસને શહીદ બનાવે છે.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૧૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૧૫) દુઃખહર દીનદયાળ

સ્વામિનારાયણ હરે..

ઉદ્ધવજી ભક્ત પરમ એકાંતિક ભક્ત હતા. બ્રહ્મરૂપ બનીને ભક્તિ કરતા.

- **દેહદર્શી શરીરના સુખને ઇચ્છે.**
  **આત્મદર્શી સુખને ઇચ્છે નહિ.**

- **દેહદર્શીને સારૂં સ્વાદિષ્ટ જમવા જોઇએ.**
  **આત્મદર્શીને સાદુ રસ વિનાનું જમવા જોઇએ.**
- **દેહદર્શીને મલીન સંકલ્પ થયા કરે.**
  **આત્મદર્શીને ભગવાનના પવિત્ર સંકલ્પ થાય.**
- **દેહદર્શીને આ લોકના સુખ મીઠાં લાગે.**
  **આત્મદર્શીને આ લોકના સુખ કડવાં ઝેર જેવાં લાગે.**

ઉદ્ધવજી ભક્ત આત્મદર્શી હતા. ખાતાં પીતાં સર્વ ક્રિયામાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્મરણ ચાલુ જ રાખે. પાંચ વખત માનસી પૂજા કરે. નિયમ, નિશ્ચય અને પક્ષમાં દઢતાવાળા હતા.

એક વખત કામ માટે એક ગામથી બીજે ગામ જાય છે. ઘાટું જંગલ આવ્યું. ઉદ્ધવજીને એમ કે હમણાંજ પસાર થઈ જઈશ. પણ એવું બન્યું, રસ્તામાં ચાર ચોર મળ્યા. મુંઝાઈ ગયા. હવે મારૂં શું થશે ? ચોર લોકોએ ભક્તને આકરી ધમકી આપી. તારી પાસે જે હોય તે આપી દે! બાવળની લાંબી સોટી લઈને આવ્યા. સોટીમાં મોટા મોટા કાંટા હતા. ભક્ત સામે કાંટાવાળી સોટી ઉગામી. ભક્ત મુંઝાઈ ગયા. પોતે એકલા અને સામે ચાર ચોર. શું કરવું ? આજે ચોક્કસ મોત આવ્યું લાગે છે. જીવતો નહિ રહેવા દે. અંતરમાંથી ભગવાનને પોકારે છે. પ્રભુ તમ વિના મારૂં કોણ છે. મારા જીવનના આધાર તમે છો. દુઃખ હર દીનદયાળ. હરિ હરિ, મારા દુઃખને હરો. સંકટને ટાળો અને મને તમારે શરણે લો. એક ચોર બોલ્યો, આપણે મારશું તો કોઈક દેખી જશે. તો એમ કરો, આપણે ઘરે લઈ જઈએ. ઘરમાં પૂરીને બરોબર જેવો મારશું.

ચોર કાંટાવાળી સોટી મારતા જાય અને બોલતા જાય, આજે તને પુરો કરશું. જીવતો નહિ મુકીએ. ઉદ્ધવજીના આંખમાં આંસુની ધાર થઈ. દિવ્ય સ્વરૂપે ભગવાને દર્શન આપ્યાં. હે ભક્તરાજ! તમે ચિંતા ન કરો. અમે તમારી સાથે છીએ. ભગવાન મદદમાં આવી ગયા. શ્રીજી મહારાજે બીજું રૂપ ધારણ કર્યું. ચોરના ઘરે પહોંચી ગયા. એના પત્નિને કહ્યું, તારો પતિ પાપી છે. મારા ભક્તને રીબાવીને લઈ આવે છે. કોઈને દુઃખી કરીને પૈસા લેશો તો તમે દુઃખી થાશો. તારા પતિને સમજાવજે અને ભક્તને છૂટા કરાવજે. નહિંતર વગર મોતે બધાં મરી જાશો.

**તમે કાલે જ મૃત્યુ પામવાના હો એવું માનીને જીવન જીવો, અને તમે કદીયે મૃત્યુ પામવાના ન હો એમ માનીને કાર્ય કરો.**

ચોર લોકો ઉદ્ધવજી ભક્તને પોતાને ઘેર લઇ આવ્યા. ચોરની પત્નિ દરવાજે ઉભી છે. દરવાજો બંધ કરી નાખ્યો. ચોર બોલ્યો, દરવાજો ખોલ! તેની પત્નિએ કહ્યું, દરવાજો નહિ ખોલું! આ ભક્તને શુકામ લઇ આવ્યા છો ? બીજાને દુઃખી કરે તે કોઇ દિવસ સુખી થાય નહિ. દરવાજાના અંદર આવવા નહિ દઉં અને આ ભક્તને ઠાલે હાથે જવા નહિ દઉં. આપણા ઘરમાં સોનાના દાગીના છે તેમાંથી એક દાગીનું એમને આપો. તમે મોટામાં મોટો ગુન્હો કર્યો છે. ભગતને પગે લાગીને માફી માગશો તો ઘરમાં આવવા દઇશ, નહિંતર ઘરમાં આવવા નહિ દઉં. સાચા પત્નિ હતાં તેથી પતિને પાપથી બચાવી લીધાં.

ચોર કોઇનું માને નહિ પણ પત્નિનું માની ગયો. ઉદ્ધવજીને છૂટા કર્યા. સ્વામિનારાયણ સ્વામિનારાયન ભજન કરતાં કરતાં શ્રીજી મહારાજ પાસે આવ્યા. પગે લાગીને બેઠા. શ્રીજી મહારાજે કહ્યું, ‘‘કેમ સુખી છો ને ભગત ? ઉદ્ધવજી ભકત બોલ્યા, હે મહારાજ! મારા ઉપર મોટું સંકટ આવ્યું હતું. દુઃખી થઇ ગયો. પણ ચોરના ઘરવાળા બહુ દયાળુ હતા તેથી બચી ગયો. નહિંતર મને મારી નાખત. મારા છોકરાં રખડી પડત. શ્રીજી મહારાજ કહે છે, અમે ચોરના પત્નિના મગજમાં એવી શીખામણ આપી આવ્યા હતા તેથી તમને છૂટા કર્યા. ચોરના પત્નિએ રક્ષા નથી કરી પણ સાચી હકીકતમાં અને રક્ષા કરી છે.

ઉદ્ધવજી ભક્ત ગદ્‌ગદ્ સ્વરે કહે છે, હે પ્રભુજી! તમારા વિના બીજું કોણ રક્ષા કરે? તમે તો અમારા માતા પિતા છો. તમે રક્ષણહાર છો. ઉદ્ધવજી ભક્તની રક્ષા કરી તેમ ભગવાન આપણી પણ રક્ષા કરે છે. ભગવાનના નિયમ ધર્મનું પાલન કરશું, ભગવાનની આજ્ઞામાં રહેશું, કમાણીમાંથી દશમો કે વીશમો ભાગ ભગવાનને અર્પણ કરશું, ભાવથી, શ્રધ્ધાથી પૂજાપાઠ કરશું તો આપણી પણ ભગવાન રક્ષા કરશે અને મહાકષ્ટમાંથી ઉગાડી લેશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૧૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી..............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**મૃત્યુથી વધુ સુંદર કોઈ ઉત્સવ નથી.**

## (૧૧૬) અનુવૃત્તિનો ભંગ

સ્વામિનારાયણ હરે..

ગઢપુરમાં ગોપીનાથજીના મંદિરનું ચણતર કામ ચાલુ છે. પથ્થર ખલાસ થઈ ગયા. કડિયાનું કામ અટકી ગયું. હવે શું કરવું? શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં વિરાજમાન છે. દાદાખાચર, સુરાખાચર વિગેરે ભક્તજનો દશર્ન કરવા આવ્યા. પગે લાગીને બેઠા. પ્રભુએ કહ્યું, ''ગાડાવાળાને કહો કે સીમમાંથી પથ્થરા લેવા જાય. મંદિરનું કામ અટકી ગયું છે.'' ત્યારે ભક્તજનો બોલ્યા, ''હે પ્રભુ. અષાઢ મહિનો અને શ્રાવણ મહિનો પૂરો થવા આવ્યો છે પણ વરસાદ વરસતો નથી. તેથી ખેડૂતો કોશ હાંકવા ગયા છે. નદી, તળાવ અને કૂવાના પાણી સુકાઈ ગયા છે.

હે મહારાજ, વરસાદ થાય તેવી કૃપા કરો. પ્રભુ બોલ્યા, ''વરસાદ થાય તેવું લાગતું નથી. ઈન્દ્રરાજા કોપાયમાન થયા છે. વરસાદની આશા રાખશો નહિ.'' આંખમાં આંસુ આવી ગયા. અલૈયાખાચર બોલ્યા, હે પ્રભુ! તમે ઈન્દ્રરાજાને આજ્ઞા કરો તો જરૂર વરસાદ કરશે. તમે જગતના ધણી છો. ધારો તે કરી શકો. શ્રીજી મહારાજ બોલ્યા, ''અમે અમારા અધિકારીઓને જુદા જુદા કામ સોંપી દીધાં છે. તે પ્રમાણે તેઓ તેમની જવાબદારી નીભાવતા જાય છે. એમના કાર્યમાં દખલગીરી કરવી તે અમને યોગ્ય લાગતું નથી. પછી ભક્તજનો ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા. બે હાથ જોડી વિનંતિ કરી, સ્વામી, તમે સમર્થ છો. વરસાદ વરસાવો તો જીવપ્રાણીમાત્ર સુખી થાય.

ગોપાળાનંદ સ્વામી કહ્યું, કરતા હરતા તો સ્વામિનારાયણ ભગવાન છે. તેમને વાત કરોને. ભક્તજનો બોલ્યા, ''અમે શ્રીજી મહારાજ પાસે વાત કરી પણ તેમને ચોખી ના પાડી દીધી છે કે આ વર્ષે વરસાદ નહિ થાય. ગોપાળાનંદ સ્વામી બોલ્યા, પ્રભુની મરજી ઉપરાંત અમારાથી કાંઇ કાર્ય કરી શકાય નહિ.ભક્તજનો નીરાશ થઈ ગયા. સચ્ચિદાનંદ સ્વામી પાસે રાધાવાડીએ ગયા. સવિસ્તાર વાત કહી સંભળાવી. સચ્ચિદાનંદ સ્વામી કહ્યું, હું ઈન્દ્રરાજાને ધમકાવી નાખું કે કેમ વરસાદ કરતા નથી! પછી શ્રીજી મહારાજ મારા ઉપર ખીજાશે તો શું કરશો ? ભક્તજનો બોલ્યા, તમે ચિંતા ન કરો. પ્રભુનું ખીજાવું દૂધના ઉંફાળા જેવું છે. દંડ દેશે તો અમે ભોગવી લેશું.''

સચ્ચિદાનંદ સ્વામી ઈન્દ્રરાજા પાસે ગયા. જલ્દી વરસાદ વરસાવો. પ્રજા દુઃખી થાય છે. ઈન્દ્રરાજાએ મેઘરાજાને આજ્ઞા કરી. વીજળીના ચમકારા સાથે ભયંકર ગર્જના થવા લાગી. વરસાદ મંડ્યો વરસવા. પાણીની ધારાઓ વહેતી જોઈને શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યા છે. તે બેઠા થઈ ગયા. બ્રહ્મચારી, આ શું થાય છે ? મહારાજ વરસાદ વરસે છે. પ્રભુ આંખ લાલ કરીને બોલ્યા, કોણ છે વરસાદ વરસાવનાર ? જોરથી હાંક મારી. અમારાથી ઉપરવટ કોણે આ કામ કરેલું છે ? સચ્ચિદાનંદ સ્વામી ઈન્દ્રરાજા પાસે બેઠા હતા તે હાંક સાંભળીને તરત જ રાધાવાડીએ આવતા રહ્યા. થોડીવાર પછી વરસાદ બંધ થઈ ગયો. બધાં માણસો રાજી રાજી થઈ ગયા.

બીજે દિવસે પ્રભુ ઢોલીયા ઉપર વીરાજમાન થયા છે. સામે સંતો અને ભક્તજનો બેઠા છે. સચ્ચિદાનંદ સ્વામી ડરતા ડરતા સભામાં આવ્યા. પ્રભુ મૌન બેઠા છે. કાંઈ બોલતા નથી. ત્યારે સોમલાખાચરે કહ્યું, મહારાજ, વરસાદ બહુ સારો થયો. ચારે બાજુ ધરતી લીલીછમ થઈ જશે. જીવપ્રાણીમાત્ર સુખી થશે.શ્રીજી મહારાજ આંખ લાલ કરી બોલ્યા, સચ્ચિદાનંદ સ્વામી! તમે સ્વતંત્ર થઈ ગયા છો. આજ્ઞા વિના મન ફાવે તેમ કરો છો. અહિંથી નીકળી જાઓ. તમારૂં મોઢું અમને બતાવશો નહિ. ગમે ત્યાં જતા રહો. અમને તમારી કોઈ જરૂર નથી. ભક્તજનો બે હાથ જોડી કહે છે, હે પ્રભુ, સચ્ચિદાનંદ સ્વામીનો કોઈ દોષ નથી. ક્ષમા કરો. અમારા કહેવાથી તેમણે વરસાદ વરસાવ્યો છે. શ્રીજી મહારાજ બોલ્યા, સચ્ચિદાનંદ સ્વામી અહિંથી ન જાય તો અને જતા રહેશું.

સચ્ચિદાનંદ સ્વામી તરત પ્રભુને પગે લાગીને ચાલતા થઈ ગયા. ઘેલા નદીના કિનારે પથ્થરની શીલા હતી તે ઉપર બેઠા. ભગવાનમાં વૃત્તિ રાખીને કીર્તન ગાય છે -

**નહિ દઉં જાવા રે, નહિ દઉં જાવા રે,**
**નાથ તમને આંખલડીથી રે, નહિ દઉં જાવા...**

આખી રાત્રિ ભજન કરે છે. પાણી પીધું નથી. સખત તાપ છે. ખૂબ તરસ લાગી છે. આ બાજુ શું થયું ? પ્રભુ અક્ષરઓરડીમાં પોઢ્યા છે. પ્રભુને પણ તરસ

**ગરીબ હરિભક્ત સામું ન જુએ તો ઈશ્વરના ઘરનો ગુનેગાર છે.**

લાગી. બ્રહ્મચારીએ ગ્લાસમાં પાણી આપ્યું. જળપાન કરી આડે પડખે થયા. વળી ઉઠ્યા. પાણી આપો, કંઠ સુકાય છે. વારંવાર જળપાન કરે છે પણ તરસ છીપતી નથી. શ્રીજી મહારાજે કહ્યું, સચ્ચિદાનંદ સ્વામી ખૂબ તરસ્યા છે. તેને પાણી પાશો ત્યારે મારી તરસ છીપશે.ભગવાનની અને ભક્તને એકતા છે. જલ્દી જાઓ. સ્વામીને પાણી પીવડાવો અને આહિ બોલાવી લાવો.

રતનજી અને મીંયાજી પાણી લોટો ભરીને ઘેલા નદીને કાંઠે દોડતા ગયા. સ્વામીને પાણી પાયું ત્યારે શ્રી હરિની તરસ છીપાણી. સ્વામીજી, ચાલો. તમને પ્રભુ બોલાવે છે. સ્વામી દોડતા આવ્યા. પ્રભુને દંડવત પ્રણામ કર્યા. પ્રભુ, મને માફ કરો. મારી ભૂલ થઈ છે. ફરી આવું નહિ કરૂં. શ્રીજી મહારાજ બાથમાં લઈને ભેટ્યા. સ્વામી, તમારામાં ભક્તિની શક્તિ ગજબની છે. પણ અમારી આજ્ઞા વિના કાંઇ કરવું નહિ. વચનમાં રહેશો તો સુખી થશો.શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને જમાડીને તૃપ્ત કર્યા. મહાન થવું હોય તો ભગવાનના વચનને પકડી રાખો. ભગવાનની અનુવૃત્તિને સાચવવી એજ મનુષ્ય જન્મની સાર્થકતા છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૧૧૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૧૭) આદરેજમાં અન્નકૂટ ઉત્સવ

સ્વામિનારાયણ હરે..

અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન પાંચસો પરમહંસ સહિત ગામ આદરજ પધાર્યા. ત્યાં દરબાર રતુખાંટ રહેતા હતા. ભગવદીય ભક્ત હતા. સત્સંગી સારા પણ લોભીયો સ્વભાવ હતો. આદરજ ગામના માણસો માથાભારે હતા. લૂંટફાટ અને ચોરી બહુ કરે. રતુજી ભક્તને મનમાં સંકલ્પ થાય છે કે શ્રીજી મહારાજ સાથે આટલા બધાં સંતો અને ભક્તો આવ્યા છે તો ખાવા પીવાનું કેમ પુરું થશે ? ખૂબ ખર્ચ થશે. હવે શું કરવું ? કાંઈ કહેવાશે નહિ. મનમાં મુંઝાય છે. અંતર્યામી પ્રભુ મંદ મંદ હસતા બોલ્યા, ભક્તરાજ! અમારી

> જન્મ અને મૃત્યુ બે અલગ અલગ ઘટનાઓ નથી પણ, એક જઘટનાનો આરંભ અને અંત છે. ખરેખર તો જન્મતાંની સાથે જમૃત્યુની ઘડી નક્કી હોય છે.

ખાવા પીવાની ચિંતા ન કરજો. અમે તમારૂં જમવા નથી આવ્યા. અમે અમારી જમવાની વ્યવસ્થા કરી લેશું. તમને સૌને આનંદ કરાવવા અને દર્શન આપવા આવ્યા છીએ.

બીજા દિવસે રતુજી ભક્તનો દીકરો મજૂરોની સાથે પોતાના ખેતરમાં ગયા. હળથી ખેતર ખેડે છે. ત્યાં ધરતીમાંથી તાંબાનો ઘડો નીકળ્યો. અંદર જોયું તો ચાંદીના સિક્કા. આશ્ચર્ય પામી ગયા. ઘડો લઈને દોડતા દોડતા પ્રભુ પાસે આવ્યા. પ્રભુના ચરણમાં ઘડો મુક્યો.

શ્રીજી મહારાજે કહ્યું, તમને મનમાં ચિંતા થતી હતી કે આટલા બધા સંતો ભક્તોને જમાડીશ તો ખૂબ ખર્ચ થશે, તે તમારી ચિંતા હવે દૂર થઈ ગઈ. આ ચાંદીના સિક્કા તમે રાખો. અમે કોઈનું મફત જમતા નથી. વ્યાજ સહિત પાછું આપીએ છીએ. રતુજી બે હાથ જોડી ગદ્ ગદ્ કંઠે કહે છે, પ્રભુ, મને માફ કરો. લોભીયા સ્વભાવના કારણે મને એવો વિચાર થયો પણ આપ તો વિશ્વંભર છે. તમામ જીવપ્રાણીમાત્રનું પોષણ કરો છો.

આપની દયાથી મારી પાસે પુષ્કળ ધન સંપત્તિ, માલ મિલ્કત છે. સાતસો વિઘાની જમીન છે. તમે આ દ્રવ્યમાંથી મોટો ઉત્સવ કરો અને જોઈશે તો હું મારા રાજદરબારમાંથી દ્રવ્ય આપીશ. શ્રીજી મહારાજને ઉત્સવ બહુ પ્રિય છે. ઉત્સવ ઉત્સાહી બનાવે છે.

શ્રીજી મહારાજ બોલ્યા, ચાલો, આપણે અન્નકૂટ ઉત્સવ અહિં કરીએ. રસકસ મગાવો. પકવાન્નની તૈયારી કરીએ. આવું સાંભળી સૌ રાજી થયા. વૃધ્ધ સંતો પણ સેવા કરવા તત્પર થઈ ગયા.

- મુક્તાનંદ સ્વામીએ મેસુબ અને મોહનથાળ બનાવ્યો.
- બ્રહ્માનંદ સ્વામીએ બાસુંદી અને ગુલાબપાક બનાવ્યો.
- ગોપાળાનંદ સ્વામીએ સાટા અને ગુંદરપાક બનાવ્યો.
- પ્રેમાનંદ સ્વામીએ પેંડા અને બરફી બનાવી.
- નિષ્કુળાનંદ સ્વામીએ સુંવાળી સેવ બનાવી.

# ઘર સત્સંગ સભા

- સુખાનંદ સ્વામીએ સુખડી અને સુતરફેણી બનાવી.
- નિત્યાનંદ સ્વામીએ તલસાંકડી અને તલના લાડુ બનાવ્યા.
- ગુણાતિતાનંદએ સ્વામી ગુલાબ જાંબુ અને ટોપરાપાક બનાવ્યો.
- મહાનુભાવાનંદ સ્વામીએ મગજ અને મુઠીયાના લાડુ બનાવ્યા.
- વ્યાપકાનંદ સ્વામીએ વડાવડી અને દૂધપાક બનાવ્યો.
- દેવાનંદ સ્વામીએ દહીંથરાં બનાવ્યા.
- ભૂમાનંદ સ્વામીએ ભાખરી બનાવી.
- જયરામ બ્રહ્મચારીએ જલેબી અને પુડલાં બનાવ્યા.
- ગુરુચરણરતાનંદ સ્વામીએ ગાંઠિયા અને પાપડી બનાવી.
- ભાયાત્માનંદ સ્વામીએ ભજીયાં અને ભાખરી બનાવી.
- પૂર્ણાનંદ સ્વામી પુરણપોળી બનાવી.
- ચૈતન્યાનંદ સ્વામીએ પતાસાં બનાવ્યાં.
- પરમાનંદ સ્વામીએ પાપડ બનાવ્યા.
- મુળજી બ્રહ્મચારીએ સાટા બનાવ્યા.
- મંજુકેશાનંદ સ્વામીએ મોતૈયાના લાડુ બનાવ્યા.
- આનંદાનંદ સ્વામીએ અડદીયા લાડુ બનાવ્યા.
- શિવાનંદ સ્વામીએ સક્કરપારા બનાવ્યા.
- સ્વરૂપાનંદ સ્વામીએ સુતરફેણી બનાવી.
- ઘનશ્યામાનંદ સ્વામીએ ઘેબર અને ઘુઘરા બનાવ્યા.

બીજા સંતો હતા તેમને રોટલી – રોટલા – પુરી- કંસાર - લાપસી – કઢી – શીખંડ – ચટણી – રાયતું – વાલ વટાણાં અને અનેક પ્રકારના શાક બનાવ્યા છે. શ્રીજી મહારાજને પ્રાર્થના કરી, ‘‘હે મહારાજ! આપ જમવા પધારો.’’ શ્રી

**મૃત્યુનું કારણ કોઈ રોગ કે અકસ્માત નથી પણ જન્મ છે.**

હરિએ શ્વેત પિતાંબર પહેરી, રેશ્મી ખેશ ઓઢી, ચાંદીની ચાખડી પહેરી ચટકતી ચાલે ભોજન જમવા પધાર્યા. હસ્તકમળ ધોઈને પ્રભુ જમવા માટે બીરાજ્યા. ભક્તજનો નીરખી નીરખીને દર્શન કરે છે. પછી સંતો અને ભક્તોની પંક્તિ થઈ. પ્રભુ પંક્તિમાં પીરસવા પધાર્યા. ખૂબ ભાવથી સહુને જમાડ્યા.

આનંદ આનંદ થઈ ગયો. આદરેજમાં જે ભરાડી અને ચોર હતા તેમને પણ જમાડ્યા. પ્રસાદ જમવાથી હૃદય પવિત્ર થયાં. તે પણ સત્સંગી થઈ ગયા. બીજા દિવસે શ્રી હરિ ઢોલીયા ઉપર બીરાજમાન થયા. ચારે બાજુ સંતો અને ભક્તો બેઠા છે. શ્રીજી મહારાજ સહુને ઉપદેશ આપે છે, ‘‘સત્સંગ છે તે સત્યદીપ છે. દીપક પ્રગટાવ્યા પછી તેમાં વારંવાર દીવેલ પુરવું પડે છે. નહિંતર દીપ ઓલવાઈ જાય અને અંધારૂં થઈ જાય, તેમ સત્સંગરૂપ દીપકને પ્રજ્જવલિત રાખવા માટે દરરોજ સંત સમાગમ કરવો.

**નાવિક વગરની નૌકા નકામી તેમ સત્સંગ વિનાનું જીવન નકામું.**

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૧૧૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૧૮) શુભ વાસનાની વૃધ્ધિ કોની થાય છે?

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્ વાસનાની વૃદ્ધિ થાય છે. સત્સંગીનો અવગુણ આવે છે. મનમાં એમ થાય કે બીજાં બધાં અણસમજુ છે અને હું સમજુ છું. સર્વથી અધિક પોતાને જાણે. રાત દિવસ મુંઝાયા કરે. સુવે તો નિંદ્રા પણ આવે નહિ. ક્રોધ તો ક્યારેય મટે જ નહિ.

શુભ વાસનાની વૃધ્ધિ થાય તેને સત્સંગીનો ગુણ આવે. પોતાને ન્યુન સમજે અને સર્વ સત્સંગીને મોટા સમજે. અને આઠે પહોર તેના હૈયામાં આનંદ વર્ત્યા કરે. તેવી સમજણ જેને હોય તે અતિશે મોટપને પામી જાય છે. (ગ. પ્ર. પ્ર. ૨૮ વચનામૃત)

**મૃત્યુ અલ્પવિરામ છે પૂર્ણ વિરામ નહિ.**

આપણને જેવા તેવા આલી મવાલી નથી રહેવું, સાધુને જડભરત જેવું થવું અને સંસારીને રાજા જનક જેવું થવું. અને જો આવા મહા ભક્ત થવું હોય તો મહાન શાસ્ત્રોનો મહાન સંતનો સમાગમ કરવો, મહાનને સેવ્યા વિના મહાન થવાતું નથી.

એક ભિક્ષુક ગામમાં ભિખ માગવા ગયો, ભિક્ષા માગતો માગતો રાજ્યદરબારમાં પહોંચી ગયો દરવાજે દ્વારપાળ ઊભા છે. પૂછ્યું અલ્યા કયાં જવું છે ? મારે રાજાને મળવા જવું છે. મળવા નહિ મળે. જો રૂપિયા જોઈતા હોય તો આ પાંચ રૂપિયા લઈ જા. ભિક્ષુકે કહ્યું, તારા પાંચ રૂપિયાને હું શું કરું. અલ્યા ભિખારી છે ને બળ કરે છે. ભિખારીને ખાવાથી ને પાંચ રૂપિયાથી કામ હોય. લે રૂપિયાને ચાલતો થઈ જા. ભિખારીએ કહ્યું, મારે પૈસાનું કામ નથી, રાજાનું કામ છે. તારા જેવા ભિખારીને રાજા પાસે જવા નહિ મળે માટે ચાલતો થઈ જા. ભિખારીએ કહ્યું, ભલો થા, મને જવા દે. રાજા સાથે મારી જૂની ઓળખાણ છે. સિપાઈ દોડતો રાજા પાસે આવ્યો. મહારાજા ! એ કાંઈ લેતો નથી. એમ કહે છે મને રાજાને મળવું છે. મારી જૂની ઓળખાણ છે.

રાજાએ કહ્યું, જે હોય તેને આવવા દો. ભિખારી આવ્યો રાજાને નમસ્કાર કરીને ઊભો. રાજાએ કહ્યું, તમે ગરીબ છો ? ના હું ગરીબ નથી. હું તો શાહુકાર છું. રાજા વિચાર કરે છે કે કપડાં તૂટેલ ફાટેલ છે ને શાહુકાર છે. કઈ રીતે તું શાહુકાર ? ભિક્ષુકે કહ્યું, રાજ્ય દરબારના બારણે ઊભો હતો ત્યારે ગરીબ હતો. પણ અત્યારે રાજ્ય દરબારમાં ઊભો છું તેથી શાહુકાર છું. રાજાને થયું, ભિખારીને રાજ્યનો મહિમા કેટલો છે. વાહ તને રાજ્યનો મહિમા છે. તે મારા માટે મહાન બાબત છે. રાજા રાજી થયા તેથી સરસ મજાનાં ભોજન જમાડ્યાં.

ભિખારી ગામમાં આવ્યો, અને ભોજનના ખૂબ વખાણ કરે. કેવા દયાળુ રાજા છે. મને ભાવથી જમાડ્યો. ગામોગામ ભિક્ષા માગવા જાય ત્યાં રાજાના વખાણ કરે. રાજાને ખબર પડી. તેથી ભિખારીને બોલાવી દસ ગામનું રાજ્ય આપી દીધું. રાજાએ ભિખારીને દશ ગામ આપી દીધાં. તો શ્રીજી મહારાજ અક્ષરધામના રાજાધિરાજ તો શું ધામ ન દે ! આપણને જો સ્વામિનારાયણ ભગવાનનો કેફ હશે. ખુમારી હશે તો ભગવાન જરૂર અક્ષરધામ આપશે.

# ઘર સત્સંગ સભા

ખુમારીપૂર્વક ભગવાનનાં વખાણ કરો. મંદિરમાં કેવી સરસ આરતી થાય છે. કથા કીર્તન થાય છે. જુવો તો ખરા ભગવાનને કેવા સુંદર શણગાર ધરાવાય છે. ખુમારીપૂર્વક સત્સંગ કરાવો. હીરો હાથ આવી ગયો છે. અમે નિર્ધનીયા નથી. મહા મોંઘો માલ મળી ગયો છે. માણસના ખિસ્સામાં થોડાક પૈસા હોય તો માનવને હિંમત રહે છે ત્યારે જે ભક્તજન પરમાત્માને નિત્ય સાથે રાખીને ફરે, એને કેમ હિંમત નહિ હોય ? ખુમારીથી ફરો કે, મારી સાથે મારા ભગવાન છે.

જેની પાસે ભગવાન છે, સદ્‌ગુણોરૂપી મિલકત છે, તેની પાસે બધુંજ છે. આખી દુનિયાની સંપત્તિ હોય, પણ જો તેના જીવનમાં ભગવાનની ભક્તિ, ભજન, ધર્મ નિયમ, પૂજા પાઠ, કથા, કીર્તન કાંઈ નથી તો તેની પાસે કાંઈજ નથી.

આનંદમાં રહો અને બીજાને આનંદમાં રાખો. આનંદથી કથા વાંચો. આનંદથી સત્સંગ કરો. પ્રભુ સહજાનંદ સ્વામી આનંદકારી મૂર્તિ છે. તેને હૈયામાં રાખો. તેનું ગૌરવ રાખો. હું સર્વોપરી સાક્ષાત સ્વામિનારાયણ ભગવાનનો દાસ છું.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**ઉત્સાહ, સામર્થ્ય અને મનમાં હિંમત આ સફળતા મેળવવાના આવશ્યક ગુણો કહેવાયા છે.**

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૧૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૧૯) પ્રભુ કહે છે, મરે નહિ એવો દીકરો આપીએ છીએ.

સ્વામિનારાયણ હરે..

સૌરાષ્ટ્રની અંદર નાઘેર પ્રદેશ છે. તેમા ઉના શહેરમાં હંસરાજ ભક્ત રહેતા હતા. એક વખત ગુણાતિતાનંદ સ્વામી, વજાનંદ સ્વામી, રાઘવાનંદ સ્વામી સત્સંગ કરાવવા માટે ઉના શહેરમાં પધાર્યા. હંસરાજ ભક્તે સારો આવકાર આપ્યો. સ્વાગત કર્યું. જમાડ્યા. સંત સમાગમ કરવા માટે નગરશેઠ ગણેશભાઈ દરરોજ આવે અને સભામાં બેસે. સંતો ઉપદેશ આપે. દેહની શુદ્ધિ સ્નાનથી થાય છે. મનની શુદ્ધિ સત્સંગથી થાય છે. ધનની શુદ્ધિ દાનથી થાય છે. ભગવાને આપણને કમાણી કરવા માટે મોકલ્યા છે. સત્સંગનું ભાતુ બાંધી લેજો. ટાણે થાય તે નાણે થતું નથી. ભગવાન ભજવાનું ટાણું આવ્યું છે. પૂજાપાઠ, સત્સંગ સમૈયા કરતા રહેજો.

ગણેશભાઈ કહે છે, હે સ્વામી, તમે અમારે ઘેર જમવા પધારો. સંતો જમવા પધાર્યા. રસોઈ બનાવી, ઠાકોરજીને જમાડી, સંતો જમ્યા. ગણેશભક્તને પ્રસાદી આપી. દરરોજ સભા થાય અનેક મનુષ્યો કથા સાંભળવા આવે. આખું ગામ સત્સંગથી રંગાઈ ગયું. ગણેશ શેઠ શ્રીમંત હતા. રાજાના જેવો વૈભવ હતો. રાજ્યના અધિકારીઓ ગણેશભાઈને પુછીને કાર્યો કરતાં. છતાં પણ સત્તાનું અને સંપત્તિનું અભિમાન નહોતું. દાન પુણ્ય છૂટે હાથે કરતા. પણ એક વાતની ખામી હતી. ઘેર કોઈ સંતાન નથી. સંતાન વિનાનું સંસારીનું ઘર સુનું લાગે છે. મનમાં ઈચ્છા રહ્યા કરે કે દીકરો હોય તો બહુ સારૂં.

ગણેશ શેઠ એક વખત ગઢપુર આવ્યા. પ્રભુને પગે લાગીને બેઠા. મનમાં પુત્રની ઈચ્છા છે. શ્રી હરિ મને એક પુત્ર આપે તો વૃધ્ધાવસ્થામાં ચાકરી કરે. પ્રભુ અંતર્યામી છે. તેથી બોલ્યા, મુક્તાનંદ સ્વામી, ઘણા માણસો મનમાં ઈચ્છા રાખે છે. મારે ઘેર દીકરો હોય તો ઠીક થાય. દીકરો શું કરી દે ? માથું દુઃખતું હોય, તાવ આવ્યો હોય તો શું દીકરો મટાડી દે ? મુક્તાનંદ સ્વામીએ કહ્યું, દુઃખ તો ભોગવવું જ પડે. પ્રભુ બોલ્યા, ગરીબ માણસ આશા રાખે, દીકરો ચાકરી કરશે પણ શ્રીમંતો નોકર ચાકર રાખીને સેવા કરાવી શકે. તો દીકરાનો મોહ શા માટે રાખતા હશે ? જેમ ભગવાન રાખે તેનાં સંતોષ રાખવો જોઈએ ને! ગણેશ ભગત, તમને દીકરાનો સંકલ્પ થાય છે ને ? હા મહારાજ, સંસારી છીએ તેથી ઘાટ સંકલ્પ થાય ખરા.

ત્યારે પ્રભુએ કહ્યું, મરી જાય એવો દીકરો આપીએ કે ન મરે એવો દીકરો આપીએ ? બોલો, કેવો દીકરો જોઈએ ? મહારાજ, આપની ઈચ્છા. આપને યોગ્ય લાગે તેમ કરો. શ્રીજી મહારાજ પોતે દરરોજ બાલમુકુંદની એટલે લાલજી મહારાજની દરરોજ પૂજા કરતા હતા તે મૂર્તિ આપીને કહ્યું, લ્યો, આ તમારો દીકરો. એમને તમારો વારસો અને માલ મિલ્કત સોંપજો. શેઠ સમજી ગયા કે મારા પ્રારબ્ધમાં પુત્ર નથી. પ્રભુની સેવા પૂજા કરીને પ્રસન્નતા પ્રાપ્ત કરી લેવી. શેઠ ઉભા થયા. શ્રીજી મહારાજે બાલમુકુંદની મૂર્તિ ગણેશ ભક્તના હાથમાં અર્પણ કરી. ગણેશ ભક્ત રાજી રાજી થઈ ગયા. હું કેવો ભાગ્યશાળી છું કે પ્રસાદીની મૂર્તિ સ્વહસ્તે પ્રભુએ મને આપી!''

**તમારી સફળતા વખતે લોકો તમને જેટલા સારા માને છે તેટલા સારા તમે નથી હોતા, તે જ રીતે તમારી નિષ્ફળતા વખતે લોકો તમને જેટલા ખરાબ માને છે તેટલા ખરાબ પણ તમે નથી હોતા.**

પછી સુંદર મજાનું મંદિર બનાવ્યું. તેમાં ધામધૂમથી મૂર્તિની સ્થાપના કરી. દરરોજ પોતે પૂજન કરે, આરતિ ઉતારે, સામે બેસીને માળા ફેરવે. પિતાને પુત્રમાં પ્રેમ હોય તેથી વિશેષ પ્રેમ ભગવાનમાં થયો. આ પુત્ર મારા છે. જેમ પિતા પોતાના પુત્રને માલ સોંપે તેમ તમામ સોનારૂપાના દાગીના, મકાન, દુકાન અને લાખો રૂપિયા તમામ વસ્તુઓ ભગવાનને નામે લખી આપી. દસ્તાવેજ કરી આપ્યા. આ મારી મિલ્કત મારા પુત્ર લાલજી ગણેશના નામના વહિવટમાં છે. તમામ માલ મિલ્કતનો ધણી આ બાલમુકુંદ છે. બન્ને દંપતિએ ભજન ભક્તિ કરી, બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું.

સમય જતાં ગણેશ શેઠ ગઢપુર આવ્યા. એમની ઈચ્છા હતી કે મારી અંતિમ અવસ્થા ગઢપુરમાં પૂરી થાય તો બહુ સારૂં. બોલતા ચાલતા કાંઇ બીમારી હતી નહિ અને પ્રભુ ગણેશ શેઠના આત્માને વિમાનમાં બેસાડીને અક્ષરધામમાં તેડી ગયા. આવી રીતે તમામ સંપત્તિ પરમેશ્વરને અર્પણ કરવી તે કાંઇ સહેલી બાબત નથી. નિર્વાસનિક થવાશે તો અક્ષરધામમાં જવાશે. હૈયામાં હરિ સાથે હેત, મુખમાં હરિ ભજન, આંખમાં હરિની મૂર્તિ, કાનમાં કથા, હાથમાં માળા, સૌને પ્રણામ અને હૃદયમાં વૈરાગ્ય રાખશું તો હરિ ધામમાં જવાશે. વાસનાએ રહિત વર્તવું એ જ આ કથાનો સાર છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૨૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૨૦) પ્રભુ ભક્તને મદદ કરે છે

સ્વામિનારાયણ હરે..

ભગવાન પોતાના ભક્તના યોગક્ષેમને વહન કરે છે. તેવી અલૌકિક લીલાનું વાંચન શ્રવણ કરીએ. ભગવાન ગામોગામ અનેક જીવાત્માના કલ્યાણ કરવા સંતો ભક્તોની સાથે વિચરણ કરે છે. ગામ પંચાળા જાય છે. રસ્તામાં ગામ માણાવદર

**ધનના અભાવ કરતાં પણ શક્તિના અભાવથી જ મોટે ભાગે અસફળતા મળે છે.**

આવ્યું. નજર કરી તો એક વાડીમાં બાજરો પાકી ગયો છે. શ્રીજી મહારાજે મયારામજીને પુછ્યું, ભટ્ટજી, આ કોની વાડી છે ? ભટ્ટજી બોલ્યા, હે મહારાજ, આ મારી વાડી છે. પ્રભુએ કહ્યું, બાજરો પાકી ગયો છે. કાપીને ઠેકાણે કેમ કરતા નથી. વરસાદ થશે તો બગડી જશે. સમયસર કાપી લેવો જોઇએ ને! પરિવારને જમવા માટે બાજરો જોઈશે.

મયારામ ભટ્ટ બોલ્યા, હું તમારી સાથે ફરૂં છું. તમને મૂકીને ઘરે કે વાડીએ જવાનું મન થતું નથી. પ્રભુએ કહ્યું, ગોવિંદરામને કહો તો વાડીનું ધ્યાન રાખે ને. ભટ્ટજી બોલ્યા, ગોવિંદરામ ઘરમાં બેસીને અખંડ તમારી ધ્યાન પૂર્વક માળા ફેરવે છે. વાડીએ જતાં નથી. સંસાર વ્યવહારમાં ધ્યાન દેતા નથી. એને સંસારનું બંધન ગમતું નથી. શ્રીજી મહારાજે કહ્યું, તમે અમારૂં ધ્યાન કરો છો તો તમારા વ્યવહારને અમારે ધ્યાન રાખવું જોઈશે. વચનામૃતમાં શ્રીહરિ કહે છે, ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું ભગવાનના ભક્તનો પણ ભક્ત છું. હું તે ભગવાનના ભક્તની ભક્તિ કરૂં છું.

કેવા ભક્તની ભગવાન રક્ષા કરે છે ? પ્રભુની આજ્ઞાનું યથાર્થ પાલન કરે છે એવા ભક્તની ભગવાન રક્ષા કરે છે.

**"મયારામજી, દાતરડાં આપો... આપણે બધાં સાથે મળીને બાજરો કાપી દઇએ."**

શ્રીજી મહારાજ અને સંતોએ હાથમાં દાતરડાં લીધાં. બાજરો કાપે છે. મયારામજી બોલ્યા, રહેવા દો પ્રભુ, રહેવા દો. અમે બાજરો વાઢી લેશું. પ્રભુએ કહ્યું, તમે અમારૂં અખંડ ધ્યાન ભજન કરો છો તેના બદલામાં અમે તમારૂં કામ કરીએ. જલદી કામ થઇ જાય તો જલદી પંચાળા પહોંચી જઇએ. કોઇ બાજરો કાપે, કોઇ લણે છે, કોઇ ભારી બાંધીને ખરવાડમાં ઢગલો કરે છે. થોડીવારમાં બાજરો લણી, વાઢીને ડુંડાનો ઢગલો કરી દીધો. મયારામજી જોતાં જ રહી ગયા. હે પ્રભુ! તમે ભક્તજનોની રક્ષા તો કરો છો પણ તેમની માલ મિલ્કતની પણ રક્ષા કરો છો. મયારામજી, હવે ચાલો, પંચાળા જઇએ ને ઉત્સવ કરીએ.

ગયેલી સંપત્તિ પાછી મળશે પણ ગયો સમય પાછો નહિ મળે. પ્રતિક્ષણનો સદ્‌ઉપયોગ કરીને હરિસ્મરણ કરવું. પ્રભુ સાથે કેટલો સબંધ વધ્યો એ તપાસવાનું છે.

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા હરજીસું હેત ન દીસે રે, તેને ઘેર શીદ જઈએ;
તેને સંગ શીદ રહીએ રે. . .ટેક.
હેત વિના હુંકારો ન દેવો, જેનું હરખેસું હૈયું ન હીસે રે;
આગળ જઈને વાત વિસ્તારે, જેની આંખ્યુંમાં પ્રેમ ન દીસે રે. તેને૦ ૧
ભક્તિભાવનો ભેદ ન જાણે, ભુરાયો થઈને ભાળે રે;
લલિત લીલાને રંગે ન રાચે, પછી ઉલેચી અંધારું ટાળે રે. તેને૦ ૨
નામ તણો વિશ્વાસ ન આવે, ને ઊંડું તે ઊંડું શોધે રે;
જાહ્નવી તીરે તરંગ તજીને, પછી તટમાં જઈને કૂપ ખોદે રે. તેને૦ ૩
પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યાં મતીયાં કહે છે માયા રે. તેને૦ ૪

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**ક્ષણભરની સફળતા વર્ષોની
અસફળતાની કમીને પૂરી કરી દે છે**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૨૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.......................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૨૧) પ્રભુ ઉઘરાણી કરવા જાય છે.

સ્વામિનારાયણ હરે..

સૌરાષ્ટ્રમાં સમુદ્ર કિનારે માંગરોળ ગામ છે. ત્યાં વણિક જ્ઞાતિના શેઠ ગોવર્ધનભાઇ નામે એક બ્રહ્મસ્થિતિને પામેલા ભક્તરાજ રહેતા હતા. રામાનંદ સ્વામીના શિષ્ય હતા, વિશાળ વ્યવહાર હોવા છતાં અનાસક્ત હતા. આત્મદર્શી હતા. ભક્તિની શક્તિની વાત જુદી હોય છે. એક વખત ગોવર્ધનભાઇ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા ગઢપુર પધાર્યા. પ્રભુને પગે લાગી બેસવાની તૈયારી કરે છે. શ્રીજી મહારાજે કહ્યું, ગોવર્ધનભાઇ! આ ઢોલીયા ઉપર બેસી જાવ. તરત શ્રીહરિની બાજુમાં ઢોલીયા ઉપર બેસી ગયા. કાઠી હરિભક્તો કહે છે,

''ગોવર્ધનભાઈ, ભગવાનને વાંસો વાળીને ન બેસાય. સરખા બેસોને!'' ત્યારે પ્રભુએ કહ્યું, જેમ બેઠા છે તેમ બેસવા દો. એને ચારેય બાજુ ભગવાન દેખાય છે.

શ્રીજી મહારાજ કહે, ગોવર્ધનભાઈ, તમે પગે ચાલીને આવ્યા છો તેથી થાકી ગયા હશો. આ ઢોલીયા ઉપર સૂઈ જાવ. એમ કહીને શ્રીજી મહારાજ એક પડખે થઈ ગયા. ગોવર્ધનભાઈ સૂઈ ગયા. શ્રી હરિએ કહ્યું, તમે બધા ગોવર્ધનભાઈના પગ દાબો. એટલે બધાં ભક્તો મંડ્યા પગ દાબવા. સાથે મુક્તાનંદ સ્વામી ગોવર્ધનભાઈના પગ દબાવવા લાગ્યા. ત્યારે કાઠી હરિભક્તોએ કહ્યું, અલ્યા ગોવર્ધન ગાંડા! બેઠો થઈને જોતો ખરો. કાંઈક શરમ તો રાખ શરમ.

**શ્રીજી મહારાજના ઢોલીયો ઉપર સૂતા છો અને મુક્તાનંદ સ્વામી તમરા પગ દાબે છે! કાંઇ ખબર પડે છે કે નહિ ?**

શ્રીજી મહારાજે કહ્યું, એને સૂવા દો. તે તો અખંડ અમારી મૂર્તિમાં લીન છે. એને મૂર્તિ સિવાય કાંઇ દેખાતું નથી. કારીયાણીના ૧૧ના વચનામૃતમાં શ્રીહરિ કહે છે, જે ભક્તજન ભગવાન સંગાથે દઢપણે જોડાણો છે તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જાય છે ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જાય છે. જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમ ભગવાન પણ ભક્ત વિના રહી શક્તા નથી. ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર છેટે રહેતા નથી. સાચા ભક્ત વસ્તીની વચ્ચે બેસીને ભજન કરતા હોય તો પણ ભાન ન હોય કે હું વસ્તીમાં બેઠો છું કે રણમાં બેઠો છું, બંગલામાં બેઠો છું કે જંગલમાં બેઠો છું. કાંઈ ભાન હોય નહિ. ભગવાનમાં ગુલતાન થઈ જાય છે. હું કોણ છું તે પણ ભૂલાઈ જાય છે.

ગોવર્ધનભાઈ હજારો અને લાખોનો વેપાર કરે. ઘણા બધાં માણસો ચીજ વસ્તુ લેવા આવે. બધા માણસોમાં મારા ભગવાન બેઠા છે એવી શુદ્ધ ભાવના હતી. હક્કથી વસ્તુ દે. જરાય સ્વાર્થ રાખે નહિ. કોઈ માણસો રોકડા પૈસા આપીને વસ્તુ લઈ જાય, કોઈ ઉધાર રાખીને લઈ જાય. જેમ લઈ જાય તેમ છૂટ. નામ ન પુછે કે ચોપડામાં શું નામ લખું. ઉધારે લઈ જાય તેનું નામ લખવું પડે ને. માણસના નામ બદલે સ્વામિનારાયણ નામ લખે.

**જ્યાં નીતિ અને બળ બંને કામમાં લેવાય છે ત્યાં બધી બાજુથી સફળતા પ્રાપ્ત થાય છે.**

માલ ખરીદે તો પણ સ્વામિનારાયણ. માલ વેચે તો પણ સ્વામિનારાયણના નામે. સ્વામિનારાયણ સાથે વેપાર. કોઈ સારા માણસ હોય તો સમયસર પૈસા આપી જાય. કોઇ મોડા આપે. ઉઘરાણી કરવાનું નામ નહિ. શ્રીજી મહારાજને ચિંતા થાય. ગોવર્ધન તો ગોવર્ધન જ રહ્યો. મારા નામે લોકોને માલ ઉધારે આપે છે તો મારે પૈસા દેવા જવા પડશે. શ્રીજી મહારાજ ગોવર્ધનભાઈનું રૂપ લઈને ગામમાં ઉઘરાણી કરવા જાય. પૈસા દુકાને પહોંચતા કરે. ભક્તના દાસ થઈ જાય. ગોવર્ધનભાઈને કાંઈ ખબર નથી. ભગવાનના સ્વરૂપમાં મસ્ત બનીને બ્રહ્મરૂપ બનીને પ્રભુનું સ્મરણ કરે છે.

માતાના મનમાં બાળકની ચિંતા હોય છે એ જ પ્રમાણે ભગવાનને ભક્તની ચિંતા છે. તમામ જવાબદારી ભક્તની નિભાવે છે. શ્વાસોશ્વાસની રીધમ ચલાવે છે. ખાધેલા અન્નને પચાવે છે. તમે ભગવાનને ભૂલશો નહિ તો ભગવાન તમને નહિ ભૂલે એ જ આ કથાનો સાર છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**કીર્તન**

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઇ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪

# ઘર સત્સંગ સભા

નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

**ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ**

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૨૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**નિષ્ફળતાની ઈમારત બહાનાના પાયા પર રચાતી હોય છે**

## (૧૨૨) પરમેશ્વરની ભક્તિનું બળ રાખવું.

સ્વામિનારાયણ હરે..

ગોપાળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પુછ્યો કે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિને કેમ પામે ? શ્રીજી મહારાજ બોલ્યા જે, એના ઉપાય ૪ છે. એક તો પવિત્ર દેશ, બીજો રૂડો કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથું સત્પુરુષનો સંગ. (ગ. પ્ર. પ્ર.૨૯ વચનામૃત) પવિત્ર માણસનો સંગ કરવો, પવિત્ર દેશમાં રહેવું, પંચ વર્તમાને યુક્ત એવા બ્રહ્મવેતા સાધુનો સમાગમ કરવો તો પરમેશ્વરની ભક્તિનું બળ વૃદ્ધિને પામે છે.

સંકટના કંટક વડે જ જીવનનું ગુલાબ ખીલે છે. પાયો કાચો હોય તો તે ઉપર ઈમારત થાય નહિ, જેટલી સમજણમાં કાચપ રહેશે, તેટલી દેહ મૂકયા પછી પણ નડશે. ભગવાન પરઉપકારી છે તેમ સંતો પણ પરઉપકારી છે, ઉપકારી સંતો આપણા ભારતનું ભૂષણ છે.

એક વખત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી એક નાનકડા ગામમાં સત્સંગ કરવા ગયા, એક ભકતની ગૌશાળામાં ઉતારો રાખ્યો, તે ભકતના દીકરાને ઓચિંતો કોલેરાનો રોગ લાગુ પડ્યો. હવે શું કરવું.. મૂંઝાઈ ગયા.. ઘણી દવાઓ કરી પણ કાંઈ ફેર પડ્યો નહિ. ત્યારે સ્વામીને નમ્રતાથી કહ્યું, સ્વામીજી આપ સમર્થ સંત છો.. કાંઈક ઈલાજ બતાવો તો સારું થાય, બાળક બહુ પીડાય છે. ભેખ તો ભગવાન જેવાં કામ કરે.. સ્વામીએ આંગણામાં નજર કરી, ત્યાં એક વિશાળ આંબલીનું ઝાડ દીઠું. તે તરફ આંગળી ચીંધી કહ્યું, આ ખાટી આંબલીનાં પાંદ વાટીને પાઈ દો. ભગવાન સારું કરશે.. સંતના વચનમાં વિશ્વાસ અને શ્રધ્ધા રાખી તુરંત આંબલીનાં પાંદડાં વાટીને રસ બાળકને પાયો. તરત દીકરો બેઠો થયો. આરામ થઈ ગયો, બધા રાજી રાજી થઈ ગયા. સ્વામીને પગે લાગતાં કહ્યું, તમે મારા દીકરાને જીવતદાન આપ્યું છે...

સ્વામીએ કહ્યું, તમારા દીકરાને જીવતદાન આપનારા ભગવાન છે. અમે તો એમના દાસ છીએ.. ભગવાન સાચા સંતના વચનો સત્ય કરે છે. સંતોના વચનમાં સિધ્ધિ હોય છે.

# ઘર સત્સંગ સભા

આ બાબતની વાત એક દોઢડાહ્યા માણસે યાદ રાખી લીધી. બે વરસ પછી પાડોશીના દીકરાને કોલેરાનો રોગ થયો. ખૂબ દવાઓ કરી પણ કાંઈ ફેર પડ્યો નહિ, બધા હતાશ થઈ ગયા. શું કરવું. કાંઈ સૂઝતું નથી. તે વાતની દોઢ ડાહ્યાને ખબર પડી રોફથી આવ્યો ને વટથી બોલ્યો.. ડોકટર શું કરવાના છે ? મને પૂછોને. દર્દનો ઈલાજ મારી પાસે છે. ખાટી આંબલીના પાંદડાં વાટીને પાઈ દો. તુરંત રોગ મટી જશે.. મેં પ્રયોગ મારી નજરો નજર જોયો છે.

આંબલીના પાંદડાંનો રસ પાયો કે રોગ વધી ગયો.. છોકરો રાડ માથે રાડ પાડતો મૃત્યુ પામ્યો. પેલો દોઢ ડાહ્યો હતાશ થઈ ગયો. મુંઝાઈ ગયો, આવું કેમ થયું. પેલો ગોપાળબાવો કપટી છે. જંત્ર મંત્ર કરીને માણસોને છેતરે છે.. પાંદડાનો રસ પાયો તો રોગ કેમ મટ્યો નહિ. ઊંધુ કેમ થયું.. ગોપાળાનંદ સ્વામી પાસે આવીને ગાળો દેવા માંડ્યો.. અવગુણ આવી ગયો.. મૂર્ખને ખબર નથી કે, વસ્તુ એની એ છે.. વૃક્ષ એનું એ છે. પણ વચન બોલનારા જુદા છે. બાળક સાજો થશે તે વચન ગોપાળાનંદ સ્વામી બોલ્યા છે. ભગવાન સારું કરશે... દોઢ ડાહ્યો મૂર્ખ બોલ્યો એ કાંઈ સંત નથી.. અભિમાની, અહંકારી, અસુરી છે. સંતની શક્તિ અનોખી હોય છે.. મૂર્ખને સ્વામીનો અભાવ આવવાથી ગાંડો થઈ ગયો.. રીબાઈ રીબાઈને મરી ગયો..

પ્રભુને લાખ લાખ ધન્યવાદ છે. ધન્ય છે એમના હૈયાના હેતને.. ધન્ય છે એમની કૃપાને, ધન્ય છે પતિતને ઉધ્ધાર કરનારા પતિતપાવન ભગવાનને, ધન્ય છે કૃપા સાગરને, ધન્ય છે એમના ઉપકારને. પ્રભુના ઉપકારની શું વાત કહું.. પહેલી બક્ષીશ એ છે કે એ અમને મનુષ્ય જન્મ આપ્યો.. સત્સંગનો યોગ આપ્યો.

ભગવાનના એકાંતિક સાધુ તેના વરદાને કરીને રૂડી બુદ્ધિ થાય તેને ભગવાનની કૃપા જાણવી. પોતાના વિચારે કરીને જે સારો થાય તેને પુરુષ પ્રયત્ન કહીએ. એમ વાત કરીને, જય સચ્ચિદાનંદ કહીને શ્રીજી મહારાજ હસતા હસતા પોતાના આસને પધાર્યા. ગોપાળાનંદ સ્વામી જેવા સંતનો સમાગમ કરવો. નંદ પંક્તિ જેવા સંતો અત્યારે પણ છે. દષ્ટિને દિવ્ય બનાવો નહિંતર શ્રીજી મહારાજ કહે છે કે અર્ધ બળ્યા કાષ્ટ જેવા હોય તે સત્સંગમાંથી પડી જાય છે.

**તમે તળિયે પછડાઓ છો ત્યારે કેટલે ઊંચે ઊઠો છો એ તમારી સફળતાની પારાશીશી છે.**

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૨૩

૧. જય સદ્ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

# ઘર સત્સંગ સભા

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૨૩) મારો દીકરો એ તમારો દીકરો છે.

સ્વામિનારાયણ હરે..

ગામ કુંડલામાં એક મુસલમાન બહેન રહેતાં હતાં. તેમનો એક દીકરો હતો. વ્યવહારે સ્થિતિ નબળી હતી. મુસલમાન હતાં પણ અભક્ષ વસ્તુ કોઇ દિવસ ભક્ષણ કરતાં નહિ. કુડ કપટ, મારકૂટ કરે નહિ. હંમેશા સારી વાણીથી સૌને બોલાવે. વાણીમાં વિવેક હતો. હર હંમેશા દીકરાને સારી ભલામણ કરે. બેટા, ન્યાય નીતિથી રહીએ તો જીવનમાં શાંતિ રહે છે. આપણે ગરીબ છીએ પણ અલૌકિક સ્થિતિએ શ્રીમંત છીએ. દરરોજ ખુદાની બંદગી કરીએ છીએ.

દીકરાને વિચાર થયો નોકરી મળી જાય તો સારૂં થાય. મા-બાપને પગે લાગી નોકરીની શોધ કરવા નીકળી ગયો. ફરતો ફરતો ગઢપુરમાં આવ્યો. શ્રી સ્વામિનારાયણ ભગવાન દાદાખાચરના દરબારમાં ઢોલીયા ઉપર વીરાજમાન થયા છે. શ્વેત વસ્ત્રો ધારણ કર્યા છે. શીતળ મંદ પવન વાય છે. શ્રીહરિના મુખારવિંદ આગળ સંતો તથા હરિભક્તો બેઠા છે. ચકોર પક્ષી ચંદ્રમાને જુવે તેમ ભક્તજનો પ્રભુને એક નજરે જોઇ રહ્યા છે.

યુવાન મુસ્લીમ દરબારમાં આવ્યો. સાદા વસ્ત્ર પહેર્યા છે. હાથમાં લાકડી છે. દૂરથી પ્રભુને નમસ્કાર કરી સભાની પાછળના ભાગમાં બેસી ગયો. નિત્યાનંદ સ્વામી કથા વાંચે છે. એકાગ્રતાથી યુવાન કથા સાંભળે છે. કથાનો કાર્યક્રમ પૂરો થયો. શ્રીજી મહારાજે યુવાનને પાસે બોલાવ્યો. યુવાન હાથ જોડી ઉભો છે. શ્રી હરિએ પુછ્યું, આપ ક્યાંથી આવો છો ? હું કુંડલા ગામથી આવું છું. તમારૂં નામ શું છે ? મારૂં નામ મીયાંજી છે. જાતના અમે મુસલમાન છીએ. બહુ સારૂં! કાંઇ કામ હતું ? હું નોકરી શોધવા જાઉં છું. મેં સાંભળ્યું છે કે ગઢપુરમાં દાદાખાચરને માણસની જરૂર છએ. મને નોકરીમાં રાખશો તો રહીશ.

શું કામ આવડે છે ? ઘોડાની અને ગાયોની સેવા કરીશ. વાસીદું વાળીશ.

**ભગવાન તને નભાવે છતાં ભગવાન તને ન ભાવે.**

ઘાસ ચારો લેવા જઈશ. જે કામ બતાવશો તે કરીશ. પ્રભુએ પુછ્યું, શું પગાર લેશો ? હે પ્રભુ, તમે જે આપશો તે લઈશ. ત્રણ ટાઈમ જમવાનું અને બે વસ્ત્રો આપશો તો પણ ચાલશે. પ્રભુએ કહ્યું, ભલે, અહિં રહો અને ઘોડાની અને ગાયોની સેવા કરો. મીયાંજી ગઢપુરમાં રહ્યા.

જલદી જલદી કામકાજ કરીને દરરોજ કથા સાંભળવા આવી જાય. ધીરે ધીરે સત્સંગના રંગથી મીયાંજીનું હૃદય ભક્તિથી રંગાઇ ગયું. નિર્માની થઈને ખૂબ સેવા કરે. વિનય પૂર્વક સૌને બોલાવે. સંત સમાગમ કરવાથી સદ્‌ગુણો આવ્યા. સંસાર અસાર જાણવાથી વૈરાગ્ય ઉત્પન્ન થયો.

**"વૈરાગ્યરૂપી સદ્‌ગુણ છે તે જગતના માયાથી છૂટા કરે છે અને ભક્તિ છે તે ભગવાનમાં જોડે છે."**

સમય જતાં શુભ સંસ્કાર જાગૃત થયા. મીયાંજી બે હાથ જોડી પ્રભુને કહે છે, હે પ્રભુ! મને સદાય તમારા ચરણમાં રાખો. ફકીર બનાવો.

હવે આવો સત્સંગનો લાભ મૂકીને મારે ઘેર જાવું નથી. કાયમ તમારી અને સંતોની સેવામાં રહેવું છે. ભાગ્યશાળીને તમારા ચરણમાં વાસ મળે છે. હું આજથી તમારા શરણે છું. પ્રભુએ પુછ્યું, તમને તમારા મા બાપ યાદ નથી આવતા ? હે મહારાજ, સાચા માબાપ તો તમે છો. તમારા દર્શન થયાં ત્યારથી મારા અંતરમાં અપાર શાંતિ થઈ છે. આવું દિવ્ય અલૌકિક સુખ મૂકીને મારે ઘરે જાવું નથી. મુસ્લિમ ભક્તની નિખાલસતા જોઈને શ્રીજી મહારાજે કહ્યું, અમારા અંગરક્ષક તરીકે પાર્ષદ થઈને રહો અને સેવા કરો.

શ્રીજી મહારાજની કૃપાથી મીયાંજીમાં ઉત્તમ સદ્‌ગુણો વધતા ગયા. શ્રીજી મહારાજ દેશ દેશાંતરમાં ફરવા જાય ત્યારે મીયાંજી સાથે જ હોય. પ્રભુ માટે બાવળનાં દાતણ લઈ આવે. પ્રભુનાં વસ્ત્રો ધુવે. પ્રભુની પાછળ છત્ર લઈને ઉભા રહે. ખૂબ સેવા કરે. અનુવૃત્તિ સાંચવે.

સમય જતાં શ્રીજી મહારાજ સંતો ભક્તોની સાથે ગામ કુંડલા પધાર્યા. નાવલી નદીના કીનારે ઢોલીયા ઉપર વીરાજમાન થયા છે. સામે અનેક સંતો અને ભક્તજનો બેઠા છે. ગામમાં ખબર પડી કે શ્રીહરિ પધાર્યા છે. ગામના માણસો

દોડી દોડીને દર્શન કરવા આવે છે. નીરખી નીરખીને દર્શન કરે છે. આહાહા! આવા રૂપાળા ને તેજસ્વી મૂર્તિ સ્વામિનારાયણ છે! ભાલમાં તેજ તો જુઓ! અણિયારા નેત્રો કરૂણાભર્યા દેખાય છે. જાણે જોયાજ કરીએ  એકડેઠઠ સભા ભરાઈ છે. મીયાંજીની મા લાકડીના ટેકે ટેકે ભગવાન પાસે આવ્યાં. શ્રીજી મહારાજે મીઠો આવકાર આપતાં કહ્યું, માર્ગ કરો! વૃદ્ધ માજીને જગ્યા આપો! માજી દૂરથી પ્રભુને પગે લાગ્યાં.

શ્રી હરિએ પુછ્યું, તમે પાર્ષદ મીયાંજીની મા છો ને ? હા મહારાજ! મીયાંજીની મા છું. મારો દીકરો મીયાંજી ક્યાં છે ? ઘણા દિવસો થયા મને મળ્યો નથી. બતાવો તો રાજી થાઉં. પ્રભુએ કહ્યું, અમારી પાછળ પાર્ષદના વેશમાં શ્વેત વસ્ત્રો પહેર્યા છે. છત્ર ઝાલીને ઉભા છે તે મીયાંજી છે. અરે સ્વામિનારાયણ! તમે મારા દીકરાને ફકીર બનાવી દીધો ? હવે મારી વૃધ્ધાવસ્થામાં સેવા ચાકરી કોણ કરશે ? અમારી આજીવિકા કેમ ચાલશે ? મારો દીકરો એ જ મારો આધાર છે. કમાઈને અમને કોણ ખવડાવશે ?

શ્રી હરિએ કહ્યું, તમને મીયાંજીનું કામ છે કે આજીવિકાનું કામ છે ? મને આજીવિકાનું અને મીંયાજીનું બેયનું કામ છે. પણ આપ સાક્ષાત ખુદા છો ને મીયાંજી સારીયે જીંદગી તમારી બંદગી કરતો હોય તો હું રાજી છું. મારો દીકરો એ તમારો જ દીકરો છે ને! ભલે તમારી સેવામાં રહે. આવી ઉદારતા જોઈ પ્રભુએ એક ભક્તને કહ્યું, તમે બજારમાંથી એક નાની ખાંડણી અને એક દસ્તો લઈ આવો. તુરંત ભક્ત લઈ આવ્યા. પ્રભુએ વૃધ્ધ માજીને કહ્યું, માજી, લ્યો, આ ખાંડણી, હરડા, બેડા અને આમળા. આ ત્રણ વસ્તુ ખાંડણીમાં કચરજો. ઝીણો પાવડર બનાવી, પડીકી વાળીને જે બીમાર હોય તેને આપજો.

આશીર્વાદ આપીએ છીએ, સુખેથી તમારી આજીવિકા ચાલશે. તમામ પ્રકારના રોગ આ ઔષધથી મટી જાશે. સાથોસાથ ભવસાગરનો રોગ પણ મટી જાશે. આરામ થઈ જાશે. થોડા દિવસ માજી ગઢપુરમાં રહ્યાં. પછી ઘેર આવ્યાં. ઔષધ તૈયાર કર્યું. બીમાર માણસો આવે તેને પડીકી આપે. એક પૈસાની એક પડીકી ઔષધ, ખાય કે તુરંત આરામ થઈ જાય. આખા ગામમાં આ વાત પ્રસરી ગઈ. માંદા માણસોનો મેળો ભરાય. ભયંકર રોગ પણ મટી જાય. માજી શ્રીજી

**તમારા ઉદ્દેશ્યમાં નિષ્ઠા એ જસફળતાનું રહસ્ય છે.**

મહારાજનો મહિમા કહેતા જાય અને મીયાંજીને યાદ કરતાં જાય. દવાની પડીકી આપતાં જાય.

હજારો માણસો દવા લેવા આવે તેથી બે નોકર રાખ્યા. દવા તૈયાર કરી આપે. લીલા લહેર થઈ ગઈ. પૈસાના ઢગલા થયા. શ્રીજી મહારાજ ફરીથી કુંડલા ગામમાં પધાર્યા. સભામાં વિરાજમાન છે. અનેક ભક્તજનો બેઠા છે. મીયાંજીની મા દોડતા આવ્યાં. પગે લાગીને બેઠાં. પ્રભુએ પુછ્યું, માજી, કેમ છો ? હે પ્રભુ! તમારી કૃપાથી લીલા લહેર છે. તમારી દવાથી બધા માણસો સાજા થઈ જાય છે. નોકર કામ કરે. હું બેઠી બેઠી દવાની પડીકી આપતી જાઉં ને પૈસા લેતી જાઉં ને તમારા ગુણ ગાતી જાઉં. મહિમા સમજાવું. સત્સંગ કરાવું. ખૂબ આનંદ છે.

શ્રીજી મહારાજે કહ્યું, તમારે શરીરે કેમ રહે છે ? હે મહારાજ, તમારા આશીર્વાદથી પહેલાં લાકડીના ટેકે ચાલતી હતી. હવે તો ઘોડાની જેમ દોડું છું. આંખ, માથું, કમર કે પગ કાંઈ દુઃખતું નથી. સાવ સાજી નવરી ફરૂં છું. મંદ મંદ હસતાં પ્રભુ બોલ્યા, મા, તમારો દીકરો મીયાંજી અમારી ખૂબ સેવા કરે છે તેથી અમે ખૂબ રાજી છીએ. વરદાન આપું છું કે -

‘‘જીવશો ત્યાં સુધી મોતી પુરવશો. એવો પ્રકાશ તમારા આંખમાં રહેશે.’’

કોઈ વાતની ખામી રહેશે નહિ. અમારા સ્વરૂપનું ધ્યાન ભજન કરજો. અંતકાળે અમે તમને અમારા ધામમાં તેડી જાશું. માજીનું જીવન ધન્ય બની ગયું. આ છે દીકરાનાં દાન દેવાનો અને સેવાનો પ્રતાપ. પ્રભુની એક ટેવ છે, આશરે આવે તેનો ઉધ્ધાર કરવો!

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

# ઘર સત્સંગ સભા

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૨૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

જો તમે જીવનમાં સફળતા મેળવવા માગતા હોય તો ધીરજને પોતાનો પરમ મિત્ર, અનુભવને પોતાનો બુદ્ધિમાન સલાહકાર, સાવધાનીને પોતાનો મોટો ભાઈ અન આશાને પોતાનો સંરક્ષક બનાવી લો.

## (૧૨૪) સુખનું મૂળ પ્રભુ સ્મરણ અને પ્રાર્થના છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજીમહારાજ ગઢપુરમાં લીંબવૃક્ષ નીચે સભામાં ગાદી તકિયા પર વિરાજમાન થયા છે. ચારે બાજુ સંતો અને ભક્તો બેઠા છે. નીરખી નીરખી ને દર્શન કરે છે. પ્રભુ સૌને ઉપદેશ આપે છે. સ્વામિનારાયણ..સ્વામિનારાયણ મહા મંત્ર છે.. કાયમ રટણ કરે છે તેનાં દુઃખ હરાઈ જાય છે. કેવા દુઃખને પ્રભુ હરે છે. ? દેહનાં દુઃખ.. મનનાં દુઃખ અને જન્મ મરણ ગર્ભવાસનાં દુઃખોને હરે છે. અજાણતાં અગ્નિને અડો.. તો પણ એ દઝાડે છે. ને જાણીને અડો તો પણ દઝાડે છે. તેમ અજાણે ભગવાનનું નામ લેશે. તેનાં સર્વે પાતક બાળી જાશે. રોગી રોગથી અને દુઃખી દુઃખથી મુક્ત થાય છે. માનવીના મનમાં જ્યાં સુધી કામ હશે. ક્રોધ લોભ અહંકાર ઈર્ષા હશે, અને હરિનો રસ નહિ હોય, હરિસ્મરણ નહિ હોય ત્યાં સુધી એના દુઃખનું મૂળ ચાલુ રહેશે..હરિ સ્મરણ પરમપદની યાત્રા છે..

લીંબતરૂ પર હજારો પક્ષીઓ મીઠો ક્લરવ કરે છે. શ્રીજીમહારાજ બોલ્યા, દાદાખાચર !. આ પક્ષી અન્નના દાણા માગે છે. જુવારના દાણાના સૂંડલા ભરી લાવો.. દાદાખાચરે પૂછ્યું. કેટલા દાણા લઈ આવીએ..

શ્રીજીમહારાજે કહ્યું પંદર વીસ મણ દાણા લાવો. શ્રીહરિ પોતાના હાથે ખોબા ભરી ભરીને પક્ષીઓને દાણા નાખે છે. ટોપલા ભરીને જોરથી વૃક્ષ ઉપર ફેંકે કે પક્ષીઓ અધ્ધરા અધ્ધર દાણા ઝીલીલે. પાંદડાં ઉપર હોય તે તરત ચણી જાય. મીઠો મધુર ક્લરવ કરતાં જાય. શ્રીજીમહારાજ સામે જોતાં જાય.. દર્શન કરતાં જાય ને આનંદથી દાણા ખાતાં જાય. પક્ષીઓ આજે ભાગ્યશાળી થઈ ગયાં.

દાણા ખાઈને તૃપ્ત થયાં ત્યારે શ્રીજીમહારાજે બે હાથની જોરથી તાળી પાડી કે તુરંત તમામ પક્ષીઓ ફરરર કરતાં આકાશ માર્ગે ઉડી ગયાં, આગળ જતાં અદ્રશ્ય થઈ ગયાં. એક પક્ષી બાકી નથી. ત્યારે દાદાખાચર બોલ્યા, હે મહારાજ ! પક્ષીઓ અદ્રશ્ય થઈ ગયાં તે કોણ હતાં ? શ્રીજીમહારાજ કહ્યું. સ્વર્ગના દેવતાઓ (તેત્રીસ કરોડ) અને અક્ષરધામના મુક્તો અમારાં અને સંતસભાનાં નિત્ય દર્શન કરવા આવે છે.. ઘણા દિવસોથી અરજી કરતાં હતાં કે અમને તમારાં દર્શન અને

પ્રસાદનો લાભ આપો.. તેથી તેઓ પક્ષીઓનાં રૂપ ધરીને અમારાં દર્શન કરવા આવ્યા હતા.. આ છે પ્રસાદીનો પ્રતાપ...

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૨૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**ચિંતા સજીવને બાળે છે. જ્યારે ચિતા નિર્જીવને બાળે છે.**

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૨૫) સત્યને જીવનમાં ટકાવી રાખજો

સ્વામિનારાયણ હરે..

એક સત્યદેવ રાજા હતા. જેવું નામ તેવા તેમાં ગુણ હતા. પ્રભુમાં અસાધારણ પ્રેમ હતો. પુત્રવત પ્રજાનું પાલન કરતા. ન્યાય નીતિ પ્રમાણે ચાલે. કોઈને કલ્પાવીને દુઃખી કરે નહિ. સંત, બ્રાહ્મણ, ગરીબ, ગાયને અન્ન વસ્ત્ર આપી સંતોષ પમાડે. દિલના દરિયાવ અને દાતાર હતા. કોઈને આંગણેથી ખાલી હાથે જવા દે નહિ. મધુર વાણીથી સૌને આદર આપતા.

ભગવાનના ભક્તની સવારે વહેલા ઊઠવાની ટેવ હોય છે. વહેલા ઊઠી દરરોજ બે કલાક સુધી એકાગ્ર ચિતથી માનસી પૂજા કરે. પછી મૂર્તિની પૂજા કરે, પ્રદક્ષિણા કરે, માળા ફેરવે, દંડવત કરે, નારાયણ કવચના પાઠ કરે. શાસ્ત્રોનું વાંચન કરે. ત્યાં સરસ મજાનાં સોનેરી તારવાળાં વસ્ત્ર ધારણ કરેલાં રૂપરૂપના અંબાર જેવાં તેજસ્વી સ્ત્રીને રાજમહેલમાંથી બહાર જતાં જોયાં.

રાજાને આશ્ચર્ય થયું. આવાં તેજસ્વી સ્ત્રી કોણ હશે ? બહેન, આપ કોણ છો ? મને નથી ઓળખતા ? હું લક્ષ્મીજી છું. તમારું ઘર છોડીને હું જાઉં છું. રાજાએ કહ્યું, ભલે, ખુશીથી જાવ. થોડી વાર થઈ ત્યાં એક સુંદર દિવ્ય પુરુષ શ્વેત વસ્ત્ર પહેરીને રાજમહેલમાંથી બહાર નીકળ્યો. રાજાએ પૂછ્યું, આપ કોણ છો ? હું દાન છું. લક્ષ્મીજી આંહીથી ચાલ્યાં ગયાં તો તમે દાન કઈ રીતે કરી શકશો ? તેથી લક્ષ્મીજી સાથે હું પણ જઈશ. જ્યાં લક્ષ્મીજી હોય ત્યાં હું રહું છું. રાજાએ કહ્યું, ભલે, ખુશીથી જાવ.

થોડીવાર પછી ત્રીજો એક સુંદર પુરુષ ઘરથી બહાર નીકળ્યો. રાજાએ પૂછ્યું,

આપ કોણ છો ? હું સદાચાર છું. લક્ષ્મીજી અને દાન ગયા તો હું પણ એની સાથે જઈશ. અમે બધા સાથે રહીએ છીએ. રાજાએ કહ્યું, ભલે, ખુશીથી જાવ. લક્ષ્મીજી, દાન અને સદાચાર ઘરની બહાર સત્યની વાટ જોઈને ઊભા છે. સત્ય આવે પછી આપણે સાથે મળીને જઈએ. ત્યાં એક દિવ્ય તેજસ્વી પુરુષ રાજમહેલથી બહાર જાય છે. રાજાએ પૂછ્યું, આપ કોણ છો ? હું યશ છું. લક્ષ્મીજી ગયા, દાન ગયું તો યશ કઈ રીતે મેળવી શકશો ? તેથી હું પણ જઈશ. રાજાએ કહ્યું, ભલે, ખુશીથી જાવ.

પછી એક યુવાન તેજસ્વી દિવ્ય સુશોભિત સોનેરી વસ્ત્ર પહેરીને ઊભો છે. કંઠમાં સુગંધી પુષ્પના હાર પહેર્યા છે. તે રાજમહેલમાંથી બહાર નીકળ્યો. રાજાએ પૂછ્યું, આપ કોણ છો ? હું સત્ય છું. તારા રાજમહેલમાંથી લક્ષ્મીજી ગયાં, દાન ગયું, યશ ગયો તો હું પણ તેમની સાથે જઈશ. જ્યાં લક્ષ્મીજી હોય ત્યાં દાન હોય. દાન કરવાથી યશ વધે. અમે સાથે રહીએ છીએ.

રાજાએ બે હાથ જોડી નમ્રતા પૂર્વક કહ્યું, તમને હું નહિ જવા દઉં. તમે તો મારા શીરમોર છો. તમને મેં મારા જીવનમાં રાખ્યા છે. તમામ કાર્ય સત્યથી જ કર્યા છે. ખોટું કર્મ ક્યારેય કર્યું નથી. ખોટું બોલ્યો નથી. ખોટી સાક્ષી પૂરી નથી. ખોટું બોલીને પૈસા ભેગા કર્યા નથી. કોઈ દિવસ ગાળ બોલ્યો નથી. ભગવાન, સંતો, વેદ, ગુરુ અને બ્રાહ્મણોની નિંદા કરી નથી. આંગણે આવેલા સંતો અને અતિથિઓને આદર સત્કાર કરી સંતોષ પમાડ્યા છે. માતાપિતાની પ્રેમ ભાવથી ખૂબ સેવા કરી છે. પૂજા પાઠ કર્યા સિવાય જમ્યો નથી. સદાય સત્યનું જ સેવન કર્યું છે. પરમાત્માની એક પણ આજ્ઞા લોપી નથી. તો તમે કઈ રીતે જઈ શકશો ? તમને હું નહિ જવા દઉં. તમે મારું સર્વસ્વ છો.

બધું જાય તો જવા દેજો પણ સત્ય જવા દેશો નહિ. સત્યે કહ્યું, તમે ચિંતા ન કરો. તમે તમારા જીવનમાં સદાય સત્ય રાખ્યું છે તેથી હું તમારો ત્યાગ નહિ કરું. જ્યાં સત્ય છે ત્યાં ભગવાન છે, લક્ષ્મીજી છે, દાન અને સદાચાર તથા યશ છે. લક્ષ્મીજી, દાન, યશ સદાચાર ઘરની બહાર ઊભાં વાટ જુવે છે. સત્ય આવે પછી ભેગા મળીને જઈશું. સત્ય ઘરથી બહાર ગયું નહિ તેથી લક્ષ્મીજી, દાન, યશ અને સદાચાર આ ચારેય પાછા રાજદરબારમાં આવ્યા. જ્યાં સત્ય છે ત્યાં બધા સદ્‌ગુણોને આવવુંજ પડે છે. સત્યને જીવનમાં ટકાવી રાખજો. આ

**ચિંતાઓ, પરેશાની, તનાવ આ બધા પરિસ્થિતિથી લડવાથી દૂર નથી થતાં પણ આપણી અંદરની કમજોરીને દૂર કરવાથી નષ્ટ થઈ શકે છે.**

કથા જીવનમાં ઉતારવા જેવી છે. અંતે સત્યનો જય થાય છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૨૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૨૬) નિષ્કપટ ભાવે સત્સંગ કરો.

સ્વામિનારાયણ હરે..

દીનાનાથ ભટ્ટ શ્રીજી મહારાજને પ્રશ્ન પુછે છે કે, મનના ઘાટની નિવૃતિ થયાનો શો ઉપાય છે ? (ગ. પ્ર. પ્ર. ૩૦ વચનામૃત) આપણા શરીરમાં ત્રણ ગુણ મહેમાનની જેમ આવજાવ કરે છે. સત્વગુણ, રજોગુણ અને તમોગુણ. સત્સંગનો પ્રતાપ અતિ મોટો છે. બીજા સાધન સત્સંગ તુલ્ય થાય નહિ. મન, કર્મ, વચને નિષ્કપટ ભાવે સત્સંગ કરે તો ઘાટની નિવૃત્તિ થઈ જાય છે.

એક વાણિયો ખૂબ લોભી હતો, છળ કપટ કરી ખૂબ પૈસા ભેગા કર્યા. ગામનો અગ્રેસર હતો તેથી લોક લાજે કથા સાંભળવા જાય, બાકી કથા કીર્તનમાં ભાવ કે શ્રધ્ધા નહીં. ગરીબને ચપટી લોટ પણ આપે નહીં. સાવ નિર્દય પ્રકૃતિનો, એમની સગી બહેન ખૂબ ગરીબ હતી છતાં પણ મદદ કરે નહી. એમના મિત્રે કહ્યું, ચાલોને કથા સાંભળવા, સંતો કથા બહુ સારી કરે છે. અંતર ટાઢું થાય છે. ઉપદેશ સાંભળી અંતરમાં આનંદ થાય છે. લોભી વણિક કથા સાંભળવા આવ્યો. કથા સાંભળ્યા પછી સંતે લોભી વાણિયાને કહ્યું, ભક્તરાજ, આજથી ત્રીજે દિવસે તમારું મૃત્યુ થશે, માટે ચેતી જજો.

આટલું સાંભળી વાણિયો ધ્રૂજી ગયો....ઊંડા વિચારમાં ઉતરી ગયો. ગાડી, લાડી, વાડી, બંગલા, કુટુંબ પરિવાર મૂકીને જવું પડશે. મારી પાસે પંચાવન કરોડ રૂપિયા છે, મને છપ્પન કરોડ રૂપિયા ભેગા કરવાની ઇચ્છા છે, મનોરથ મારો અધૂરો રહેશે. હવે શું કરું. જમવાનું ભાવતું નથી, ઊંઘ આવતી નથી. મૃત્યુની ચિંતામાં બીમાર થઈ ગયો. સંતને ખબર પડી કે લોભી વાણિયો બીમાર છે. તેથી

**કામનાં બોજા કરતાં તેની ચિંતા તેને મારી નાખે છે.**

તેમના ઘરે કુશળતા પૂછવા આવ્યા. ભક્તરાજ જય સ્વામિનારાયણ, કેમ છો ? સ્વામીજી શું વાત કરું, ચિંતાનો કોઈ પાર નથી, તમે કાંઈક રસ્તો બતાવો તો સારું. સંતે કહ્યું સ્વર્ગલોકમાં સીવવા માટે સોય મળતી નથી સોય સાથે લેતા જજો.

રડતાં રડતાં વણિક બોલ્યો, મારું શરીર બાળીને ભસ્મ કરી દેશે તો સોય કઈ રીતે લઈ જઈ શકાય. સંતે કહ્યું, તમારા પંચાવન કરોડ રૂપિયાની ગાંસડી બાંધીને લઈ જાવ તેની સાથે એક સોય લઈ જજો...વણીક સમજી ગયો. વાત સાચી છે. સંતે કહ્યું. એકલા આવ્યા ને એકલા જવાનું છે...કાંઇ સાથે લઈને આવ્યા નથી ને કાંઈ લઈ જવાના નથી. ફક્ત દાન, પુન્ય, જપ, તપ, ભજન, ભક્તિ, પરોપકાર અને ભક્તિ કરી હશે તે સાથે ચાલશે...વાણિયો સજાગ થઈ ગયો. સંતે કહ્યું તમને સાવધાન કરવા માટે મેં વાત કરી હતી બાકી ડરવા જેવું નથી, વાણિયાને મૃત્યુની ચિંતા મટી ગઈ તેથી સાજો થઈ ગયો. મૃત્યુનો ભય ભલભલાને રડાવે છે. વૈરાગ્ય આવી ગયો.

એક કરોડ રૂપિયા કુટુંબ પરિવાર માટે રાખ્યા અને ચોપન કરોડ રૂપિયા ધર્મને અર્થે વાપર્યા, દેવાલય, વિદ્યાલય, જલાશય, ધર્મશાળામાં ખૂબ દાન આપ્યાં. સંતને ગરીબને ગાયોને અતિથિ, તીર્થવાસી અને બ્રાહ્મણોને ખૂબ જમાડી તૃપ્ત કર્યા, છૂટે હાથે દાન આપ્યાં, ઈંદ્રનું ઈંદ્રાસન ડોલવા લાગ્યું. આટલું બધું દાન કરનાર કદાચ મારું ઈંદ્રાસન લઈ લેશે તો, ઈંદ્રરાજા ભગવાન પાસે આવ્યા. પ્રભુ તમે કાંઈક કરો. મારું ઈંદ્રાસન લઈ લેશે. ભગવાને કહ્યું : તમે ચિંતા ન કરો ! હું તે બાબત બરાબર ગોઠવી દઈશ....

વાણિયા તરફથી દરરોજ બ્રહ્મ ભોજન ચાલુ છે અનેક બ્રાહ્મણો ભરપેટ જમી આશીર્વાદ આપે છે, ભગવાન અને અર્જુન બ્રાહ્મણના રૂપમાં ત્યાં ભોજન જમવા પધાર્યા, ભગવાને વાણિયાને પ્રસાદ આપ્યો. પ્રસાદ જમતાં વાણિયાની બુધ્ધિ પવિત્ર થઈ, શ્વેત તેજના પ્રકાશ મધ્યે પરમાત્માનાં દર્શન થયાં. પીળું પિતાંબર માથે મુગુટ, વૈજયન્તી માળા, ચળકતા ચીકણા કાળાવાળ, સ્મિત હાસ્ય મુખારવિંદ, વણિકે બે હાથ જોડી પ્રણામ કર્યા. ધન્ય હો મહાપ્રભુ તમે મારું જીવન સફળ કર્યું. ભગવાને કહ્યું મારા સ્વરૂપનું અખંડ ચિંતવન કરજો. આટલું કહી પ્રભુ અદ્રશ્ય થઈ ગયા. પ્રભુનું ભજન કરી અંતે ઉત્તમગતિને પામ્યા. આ છે સંતસમાગમનો પ્રતાપ..

# ઘર સત્સંગ સભા

સત્સંગ છે તે સંસાર સાગર તરવાની નાવ છે. સત્સંગ કરવાથી ઘાટ સંકલ્પની નિવૃત્તિ થાય છે. સત્સંગ કરો અને બીજાને કરાવો એ આ વચનામૃતનો સાર છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૨૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**તમે હારી જાઓ, એની ચિંતા નથી.**
**પણ હારીને બેસી જાઓ એની ચિંતા છે.**

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૨૭) સમર્થ તો એક શ્રહરિ છે.

સ્વામિનારાયણ હરે..

આપણે બધા અસમર્થ છીએ, સમર્થ તો એક શ્રીહરિ છે, એવું સમજી અંતરે મુકવું કર્તવ્યનું માન. આપણને એમ થાય કે, મેં કર્યું એ મોટી ભૂલ છે. કર્યું શ્રીકૃષ્ણનું થાય છે.

ખેડૂત ખેતી વાડીમાં ધાન્ય વાવે ત્યારે એમ વિચાર કરે, ધાન્ય ઘણું થાશે, પછી તે વેચીશ એટલે ઘણા પૈસા આવશે, પછી ખાશું, પીશું ને જલસા કરશું. પણ તેતો હરિને હાથ છે, નથી જાણતો તે નિરધાર.

એક ખેડૂત હતો. સત્સંગી નહિ તેથી ખાવું પીવું ને ઢોરની જેમ ફરવું, પશુ જેવું જીવન. કોઈ દિવસ મંદિરે દર્શન કરવા જાય નહિ, પૂજા પાઠ પણ નહિ, પૈસા પાછળ જ દષ્ટિ, પૈસા કેમ વધારે ભેગા થાય, કોઈ ગરીબને ચપટી ધાન્ય પણ આપે નહિ, તો ધર્માદાની ક્યાં વાત ? એની વાડીમાં ઘઉં બહુ સારા થયા, હીલોળા લે છે. ત્યાં અચાનક એની વાડીએ સંતો સ્નાન કરવા આવ્યા.

સંતોએ કહ્યું, પટેલ બાપા ! ભગવાન ભજો છો ને ? બાપાએ કહ્યું, ધંધો કરીએ કે ભગવાન ભજીએ ? ધંધો ન કરીએ તો ખાઈએ શું ? માટે અમારે તો વાડી ભલી ને ઘર ભલું. બીજી કોઈ ઉપાધિ કરતા નથી. સંતોએ કહ્યું, હવે મોટી ઉંમર થઈ છે, કાંઈક જીવનું ભાતું બાંધી લ્યો ને જન્મ સફળ કરો. આ બધું કાંઈ સાથે ચાલશે નહિ. કાંઈ ભજન, ભક્તિ, દાન, પુણ્ય ને પરોપકાર કર્યા હશે તે સાથે ચાલશે. સંતોએ રાજી થઈને કહ્યું, બાપા ! તમારી વાડીમાં ભગવાનની કૃપાથી ઘઉં બહુ સારા થયા છે.

ત્યારે બાપા બોલ્યા, રાત દિવસ મહેનત કરીએ છીએ તેથી સારા થાય તેમાં નવાઈ શું ? તેમાં ભગવાન શું કરવાનો છે ? આવો ઉધ્ધત જવાબ સાંભળી સંતોને બહુ દુઃખ થયું. સ્નાન કરી સંતો ચાલતા થઈ ગયા. પંદર દિવસ પછી પાછા એ જ ખેતરમાં આવ્યા તો બાપા નિરાશ થઈને લમણે હાથ દઈને બેઠા છે. ત્યારે સંતોએ કહ્યું, બાપા ! કેમ ચિંતામાં બેઠા છો ? મોઢા ઉપર આનંદ ને શાન્તિ નથી, શું થઈ ગયું ? બાપા કકડતે હૃદયે બોલ્યા, ભગવાને મારું બધું બગાડી દીધું. સરસ મજાના ઘઉંમાં ગેરૂ આવી ગયો, તેથી હાથમાં કાંઈ નહિ આવે, મહેનત સફળ થઈ નહિ.

**"જીવ એવો અવળો છે, સારું થાય તો કહેશે મેં કર્યું, એટલે સારું થયું, ને ખરાબ થાય તો વાળીચોળીને ભગવાન ઉપર નાખી દે."**

ભગવાને ખરાબ કર્યું. ભગવાન કોઈનું ખરાબ કરતા જ નથી. મૂળ વાત તો એ છે કે, માણસ પોતાના બળની સરસાઈ બતાવે છે, ભગવાનનું બળ રાખતો નથી. પછી સંતોએ સરખી રીતે બાપાને સમજાવ્યા ત્યારે સાચું જ્ઞાન થયું, અને સત્સંગને રસ્તે ચડી ગયા. પ્રભુનું બળ રાખશો તો સુખી થાશો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**ચિંતાએ આખા જગતને બાંધ્યુ છે, પણ ચિંતાને કોઈ બાંધી શક્તું નથી. જે મનુષ્ય ચિંતાને વશમાં કરી લે છે એ સિદ્ધિ પામે છે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૨૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૨૮) ચિતનો ચોંટવાનો સ્વભાવ છે.**

સ્વામિનારાયણ હરે..

ચિત્તનો ચોંટવાનો સ્વભાવ છે જ. જગતના જીવને અખંડ પંચ વિષયનું ચિંતવન ચિત્તમાં થયા કરે છે, તેમ જેને ભગવાનનું અખંડ ચિંતવન થયા કરે તેનો બેડો પાર થઇ જાય, જન્મ સુધરી જાય, ચિત્તને ચોંટવાનું જ ખપે છે, તો ભગવાનમાં જ જોડીને લીલા ચરિત્રમાં ચોંટાડી દો, ભજન કીર્તનમાં ચોંટાડી દો, નવરું રહેવા દેવું નહિ.

ભરતજી રાજ પાટ છોડી જંગલમાં ગયા, અહીં કોઇ વિઘન નહિ નડે તો ત્યાં પણ માયા પહોંચી ગઇ, હરિનું ચિંતવન છુટીને હરણનું ચિંતન શરૂ થઇ ગયું.

તો મૃગલું થવું પડ્યું, અંતે યા મતિ સા ગતિ.

દેવર્ષિ નારદજીએ અંબરીષ રાજાની દીકરીનો હાથ જોયો તો ચિત્ત ચોંટી ગયું, પરણવાનું મન થઈ ગયું, એ તો ઠીક ભગવાને બચાવી લીધા પણ મોઢું માંકડાનું થઈ ગયું, ત્યારે ખબર પડી કે આ શું થયું ? ચિત્તનો ચોંટવાનો સ્વભાવ છે. મહાદેવ મોટા દેવ તેમણે મોહિનીનું રૂપ જોયું. તો પાછળ દોડ્યા પકડવા, જેનું ચિત્ત સદાય ભગવાનનું ચિંતવન કરતું તેનું ચિત્ત ચગડોળે ચડી ગયું.

શ્રીજીમહારાજ વચનામૃતમાં સાવધાન કરતા કહે છે, સારા ભુંડા ઘાટે કરીને ગ્લાનિ પામવી નહિ, પોતાના ચિત્ત થકી આત્માને જુદો માનીને ભગવાનનું ભજન કરવું, અને સદાય આનંદમાં રહેવું, અને બીજાને આનંદમાં રાખવા.

એક વાતનું ધ્યાન રાખજો, પવિત્રતા વિના અવિનાશી આનંદ પ્રાપ્ત થતો નથી. આનંદનો અમૂલ્ય રોપો પવિત્રતાની ઉત્તમ ભૂમિમાં જ ઉગે છે, ઈશ્વરનો આનંદ શાશ્વત છે, આનંદનું અમૃત ઝરણું હૃદયમાંથી સ્ફુરવાનું સાધન છે, સત્સંગ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**દુઃખની તો સીમા હોય છે. પણ ચિંતા અસીમિત છે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૨૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૨૯) સાચા ભક્તની કસોટી.**

સ્વામિનારાયણ હરે..

પંજાબદેશના રણજીતસિંહ રાજા હતા. એના રાજ્યમાં પ્રજા સુખી સમૃદ્ધ.. ન્યાયપ્રિય અને ઉદ્યમશીલ હતી. રણજીતસિંહ રાજા સત્યવાદી દયાળુ અને ધર્મવાન ઉદાર દિલના હતા. અવાર નવાર રાજયમાં પ્રજાજનોની ખબર રાખતા અને રાજ્ય મુલાકાતે જતા અને લોકોનાં દુઃખ દારિદ્રયને ટાળતા અને પ્રજાને ધર્મમાં વર્તાવતા. રાજાએ નગરમાં જાહેરાત કરાવી કે મારા રાજ્યમાં પ્રભુના ભક્ત હોય, પૂજા-પાઠ-તિલક ચાંદલો, પ્રભુના મંત્ર જાપ વગેરે સત્કર્મ કરતા હોય એકાદશીનું વ્રત કરતા હોય એવા ધર્મશીલ તેમની પાસેથી ધરતીનું

ખેતવાડી વિગેરેના મહેસુલના પૈસા લેવા નહીં. મહેસુલ માફ..

આવું સાંભળી અનેક માણસો એમ કહેતા કે અમે ભગવાનના ભક્ત છીએ. અભક્ત હોય તે પણ ભક્ત છીએ આવું બોલે.. જેથી પૈસા ભરવા પડે નહિ. આવી રીતે દશ વરસ સુધી ચાલ્યું. રાજ્યના કોઠારમાં પૈસા આવતા બંધ થયા, આવક બંધ થઈ ગઈ. દીવાન વિચાર કરતા થઈ ગયા. આ પ્રમાણે ચાલશે તો રાજ્યનો વહિવટ કેમ નભશે. આગળ જતાં ખતરો થશે. તેથી કાંઈક યુક્તિ કરવી જોઈએ.

દીવાનજી ચતુર હતા. તેણે રાજાને વાત કરી.. આપણે પરીક્ષા કરીએ કે કેટલા માણસો સાચા ભક્ત છે. સાચા ખરેખરા ભક્તજનના મહેસુલ માફ અને જે ભક્તના બહાને પૈસા નથી ભરતા તેની ખાત્રી કરશું ત્યારે ખબર પડશે. અમે ભક્ત છીએ એમ કહેવાથી ભક્ત થઈ જવાતું નથી. ભગવાનમાં દ્રઢ શ્રદ્ધા અને અચળ ટેક જોઈએ. રાજાએ કહ્યું, સાચી વાત છે. કરો પરીક્ષા.

દીવાનજીએ જાહેરાત કરી જે મહેસુલના પૈસા રાજ્યમાં ભરતા નથી તે બધા ભક્તજનો આજે રાજ્ય કચેરીમાં આવજો. હજારો મણસોની લાઈન લાગી ગઈ, પછી એક રૂમમાં શેલડી પીલવાનો ચીચુડો રાખ્યો. (કાળીંગાં) તરબુચ પીલાય. તેનું લાલ પાણી બહાર પાઈપ દ્વારા એક મોટા વાસણમાં પડે.

દીવાનજીએ માણસોને કહ્યું, સાચા ભકતજન હોય તે ચીચુડામાં પિલાવા તૈયાર થઈ જાવ.. ભકતજન પિલાય છે તેનું આ લોહી નીકળે છે ચાલો અંદર આવો..... કોણ છે ચીચુડામાં પિલાવા તૈયાર ? જલદી લાઈનમાં ઊભી જાવ.આવું સાંભળી સૌ સ્તબધ થઈ ગયા...વિચાર કરતા થઈ ગયા...હવે શું કરવું ...જે ચીચુડામાં પિલાશે તેના પૈસા માફ થશે. કોઈ તૈયાર થતું નથી... પિલાવા કરતાં પૈસા ભરવા સારા... પૈસા ભરશું પણ ચીચુડામાં પિલાશું નહિ... સૌ એક સાથે બોલી ઉઠ્યા..અમે પૈસા ભરશું પણ પિલાશું નહિ...અમે ભકત નથી....

બે માણસો પરમ એકાંતિક ભકત હતા. તેણે કહ્યું, અમને ચીચુડામાં પીલવા હોય તો પીલી નાખો... પણ અમે ભગવાનના ભકત છીએ તે અમે નહિ કહીએ ભગવાનના ભકત નથી... ભગવાનતો અમારા દેહના અને જીવના ધણી છે. શિરને

**દૈવનું દૈવત પૂજારીના હાથમાં છે**

સાટે અમે એમની શરણાગતિ લીધલ છે. હવે તમે જેમ કરો તેમ...સિપાઈ તે બે ભકતને ઓરડામાં હાથ ઝાલીને લઈ આવ્યા..અલ્યા જાણી જોઈને શા માટે મરવા તૈયાર થયા છો ? કહી દો ને અમે ભકત નથી.. તો મરતાં બચી જશો.

ભક્ત બોલ્યો, અમને પાછા હટાવવાની કોશિશ છોડી દો. અમારો અચલ સિધ્ધાંત છે. અમે પ્રભુના ભકત છીએ. તમારે જેમ કરવું હોય તેમ કરી લ્યો.. આ જીભથી અમે નહિ બોલીયે જે અમે ભગવાનના ભક્ત નથી. પતિવ્રતા સતિ નારી પતિ સાથે પરણી જાય પછી કોઈ દિવસ એમ ન બોલે કે આ મારો પતિ નથી. રાજા ગાદી પર બેઠા બેઠા આ વાત સાંભળે છે. તરત ઊઠીને તે બે ભકતરાજને બાથમાં લઈને મળ્યા. પુષ્પનો હાર પહેરાવી રાજીપો વ્યકત કર્યો.અને કહ્યું, તમે પરીક્ષામાં પાસ થયા, તમે સાચા ભક્ત છો.

તમે ખરેખરા ભક્ત છો.તમારે ચિચૂડામાં પિલાવાનું નથી. તમારી અચળ ટેક અને શ્રધ્ધા જોઈને અમે જાહેરાત કરીએ છીએ. તમારું જિંદગીભર મહેસુલ માફ છે...અને જે સાચા ભક્ત નથી, તેમણે દશ વરસના પૈસા જે નથી ભર્યા, તે સરકારમાં ભરપાઈ કરી જાય. બળવાન વ્યકિત ભગવાનના માર્ગે ચાલી શકે છે.

ભક્તિરૂપી છોડને બહુ સાચવવો જોઈએ. નાનો છોડ રસ્તામાં વાવે તો ચારે બાજુ વાડ કરે તો છોડને કોઈ ખાઈ જાય નહિ, અને જો વાડ ન કરે તો છોડને કોઈ ખાઈ જાય પછી જયારે છોડ મોટો થાય ઘેઘૂર વૃક્ષ બની જાય એની પાડ જમીનમાં ઉતરી જાય પછી એને બકરા હેરાન કરતા નથી. એમ પ્રારંભ કાળની ભક્તિમાં સાધન દશામાં રહેલા સાધકે ધર્મનું અવશ્ય પાલન કરવું જોઈએ. તો જ ભક્તિ લાંબી ટકે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

# ઘર સત્સંગ સભા

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૩૦

૧. જય સદ્ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૩૦) સત્સંગીનો પહેરવેશ

સ્વામિનારાયણ હરે..

હવા, પાણી, ખોરાક, રોટી, કપડાં અને મકાન એ માનવની પાયાની જરૂરિયાતો છે.

**ચિંતા આપણી આવતી કાલનો વિષાદ ઘટાડવાની નથી પણ એ આપણી આજની શક્તિમાં ઘટાડો જ કરે છે.**

આપણે આપણાં બાળકોને શાળાએ મોકલીએ છીએ ત્યારે તેને ફરજિયાત શાળાનો ગણવેશ પહેરાવીને જ મોકલીએ છીએ. આપણે પરિવાર સાથે લગ્ન પ્રસંગ, પાર્ટીમાં કે આપણા ઉત્સવ સમૈયામાં જઈએ ત્યારે પણ સારાં સારાં નવા નવાં કપડાં પહેરીએ છીએ. તહેવારના દિવસોએ પણ નવાં કપડાં પહેરવાનો આગ્રહ રાખીએ છીએ. અરે કોઈની સ્મશાનયાત્રામાં અને તેમની પ્રાર્થનાસભા-બેસણાંમાં પણ શક્ય હોય તો સફેદ સાદા વસ્ત્રો પરિધાન કરીને જઈએ છીએ. આમ આપણે ઠેક ઠેકાણે કપડાં પહેરવાનો વિવેક જાળવીએ છીએ. જે આપણી આર્યકાલિન ભારતીય સંસ્કૃતિનું લક્ષણ છે. જે આવકાર્ય બાબત છે.

વળી નાનાં બાળકો, કિશોર-કિશોરી, યુવક-યવતી, આધેડ અવસ્થાવાળા અને વૃધ્ધોના પોશાકમાં પણ એક પ્રકારનો વિવેક જોવા મળે છે. જે અત્યંત જરૂરી છે. આમ અત્ર..તત્ર... અને સર્વત્ર વસ્ત્ર પરિધાન કલાના લીધે માનવીનું બાહ્ય વ્યક્તિત્ત્વ ખીલી ઊઠે છે.

જો પરોક્ષના સામાન્ય માણસો વસ્ત્રો પહેરવામાં વિવેક-મર્યાદા જાળવતા હોય તો....સત્સંગીઓની તો પ્રાથમિક ફરજ બની જાય છે કે, તેમણે વિવેક રાખીને પોતાનો પોશાક પહેરવો જોઈએ.

એક મંદિરના મુખ્ય દ્વાર ઉપર એક બોર્ડમાં લખ્યું હતું કે, મહિલાઓએ ભારતીય સંસ્કૃતિને અનૂરૂપ વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશ કરવો. મિત્રો ભલ ભલાની આંખો ઊઘાડી નાખે તેવી આ સૂચના છે જેનું મનન અને અમલ કરવો જ જોઈએ.

શ્રીજી મહારાજે ''શિક્ષાપત્રી'' શ્લોક ૩૮ માં જણાવ્યું છે કે, ''અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાનાં અંગ દેખાય તેવું ભૂંડું વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું.'' વસ્ત્રો પહેરવાથી શરીરના જે અંગો ઢાંકવાનાં છે, મર્યાદાનું પાલન કરવાનું છે એ મર્યાદા સચવાય નહિ તેવાં સૂક્ષ્મ વસ્ત્રો, બહુ ઝીણા વસ્ત્ર અમારા આશ્રિતો કોઈએ પહેરવાં નહિ.

આપણે ત્યાં એક કહેવત છે કે, ''એક નૂર આદમી ને હજાર નૂર કપડાં'' તે વાત સો ટકા સાચી પણ કપડાં પહેરવામાં વિવેક-મર્યાદાનું ઊલ્લંઘન થાય તે

જરાય ચલાવી લેવાય નહિ.

પણ આજે તો જમાનો એવો આવ્યો છે કે, કાબર-ચીતરા થીગડાં વાળા, લાંબા-ટૂંકા, અડધા અંગ દેખાય ને સુરુચિનો ભંગ થાય તેવા ગમે તેવા કપડાં પહેરીને લોકો જ્યાં ત્યાં ફરતા હોય છે. તે ઉચિત તો ન જ ગણાય. પણ આપણે લોકોને તો તેમ કરતાં રોકી શકવાના નથી જ કારણ કે સૌ સ્વતંત્ર છે.

પણ આપણે સત્સંગી છીએ આપણે નિયમ-ધર્મમાં માનનારા છીએ. ગમે તેવા કપડાં આપણાથી ન જ પહેરાય. ફેશનના બહાને પોતે સુધરેલાં છે તેવું દર્શાવવા માટે અંગ દેખાય તેવા વસ્ત્રો પહેરવા માટે આપણા શાસ્ત્રો મંજૂરી આપતા નથી.

જેમના હૈયે આશ્રિતોનું હિત વસેલું છે તેવાં આપણાં ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણે સંપ્રદાયના આચારસંહિતા ગ્રંથ **શિક્ષાપત્રીમાં ૧૯૧ શ્લોકમાં** સ્પષ્ટ લખ્યું છે કે,

**"અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ,**
**સાથળ અને છાતી**
**બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના**
**ઉઘાડે શરીરે ન રહેવું."**

આમ કપડાં પહેરવા બાબત શ્રીહરિએ અહીં રજૂ કરી છે.

સ્ત્રીઓ ગમે તેવા વસ્ત્રો પહેરે અને તેણીના અંગ ઉપાંગો સ્પષ્ટ દેખાય તેવા વસ્ત્રોમાં કોઈ પુરુષ તેણીને જુએ તો સ્વાભાવિક છે કે સુરુચિનો ભંગ થાય જ પણ તેનાથી આગળ તે પુરુષોની કામોત્તેજના ને ઉત્તેજિત કરવા પણ પોશાક સક્ષમ બને છે અને પછી કોઈ તે મહિલાની ઠઠ્ઠા-મશ્કરી-છેડતી કરે તો તેમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે જવાબદાર છે.

યાદ રાખો કે સમગ્ર વિશ્વમાં મહિલાઓએ પહેરવામાં આવતા વસ્ત્રોમાં આદર્શ પહેરવેશ એટલે આપણી ગુજરાતી સાડી-ચણિયો અને કબજો છે(જોકે દક્ષિણી સાડી પહેરવાનો આમાં સમાવેશ થાય નહિ.) જરા વિચાર કરવા જેવી અને ગૌરવ લેવા જેવી આ વાત છે.

રચનાત્મક ધ્યેયની પૂર્તિ માટે વિવિધ ઉપાયોનું મનન કરવા પૂરતી ચિંતા વાંછનીય છે. પણ જ્યારે તે શરીરને જ ખાવા લાગે ત્યારે તે અવાંછનીય છે. કારણ કે પછી તો તે પોતાના ધ્યેયને જ ખોઈ બેસે છે.

આજકાલ સ્ત્રી-પુરુષો ઢીંચણથી ઉપરના ટૂંકા વસ્ત્રો બેહુદા લાગે તેવા પહેરીને ફરતાં હોય છે તે ઉચિત ન ગણાય. આપણે સત્સંગીઓએ તો તે નહીં જ પહેવાના અને આવા કપડાં પહેરીને મંદિરમાં તો ન જ જવાય. માટે આ બાબતે સાવધાની રાખવી જ રહી.

વળી વસ્ત્રો પહેરવાથી જેટલાં ફાટતાં નથી તેટલાં ફેશનના નામે ઢગલાં કરતાં હોય છે. આવો આર્થિક ખર્ચ સત્સંગીને ન જ પોશાય.

ટી.વી. ઈન્ટરનેટમાં ગમે તેવા વસ્ત્રો પહેવા માટે કલાકારો તગડી રકમ મેળવતા હોય છે. ઉત્પાદકો વેપાર માટે તે આપતાં હોય છે. પણ તે ગમે તેવા વસ્ત્રો પહેરવાની મંજુરી આપણો સત્સંગ, સંપ્રદાય કે આપણી ભારતીય સંસ્કૃતિ આપતી નથી. તેની જાણકારી આપણને હોવી જોઈએ.

આપણા વસ્ત્રો માટે કોઈ આપણી ટીકા કરે કે સંતો આપણને કંઈ સૂચના આપે તો તે આપણે શરમાવા જેવું છે.

વિશ્વમાં સર્વોચ્ચ ગણાતી ભારતીય સંસ્કૃતિના આપણે સંતોનો છીએ. જગતમાં ઊચ્ચ ગણાતા હિન્દુ ધર્મ-સંપ્રદાયના આપણે આશ્રિત છીએ ત્યારે આપણી સંસ્કૃતિ, ધર્મ, સંપ્રદાયનું ખરાબ લાગે તેવા વસ્ત્રો હવે કયારેય નહિ પહેરીએ તેવા શુભ સંકલ્પ કરીએ તો સૌને ગમશે અને ભગવાન રાજી થાશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨

# ઘર સત્સંગ સભા

શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૩૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,............................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

જેટલો સમય આપણે કોઈ કામની ચિંતામાં લગાવીએ છીએ, જો એટલો જ સમય કોઈ કામ પાછળ લગાડીશું તો ચિંતા જેવી કોઈ વસ્તુ રહેશે જ નહિ.

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૩૧) જીભ સુધરી તેની જીંદગી સુધરી.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે- અમારે એકથી લાખ રૂપિયા સુધી બગાડ કરે તો પણ અમારે ક્રોધ આવે નહિ. ક્રોધ કેવો છે?? હડકયા કૂતરા જેવો છે. હડકાયા કૂતરાની લાળ જેને અડે તેને હડકવા હાલે. ડાચીયો નાખીને મરી જાય ને સંતના માર્ગ થકી પડી જાય. જાતિ સ્વભાવ ટાળવાની વાત કરે છે. એક ભૂદેવ હતા, પૂજાપાઠ કરે, સત્સંગ સમૈયામાં જાય, પણ પ્રકૃતિ હતી ગરમ. શ્રીમદ્‌ભાગવતની કથા વાંચે, પણ હા ની ના ન થાય. વાતની વાતમાં ગુસ્સે થઈ જાય. કોઈ એને બોલાવે તો ઊંધું જ બોલે. છતાં મનથી માને કે હું જે કરું છું તે સારું જ કરું છું. પથ્થર હદયને ભકિતની ભીનાશ લાગે જ નહિ. જરાક મનગમતું થાય નહિ. તો તણખા ઝરે. ક્રોધ ઊભરાઈ ઊઠે. પોતે દુઃખીને બીજાને દુઃખી કરે. ઘરના સભ્યો બધા ફફડતા જ હોય.

એકદિવસ ભૂદેવ શ્રીમદ્‌ભાગવતજીની કથા વાંચવા જાય છે. પત્નીને કહ્યું દૂધ તૈયાર હોય તો લાવ. જમીને પછી કથામાં જાઉં. પત્નીએ કહ્યું કઢી કરી છે. ઊભરો આવે પછી જમીને જજો. કથા નવ વાગે શરૂ થશે. અત્યારે આઠ વાગ્યા છે. પાંચ મિનિટ બેસો. તું સમયસર જમવાનું ક્યાં તૈયાર રાખે છે ? જલ્દી દૂધ પૂરી જમવા આપે છે કે નહિ ? પત્નીએ કહ્યું હમણાં જ આપીશ. આમ વાતની વાતમાં શુંકામ ખીજાઈ જાઓ છો ? ક્રોધ કરીને જુઓ તો ખરા તમારું શરીર સાવ સૂકવી નાખ્યું છે. શાંતિ રાખો તો સારું થાય. હિતનાં શાંતિથી વચનો કહ્યાં. છતાં શાંત થાવાને બદલે ગરમી વધી ગઈ.

ગરમાગરમ કઢીની તપેલી સાંણસીથી ઝાલીને પત્નીના માથામાં પછાડી. પત્નીનું મોઢું, આંખને છાતી દાઝી ગયાં. તરફડી તરફડીને મૃત્યુ પામી. પોલિસને ખબર પડી. પોલિસ આવ્યા, પકડીને જેલમાં પૂરી દીધો. ગાંડો થઈ ગયો. બકવાસ કર્યા કરે. છેવટે પગ ઘસીઘસીને વગર મોતે મૃત્યુ પામ્યો. બાળકો નિરાધાર બની ગયા. નરકના કુંડમાં પડ્યો.

ક્રોધ કરવાથી શું પરિણામ આવે છે. તે વિચારવું જોઈએ. જીવન શું કામ બરબાદ કરો છો? આવા ક્રોધીને, કામીને જમાડવાથી શું ફળ થાય? કાંઈ ન થાય. જે જમાડીએ તે પણ જાય. ખોટું અભિમાન સદ્‌ગુણોનું ભક્ષણ કરી જાય છે.

સ્વાદી સ્વાદના વખાણ કર્યા કરે, હરી ફરીને તેની વાત સ્વાદ ઉપર જાય. અભિમાનીની વાતમાં અહંકાર રણકતો હોય દંભી બોલે દંભ ભર્યું, દંભી પોતાની વાત દબાવી રાખે, ખુલ્લી વાત કરે નહિ. કપટી બોલે કપટ ભર્યું. સીધી વાત ન કરે. વાતને ગોળ ગોળ ફેરવે. કાંઈ સમજાય નહિ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**જે માણસો વધુ પડતા વિચારવાની આદતવાળા હોય છે. તેઓ ચિંતિત પણ વધુ રહે છે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૧૩૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૩૨) જબરી ખોટ આવી ગઇ.

સ્વામિનારાયણ હરે..

જબરી ખોટ આવી ગઈ... તે વિષે એક સરસ વાત છે. એક નથુ ભક્ત હતા. ખેતીવાડીનો ધંધો કરે... સત્સંગ સમૈયામાં ચાલીને પહોંચી જાય ત્યાં કથા સાંભળે... બે ભજન કીર્તન ગાય પછી સાંજે ઘેર આવે, શ્રધ્ધા ભાવ પૂર્વક ભક્તિ કરે પણ  સ્થિતિ બહુ ગરીબ...આજીવિકામાં ખેંચ પડે...તેથી સાદાઈથી ઘરનો નિર્વાહ કરે...છતાં કયારેક જમ્યા વિના રહી જાય.

એક વખત શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે તેના ગામના ઝાંપે પધાર્યા ખબર પડી. દોડતા નથુભાઈ આવ્યા શ્રીજીમહારાજના ચરણમાં લાકડીની પેઠે

ઢળી પડ્યા. પછી હાથ જોડીને કહ્યું, પ્રભુ ! મારે ઘેર પધારો ! પ્રભુ ચાલતા થયા... નથુભક્તનો પ્રેમ ઉભરાયો તરત શ્રીજીમહારાજને પોતાના ખંભે બેસાડી દીધા. ઘેર પહોચ્યા એટલે ઘરની અંદર નથુભક્તે સ્વામિનારાયણ ભગવાનને ઓસરીમાં માંચી ઉપર બેસાડ્યા... પછી ગરમ પાણીથી સ્નાન કરાવ્યું, વસ્ત્ર અલંકાર ધારણ કરાવ્યાં, પછી ચંદન પુષ્પથી પૂજા કરી...આરતી ઉતારી ખૂબ રાજી થયા. રોટલો કેરીનું અથાણુંને છાશ જમવા માટે આપ્યું. શ્રી હરિ થોડું જમ્યા ને પછી સંતોને પ્રસાદ આપ્યો, થોડી વિશ્રાંતિ લીધી પછી નથુભક્ત શ્રી હરિને ખભા ઉપર બેસાડીને દૂર સુધી મૂકવા ગયા... પ્રાર્થના કરી, હે પ્રભુ ! બીજી વખત સેવકની ઝૂંપડીએ જરૂર પધારજો અને સેવકની સેવા સ્વીકારજો... આટલું બોલતાં આંખમાં આંસુ આવી ગયાં. પ્રભુએ કહ્યું, ચોક્કસ બીજી વખત આવીશું, તમે રડો નહિ..

આગળ જતાં સંતોએ કહ્યું, હે પ્રભુ ! નથુભક્ત ઉપર કૃપાદૃષ્ટિ કરો. વ્યવહાર સુધરે તો સુખી થાય. પ્રભુએ કહ્યું,પૈસે ટકે સુખી થશે તો અમને ભૂલી જશે. પૈસાનું અભિમાન ભલભલાને સતાવે છે. પૈસા માણસને અક્કડ બનાવે છે. ગરીબાઈ નમ્રતા લાવે છે. જે છે તે બરાબર છે. સંતોએ કહ્યું, મહારાજ નથુભક્ત સમજણવાળા છે. તે સુખ સંપત્તિમાં પ્રભુ ભૂલી જાય તેવા લાગતા નથી. પ્રભુએ કહ્યું, બહુ સારું ધીમે ધીમે વ્યવહાર સારો થશે.

શ્રીજી મહારાજની કૃપાથી ધન સંપત્તિ વધતી ગઈ. સારો વેપાર ચાલે છે. મોટો આલીસાન બંગલો વીસ પચીસ મજુરો દુકાનમાં કામ કરે. બે ઘોડાગાડી...દશ નોકરો... સુખ સંપત્તિ વધતી ગઈ અને ભક્તિ ભજન ઓછાં થતાં ગયાં... પહેલાં દરરોજ મંદિરે દર્શન કરવા આવતા... હવે એક અઠવાડિયે એક વખત ઘોડાગાડીમાં બેસીને મંદિરે દર્શન કરવા આવે... દરરોજ બે ભજન ગાતા તે હવે બે મીનીટમાં નમસ્કાર કરી ચાલ્યા જાય. અભિમાન મૂકીને પ્રભુ ભજો...

કપડાં બગડવાની બીકથી દંડવત પ્રણામ કરે નહિ. પહેલાં પૂજા પાઠ કરી ભગવાનનું ધ્યાન કરી માળા ફેરવતા... હવે વાડી..ગાડી..લાડી ને પૈસાનું ધ્યાન કરે છે. પહેલાં અંતરમાં ભગવાન રમતા હતા. હવે અંતરમાં માયા રમે છે. પહેલાં સંતો ભક્તોના ગુણ ગાતા હવે દ્રોહ કરે છે. આવી રીતે દશ વરસ સુધી ચાલ્યું.

**જો ચિંતા જ કરવી હોય તો ચારિત્ર્યની કે ઉન્નતિની કરો.**

પછી પ્રભુ તેના ગામને ઝાંપે (ભાગોળે) સંતો ભક્તોની સાથે પધાર્યા સવારનો સમય છે, પીપળાના વૃક્ષની છાયામાં બેઠા. સમાચાર મોકલાવ્યા. નથુભક્ત બોલ્યા, હું નવરો નથી. શ્રીજી અને સંતો નવરા છે. મન ફાવે ત્યારે ચાલ્યા આવે છે. મારે દુકાને જાવું છે.

જમા ઉધારનું ખાતું લખવું છે. નોકરને કહ્યું, પહેલું દુકાનનું કામ કરી લે... બપોર પછી ચાર વાગે જમવાનું ઝાંપે આપવા જાજે... ચાર વાગે નોકર આવ્યો. શ્રીજીમહારાજને કહ્યું, લ્યો જમવાનું.. પ્રભુએ કહ્યું, ''નથુભક્ત ન આવ્યા ? નોકર બોલ્યો અમારા શેઠ નવરા નથી... તેણે કહ્યું છે હું નહિ આવું.. તમે જમી લ્યો. પ્રભુએ કહ્યું, હું ભોજનનો ભૂખ્યો નથી. પોતે આંહી આવે... નોકર દોડતો દુકાને આવ્યો... વાત કરી... તમને જાવાનું છે....

નથુભક્ત બોલ્યા, હું નવરો નથી... નહિ જાઉં. શ્રીજીમહારાજે અને સંતોએ સાંજ સુધી વાટ જોઈ ભૂખ્યા તરસ્યા બેઠા છે. પણ નથુભક્ત આવ્યા નહિ... શ્રીજીમહારાજે સંતોને કહ્યું,

**''ઘણી સંપત્તિ શું કામની કે તમને ભગવાન ભૂલાવે...**
**પૈસા કમાવા એ પાપ નથી પણ ભગવાનને ભૂલી જવા એ પાપ છે. ધન સંપત્તિ ભેગી કરવી તે ખરાબ નથી,**
**પણ તેમાં આસક્તિ રાખવી તે ખરાબ છે.''**

શ્રીજીમહારાજે કહ્યું, નથુભક્ત ધંધામાંથી નવરા નથી. તો હવે નવરા થઈ જશે ને મઝા કરશે... શ્રીજીમહારાજ અને સંતો ભૂખ્યા તરસ્યા બીજે ગામ પધાર્યા.

નથુભક્ત મા-બાપની સેવા કરતા નથી. ફાવે તેવું વડીલનું અપમાન કરે છે. મા-બાપને દુઃખી કરે છે, રડાવે છે, માવતરની આંખમાં બે વખત આંસુ આવે છે. દીકરી ઘર છોડે ત્યારે, અને દીકરો તરછોડે ત્યારે.

વ્યસનમાં ડૂબી ગયો. પૂજા પાઠ આદિક સત્કર્મ છોડી દીધાં... વેપારમાં ખોટ ગઈ, ધીરે ધીરે બે વરસ પછી રાંક જેવો ભીખારી થઈ ગયો. દુકાન, મકાન અને ગાડીઓ વેચાઈ ગઈ, તમામ પૈસા વેડફાઈ ગયા. જમવા માટે રોટલા પણ મળતા નથી, નથુશેઠમાંથી નાથીયો થઈ ગયો. પસ્તાવાનો પાર નથી, રિબાઈ રિબાઈને

જિંદગી પસાર કરી. મનુષ્ય જન્મ હારી ગયો ને જમપુરીમાં ધકેલાઈ ગયો... નથુશેઠમાંથી નાથીયો થઈ ગયો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૩૩

૧. જય સદ્ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................

**જેવી રીતે વરસાદ આવે તે પહેલાં છત્રી ખોલવાનો કોઈ અર્થ નથી. તેવી રીતે કાલ્પનિક મુસીબતો માટે અગાઉની ચિંતા કરવાનો કોઈ અર્થ નથી.**

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૩૩) અભિમાન રૂપી ગાંઠ છોડવાની છે.

સ્વામિનારાયણ હરે..

અભિમાનરૂપી ગાંઠ છોડવાની છે. ધીરે ધીરે અંતરશત્રુને ટાળવાનો અભ્યાસ રાખવો. તોડશો તો ફરી ફણા કાઢશે. વાર ભલે લાગે પણ મૂળમાંથી કાઢજો. ગાજર કે મૂળા ધરતીમાંથી ઉખેડવા હોય તો હચમચાવીને ધીમે ધીમે ખેંચીએ તો મૂળમાંથી નીકળી આવે અને છકી દઈને ખેંચો તો હાથમાં પાંદડા જ આવે. મૂળ અંદર રહી જાય.

મુશ્કેલી આવે ત્યારે શાંતિ રાખવી. સત્સંગમાં થોડું કષ્ટ આવે, વિપત્તિ આવે તો મતિ ફરી જાય. અમે દાન પુણ્ય ને માળા ફેરવીએ છીએ, પૂજા પાઠ સત્સંગ સમૈયા કરીએ છીએ ને અમને દુઃખ આવી પડ્યું, ભગવાન અમારી કેમ રક્ષા કરતા નથી? રાત દિવસ ફરે થઈ રોષીવડો. રોષ રાખીને ફર્યા કરે. માણસો આગળ વાત કર્યા કરે. સાવ ઢીલો થઈ જાય. હિંમત રાખી ભજન કરો. કોટી કોટી શાસ્ત્ર સાંભળ્યાં, વળી કોટી કોટી સાંભળશે. અજ આવી ઉપદેશે તોયે ભૂલ્ય એની કાંઈ ટળશે ?

પથ્થર જેવું જેનું હૈયું થઈ ગયું છે તે કરોડ વખત શાસ્ત્ર વાંચશે, સાંભળશે, ખુદ બ્રહ્મા ઉપદેશ આપશે છતાં પણ એને પોતાની ભૂલ સમજાશે નહિ. કારણ કે અહંકાર તેને સવળુ સૂઝવા દેશે નહિ.

એક મુર્ખે ગધેડાનું પુછડું પકડ્યું. ગધેડે મારી લાત. વાગ્યું મોઢામાં સૂઝ આવી ગઈ. દાંત ખખડી ગયા. દુઃખી દુઃખી થઈ ગયો. પોતાનું (મનગમતું) ધાર્યું

કરવાનો સ્વભાવ હોય તે ગધેડાનું પૂછડું પકડવા જેવું છે. મનગમતું મૂકીને હરિ ગમતામાં રહો. કોઈ જાતનું અભિમાન રાખવું નહિ. અભિમાન માણસને અક્કડ બનાવે છે.

મદારીને વાંદરો પકડવો હોય તો શું કરે ખબર છે ? જંગલમાં જાય. એક ઘડામાં શેકેલા ચણા રાખે. મદારી ઝાડ ઉપર સંતાઈ જાય. પછી વાંદરો આવે, ઘડામાં હાથ નાખી ચણાની મૂઠી વાળે. પછી બહાર કાઢવા ખેંચા ખેંચ કરે પણ ઘડાથી બહાર હાથ નીકળે નહી. ત્યાં મદારી આવે અને વાંદરાને પકડી કંઠમાં દોરડી બાંધી ચાલતો થઈ જાય. વાંદરો પરવશ પરતંત્ર થઈ ગયો. જો મૂઠી ખોલી નાખત તો છૂટી જાત પણ ચપટી ચણાના લોભમાં મૂઠી ખોલી નહિ. તેથી કાયમ પરાધીન થઈને મદારી સાથે રહેવું પડે છે.

બીજા કશાનું નહીં, માત્ર પ્રભુનું સ્મરણ કરો. અભિમાનની અને સંસારના તુચ્છ સુખની અપેક્ષા છોડી દો. મૂઠી વાળી રાખશો તો ભવસાગરમાં ભટકશો અને પરાધીન બની જાશો. કુબુધ્ધિને દૂર કરો. ખેતરમાં અનાજ વાવવું હોય તો ખેતરને સાફ કરવું પડે. અંદરથી બોરડી અને થોરીયા વિગેરે વૃક્ષને કાઢવાં પડે પછી વાવણી થાય. તેમ પહેલાં જીવમાંથી કૂડકપટ, કામ, ક્રોધ વિગેરે દૂષણોનાં ઝાંખરાંને સાફ કરવાં જોઈએ. પછી ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું વાવેતર થાય છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**ચિંતા મુખ્યત્વે અકારણ જહોય છે. ચિંતા કરવાથી પરિસ્થિતિમાં કોઈ ફેર પડતો નથી કે પડવાનો નથી તેથી ચિંતા કરવી નકામી છે.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૩૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૩૪) હે પ્રભુ, તમે અમારા જીવના ધણી છો.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, વિમુખ જીવના પંચ વિષય અને હરિજનના પંચ વિષય તેમાં ભેદ છે. ભગવાનના ભક્ત છે તેને ભગવાનની કથા સાંભળવી તે શ્રોત્રનો વિષય છે. ભગવાનના ચરણાર્વિંદનો સ્પર્શ કરવો, સંતના ચરણરજનો સ્પર્શ

કરવો તે ત્વચાનો વિષય છે. ભગવાન અને સંતના દર્શન કરવાં તે નેત્રનો વિષય છે. ભગવાનનો પ્રસાદ લેવો તથા ભગવાનના ગુણ ગાવા તે જીભનો વિષય છે. પુષ્પના હારની સુગંધ લેવી તે ઘ્રાણનો વિષય છે. વિમુખ અને હરિભક્તના વિષયમાં ભેદ છે. **(ગ. પ્ર. પ્ર. ૩૨ વચનામૃત)**

ગઢપુરમાં લીલુડા લીંબડા નીચે શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન છે. સામે સંતો અને હરિભક્તો બેઠા છે. મંદિરના ચોકમાં પંખીઓ દાણા ચણે છે, કલબલ કલબલ કરે છે, પ્રભુએ પૂછ્યું, આ પંખીઓ રાત્રે ક્યાં રહેતાં હશે ? ભક્તોએ કહ્યું, એમના માળામાં. પ્રભુએ કહ્યું, અત્યારે માળો છોડીને કેમ અહીં આવ્યાં હશે ? મહારાજ ! ચણ ચણવા આવ્યાં છે. મહારાજે કહ્યું, ચણ ન ચણે તો ન ચાલે ? મહારાજ ! ચણ ન ચણે તો ભૂખે મરી જાય. મહારાજે કહ્યું, ચણ ચણીને ક્યાં જાશે ? પાછા એના માળામાં જશે. મહારાજે પૂછ્યુ, એ ભૂલાં ન પડે ? ના મહારાજ ! સૌ પોતપોતાના માળા શોધી લે, પણ પારકા માળામાં કોઈ ન જાય.'' પછી શ્રીજીમહારાજે પૂછ્યું. ઢોર હોય તે શું કરે ? મહારાજ ! ઢોર સીમમાં ચરવા જાય, ચરીને પોતાના ખીલે ઊભું રહે.

પ્રભુએ સ્પષ્ટીકરણ કર્યું, ધણીયાતું ઢોર ખીલે આવે પણ હરાયું ઢોર ? ભક્તોએ કહ્યું, હરાયું ઢોર ખીલે આવે નહિ. પ્રભુ બોલ્યા, ''ધણીયાતું એટલે શું ? અને હરાયું એટલે શું ? જેનો માલિક હોય તેને ધણીયાતું કહેવાય, અને રખડુ હોય તેને હરાયું ઢોર કહેવાય.

શ્રીજીમહારાજે કહ્યું, તમે બધા સભામાં બેઠા છો તે ધણીયાતા છો ? કે હરાયા ઢોર જેવા છો ? બીજું પક્ષી જેમ પોતાના માળામાં જ જાય ક્યારેય ભૂલે નહિ. તેમ તમે માળામાં આવો છો કે ભૂલા પડો છો ?

બધા ચૂપ થઈ ગયા, શું જવાબ દેવો ? બે હાથ જોડી કહ્યું, મહારાજ ! અમે સમજ્યા નહિ તમે સરખી રીતે સમજાવો. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું,

**''જે ભગવાનનું ભજન કીર્તન કરે, પૂજા પાઠ કરે,**
**દાન ધર્માદા કરે, સત્સંગ સામૈયા કરે,**
જપ ને તપ કરે, સતત ભગવાનનું સ્મરણ કરે, તેને ધણીયાતા કહેવાય.''

**આપણામાં રહેલી તમામ મર્યાદાઓ ચિંતાનાં સ્વરૂપમાં આપણી સમક્ષ આવતી હોય છે.**

અને જે ભગવાનનું કાંઇ ન કરે, જે કાંઇ કરે તે માયા રાજી થાય તેવું જ કરે, પૂજા પાઠ કાંઇ ન કરે, ન ખાવાનું ખાય, ન પીવાનું પીવે, જ્યાં ત્યાં રખડે પણ મંદિરે દેવ દર્શન કરવા ન જાય, સાધુ સંતોનો દ્રોહ કરે તે બધાં ન ધણીયાતાં છે, રખડુ છે ને હરાયાં ઢોર જેવા છે. તમે કેવા છો ? ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ તરત સુંદર મજાનું સમર્થ ધણીનું કીર્તન ગાવાનું શરું કર્યું.

**ધન્ય ધન્ય ધન્ય મારા સમરથ ધણી રે, અઢળક ઢળ્યા છે આ વાર,**
**શરણાગત પોતાના સંતની રે, વાલા મારા વેગે કરો છો વાર. ધન્ય૦**
**રાજી રહી છું જોઇ રાવલી રે, અંતરમાં વર્તે છે આનંદ;**
**નથી ડગમગ મારા દિલમાં રે, નિશ્ચય કહે છે નિષ્કુળાનંદ. ધન્ય૦**

ભક્તજનોએ કહ્યું- પ્રભુ અમે ધણીયાતા છીએ, અમારાં ભાગ્ય કે તમે સાક્ષાત અમને મળ્યા છો, દેહ કે જીવ જે કહો તે તમે જ અમારું સર્વસ્વ છો. તમે અમારા જીવના ધણી છો.

બ્રહ્માનંદ સ્વામી પ્રશ્ન પુછ્યો છે જે, કોઇ સમે ભગવાનના ભક્ત આનંદથી ભજન સ્મરણ અને કીર્તન કરે છે, કોઇ સમે અંતર ડોળાઇ જાય છે. તેનું શું કારણ છે ? શ્રીજી મહારાજ કહે છે કે, એમને ભગવાનની મૂર્તિ ધાર્યાની યુક્તિ આવડતી નથી. રજોગુણ અને તમોગુણ હૈયામાં હોય ત્યારે પ્રભુનું ધ્યાન કરવું નહિ. સત્વગુણ વર્તે ત્યારે પ્રભુનું ધ્યાન કરવું.

અંતઃકરણ કેવું છે ? નાના છોકરાં જેવું, વાંદરા જેવું અને બાળક જેવું છે. વગર પ્રયોજને ચાળા કર્યા કરે. મન ખાલી ચંચળતાવાળુ નથી. એ થોડીવારમાં બેચન બનાવીને મુંઝવણમાં મૂકી દે છે. છોકરાં જેવું હઠીલું છે. હઠ પકડે તો સમજાવી શકાતું નથી. પરાણે જીવને માયામાં ખેંચે છે. ત્યારે મનને નવધા ભક્તિમાં જોડી દેવું.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૩૫

૧. જય સદ્ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**ક્રોધ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને અહંકારથી વધે છે.**

## (૧૩૫) ધર્મ સાધે ને બીજાને સધાવે.

સ્વામિનારાયણ હરે..

સ્વાદને જીતવો અને વાદને પણ જીતવો, કોઈ સાથે વાદ કરવો નહિ, મન ભક્તિથી રંગાઈ જવું જોઈએ, શ્રીજીમહારાજની આજ્ઞા છે, સ્ત્રી ધનનો ત્યાગ રાખવો, તેમાં તલભાર પણ ફેર પડવા દેવો નહિ, આ ટેક સાધુને જીંદગીભર ટકાવી રાખવી પણ ધર્મમાં ઢીલાશ રાખવી નહિ.

કેવા સંત શ્રીહરિને ગમે છે તેની બાબત પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે. તે આપણે ગાઈએ.

આત્મનિષ્ઠા અને દેહ નિષ્ઠાના માર્ગો અલગ અલગ છે. તેલ અને પાણી એક વાસણમાં ભેળા નાખો તોય તે નોખા જ રહે, તેમ આત્મજ્ઞાની અને દેહાભિમાની ભક્ત એક સ્થળમાં ભેળા રહેતા હોય, પણ બેયના વર્તનમાં ઘણો ફેર હોય છે.

આત્મજ્ઞાની નિર્માનીપણું ઈચ્છે, દેહાભિમાની મારૂં જગતમાં માન વધે એવું ઈચ્છે. આત્મજ્ઞાનીને જગતના વિષય અગ્નિ જેવા લાગે, દેહાભિમાનીને જગતના વિષય મીઠા લાગે, આત્મજ્ઞાનીનું મન મંગળકારી મોહનવરની મૂર્તિમાં રમ્યા કરે, દેહાભિમાનીનું મન માયામાં રમ્યા કરે. આત્મજ્ઞાનીને જગતની ચર્ચામાં કંટાળો આવે, દેહાભિમાનીને જગતના ગામ ગપાટામાં મજા આવે.

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે, મોળી વાત જે દિવસ થઈ જાય તે દિવસ ઉપવાસ કરવો, મોળી વાત કરે તેને નપુંસક જાણવો, નપુંસક થકી સંતાનની ઉત્પત્તિ થાય નહિ, તેમ તેવા સાધુ થકી કોઈ સત્સંગની પ્રગતિ થાય નહિ, સદ્‌ગુણરૂપી ફળ ઉત્પન્ન થાય નહિ, માટે સાવધાન રહેવું. ભક્તિ કરવી તે ઢીલા પોચાનું કામ નથી, એતો શિર સાટાની વાત છે.

જેતલપુરમાં એક વખત શ્રીજીમહારાજે સભામાં કહ્યું, કે ત્યાગી થવું હોય તે અમારી પાસે આવો, શ્રીજીમહારાજને પરીક્ષા લેવાની ઈચ્છા થઈ, સંસારમાં કેટલી આસક્તિ છે ? હે વહાલા ભક્તજનો ! જેને જેને સાધુ થાવું હોય તે અમારી

પાસે આવો. ત્યાં તો સભામાં બધા ઉભા થઈ ગયા, મહારાજ મને દીક્ષા આપો, મને આપો, હું પહેલો, હું પહેલો, આ જોઈ શ્રીજીમહારાજે કહ્યું, હે ભક્તજનો તમે બધા ત્યાગી જેવા જ છો, તમને વ્યવહાર બિલકુલ બંધન નહિ કરે, સૌ સૌના ધર્મમાં રહી ભજન ભક્તિ કરજો.

થોડો સમય પસાર થયો ત્યારે શ્રીજીમહારાજ ગામ ભાદરા પધાર્યા, સભામાં કહ્યું, અમે અક્ષરધામમાંથી અનંત જીવાત્માના કલ્યાણ કરવા આવ્યા છીએ, જે એકાંતિક ભક્તો અત્યારે છે, તેને સંસારમાં બિલકુલ આસક્તિ નથી. સંસાર તણખલાની જેમ એને સ્વપ્રા જેવો લાગે છે. કોઈ પદાર્થમાં બંધાયેલા નથી.

આવું સાંભળી ભુજના સુંદરજીભાઈ કથામાં બેઠા હતા, તેણે કહ્યું, હે મહારાજ ! એવું તો સત્યયુગ, ત્રેતાયુગમાં હતું, પણ કળિયુગમાં સંસારને સ્વપ્રા જેમ અને તણખલા જેમ ત્યાગ કરનાર ઓછા હોય, શ્રીજીમહારાજે સરસ જવાબ આપ્યો, સત્યયુગ ત્રેતાયુગમાં હતા. તેનાથી વધી જાય એવા મુક્તો આ સભામાં છે તે તમને ઘેર બેઠા બતાવશું. સમય જતાં અઢાર પરમહંસ કરી બતાવ્યા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**અત્યંત ક્રોધી સ્વભાવવાળો આંખ હોવા છતાં પણ આંધળો છે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

# સભા-૧૩૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ..................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૩૬) ગઢપુરનો લીંબડો ક્યાંથી આવ્યો ?

સ્વામિનારાયણ હરે..

ગઢપુરમાં એભલખાચર રહેતા હતા. વ્યવહારમાં ગાંડા જેવા લાગે પણ ભગવાનના માર્ગમાં બહુ ડાહ્યા હતા. શૂરવીર હતા. પારસમણિ જેના પાસે હોય તેને કોઇ જાતની કમી રહે નહિ. જેના ઉપર પ્રભુ પ્રસન્ન થાય તેને કોઇ કમી રહેતી નથી. પણ એક વાતનું ધ્યાન રાખજો... બીજા જમશે તો આપણી ભૂખ નહિ જાય. બીજા પાણી પીશે તો આપણી તરસ નહિ મટે. દાદાખાચર, ઝીણાભાઇ, જનકરાજા વિગેરે ભક્તજનની વાત સાંભળવાથી આપણામાં એવી સમજણ નહિ આવી જાય.

એવા ભક્તજન થવા માટે આપણને સમજણ અને સત્સંગ દઢ કરવો જોઇશે. પ્રભુને પ્રસન્ન કરવા માટે લક્ષ્ય રાખવો જોઇશે. સત્શાસ્ત્રોનું હંમેશા વાંચન,

શ્રવણ અને મનન કરવું જોઈશે. તોજ સત્સંગ લીલો રહે, નહિંતર કરમાઈ જાય. પ્રભુની કથા અંતરની તરસ મટાડે છે.

એભલખાચર એક વખત કાઠી દરબારોની સાથે ભેંશ લેવા ગયા. ગામ ઉમેદ આવ્યા. તે ગામના કૂવા ઉપર કોશ ચાલતો હતો. ત્યાં એભલબાપુ અને કાઠી દરબારોએ સ્નાન કર્યું. તે વખતે મુક્તાનંદ સ્વામી ના શિષ્ય વિઠ્ઠલાનંદ અને બાળાનંદ સ્નાન કરવા આવ્યા. સ્નાન કર્યા પછી પાણી જવાના ધોરીયા પાસે પ્રભુનું ધ્યાન ધરે છે. તે ધોરીયામાં એક એક લીંબડાનો એક વેંત જેટલો છોડ હતો. વિઠ્ઠલાનંદ કહે, ''હે બાળાનંદ, આ લીંબડાનો નાનો છોડ ખૂબ પવિત્ર છે. આ છોડ મોટો થશે પછી દશ વરસની અંદર એ વૃક્ષ નીચે સાક્ષાત પરમાત્મા બીરાજમાન થશે. એવો પવિત્ર લીંબવૃક્ષનો છોડ છે. મુક્તાત્મા વૃક્ષ છે.''

આવું સંતોનું વચન સાંભળી એભલબાપુ ભેંશ લેવા આવ્યા હતા તે લીધી નહિ. અને ગામમાંથી કોશ અને કુંડું લઈ આવ્યા. અને લીંબડાના લીલા છોડને જતન કરીને ઉખાડી કુંડામાં રાખ્યો. પછી પોતે ઘોડા ઉપર બેઠા. ખોળામાં કુંડાને રાખી સાંચવીને ગઢપુરમાં લઈ આવ્યા. દરબારમાં ચોક હતો. તેમાં વચ્ચોવચ્ચ ભગવાનનું નામ લઈને છોડને એક ખાડો કરીને રોપ્યો.

દરરોજ પાણી પાય. મોટો ઘેઘુર લીલોછમ લીંબડો થઈ ગયો. દશ વરસ પછી શ્રી સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં પધાર્યા અને એ લીંબડા નીચે વિરાજમાન થયા. અનેક સંતો અને ભક્તોને અમૃતરસનું પાન કરાવ્યું. આત્મા પરમાત્મા સંબંધી જ્ઞાન આપી આંતરિક શુદ્ધિ કરાવી. રણમાં ભટકતો પ્રવાસી તરસથી તરફડતો હોય અને જો વિશાળ વૃક્ષની શીતળ છાયા મળે તથાં મીઠી વીરડીનું પાણી મળે ત્યારે કેટલી હાશ વર્તાય ? તેમ સંસારના રણમાં અટવાતા જીવાત્માઓ માટે સંતોએ વચનામૃત શાસ્ત્રની વૃક્ષની શીતળ છાયા આપી છે. પ્રભુના લીલા ચરિત્રોથી ભરપુર શાસ્ત્રરૂપી મીઠી વીરડી જેવું અમૃતરૂપી પાણી આપ્યું છે. ભક્તિ કરવી તે ઢીલા પોચાનું કામ નથી, એ તો શીર સાટાની વાત છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**ક્રોધને કડવા વેણ સાથે વિશેષ મેળ હોય છે.**

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૩૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૩૭) જુઓ, ઘરધણી આવી ગયા.

સ્વામિનારાયણ હરે..

એક વખત શ્રી સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં લીંબવૃક્ષ નીચે ઢોલિયા ઉપર સંતો ભક્તોની સાથે વિરાજમાન છે. પ્રભુએ કહ્યું કે, આજે લક્ષ્મીવાડીએ જવાની ઈચ્છા થાય છે. ત્યાં વિશાળ જગ્યા છે. ત્યાં સભા કરીએ. આવી વાત સાંભળી રતનજી અને મીંયાજી તરત સભામાંથી ઉઠી ગયા. દોડતા લક્ષ્મીવાડીએ ગયા. જગ્યા સાફ કરી. પાણી છાંટ્યું જેથી ધૂળ ઉડે નહિ. લીંબવૃક્ષ નીચે પ્રભુને બેસવા માટે ઢોલિયો તૈયાર કર્યો. ભક્તજનોને બેસવા માટે પાથરણાં પાથર્યાં. જલદી જલદી બાજરાના ડાંગરના પૂળા હતા, તે દૂર રાખી દીધા. સરસ મજાની તૈયારી કરી રાખી.

શ્રીજી મહારાજ દાદાખાચરના દરબારમાં વિરાજમાન છે. સંતોએ કહ્યું, ચાલો, આપણે બધા લક્ષ્મીવાડીએ જઈએ. પ્રભુએ કહ્યું, હજુ ઘરધણી આવ્યા નથી. ઘરધણી આવશે, બોલાવશે કે ચાલો મહારાજ, લક્ષ્મીવાડીએ બધી સગવડ તૈયાર છે, ત્યારે ત્યાં જવાશે. સુરાખાચરે કહ્યું, ઘરધણી તો દાદાખાચર છે. તે તો તમારા સમીપે બેઠા છે, ને વળી બીજો કોણ ઘરધણી હશે ?

શ્રી હરિએ કહ્યું, હમણાંજ ઘરધણી આવશે.'' ત્યાં તો શ્વાસભેર દોડતા દોડતા રતનજી અને મીંયાજી આવ્યા. પ્રભુ મંદ મંદ હસતાં કહ્યું, જુઓ, ઘરધણી આવી ગયા. રતનજી અને મીંયાજી બે હાથ જોડી બોલ્યા, પધારો મહારાજ, લક્ષ્મીવાડીએ. બેસવાની તમામ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે. પ્રભુ બહુ જ રાજી થયા. પોતે જે પુષ્પના હાર પહેર્યા હતા તે રતનજી અને મીંયાજીને પહેરાવીને રાજીપો વ્યક્ત કર્યો.

શ્રીજી મહારાજ કહે છે, અમે સંકલ્પ કર્યો લક્ષ્મીવાડીએ જવું છે તો તુરંત રતનજી અને મીંયાજી દોડતા ગયા અને ડુંડા અને બાજરાના પુળા ઠેકાણે રાખી બધી વ્યવસ્થા કરી આવ્યા. કાંઈ પણ કહેવું પડ્યું નહિ કે તમે જાઓ ને સગવડ કરો. આવા ઉત્તમ ભક્ત છે.

આ જગતની અંદર અનેક પ્રકારના ભક્તો હોય છે. આપણને કેવા ભક્ત

**ક્રોધમાં માણસનું મોઢું ઉઘાડું રહે છે અને આંખ બંધ રહે છે.**

થાવું છે તે આજથી નક્કી કરો! ગઢપુરથી શ્રીજી મહારાજ સંત મંડળ સાથે વડતાલ ઉત્સવ કરવા માટે પધારે છે. રસ્તામાં કારીયાણી આવ્યું. ત્યાં મોટા રામદાસભાઈ સખત બીમાર થઈ ગયા. ચાલી શકાય તેમ નથી. હવે શું કરવું ? શ્રી હરિએ કહ્યું, રામદાસભાઈની સેવામાં એક સાધુને રહેવું જોઈશે. કોણ રહેશે ? કોઈ બોલ્યા નહિ. ધીરેથી ગુણાતિતાનંદ સ્વામીએ કહ્યું, મહારાજ, હું સેવા કરીશ.

શ્રીજી મહારાજે પોતે જે પુષ્પનો હાર પહેર્યો હતો તે રાજી થઈને ગુણાતિતાનંદ સ્વામીને પહેરાવીને રાજીપો વ્યક્ત કર્યો. સ્વામી, તમને આશીર્વાદ આપીએ છીએ તમારી નિરાવરણ દષ્ટિ થશે. અમે જે જે સ્થાનમાં લીલા કરશું તે બધું તમને જ્યાં હશે ત્યાં પ્રત્યક્ષ દર્શન થશે. ગુણાતિતાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો. આ છે સેવાનો પ્રતાપ. મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે.

વચનામૃતમાં સેવાને બીરદાવતાં પ્રભુ કહે છે, સંતની સેવા કરે છે, ભગવાનના ગમતામાં છે તે ભગવાનને સમીપે જઈને નિવાસ કરશે. ભગવાન અને સંતોનો રાજીપો નથી, ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે તે જરૂર ધામમાંથી પણ હેઠો પડશે. માટે જેમ ભગવાન અને સંતો રાજી થાય તેમ કરવું. શ્રીજી મહારાજ ગ. મ. ના ૪૧ના વચનામૃતમાં રતનજી તથા મીંયાજીને યાદ કર્યા છે. આ જગતની અંદર ભક્તિ તો ઘણા કરે છે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતા નથી. ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે.

માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી અને મીંયાજી જેવા કોઈક જ કરતા હશે. પણ સર્વથી માનનો સ્વાદ મૂકી શકાતો નથી. પોતાના કલ્યાણને અર્થે, પ્રભુ પ્રસન્નતાને અર્થે ભક્તિ કરવી. કોઈક મને વખાણે, મારી જગતમાં પ્રશંશા થાય, ઉપસવા માટે ભક્તિ ન કરવી. પ્રભુની, સંતની, માબાપની સેવા ચાકરી મળે ત્યારે મારૂં મોટું ભાગ્ય કે મને સેવા મળી છે. એવા સદવિચાર કરવાં.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૩૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**ક્રોધ જીવતાને મારી નાખવાનું કામ કરે છે. જ્યારે પ્રેમ મરવા પડેલાને જીવાડવાનું કામ કરે છે.**

## (૧૩૮) ભગવાનનો દઢ આશરો રાખો.

સ્વામિનારાયણ હરે..

મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પુછ્યો કે, ભગવાનને પ્રસન્ન કરવાના અનેક સાધન છે પણ તેમાં એવું એક સાધન કયું બળવાન છે જે સમગ્ર સાધન કરવાથી જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય ? (ગ. પ્ર. પ્ર. ૩૩ વચનામૃત)

શ્રીજી મહારાજ બોલ્યા જે, ભગવાનનો દઢ આશરો છે તે સર્વે સાધન કરતાં મોટું સાધન છે. ભગવાનનો આશરો સાચો, બીજાનો આશરો કાચો.

એક નાનકડાં ગામમાં બ્રાહ્મણ રહેતો હતો. તે પોતાના સાસરાના ગામથી પત્નીને તેડીને પોતાના ગામ તરફ આવતો હતો. પત્નીને શરીરે સૂંડલો ભરાય એટલા દાગીના હતા. આ બન્ને દંપતી વનની વાટે ચાલ્યાં આવે છે, સ્ત્રીના શરીર પર દાગીના જોઇને ઠગારાની દાનત બગડી, આને લૂંટવા જેવો લાગ મળ્યો છે. પછી સાધુના જેવાં કપડાં પહેરીને એમની સાથે ચાલતો થયો, પત્ની ચતુર હતી તેમને ખબર પડી ગઇ કે, આ સાધુ સંત નથી પણ ઠગારો છે. સાધુની આંખ નિર્મળ હોય, આની આંખમાં કપટ ને વિકાર દેખાય છે. સાધુ સંતની દૃષ્ટિ સ્થિર હોય અને આતો ચારે બાજુ ચક્કર વક્કર જોયા કરે છે.

ઠગારાની રૂબરૂમાં પતિને કાંઇ કહેવાય નહિ, હવે શું કરવું ? બ્રાહ્મણ બિચારાને કાંઇ ખબર નથી, તેથી ભગવાનની વાતો કરતા કરતા ચાલ્યા જાય છે. બ્રાહ્મણ પત્નીને થયું કાંઇ યુક્તિ કરવી પડશે, તેથી ધીરે ધીરે ચાલતાં પાછળ રહી ગયાં. પછી ઓચિંતાની જોરથી બૂમ પાડી, વોયરે !!! મને કાંટો વાગ્યો. બૂમ સાંભળી બ્રાહ્મણ દોડી આવ્યો, કયા પગમાં કાંટો વાગ્યો ? લાવ કાઢી દઉં, પત્નીએ કહ્યું, પગમાં કાંટો નથી વાગ્યો પણ કાળજામાં વાગ્યો છે. પતિદેવ ! આ સાધુના વેશમાં ઠગારો છે, સાધુ નથી, ધૂતારો છે, માટે ચાલો આપણે પાછા વળી જઇએ, ચેતી જઇએ તો સારૂં, નહિતર આ ધૂતારા હેરાન કરશે. ઠગારાને થયું આ બે જણ શું વાત કરતાં હશે ? અમારી વાત કરતાં હશે તો ! ચોરને ચંદેણાં સુઝે, દોડીને નજીક આવ્યા, શું થયું કહો તો ખરા ?

ત્યારે બ્રાહ્મણે કહ્યું, અમે અહિથી પાછા વળીને ઘરે જશું, પણ આગળ નહિ ચાલીએ. ત્યારે સાધુના વેશમાં ચોરે કહ્યું, અમારા જેવા સાધુ ઉપર તમને વિશ્વાસ નથી ? આપણા બધાની વચ્ચે ભગવાન છે, પ્રભુનો ટેકો સાચો, બીજાનો ટેકો કાચો, અમે સંતો છીએ, સંતો તો પરહિતકારી હોય છે. માટે તમે બેફિકર રહીને ચાલો. હમણાં જ આપણા ગામે પહોંચી જશું.

ભગવાનના ટેકાની વાત આવી એટલે દંપતીને થયું વાત સાચી કરે છે, એમ કરતાં ચાલતાં ચાલતાં દૂર વનમાં પહોંચ્યાં, ત્યાં આ ઠગારાએ બ્રાહ્મણની છાતી ઉપર ભાર દઈને બ્રાહ્મણને મારી નાખ્યો. ત્યારે સ્ત્રી આજુ બાજુ જોવા લાગી, ત્યારે ચોરે કહ્યું, આજુ બાજુ શું જુઓ છો ? હવે કોઈ મદદ કરવા નહિ આવે, તારા દાગીના બધા આપી દે, નહિંતર તને મારી નાખીશ.

ત્યારે બાઈએ કહ્યું, આજુ બાજુએ જોઉં છું, કે તમે કહેતા હતા કે આપણા વચ્ચે ભગવાન છે, એ હજુ કેમ આવતા નથી ! દેખાતા નથી ! એના આધારે હું અહિ આવી છું. એમ કહી ઊંચા અવાજે રડતાં રડતાં પોકાર કર્યો.

**સહજાનંદ શરણં મમ, સહજાનંદ શરણં મમ;**

**સહજાનંદ શરણં મમ, સહજાનંદ શરણં મમ.**

ત્યાં તો ભગવાન મદદમાં આવી ગયા. હણહણાટ કરતી માણકી ઊભી રહી. ચોર આભા બની ગયા. આ ઘોડેસવાર કોણ વનમાં પહોંચી આવ્યો ? ભગવાને હાકોટો માર્યો, ‘‘અલ્યા પાપી, સાધુનો વેશ લઈ જગતને છેતરો છો ? આજે જીવતા ન મૂકું.’’ જ્યાં નજર કરી ત્યાં ચોર લાકડાંની જેમ જડ બની ગયા, પૂતળાં જેવા અચેતન બની ગયા, બાઈ ખોળો પાથરીને પ્રભુને પગે લાગી, ‘‘હે દીનદયાળ ! ખરી વખતે તમે અમારી સંભાળ લીધી, નહિતર આ પાપીના હાથે મારું મોત થઈ જાત.’’

ભગવાને બ્રાહ્મણ ઉપર હાથ ફેરવ્યો, બ્રાહ્મણ જીવતો થયો. પછી દંપતી ઘેર ગયા. અને આખી જિંદગી ભજન કર્યું. અને અંતે ભગવાનના ધામને પામ્યાં.

આશરાના ત્રણ ભેદ છે. મુઢપણું, પ્રીતિ અને સમજણ.મુઢપણે પ્રભુમાં આશરો કર્યો હોય તો બ્રહ્મા જેવા આશ્રયમાં ડોલાવે તો પણ ડોલે નહિ. પ્રીતિએ

**જે માણસ યોગ્ય વસ્તુ કે યોગ્ય વ્યક્તિ સામે યોગ્ય રીતે, યોગ્ય સમયે અને યોગ્ય સમય પર્યંત ગુસ્સે થાય છે તે વખાણાય છે.**

સહિત આશ્રય કર્યો હોય તેને બીજા પદાર્થમાં પ્રીતિ થાય નહિ. અને સમજણ યુક્ત મહિમાએ સહિત આશરો કર્યો હોય તેની સમજણ ટકી રહે છે. શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીને અને બ્રહ્માનંદ સ્વામીને પુછ્યું કે, ત્રણ અંગમાં તમારૂં કયું અંગ છે? સ્વામી બોલ્યા, અમારૂં સમજણનું અંગ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૩૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................

# ઘર સત્સંગ સભા

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૩૯) ઘરને પડતાં બચાવી લીધું.

સ્વામિનારાયણ હરે..

કારીયાણી ગામમાં જન્માષ્ટીનો ઉત્સવ કર્યો. જીવાખાચરે પ્રાર્થના કરી કે, હે પ્રભુ! તમે અમારા ગામમાં પધારો તો સૌને દર્શનનો લાભ મળે. આમંત્રણને માન આપી શ્રી સ્વામિનારાયણ ભગવાન સારંગપુર પધાર્યા. ચોમાસાના દિવસો આવ્યા પણ બીલકુલ વરસાદ થયો નહિ. ઢોર ભૂખે મરે છે પણ બધાં માણસો દુઃખી દુઃખી થઈ ગયા છે. હવે શું કરવું ? ગ્રામજનોએ ગામધણી જીવાખાચરને વાત કરી. તમે શ્રીજી મહારાજ પાસે જાઓ અને પ્રાર્થના કરો તો પ્રભુ વરસાદ વરસાવે.

જીવાખાચરે કહ્યું, તમે બધાં મારી સાથે ચાલો. પ્રભુને વાત કરીએ. સૌ ભક્તજનો પ્રભુ પાસે આવ્યા. પગે લાગીને બેઠા. બે હાથ જોડી કહે છે, હે મહારાજ, દયા કરો ને વરસાદ વરસાવો તો બહુ સારૂં થાય. ઢોર ભૂખે મરે છે. માણસો પણ દુઃખી છે. ઈન્દ્રાદિક દેવતાઓ આપની આજ્ઞામાં રહીને આ સૃષ્ટિનું કામ કરે છે. વરસાદ થાય તેવી કૃપા કરો. શ્રી હરિએ કહ્યું, તમે બધાં મારી પાસે બેસીને તાળી વજાડીને ઉચ્ચ સ્વરે ધૂન બોલો. ધૂન શરૂ થઈ...

**સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ..., સ્વામિનારાયણ...**

પ્રભુ પોતે પણ તાળી પાડી ધૂન બોલે છે. ત્યાં ઈશાન ખૂણામાં વાદળી ચઢી

**બળવાન તે નથી જે બીજાઓને નીચે પાડી નાખે. આપણામાં બળવાન તે છે કે જે પોતાના ગુસ્સાને કાબૂમાં રાખે છે.**

આવી. જોતજોતામાં આખું આકાશ વાદળાથી છવાઈ ગયું. કડાકા ને ભડાકા થવા લાગ્યા. વીજળી ચમકે છે. મુશળધાર વરસાદ ચાલુ થયો. માણસો બધાં ગભરાઈ ગયા કે હવે શું થશે ? જેમ વૃંદાવનમાં મુશળધાર વરસાદ થયો ત્યારે પ્રભુ શ્રીકૃષ્ણ પરમાત્માએ એક ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ધારણ કરી સૌની રક્ષા કરી હતી તેવી રીતે આપણી રક્ષા કરે તો સારૂં નહિંતર તણાઈ જવાશે. રાત્રે પોતપોતાના ઘેર ગયા. સૌ સૂઈ ગયા પરંતુ વરસાદ આખી રાત ચાલુ છે. ત્રણ દિવસ સતત દિવસ અને રાત વરસાદ ચાલુ રહ્યો. બધાં માણસો ચિંતા કરે છે, આજે ઈન્દ્રરાજા ખીજાઈ ગયા છે. આખું સારંગપુર પાણીમાં બોળી દેશે તો ?

ચારે બાજુ પાણી પાણી ભરાઈ ગયું. માટીના ઘર હતાં તે મંડ્યા પડવા. ઘરથી બહારે નીકળવાની કોઈની હિંમત ચાલતી નથી. શ્રીજી મહારાજ જીવાખાચરના દરબારમાં પલંગ ઉપર સુતા છે. તે ઘર પડવા લાગ્યું. શ્રીજી મહારાજ બોલ્યા, જીવાખાચર, ઘર પડશે તો બધાં દબાઈ જશો. બીજી જગ્યા બતાવો. જીવાખાચરે કહ્યું, નવી ડેલી છે તેના મેડા ઉપર પધારો. પ્રભુ નવા મેડા ઉપર ગયા. રાત્રીના ૧૧ વાગ્યા છે. પ્રભુએ કહ્યું, જીવાખાચર, અમને ખૂબ ભૂખ લાગી છે. જમવા આપો. જીવાખાચર બોલ્યા, હમણાંજ રસોઈ બનાવી આપશું. મુળજી બ્રહ્મચારી, તમે રસોઈ બનાવો.

બ્રહ્મચારી કહે છે, ચુલામાં પાણી ભરાઈ ગયું છે ને બળતણ પલળી ગયું છે. કેમ રસોઈ બનાઉં જીવાખાચરે કોઠી ભાંગીને ચુલો બનાવ્યો ને ખાટલો ભાંગીને બળતણ આપ્યું. ચુલો પેટાવી દીધો. બ્રહ્મચારીએ રસોઈ તૈયાર કરી પ્રભુને જમાડ્યા. આવી ઉદારતા, શ્રધ્ધા અને સમય સુચકતા જોઈ પ્રભુ રાજી થયા. ત્યાં જે માળ ઉપર બેઠા છે તે મેડો મંડ્યો પડવા. પ્રભુએ કહ્યું, જીવાખાચર, મેડો પડે છે ! જલદી બીજી જગ્યા બતાવો ! ક્યાં જાશું ? વિચાર કરો. જીવાખાચરે કહ્યું, હે પ્રભુ, અમારા પાડોશી લાખા અને દેવા પાટીદારે નવા મકાન બનાવ્યાં છે. ત્યાં ચાલો. પ્રભુ ત્યાં પધાર્યા.

મધરાત્રિ થઈ ત્યાં લાખા અને દેવાનું ઘર માંડ્યું પડવા. ઢોર બરાડા પાડે છે. મકાનના મોભની આડી નમી. બધાં મંડ્યા રડવા. રડતાં રડતાં પ્રભુને યાદ કરે છે. હે પ્રભુ, દીનદયાળ ! ભક્ત રડે તો ભગવાનને કેમ ઊંઘ આવે ? શ્રીજી મહારાજ

દોડ્યા. વજનદાર લાકડાનો મોભ ખભા ઉપર રાખીને ઘરને પડતાં બચાવી લીધું.

સવાર પડી. વરસાદ બંધ થઈ ગયો. માણસો અને જનાવર બહાર નીકળી ગયાં. શ્રીજી મહારાજ છાનામાનાં ઉતારામાં આવીને પોઢી ગયા. મંગળ પ્રભાત થયું. શ્રીજી મહારાજ સ્નાન કરે છે. જોયું તો ખભા ઉપર કાપા પડી ગયા છે. ભક્તજનો પુછે છે, હે મહારાજ! આ શું થયું છે ? શ્રીજી મહારાજે બનેલી ઘટના બધી કહી સંભળાવી. ભગવાન ખરેખરા ભક્તના ભક્ત બની જાય છે. સાચા ભક્તનું રક્ષણ કરવા પ્રભુ દોડી આવે છે અને વર્તમાન કાળમાં પણ પ્રભુ રક્ષા કરે છે. શરત એટલી કે ભગવાન ઉપર પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. ધર્મ નિયમની દઢતા હોવી જોઈએ. ગમે તેવી વિપત્તિમાં પ્રભુ ભૂલાઈ ન જાય તે ભક્ત સાચો.

સમજવા જેવી કથા છે. આ જગતની અંદર દુઃખને અટકાવી શકાતાં નથી. એ તો ગમે તે રીતે આવવાનાં જ છે. પણ એક ઉપાય છે. દુઃખથી મુક્ત થવું હોય તો ભગવાનના ચરણનો આશરો લેવો જરૂરી છે. ભગવદ્ આશરાનું બળ રાખવું. શ્રીજી મહારાજની લીલા ચરિત્રનું સ્મરણ કરે છે તેના જન્મ મરણ લાખ ચોરાશીના ફેરા ટળી જાય છે. આપણા ભક્તિ સંપ્રદાયમાં ભાવ ભક્તિ શ્રેષ્ઠ કહેલી છે. અંતરની ભક્તિ ભક્તજનના અંતરને રંગે છે. હારેલાને હીંમત આપે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિને દૂર કરે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**ગુસ્સે થવાનો અર્થ એ છે કે બીજાની ભૂલોની સ્વયંને સજા કરવી ક્રોધનું તોફાન વિવેકનો નાશ કરે છે.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૪૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૪૦) દાદી-દાદી અને બાળકો

સ્વામિનારાયણ હરે..

ઘણી વખત આપણને એવું જોવા મળે છે કે, મા-બાપ પોતાના બાળકોને કોઈ કારણસર વઢતા હોય, ઠપકો આપતા હોય કે પછી ધાક-ધમકી આપતાં હોય અને કયારેક મારતા પણ હોય, તેવા પ્રસંગે જો ત્યાં ઘરમાં દાદા-દાદી હાજર હોય

તો તે બાળકોનો પક્ષ લેતાં હોય છે. અને ઘડી બે ઘડી પોતાના પુત્ર પુત્રવધુને વઢતા પણ હોય છે અને બાળકોને માર ખાતા બચાવી લેતાં હોય છે. કારણ કે દાદા-દાદીને પોતાના પૌત્રો-પૌત્રીઓ પ્રત્યે અનહદ લગાવ-સ્નેહ હોય છે. કહેવાય છે કે રૂપિયા કરતાં રૂપિયાનું વ્યાજ વધારે વ્હાલું લાગે છે.

આમ દાદા-દાદી પોતાના સંતાનો કરતાં તેમના સંતાનો અર્થાત પૌત્ર-પૌત્રીને વધારે વહાલથી રાખતા હોય છે. સાચવતાં હોય છે. અને પોતે જો બહાર ફરવા જાય તો પણ ભેગાં લઈ જતાં હોય છે.

અને બાળકોને પણ પોતાના મા-બાપ કરતાં દાદા-દાદી વધુ વહાલા લાગે છે. અને તેમનાથી જરાકેય આઘા પાછા થતાં નથી.

ભારતીય સંસ્કૃતિમાં આપણી પરિવાર વ્યવસ્થાના આજે વિશ્વ આખું વખાણ કરે છે. જેમાં ''દાદા'' નું સ્થાન પૂજનીય હોય છે. ઘરની દીવાદાંડી રૂપે દાદા હોય છે. દાદા પાસે જિંદગીનો અનુભવ હોય છે, તે જ્ઞાની પણ હોય છે અને તેમનામાં ભાવના પણ હોય છે. આમ દાદામાં જ્ઞાનવૃધ્ધ, ભાવવૃધ્ધ અને અનુભવ વૃધ્ધપણું હોય છે.

દાદા-દાદીનું પાત્ર એવું હોય છે કે, તે ઘરમાં બધા સાથે ઉચિત વ્યવહાર કરતાં હોય છે. પણ તેમનું મન ચિત્ત અંતે તો પ્રભુમય જ હોય. દાદા જ્યાં પણ હોય ત્યાં દૈવી ગુણોનો જ પ્રચાર-પ્રસાર કરતાં હોય છે. દાદા-દાદી હરતાં ફરતાં બધે જ પરિવારજનોને પોતાના વિચારો અને હૂંફ સૌને આપતાં હોય છે. આવો દાદા-દાદી ધર્મ ભગવાનને પણ ગમે છે.

કહેવત છે કે, **''ઘરડા ગાડા વાળે''** તે મુજબ દાદા-દાદી ઘર પરિવારની તમામ નાની મોટી બોબતોમાં પોતાના વિચારો, સૂઝ-સમજ આપતાં હોય છે. અને પરિવારને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન અપાવતાં હોય છે. અને સર્વત્ર નિરંતર નૈતિક મૂલ્યોને અગ્ર સ્થાને રાખતાં હોય છે. કારણ કે, દાદા-દાદીની નજર દુરોગામી હોય છે. અને ઘરમાં ઊભી થતી કોઈપણ સમસ્યાનો સરળ સુંદર ઊકેલ તે કાઢી આપતાં હોય છે. આવા દાદા-દાદીના સાંનિધ્યમાં બાળકોનો ઉછેર સલામત હોય છે. સંયુક્ત કુટુંબની જગતને આ તો ભેટ છે.

**ક્રોધ આચરતી વખતે વ્યક્તિ સૌથી વધુ ક્રૂરતા પોતાની જાત પર જઆચરે છે.**

બોળકોમાં ધર્મ-અધ્યાત્મના સંસ્કારનું સિંચન થાય તે માટે દાદા-દાદી પૂજા-કથાવાર્તા કરતી વખતે બાળકોને પોતાની પાસે બેસાડતા હોય છે. નવરાશની હળવી પળોમાં બાળકોને ધર્મની વાતો કરીને મંદિર, સંત, શાસ્ત્ર અને આચાર્ય મહારાજશ્રીનો મહિમા સમજાવતા હોય છે. ઊત્સવ સમૈયામાં મોટા તહેવારોના દિવસોએ દાદા-દાદીની આંગળી પકડીને બાળકો દેવમંદિરોમાં દર્શનાર્થે જતાં હોય છે. વળી દાદા-દાદી બાળકોના વિદ્યાભ્યાસમાં રસ લઈને તેમને શિક્ષણનું મહત્ત્વ સમજાવતાં હોય છે. આદર્શ જીવન જીવવાના પાઠો-સદ્‌ગુણોનો આવિર્ભાવ બાળકોમાં થાય તેવી એક પણ પળ દાદા-દાદી જતી કરતાં નથી. આમ બાળકો અને દાદા-દાદી વચ્ચે ઊચ્ચ પ્રકારની ઐક્ય ભાવના હોય છે તેવા બાળકો ભવિષ્યમાં બદમાસ-મવાલી-ગુંડા પાકતા નથી. પણ ઉત્તમ સત્સંગી અને રાષ્ટ્રના શ્રેષ્ઠ નાગરિક બનતાં હોય છે. છે ને સો ટચના સોના જેવી આ વાત.

બાળકો પણ પડ્યો બોલ દાદા-દાદીનો ઝીલી લેતાં હોય છે. અને દાદા-દાદીની નાની મોટી સેવા કરવા તત્પર હોય છે. આમ બાળકો વૃધ્ધાવસ્થામાં છે તેવા દાદા-દાદીની ટેકણ લાકડી બનીને તેમની પડખે ઊભા રહેતાં હોય છે.

વિશ્વમાંથી જો ત્રાસવાદ-અશાંતિને દૂર કરવી હશે તો બાળકોના સંસ્કાર સિંચન માટે થોડો સમય આધુનિક પેઢીએ કાઢયા સિવાય છૂટકો જ નથી.

પણ દુઃખની વાત એ છે કે આજકાલ નોકરી-ધંધા માટે દૂર દૂર જતાં પુત્ર-પુત્રવધુઓને પોતાના બાળકોને દાદા-દાદીથી દૂર રહેવું પડે છે. ત્યારે તેમના ઊછેર-સંસ્કાર સિંચનમાં જરૂર ખોટ રહી જાય છે તે જોવા મળે છે.

ટૂંકમાં પુત્ર-પુત્રવધુઓને અમારી એ જ વિનંતી છે કે તમારા બાળકોને દાદા-દાદીના સાંનિધ્યથી દૂર હડસેલી દેવાની ધૃષ્ટતા કરશો તો તેની સજા તમને તો આમે થશે જ પણ તમારા આ પાપની સજા તમારા નિર્દોષ બાળકોને ભવિષ્યમાં ભોગવવાના દિવસો તમારે સગી આંખે જોવી પડશે તે ભુલતા નહીં.

બાળકોની વય-વૃત્તિ-લાગણી સાથે ક્યારેય રમત રમશો નહિ આ ગંભીર ગુન્હો કરવા જેવી બાબત છે. અને જો આ વાત સમજશો તો સરકારને કોર્ટ, જેલ અને લશ્કર પાછળ ઓછો ખર્ચ કરવો પડશે. જરા ચિંતન કરવા જેવી આ ગંભીર વાત છે.

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

**ક્રોધ ઉપર પ્રેમથી, પાપ પર પુણ્યથી, લોભ ઉપર દાનથી અને અસત્ય પર સત્યથી જીત મેળવો.**

# સભા-૧૪૧

૧. જય સદ્ગુરુ સ્વામી,......................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૪૧) જેવું વાવો તેવું લણો, જેવું કરો તેવું પામો.

સ્વામિનારાયણ હરે..

કર્મ ચાર પ્રકારનાં છે. ૧) પ્રારબ્ધ ૨) સંચિત ૩) ક્રિયામણ ૪) અશ્વર જન્ય. કર્મ પ્રમાણે ફળ મળે છે. કર્મ ભોગવે છૂટકો. એક ગામમાં ભોલારામભાઇ રહેતા હતા. ધંધો કરે પણ ધંધામાં ખોટ જાય. ફાયદો થાય નહિ. પછી મીઠેશકુમાર સાથે ભાગીદાર થયા. મીઠેશકુમાર મીઠું મીઠું બોલીને ધંધામાંથી પૈસા જુદા તારવતો ગયો. પોતા માટે ખૂબ પૈસા ભેગા કરી લીધા. ભોલારામ ભોળા હતા. તેને કહ્યું કે,ધંધામાં ખોટ આવી ગઇ છે. આવક કાંઇ થતી નથી. દેવું (લેણું) થઇ ગયું છે. તે કેમ ભરશું ?

ભોલારામ ચિંતા કરે છે. કરજ કઇ રીતે ભરવું ? રાત્રે ઊંઘ આવતી નથી. જમવાનું ભાવતું નથી. રાત દિવસ પૈસાની ચિંતા કરે છે. એક માણસે રસ્તો બતાવ્યો કે, તમારા પૂર્વ કર્મના પ્રારબ્ધ કદાચ નબળાં હશે તેથી તમને ધંધામાં ખોટ જ આવે

છે. તો જ્યોતિષને પુછી જુવો કે આવું કેમ થાય છે? પૂર્વ જન્મની વાત કદાચ તેઓ જાણતા હોય. ભોલારામ જ્યોતિષને ઘેર ગયા. ત્યાં તો જોષ જોવડાવનાર માણસોની લાંબી લાઈન લાગી હતી. કોઈને કન્યા નહોતી મળતી તેથી આવ્યા છે. કોઈની પત્નિ પતિને તરછોડીને બીજા છોકરા સાથે ભાગી ગઈ છે તેથી આવ્યા છે. કોઈને ઘેર બાળક નથી તેથી આવ્યા છે. કોઈનું સાસુ વહુનું બનતું નથી તેથી આવ્યા છે.

દરેકને કાંઈને કાંઈ દુઃખ છે. ભોલારામને થયું કે, હું એકલો દુખી છું એવું નથી. લોકો અનેક પ્રકારે દુઃખી છે. બધા માણસો પોતાની બાબત જ્યોતિષને પુછીને ચાલ્યા ગયા. પછી વારો ભોલારામનો આવ્યો. ત્યાં રસોડામાંથી જ્યોતિષના પત્નિ ખીજાયાને હાથમાં વેલણું લઈને આવી. લાલ આંખ કરી જ્યોતિષને ધમકી આપી. વેલણું ઉંચું કરીને કહે છે, હજુ ક્યાં સુધી જોષ જોવા છે ? તમો કેટલી વાર રાહ જોવડાવશો ? બે વાગી ગયા છે. માર્યા વગર નહિ મુકું. હું શું તમારી ગુલામ છું ? ભોલારામ ઉભા છે. તેથી વેલણું માર્યું નહિ. કકળાટ કરતી કરતી રસોડામાં ચાલી ગઈ. આત્માનો મોટો શત્રુ ક્રોધ છે.

આવું જોઈ ભોલારામ શરમાઈ ગયા. પછી ધીરેથી પુછ્યું, જોષી મહારાજ, મારી વાત તમને પછી પુછીશ પણ તમે મને તમારી વાત સમજાવો. તમારા પત્નિ તમને વેલણું લઈને શા માટે મારવા આવે છે ? ત્યારે જોષી બોલ્યા, તમે ઉભા હતા એટલે મારા પત્નિએ મને વેલણું માર્યું નહિ, નહિંતર ચાર ધબાકા વાંસામાં ઠપકારી દેત. આજે બચી ગયો. મારા કર્યા કર્મ ભોગવું છું. સાંભળો, મારા ગત જન્મની વાત. હું ગયા જન્મમાં શ્રીમંત વણિક હતો. પૈસાના અભિમાનથી હું અનેકને હેરાન કરતો. અત્યારે જે મારી પત્નિ છે તે મારા ઘરમાં નોકરી કરતી. ગરીબ હતી. અમારા ઘરના કપડાં ધુવે, વાસણ માંજે, ઘર સાફસુફ કરે.

મારો ઉધ્ધત સ્વભાવ હતો. વિના કારણે ક્રોધ કરીને હું નોકરાણીને વેલણ મારી લેતો. ક્યારેક ગરમ તાવીથો પણ મારી લેતો. તો પણ નિચારી કાંઈ બોલતી નહિ. આંસુ સાડીના પાલવમાં લૂછી લેતી. એને રડતી દેખીને હું ખડખડાટ હસતો. એનું મને ભયંકર પાપ લાગ્યું. સમય જતાં મારૂં મૃત્યું થયું અને નોકરાણીનું પણ મૃત્યું થયું. બીજે જન્મે હું જ્યોતિષ થયો. અને નોકરાણી હતી તે મારી પત્નિ થઈ.

**ક્રોધમાં માણસ પોતાના હિતેચ્છુઓને આઘાત પહોંચાડે છે.**

મેં આગલા જન્મમાં તેને માર્યું છે તેથી આ જન્મમાં તે મને મારે છે. સંચિત કર્મ ભોગવું છું. મેં નોકરાણીને પંદર વર્ષ સુધી ખૂબ દુઃખી કરી હવે મને તે પચાસ વર્ષ સુધી મારશે. વ્યાજ સહિત કર્મ ભોગવવા પડે છે.

કોઈ કોઈને દુઃખી કરતું નથી. પોતાના પાપ પોતાને જ દુઃખી કરે છે. ભોલારામે કહ્યું, હવે મારા પૂર્વ જન્મની વાત કહી સમજાવો. દુઃખી શા માટે થવું પડે છે ? ત્યારે જોષી બોલ્યા, હમણાં તમારા ભાગીદાર મીઠેશકુમાર છે તે પૂર્વ જન્મમાં તમારા મિત્ર હતા. તેને યાત્રા કરવા જવું હતું. તેણે તમને કહ્યું, ‘‘હું યાત્રા કરવા જાઉં છું. તમે મારા સોનાના દાગીના અને પૈસા સાંચવજો. પાછો આવું ત્યારે મને આપજો. મને તમારા ઉપર વિશ્વાસ છે.’’ તમે કહ્યું, કાંઈ વાંધો નહિ. જરૂર સાંચવીશ. સુખેથી યાત્રા કરી આવો. મિત્ર યાત્રા કરવા ગયા. મિલ્કત આપી ગયા. યાત્રા કરીને પાછા ઘરે આવ્યા. મારી મિલ્કત આપો, એમ માંગણી કરી, ત્યારે તમે ખોટું બોલ્યા કે, હું કાંઈ જાણતો નથી. મને પૈસા કે દાગીના આપ્યા નથી. મારા ઉપર ખોટું કલંક ચડાવો છો. રવાના થઈ જાઓ. મિત્ર થઈ ખોટું બોલો છો ?

વિશ્વાસઘાત કર્યો. વિશ્વાસઘાત એ મહાપાપ છે. બીજે જન્મે તે મિત્ર તમારો ભાગીદાર થયો છે. ને વ્યાજ સહિત ધંધામાંથી પૈસા તારવી લે છે. ધંધામાં ખોટ બતાવે છે. આગલે જન્મે તમે તેના પૈસા પચાવી ગયા છો. તેથી આ જન્મે તમારા પૈસા તે પચાવી જાય છે. કર્યા કર્મ ભોગવો છો. કર્મ પ્રમાણે સુખ દુઃખ આવે છે. પાપથી અટકી જાવ અને સત્સંગને માર્ગે ચડી જાવ. જમીનમાં જેવું વાવો તેવું જ ઉગે છે. એટલે કે બાવળનું બીજ વાવવાથી ક્યારેય આંબો ઉગે નહિ. આજ નહિ તો કાલ. ખરાબ કાર્યોનું ફળ ખરાબ જ આવશે. સારા કાર્યોનું ફળ સારૂં જ આવશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

# ઘર સત્સંગ સભા

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૪૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૪૨) માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે.

સ્વામિનારાયણ હરે..

બ્રહ્માનંદ સ્વામી પ્રશ્ન પુછ્યો જે, સર્વ સુખના ધામ અને સર્વ થકી પર

**ક્રોધ નિર્બળ મનની નિશાની છે.**

એવા પરમેશ્વર છે, તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી અને માયિક એવા જે નાશવંત તુચ્છ જેવા પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે તેનું શું કારણ છે ? **(ગ. પ્ર. પ્ર. ૩૪ વચનામૃત)**

શ્રીજી મહારાજ કહે છે કે, જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી કળ ચડાવી મૂકી છે કે ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહિ. સહેજે સ્ત્રીને પુરુષમાં હેત થાય છે. પુરુષને સ્ત્રીમાં હેત થાય છે. એ હેતરૂપી ભગવાનની માયા છે તે માયાના પ્રવાહમાં ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે. જીવને માયામાં ચોંટવાનો સ્વભાવ છે.

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનું મંદિર અતિ સુંદર અને સોહામણું શ્રીજી મહારાજે બનાવ્યું. ત્યાં એક વખત આટકોટ ગામેથી એક ભરવાડ કોઈ કામ પ્રસંગે ગઢપુર આવ્યો. ગોપીનાથજી મહારાજનાં દર્શન કરી બહુ રાજી થયો. એના મનમાં મંદિરનો દરવાજો ખૂંચી ગયો. કેવો સરસ રૂપાળો ને કોતરકામ કરેલો દરવાજો છે. આવો દરવાજો મેં કયાંય જોયો નથી. મંદિરનો દરવાજો યાદ આવ્યા કરે. ચિત્તમાં ચોંટી ગયેલી વાત ન સંભાળો તો પણ પોતાની મેળે યાદ આવ્યા જ કરે. જે કોઈ મળે તેને ભરવાડ કહેતો જાય, તું ગઢપુર ગયો છે ? ન ગયો હોય તો જરુર જજે. મંદિરનો દરવાજો જોઈશ તો તને ખબર પડશે કે શું એની શોભા છે.

આવી રીતે મંદિરના દરવાજાના વખાણ કર્યા કરે. એમ કરતાં દેહનું આયુષ્ય પુરું થયું. ભગવાન તેડવા આવ્યા, ચાલો ભગત અમે તેડવા આવ્યા છીએ. ભરવાડ આભો બની ગયો અને કહ્યું પ્રભુ મેં કાંઈ ભજન, ભકિત કે પાઠ, પૂજા કાંઈ કર્યું નથી. છતાં પણ તમે તેડવા આવ્યા છો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ભલે તમે કાંઈ જપ, તપ નથી કર્યાં, પણ અમારા મંદિરના દરવાજાના વખાણ કર્યા છે. દરવાજો બહુ સરસ છે તેથી તેડવા આવ્યા છીએ. વિમાનમાં બેસાડી ભગવાન ભરવાડને ધામમાં તેડી ગયા. ભરવાડનું કામ થઈ ગયું. ગજબની વાત છે. ભગવાનને પામવા માટે અનેક સાધન કરે ત્યારે ભગવાનને પમાય છે, પણ આ સમે શ્રીજીની કાંઈક અલૌકિક લીલા છે. મંદિરનો દરવાજો ચિત્તમાં ચોંટી ગયો તો તેનું કલ્યાણ થયું. ભગવાનની મૂર્તિ અંતરમાં ચોંટી જાય તો પણ કલ્યાણ થાય છે.

# ઘર સત્સંગ સભા

શ્રીજી મહારાજ કહે છે કે,

**"ત્યાગીના અને ગૃહસ્થના નિયમ જે પ્રમાણે ભગવાને આજ્ઞા કરી છે, તે પ્રમાણે રહેવું. તેમાં જેટલો ફેર પડે છે તેટલો કલેશ થાય છે. માટે વચનનો લોપ કરવો નહિ." (ગ. પ્ર. પ્ર. ૩૪ વચનામૃત)**

સંત રાજી થાય તો શ્રીજી મહારાજ રાજી થાય, કાનમદેશથી ફરતા ફરતા સંતો બામણ ગામમાં આવ્યા. ત્યાં વ્યાપકાનંદ સ્વામી બિમાર થઈ ગયા, સંતોને શ્રીજી મહારાજના દર્શનની તાણ હતી, તેથી ગઢપુર તરફ રવાના થઈ ગયા અને એક માધવાનંદ સ્વામીને સેવા ચાકરી કરવા માટે રાખી ગયા. માધવાનંદ સ્વામીને સેવા કરવાની મજા નથી આવતી !

વારંવાર વિચાર કરે છે, સર્વે સંતોને શ્રીજી મહારાજના દર્શન થશે ને મને નહિ થાય. મન વગરની સેવા કેવી થાય ! લુખી ને શુષ્ક. વ્યાપકાનંદ સ્વામીને ખબર પડી ગઈ કે માધવાનંદ સ્વામીને મારી સેવા કરવી ગમતી નથી. હૃદયનો અભિપ્રાય જાણી ગયા, તેથી કહ્યું "સ્વામી તમારે ગઢપુર જાવું હોય તો જાવ. મારી ચિંતા ન કરશો " આવું સાંભળી તરત રવાના થઈ ગયા. પણ વિચાર ન થયો કે એકલા સ્વામી શું કરશે, શું જમશે, વૃધ્ધાવસ્થા છે. કોઈ સાથે નથી.....

માધવાનંદ સ્વામી ગઢપુર આવ્યા, મુકુંન્દ બ્રહ્મચારીને કહ્યું, "શ્રીજી મહારાજને જાણ કરો કે દૂરદેશથી એક સાધુ તમારાં દર્શન કરવા આવ્યા છે." શ્રીજી મહારાજે કહ્યું મારા માંદા સાધુને એકલા મૂકીને મારાં દર્શન કરવા આવ્યા છે, એની સેવા કોણ કરશે ? દર્શનના લોભે સેવા તજી દીધી ! સમયે સાવધાન થાય તેને સાધુ કહેવાય. બીજાને સહાયરૂપ થાય તેને સાધુ કહેવાય. અમારે દર્શન દેવાની કાંઈ જરૂર નથી,...... જેવા આવ્યા છે તેવા પાછા જાય.

મૂંઝાયા, હવે શું થાય ! શ્રીજી મહારાજ વ્યાપકાનંદ સ્વામીને ધામમાં તેડી ગયા. એટલે પાછું જવાનું રહ્યું નહિ. પછી પસ્તાવો થયો કે હું વ્યાપકાનંદજીનો રાજીપો ન મેળવી શકયો ! ને શ્રીજી મહારાજનો પણ રાજીપો ન મેળવી શકયો.

**"સેવા મુકિતશ્ચ ગમ્યતામ્" સેવા છે તે જ મુકિત છે, સંતને રાજી કરી લે છે તેનાં તમામ કાર્ય સુધરી જાય છે.**

**તમે ચાહો એવા બીજા ન બને તો ગુસ્સે ન થતા, તમે પોતે જ તમે ચાહો છો એવા ક્યાં થઈ શકો છો ?**

વરસાદ ન વરસે તો ધરતી કાયમને માટે સુકાયેલી હોય છે, વરસાદ વરસે ત્યારે ધરતી લીલી થાય તેમ સંતનો સંગ થાય તો સત્સંગ લીલો રહે ને સંગ મૂકી દે તો સત્સંગ અને સદ્‌વિચાર સુકાઈ જાય.

શ્રીજી મહારાજ કહે છે કે,

**"ભગવાનથી વિમુખ જીવ હોય તેને સુખ દુઃખ આવે છે તે પોતાના કર્મે કરીને આવે છે.**

ભગવનના ભક્તને જેટલું દુઃખ થાય છે તે આજ્ઞા લોપવે કરીને થાય છે.

જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.'' **(ગ. પ્ર. પ્ર. ૩૪ વચનામૃત)**

એક વખત ગામમાંથી સંઘ યાત્રા કરવા ગયો, બધા માણસો સરખા શ્રધ્ધાવાળા ને ભાવના વાળા ન હોય. મંદિરમાં દર્શન કરીને માણસો થાકયા પાકયા હોય તેથી વહેલા સૂઈ જાય, કોઈક સવારે વહેલા ઉઠે, કોઈક મોડા ઉઠે, મંગળા આરતીનાં દર્શન કરવા જાય નહિ. તે યાત્રાના સંઘમાં બાપ-દિકરો પણ હતા.

તે દરરોજ મંગળામાં દર્શન કરવા જાય, એક દિવસ દિકરાએ એના બાપને કહ્યું, બાપુજી આ બધા યાત્રા કરવા આવ્યા છે, કે ખાઈ પીને જલસા કરવા આવ્યા છે ! સાવ ઢોર જેવા જંગલી છે, ભગવાનનો તેને મહિમા નથી, નકામા પૈસા બગાડે છે, એના કરતાં યાત્રમાં ન આવે તો શું વાંધો !

ત્યારે તેના બાપુજીએ કહ્યું, દીકરા બધા માણસો સરખા ન હોય, તું બીજાના દોષ જોવા આવ્યો છે કે દોષ ટાળવા આવ્યો છે. તારા કરતાં સુતા છે એ માણસો સારા છે, બીજાની નિંદા તો નથી કરતાને ! તું તો નિંદા કરે છે. તું તારું તપાસ ! તને બધાની ભૂલ દેખાય છે. તારી ભૂલ દેખાતી નથી.

ત્યારે દીકરાએ કહ્યું, પિતાજી, મારી શું ભૂલ છે !.... બેટા બીજા શું કરે છે તે તું જુવે છે, પણ તું શું કરે છે તે જોતો નથી. બીજાની કુથલી કરવી એ મોટું પાપ છે, ત્યારે દીકરાએ વાત કબુલ કરી, બે હાથ જોડી પ્રભુ પાસે ગાય છે.

આપણી ભૂલ કોઈ બતાવે તો તેને ધન્યવાદ આપો અને આદર સહિત ભૂલને કબુલ કરો ! ભૂલ બતાવનારને આદરથી પ્રણામ કરો. જેથી ભૂલ બતાવવામં

સંકોચ ન થાય.... ભૂલ કબુલ કરતી વખતે શું થાય છે ખબર છે ! માણસ અહંકારથી મુકત થાય છે, અને હૈયામાં હળવાશ અનુભવે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૪૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**ક્રોધને જીતવામાં મૌન જેવું બીજું કોઈ સહાયક નથી.**

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૪૩) લાવો, અમે રોટલી કરતાં શખવાડીએ.

સ્વામિનારાયણ હરે..

કારીયાણી અને ગઢપુર વચ્ચે રામપુર નામનું ગામ છે. તે ગામમાં એક કમળશી નામના એકાંતિક વણિક ભક્ત રહેતા હતા. નિત્ય સંત સમાગમ કરે. કથા વાર્તા સાંભળવામાં ખૂબ શ્રધ્ધાવાન હતા. તેમનાં પત્નિ જીવીબાઈ ભાવિક અને ભોળા સ્વભાવના ભલા ભક્ત હતા. કાયમ વિચાર કરે કે મારે ઘેર ભગવાન પધારે તો કેવો આનંદ થાય. ભાવથી જમાડીએ, સેવા કરીએ. શબરીબાઈની જેમ દરરોજ વાટ જુવે. ભાવ હોય ત્યાં ભગવાન વગર આમંત્રણે પધારે છે. ભક્તના મનોરથ પૂરા કરે છે.

શ્રીજી મહારાજ ઓચિંતા જીવીબાઈને ઘેર પધાર્યા. શ્રીજી મહારાજે ફળિયામાંથી સાદ કર્યો. જીવીબાઈ! જય સ્વામિનારાયણ! શું કરો છો ? કમળશી છે કે નહિ ? જીવીબાઈએ કહ્યું, ‘‘જય સ્વામિનારાયણ. પધારો પધારો. મીઠો આવકાર આપ્યો. ‘‘તમારા ભક્ત ઘરમાં નથી. બહાર ગયા છે.’’ શ્રીજી મહારાજે કહ્યું, તમે રસોડામાં શું કરો છો ? મહારાજ, હું બાજરાના રોટલા બનાવું છું. પ્રભુ બોલ્યા, જીવીબાઈ, ફુલ્યા વગરના ઘાટ વગરના રોટલા જમવાની મજા ન આવે. લાવો, અમે રોટલા ઘડતાં શીખવાડીએ.

શ્રીજી મહારાજ ચુલા પાસે બેસીને કથરોટમાં લોટ લીધો, અંદર પાણી રેડી મજબૂત હાથે શ્રીજી મહારાજે કઠણ લોટ બાંધ્યો. પછી થોડો થોડો પાણીવાળો હાથ કરી, લોટના પીંડાને મસળી જીવીબાઈને કહ્યું, આમ સાત વખત પાણી લઈ થોડું થોડું પાણી સાત વખત લોટના પીંડામાં છંટકાવતું જવાય તો જ રોટલો મીઠો

થાય અને જમવા જેવો બને. રોટલો બનાવી, ચુલા ઉપર તાવડી છે તેમાં નાખ્યો. ધીમા ધીમા તાપે શેક્યો. રોટલો બરાબર વાળવા જેવો થયો. પછી ઊંધો વાળ્યો. ધીમા ધીમા તાપે બરાબર ચડાવ્યો, તેથી રોટલો ફૂલીને દડા જેવો થયો. રોટલામાં એક પણ કાળો ડાઘ થયો નહિ. પ્રભુએ કહ્યું, જીવીબાઇ, આવી રીતે રોટલા થાય. રોટલા બનાવતાં શીખવાડી પ્રભુ ગામના દરબારને ત્યાં પધાર્યા. થોડીવાર પછી કમળશીભાઇ ઘરે આવ્યા. એટલે જીવીબાઇએ વાત કરી કે આપણા ઘરે શ્રી હરિ પધાર્યા હતા.

રોટલા કેમ બનાવવા તે શીખવી ગયા છે. કમળશીભાઇ રાજી રાજી થઇ ગયા. આપણાં ધન્ય ભાગ્ય કે પ્રભુ સામે પગલે આપણા ઘરે પધાર્યા. તું તો વિશેષ ભાગ્યશાળી છે કે તને રોટલા બનાવતાં શીખવી ગયા. આવા દર્શન જંગલના યોગીને પણ થતાં નથી.'' ભાવભીની ભક્તિ કરવી. લૂખી ભક્તિથી કાંઇ વળશે નહિ. મોટું સરોવર હોય, અંદર પાણી ન હોય તો તેનાથી કોઇને ફાયદો થતો નથી. ફુલ સરસ હોય, તાજુ હોય પણ અંદર સુગંધ ન હોય તો શું કામના? ખાલી દેખાવ પૂરતાં. સૂનું હૃદય પ્લાસ્ટિકના ફુલ જેવું છે. કથા કીર્તન સાંભળતા આનંદ ન આવે, પ્રભુ ભક્તિમાં હૃદય ગદ્ગદિત ન થાય, અંતરમાં ઉત્સાહ ન જાગે એવી પ્રેમ વિનાની ભક્તિ લૂખી છે. ભાવભક્તિ પ્રભુને ગમે છે. જેને પ્રભુનો સાથ છે તેને સદાય લીલાલહેર છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।

**ક્રોધને એક જાતની તાકાત માનનારાઓને એટલું જ કહેવું છે કે ક્રોધ એ તાકાત નથી પણ તાકાતનો દૂરઉપયોગ છે.**

પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૪૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૪૪) રામચંદ્ર વૈદ્ય અને હરિશ્ચંદ્ર વૈદ્ય સત્સંગી થયા.

સ્વામિનારાયણ હરે..

વડોદરા શહેરમાં રામચંદ્ર અને હરિશ્ચંદ્ર બે ભાઇ હતા. વૈદ્યનું કામ કરતા. સરકારના માનવંતા અને રાજવૈદ્ય હતા. એક વખત સરકારના હરિભટ્ટ શાસ્ત્રી બીમાર હતા. તેને ઔષધ આપવા જાય છે. બે વૈદ્ય ગાડામાં બેઠા. ગાડું ચાલતું થયું. આગળ મેદાન આવ્યું. ત્યાં ગોપાળાનંદ સ્વામી કથા કહે છે અને ભક્તજનો

સાંભળે છે. આ બેય વૈદ્યને સ્વામિનારાયણ સંપ્રદાય સાથે વેર હતું. સંતોથી અભાવ રાખતા. તેથી ગાડાવાળા ભાઈને કહ્યું, ગોપાળ બાવાના શબ્દો સાંભળે છે તે ગાંડા થઈ ગયા છે. ઘરબાર છોડીને ફકીર બની જાય છે. માટે જલદી ગાડું ચલાવો.'' ત્યાં આશ્ચર્ય સર્જાયું.

બળદ ત્યાં જ પથ્થરની જેમ સજ્જડ થઈ ગયા. આગળ ચાલતા નથી. ખૂબ પરોણા માર્યા પણ બળદ એક પગલું પણ ભરતા નથી ને પાછા પણ વળતા નથી. હવે શું કરવું? મુંઝાઈ ગયા. બે વૈદ્ય ગાડાથી નીચે ઉતર્યા. દોડવાની કોશીશ કરી. ત્યાં પૃથ્વીમાં પગ ચોંટી ગયા. હવે શું કરવું ? સભા બેઠી છે. તે તરફ ચાલ્યા તોપણ ફુલની જેમ મંડ્યા ચાલવા. સભામાં આવ્યા. ગોપાળાનંદ સ્વામીએ મીઠો આવકાર આપ્યો. ''પધારો વૈદ્યરાજ, પધારો.'' આસન આપ્યું. બેઠા. સ્વામીએ કહ્યું, અત્યારે સાક્ષાત પરમાત્મા માનવ દેહે આ પૃથ્વીપર પધાર્યા છે. સ્વામિનારાયણ નામથી પ્રસિદ્ધ છે. તેમનો આશ્રય કરશો તો અવશ્ય કલ્યાણ થશે.

બે વૈદ્ય બોલ્યા, કળિયુગમાં ભગવાન અવતાર ધારણ કરતા જ નથી. કદાચ મોટા પુરુષ હશે. પણ ભગવાન ન હોય. સ્વામિનારાયણ તો ઈન્દ્રજાળ વિદ્યાથી સમધિ કરાવે છે. તમે બધા ભગવાન માનો પણ અમે મોટા વૈદ્ય છીએ તેથી જેને તેને ભગવાન માનીએ નહિ. એક ડાકોરના રણછોડરાયને ભગવાન માનીએ છીએ. ગોપાળઆનંદ સ્વામીએ કહ્યું, રણછોડરાય દર્શન આપીને કહેશે તો માનશો ને ?હા, તો ચોક્કસ માનશું. અત્યારે તમે કેટલે સુધી જાઓ છો ? અમે હરિભટ્ટ બીમાર છે તેના ઘેર ઔષધ આપવા જઈએ છીએ. બહુ સારૂં, જાઓ.

વૈદ્ય બોલ્યો, તમે અમારી સાથે ચાલો. તમારી કેટલી શક્તિ છે તે જોવી છે. તમારી ઔષધ ખાવાથી બીમારી મટે છે કે તમારા દર્શન કરવાથી બીમારી મટે છે તે જોવું છે. ત્યાં શું બન્યું ? ગોપાળાનંદ સ્વામી દિવ્ય સ્વરૂપે સંતોની સાથે હરિભટ્ટ પાસે પહોંચી ગયા. હરિભટ્ટ બે મહિના થયા બીમાર છે. બિમારી વધી ગઈ છે. બોલી બંધ થઈ ગઈ છે. અને પડખું પણ ફેરવી શકાતું નથી. સગાં સંબંધી સહુ રડે છે. સગાં સંબંધી ગોપાળાનંદ સ્વામીને પગે લાગીને કહ્યું, હે સ્વામીજી, દયા કરો. હરિભટ્ટ સાજા થઈ તેવું કરો તો બહુ સારૂં.

**ગુસ્સાનો આરંભ મૂર્ખાઈથી થાય છે**
**અને અંત પશ્ચાતાપથી આવે છે.**

સ્વામીએ કહ્યું, બે ઘડી ઉચ્ચ સ્વરે ભગવાનને અંતરમાં ધારી, વિશ્વાસ પુર્વક સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરો. પ્રભુ સારૂં કરશે. ભજન શરૂં કર્યું. ધીરે ધીરે શાંતિ થતી ગઇ. બીમારી મટી ગઇ. ખાટલામાંથી ઊભા થઇને સ્વામીને પગે લાગ્યા. બાપજી, તમે મને જીવતદાન આપ્યું છે. આજથી અમે તમારા શરણે છીએ. તમે જેમ કહેશો તેમ કરશું. બધા માણસો વિચાર કરતાં થઇ ગયા. જેના સંતોમાં આટલી જબર તાકાત છે તેના ભગવાનમાં કેટલી ગજબની શક્તિ હશે! આ બાજુ શું થયું ? હરિશ્ચંદ્ર વૈદ્ય અને રામચંદ્ર વૈદ્ય હરિભટ્ટને ઘેર જાય છે.

ગામના ચોરામાં હરિભટ્ટ શાસ્ત્રી બેઠા છે. વૈદ્ય આશ્ચર્ય પામી ગયા. ''તમે સખત બીમાર હતા. અમે તમને દવા આપવા આવ્યા છીએ. અને આ શું થયું? સાવ સાજા નવરા ચોકમાં બેઠા છો?'' કેવી રીતે બિમારી મટી ગઇ ? વૈદ્ય આશ્ચર્ય પામી ગયા. ગોપાળાનંદ સ્વામી ભારે પ્રતાપી છે. આપણા સાથે વાતુ કરતા હતા અને અહિં ફતેપુરા ગામમાં કઇ રીતે આવ્યા હશે ? સંતોના દર્શનથી રોગ મટી ગયો. સાથોસાથ ભવસાગરનો તથા જન્મમરણનો રોગ પણ મટી ગયો. સંતોમાં શ્રધ્ધા અને ભાવના વધી ગઇ. જગતમાં ભગવાનને મૂકીને કોઇ સુખી થયા નથી.

સંતોએ ધર્મ નિયમની બધી રીતભાત શીખવાડી તેથી સત્સંગી થઇ ગયા. શીરને સાટે સત્સંગ કરે છે. વૈદ્યરાજ ડાકોર ગામમાં આવ્યા. મંદિરમાં રણછોડરાયના દર્શન કર્યાં. રાત્રે રણછોડરાય ભગવાને દર્શન આપીને કહ્યું, તમારે કલ્યાણની ઈચ્છા હોય તો તમે કાઠિયાવાડમાં ગઢપુર ગામ છે ત્યાં જાઓ. ત્યાં અમે મનુષ્યાકૃતિ ધારણ કરી હજારો મુક્ત મંડળ સહિત સ્વામિનારાયણ નામે પૃથ્વી ઉપર વિચરીએ છીએ. ત્યાં જાઓ અને પ્રગટ પુરુષોત્તમ નારાયણનું ભજન કરો.'' આટલું કહી શ્રી રણછોડરાય ભગવાન અદશ્ય થઇ ગયા. બે વૈદ્યરાજે સંકલ્પ કર્યો, ''અત્યારે આસો માસ ચાલે છે. ઋતુ વિના કેરી થાય નહિ. મને કાચી કેરી ખાવા આપે તો ભગવાન સાચા.''

ચાલતા ચાલતા ગઢપુરની સીમમાં આવ્યા. ત્યાં બધા સંકલ્પ વિકલ્પ બંધ થઇ ગયા. અંતરમાં અપાર શાંતિ થઇ ગઇ. દાદાખાચરના દરબારમાં આવ્યા. શ્રીજી મહારાજ લીંબવૃક્ષ નીચે ઢોલિયા ઉપર વિરાજમાન છે. અને સંતો અને ભક્તો બેઠા છે. પ્રભુએ મીઠો આવકાર આપ્યો. વૈદ્ય પગે લાગીને સભામાં બેઠા.

# ઘર સત્સંગ સભા

અંતર્યામી અવિનાશીએ કહ્યું, વૈદ્યરાજ, લ્યો આ કાચી કેરી જમો. કુસંગનો કાટ લાગી ગયો છે તે ઉતરી જશે. કેરી જમ્યા કે તુરંત વૈદ્યને સમાધિ થઈ ગઈ. તેજના પુંજ મધ્યે દિવ્ય સિંહાસનમાં શ્રીહરિ બીરાજમાન છે. તેજોમય મુક્તો શ્રીહરિની સેવામાં છે. શ્રીહરિએ સુગંધીમાન પારીજાતનું એક એક પુષ્પ વૈદ્યના હાથમાં આપ્યું. તુરંત સમાધિ ઉતરી ગઈ. સભામાં સુગંધ ફેલાઈ ગઈ. બે વૈદ્ય શ્રીજી મહારાજના ચરણમાં દંડવત પ્રણામ કર્યાં. ધન્ય ઘડી, ધન્ય અવસર! આજે અમને અલૌકિક દિવ્ય દર્શન થયાં.

અમારો જન્મ સફળ થયો. આજથી અમે તમારા ચરણે અને શરણે આવ્યા છીએ. શ્રીજી મહારાજે કહ્યું, લ્યો, આ પૂજાની મૂર્તિ આપીએ છીએ. તેની દરરોજ સેવા કરજો. નૈવેધ્ય ધરાવજો. અમે તે મૂર્તિમાં રહીને તમારી સેવા સ્વીકારશું. ગોપાળાનંદ સ્વામી વિષે પણ અમારો ભાવ રાખીને સમાગમ કરજો. વૈદ્યરાજ બાર દિવસ સુધી ગઢપુરમાં રહ્યા અને ખૂબ આનંદ થયો. સત્ય વાત સમજાઈ ગઈ તેથી મોહ માયાનો અંધકાર દૂર થયો. અંતરમાં જ્ઞાનનો પ્રકાશ થયો. આ છે સત્સંગનો પ્રતાપ. મોક્ષ માર્ગના ખરા ભોમીયા સાચા સંત છે.

રામચંદ્ર વૈદ્યના પત્નિનું નામ અમૃતબા હતું. હરિશ્ચંદ્ર વૈદ્યના પત્નિનું નામ ધીરજબા હતું. તેઓ પણ સત્સંગ કરે અને શરણે આવેલા સ્ત્રી ભક્તજનોને સત્સંગ કરાવે. દૈવી ખજાનાનો વધારો કરાવો હોય તો સત્સંગ કરો.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

**જ્યાં સુધી મનમાં કામ, ક્રોધ, મદ અને લોભ રહે છે ત્યાં સુધી મૂર્ખ અને પંડિતમાં કાંઈ ફરક નથી હોતો.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૪૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૪૫) સામે ચાલી ભેટ સ્વીકારી.

સ્વામિનારાયણ હરે..

ગામ દીવબંદરના પ્રેમબાઈ પરમ ભક્ત હતા. અખંડ શ્રીજી મહારાજનું ભજન કરતાં. નાની ઉંમરમાં વિધવા થયા. સગાં સંબંધીઓ અતિ આગ્રહ કર્યો કે ફરીથી લગ્ન કરો. ત્યારે પ્રેમબાઈએ કહ્યું કે, હું ભગવાનને શીરને સાટે વરી ચુકી છું.

એક દિવસ પ્રેમબાઇએ મનમાં સંકલ્પ કર્યો કે શ્રીજી મહારાજ માટે સુંદર વસ્ત્ર અંલકાર અને સોનાના દાગીના અર્પણ કરવાં છે. મહારાજની પૂજા કરીને એમને ભેટ અર્પણ કરીશ. આવા સંકલ્પથી પ્રેમબાઇએ બધી તૈયારી કરી. આ અવસરની રાહ જુવે છે. શ્રીજી મહારાજને મળવા અતિ આતુર બન્યા છે. આ વાતની એક ધૂતારાને ખબર પડી ગઇ તેથી ભગવાન થઇને આવ્યો. શ્રીજી મહારાજ જેવા જ શ્વેત વસ્ત્રો પહેરેલાં. માથે ત્રણ છોગલાંવાળી પાઘ પહેરી, ખંભે ખેશ નાખ્યો. લાલ મોજડી પહેરી. કંઠમાં ગુલાબનો હાર પહેર્યો. શ્રીજી મહારાજ જેવો જ વેશ પહેરી, લાલ ઘોડી ઉપર બેસી, પ્રેમબાઇને છેતરવા માટે દીવબંદર આવ્યો.

પ્રેમબાઇ! જય સ્વામિનારાયણ. પ્રેમબાઇ રાજી રાજી થઇ ગયા. પધારો મહારાજ, પધારો. જય સ્વામિનારાયણ. ઓસરીમાં સરસ મજાના ગોદડી પાથરીને બેસાર્યો. પગે લાગ્યા. ધૂતારો ચારે બાજુ જોયા કરે. પ્રેમબાઇ વિચાર કરે છે કે પ્રભુની દષ્ટિ કરૂણાભરી નિર્મળ હોય અને આની આંખમાં ક્રૂરતા દેખાય છે. વાણીમાં વિકાર દેખાય છે. આવા ભગવાન હોય નહિ. ભગવાનનું સ્વરૂપ મંગળકારી હોય છે.

બાવો ભગવાન બની આવ્યો છે. તે બોલ્યો, પ્રેમબાઇ, તમે અમારા માટે વસ્ત્રો અને ઘરેણાં રાખ્યા છે તે લઇ આવો. પૂજા કરી, આરતિ ઉતારી અને ભેટ અર્પણ કરો. તમારો સંકલ્પ પૂરો કરવા માટે અમે આવ્યા છીએ. પ્રેમબાઇને વિચાર થાય છે કે આ શું હશે? મારા અંતરની વાત આને કેમ ખબર પડી ગઇ ? પણ મને લાગે છે કે આ ભગવાન ન હોય. શંકા થાય છે. હવે શું કરવુ ? મુંઝાય ગયા.

આ વાતની શ્રીજી મહારાજને ખબર પડી કે મારા ભક્ત ઠગાઇ જશે તેથી શૂરવીર સોમલાખાચર તથા ભીમજીભક્તને કહ્યું, તમે જલદી દીવબંદર જાઓ અને ઠગારા બાવાને સજા કરો નહિંતર ઠગારો પ્રેમબાઇને લૂંટી જશે. ઘોડા દોડાવતા દોડાવતા બે પાર્ષદો આવ્યા. પ્રેમબાઇ, જય સ્વામિનારાયણ. ક્યાં છે પેલો ઠગારો બાવો ? આવું સાંભળી બાવો કંપી ગયો. ઓચિંતુ કોણ આવ્યું ? પાર્ષદોએ બાવાને લાકડીનો માર માર્યા. લાત મારી ઊંધો ઉથલાવી નાખ્યો. ભગવાન બનીને ભક્તને છેતરે છે ? ખૂબ માર્યું.

**ઈચ્છાઓ આકાશના જેવી અનંત છે.**

બાવો બરાડા પાડે. હવે આવું કોઈ દિવસ નહિ કરૂં. મૂકી દો. માર ખમાતો નથી. પાર્ષદો કહે છે, મૂકશું કે કેમ ? એમ કહી વળી લાકડી મારે. ખૂબ માર્યો. પાર્ષદોએ કહ્યું, પ્રતિજ્ઞા લે. હવે ભગવાનનો વેશ લઈને કોઈને છેતરીશ નહિ નહિંતર જીવથી મારી નાખશું.'' બાવો હાથ જોડી બોલ્યો, આવી ઠગાઈ કોઈ દિવસ કરીશ નહિ. મને જીવતો જવા દો. પછી બાવાને છોડી દીધો.

શ્રી સ્વામિનારાયણ પુરુષોત્તમ નારાયણ દિવાળીનો ઉત્સવ કારીયાણી ગામમાં કરવાનો નિર્ણય કર્યો. આ વાત સાંભળી સંતો ભક્તોના અંતરમાં આનંદ છલકાવા લાગ્યો કે, સાક્ષાત પરમાત્મા કારીયાણી ગામમાં બીરાજે છે. ખૂબ આનંદ થશે. ચારે બાજુ દીપમાળા પૂરી છે તેના ઝગમગાટ મધ્યે મંચ બાંધ્યો છે. મંચ ઉપર છપરપલંગ બીછાવી મખમલના ગાદલે ગાલીચા પાથર્યા. દરબારમાં દરેક દરવાજે તોરણ અને ચાકળા બાંધ્યા છે.

ગામની શેરીઓમાં ધજા પતાકા બાંધ્યા. દરબાર વસ્તાખાચરે પ્રભુને પોષાક અર્પણ કર્યો. શ્રીજી મહારાજ સોનેરી બુટાદાર રાતા કિનખાપનો સુરવાળ ધારણ કર્યો છે. નરનારાયણ સ્વામિનારાયણ અંકિત કાળા કિનખાબની ડગલી પહેરી, માથા ઉપર સોનેરી પાઘ બાંધી. આસમાની રંગનો ફેંટો કસીને કમરે બાંધ્યો હતો. પુષ્પના હાર ધારણ કર્યા છે. ગાદી તકિયા પર બીરાજમાન થયા. સંતો અને ભક્તજનો અનિમેષ દષ્ટિએ પ્રભુને નીરખી નીરખીને દર્શન કરે છે. બ્રહ્માનંદ સ્વામી તબલાંના તાલપર સુરાવલિના સુરની સાથે આનંદથી દીવાળીના કીર્તન ગાય છે.

**સખી હૈડે હરખ ન માય, આજ દીવાળી રે...**

વસ્તાખાચરે શ્રીજી મહારાજને શોડષોપચારથી પૂજા કરી. આરતિ ઉતારી દંડવત પ્રણામ કર્યા. સંતો અને ભક્તજનો પ્રભુના મુખારવિંદમાંથી નીકળતા સુધારસનું પાન કરે છે. દેશદેશાંતરોમાંથી ભક્તજનો દીપોત્સવના દર્શન કરવા આવે છે. દીવબંદર ગામના મહામુક્ત પ્રેમબાઈ દર્શન કરવા આવ્યા. પ્રભુ માટે કિંમતી વસ્ત્રાભૂષણ, અતલસનું છત્ર, રત્નજડિત સોનાના ઘરેણાં, ઘુઘરીવાળી પાદુકા અને પૂજા માટે સામગ્રી લાવ્યા છે. પ્રેમબાઈના હૈયામાં આનંદ સમાતો નથી. આનંદવિભોર બની ગયા છે.

# ઘર સત્સંગ સભા

શ્રીજી મહારાજ પ્રેમબાઇનો ભાવ જોઇ સિંહાસન ઉપરથી ઉભા થઇ ગયા. પ્રેમબાઇની સામે આવ્યા. પ્રેમબાઇ, જય સ્વામિનારાયણ... અમારા માટે શું લાવ્યા છો ? આપો, અમે તમારી રાહ જોઇએ છીએ. પ્રેમબાઇએ ભેટ સામગ્રી અર્પણ કરી. પ્રભુએ હાથોહાથ ભેટ સ્વીકારી રાજીપો વ્યક્ત કર્યો.

ઢોલિયા ઉપર આવી વિરાજમાન થયા. આનંદથી બોલ્યા, અનેક ભક્તજનો વસ્ત્રાભૂષણ અને અલંકારો લાવે છે પણ અમે કોઇની સામે ચાલીને ભેટ લેવા જતા નથી. પણ આજ અમે પ્રેમબાઇના ભાવ ભક્તિથી રાજી થયા છીએ તેથી સામેથી ભેટનો સ્વીકાર કર્યો. આવી વાત કરે છે ત્યાં દીનાનાથ ભટ્ટ દર્શન કરવા આવ્યા. પગે લાગીને બેઠા. શ્રીજી મહારાજ કહે છે, પ્રેમબાઇ, અમે આ ભેટ સામગ્રી બ્રાહ્મણને અર્પણ કરીએ તો તમે રાજી છો ને ? હા મહારાજ, રાજી છું. આપણા રાજીપામાં બધું આવી જાય છે અને તમને અર્પણ કર્યું તે વસ્તુ તમારી થઇ ગઇ. પછી તમે જેમ કરો તેમ.

શ્રીહરિ સભામાં ઉભા થયા. તમામ ભેટ દીનાનાથ ભટ્ટને અર્પણ કરી દીધી. લ્યો ભટ્ટજી, આ ભેટ. ભટ્ટજી જોતા જ રહી ગયા. આટલી બધી ભેટ મને આપી દીધી ? હે મહારાજ, આ શું કરો છો ? શ્રી હરિએ કહ્યું, અમારા વચનથી તમારે ભેટ પ્રેમથી સ્વીકારવી જોઇશે.

આ પ્રસંગને યાદ કરતાં વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ પુછ્યું, હે મહારાજ! ભગવાન પોતાના ભક્ત ઉપર કયા ગુણે કરીને રાજી થતા હશે ? શ્રીજી મહારાજ બોલ્યા,

**"જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઇર્ષ્યા અને મત્સર,**
**એટલા વાનાંએ રહિત થઇને**
**ભગવાનની ભક્તિ કરે છે તેના ઉપર ભગવાન રાજી થાય છે."**

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પુછ્યું, મત્સર ઉપજ્યાનો શું હેતુ છે? શ્રીજી મહારાજ બોલ્યા, માનમાંથી મત્સર આવે છે. મત્સરવાળા હશે તેના મનમાં વિચાર થતા હશે કે પ્રેમભાવથી પ્રેમબાઇ ભેટ લાવ્યા હતા. તે શ્રીહરિએ ભેટ તરત બ્રાહ્મણને આપી દીધી. ભગવાન માટે લાવ્યા હતા પણ બ્રાહ્મણ માટે નહોતા લાવ્યા.

**માનવીની ઈચ્છા જ એની અપૂર્ણતા પ્રગટ કરે છે.**

આવી રીતે સીધેસીધી ભેટ આપી દેવાય નહિ. કોઇક લે અને કોઇક દે તેમાં વચ્ચેમાં ઠાલો ઠાલો બળી મરે તેને મત્સરવાળો કહેવાય.

અને અલૌકિક સમજણવાળા ભક્તજન હશે તે રાજી થતા હશે કે વસ્ત્રાભૂષણ લાવ્યા તેને ધન્ય અને પ્રભુને પણ ધન્ય છે કે તરત બ્રાહ્મણને દાનમાં આપી દીધાં. મત્સર છે તે સર્વે વિકારમાત્રનો કારણ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૪૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

# ઘર સત્સંગ સભા

૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.......................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૪૯) ક્રોધ, માન, ઇર્ષ્યા, કપટ ન રાખે તો દુષિત બુદ્ધિ ટળી જાય છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ બોલ્યા જે, કોઈ પુરુષ છે તેમાં થોડી બુદ્ધિ છે તો પણ કલ્યાણને અર્થે જતન કરે છે. ભજન, ભક્તિ, કથા, કીર્તન, પૂજાપાઠ, સત્સંગ, સમૈયા, આ બધું કરે છે. બીજો પુરુષ છે તેમાં બુદ્ધિ ઘણી છે પણ મોટા મોટામાં ખોટ કાઢે છે તે કલ્યાણના માર્ગે ચાલતો નથી. પૂજા પાઠ, દાન, પુણ્ય, જપ, તપ વિગેરે સત્સંગ કરતો નથી. ભગવાનના ઉપકારને માનતો નથી. તેનું શું કારણ છે? થોડી બુદ્ધિવાળો સત્સંગ કરે છે અને ઝાઝી બુદ્ધિવાળો સત્સંગ કરતો નથી તેનું શું કારણ છે ? (ગ. પ્ર. પ્ર. ૩૫ વચનામૃત) શ્રીજી મહારાજે કહ્યું કે, ઝાઝી બુદ્ધિ છે પણ દુષિત બુદ્ધિ છે. સંતનો અને ભગવાનનો અવગુણ લીધો છે. તેથી તેની બુદ્ધિ શાપિત છે.

નાથભક્ત ચુસ્ત સત્સંગી પાટીદાર હતા. કપડાં વણવાનો ધંધો કરે. શ્રીજી મહારાજના પરમ એકાંતિક ભક્ત, ભણેલા નથી, પણ ગણેલા છે. એક વાત બરાબર સમજી લીધી હતી કે શ્રીજીમહારાજની આજ્ઞામાં રહેવું અને કોઈ દિવસ કોઈના ઉપર ક્રોધ કરવો નહિ. જેના ઉપર ક્રોધ ચડે તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. અને રાત દિવસ શ્રીજી મહારાજનું ચિંતવન અને ધ્યાન કરવું. અખંડ ભગવાનનું નામ જપવું. આવું એનું પવિત્ર જીવન.

**આજેમોટા ભાગનાં લોકો જેને સુખ માને છે. તે ખરેખર બીજું કંઈ નહિ, માત્ર એમની ઈચ્છાઓની પૂર્તિ જ છે.**

લોકો નાથભગતને ગાંડા સમજે. છોકરાઓ એની મશ્કરી કરે. એકવાર શ્રીજીમહારાજનાં દર્શન કરવા વડોદરાથી જેતલપુર જવા નીકળ્યા. રસ્તામાં યુવાન છોકરાઓનું ટોળું મળ્યું, તોફાન અને યુવાનીના કેફમાં મજાક કરી. નાથભક્ત ઉપર ધૂળ ઉડાડી મશ્કરી કરે, કોઇ નાથભક્તનું ધોતિયું ખેંચે, નાથભક્ત આનંદથી ભગવાનનાં કીર્તન ગાયા કરે. ત્યારે યુવાનિયાએ નાથભગતને પૂછ્યું, કાકા ! તમે કેમ ખીજાતા નથી ? જરાક ખીજાઇને અમને થપાટ મારો તો મજા આવે.'

ત્યારે નાથભક્તે સરસ જવાબ આપ્યો. કોના ઉપર ખીજાઉં. છોકરાઓએ કહ્યું. અમારા ઉપર. નાથભક્તે કહ્યું. મારું ખીજાવું તો બધું સ્વામિનારાયણ ભગવાને લઇ લીધું છે. છોકરાઓ કહે. ખીજાવું કેમ દેવાય ? નાથભક્ત કહે. આમ દેવાય. એમ કરતાં તરત લાંબા થઇને ધરતી ઉપર સૂઇ ગયા. બધા છોકરાને નાથભગત પગે લાગ્યા, યુવાનિયા ચૂપ થઇ ગયા. હવે હદ થાય છે, આવા વૃદ્ધ બાપાને આપણે દુ:ખી કરીએ છીએ, એ આપણી મુર્ખાઇ છે છોકરાઓએ કહ્યું, બાપા બસ કરો, બે હાથ ઝાલીને ઊભા કર્યા, યુવાનિયાઓ નાથભક્તને બાથમાં લઇને ભેટી પડ્યા અને કહ્યું. બાપા અમને માફ કરજો અમે તમને હેરાન કર્યા, એ અમારી ભૂલ છે, હવે ભૂલ નહિ કરીએ, વડીલને આદર આપશું.

નાથભક્ત હસીને બોલ્યા, તમે મને ક્યાં હેરાન કરો છો ! મને બાથમાં લઇને મળો છો ! નાથભક્ત પ્રેમથી બોલ્યા, દીકરાઓ, મને તો ઠીક જેમ કર્યું તેમ પણ હવે પ્રતિજ્ઞા લ્યો, કોઇ જીવને હેરાન નહિ કરીએ. મશ્કરી નહિ કરીએ, પણ મદદ કરીશું, બીજીની ભલાઇમાં આપણું ભલું સમાયેલું છે. યુવાનિયા કહે, આપણને એમ હતું કે, બાપા ગાંડા છે, બાપા ગાંડા નથી પણ જ્ઞાની છે, બીજાના જીવનનું ઘડતર કરે છે. પથ્થર ઘડવો સહેલો પણ માનવનું ઘડતર કરવું કઠિન છે, આવા ભગવાન બુધ્ધિદાતા છે, સદ્‌બુધ્ધિ આપનારા છે.

મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પુછ્યો કે, આસુરી બુદ્ધિ ન થાય તેનો ઉપાય હોય તે કહો. શ્રીજી મહારાજ બોલ્યા જે, એક ક્રોધ, બીજું માન, ત્રીજી ઈર્ષ્યા અને ચોથું કપટ એ ચાર વાના પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહિ તો તેની કોઇ દિવસ આસુરી બુદ્ધિ થાય નહિ. (ગ. પ્ર. પ્ર. ૩૫ વચનામૃત)

કડવા લીબડા જેવું શા માટે બોલે છે ? ભગવાને જીભ આપી છે તો સારું

સાકર જેવું મધુર બોલ. જે માણસ વાણીનો દુરુપયોગ કરે છે. ફાવે તેવું બોલે છે, સત્તા ને મદથી બીજાને દબાવીને હેરાન કરે છે, તે મર્યા પછી જમપુરીમાં જાય છે. અને યમદૂતો એના મોઢામાં લોખંડનો ધગધગતો ગરમ રસ રેડે છે. ચીપિયાથી જીભ ખેંચે છે, ત્યારે જીવાત્મા રડે છે, અને આક્રંદ કરે છે. પાપ ભોગવ્યા વગર છૂટકો નથી. ભગવાનની સજા આકરી છે. માટે ચેતીને ચાલજો સંસારમાંમાં, એક દિન જાવું હરિના ધામમાં.

**એકની વાણી લાખ લે, એકની લાકડિયું ખાય,**
**એક વિદેશ ગયો વિસરે નહિ, એક પાસે બેઠોય ન પોસાય.**

એક માણસ એવો હોય, એ બોલે ને જગત ડોલે. એક માણસ એવો હોય એને બોલતાં જ ન આવડે છતાં પણ ઝગડા કરે, વાતને બાફી નાખે, પછી માર જ પડે ને ! એક માણસ એવો હોય કે આપણાથી હજારો ગાઉ દૂર હોય તો પણ એ વિસરે નહિ, યાદ કરીએ. એક માણસ એવો હોય કે બાજુમાં બેસે તો પણ એમ થાય કે, ઊઠી જાય તો ઠીક. સ્વામિનારાયણ ભગવાન વાણીનો વિવેક સમજાવે છે.

વાણીનો વિવેકથી ઉપયોગ કરજો, ગાળ બોલો તો તમે સારા લાગો એવું નથી. ગાળ બોલો ને જગતમાં તમારો પ્રભાવ પડે એવું નથી.

ગંદુ બોલનારો હલકો ગણાય છે. તુચ્છ ગણાય છે. એના ખાનદાન ઉપર જબરદસ્ત ધક્કો લાગે છે, ગાળ બોલે એનું મોઢું બગડે છે, આબરૂ ઘટે છે. અને ખરાબ છાપ જગતમાં પડે છે.

આસુરી બુદ્ધિવાળો જ્યાં જન્મ ધરે તે કાં તો શિવનો ગણા થાય, કાં તો દૈત્યનો ગણ થાય, અને કાં તો દૈત્યનો રાજા થાય અને વૈરભાવે પરમેશ્વરનું ભજન કરે. પ્રભુ કોઈ સાથે વૈર રાખતા નથી. કંસ જેવા, રાવણ જેવા, સુબા જેવા વૈર કરે પણ સમગ્ર જગતના પ્રભુ હિતેચ્છુ છે. રાવણ, કંસ, હિરણ્યકશિપુ સાથે યુદ્ધ કેમ કર્યું ? શા માટે મારી નાખ્યા ? પ્રભુએ જેને માર્યા છે તેને તાર્યા પણ છે. તરછોડ્યા નથી. અપનાવ્યા છે અને સદ્‌ગતિ આપી છે.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**ફક્ત દૃઢ ઈચ્છાથી નીપજેલું કાર્ય સુંદર હોય છે.**

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૪૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૪૭) આપણને કેવા ભક્ત થાવું છે ? આજથી નક્કી કરો.

સ્વામિનારાયણ હરે..

પંચવિષયોમાં બળવાન વિષય સ્ત્રીની વાસના છે. કદાચ કોઈક માણસ લોભ મૂકે, સ્વાદ મૂકે, સ્નેહ કે માન મૂકી શકે પરંતુ હૈયામાં રહેલી સ્ત્રી તો નીકળે જ નહિ. રૂપ બંધનકારી છે તેવું કોઈ બંધનકારી નથી. કામ વાસનાએ ભલભલાની સાધના પર પાણી ફેરવી દીધું છે. ઈન્દ્રરાજા અહલ્યામાં લોભાઈ ગયો. ચંદ્રમા ગુરુપત્નિનું હરણ કરી ગયા. એકલશૃંગીએ જરાક વેશ્યાના હાથનો રસાસ્વાદ ચાખ્યો તો તપ ગુમાવી બેઠા. ભલભલાની કામદેવે લાજ લીધી છે. સૌભરી ઋષિને માયાએ એક ક્ષણમાં પછાડ્યા. મનનું ઠેકાણું ન રહ્યું. માંધાતા રાજાની પચાસ કન્યા પરણીને તપ ગુમાવી બેઠા. માયા બહુ જબરી છે.

માયાથી ચેતતા રહેવું. સ્ત્રીનો સંગ કરવો છે ને કામવાસના ઓછી થાય ? નહિ થાય. વધશે. ફાવે તેવું ખાશું તો સ્વાદ ઓછો થાશે? નહિ થાય. સ્વાદ વધશે. ઉગ્ર સ્વભાવ રાખશું તો ક્રોધ ઓછો થાશે? નહિ થાય. વાતવાતમાં ખીજાશે. અંતરથી વિષયનો ત્યાગ રાખશું ત્યારે પંચવિષય જીતાશે.

બાલાસિનોર ગામના ખુશાલ વિપ્ર હતા. સત્સંગ કરે, પૂજાપાઠ કરે પણ ખરેખરી જગતમાંથી આસક્તિ ટળતી નથી. સમય જતાં ઘરભંગ થયા. સ્ત્રીનું મૃત્યુ થયું. હવે શું કરવું ? રાત દિવસ રડ્યા કરે. જમવાનું ભાવતું નથી. રાત્રે નિંદ્રા આવતી નથી. અંતરમાંથી પત્નિ નીકળતી નથી. વૃધ્ધાવસ્થા પહોંચ્યા છે. કીડીથી બ્રહ્મા સુધી માયા મૂકી શકે તેમ નથી. ૬૦ – ૬૦, ૮૦ – ૮૦ વર્ષના બુઢીયાથી માયા છોડાતી નથી. બીજી પત્નિની શોધ કરે છે. લગ્ન કરવાનું નક્કી કર્યું.

ગામના હરિભક્તોએ કહ્યું, ખુશાલ વિપ્ર, આટલી મોટી ઉંમરે લગ્ન કરશો તો સ્વામિનારાયણ સત્સંગીઓની આબરૂ જશે. સારૂં નહિ લાગે. દીકરાઓ તમારી જમવાની જવાબદારી લે છે. સારી રીતે રાખશે તો શા માટે માયામાં ફસાવા જાવ છો ? ખુશાલદાસે કહ્યું, તમે સમજાવવાની કોશીશ મૂકી દો. મારા હૈયામાં સ્ત્રી બેઠી છે, તે શાંતિ લેવા દેતી નથી. મારે લગ્ન કરવું જ પડશે. ત્યારે સગાં સંબંધીઓ બોલ્યા, ચાલો, આપણે ઉમરેઠ જઈએ. ગોપાળાનંદ સ્વામી ઉમરેઠ ગામમાં બીરાજે

**ભલાઈ કરવાની ઈચ્છા બુરાઈ કરવાની ઈચ્છા ને દબાવી દે છે.**

છે. તે કહેશે તેમ કરશું.

ચાર હરિભક્તોની સાથે ખુશાલદાસ ઉમરેઠ આવ્યા. પગે લાગીને બેઠા. પછી વાત કરી. ખુશાલદાસને કામવાસના નડે છે. બીજી વખત લગ્ન કરવાની વાત કરે છે. હવે શું કરવું ? તમે કહો તેમ કરીએ. સ્વામીએ કહ્યું, તમે ચિંતા ન કરો. પ્રભુ સારી સદ્‌બુદ્ધિ આપશે. એક મહિના સુધી ખુશાલદાસ, તમે અમારી પાસે રોકાઈ જાવ. જો વાસના ન ટળે તો લગ્ન કરજો. ખુશાલદાસ ઉમરેઠ ગામમાં રોકાઈ ગયા. કથામાં બેસે, સંતોને પગે લાગે. સંત દર્શનથી મગજમાં શાંતિ થવા લાગી.

ગોપાળાનંદ સ્વામી કથા વાંચે છે. ઉપદેશ આપતા બોલ્યા, આ દેહને પોતાનું સ્વરૂપ માવનું નહિ. આ જીવાત્મા ચોર્યાસી લાખ જાતના દેહને પૂર્વે ધરી આવ્યો છે. જેટલી જગતમાં સ્ત્રીઓ છે તે સર્વેને પેટે અનેક વખત જન્મ લીધા છે. જગતમાં જેટલી જાતની સ્ત્રીઓ છે એમાં કઈ એણે સ્ત્રી નથી કરી ? આ જીવાત્માએ સ્ત્રીના દેહ ધરી ધરીને જગતમાં જેટલી જાતના પુરુષ છે તે સર્વેને પોતાના ધણી કર્યા છે. ચોર્યાસી લાખ જાતનો સંબંધ રહ્યો નથી તો આ દેહનો સંબંધ નહિ રહે.

પતિ, પત્નિ, મા, બાપ, પુત્ર, પરિવારનો નાતો કાયમ રહેવાનો નથી. સંબંધીમાં મોહ માયા રાખીને મોક્ષ બગાડવો નહિ. જેનો આત્મા બળિયો હોય તેને કોઈ દિવસ ખરાબ વિચાર આવતા નથી. એવું સાદું જીવન રાખો કે મનમાં કોઈ સંસારના સુખ ભોગવવાની વાસના જાગે નહિ. વાસના જન્મ મરણના ફેરામાં ફેરવે છે. જેની ઈન્દ્રિયો નિયમમાં છે તે સુખી છે. જેની ઈન્દ્રિયો સંયમમાં નથી તે આ લોક અને પરલોકમાં દુઃખી થાય છે.

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ભક્તરાજ, ચિંતા ન કરો. જાગ્યા ત્યારથી સવાર જાણીને ભગવાનનું સ્મરણ કરવામાં લાગી જાઓ. કાળમીંઢ પથ્થર જેવા જીવને સ્વામીએ પાણી જેવો નિર્મળ બનાવી દીધો. સંતો પારસમણિ જેવા છે. લોઢાંને કંચન બનાવે છે. આવેશ જન્ય પ્રકૃતિ બદલાઈ ગઈ. ખુશાલદાસ દરરોજ જલદી જલદી સેવા કરીને કથા સાંભળવા પહોંચી જાય. સંતોની ખૂબ સેવા કરે. કથા સાંભળવાથી દસ દિવસમાં ખુશાલદાસની કામ વાસના ટળી ગઈ. સ્વામીને કહ્યું, ‘‘હવે સ્ત્રી અંતરમાંથી દેખાતી બંધ થઈ ગઈ છે. ઘાટ સંકલ્પ વીરમી ગયા છે. કોઈ

જાતની વાસના નથી રહી. હવે મારે ઘરે જવું નથી પણ કાયમ તમારી સાથે રાખો ને ઉપદેશ આપી આત્માને શુદ્ધ કરો. હું તમારે ચરણે અને શરણે આવ્યો છું. આ છે સંત સમાગમનો પ્રતાપ. ઘાટની નિવૃત્તિ થઈ ગઈ. સંતો માયામાં ફસાયેલા જીવને બંધનથી મુક્ત કરે છે.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, કોઈ સાધને કરીને ઘાટની નિવૃત્તિ થતી નથી તેની નિવૃતિ સત્સંગમાં થાય છે. જેને રજોગુણ સબંધી મલીન ઘાટ ટાળવા હોય તેને મન, કર્મ, વચને નિષ્કપટપણે સત્સંગ કરવો. સત્સંગના પ્રતાપથી ઘાટની નિવૃતિ થઈ જાય છે. (ગ. પ્ર. પ્ર. ૨૦)

ખુશાલદાસ ઘરે ગયા નહિ. અમદાવાદના મંદિરમાં રહ્યા. ભજન ભક્તિ અને સેવા કરે. ભગવાનને રાજી કરે. કામ વાસના ભયંકર દોષ છે. તે વાસના સાધનના બળે ટળતી નથી. નિત્ય સંત સમાગમ કરે અને સંતને રાજી રાખે, સંતો આશીર્વાદ આપે તો વાસના ટળે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**જેટલી જરૂરિયાતની માગણી ઓછી**
**એટલી જીવનમાં ગૌરવતા વધારે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૪૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૪૮) વણિક બન્યા વનમાળી.**

સ્વામિનારાયણ હરે..

ગામ આંબાના દેવશી ભક્ત હતા. જ્ઞાતિએ લુહાર હતા. તેમના કુટુંબમાં સત્સંગ નહોતો. પરંતુ સંત સમાગમ કરવાથી સત્સંગનો રંગ લાગી ગયો. નીડરપણે ધર્મ નિયમનું યથાર્થ પાલન કરે. ભગવનના ભક્તોની એક શ્રેષ્ઠ ટેવ હોય છે. સવારે વહેલા ઉઠી, શાંતિથી પૂજાપાઠ કરે, પછી મંદિર જાય, મંગળા આરતિના દર્શન કરે, કથા સાંભળે અને ભગવદ્ સ્વરૂપનું બળ અધિક રાખે. પોતાના અહોભાગ્ય માનીને પ્રભુ ભક્તિમાં કાયમ જોડાયેલા રહે. અને અનાસક્ત જીવન વીતાવે.

દેવશી ભક્ત મૂળ તો પીઠવજાળમાં રહેતા. તેના ગામના દરબારે હોળીના

તહેવારમાં ફાગ બોલવાનું કહ્યું. દેવશી ભક્ત કહ્યું, ''હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું. સત્સંગીથી ફાગ ખરાબ શબ્દ બોલાય નહિ.'' દરબારે ખીજાઈને કહ્યું, ''મારૂં કહ્યું માનતો નથી?! તો નીકળી જા ગામથી બહાર નહિંતર હેરાન કરીશ.'' આકરી ધમકી દીધી તેથી દેવશી ભક્ત પીઠવજાળ છોડીને આંબા ગામમાં રહેવા ચાલ્યા ગયા. પણ ફાગ બોલ્યા નહિ.

આંબા ગામમાં મંદિર નહોતું તેથી સત્સંગ બહુ ઓછો. મંદિર હોય તો જ સત્સંગ ટકી રહે. હરતા ફરતા ભગવાનના દર્શન થાય. કથા કીર્તનનો લાભ નળે. ઉત્સવ સમૈયા થાય. મોક્ષનો માર્ગ ખુલ્લો થાય.

**''મંદિર છે તે ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમ છે.**
**શારીરિક રોગ માટે હોસ્પિટલની જરૂર છે.**
**ભવરોગને મટાડવા માટે મંદિરોની જરૂર છે.''**

મંદિરે દરરોજ દર્શન કરવા જાય તો ભલે તત્કાલીન સુધરી જતો નથી પણ ધીરે ધીરે તેનામાં ભક્તિનો અને ધર્મનું બીજબળ ઉત્પન્ન થાય છે. લાંબે ગાળે માનવ પવિત્ર જીવન જીવતો થાય છે. દેવશી ભક્તને મંદિર બનાવવાની ઈચ્છા થાય છે. હવે શું કરવું ? ગામમાં કોઈ સત્સંગી નથી તો પૈસા કોણ આપે ? આંબા ભક્ત શૂરવીર છે. ઘરેણાં વેચીને મંદિર બનાવ્યું. ઘરેણાં નહિ હોય તો ચાલશે પણ મંદિર વિના નહિ ચાલે. રહેવા માટે ઘર નહિ હોય તો ભાડે રહેશું પણ મંદિર વિના નહિ ચાલે. દેવશી ભક્તનો યુવાન દીકરો પરણવા જેવડો થયો તેથી તેની લગ્નની કંકોત્રી આવી. હવે શું કરવું ? પૈસા વગર લગ્ન કેમ થાય? ગામના માણસો ટીકા કરે કે, ભગતડાને હવે ખબર પડશે. ઘરેણાં વેચીને મંદિર બનાવ્યું છે. દીકરાની વહુને શું પહેરાવશે ? દેવશી ભક્તના પત્નિ ચિંતા કરે છે. પતિદેવ, ઘરમાં કાંઈ નથી. લગ્ન કેવી રીતે કરશું ? ત્યારે દેવશી ભક્ત ધીરજ આપતાં કહે છે, દેવી, ચિંતા ન કરો. ધીરજ રાખો. શ્રી હરિનો અચળ ભરોસો નરસિંહ મહેતાએ રાખ્યો તો શામળશાના લગ્ન કરવામાં પ્રભુએ ખૂબ મદદ કરી હતી. તેમ આપણી પણ રક્ષા કરશે. તમે વિશ્વાસ રાખો. પ્રભુ બહુ દયાળુ છે.

પ્રભુ સ્મરણ કરતાં કરતાં દેવશી ભક્ત સુતા છે. ત્યાં દિવ્ય સ્વરૂપે શ્રીજી મહારાજ આવ્યા. શ્વેત શીતળ પ્રકાશ ફેલાઈ ગયો. દેવશી ભક્તના માથા ઉપર

**અપનાવી લેનારને જિંદગી ઘણી બધી**
**માનસિક પીડાથી બચાવી લે છે.**

હસ્તકમળ ફેરવતા બોલ્યા, ભક્તરાજ! બિલકુલ ફીકર કરશો નહિ. શાંતિથી દીકરાના લગ્ન કરવા જાજો. હું લગ્ન પ્રસંગે આવીને કિમતી વસ્ત્ર અલંકાર અને રૂપિયા ભરી જઇશ. તમે મારૂં મંદિર ઘરેણાં વેચીને બનાવ્યું છે ત્યારથી હું રાહ જોઉં છું કે ક્યારે મોકો મળે અને મારા ભક્તના લેણાથી મુક્ત થાઉં. ભક્તરાજ, હું કાયમ તમારી સાથે છું. આટલું કહી પ્રભુ અદશ્ય થઈ ગયા.

દેવશી ભક્તને હિંમત આવી ગઈ. દીકરાને પરણાવવા અમરેલી ગયા. માંડવામાં મંગળ ફેરા ફરવાની શરૂઆત થઈ. વેવાઈ બોલ્યા, વસ્ત્ર, અલંકાર, ઘરેણાં અને માંડવાના રૂપિયા આપો. પછી લગ્ન થશે. દેવશી ભક્ત મુંઝાઈ ગયા. હવે શું કરવું ? મનોમન પ્રભુને યાદ કરે છે. આવો અંતર્યામી, મારે તમ સાથે પ્રિત બંધાણી.

વણિકના રૂપમાં શ્રીજી મહારાજ મદદ કરવા આવી ગયા. ભક્તરાજ, લ્યો આ વસ્ત્ર, અલંકાર અને ઘરેણાં. ઉદાર હાથે આપી દો. અને આ પૈસાની પેટી છે તેમાંથી જે માંડવાના પૈસા થતાં હોય તે ચૂકવી દો. હું કોઈનું ઋણ રાખતો નથી. વ્યાજ સહિત પાછું આપી દઉં છું.''

આટલું બોલી પ્રભુ રવાના થઈ ગયા. તેજસ્વી વણિકને જોઈ વિચાર કરતાં થઈ ગયા. કોણ છો ? આટલી બધી સંપત્તિ ક્યાંથી આવી ? છૂટે હાથે બધા પૈસા ચુકવી દીધા ? ધામધૂમથી લગ્ન થઈ ગયા. દ્વેષિલાઓને થયું કે પૈસા હતા નહિ અને કોણ આપી ગયું ? દેવશી ભક્ત, એ દેવશી ભક્ત! એ વણિક કોણ હતા ? ક્યાંથી આવ્યા હતા ? એ તમારું શું થાય છે ? દેવશી ભક્તે કહ્યું, વણિકના રૂપે ભગવાન આવ્યા હતા. અને મારૂં કાર્ય પુરું કરી ગયા. બધાં આશ્ચર્ય પામી ગયા તેથી ધીરે ધીરે દેવશી ભક્તનો ગુણભાવ આવ્યો અને સત્સંગી થયા.

પ્રભુ કહે છે, હું એકાંતિક ભક્તની સાથે જ છું. આપણા જીવનરથના સારથી બનીને ભગવાન હંમેશા આપણા સાથે રહે છે. આપણને માર્ગ દર્શન આપે છે. હિંમત આપે છે અને ઉપદેશ આપી ઉત્સાહથી ભરી દે છે.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૪૯

૧. જય સદ્ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**કોઈ પણ અપેક્ષા ન રહે... એ એક માત્ર અપેક્ષા છે.**

## (૧૪૯) વાહ દરબાર, વાહ ! ધન્ય છે તમારી સમજણને !

સ્વામિનારાયણ હરે..

ભગવાન સ્વામિનારાયણને બ્રાહ્મણોને જમાડવાનો ખૂબ શોખ છે. વારંવાર ચોરાશી કરે ને ખૂબ જમાડે. બ્રાહ્મણો બહુ વ્હાલા કેમ કે ત્રણ વર્ણના ગુરુ કહેવાય. સિદ્ધપુરમાં ઘીથી નીતરતાં ચુરમાના લાડુ જમાડી પ્રભુ ત્યાંથી કાઠી સ્વારો સહિત જવાની તૈયારી કરે છે. સૂર્યનારાયણ અસ્તાચલમાં જઇ રહ્યા છે. ભાવ ભરી વિદાય આપવા થોડા બ્રાહ્મણો પણ ઉભા છે. ભગવાન સ્વામિનારાયણે પુછ્યું, ભૂદેવો, તમે બધાં રાજી થયા ને ? મહાપ્રભુ, તમે અમને ખૂબ પ્રેમથી જમાડ્યા. દક્ષિણાઓ આપી. તમારા અને સંતોના દર્શન થયા. કથા કીર્તનનો યોગ મળ્યો. ખૂબ રાજી થયા છીએ. જમણવાર ખૂબ સંતોષ પૂર્વક થયો. બીજી વખત પણ અમને બોલાવજો.

આવી વાત કરે છે ત્યાં નવલશંકર બોલ્યા, હે મહાપ્રભુ! તમે અમને ખૂબ જમાડ્યા પણ એક ઇચ્છા અધુરી છે. શું અધુરું છે ? બોલો. હે પ્રભુ, એક મજાની કાઠીયાવાડી જાતવંત ઘોડી જો મળે તો ખૂબ મજા આવે. ચાલીને જવું પડે નહિ. વારંવાર યજમાનને ઘેર જવાનું થાય. જો ઘોડી આપો તો સારૂં.

શ્રીજી મહારાજ આજુબાજુ જુવે છે. એક ઘોડી દીઠી. ભાજુમાં કોઇ નથી. હા, આ બરાબર તેજદાર ઘોડી છે. શ્રીજી મહારાજે ઘોડીની સરક પકડીને નવલશંકર પ્રત્યે બોલ્યા, આવો ભૂદેવો, આવો. આ ઘોડી તમને કૃષ્ણાર્પણ કરીએ છીએ. લઇ જાઓ ને સુખી થાઓ. બધાં કાઠી દરબારો જોતા જ રહી ગયા. આપની ઘોડી કોઇક બ્રાહ્મણને દઇ દેશે તો ? ના નહિ કહેવાય. અને પાઠી ઘોડી લેવા ક્યાં જવી ? દિવસ આથમ્યા ટાણું થયું છે. ઘરે કેમ પહોંચશું ? બધાં ચુપાચુપ ઉભા છે. ત્યાં કાકાભાઇ આવ્યા.

કાઠી દરબારો કહે છે, કાકાભાઇ, તમારી ઘોડી શ્રીજી મહારાજે બ્રાહ્મણને દાનમાં આપી દીધી. તમે ઘેર કેમ પહોંચશો ? તમને પૃછા પણ કરી નહિ. બીજાની વસ્તુ રજા સિવાય કોઇને અપાય નહિ. બીજા કાઠીઓએ ટેકો દીધો. સાચી વાત છે. શ્રીજી મહારાજ મનધાર્યું કરી લે છે. ધણીને કહેતા નથી ને ઘોડી આપી દે છે. ધ્યાન રાખજો, આપણી ઘોડી કોઇકને આપી દેશે તો મુશ્કેલી ઉભી થશે.

કાકાભાઇ ધીરેથી બોલ્યા, મારી ઘોડીના ધન્ય ભાગ્ય કે મહાપ્રભુના હાથે

બ્રાહ્મણોને દાનમાં આપી. આ તો શ્રીજી મહારાજે ઘોડી જ દાનમાં આપી. પણ મને ભેળો દાનમાં આપી દીધો હોત તો હું એમની આજ્ઞાથી એ સુપાત્ર બ્રાહ્મણના ઘરની સેવા વગર પગારે કરત. કાઠી દરબારો ખડખડાટ હસી પડ્યા. અરે તમારી ભલી થાય કાકાભાઈ! તમે તો ભારે સમજણવાળા હો... અમને આજ ખબર પડી, આવો તમારો ઉદાર સ્વભાવ છે.

કાકાભાઈ બોલ્યા, મારા જેવા અભણમાં બીજી શી સમજણ હોય ? પણ જ્યારથી ભગવાન સ્વામિનારાયણની ઓળખાણ થઈ છે, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી જેવા સંતોનો સમાગમ થયો પછી મેં મારૂં તન, મન અને ધન સર્વસ્વ પ્રભુ અર્થે કૃષ્ણાર્પણ કરી રાખ્યું છે. મારી પાસે જે કાંઇ છે એ આ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી જ મળેલું છે. એણે જ બધું આપ્યું છે. એ જ લે એમાં શું હરકત ?

આવું સાંભળી સૌ ભક્તજનો આશ્ચર્ય પામી ગયા. સૌના મુખમાંથી શબ્દો સરી પડ્યા. વાહ દરબાર, વાહ! ધન્ય છે તમારી સમજણને અને ધન્ય છે તમારી જનેતાને. તમે દિલના દિલાવર છો અને ઉદાર છો. ઝાડ મૂળને આધારે જીવે છે, ભક્ત પ્રભુને આધારે જીવે છે.

મૂળ ઉખડી જાય તો ઝાડ સુકાઈ જાય અને પ્રભુ ભૂલાઇ જાય તો સત્સંગ સુકાઇ જાય. ઘણાં અણસમજુ માણસો કહેતા હોય છે કે મંદિરમાં ઘણાં પૈસા પડ્યાં છે. તમે કાંઇ દેજો નહિ. બેંકમાં ઘણાં પૈસા પડ્યાં છે. તમારૂં ખાતુ ન હોય, બેલેન્સ ન હોય ને પૈસા લેવા જાઓ તો પૈસા મળે નહિ. તેમ ભગવાન તો લક્ષ્મીના પતિ છે. એમને કોઈ જાતની ખામી નથી પણ ઘનશ્યામ મહારાજને બેંકમાં દાન પુણ્યરૂપી બેલેન્સ જમા નહિ હોય તો તમે ભગવાન પાસે જાશો ત્યારે કાંઈ મળશે નહિ. ભગવાનને અર્થે ગાયો, ગરીબો અને સંતોને અર્થે, પરોપકાર અર્થે પોતાના ધનનો સદુપયોગ કરે છે તેના ભંડાર કદી ખાલી થતા નથી. ભગવાન લહેરી છે. વ્યાજ સહિત પાછુ આપી દે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

"આટલા બધા જીવો સતત દુઃખના ભાર નીચે કેમ જીવતા હશે ?" જરૂરિયાતો પૂરી કરવાને બદલે ઈચ્છાઓ પૂરી કરવાનાં તેઓ પ્રયત્ન કરે છે માટે .

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૫૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૧૫૦) ચા, કોફી, દૂધ અને ઠંડાપીણા

સ્વામિનારાયણ હરે..

આજનું બાળક એ આવતીકાલના સત્સંગીનું ભવિષ્ય છે. અને આજનું બાળક એ ભારતનો ભાવિ નાગરિક પણ છે. તેના ઊછેરમાં, તેના લાલનપાલનમાં નાની સરખી ખોટ પણ ચલાવી લેવાય નહિ જ.

''પહેલું સુખ તે જાતે નર્યા'' એ કહેવત અનુસાર બાળકના સ્વાસ્થ્યની સંપૂર્ણ જવાબદારી મા-બાપ, સમાજના આગેવાન અને સરકારની છે. તે જવાબદારીમાંથી તે જો પાછીપાની કરે તો તેની આકરી કિંમત તેમણે જ ચુકવવાના દિવસો આવે છે.

જો તન તંદુરસ્ત હશે તો જ મન તંદુરસ્ત હશે. આમ તનનો સમતોલ વિકાસ થાય તે માટે પરિવારના પ્રત્યેક સભ્યોએ પરિવારના બાળકોની સ્વાસ્થ્ય બાબત ચિંતા કરવી જોઇએ. પણ બેદરકાર રહેવાય નહિ.

એમ કહેવાય છે કે, જગતનો સર્વોત્તમ ઉપહાર એટલે તંદુરસ્ત આનંદી બાળક. તેથી જ તો સર વિન્સ્ટન્ટચર્ચિલે કહ્યું છે કે, ''કોઇપણ સમાજમાં બાળકોનો સારી રીતે ઊછેર કરવા જેવું રોકાણ કોઇપણ નથી.''

આપણું આંગણું એ તો બાળકોનું વૃન્દાવન છે. પણ જો તંદુરસ્ત બાળકો હોય તો જ. માનવદેહની પ્રાથમિક જરૂરિયાત હવા, પાણી અને ખોરાક છે. તેથી બાળકોને આ ત્રણેય સ્વચ્છ, સમયસર મળી રહે તે મા-બાપે જોવું જોઇએ.

દૂધ એ માનવીનું પ્રિય પીણું છે. તેથી તો દૂધને પૃથ્વીલોકનું અમૃત કહેવામાં આવે છે. તમામ પ્રકારના દૂધમાં માતાનું ધાવણ સર્વોત્તમ છે. બીજા ક્રમે આવે છે ગાયનું દૂધ. વિટામીન ''સી'' સિવાયના તમામ પોષક તત્ત્વો ગાયના દૂધમાં રહેલા છે. તેથી બાળકના સર્વોત્તમ ઊછેર માટે તેને સવારે અને સાંજે પૂરતાં પ્રમાણમાં દૂધ આપવું જોઇએ. પણ ભૂલે ચૂકેય ચા-કોફીની ટેવ પાડવી જોઇએ નહીં. ચા-કોફી તો વ્યસન છે, હળાહળ ઝેર છે.

આપણું બાળક બાળપણથી જ ચા-કોફી કે અન્ય વ્યસનના વમળમાં ફસાય નહિં તે માટે મા-બાપે જાગૃતિ રાખવી જોઇએ. વ્યસન-ફેશન તો પાયમાલીનો માર્ગ છે.

**મહાન આત્માઓની ઈચ્છા શક્તિરૂપ હોય છે જ્યારે દુર્બળ આત્માઓની ઈચ્છા માત્ર ઈચ્છા જ હોય છે.**

આજના વિલાસમય વાતાવરણમાં બાળકો દેખા-દેખીથી ચા-કોફી કે અન્ય કોઈપણ જાતના વ્યસનો કે ઠંડાપીણામાં ન ફસાય તે જોવાની જવાબદારીમાંથી મા-બાપ છટકી શકે નહિ. કારણ કે ચેતતો નર સદાય સુખી. જો બાળક વ્યસની બનશે તો તેનું જીવન અને પરિવારને બરબાદી વહોરવાના દિવસો જોવાના આવશે જ.

અત્યારે બજારમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કંપનીઓ છાશવારે બાળકોના શારીરિક-માનસિક વિકાસ માટે નવા નવા પીણાઓ તથા ઘેર બનાવવા માટે ના મોંઘા પાવડરો રજૂ કરે છે. અને તે ખરીદવા માટે મોટી મોટી લોભામણી-લલચામણી જાહેરાતો લાખો રૂપિયાના ખર્ચ વર્તમાન પત્રો અને ટી.વી.માં આવે છે. તેનાથી મોહાંધ થઈને તે ખરીદતાં પહેલાં હજારવાર વિચાર કરવો જોઈએ.

વળ એવી જ બાબત છે સાબુ, શેમ્પૂ, પેસ્ટ અને વિવિધ પ્રકારના ક્રીમ તેના વળગણો બાળકોને નાનપણથી જ લાગી જાય તે બાબતે સચેત રહેવાની જવાબદારી પણ મા-બાપની છે. આ બધી વસ્તુઓ કેટલો ફાયદો કરે છે તે તો ભગવાન જાણે....પણ આપણાં ખિસ્સા તો જરૂર હળવા કરી નાંખે છે. બધાને આવા ખર્ચા પોષાય નહિ. ન જ પોષાય.

જેવો આહાર તેવા ઓડકાર તે ન્યાયે આપણાં સંતાનો બહારના પીણાં-ખોરાક ન ખાય તે બાબતે આપણે ચિંતા સેવવી જોઈએ. કારણ કે જો બાળકો બહારના પીણા અને ખોરાક પ્રત્યે લગાવ રાખશે તો તેમનું સ્વાસ્થ્ય બગડશે, તેમનો વિદ્યાભ્યાસ બગડશે અને પરિણામે તેમની જિંદગી પણ બગડશે.

બહારનું ખાવા-પીવાથી તથા ચા-કોફી પીવાથી આપણાં તન, મન અને ધનની બરબાદી થાય છે. અને આપણા ધાર્મિક નીતિ-નિયમોનું પાલન થતું નથી. તેથી આપણા બાળકો સંતોની પ્રસન્નતા મેળવી શકે નહિ. અને શ્રીજી મહારાજનો બેઠો રાજીપો જે મેળવવો છે તે પણ મેળવી શકે નહિ. માટે સાવધાન રહીએ.

યાદ રાખો કે બાળકો એ તો દાંપત્યજીવનનો શ્રેષ્ઠ ઉપહાર છે, ઘરની શોભા છે પણ ગમે તેવા બાળકો નહિ. ભગવાનને ગમે, સંતોને ગમે, મને તમને ગમે તેવા બાળકો જ સત્સંગ મંડળની શોભા ગણાય છે.

તેથી સત્સંગ મંડળમાં તેના ગુણો-આદર્શોનો મહિમા ગવાય તેવું સંસ્કારી

બાળક બનાવવાની જવાબદારી માતાની છે. માતા તો જગતની શ્રેષ્ઠ વિદ્યાપીઠ છે. તે બાળકોનું ઉત્તમોત્તમ ઘડતર કરવાની ક્ષમતા ધરાવે છે. તેથી આપણાં ઘરમાં ચા-કોફી-ઠંડાપીણાની બોટલો પ્રવેશ ન કરે તે બાબતે જાગૃતિ રાખવી જોઇએ. કદાચ શરૂઆતમાં આ બાબતનું પાલન કરવું અઘરું જરૂર લાગશે...પણ પછી ધીરે ધીરે સુટેવ પડી જશે જ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઇ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઇ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।

**માણસની ઈચ્છાઓમાંથી અડધી પણ જો પૂરી થઈ જાય તો એની મુસીબતો બેવડી થઈ જાય.**

નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૫૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણ,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૫૧) સુંદરજીભાઇનું અભિમાન ઉતાર્યું.

સ્વામિનારાયણ હરે..

જેતલપુરમાં એક વખત શ્રીજી મહારાજે સભામાં કહ્યું કે, ત્યાગી થવું હોય તે અમારી પાસે આવે. શ્રીજી મહારાજને પરીક્ષા લેવાની ઇચ્છા થઇ. સંસારમાં કેટલી આસક્તિ છે ? ત્યારે તે સભામાં જેટલા હરિભક્તો બેઠા હતા તે બધાં ઉભા થઇ ગયા. હે મહારાજ, અમારે સાધુ થવું છે. અમને દીક્ષા આપો અને અખંડ તમારા ચરણમાં રાખો. શ્રીજી મહારાજે કહ્યું, તમે બધાં ત્યાગી જેવા જ છો. તમને

વ્યવહારમાં બંધન નથી. સંસારમાં રહેવું તે ખરાબ નથી પણ સંસારમાં આસક્તિ રાખવી તે બંધનકારી છે. સહુ સહુના ધર્મમાં રહી ભજન ભક્તિ કરજો. જરૂર પડશે ત્યારે અમે તમને સાધુ કરશું. અત્યારે સંસારમાં રહીને ભજન કરો અને બીજાને કરાવો.''

સમય જતાં શ્રીજી મહારાજ ગામ ભાદરા પધાર્યા. સભામાં કહ્યું કે, અમે અક્ષરધામમાંથી અનંત જીવાત્માના કલ્યાણ કરવા આવ્યા છીએ. જે એકાંતિક ભક્તો અત્યારે છે તેને સંસારમાં કોઈ જાતની આસક્તિ નથી. સંસાર તણખલાની જેમ અને સ્વપ્ન જેવો લાગે છે. કોઈ પદાર્થમાં બાંધેલા નથી. આવું સાંભળી ભુજના (કચ્છદેશના) સુંદરજીભાઈ કથામાં બેઠા હતા. તે બોલ્યા, હે મહારાજ, એવા તો સત્યુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં ભક્તો હતા. પણ કળિયુગમાં સંસાર સ્વપ્ન જેમ અને તણખલાની જેમ ત્યાગ કરનાર હોય નહિ. ગામમાં ઘર ન હોય, સીમમાં ખેતર ન હોય, ખાવા પીવા મળતું ન હોય તે સાધુ થાય. બાકી કળિયુગમાં જલદી સાધુ થાય નહિ.

શ્રીજી મહારાજ બોલ્યા, ''સુંદરજીભાઈ, એવા મુક્તાત્મા આ સભામાં ઘણા બેઠા છે. એવા મુક્તોને સાધુ કરીને તમને ઘેર બેઠા બતાવશું.'' સમય જતાં શ્રીજી મહારાજે ભક્તોની પરીક્ષા કરવા માટે એક પત્ર કાઠિયાવાડ પ્રદેશમાં કાઠી દરબારો વિગેરે ભક્તજનો ઉપર લખ્યો.

પત્રમાં શ્રીજી મહારાજે લખ્યું... હે ભક્તજનો, બેઠા હો તો ઉભા થઈ જાજો, જમતા હો તો પડ્યું મેલીને જલદી ચાલી નીકળજો. કુંભારને ત્યાંથી ગેરૂ મંગાવી તત્કાળ ભગવાં વસ્ત્રો પહેરી જેતલપુરમાં રામદાસભાઈને મળી, અડવાણે પગે કાશીની યાત્રા કરી કચ્છ ભુજમાં અમને મળવા આવજો. ખેપીયાને કહ્યું, તમે આ પત્રો જુદે જુદે સ્થળે પહોંચતા કરી આવો. ખેપીયો ગામોગામ ચાલ્યો જાય અને કાગળ આપતો જાય. લ્યો, શ્રીજી મહારાજનો સંદેશો. કાગળ વાંચતાની સાથે તુરંત ઘરબાર છોડી ચાલતા થઈ ગયા. ઘરે કહેવા પણ ન ગયા કે હું ભુજ ધામ જાઉં છું. ૧૮ પરમહંસો ચાલ્યા આવે છે ભુજ કચ્છ તરફ. જેનો વૈરાગ્ય અડગ હોય તેને માયા રોકી શકે નહિ.

સંસારમાં કોઈ જાતની આસક્તિ નથી. ઉઘાડે પગે ચાલતા થઈ ગયા.

**શારીરિક ક્ષમતાથી બળ પ્રાપ્ત થતું નથી તે તો અદમ્ય ઈચ્છા શક્તિથી મળે છે.**

ભુજની ભાગોળે પૂર્વ દિશાએ પહોંચ્યા. શ્રીજી મહારાજ સુંદરજી સુથારને કહે છે, ચાલો, આજે નવા પરમહંસોની મંડળી આવે છે. સામા જઇએ. હરિભક્તોની સાથે શ્રીજી મહારાજ ઉતાવળા પગે સામા આવ્યા. નવા પરમહંસોને જોયા. પ્રભુએ તુરંત દંડવત પ્રણામ કર્યાં. ધન્ય છે ભક્તજનો તમને! અમારા પત્રને માન આપી તમે તુરંત સંસાર તજીને સાધુ થયા છો. નવા પરમહંસો તરત નીચા નમીને ઉભા કર્યા. હે પ્રભુ, તમે આવું ન કરો. તમે તો અનંત કોટી બ્રહ્માંડના રાજા છો. પુરુષોત્તમ નારાયણ છો. અમે તમારા દાસ છીએ. અમારા મસ્તક તમારા ચરણોમાં નમવા જોઇએ. તમે દંડવત કરો તે યોગ્ય નથી. નવા પરમહંસો શ્રીજી મહારાજના ચરણમાં દંડવત કરે છે. પ્રભુની આંખમાં આસુ આવી ગયા. ધન્ય છે તમારા સમર્પણ ભાવને અને સમજણને !

શ્રીજી મહારાજ એક એક પરમહંસને બાથમાં લઇ ભેટીને રાજીપો વ્યક્ત કર્યો. શ્રી હરિ કહે છે, સુંદરજીભાઇ! આ બધા ભક્તજનોને તમે ઓળખો છો ? હા મહારાજ. બધાંને ઓળખું છું. ચાર ચાર પાંચ પાંચ ગામના માલિક છે. ગામના અગ્રેસર છે. ધન સંપત્તિવાન ગરાસદાર છે. અને બુદ્ધિશાળી છે.'' પ્રભુ મર્મથી બોલ્યા, ''સુંદરજીભાઇ, તમે કહેતા હતા ને, કે સાધુ કોણ થાય ? રડ્યા રખડ્યા હોય, આજીવિકાનું સાધન ન હોય તે સાધુ થાય. જોઇ લ્યો, આ બધાં કોણ છે?''

સુંદરજીભાઇ બે હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું, હે મહારાજ ! મારી ભૂલ થઇ છે. માફ કરો. આપ તો સમર્થ મૂર્તિ છો. જે ધારો તે કરી શકો. સુંદરજીભાઇ પગે લાગીને માફી માગી. સુંદરજીભાઇનું અભિમાન ઉતરી ગયું. પછી સંતો ભક્તોની સાથે શ્રીજી મહારાજ સુંદરજીભાઇને ઘેર પધાર્યા. આદર પૂર્વક સહુને જમાડ્યા. પછી શ્રીજી મહારાજ કહે છે,

**''હે પરમહંસો, અમારા વચનથી તમે જેમ સંસાર છોડી અહિં મારી પાસે આવ્યા છો તેમ હવે અમારા વચનથી તમે પાછા તમારે ઘેર જાઓ. ભગવાં વસ્ત્રો ઉતારી સફેદ વસ્ત્ર પહેરી લ્યો.''**

પરમહંસો કહે છે, હે મહારાજ, અમૃતરસ મૂકીને હવે સંસારની ખાટી છાશ નથી પીવી. સંસારરૂપી અંધારા કૂવામાં નથી જવું. સદાય તમારા ચરણમાં રહેવું છે. જીવન કુરબાન કરવું છે. શ્રીજી મહારાજ રાજી થઇને બોલ્યા, હે પરમહંસો,

તમે સત્સંગના શણગારરૂપ છો. શૂરવીર ભક્તો છો. તમારા થકી અનેક ભક્તજનોને સત્સંગની પ્રેરણા મળશે. સત્સંગ કરાવી શકશો માટે અમારા વચનને માન આપી તમે સહુ સહુના ઘેર જાવ અને ભજન ભક્તિ કરો. પ્રભુના વચનને ઝીલી લીધું. ભક્તો પાછા ઘેર ગયા. ભલે મહારાજ, તમે જેમ કહેશો તેમ કરશું. આવી રીતે તરત સંસાર ત્યાગ કરવો તે કાંઈ સહેલી વાત નથી. ભારે કઠણ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૫૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................

**આપણે જે વસ્તુની અંતઃકરણથી ઈચ્છા કરીએ છીએ તેનાથી જ કર્મની ઉત્પત્તિ થાય છે.**

૩. નવીનજીમૂતસમાનવર્ણ,..................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૫૨) તમે અદ્‌ભુત કામ કર્યું છે.

સ્વામિનારાયણ હરે..

નવા ૧૮ પરમહંસો ભુજ પ્રભુ સ્વામિનારાયણ પાસે આવે છે. ત્યારે રસ્તામાં ઝાલાવાડ દેશ આવ્યો. કડું ગામ આવ્યું. ગામની ભાગોળે ઢોલ વાગે છે. શરણાઈના સુર રેલાઈ રહ્યા છે અને નારીઓ મંગળ ગીત ગાય છે. એક યુવાન કલ્યાણદાસના લગ્ન ચાલે છે. હાથમાં મીંઢળ બાંધેલ છે. સુંદર પોષાક અને સોનાના દાગીના પહેર્યાં છે. માથા ઉપર સોનેરી પાઘ બાંધી છે. સાજન માજન બધાં ઠાઠમાઠથી લગ્ન પ્રસંગમાં જાય છે.

૧૮ પરમહંસો રસ્તા ઉપર ચાલ્યા જાય છે. કલ્યાણદાસે સંતોને જોયા ને તેને પગે લાગવા ગયા. મંગળ પ્રસંગમાં સંતોના દર્શન થયાં. ધન્ય ભાગ્ય ધન્ય અવસર! આશ્ચર્ય પામી ગયા. ‘‘ઓહોહો, આ તો કાઠી દરબાર છે. સાધુ થઈ ગયા?! નવાઈની વાત છે.’’ શ્રી હરિનો લખેલો પત્ર બતાવ્યો. કલ્યાણદાસે કાગળ વાંચ્યો. ૧૮ ભક્તોના નામ લખેલાં છે. પછી લખેલું છે કે. ‘‘એહ આદિ. જેની ઈચ્છા હોય તે સાધુ થઈને અમારી પાસે આવજો.’’ ભલે મારૂં નામ કાગળમાં નથી પણ આદિ શબ્દમાં ગમે તે થઈ શકે છે. આદિ શબ્દમાં સર્વેનો સમાવેશ થાય છે.

તુરંત મનોમય નક્કી કરી લીધું કે, મારે જગતના જીવ સાથે લગ્ન કરવાં નથી પણ સ્વામિનારાયણ ભગવાન સાથે લગ્ન કરવાં છે. મારા આત્માને પરમાત્મા

સાથે પરણાવવાનો મોકો મળ્યો છે. સંતો સાથે ચાલતા થઇ ગયા. સગાં સંબંધી કહે છે, ''લગ્નવિધિ ચાલુ છે અને ક્યાં જાઓ છો ? પાછા ફરો ને લગ્ન પુરા કરો. કલ્યાણદાસે કહ્યું, અવસર આવ્યો છે રે, કે પ્રભુને ભજવાનો. તનની ઉપાધિ રે, કે સર્વે તજવાનો. હવે કોઇનો રોક્યો રોકાઇશ નહિ.

સગાં સંબંધીએ ખૂબ સમજાવ્યા કે, લગ્ન કરો અને સંસારમાં રહો. પણ જેનું મન પ્રભુની ભક્તિથી રંગાઇ ગયું હોય તેને સંસારના બંધન બાંધી શક્તા નથી. વૈરાગ્ય એવો બળવાન છે કે પીંડ બ્રહ્માંડમાં ક્યાંય ચોટવા દે નહિ. વૈરાગ્યમાં ખૂબ તાકાત છે. વૈરાગ્યરૂપી ચિંતામણિ જેને મળે તે સમૃધ્ધ થઇ જાય છે. સર્વે સુખની સંપત્તિ વસી રહી વૈરાગ્યમાંય. મોટે ભાગ્યે આવી મળે તો કસર ન રહે કાંઇ. વૈરાગ્ય જેના હૃદયમાં ઉત્પન્ન થાય તેને બીજું કાંઇ કરવું રહ્યું નથી. સહેજે સહેજે ભગવાનમાં પ્રેમ વધતો રહે છે.

કલ્યાણદાસ ભગવાં કપડાં પહેરી ૧૮ પરમહંસો સાથે ચાલતા થઇ ગયા. શ્રીજી મહારાજ બોલ્યા, તમે ૧૮ પરમહંસો છો તેને હું ઓળખું છું પણ આ ૧૯માં સાધુ કોણ છે ? સુરાખાચરે કહ્યું કે, પ્રભુ, આ નવા સાધુ છે. કડું ગામના કલ્યાણભાઇ છે. લગ્ન કરવા જતા હતા અને તમારો કાગળ વાંચ્યો કે તુરંત અમારી સાથે ચાલતા થઇ ગયા.'' આવી વાત સાંભળી પ્રભુ કલ્યાણભાઇને બાથમાં લઇને મળ્યા. રાજીપો વ્યક્ત કરતાં કહ્યું, ભર યુવાનીમાં અમે યાદ આવ્યા. ધન્ય છે તમારા વૈરાગ્યને અને સમજણને! તમે અદ્‌ભૂત કામ કર્યું છે તેથી આજથી તમારૂં નામ અદ્‌ભૂતાનંદ સ્વામી રાખીએ છીએ. સાહિત્યમાં તમારૂં નામ અમર રહેશે.

વિચાર કરો! આવી રીતે એક ક્ષણમાં સંસારનો ત્યાગ કરવો સહેલી વાત નથી. કઠણ કામ છે. ઢીલા પોચાનું કામ નથી. આ તો શૂરવીર ભક્તોની વાત છે. નવા અઢાર પરમહંસો પાછા પોતાને ઘેર ગયા પણ અદ્‌ભૂતાનંદ સ્વામી અખંડ શ્રીજી મહારાજની સેવામાં રહ્યા. આપણે બધા ભક્ત સાચા. સત્સંગી સાચા. પણ સાવધાની રાખજો. એકાદ નટબોલ ઢીલો ન થઇ જાય તેની સાવધાની રાખવી પડે. સતત જાગૃત રહેવું પડે. તમને બધાંને અનુભવ છે કે સોનાના દાગીના કાયમ સાચવવા પડે તેમ સત્સંગના સદ્‌ગુણો સોના જેવા છે. જો જરાક ઢીલા થશો તો ભગવાનનો અભાવ, સંતો ને ભક્તોનો અભાવ બુદ્ધિમાં ત્રાસવાદી નાખી દેશે તો મોક્ષ બગડી

**કામ કર્યા સિવાય ધન મેળવવાની ઈચ્છા**
**રાખનાર માણસને પંડિતો મૂર્ખ કહે છે.**

જશે. આ શરીર ભોગ માટે નથી પણ પ્રભુના યોગ માટે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૫૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૫૩) તમારા પુત્રનું નામ જગન્નાથ રાખજો

સ્વામિનારાયણ હરે..

પ્રભુ નીલકંઠ વર્ણી વનમાં ફરતા ફરતા વડોદરા પધાર્યા. વડોદરા શહેરમાં એક પરમભક્ત સદાબા રહેતા હતા. સમજ જતાં એમના લગ્ન થયાં. કર્મવશાત એમના પતિનું મૃત્યુ થઈ ગયું. નિરાધાર બની ગયા. ઉદરમાં ગર્ભ છે. એક વખત સાહેલિયોની સાથે પાણી ભરવા ગયા. શ્રી નીલકંઠ વર્ણીના દર્શન થયાં અને હૃદયમાં ઠંડક વળી. સાહેલીઓ કહે છે, સદાબા, બાળાયોગી પ્રતાપી લાગે છે. નેત્રોમાં કરૂણા વરસે છે. ભાલમાં બ્રહ્મતેજ ઝળકે છે. જાણે જોયા જ કરીએ. આવા બાલાયોગી આપણે જિંદગીમાં ક્યારેય દીઠા નથી.

સાહેલીઓ કહે છે, સદાબા, તમે યોગીને પૃછા કરોને કે મારા ઉદરમાં બાળક છે તે દીકરો આવશે કે દીકરી આવશે ? સદાબા બોલ્યા, મને શરમ આવે. હું કેમ પુછું ? તમે જ પુછોને... આવી વાત અરસ પરસ કરે છે ત્યાં પ્રભુ નીલકંઠ વર્ણી બોલ્યા, શું વાત કરો છો ? કાંઈ નહિ, અમે પોતપોતામાં વાત કરીએ છીએ. પ્રભુએ કહ્યું, જે કહેવું હોય તે કહોને. એક બાઈ હિમત કરી બોલ્યા, બાલાયોગી, આ સદાબા છે તેના ઉદરમાં બાળક છે તેથી બહુ શરમાઈ છે તો તેને ત્યાં દીકરો આવે એવા રૂડા આર્શીવાદ આપો.

નીલકંઠ વર્ણી મંદમંદ હસ્તા બોલ્યા, એક શરત રાખો. સદાબાને ત્યાં પુત્રનો જન્મ થશે પણ તે પુત્ર મોટો થાય પછી અમને આપો તો આશીર્વાદ આપીએ. નહિંતર ચાલ્યા જઈએ. સદાબા મુંઝાઈ ગયા. એકના એક લાડકવાયા પુત્રને ફરતારામ બાવાને કેમ અપાય ? એવા આશીર્વાદને શું કરીએ ? ત્યારે સાહેલીઓ

**ઈચ્છા, ક્રોધ અને લોભ નર્કનાં ત્રણ દ્વાર છે,**
**કારણ કે તેઓ આત્માનો વિનાશ કરે છે.**

કહે છે, સદાબા, ચિંતા ન કરો. ફરતારામ બાવાઓ ગામોગામ ફરતા હોય તે ક્યાં ફરીથી અહિંયા વડોદરા આવશે ? માટે આશીર્વાદ લઈ લ્યો. આપણું કામ થઈ જાય અને દીકરો મળી જાય.

સદાબા બોલ્યા, ભલે યોગીરાજ, જો પ્રભુ અમારા ઘરે દીકરો આપશે તો તમે જ્યારે કહેશો ત્યારે અમે દીકરો તમને આપશું. અત્યારે રૂડા આશીર્વાદ આપો. પ્રભુએ કહ્યું, તથાસ્તુ ! તમારા માગ્યા મૂજબ થશે. ચોક્કસ તમારા ઘરે દીકરાનો જન્મ થશે. તેનું નામ જગન્નાથ રાખજો. આટલા આશીર્વાદ આપી પ્રભુ ત્યાંથી ચાલતા થઈ ગયા.

નવ માસ પુરા થયા ને સદાબાને ત્યાં પુત્રનો જન્મ થયો. નામ રાખ્યું જગન્નાથ. માતા સારા ધર્મના સંસ્કાર આપે છે. આપણી પાસે આ જગતની સમૃદ્ધિ નથી પણ સંસ્કારની સમૃદ્ધિ છે. દીકરાના માથા ઉપર હાથ ફેરવતા હર વખત કહેતા હોય, બેટા જગન્નાથ, આપણે ગરીબ છીએ. બ્રાહ્મણ છીએ. દરરોજ પૂજાપાઠ કરવા જોઈએ. ગાયત્રી મંત્રના જપ કરવા. સંધ્યા વંદન કરવું. વડીલોને નમસ્કાર કરવા. વૃક્ષ છે એમાં ફળફુલ થાય એનાથી આપણે જીવન ચલાવીએ, તડકો, વરસાદ, ઠંડી સહન કરીને નીચે બેઠેલાને છાંયો આપે છે. આપણે પણ વૃક્ષના જેવા પરોપકારી થવું.

બેટા, તું બહુ જ હોશીયાર છે. તને ઘણું ભણાવીશ. ભણવામાં ધ્યાન રાખજે. આપણે ગરીબ છીએ. શાહુકાર છોકરાંનો વાદ કરાય નહિ. એની માફક ફરાય નહિ. વ્યસન કરાય નહિ. સોના જેવું પવિત્ર જીવન રખાય. ભગવાનને જમાડીને જમે છે તેને યજ્ઞનું ફળ મળે છે. વિગેરે ખૂબ સંસ્કાર એમની માતા આપે છે. જગન્નાથ ભણી ગણીને વિદ્વાન થયો. ભક્તિ છે એ આત્માનું સાચું ધન છે.

સ્વામિનારાયણ ભગવાન ગામ ડભાણમાં યજ્ઞની શરૂઆત કરી. પ્રભુ ગાદીતકિયા પર બીરાજમાન થયા છે. ચારે બાજુ સંતો અને ભક્તો એકાગ્રતા ચિત્તથી કથા સાંભળે છે. તે વખતે વડોદરાથી હરિભક્તો દર્શન કરવા માટે આવ્યા. સદાબા પણ પુત્ર જગન્નાથને સાથે લઈને આવ્યા છે. પ્રભુએ વરદ હસ્તકમળ ઉંચો કરી કહ્યું, સદાબા, સુખી છો ને ? સદાબા આશ્ચર્ય પામી ગયા. મારૂં નામ લઈને

મને બોલાવી ? બે હાથ જોડી સદાબા બોલ્યા, હે પ્રભુ, આપની કૃપાથી ખૂબ સુખી છીએ. પણ મહારાજ, તમે મને ક્યાંથી ઓળખો છો ? હું આ પહેલી વખત દર્શન કરવા આવી છું. પ્રભુએ કહ્યું, સદાબા, હું તમને બરાબર ઓળખું છું. લ્યો, જૂની ઓળખાણ તમને તાજી કરી દઉં.

વડોદરા શહેરમાં તમે સાહેલીઓ સાથે પાણીના બેડાં ભરીને જતાં હતાં ત્યારે તમને એક બાલાયોગીએ આશીર્વાદ આપ્યા હતા કે તમારા ઘરે દીકરાનો જન્મ થશે તે વાત યાદ છે ? હા મહારાજ, બરાબર યાદ છે. એ આશીર્વાદ આપનાર અમે હતા. હા મહારાજ, અણસાર એના જેવો જ લાગે છે. તે બાલાયોગીએ શરત કરી હતી કે દીકરો અમને આપજો. તો હવે દીકરો અમને સોંપી દો. સદાબા વિચાર કરતા થઈ ગયા. હવે શું કરવું ? હિમત પૂર્વક બોલ્યા, હા મહારાજ, બોલેલા વચનને ફરી નહિ જાઉં. મૈયા સદાબા પોતાના સુપુત્રના કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો, હાથમાં શ્રીફળ આપ્યું. દીકરાનો હાથ ઝાલીને શ્રીજી મહારાજના હાથમાં સોંપ્યો.

લ્યો મહારાજ, આજથી મારો પુત્ર કૃષ્ણાર્પણ કરૂં છું. દીકરાને ખૂબ કાળજીપૂર્વક સાચવજો. શ્રીજી મહારાજ રાજી થકા બોલ્યા, સદાબા, તમારો દીકરો મારો જમણો હાથ બનીને રહેશે. તમે જરાય ચિંતા ન કરશો. સદાબા દીકરા જગન્નાથના માથા ઉપર હાથ ફેરવતા બોલ્યા, દીકરા, તું નિર્ભય થઈ ગયો. અનંત કોટી બ્રહ્માંડના નાથના ખોળે બેઠો છે. એમની આજ્ઞામાં રહીને સત્સંગ કરજો. જગન્નાથ પ્રભુને પગે લાગીને સભામાં બેઠા.

વિધવા બાઈએ સામેથી દીકરાના દાન આપ્યા ત્યારે સભામાં બેઠેલા ભક્તજનોના અંતર દ્રવી ગયા. આંખમાં આંસુ આવી ગયો. ધન્ય છે આવી દાનેશ્વરી મૈયાને કે સામેથી દીકરાના હાથ પ્રભુના હાથમાં સોંપી દીધા. શ્રીજી મહારાજ કહે છે, સદાબા, તમારા દીકરાના દાન સત્સંગના સાહિત્યમાં અમર રહેશે અને તમારા દીકરા અનંત જીવાત્માને કલ્યાણનો માર્ગ બતાવશે. આવું સાંભળી સદાબાના આંખમાં હરખના આંસુ આવી ગયા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**જેની પાસે થોડું છે તે ગરીબ નથી, પણ જે વધારે મેળવવાની ઈચ્છા રાખે છે તે ગરીબ છે.**

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૫૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી..............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૧૫૪) જન્મભૂમિ તથા સંબંધીમાં હેત રાખવું નહિ.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, જેણે ભેખ લીધો હોય અને અણસમજુ હોય પણ તેને જન્મભૂમિ તથા સંબંધીમાં હેત ટળતું નથી. એન કહીને પોતાની લીલાની સમજુતી આપતાં સાવધાન કરતાં કહે છે, અમને તો જન્મભૂમિ યાદ આવે છે. જ્યારે જ્યારે નાનપણમાં ઝાડનો ખાંપો વાગ્યો હતો તે આ ચિન્હ છે. અને જ્યારે દેખીએ છીએ ત્યારે ઝાડ ને તલાવડી સાંભળી આવે છે. (ગ. પ્ર. પ્ર. ૩૭ વચનામૃત)

છપૈયાની ઉત્તર બાજુ એક તલાવડી છે. કાયમ તેમાં પાણી ભરાયેલું હોય. તલાવડીને કાંઠે એક ઝુંપડી હતી. તેમાં હરિદાસ નામે બાવાજી રહેતા હતા... હરિદાસ બાવા શું કરે છે ? રામાયણની કથા વાંચે છે... ઘનશ્યામ મહારાજ સખા સાથે કથા સાંભળવા બેઠા. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, અમારી બાલ્યાવસ્થા હતી ત્યારે અમને દેવમંદિર હોય ત્યાં દર્શને જવું, કથા વાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને તીર્થ કરવા જવું આ પાંચ નિયમો બહુ ગમતાં. આવી રીતે કથાનો મહિમા દેખાડવા પોતાનો બાલ્યાવસ્થાનો સ્વભાવ કહ્યો છે.

પરમાત્માકી કથા સુનને સે ચિત્ત પવિત્ર હોતા હૈ, ઔર હૃદયમેં શાંતિ મિલતી હૈ. શાંતિ હૈ વહી તપકા ફલ હૈ. બહુત ધન હો, બંગલા હો, કિન્તું હૃદયકી શાંતિ ન મિલે તો મંદિરમેં જાકર પ્રભુકા શરન લેના ચાહિયે. સમજ કર સત્સંગ કરના ચાહિયે.

સખા કહે છે, ઘનશ્યામ, ચાલો તળાવમાં સ્નાન કરવા જઈએ. જળક્રિડા કરતા આનંદથી તળાવમાં રમે છે. પછી વૃક્ષની છાયામાં આવ્યા ત્યાં મનોહર પુષ્પની સુગંધ આવે છે. ઘનશ્યામ મહારાજ પુછે છે, ''આ વૃક્ષનું શું નામ છે ? સુખનંદન બોલ્યા, આ કેવડાનું વૃક્ષ છે... સામે દેખાય છે તે કદમનું વૃક્ષ છે. કદમના ફૂલની સાથે કેવડાની પાંદડી ગોઠવીને સરસ મજાનો હાર બનાવી પ્રભુને હાર પહેરાવ્યો... પ્રભુ ફુલથી ગરકાવ થયા.સખા વખાણે વારંવાર, કેવા શોભે છે પ્રાણ આધાર.

**ઈચ્છાઓને શાંત કરવાથી નહિ, પણ તેને મર્યાદિત કરવાથી જ શાંતિ મળે છે.**

ઘનશ્યામ મહારાજની અદ્‌ભૂત શોભા જોઇ બાલમિત્રોને ખૂબ આનંદ થયો. હરિદાસ બાવાજી નીરખી નીરખીને ઘનશ્યામ મહારાજ સામું જુવે છે. પ્રભુનું રૂપ ચિત્તમાં ચોંટી ગયું. જેનું હું રાત દિવસ પૂજન અને વંદન કરૂં છું, થાળ જમાડું છું, તે આ સાક્ષાત પરમેશ્વર છે. હું કથા વાંચુ છું તેનું મને ફળ મળી ગયું. બે હાથ જોડી પ્રભુને પ્રણામ કર્યા. અનેક જીવાત્માને પ્રભુની ઓળખાણ આપતા શ્રી હરિ અનેક લીલા કરે છે.

તે વખતે ગામનો ગોવાળ ગાયોને જંગલમાં ચારવા લઇ જતો હતો. ઘનશ્યામ મહારાજ વાંસળી વગાડતા હોય એવો સ્વર કર્યો. મીઠો મધુરો સ્વર સાંભળી ગાયો ઘનશ્યામ પાસે હીંસોળા કરતી દોડી આવી. ગોવાળ પાછી વાળે છે પણ વળતી નથી. પ્રભુ આંબલીના વૃક્ષ ઉપર ચડી ગયા તો ગાયો ઊંચા મુખ કરી પ્રભુ સામે જોઇને ઊભી છે... અમુક ગાયો આંબલીના વૃક્ષની આજુબાજુ આંટા મારે છે પણ જંગલમાં જતી નથી... ગોવાળ હાંકે છતાં જતી નથી... હવે શું કરવું ?

ઘનશ્યામ મહારાજે હાથ ઊંચો કરી કહ્યું, ગાયમાતા, તમે જંગલમાં ઘાસ ખાવા માટે જાવ, કે તુરંત ગાયો એક સાથે ચાલતી થઇ ગઇ... સખા બોલ્યા, ઘનશ્યામ, ચાલો આપણે બધા ઘેર જઇએ. ભૂખ લાગી છે... મૈયા વાટ જોતાં હશે. પ્રભુ આંબલી ઉપરથી હેઠે ઉતરે છે, ત્યાં અચાનક આંબલીનો અણીદાર સુકો ખાંપો જમણા ચરણના સાથળમાં વાગ્યો... લોહીની ધાર થઇ. તે લીલાનું વર્ણન કરતાં કવિ ગાય છે.

સખા ઉદાસ થઇ ગયા. હવે શું થશે ? મુંઝાય છે. તે વખતે એક ચમત્કાર થયો. દેવતાઓના વૈધ્ય અશ્વનિકુમાર ત્યાં પહોંચી આવ્યા, દિવ્ય ઔષધી લગાડીને પાટો બાંધી દીધો.

અશ્વનિકુમાર પ્રાર્થના કરે છે, હે પ્રભુ! અમારા યોગ્ય કાંઇ સેવા હોય તો સેવકને બોલાવજો. અમે તૈયાર છીએ. વંદન કરી અદ્રશ્ય થઇ ગયા. સુખનંદન દોડતો ધર્મદેવના ઘેર ગયો અને વાત કરી. જલદી ચાલો! ઘનશ્યામને સાથળમાં ખાંપો વાગી ગયો છે. ધર્મદેવ દોડતા આવ્યા. ઘનશ્યામ મહારાજના માથા ઉપર હાથ ફેરવતા બોલ્યા, બેટા ઘનશ્યામ, પાટો કોણ બાંધી દીધો ? વેણીરામે કહ્યું,

દેવના વૈદ આવ્યા હતા તે પાટો બાંધી ગયા છે. પિતા આશ્ચર્ય પામી ગયા. પિતાજી કહે છે, ઘનશ્યામ, તમને વાગી ગયું છે, તેથી પગે ચલાશે નહિ. હું તમને તેડીને ઘરે લઈ જઈશ.

હિંમતથી ઘનશ્યામ મહારાજ બોલ્યા, પિતાજી, ચિંતા ન કરો. મને બહુ વાગ્યું નથી. હું ચાલીને ઘરે આવીશ. ઘનશ્યામ મહારાજ પગપાળા ચાલતા થયા. મૈયા વાટ જુવે છે ને રડે છે. ઘનશ્યામને જોયા ને દોડીને સામે ગયાં. હાથ પકડીને ઘરમાં લાવ્યાં... બેટા, શું થયું છે ? બહુ વાગ્યું નથી ને ?

મૈયા, ચિંતા ન કરો. એમ કહી પાટો છોડીને બતાવ્યું તો ઘા રુઝાઈ ગયો છે. સ્હેજ નિશાની દેખાય છે. માતાજીને શાંતિ થઈ. શ્રીજી મહારાજ આ વચનામૃતમાં આ લીલાને યાદ કરતા બોલ્યા છે. આ જમણા ચરણના સાથળમાં ખાંપા લાગ્યાનું ચિન્હ છે. તેને જ્યારે અમે દેખીએ છીએ ત્યારે ઝાડ ને તલાવડી સાંભરી આવે છે. બાલપણાની લીલા યાદ આવી જાય છે.

શ્રીજી મહારાજ કહે છે કે, આત્મારૂપે રહીએ તો આત્માની જન્મભૂમિ નથી. આત્માનું કોઈ સગું નથી. ચોર્યાશી લાખ જન્મોના જેમ મા બાપને અજ્ઞાને કરીને વિસાર્યા છે તેમ મનુષ્ય શરીરના માબાપ છે તેને જ્ઞાને કરીને વિસારી દેવા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।

**મોટા લોકોની પ્રશંસાથી આપણો આત્મવિશ્વાસ વધુ દૃઢ થાય છે.**

પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૫૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી..............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૫૫) દીકરા તને ભક્તિરૂપી અમૃતનો ખજાનો મળી ગયો છે.

સ્વામિનારાયણ હરે..

ડભાણનો યજ્ઞ પુરો થયો. શ્રીજી મહારાજ જગન્નાથને લઈને ગઢપુર પધાર્યા. સમય જતાં શ્રીહરિએ જગન્નાથ ભક્તને ભાગવતી દીક્ષા આપી પછી કહ્યું, તમે મુક્તાનંદ સ્વામી પાસે જાઓ. નામ ધારણ કરી આવો. જગન્નાથ ભક્ત સ્વામી પાસે આવ્યા. પગે લાગ્યા. સ્વામીએ મસ્તક ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપતાં

કહ્યું, ''આજથી તમારૂં નામ શુકાનંદ સ્વામી રાખીએ છીએ.'' શ્રીજી મહારાજ બોલ્યા, મુક્તાનંદ સ્વામી જાણતા લાગે છે કે આ જગન્નાથ પૂર્વ જન્મમાં શુકદેવજી હતા તેથી શુકાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું છે.

શુકાનંદ સ્વામીની પ્રશંસા કરતાં શ્રી હરિ વચનામૃતમાં કહે છે, ''આ શુકમુનિ બહુ મોટા સાધુ છે. તે જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે. પણ મંદ પડ્યો નથી. માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે. (કારીયાણીનું ૩ વચનામૃત)

લોયાના ૧ વચનામૃતમાં શુકદેવજીએ પ્રશ્ન પુછ્યો કે, લગારેક ક્રોધ ચઢી આવે ને પછી તેને તરત ટાળી નાખે એવો જે ક્રોધ તે કાંઇ નડતર કરે કે ન કરે ? શ્રીજી મહારાજે કહ્યું, સભામાં સર્પ નીકળે, કોઇને કરડે નહિ, તોપણ ઉઠીને સહુને ભાગવું પડે. બીજું દૃષ્ટાંત આપતાં કહ્યું, ગામના ઝાંપે વાઘ હુંકારા કરતો હોય, કોઇને મારે નહિ છતાં અંતરમાં ભય પેસી જાય, બારણે નીકળાય નહિ, તેમ થોડોક ક્રોધ ઉપજે તે પણ અતિશય દુઃખદાયી છે.

જેને પરમસુખને પામવું હોય, અક્ષરધામમાં જવું હોય તેણે અંતરશત્રુને અવશ્ય જીતવાં જોઇએ. કથા સાંભળી, કીર્તન ભજન સાંભળી, આપણને લગની ચઢે ખરી પણ પાછી લગની ઉતરી જાય છે. પ્રભુ સાથે પ્રીત ટકાવવા માટે ક્રોધ જીતવો, લોભ જીતવો, આંખ જીતવી, કામ વાસના અને મન જીતવું. આ બધાં શત્રુઓ જીતે તો પ્રભુમાં પ્રીત ટકી રહે. નહિંતર પ્રેમ ટકે નહિ. મન મુંઝાયા કરે. ક્રોધ ભભૂક્યા કરે. ત્યાં ભગવાન રહેતા નથી. જ્યાં સુધી ક્રોધ જીતાય નહિ ત્યાં સુધી દુઃખ દૂર થાય નહિ.

કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, વિગેરે અંતરશત્રુ મહા બળવાન છે. મોક્ષ માર્ગના વિરોધી છે. જ્યાં સુધી અંતરશત્રુ જીતાયા નથી ત્યાં સુધી કોઇ પણ કાર્યમાં સફળતા થતી નથી. અંતઃકરણરૂપી માયાનો કજીયો બહુ ભારે છે. પ્રભુકૃપા વિના, ભજન ભક્તિ કર્યા વિના અંતરશત્રુ ચોર નીકળશે નહિ. આપણને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. આવા ઉત્તમ શાસ્ત્રો મળ્યા છે. આવો લાભ કોને મળે ? નંદપંક્તિ જેવા સંતો મળ્યા. ઉત્તમ સત્સંગમાં જન્મ મળ્યો છે. શ્રી નરનારાયણદેવના ખોળે બેસાડી દીધા છે.

**આત્મવિશ્વાસનો અર્થ છે પોતાના કામમાં અતૂટ શ્રદ્ધા**

આપણને પોતાના રાજકુંવર બનાવ્યા છે. હવે શ્રી નરનારાયણદેવને મૂકીને ક્યાંય આડા અવડા જવાય નહિ. પ્રભુનું બળ રાખશો તો સુખી થશો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

ભક્તચિંતામણિ ગાયન - ચોપાઈ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૫૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

# ઘર સત્સંગ સભા

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૫૬) સમેજાને સમાધિ

સ્વામિનારાયણ હરે..

અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ શ્રી પુરુષોત્તમ નારાયણ સહજાનંદ સ્વામીએ આ સત્સંગમાં પોતાનો અલૌકિક પ્રતાપ જણાવી અનેક જીવાત્માના કલ્યાણ કર્યા છે. સાધન વિના પણ અસંખ્ય લોકોને સમાધિ કરાવી છે. સમાધિ જેને તેને થાય નહિ. અષ્ટાંગયોગ સાધતા વર્ષો વીતી જાય તોપણ સમાધિ થાય નહિ. સમાધિ થવી કાંઇ સહેલી નથી. યોગની ક્રિયા શીખવી પડે પણ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી સહેજે સહેજે સમાધિ થાય. કાંઇ કરવું ન પડે ને સમાધિ થાય. ભગવાન ધારે તે કરી શકે. નાડીપ્રાણ પ્રભુના હાથમાં છે.

શ્રીજી મહારાજ કચ્છમાં વિચરણ કરતાં કરતાં ગામ તેરા પધાર્યા. કાળાતળાવની સીમમાં આવ્યા. ત્યાં ખેતીવાડીમાં એક મુસલમાન સમેજો હળ હાંકતો હતો. તેને શ્રીજી મહારાજે પુછ્યું, અમને ખૂબ તરસ લાગી છે તો તળાવ બતાવશો ? હા હા, જરૂર બતાવીશ. હળ ઉભું રાખીને તળાવ બતાવા ગયો. જુઓ, આ તળાવ છે. તેમાં ચોખ્ખું નિર્મળ પાણી ભર્યું છે. તેમાંથી પાણી પી લ્યો.'' પ્રભુએ હાથ પગ ધોઇને ગાળીને પાણી પીધું.

બાજુમાં સમેજો ઉભો છે. પ્રભુ રાજી થયા. માણસ બહુ ભલો લાગે છે. મને પાણી બતાવ્યું એના બદલામાં હું એને શું આપુ'? અક્ષરધામના દર્શન કરાવું. અલ્પ સેવાને પ્રભુએ મહાન ગણી લીધી. પ્રભુએ સમેજા સામે કૃપાદષ્ટિ કરી કે તુરંત સમેજાને સમાધિ થઇ ગઇ. શ્વેત શીતળ પ્રકાશ મધ્યે સુવર્ણમય સિંહાસનમાં પ્રભુ વિરાજમાન છે. અનંત મુક્તો શ્રીહરિની સેવામાં છે. દિવ્ય તેજોમય રચના

**સફળતા પ્રાપ્ત કરવા માટે અન્ય કોઈ પણ સાધનસામગ્રી કરતાં તમારો આત્મવિશ્વાસ વધુ ઉપયોગી છે.**

જોઈ સમેજો આનંદ વિભોર બની ગયો. નીરખી નીરખીને દર્શન કરે છે. શ્રી હરિનું સ્વરૂપ અંતરમાં ચોંટી ગયું.

થોડીવાર પછી સમાધિમાંથી જાગ્યો અને હળ હાંકવાની શરૂઆત કરી તો હળની આગળ શ્રી હરિની મૂર્તિ દેખાય. મને આ શું દેખાય છે ? કાંઈ ખબર પડતી નથી. બરાબર કામ થતું નથી. હવે શું કરૂં ? હળ હાંકવું રાખીને ખેતરમાં બોરડી આડી આવતી હતી. તે ખોદવા માંડ્યો તો ત્યાં પણ ભગવાનની મૂર્તિ દેખાય. મુંઝાઈ ગયો. જ્યાં જાઉં છું ત્યાં ભગવાન દેખાય છે. તેથી સૂઈ ગયો. તો સૂતાં સૂતાં ભગવાન દેખાય છે. ખુલ્લી આંખે ભગવાન દેખાય છે ને બંધ આંખે પણ ભગવાન દેખાય છે. સર્વ કાળે, સર્વ સ્થળે પ્રભુ જ દેખાય છે.

શ્રીજી મહારાજ કાળાતળાવની સીમમાંથી ચાલતા થયા તો સમેજો પણ ભગવાન સાથે ચાલતો થયો. પ્રભુએ કહ્યું, અમારી પાછળ ન ચાલો. તમે તમારૂં કામ કરો. સમેજાએ કહ્યું, તમને હું નહિ મેલું. તમે જ્યાં જાશો ત્યાં હું સાથે ચાલીશ. તમારા વિના મને ગમે નહિ. જો તમને મૂકી દઉં તો પછી મને પાછા ભેળા ક્યારે થાશો ? દર્શન વિના દિવસો કેમ પસાર કરવા ? માટે તમારી સાથે ચાલીશ.

શ્રીજી મહારાજે કહ્યું, અત્યારે તમે ઘેર જાઓ. હું ભીમજી સુથારને ઘેર જાઉં છું. ત્યાં તમે આવજો. ત્યાં અમારા દર્શન થશે. સમેજો પાછો વળી ગયો અને વાડીમાં હળ હાંકવા લાગ્યો. પ્રભુ ભીમજીભાઈને ઘેર પધાર્યા. ભીમજીભાઈએ આદરપૂર્વક પ્રભુને જમાડ્યા. ત્યાં હરભમ સુતાર દર્શન કરવા આવ્યા.

પ્રભુ હરભમજીને કહે છે, અમને રસ્તામાં પગમાં કાંટા વાગ્યા છે તે બહુ ખુંચે છે. કાઢી દો તો સુખ થાય. હરભમજીએ શ્રી હરિના ચરણાર્વિંદ પોતાના ગોઠણ ઉપર મૂકીને ભીના કપડાંથી ચરણ સાફ કરી, નીરખી નીરખીને કાંટા જુવે છે. ત્યાં તો પ્રભુના ચરણમાંથી પ્રકાશ નીકળ્યો. છેક અક્ષરધામ સુધી પ્રકાશના પુંજ છવાઈ ગયા. તેમાં સોનાના સિંહાસનમાં બિરાજેલા શ્રી હરિનાં તેજોમય સ્વરૂપે દર્શન થયાં. અનંત મુક્તો પ્રભુની આગળ હાથ જોડીને ઉભા છે. હરભમજી સ્થિર થઈ ગયા. શ્રી હરિ કહે છે, ભગત! આ શું કરો છો ? કાંટા કાઢોને. મહારાજ, કાંટા કેમ કાઢું ? પ્રકાશમાં અનેક રચના દેખાય છે. કાંટાને નિમિત બનાવી મને

અક્ષરધામના દર્શન કરાવ્યાં.''

પ્રભુ પ્રકાશના દાતા છે. સૂર્યનારાયણ સમગ્ર બ્રહ્માંડને પ્રકાશિત કરે છે. તે પ્રકાશ પુરુષોત્તમ નારાયણનો છે. આપણે ભગવાન પાસે દીવો કરીએ છીએ. ભગવાનને દીવાની કાંઇ જરૂર નથી. પ્રભુ ઉપદેશ આપતા કહે છે, અજ્ઞાનરૂપી અંધારામાં અટવાતા જીવાત્માને આત્માજ્ઞાનનો પ્રકાશ મળે તો તેની અવશ્ય સદ્‌ગતિ થાય છે. રાત દિવસ પૈસાના જ વિચાર કરશો તો માયા મનમાં ભરાશે. પછી ભગવાન ક્યાંથી સાંભળે. લોભ શબ્દને ઉથલાવો તો શું થાય ? ભલો. ભલો થા. ભલાઇ કરી લે. પૈસાનો સદુપયોગ કરી લ્યો. એમ ખૂબ ઉપદેશ આપ્યો છે.

ત્યાં સમેજો પ્રભુના દર્શન કરવા આવ્યો. પગે લાગીને બેઠો. થેડીવાર પછી પ્રભુએ કહ્યું, સમેજા, હવે તું ઘરે જા. અમે જે ધર્મની રીતભાત શીખવી છે તે પ્રમાણે રહેજે. તને અખંડ અમારી મૂર્તિ દેખાય છે તે હવે સાત દિવસ સુધી દેખાશે. પછી નહિ દેખાય. પછી અંતરમાં ધ્યાન કરીશ ત્યારે દર્શન થશે. અંતકાળે અમે તને અમારા ધામમાં તેડી જશું. સમેજાએ કાંઇ પણ દાન પુણ્ય કર્યું નહોતું. પૂજા પાઠ, નિયમ, ધર્મ કાંઇ નહોતું કર્યું, ફક્ત પ્રભુને પાણીનું સ્થળ બતાવ્યું હતું તો પણ તેનું ભગવાને કલ્યાણ કર્યું.

કોઇ પશુને ભગવાનની સેવામાં મદદ કરી હોય તો એનો બીજો જન્મ સત્સંગીને ઘેર આવે. પછી ભજન ભક્તિ કરીને પ્રભુના ધામમાં જાય. પરંતુ જો ભગવાન રાજી થાય તો આત્માને સીધો ધામમાં મોકલી દે. જીજીભાઈના બળદને પ્રભુ સીધાં ધામમાં તેડી ગયા. સંતોની સેવામાં તેણે મદદ કરી તેથી કલ્યાણ થયું. આ છે પ્રત્યક્ષ ભગવાનનો પ્રતાપ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

**પોતાના પર અસીમ વિશ્વાસ સ્થાપિત કરવો અને એકલા બેસીને અંત:કરણનો અવાજસાંભળવો તે વીરપુરૂષનું કામ છે.**

**ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ**

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૫૭

૧. જય સદ્ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૫૭) વિશ્વાસી ભક્તનો ભાવ પૂરો કર્યો.**

સ્વામિનારાયણ હરે..

એક દયાનંદજી નામના સંત હતા. તેમના પાંચ શિષ્યો હતા. મોટું મંદિર

હતું. તેમાં સીતા, રામ, લક્ષ્મણજી, ભરતજી, શત્રુઘ્ન અને હનુમાનજીની મૂર્તિઓ હતાં. અનેક ભક્તજનો દર્શન કરવા આવે. પચાસ ગાયો હતી. બધાં શિષ્યો ગાયોની ખૂબ સેવા કરે. દૂધના વાસણો ભરાય, વલોણા થાય, રસોઈ બનાવે, બાગ બગીચા સાફ કરે. આખો દિવસ સેવા ચાલુ હોય. ચાર શિષ્યો હોંશિયાર હતા. એક જગમોહન શિષ્ય હતો. તે ભોળો અને નિખાલસ હૃદયનો હતો. ભગવાનની અને ગુરુની ખૂબ સેવા કરતો. નમ્રતાથી સહુને પગે લાગે. આખો દિવસ નવરો ન થાય. ચાર શિષ્યો ભણવામાં ચતુર અને હોંશિયાર હતા પણ સેવામાં આળસુ હતા. સેવા ભાવી શિષ્ય સૌને ગમે છે.

એક વખત ચાર શિષ્યો ગુરુ દયાનંદજીને કહ્યું, ચાલોને, આપણે યાત્રા કરવા જઈએ. ગુરુએ કહ્યું, મંદિર અને ગાયો આ બધાને કોણ સાંચવશે ? શિષ્યો બોલ્યા, આ ગાંડો જગમોહન બધું સાંચવશે. એ યાત્રામાં શું સમજે ? સાવ પાગલ જેવો છે. શિષ્યો સાથે ગુરુજી યાત્રા કરવા ગયા. જગમોહન દોડી દોડીને સેવા કરે પણ પૂરો ન થાય. ગાયોને જંગલમાં ઘાસ ચરાવવા લઈ જવાની હોય, રસોઈ બનાવી, ભગવાનને જમાડવા. એકલાથી આ બધું કેમ થાય ? હવે શું કરવું ? મંદિરમાં આવી ભગવાનની મૂર્તિ પાસે બેસીને રડે છે. પ્રભુ, મને મદદ કરોને. ચિંતા થાય છે. આ બધું કેમ સંચવાશે ? ભગવાનની મૂર્તિમાંથી ભગવાન પ્રગટ થયા. બેટા જગમોહન, ડરો નહિ. હનુમાનજી દરરોજ જંગલમાં ગાયો ચરાવવા જાશે.

તમને મદદ કરશે. બસ, હવે તો તું રાજી ને ? હા પ્રભુ, બહુ સારૂં થયું. હનુમાનજી દરરોજ ગાયો ચરાવવા જાય છે. બે દિવસ થયા અને વળી પ્રાર્થના કરતાં કરતાં અંતરમાંથી આર્તનાદ કર્યો. આંખમાં આંસું આવી ગયા. હે પ્રભુ, પચાસ ગાયો તે એકલો ક્યારે દોહી લેવાશે ? રાત દિવસ સેવા કરૂં છતાં પુરું થતું નથી. મને મદદ કરોને. ભોળા ભક્તનો ભાવ જોઈ પ્રભુએ કહ્યું, ચિંતા ન કરો. ભાઈ, શત્રુઘ્ન, તમે દરરોજ ગાયો દોહવાની સેવા કરજો. ભલે મહારાજ, જેવી આપની આજ્ઞા. દૂધ જમાવે, ૫૦ ગાયોનું દહીં હોય તેને વલોવે પણ એકલાથી કેટલું વલોણું થાય ? થાકી જાય. વળી જગમોહન ભગવાનની મૂર્તિ પાસે બેસીને પ્રાર્થના કરી. પ્રભુ, છાશ વલોવી વલોવીને બાવડા દુઃખે છે. મદદ કરોને.

**જેને પોતાની જાત પર વિશ્વાસ ન હોય તે નાસ્તિક છે.**

પ્રભુએ ભાઇ ભરતજીને કહ્યું, ભરતજી, તમારે દરરોજ દહીં વલોવીને છાશની સેવા કરવાની છે. ભલે પ્રભુ, જેવી આપની આજ્ઞા. ભરતજી દરરોજ છાશ વલોવે, માંખણ ઉતારે. પછી તાવીને ઘી બનાવે. ભક્તજનો છાશ લેવા આવે તેને છાશ આપે. ચાર પાંચ દિવસ થયા. વળી પાછો જગમોહન પ્રભુ પાસે આવ્યો. હે પ્રભુ, થાળ બનાવીને થાકી જાઉં છું. તે સેવા કોઇકને સોંપો તો સારૂં થાય. ભગવાને સીતાજીને કહ્યું, દેવી, તમારે ભગવાન માટે થાળ તૈયાર કરવાના છે. મૂર્તિમાંથી માનવ સ્વરૂપે પ્રગટ થયાં. રસોડામાં થાળ બનાવે છે. ભોળો ભક્ત રાજી રાજી થઇ ગયો. હું એકલો નથી પણ મારી સાથે ભગવાન છે.

વળી પ્રાર્થના કરી, હે પ્રભુ ! અનેક ભક્તજનો થાળ કરાવે. તેને પ્રસાદી આપવાની હોય. રૂપિયા મને ગણતાં આવડે નહિ. તેથી મુંઝારો થાય છે. કોઠારની સેવા કોઇકને સોંપો તો સારૂં થાય. પ્રભુ બોલ્યા, લક્ષ્મણજી, તમે મંદિરનો કોઠાર સંભાળો. લક્ષ્મણજી સિંહાસનમાંથી માનવ સ્વરૂપે પ્રગટ થયા. અને કોઠારમાં બેઠા. વ્યવસ્થિત મંદિરનું કાર્ય ચાલે છે. હવે તો જગમોહનને ભગવાનની સેવા કરવાની હોય. સમયસર થાળ ધરાવે, આરતિ ઉતારે, અભિષેક કરે, વસ્ત્રાભૂષણ પહેરાવે, ભાવથી સેવા કરે.

નવ મહિના થયા ને યાત્રાળુ યાત્રા કરીને વહેલી સવારે પહોંચી આવ્યા. વિચાર કરે છે કે, જગમોહન ગાંડાએ બધું ઉજ્જડ કરી નાખ્યું હશે. આપણને સાફસુફ કરવું પડશે. આ બાજુ શું થયું ? જગમોહનને ખબર પડી કે ગુરુદેવ યાત્રા કરીને આવે છે તેથી દોડતો ગયો. ગુરુજીને પગે લાગી પુષ્પનો હાર પહેરાવી સ્વાગત કર્યું. બાથમાં લઇને મળ્યો. ગુરુભાઇને પણ મળ્યો. બધાં પ્રભુના કીર્તન ગાતાં ગાતાં મંદિરમાં આવ્યા તો મંદિર સ્વચ્છ ને પવિત્ર છે. સિંહાસનમાં દિવ્ય તેજ પ્રસરી ગયું. તેમાં એક રામચંદ્રજી ભગવાનની મૂર્તિ દેખાય છે. બીજા દેખાતા નથી.

શ્વેત પ્રકાશ છવાઇ ગયો. અલ્યા જગમોહન ! મૂર્તિઓ નથી દેખાતી ? તો મૂર્તિઓ ક્યાં ગઇ ? જગમોહન સ્મીત હાસ્ય કરતાં બોલ્યો, ગુરુદેવ, સીતાજી રસોડામાં થાળ બનાવે છે, લક્ષ્મણજી થાળ અને ભેટના હિસાબ રાખવા કોઠારમાં બેઠા છે, શત્રુઘ્ન ગૌશાળામાં ગાયો દોહવા ગયા છે. હું એકલો બધું કરી શકું તેમ

નથી. તેથી આ બધાં દેવ મને મદદ કરે છે. મેં રડતાં રડતાં હૈયાના હેતથી પ્રભુની પ્રાર્થના કરી તેથી મૂર્તિમાંથી માનવ શરીરે પ્રત્યક્ષ પ્રગટ થઇને મને મદદ કરે છે. આપની દયાથી લીલાલહેર છે ગુરુદેવ.

આવું સાંભળી સૌ આશ્ચર્ય પામી ગયા. કમાલ છે. મૂર્તિમાંથી બધા દેવ માનવ સ્વરૂપે પ્રગટ થયા. ત્યાં આશ્ચર્ય સર્જાયું. ત્યાં એક પછી એક સ્વરૂપો આવ્યા અને મૂર્તિરૂપે બની યોગ્ય સ્થાનમાં બેસી ગયા. આવું અદ્‌ભૂત આશ્ચર્ય જોઇ ગુરુદેવ જગમોહનને બાથમાં લઇને ભેટી રાજીપો વ્યક્ત કર્યો. ધન્ય છે તારી ભક્તિભાવ અને શ્રધ્ધાને. તારા જેવા નિર્દોષ ભક્તના મનોરથ પૂરા કરવા પ્રભુ પ્રત્યક્ષ હાજર રહે છે. મદદ કરે છે અને મનોરથ પૂરા કરે છે. પ્રભુ ભક્તવત્સલ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

પોતાનું કેન્દ્ર બહાર ન રાખો તે તમારું પતન કરશે. પોતાનામાં પૂર્ણ વિશ્વાસ રાખો અને પોતાના કેન્દ્ર પરથી કામ કરતા રહો, કોઈ વસ્તુ તમને હેરાન કરશે નહિ.

# સભા-૧૫૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૫૮) સાચા સંતની ચરણરજ પ્રભુ માથે ચડાવે છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કહે છે કે, કેવા ભક્ત ભગવાનને ગમે છે ? જેને ભગવાનને વિષે સાકારપણાની દઢ પ્રતીતિ હોય એ જેવો તેવો હોય તોપણ અમને ગમે છે. નિષ્ઠાવાળા જે સંત છે તેના પગની રજને તો પ્રભુ કહે છે અમે માથે ચડાવીએ છીએ. એવા સંતના દર્શનને ઇચ્છીએ છીએ. (ગ. પ્ર. પ્ર. ૩૭ વચનામૃત)

શ્રીજી મહારાજ કહે છે, જ્ઞાન વૈરાગ્ય ભકિત આદિ અનેક શુભ ગુણ યુકત જે સંત છે, તેના હૃદયમાં ભગવાન અખંડનિવાસ કરીને રહે છે. સંત જગતના આધાર છે, સંત સંગે હેત રાખશો તો તમારું કામ થઈ જશે.

ભગવાનના ભકત છે તે કેવળ બ્રહ્મની જ મૂર્તિ છે. એને વિષે મનુષ્ય ભાવ લાવવો નહિ, પટેલ જ્ઞાતિમાં કાનજી કરીને એક ભકત હતા. તેને ગોપાળાનંદ સ્વામી સાથે ઘણું હેત હતું. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, કાનજી ભગત ! માયામાં

કાયમ રચ્યા પચ્યા કેટલા દિવસ રહેશો ? ચાલો, ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરવા ગઢપુર જઈએ, ત્યાં નિરાંતે સત્સંગ કરશું.

કાનજી ભગત અને ગોપાળાનંદ સ્વામી વિગેરે ભકતજનો ચાલ્યા જાય છે. રસ્તામાં કાનજી ભગત બેસી ગયા. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, કેમ બેસી ગયા ? પણ મને ચક્કર આવે છે, હું અફીણનો બંધાણી છું, ડાબલી ઘરે રહી ગઈ છે, તેથી હવે મારાથી ચલાશે નહિ, સ્વામી તો મહા સમર્થ સંત છે, બાજુમાંથી વનસ્પતિનાં બે પાંદડા લઈ ચોળીને આપ્યાં. લ્યો આ ચાવીને ખાઈ જાવ, સારું થઈ જશે, અને બંધાણ પણ છૂટી જશે.

પાંદડાં ચાવી ગયા કે તરત ચકકર મટી ગયા, તરત ચાલતા ચાલતા ગઢપુર આવ્યા,.. શ્રીજી મહારાજનાં દર્શન કર્યા. થોડાક દિવસ ગઢપુર રોકાયા, પણ કોઈ દિવસ અફીણ યાદ ન આવ્યું. સંતના પ્રતાપથી મૂળમાંથી વ્યસન નીકળી ગયું, પાકા સત્સંગી થઈ ગયા. આ છે સંતનો પ્રતાપ.

આ લોક અને પરલોકમાં સંતનો સથવારો જરૂર જોઈશે. સંત છે તે મોક્ષના દાતા છે. ગુણાતિતાનંદ સ્વામી કહે છે, **"સાચા સંતો ખાસડા મારે તો પણ અક્ષરધામમાં લઈ જાય," અને બીજા મશરૂનાં ગાદલામાં સુવાડી મુકે તો પણ નરકમાં નાખે, એમ સમજવું."**

જે વૃક્ષમાંથી આપણને ફળ મળે છાયા મળે, શાંતિ મળે તે વૃક્ષને મૂળમાંથી કપાય નહિ, જે બારણેથી બહાર નીકળવાનું હોય તે બારણું બંધ કરશે તો બહાર કઈ રીતે નીકળશે તેમ વૃક્ષ જેવા પરોપકારી સંત છે. તેની શીતળ છાયામાં આપણે બધા બેઠા છીએ. ધ્યાન રાખજો શીતળ વૃક્ષની છાયાને મૂળથી કપાઈ ન જાય. મતલબ કે સંતોની નિંદા કરીને, આવા સત્સંગમાંથી પડી ન જવાય, સંતના અભાવથી ઘણા પડી ગયા છે, સંતોનો અભાવ લીધો તેણે ભગવાનનો અભાવ લીધો છે.

સાચા સંતની ચરણરજ મહારાજ કહે અમે માથા ઉપર ચડાવીએ છીએ. સાચા સંતની ચરણરજ શ્રીજી મહારાજના ચરણરજ તુલ્ય છે. પવિત્ર છે કારણ કે પવિત્ર સંતના હૃદયમાં ભગવાન સદાય બિરાજમાન થઈને રહ્યા છે.

**જે વ્યક્તિ આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે**
**તેને પછી કશું ગુમાવવાનું રહેતું નથી.**

શ્રીજી મહારાજ કહે છે કે, કેવા ભક્ત ભગવાનની હજુરમાં રહે છે ? ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની મૂર્તિ થઈને ભગવાનના હજુરમાં રહે છે. ભગવાનમાં નિષ્ઠા નથી તે દેવતાના લોકમાં રહે છે. (ગ. પ્ર. પ્ર. ૩૭)

ખંભાતના એક સત્સંગી સુતરફેણીની માટલી ભરીને વડતાલ આવ્યા. શ્રીજી મહારાજ ગોમતીજીને કાંઠે સભામાં બિરાજમાન હતા. ખંભાતના ભકત થાળીમાં સુતરફેણી લઈને ભગવાનને જમાડવા માટે લાવ્યા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, આજે ગોવર્ધનભાઈ જમાડે તો એના હાથે જમીએ.

ગોવર્ધનભાઈ આવ્યા, અને પોતે જમવા બેસી ગયા. થાળી ખાલી થઈ ગઈ. પછી ગોવર્ધનભાઈએ શ્રીજી મહારાજને કહ્યું, મહારાજ સુતરફેણી જમશો ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું તમારી ઈચ્છા. આવું કહેતા જાયને ગોવર્ધનભાઈ પોતે સુતરફેણી જમતા જાય. ગોવર્ધનભાઈને ભાન ન રહ્યું કે હું જમું છું, ને ભગવાનને ખાલી પૂછું છું. આવું કાંઈ ભાન નહિ. દશ શેર સુતરફેણી ગોવર્ધનભાઈ જમી ગયા. પછી મુકુંદબ્રહ્મચારીએ શ્રીજી મહારાજને કહ્યું. પ્રભુ થાળ જમવા પધારો. શ્રીજી મહારાજે કહ્યું અમારા પેટમાં જરાય ભૂખ નથી. અમે સુતરફેણી સારી પેઠે જમ્યા છીએ. પણ આ ગોવર્ધનભાઈ ભૂખ્યા છે. તેને જમવા માટે તેડી જાવ.

બ્રહ્મચારી નવાઈ પામી ગયા. નજર સામે ગોવર્ધનભાઈ જમે છે અને પ્રભુ કહે છે અમે જમ્યા છીએ. આવું કેમ થતું હશે ? વળી વિચાર આવ્યો. પ્રભુની લીલા અદ્‌ભુત છે. પછી બ્રહ્મચારી ગોવર્ધનભાઈને જમવા તેડી ગયા. ગોવર્ધનભાઈ ફરીથી પેટ ભરીને જમ્યા. ગજબની વાત છે. જમ્યા ગોવર્ધનભાઈ અને પેટ ભરાઈ ગયું શ્રીજી મહારાજનું. આનું નામ કહેવાય એકતા. જેમ શેરડીમાં રસ ને સુખડમાં સુગંધ છે, તેમ હરિજનમાંહી હરિ હળી મળી રહ્યા એક રસ.

યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન ભગવાનના દર્શન તુલ્ય છે. એના દર્શન કરીને એવા પતિત જીવનો ઉદ્ધાર થાય છે. એવી રાતે સંતનો મહિમા શ્રીજી મહારાજ કહ્યો છે.

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૫૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**અનુભવથી આપને સમજાય છે કે શું કરવું અને શું ન કરવું અને આત્મવિશ્વાસ આપને તે કામ કરવાની તાકાત આપે છે.**

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૫૯) સેવા કરવાની એક સુંદર કથા

સ્વામિનારાયણ હરે..

દિલ રેડીને સેવા કરે તો સેવાની સુવાસ મહેકી ઉઠે છે. મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે. મનની મલીનતા દૂર થાય છે. અહંકાર, તૃષ્ણા, ઈર્ષ્યા જેવા દોષ નાશ થાય છે. જીવનમાં નમ્રતા આવે છે. કરૂણાનો ઉત્તમ ભાવ પ્રગટ થાય છે. સેવાથી ઘણો લાભ થાય છે. સેવાની તક ઝડપી લેવી. ધોલેરા ગામમાં મંદિરનું કાર્ય ભારે વેગથી ચાલે છે. શ્રધ્ધાળુ સંતો, પાર્ષદો અને ભવિક હરિભક્તો અંતરના અનેરા ઉત્સાહથી તગારાં ભરી ભરીને ઇંટવાડેથી ઇંટો લાવી આપે છે. કડીયાને તગારાં ભરીને ગારો આપે છે. દરેકના કપડાં ગારાવાળા ભરાઈ ગયા છે. આવી ઉત્તમ સેવા ચાલુ છે. ઉજળાં વસ્ત્રોવાળા હરિભક્તો દર્શન કરવા આવ્યા. પ્રભુને પગે લાગીને બોલ્યા, મહાપ્રભુ, આપ આ ત્યાગી સાધુ પાસે ગારો અને ઇંટ ઉપડાવો છો ? એ જરાય વ્યાજબી લાગતું નથી. અમને ગમતું નથી.

અમે સંતોને ભાવથી જમાડીએ, ચંદન ચર્ચી પૂજન કરીએ, વંદન કરીએ અને સંતો સાધારણ મજૂરની જેમ માથા ઉપર તગારાં ઉપાડે એ જોઈને અમને શરમ લાગે છે. મંદિરના કામ માટે મજૂર રાખી લ્યો. પૈસા ન હોય તો અમે ચૂકવી આપીશું પણ આ સંતો પાસે આવું કામ ન કરાવો. મંદ મંદ હસતાં પ્રભુ બોલ્યા, તમે આ મંદિરની સેવાને સામાન્ય મજૂરીકામ માનો છો ?

**"અમે મંદિરની સેવાને ઉત્તમ ભક્તિ માનીએ છીએ."**

આ તો ભગવાનનું મંદિર છે. પૂર્વના પુણ્ય હોય એને આવી નિઃસ્વાર્થ ભરી સેવા મળે છે. હે ભક્તજનો, આવી સેવાની તક ભવબ્રહ્માદિકને પણ જલદી મળતી નથી. તમે ઉજળા કપડાંવાળા સેવાનો મર્મ ક્યાંથી સમજો ?

પ્રભુ કહે છે, હું ધારૂં તો આકાશમાંથી સોનાનું આખું મંદિર ઉતારૂં. હું ધારૂં તો ધનના ઢગલાં કરી શકું. એમ કરૂં તો મુમુક્ષુ ભક્તને સેવા ભક્તિનો લહાવો

ક્યારે મળે ? એમનામાં નિર્માનીભાવ ક્યાંથી આવે? પરમાર્થ માટે શરીર ઘસાય નહિ તો અંતર ઉજળા ક્યાંથી બને અને અમારો રાજીપો ક્યાંથી મળે ? આવો મહિમા સાંભળીને ભક્તોને સેવા ધર્મનું રહસ્ય સમજાઇ ગયું. તરત તેઓ પણ ગારા ને ઈંટો ઉપાડવા લાગી ગયા.

અંતરના આનંદથી ખૂબ સેવા કરી.

**"નાની સેવા કે મોટી સેવા. ઉત્સાહ અને શ્રધ્ધા રાખીએ તો તે નિષ્કામ સેવા ભગવાન સુધી પહોંચી જાય છે."**

અને એવી સેવાથી ભગવાન બહુ રાજી થાય છે. સેવાની તક ઝડપી લેવી. સેવા કરવાથી અનંત ઘણું ફળ મળે છે. નીચી સેવા અને ફળ ઉંચું. મંદિરનો ચોક વાળશો તો એ સેવા નીચી ગણાશે પણ ફળ બહુ ઉંચું મળશે. દાસપણું આવવું ઘણું કઠણ છે.

બળવાન માણસ સેવા કરી જાણે પણ કોઇ દિવસ બળાઈ કરે નહિ. હીરાની કીંમત ઝવેરી જાણે છે પણ હીરો કોઇ દિવસ પોતાની કીંમત આંકતો નથી. સંપૂર્ણ ભરેલો ઘડો કોઇ દિવસ અવાજ કરતો નથી પણ અધુરો ઘડો અવાજ કરે છે અને ડચકે છે. જેની અંદર સદ્‌ગુણો રહ્યા છે તે કોઇ દિવસ બોલ બોલ કરે નહિ. એ કાર્ય કરી બતાવે. બોલે ઓછું ને કામ ઘણું કરે. ઘણાં માણસો બોલે ઘણું પણ કામ એનાથી કાંઈ થાય નહિ. માણસ મટી મુક્ત બનાવે એવો આ ગ્રંથ છે. જેના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ નથી, સેવાની સુવસ નથી તેના જીવનમાં આનંદ નથી.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

## ભક્તચિંતામણિ ગાયન -ચોપાઇ

સુખ દુ:ખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

**આત્મવિશ્વાસ સફળતાનું પ્રથમ રહસ્ય છે.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૬૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૬૦) બાળકોની મા-બાપ પ્રત્યેની ફરજો**

સ્વામિનારાયણ હરે..

આપણી આર્યકાલિન ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મમાં માતા-પિતાને દેવતુલ્ય સ્થાન આપવામાં આવ્યું છે. તેથી જ તો કહે છે કે, **“માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ”.**

મહાભારતમાં પણ લખ્યું છે કે, **"માતા જેવી કોઇ છાયા નથી, માતા જેવી કોઇ પરબ નથી."** અને હજરત મહંમદ પયંગબરે પણ કહ્યું છે કે, ''માતા-પિતાની ખુશી એ ખુદાની ખુશી.''

જેમનું આવું ઉત્તમોત્તમ સર્વોચ્ચ સ્થાન ધર્મ-અધ્યાત્મ શાસ્ત્રોમાં લખાયું છે - **મા-બાપની સેવા કરવાની તક ભાગ્યવાન સંતાનોને જ મળે છે.**

તેથી મા-બાપની સેવા કરવાની તક જ્યારે પણ મળે ત્યારે બાળકોએ ઝડપી લેવી જોઇએ. એ ઉમદા કર્તવ્ય છે.

બાળકોને જન્મ આપનાર, ઊછેરનાર મા-બાપની સેવા કરીને તેમના આશીર્વાદ લેવા જોઇએ. એ આશીર્વાદ એક મોટી મૂડી છે.

**"પરિવારના તમામ સભ્યો પોત પોતાના કર્તવ્યમાં**
**જો કર્તવ્ય પરાયણ બને તો તે ઘર મંદિર બની જાય છે.**
**અને ગૃહસ્થાશ્રમની શોભા દીપી ઊઠે છે."**

બાળકો એટલે મા-બાપના દીકરા-દીકરી તેમના કુળ-ગોત્રના વારસદાર કહેવાય. ભવિષ્યમાં આ પરિવારની આન, બાન અને શાન શોભાવવી તેમના હાથમાં છે. દીકરો તો ઘરનો દીવો છે અને દીકરી એ તો બે કૂળને તારનારી છે.

માતા-પિતાના દેહમાંથી બાળકોના દેહની રચના થાય છે. તેથી દીકરા-દીકરીના દેહની સેવા માટે માતા-પિતાનો હક સૌ પ્રથમ છે. માતા-પિતાના અગણિત ઉપકારોનો બદલો સંતાનો સો વર્ષે પણ પાછો વાળી શકતા નથી.

માતા-પિતાએ સંતાનોને શિક્ષણ-સંસ્કાર આપેલાં હોય છે. વળી અંતે પોતાની તમામ મિલ્કત પણ મા-બાપ સંતાનોને આપીને જાય છે. આમ સંતાનો મા-બાપના અત્યંત ઋણી છે. માતા-પિતાના ચરણોમાં અણસઠ તીર્થો રહેલાં છે. તેથી પ્રતિદિન સવારે અને સાંજે માતા-પિતાના ચરણોમાં વંદન કરવા તે બાળકોની પ્રાથમિક-પવિત્ર ફરજ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે **શિક્ષાપત્રી ગ્રંથમાં શ્લોક ૧૩૯** માં જણાવ્યું છે કે,

**જો તમે તમારા પર વિશ્વાસ રાખશો તો બીજા લોકો પણ આપો આપ તમારા પર વિશ્વાસ રાખશે.**

**"અમારા આશ્રિત ગૃહસ્થોએ માતા, પિતા, ગુરુ અને રોગથી પીડીત કોઇપણ મનુષ્યની સેવા જીવન પર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી."**

ભગવાન મનુએ પણ કહ્યું છે કે, માતા-પિતા અને આચાર્યનું નિત્ય પ્રિય કરવું. અને તે ત્રણ જણને પ્રસન્ન થવાથી સર્વ તપોની પૂર્ણતા થાય છે. એ ત્રણેની સેવા એ પરમ તપ કહેલું છે. તેઓ જ ત્રણ વેદરૂપ છે અને ત્રણ અગ્નિરૂપ છે.

**"જે વૃધ્ધ મા-બાપની સેવા કરતાં નથી તે સંતાનો જીવતા હોવા છતાં પણ મરેલાં છે તેમ શાસ્ત્ર કથન છે."**

બાળકોએ પણ પોતાના મા-બાપનું જાહેરમાં તથા ખાનગીમાં કયારેય પણ અપમાન કરવું નહિં. પણ તેમને માન તથા આદર આપવા જોઈએ. મા-બાપ નાના મોટા જે કોઇ કામ બતાવે તે પ્રેમપૂર્વક કરવા જોઈએ.

**શાળાએ જતી વખતે મા-બાપના ચરણ સ્પર્શ કરી "જય શ્રીસ્વામિનારાયણ" કહેવા જોઇએ.**

તો ઉચ્ચ ગુણો મેળવી પાસ થવાય છે.

હે મારા વહાલા બાળકો ! આપણે સત્સંગી છીએ તેથી સત્સંગના સંસ્કારના સંબંધે કરીને આપણે મા-બાપની લાગણી દુભાય તથા તેમની પ્રતિષ્ઠાને નુકશાન થાય એવું કોઇ કાર્ય હરગીજ કરવું જોઈએ નહિ.

મા-બાપની આજ્ઞાને માન આપીને આપણે નિત્ય-નિયમ પૂર્વક મંદિરમાં ચાલતી બાળમંડળની સભામાં જવું જોઈએ. કારણ કે બાલમંડળ એ બાળકોના ચારિત્ર્ય ઘડતર માટેની વિદ્યાપીઠ છે.

મા-બાપની ઈચ્છા પ્રમાણે બાળકોએ પૂજા-પાઠ-દેવમંદિરે જવું ત્યાં નિયમના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ દર્શન જપ પ્રદક્ષિણા વિગેરે કરીને મા-બાપને પ્રસન્ન કરવા જોઈએ.

મા-બાપ સાજા માંદા હોય ત્યારે તેમની સેવા સુશ્રુષા કરવીએ બાળકોની ફરજ છે. તેમ કરવાથી શ્રીજી મહારાજ રાજી થાય છે. અને શ્રવણ જેવા પુત્ર બનવું જોઈએ.

# ઘર સત્સંગ સભા

સ્કંદ પુરાણમાં જણાવ્યું છે કે, **"માતા-પિતા અને ગુરુની સેવા શ્રધ્ધાથી દરરોજ પોતાની શક્તિ પ્રમાણે કરવી. તેમની સેવા ન કરે તો રૌરવ નામના નર્કમાં જાય છે"** તેનું જાણપણું રાખવું.

કુટુંબમાં સૌ સાથે હળીમળીને રહેનારા સંતાનો પર મા-બાપના આશીર્વાદ સવિશેષ ઊતરે છે. મા-બાપની ગેરહાજરીમાં ઘર-પરિવારની સેવા કરવી જોઈએ. તો મા-બાપ ખૂબ રાજી થાય છે વળી શાળામાં આદર્શ વિદ્યાર્થી બનવું જોઈએ અને ઈત્તર પ્રવૃત્તિમાં પણ ભાગ લેવો જોઈએ.

શ્રીહરિએ સત્સંગિજીવન પ્ર-૧. અધ્યાય-૩૩ માં કહ્યું છે કે, ''પોષ્ય વર્ગ જે માતા-પિતા વિગેરેની સમયે સમયે અન્નવસ્ત્રાદિકથી ગૃહસ્થાશ્રમી યથા સંભવ પોષણ કરે પણ તેમને પીડા પમાડે નહિ.'' તેનું જ્ઞાનપણું રાખવું જોઈએ.

આપણા દેવમંદિરોમાં થતાં ઊત્સવ-સમૈયામાં સેવા કરવી તે બાળકોના ચારિત્ર્ય ઘડતરનો એક ભાગ છે. તે જોઈને મા-બાપની છાતી ગજ ગજ ફૂલતી હોય છે.

મા-બાપનું ગમતું જ કરવું અને મા-બાપને જે ન ગમે તે ક્યારેય ન કરનાર બાળકો ઉપર મા-બાપ તો રાજી થાય છે પણ આપણાં સંતો રાજી થાય છે અને શ્રીજી મહારાજના રાજીપાના પાત્ર પણ બની શકાય છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

**જો આપનામાં આત્મવિશ્વાસ નથી તો આપ જીવનમાં હંમેશાં અસફળ જ રહેશો. પણ જો આપનામાં આત્મવિશ્વાસ હશે તો કામને શરૂ કર્યા પહેલાં જઆપ સફળ હશો.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૬૧

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૬૧) આખું જગત સ્વાર્થનું ભરેલું છે.

સ્વામિનારાયણ હરે..

દુનિયા સ્વાર્થની ભરેલી છે. એક મુમુક્ષુ છોકરો દરરોજ એક સંત પાસે નિત્ય સત્સંગ કરવા આવે. સંતો ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિકની વાતો કરીને શીખામણ આપે કે સંસારમાં સહુ સ્વાર્થના સગાં છે. સાચા સગા તો એક ભગવાન અને સંતો

છે. ત્યારે છોકરાએ કહ્યું, મને એમ નથી લાગતું કે દુનિયામાં સગાં છે તે સ્વાર્થીલા છે. મને તો બધા મારા જ સગા લાગે છે.મારા મા બાપને મારા ઉપર ખૂબ પ્રેમભાવ છે. હું ઘરે મોડો જાઉં ત્યારે મારી મા વાટ જોઇને બેઠાં હોય. મને વ્હાલથી બોલાવે, જમાડે, વાતુ કરાવે. જે જોઈએ તે બધું આપે. હું મારા સગાંને પ્રાણથી વ્હાલો છું ને લાડલો છું.

ત્યાકે સંતો બોલ્યા, અમે કહીએ તેમ કરીશ ? હા હા, ચોક્કસ કરીશ. પણ સાચું સગું કોણ છે, તેનો અનુભવ કરાવો. તો ખાત્રી થાય. સંતોએ કહ્યું, તું ઘરે જા અને જોરથી રડતાં રડતાં બૂમો પાડજે કે મને પેટમાં સખત દુઃખાવો થાય છે. સૂતાં સૂતાં રાડો પાડજે પછી હું આવીશ અને જે થાય તે જોજે. છોકરો ઘરે આવ્યો અને જોર શોરથી રાડો પાડે. મને પેટમાં દુઃખે છે! બધાં સગાં વહાલા ભેગા થઈ ગયા. ખાટલાની આજુ બાજુ ઉભા છે.

કોઈ પગ દાબે, કોઈ માથું દબાવે. ઓચીંતાનું આ શું થયું ? મા, બાપ, ભાઈ અને બહેન રડે છે. ત્યાં તેમના ઘરે સાધુ આવ્યા. સગાં સંબંધી સાધુને પ્રણામ કરી પગે લાગ્યા. હે સાધુરામ, તમે આવ્યા તે બહુ સારૂં થયું. અમારા દીકરાનું રક્ષણ કરો. પેટમાં બહુ દુઃખે છે. ભેખમાં ભગવાનનો વાસ હોય. સાધુએ છોકરાના હાથની નાડી જોઇને કહ્યું, આ છોકરો બચે તેમ લાગતું નથી. પણ તેનો એક ઉપાય છે. તમે ગ્લાસમાં દૂધ લઈ આવો. પછી તે દૂધ લાવી આપ્યું. સાધુએ તે દૂધનો ભરેલો ગ્લાસ હતો તે છોકરા ઉપર ફેરવ્યો અને કહ્યું, આ દૂધ જે પીશે તેનું મૃત્યુ થશે અને છોકરો સાજો થશે. આ દૂધમાં મોત છે. ચાલો, કોણ પીશે ?

કોઈ દૂધ પીવા તૈયાર થતા નથી. મરવું કોને ગમે ? ભલભલાને મરણની બીક લાગે છે. સાધુ બોલ્યા, આ છોકરાના પિતા કોણ છે ? હું છું. તો બાપા, તમે દૂધ પી જાઓ તો છોકરો સાજો થઈ જાય. ત્યારે બાપા બોલ્યા, હું દીકરા સારું શા માટે મરું ? મારા તો બીજા બે દીકરા છે. મને કાંઈ વાંધો નથી. હું દૂધ નહિ પીવું. દો એની માને. એની માનો ચાગલો દીકરો છે. ત્યારે મા જોરથી કહ્યું, હું દૂધ નહિ પીવું. મને જીવવાની ઘણી આશા છે. દીકરાના જેવા પ્રારબ્ધ હશે તેમ થશે. મારે મરવું નથી. દો એની બહેનને. બહેન મારો ભાઈ, મારો ભાઈ કર્યા જ કરે છે.

**મહાન કાર્યોની સૌપ્રથમ જરૂરિયાત આત્મવિશ્વાસ છે.**

ત્યારે સાધુરામે છોકરાની બહેનને કહ્યું, તમે દૂધ પીઓ અને ભાઈને સાજા કરો. બચાવો. ત્યારે બહેન બે હાથ જોડીને કહ્યું, હું મરી જાઉં અને ભાઈ સાજો થાય તેમાં મને શું ફાયદો થાય ? મારા નાના નાના બાળકોની મા કોણ થાય ? મને મરવું પસંદ નથી. ભાઈના સાટે હું શુ કામ મરું ? મને હજુ ઘણી આશા છે માટે દો એમના મોટા ભાઈને.

મોટા ભાઈ, તમે દૂધ પીઓ. ત્યારે ભાઈ બોલ્યો, મારું કુટુંબ મારા વિના દુઃખી થઈ જાય. આજીવિકા કેમ ચાલશે ? માટે હું મરવા તૈયાર નથી. દો દાદીમાને. દાદીમાં બોલ્યા, એના મા, બાપ, ભાઈ અને બહેન મરવા તૈયાર નથી.
તો હું શું કામ મરું ? મારે તો પરપૌત્રા જોવાની આશા છે. કોઈ દૂધ પીવા તૈયાર થયા નહિ. દાદા, કાકા, મામા, ફઈબા, માસી અને મિત્રો બધાંને પુછી જોયું પણ મૃત્યુ કોને ગમે ?

પછી ધીરેથી સાધુરામ બોલ્યા, કોઈ દૂધ ન પીઓ તો હું દૂધ પી જાઉં ? ત્યારે સગાં સંબંધી જોરથી બોલ્યા, હા હા, તમે દૂધ પીઓ તો બહુ સારૂં. તમે જીવતા લાખના છો અને મરીને સવા લાખના છો. તને દૂધ પીઓ. સાધુરામ સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્મરણ કરતાં કરતાં દૂધ પી ગયા. દૂધ પીને રવાના થઈ ગયા કે તરત છોકરો પણ ઉભો થઈને સાધુ સાથે ચાલતો થઈ ગયો. મા બાપે કહ્યું, દીકરા, સાધુ સાથે નથી જવાનું. સુખેથી ઘરમાં રહો અને મજા કરો. મોટો થઈશ ત્યારે તારા લગ્ન કરશું અને સુંદરીના હાથની રસોઈ જમશું. માટે પાછો વર.

છોકરાએ કહ્યું, મને હવે ખબર પડી કે સગાં સંબંધી સ્વાર્થીલા છે. તમે ઉપર ઉપરથી હેતભાવ બતાવો છો. બાકી કોઈના અંતરનો ભાવ મારા ઉપર નથી. દૂધ પીવા માટે તમે કોઈ તૈયાર થયા નહિ. મને મૃત્યુમાંથી સાધુએ બચાવ્યો છે. તો હું સાધુ સાથે જઈશ અને ભજન ભક્તિ કરી મારા આત્માની મુક્તિ કરીશ. આ દુનિયામાં કોઈ કોઈનું સગું નથી. સાચા સગાં એક ભગવાન છે. તે સદાય સાથે જ રહે છે. જન્મતાં પહેલાં આપણી સાથે હોય છે. અત્યારે પણ સાથે છે. મૃત્યુ બાદ પણ સાથે જ રહેશે. સદાય સાથે રહે તે સાચા સગા કહેવાય. આખું જગત સ્વાર્થનું ભરેલું છે. સ્વાર્થ હશે તો બાજુમાં આવશે અને બોલાવશે. અને સ્વાર્થ ટળી જાશે પછી સગો દીકરો પણ સામે જોશે નહિ. કઠણ વચન બોલી હૈયાને બાળશે. પોતાનાં

હશે તે પારકા થઈ જશે. માલ મિલ્કત લેશે પણ વૃદ્ધ માત-પિતાની સેવા કરશે નહિ. ફાવે તેવા વચન બોલી માત પિતાને રડાવશે. નિર્દય પુત્રોને ધિક્કાર છે. પણ ધ્યાન રાખજો. કુદરતની કોર્ટમાં હિસાબ દેવા પડશે ત્યારે રડવાનો વારો આવશે. યમના દૂતો મારી મારીને અધમુઆ કરી નાખશે, દુઃખને શા માટે આમંત્રણ આપો છો ? પાપ કરતાં અટકી જાવ ને સત્ય માર્ગે ચડી જાવ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૬૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................

**ઘણી વાર વ્યક્તિના અહંકાર અને આત્મવિશ્વાસ વચ્ચે ભેદ પાડવો મુશ્કેલ બની જાય છે.**

૩. નવીનજીમૂતસમાનવર્ણં,....................................................

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૬૨) જિંદગીના ચોપડામાં સરવાળો માંડજો.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ વણિકનું દષ્ટાંત આપી સર્વ ભક્તજનોને સાવધાન કરે છે. (ગ. પ્ર. પ્ર ૩૮ વચનામૃત) જેમ ઉંમર વધે તેમ પ્રભુનું સ્મરણ વધવું જોઈએ. જ્ઞાન, વૈરાગ્ય સાથે ભક્તિને વધારવા માટે આ વચનામૃત છે. વચનામૃત વાંચવાથી, સાંભળવાથી જ્ઞાન વૈરાગ્ય જાગૃત થાય છે. જ્ઞાન અને વૈરાગ્ય આપણા હૃદયમાં જ છે. અજ્ઞાને કારણે, મોહ મમતાને કારણે ઊંઘી જવાય છે. ઊંઘતા જ્ઞાન વૈરાગ્ય ભક્તિને જાગૃત કરો. સરવાળો રાખો કે કેટલી દેહની કમાણી કરી અને કેટલી જીવની કમાણી કરી.

એક સંત ગૃહસ્થના ઘરે ભિક્ષા લેવા ગયા, ભિક્ષામ્ દેહિ કહી ઊભા રહ્યા, ઘરમાંથી શુશીલાબેન ગરમા ગરમ રોટલી લઈને સંતના પાત્રમાં મુકતાં કહ્યું, લ્યો સાધુરામ અમારી આ વાસી રોટલીનું દાન, સાધુ તે ભિક્ષા લઈને આગળ ચાલ્યા, ત્યાં વિચાર આવ્યો રોટલી ગરમ છે છતાં વાસી કેમ કહ્યું હશે ? પાછા વળ્યા, અને બહેનને પુછ્યું, બહેન રોટલી ગરમ છે છતાં વાસી કેમ કહો છો ?

સાધુરામ મારી ઉંમર વીસ વર્ષની છે, અને મારા સસરાજીની ઉંમર એટલે હજુ એનો જન્મ જ થયો નથી, આવું સાંભળી સાધુને નવાઈ લાગી આવું કેમ ?

બહેન તમારી ગૂઢવાણી હું સમજી ન શક્યો, સરખી રીતે સમજાવો તો ખ્યાલ આવે.

બહેને કહ્યું, માનવીનો ખરો જન્મ જ્યારથી એને ભગવાનની ભક્તિનો રંગ લાગે ત્યારથી ગણાય છે, માની કુખેથી જન્મે ત્યારથી ગણાય નહિ, મને ભક્તિનો રંગ છેલ્લા વીશ વર્ષથી લાગ્યો છે, એટલે મારી ઉંમર વીસ વર્ષની, મારા પતિ છેલ્લા પાંચ વરસથી ભક્તિ કરે છે તેથી તેની ઉંમર પાંચ વરસની ગણાય, મારા સાસુજી બે વરસથી ભજન કરે છે તેથી બે વરસની ઉંમર ગણાય અને મારા સસરાજીને હજુ ભક્તિનો રંગ ચડ્યો જ નથી, તેથી તેનો જન્મ થયો નથી.

ગરમા ગરમ રોટલીને વાસી એટલા માટે કહું છું કે, અમારા ઘરમાં કોઇ કમાતું નથી, અને બાપદાદાની મુડીમાંથી ઘર સંસાર ચાલે છે, કોઇ ભક્તિની કમાણી કે દાનવૃત્તિની કમાણી કરતા નથી, આત્માની કમાણી કરતાં નથી, કેવળ દેહની જ કમાણી કરે છે, તેથી વાસી રોટલી કહેવાય, આવું સાંભળીને સાધુ ખૂબ રાજી થયા, આ શુશીલાબેને સંસારમાં રહીને જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તે ધન્યવાદને પાત્ર છે, ધન્ય છે, સુશીલાબેનની સમજણને.

શ્રીજી મહારાજ કહે છે કે, ગૃહસ્થ હોય તેને પણ દેહે કરીને વ્યવહાર કરવો. મને કરીને ત્યાગીની પેઠે નિર્વાસનિક રહેવું અને ભગવાનનું ચિંતવન કરવું. (ગ. પ્ર. પ્ર. ૩૮) જનકરાજા રાજ્ય કરતા પણ મન તો મોટા યોગેશ્વર જેવું હતું.

કેવળ રોટલા માટેનું ભણતર હોય તો શું કામનું ? ભણતર ભગવાનને અર્થે કામમાં આવવું જોઈએ. જેના જીવનમાં સ્વામિનારાયણ ભગવાનનું જ્ઞાન નથી, ભગવાનમાં પ્રીતિ નથી, પ્રભુમાં પ્રીતિ જગાવે એવો સત્સંગ નથી. અવિદ્યા અને અસત્ય મટાડે એવા સંતનું સાનિધ્ય નથી, તો તે માણસ ભણેલો પણ અધુરો રહેશે.

શ્રીજી મહારાજ કહે છે કે, જે પોતાના મનમાં ભૂંડા ઘાટ થતા હોય તે કહેવા. તો જેમ કૂતરાનું મુખ કૂતરો ચાટે, તથા સર્પને ઘેર પરોણો સાપ, મુખ ચાટીને વળિયો આપ, તથા રાંડીને પાસે સુવાસિની સ્ત્રી જાય ત્યારે તે કહે જે, ''આવ બાઇ, હું જેવી તું પણ થા.'' તેમ પોતાની પેઠે જેને ભૂંડા ઘાટ થતા હોય તેની આગળ જે ભૂંડા ઘાટ કહેવા તે તો આ દષ્ટાંત દીધા એમ છે. માટે ઘાટ કેને કહેવો તો જેમા મનમાં કોઇ દિવસ જગતનો ભૂંડો ઘાટ ન થતો હોય એવો બળિયો હોય તેની આગળ

**જેનામાં આત્મવિશ્વાસ છે તેની હારમાં પણ જીત છે.**

કહેવો. પણ આળસુ પાસે વાત કરવી નહિ. કારણ કે આળસુ પાસે વાત કરીએ તો શું સમાસ થાય ?

કૂતરાના જેવો સ્વભાવ હોય, વાતની વાતમાં માણસો સાથે ઝઘડા કરતા હોય, સર્પ જેવા ક્રોધી હોય, ઝેર ભરેલું હોય, તેના પાસેથી તમને શું સમજણ મળશે ? ચાર ફેરા ફર્યા તે તમારા દેહના ધણી છે. અને ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત જીવન છે તેનું પ્રભુ સાથે સગપણ થયું છે. જે ધર્મહીન માણસ હોય તેની પાસે ન જવું. તમારા ઘાટ સંકલ્પ તેની પાસે નિવૃત થશેનહિ. શ્રેષ્ઠ જ્ઞાની સંતનો સમાગમ કરવો.

સાચો ત્યાગી કોને કહેવાય ? જે પદાર્થનો ત્યાગ કર્યો તેનો કોઇ દિવસ મનમાં સંકલ્પ ન થાય તેને સાચો ત્યાગી કહેવાય. જેને સત્ય સ્વરૂપ પરમાત્મામાં પ્રીતિ છે, આત્મા પરમાત્મા સંબંધી બ્રહ્મવિદ્યા છે તે જ ખરો ધનવાન છે. તે જ જ્ઞાની છે. ધન્ય છે રાજા જનકને કે, જેણે પરમાત્માનું શરણું લઈ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. જેની પાસે દુનિયાભરની સત્તા હોય, સંપત્તિ હોય પણ બ્રહ્મવિદ્યા ન હોય તો તેનું જીવન નકામું છે.

અનાસક્તિ યોગમાં મિથિલા નગરીના રાજા જનકરાજાનું નામ વિશ્વમાં પ્રથમ લેવાય છે. એક વખત નવ યોગેશ્વરોને વિચાર થયો, આ જગતની અંદર રાજા જનકની વિદેહી તરીકે ખ્યાતિ છે. દેહથી પૃથક વર્તે છે. દેહદશા ભૂલાઇ ગઇ છે ને આત્મદશામાં સદાય રહે છે તે યોગ્ય છે કે કેમ તેની પરીક્ષા કરીએ તો ચોક્કસ ખબર પડે. રાજ્ય ચલાવવું, ન્યાય નીતિના ચૂકાદા કરવા અને વિદેહી રહેવું એ તો આશ્ચર્યની વાત છે. જગતથી અલિપ્ત રહેવું તે શક્ય જ નથી. એ રાજ્યસત્તામાં અનેક ઉપાધિમાં કેમ વિરક્ત રહેતા હશે ? ચાલો આપણે તેની પરીક્ષા કરવા જઇએ.

શુકદેવજી કથા વાંચે છે. જનકરાજા મહાત્માઓની સાથે બેસીને કથા સાંભળે છે. ત્યાં અચાનક યોગેશ્વરોએ પોતાની યોગશક્તિથી મિથિલા નગરીમાં આગ લગાવી. મિથિલા નગરી, રાજમહેલ, આખું શહેર ભડકે બળે છે. અગ્નિની ઊંચી જ્વાળા દેખાય છે. હાહાકાર મચી ગયો. માણસો ઊંચે સાદે બૂમો પાડે છે.

દોડો દોડો! આગ લાગી છે! માણસો દોડતા ગયા. મહાત્માઓનાં દિલ હચમચી ગયાં. તે પણ દોડતા ગયા. અમારાં ઝૂપડાં બળી જશે તો?! આખી સભા ખાલી થઈ ગઈ. એક જનકરાજા સ્થિર થઈને બેઠા છે. ધ્યાનથી માળા ફેરવે છે.

નવ યોગેશ્વર કહે છે, ''રાજન્, તમારો રાજમહેલ બળે છે. માલ મિલ્કત બળી ભસ્મ થઈ જશે. માટે જલદી દોડો અને નુકશાન થતું અટકાવો. અગણિત કીંમતી માલ બળી જાશે. કરોડો અને અબજોનો માલ ખાખ થઈ જાશે.'' ત્યારે જનકરાજાએ સરસ જવાબ આપ્યો...

**મિથિલાયં પ્રદિપ્તાયાં ન મે દહ્યતિ કિંચન ।**

''મિથિલા નગરી બળે છે એમાં મારું કાંઈ બળતું નથી. મિથિલા નગરી મારી નથી. આ શરીર પણ મારું નથી. એક દિવસ આ શરીરનો નાશ થઈ જશે. આ દુનિયામાં મારું કાંઈ નથી. મારા તો એક પુરૂષોતમ નારાયણ ભગવાન છે. જે થવાનું હશે તે થશે. મને તેની કાંઈ ચિંતા નથી.'' આવી વાત સાંભળી નવ યોગેશ્વરો આશ્ચર્ય પામી ગયા. ધન્ય છે જનકરાજાની સમજણને. દેહથી વિરક્ત છે. આ જગતની અંદર તેમની નામના વિદેહી તરીકે છે તે યોગ્ય જ છે. માયામાં બાંધેલાને પ્રાકૃત ભક્ત કહેવાય અને માયાથી વિરક્ત હોય તેને એકાંતિક ભક્ત કહેવાય. માયાનો માર ન ખાવો હોય તો સહજાનંદનું શરણું લ્યો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।

**પોતાની જાત પર વિશ્વાસ ન હોવાને કારણે લોકો અઘરી પરિસ્થિતિઓનો સામનો કરતાં ડરે છે.**

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૬૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૬૩) અરદેશરને પ્રભુએ પાઘ ભેટમાં આપી

સ્વામિનારાયણ હરે..

સુરત શહેરમાં પારસી અરદેશર રાજાના કોટવાલ હતા. બહુ શૂરવીર અને સત્યવાદી હતા. સુરત શહેરનું રક્ષણ કરતા. નોકરીની જવાબદારી સારી રીતે સંભળતા. અરદેશરજીની હાક વાગતી તેથી સુરત શહેરમાં જલદી ચોરી થતી નહિ.

ઘરના દરવાજા ઉઘાડા રાખીને સૂઈ જાય. કોઈ જાતની બીક નહિ. સુરત શહેરમાં વારંવાર સ્વામિનારાયણ ભગવાનના સંતો સત્સંગનો પ્રચાર કરવા આવે. અરદેશરજી સંતોને જોઈને ખૂબ રાજી થાય. ગુણભાવ આવ્યો કે સ્વામિનારાયણ ભગવાનના સાધુની રીતભાત બીજા બાવા કરતાં જુદી લાગે છે.

સંતોની આંખમાં કરૂણા વરસે છે. નિર્મળ પવિત્ર જીવન છે. કોઈ જાતનું ખરાબ વ્યસન નથી. ધીર અને ગંભીર છે. અનેક જીવાત્માને સત્સંગ કરાવે છે. ભરાડીને ભક્ત બનાવે છે. દુરાચારી અને સદાચારી બનાવે છે.

અરદેશરજીએ સંતોને હાથ જોડીને કહ્યું, તમારા સ્વામિનારાયણ ભગવાન હાલ ક્યાં છે ? સંતોએ કહ્યું, ''હાલ ગઢપુરમાં બીરાજમાન છે. અરદેશરજી કહે છે, મને દર્શન થાય તેવું કાંઈક કરો તો બહુ સારૂં. મારો આત્મા એમના દર્શન માટે તલપે છે. સંતો બોલ્યા, ચાલો અમારી સાથે. ખૂબ આનંદ થશે. અરદેશરજીએ કહ્યું, રાજ્યની જવાબદારી હોવાથી બહાર ક્યાંય જવાય તેમ નથી. સંતોએ કહ્યું, તમારી ઈચ્છા છે પ્રભુને મળવાની તો પ્રભુ ચોક્કસ ઈચ્છા પુરી કરશે. તમે શ્રધ્ધા અને ભાવથી અખંડ પ્રભુનું સ્મરણ કરજો. સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરજો. પ્રભુની વિસ્મૃતિ એ જ વિપત્તિ. પ્રભુની સ્મૃતિ એ જ સંપત્તિ.

**સાચી કમાણી તો પ્રભુની ભક્તિ છે. પ્રભુના ભજનથી સર્વ દુઃખની નિવૃત્તિ થશે.**

સર્વ ક્રિયામાં ભગવાનને યાદ કરજો. કદાચ અણધારી વિપત્તિ આવે ત્યારે ભગવાનમાં વિશ્વાસ, એનો આશરો રાખીને પ્રાર્થના કરશો તો દુઃખ દૂર થઈ જશે. વૃક્ષને જેમ પાણીની જરૂર છે, શરીરને જેમ ખોરાકની જરૂર છે તેમ આત્માને ભક્તિ કરવાની જરૂર છે. પાણી વિના જેમ ઝાડ સુકાઈ જાય છે, અન્ન વિના જેમ શરીર નબડું પડી જાય છે, તેમ ભગવાનના જપ તથા ધ્યાન ભજન વિના જીવ ભક્તિમાં મોળો પડી જાય છે. જેમ સૂર્ય ઉગવાથી પ્રકાશ થાય છે તેમ પ્રભુને અખંડ યાદ કરવાથી અંતરનું અજ્ઞાન ઘટતું જાય છે અને સત્ય બ્રહ્મજ્ઞાન ઉદય થાય છે. ખૂબ ઉપદેશ આપી સંતો ગઢપુર પધાર્યા.

સમય જતાં રાજ્યમાં કાંઈ ખટપટ થઈ. ત્યારે કેવું બનતું હોય છે ? સત્ય હોય તે ફેંકાઈ જાય અને ખોટા હોય તે ઉંચા આવી જાય. અરદેશરજીનો કોઈ વાંક

**પ્રબળ આત્મવિશ્વાસ જમહાન કાર્યોનો જનક છે.**

ગુન્હો નહોતો છતાંય રાજાએ નોકરીમાંથી રજા આપી દીધી. હવે શું કરવું ? બહુ ચિંતા થાય છે. કુટુંબનું પોષણ કેમ થશે ? અરદેરજી સંતો પાસે આવીને વાત કરી. ઢીલા થઇ ગયા. સંતો ધીરજ આપતાં કહે છે, ''તમે ચિંતા ન કરો. ધાર્યું બધું પુરુષોત્તમ નારાયણનું થશે. ધીરજ રાખવાથી મનમાં શાંતિ રહેશે. ધીરજ રાખવાથી મોટા સંકટને સરળતાથી પાર કરી સુખ શાંતિ અનુભવી શકાય છે. પ્રભુનું સ્મરણ અખંડ ચાલુ રાખો. ધીરજવાળા જ સુકીર્તિ મેળવે છે.

શ્રીજી મહારાજ પાંચસો પરમહંસ સહિત ધર્મપુરમાં કુશળકુંવરબાઈનો મોક્ષ કરવા પધારે છે. રસ્તામાં સુરત શહેર આવ્યું. પ્રભુ તાપી નદીના કિનારે મસ્તુ બાગમાં બીરાજમાન થયા છે. સંતો અને હરિભક્તો ચારે બાજુ બેઠા છે. આ વાતની અરદેશરજીને ખબર પડી. દોડતા આવ્યા. બે હાથ જોડી નમસ્કાર કર્યાં. પહેલી વખત આવા મનોહર મુખડાના દર્શન થયાં. શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં છે. મસ્તક ઉપર શ્વેત પાઘ પહેરી છે. અરદેશરજી નીરખી નીરખીને દર્શન કરે છે. અંતરમાં પ્રભુનું સ્વરૂપ ઉતરી ગયું. દષ્ટિ સ્થિર થઇ ગઇ. આનંદનો કોઇ પાર નથી.

ઘણાં જન્મોથી વિખુટો થયેલો આત્મા આજે પરમાત્માને મળ્યો. હરખના આસું આવી ગયા. વારંવાર નમસ્કાર કરે છે. શ્રીજી મહારાજ આવો પ્રેમભાવ જોઇ ખૂબ રાજી થયા. પોતે જે શ્વેત પાઘ પહેરી છે તે પાઘ મસ્તક પરથી ઉતારી અરદેશરજીને અર્પણ કરી. લ્યો આ પ્રસાદીની પાઘ.

અરદેશરજી ધન્ય ધન્ય બની ગયા. શ્રીજી મહારાજ રાજી થાય તો ભક્તને પુષ્પનો હાર આપે. વિશેષ રાજી થાય તો છાતીમાં ચરણાર્વિંદ આપે. આજે ભગવાને અરદેશરજીને પ્રસાદીની પાઘ આપી રાજીપો વ્યક્ત કર્યો. પોતે ખુલ્લા મસ્તકે બેઠા છે. અરદેશરજી મનમાં વિચાર કરે છે, એક રાજાએ મને તરછોડી દીધો. નોકરીમાંથી રજા આપી દીધી પણ રાજાના પણ મહારાજા પરમાત્માએ મને અપનાવી લીધો. ભગવાનનો ટેકો સાચો, બીજાનો ટેકો કાચો. ક્યારે દગો દે તે કાંઇ નક્કી નહિ. સગા દીકરા પણ દગો દઇ મા બાપને સંતાપે છે, રડાવે છે ને પોતે જલસા કરે છે.

અરદેશરજી દરરોજ પ્રસાદીની પાઘની પૂજા કરે. અંતરમાં અને બહાર શ્રીહરિના દર્શન થાય છે. જંગલના જોગીને જલદી પ્રભુના દર્શન થતાં નથી. મને

આવો લાભ મળ્યો. અતિ આનંદથી હરિ સ્મરણ કરે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન સુરતથી ધર્મપુર પધાર્યા. દિન પ્રતિદિન જવા લાગ્યા છે. અરદેશરજીને રાત્રે પ્રભુનું સ્મરણ કરતાં કરતાં નિંદ્રા આવી ગઈ. મનોવૃતિ ભગવદ્‌મય બની ગઈ. પ્રભુ મદદમાં આવી ગયા. સ્વપ્રમાં પ્રભુના દર્શન થયા. અરદેશરજી રાજી રાજી થઈ ગયા. સ્વામિનારાયણ ભગવાને અરદેશરજીના માથા ઉપર હેતાળ હાથ મૂક્યો. કપાળમાં કુંકુમનો ચાંદલો કરીને કહ્યું, ભક્તરાજ, તમે જરાય ચિંતા કરશો નહિ.કાલે રાજા તમને રાજ્યદરબારમાં બોલાવીને ભરી સભામાં તમારૂં સન્માન કરશે. કોટવાળનું પદ આપશે. તમારી નોકરી ચાલુ થઈ જશે. અમે તમારી સાથે જ છીએ. માટે ચિંતા છોડી મન દઈને હરિનું ભજન કરો. હરિ સંભાળે હરિ કષ્ટ મટાડે. હીંમત રાખો. નીરાશ થતાં નહિ.

સવાર થયું. તેના પત્નિએ કહ્યું, હજુ સ્નાન કર્યું નથી ને કપાળમાં ચાંદલો કોણે કર્યો ? દેવી, ભગવાન સ્વામિનારાયણે રાત્રે દર્શન આપી ચાંદલો કર્યો અને કહ્યું કે તમે ચિંતા ન કરજો. બધું બરાબર ગોઠવાઈ જશે. ત્યાં તો બે ઘોડેસ્વારો આવ્યા અને કહ્યું, ‘‘ચાલો કોટવાળ અરદેશરજી, તમને રાજા બોલાવે છે.’’ અરદેશરજી પ્રભુનું સ્મરણ કરતાં કરતાં રાજદરબારમાં ગયા. રાજાએ મીઠો આદર સત્કાર કર્યો. સોનાનો ચાંદ અર્પણ કરી પુષ્પનો હાર પહેરાવી સન્માન કર્યું.

અરદેશરજી, તમારૂં પદ તમે સંભાળો. તમારી નોકરી તમે ચાલુ રાખો. અમે તમારા ઉપર ખૂબ રાજી છીએ. અરદેશરજીને ભગવાન સ્વામિનારાયણનો દઢ નિશ્ચય થયો. સ્વામિનારાયણ ભગવાન સત્ય છે. આપણા સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણે પ્રસાદીની પાઘ કોઈને નથી આપી પણ અરદેશરજીને આપી છે. તે હાલ સુરતમાં તેમના વંશ પરંપરામાં રાખેલ છે. અનેક સંતો અને ભક્તો પ્રસાદીના પાઘના દર્શન કરવા જાય છે. પાઘ શ્રીજી મહારાજનની રાજીપાની યાદગીરી છે.

માતા, પિતા, ગુરુ અથવા સંતો રાજી થઈને કોઈ વસ્તુ આપે તો એમની રાજીપાની પ્રસન્નતાનું પ્રતીક છે. એ આપણા ઘરમાં અને મનમાં પરમ પ્રસન્નતા ભરી દે છે. સુખી કરે છે. અરદેશરજી કોટવાળ પ્રજાની નિઃસ્વાર્થ ભાવે ખૂબ સારી સેવા કરતા. પોતાની ફરજ બજાવતા. તેથી પ્રભુ તેમના ઉપર રાજી થયા. અને પાઘ

**સૌથી મોટું નુકશાન શું છે ? અવસર ચૂકી જાવો તે**

અર્પણ કરી રાજીપો વ્યક્ત કર્યો.

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, મોટા સંતપુરુષ રાજી થાય તો જીવનમાં ગમે તેવા ખરાબ પ્રારબ્ધ હોય તે સારા થઈ જાય છે અને સુખીયા થાય છે. નંદ પંક્તિના સંતોના પ્રતાપથી સત્સંગનો બગીચો ખીલી ઉઠ્યો છે. આજે પણ એવા મહાન સંતો આપણા સત્સંગમાં છે. જેની વાણી સાંભળીને અનેક માણસોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. સંત સમાગમ વિના જીવનમાં પ્રગતિ થતી જ નથી. જેને સત્સંગ કરવો ગમે નહિ, કંટાળો આવે તે સુકા બાવળીયા જેવા થઈને રખડે છે. સંતમાં અદ્‌ભૂત શક્તિ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૧૬૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૬૪) તમે ભવસાગર તરવાની વિદ્યા ભણ્યા છો ?

સ્વામિનારાયણ હરે..

ભગવાનના મંદિરો છે તે ભવસાગર તરવાની પાઠશાળા છે. સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતો પાઠશાળાના શિક્ષક છે. ભગવાનની જ્ઞાનકથા છે તે બ્રહ્મવિદ્યા છે. એ જ્ઞાન બીજી શાળામાં ન મળે. અલૌકિક વિદ્યા એકાંતિક સંતોના મુખેથી જ સાંભળવા મળે. લૌકિક વિદ્યા આખી દુનિયામાં મળે પણ અલૌકિક વિદ્યા તો સત્સંગમાંથી જ મળે. અલૌકિક વિદ્યા આત્માનું સાચું ધન છે.

અલૌકિક વિદ્યા એટલે ભગવાન સંબંધી વિદ્યા. આજે માણસો ઘણું ભણે છે પણ ભગવાનને ભૂલી જાય છે. જે ભણ્યા હોય તે વિદ્યાનો ઉપયોગ કેવળ વ્યવહારમાં જ કરે પણ ભગવાનને અર્થે ન કરે. તમારી વિદ્યા ભગવાનને અર્થે અને જીવના કલ્યાણને અર્થે વપરાતી ન હોય તો એ વિદ્યાનો કોઈ અર્થ નથી. ભણ્યા તોય શું કામના ? સવારે ઉઠીને નાહી ધોઈને જમી લેવું તે શું માનવ જીવન છે? પૂજા પાઠ,

**બુદ્ધિશાળી વ્યક્તિને જેટલી તકો મળે છે**
**તેથી વિશેષ તકો એ ઉભી કરે છે.**

દેવ દર્શન, કથા, કીર્તન કાંઇ કરે નહિ. કેવળ પેટ ભરવા માટે જીવે છે. યે કોઇ મહત્વકી બાત નહિ હૈ. મહત્વકી બાત તો યહી હૈ જો સર્વેશ્વર પરમાત્માકી આજ્ઞાકે અનુસાર જિંદગી ચલાકે ભજન ભક્તિ કરે. જીવનમાં ભજન ભક્તિનું સ્થાન હોવું જોઇએ.

ભૂખ લાગી હોય તો ભોજનશાળામાં જવું પડે. તરસ લાગી હોય તો પાણીની પરબ પાસે જવું પડે. તડકો લાગતો હોય તો શીતળ છાયા શોધવી પડે. મોક્ષ જોઇતો હોય તો પ્રભુનું શરણું સ્વાકારવું પડે.

ભગવાનને શરણે જાય ત્યારે ભગવાનની કૃપા થાય છે અને ભવસાગર તરી શકાય છે.

**"સાગર તરવા માટે હોડીની (નાવની) જરૂર પડે. ભવસાગર તરવા માટે સત્સંગની જરૂર પડે."**

એક હોડીમાં ચાર બ્રાહ્મણો બેઠા. વિદ્વાન હતા. વિદ્યાનું ખૂબ અભિમાન હતું. વાણીમાં અહંકાર ઝરતો જ હોય હોડી ચાલતી થઇ. એક બ્રાહ્મણે (ખેવટ) એટલે નાવ ચલાવનાર નાવિકને પુછ્યું, તું કેટલું ભણ્યો છે ? નાવિકે નમ્રતાથી કહ્યું, હું ગરીબ માણસ છું. હું કાંઇ ભણ્યો નથી. આખો દિવસ હોડી ચલાવું ત્યારે આ મારી આજીવિકા ચાલે છે.

પાણીમાં તરતાં આવડે છે. બાકી મને કાંઇ આવડતું નથી. બ્રાહ્મણ બોલ્યો, અરે! ભણ્યા વિના તારી આખી જિંદગી પાણીમાં ગઇ. જો હું પ્રખર જ્યોતિષ છું. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળની બધી વાત જાણું છું. તારે આવું બધું શીખવું જોઇએ ને! બીજો બ્રાહ્મણ વટથી બોલ્યો, હું ગાયક છું. મારામાં ખૂબ તાકાત છે. ઓલવાયેલા દીપકને ગાયન દ્વારા પ્રગટાવી શકું અને રડતા માણસને તરત હસાવી શકું છું. ભલા માણસ, આવું તને કાંઇ નથી આવડતું ? તારી આખી જિંદગી પાણીમાં ગઇ. અમે કેવા હોંશિયાર કલાકાર, ચતુર અને પ્રવિણ છીએ. તારે શીખવું જોઇએ ને!

નાવિકે કહ્યું, બધી વાત સાચી પણ મને કાંઇ આવડે નહિ. એક ભગવાનનું નામ આવડે છે. સ્વામિનારાયણ સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરૂં ને હોડી

હંકારું. ત્યારે ત્રીજો બ્રાહ્મણ વટથી બોલ્યો,હું મોટો વૈદ્યરાજ છું. આખા જગતમાં મારૂં નામ પ્રખ્યાત છે. માણસની નાડી જોયા વિના બીમારીની મને ખબર પડી જાય. મરતા માણસને હું બચાવી શકું એવી મારામાં તાકાત છે. તારે આવું બધું શીખવું જોઈએ ને! નાવિકે સરસ જવાબ આપ્યો, સાહેબ, તમે બધાં મોટા માણસ છો. હું સાદો માણસ છું. હોડી ચલાવતો જાઉં અને કીર્તન ભજન ગાતો જાઉં. આ મારા માટે ભવસાગર તરવાની વિદ્યા છે.

ચોથો બ્રાહ્મણ બોલ્યો, અરે નાવિક! તારૂં જીવન નકામું પાણીમાં જાય છે. અમારા જેવું કાંઈક તારે શીખવું જોઈએ ને. ભગવાનના કીર્તન ગાવાથી શું મળે. હું મોટો વેદાંતી છું. ધારું તે કરી શકું. અહં બ્રહ્માસ્મિ. અમે પોતે ભગવાન છીએ. પછી ભગવાનની ભજવાની કોઈ જરૂર પડતી નથી. આવી વાત કરે છે ત્યાં જોરદાર વાવાઝોડું ઉપડ્યું. હોડી મંડી હલમડોલ થવા. ઘુમરી મારે છે. બધાંના જીવ અધ્ધર ચઢી ગયા. હવે શું થશે ? ભયભિત થઈ ગયા. જોરથી બોલ્યા, અલ્યા નાવિક! નાવને બરાબર સંભાળ નહિંતર ડૂબી જશે. નાવિકે કહ્યું, તમે કહો છો ને કે અમે વિદ્વાન છીએ, જાણકારી છીએ, દીપક પ્રગટાવી શકીએ, મરેલાંને બચાવી શકીએ તો હવે પવનને બંધ કરી દો. પવનને રોકી રાખો.

રડતાં રડતાં બ્રાહ્મણો બોલ્યા, એ અમારા હાથની વાત નથી. એ તો ભગવાનના હાથની વાત છે. તું બીજી વાત મૂકી દે અને હોડીને સામે કિનારે લઈ જા. જલદી પહોંચતી કર. નાવિક બોલ્યો, નાવ બચશે નહિ. હમણાંજ ડૂબી જશે. તમે બધી વિદ્યા ભણ્યા છો પણ પાણીમાં તરતાં આવડે છે ? ના ભાઈ, તરતાં આવડતું નથી. તમે વારંવાર મને કહો છો કે તારી જિંદગી પાણીમાં ગઈ પણ સાચી હકીકતમાં તમારી જ જિંદગી પાણીમાં જશે.'' વહાણ ઊંચું ઉછળે છે.બ્રાહ્મણો રાડો પાડે. બચાવો, બચાવો!

પવનના જોરદાર ઝાપટા વધ્યાં. નાવ એકદમ ઉંધી વળી ગઈ. નાવિક છલાંગ મારી પાણીમાં તરતો તરતો નદી પાર થઈ ગયો. કીનારે ઉભો છે. ચારે વિદ્વાનો પાણીમાં ડૂબી ગયા. મૃત્યુ થઈ ગયું. ભણતાં આવડ્યું પણ તરતાં આવડ્યું નહિ. ગમે તેટલી વિદ્યા ભણ્યા હશો, ગ્રેજ્યુએટ થયા હશો પણ ભવસાગર તરવાની મોક્ષ વિદ્યા, બ્રહ્મ વિદ્યા નહિ ભણ્યા હો તો ભવસાગરમાં માયાના પાણીમાં ડૂબી

**ઘણીવાર નાની તક એ મોટા સાહસની શરૂઆત બને છે.**

જશો. અને જન્મ મરણના ફેરામાં ફરશો. માટે ચેતી જાવ ને સત્સંગના રસ્તે ચઢી જાવ. સત્સંગ છે તે ઈશ્વર પ્રાપ્તિની એક નિશાળ છે.

કેવળ રોટલા માટેનું ભણતર હોય તો શું કામનું ? ભણતર ભગવાનને અર્થે કામ આવવું જોઈએ. જેના જીવનમાં સ્વામિનારાયણ ભગવાનનું જ્ઞાન નથી, ભગવાનમાં પ્રીતિ નથી, પ્રભુમાં પ્રીતિ જગાવે એવો સત્સંગ નથી, અવિદ્યા અને અસત્ય મટાડે એવા સંતનું સાનિધ્ય નથી તો તે માણસ ભણેલો પણ અધુરો રહેશે.

જેને સત્ય સ્વરૂપ પરમાત્મામાં પ્રીતિ છે, આત્મા પરમાત્મા સબંધી જ્ઞાન છે તે જ ખરો ધનવાન છે. તે જ જ્ઞાની છે. જેની પાસે દુનિયાભરની સત્તા હોય, સંપત્તિ હોય પણ અલૌકિક વિદ્યા નથી, તો તેનું જીવન નકામું છે. અલૌકિક ભગવાન સબંધી વિદ્યા મુક્તિ આપે છે. સંસાર સાગરથી તારે છે. સવારે સ્નાન કરીને શિક્ષાપત્રી, વચનામૃત, નારાયણ કવચ, પૂજાપાઠ, માળા મંત્ર, પ્રદક્ષિણા, પ્રાર્થના અને જનમંગલ જરૂર કરવા જોઈએ. પૂજાપાઠ વગેરે સત્કર્મ કાંઈ ન કરો તો ભણ્યા છતાં અભણ છો. અંતે સરવાળે શું ? મીંડા જ હોય.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

# ઘર સત્સંગ સભા

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૬૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૬૫) પ્રભુ સ્મરણમાં મસ્ત બનો.**

સ્વામિનારાયણ હરે..

શ્રી સ્વામિનારાયણ નામ જપવાથી જીવાત્માની મોક્ષ ગતિ થાય છે. અજામીલનું તપશ્ચર્યા કર્યાથી કલ્યાણ નથી થયું પણ પ્રભુના જપ કરવાથી કલ્યાણ થયું છે. સ્વામિનારાયણ સ્વામિનારાયણ મહામંત્ર જપવાથી કલ્યાણ થતું હોય તો નામ લેવામાં શું વાંધો છે ?

જીહ્વે સદૈવં ભજ સુંદરાણી, નામાનિ કૃષ્ણસ્ય મનોહરાણિ।
સમસ્ત ભક્તાર્તિ વિનાશનાનિ, ગોવિંદ દામોદર માધવેતિ॥

એક મોટી તક આવી પહોંચે તેની રાહ જોઈને બેસી રહેવાને બદલે નાની નાની તકોને ઝડપી લઈએ તો આપણે ઝડપથી મંઝિલ સુધી પહોંચી શકીએ છીએ.

હે જીભ! તું સદા હે કૃષ્ણ, હે ગોવિંદ, હે માધવ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ મનોહર નામ જપતી રહેજે. અમૃતપાન કરતી રહેજે. અત્યારે કળિયુગ ચાલે છે. પ્રભુનું નામ જપવાને આ કળિયુગની મોસમ છે. ખેડૂતને ખબર પડી જાય કે શિયાળાની ઋતુ આવે છે તો વાડીમાં ઘઉં થશે તો ઘઉં વાવે છે. ચોમાસામાં બાજરો થશે તો બાજરો વાવે છે. ઋતુને અનુસરીને પાક વાવે છે.

કળિયુગ છે તે પ્રભુમંત્ર જપ કરવાની ઋતુ છે. આવું સરસ શરીર ભગવાને આપણને આપ્યું છે, સર્વોપરી પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરીએ છીએ તો ૨૪ કલાકમાં ૪ કલાક ભગવાનને અવશ્ય યાદ કરવા જોઈએ. જપ કરો, કીર્તન ગાઓ, કથા સાંભળો, શાસ્ત્રનું વાંચન કરો, ભાગયશાળી પુણ્યશીલ જીવાત્મા પ્રભુનું નામ લઈ શકે છે. પાપી માણસ પ્રભુનું નામ લઈ શકતો નથી.

પાપી માણસને પાપ પ્રભુનું નામ લેતા રોકી રાખે છે. હરિનું નામ બોલીશ નહિ. પાપ કહે છે, તારા શરીરમાંથી મને નીકળવું પડશે. જેની બુદ્ધિ શાપિત હોય, જેણે દેવ, બ્રાહ્મણ, સંત અને માતા પિતા અથવા ગરીબને દુઃભાવ્યા છે, અપરાધ કર્યા છે, રડાવ્યા છે, તે પ્રભુને માર્ગે જઈ શક્તો નથી. પૂજાપાઠ, કથા, કીર્તન, સત્સંગ, સમૈયા, ભજન, ભક્તિ, દાન, પુણ્ય, દેવ દર્શન વિગેરે સત્કર્મ કરી શક્તો નથી એને પાપ નડે છે.

સ્વામિનારાયણ ભગવાન સંતો ભક્તોની સાથે એક ગામથી બીજે ગામ જાય છે. અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન આજે મોજમાં આવી ગયા છે. સાથે કાઠી દરબારો છે. એક વૃધ્ધ ડોશીમાં રસ્તામાં પોતાના ઘરની બાજુમાં બેસીને છાણાં થાપતાં હતાં. શ્રીજી મહારાજે કહ્યું, આ વૃધ્ધ ડોશીમા એક વખત સ્વામિનારાયણ નામ બોલે તો તેને અમારૂં અક્ષરધામ આપીએ. સુરાખાચરને વિચાર આવ્યો, અખિલ ભુવનના અધિપતિ આજે રાજી થઈ ગયા છે. આ ડોશીમાં પ્રભુનું નામ બોલે તેવા પ્રયત્ન કરીએ. એના જીવાત્માનું કામ થઈ જશે અને ભવસાગરના ફેરી ટળી જશે.

સુરાખાચર બાજુમાં આવી ગયા. ડોશીમા, આ સ્વામિનારાયણ ભગવાન છે એ આજ મોજમાં આવી ગયા છે. તમે એક વખત સ્વામિનારાયણ નામ બોલો તો તમને અક્ષરધામમાં લઈ જશે. મહા સુખીયા થઈ જશો. સ્વામિનારાયણ

એકવાર નામ બોલો. ડોશામાએ કહ્યું, બહુ સારૂં, નામ લઈએ તો બધું એનું જ છે ને! સુરાખાચર બોલ્યા, ડોશીમા! સ્વામિનારાયણ બોલો તો ખરા! કલ્યાણ થાશે. ડોશીમાએ કહ્યું, નામ બોલીએ તો કલ્યાણ જરૂર થાય. પણ નામ બોલે નહિ. હવે શું કરવું ? સુરાખાચર જોરથી બોલ્યા, અરે ડોશીમા! સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલો. હા ભા, બોલીએ તો થાય. પણ નામ બોલ્યા જ નહિ.

સુરાખાચર કહે છે, આ ડોશીમા કેવી અભાગણી છે. સાક્ષાત પરમાત્મા એમની સામે ઉભા છે. દર્શન થાય છે. છતાં પણ મોઢેથી નામ બોલતા નથી. એને પાપ રોકી રાખે છે. પાપી માણસ પ્રભુના માર્ગે આગળ વધી શક્તો નથી. ભગવાનનું નામ સર્વે સાધનમાં ઉત્તમ સાધન છે. સુખનું મૂળ પ્રભુ સ્મરણ અને પ્રભુ પ્રાર્થના છે. શ્રી હરિ વચનામૃતમાં કહે છે, ભગવાનને કેવા ભક્ત ઉપર હેત થાય છે? જેના હૃદયમાં ભગવાનની પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર જ હેત થાય છે. એવા ગુણ જેનામાં ન હોય તો હેત કરવા જઈએ તો પણ હેત થાય નહિ.

આ જગતની અંદર લોકો લાખોપતિને શ્રેષ્ઠ અને સુખી માને છે પરંતુ દરરોજ ભગવાનના એક લાખ નામ સ્મરણ જપ કરનારાને લોકો સુખી અને શ્રેષ્ઠ માનતા નથી. પણ પ્રભુ નામ સ્મરણ રૂપી ધન સંપત્તિ તેની સાથે જાય છે. તો શ્રેષ્ઠ કોણ ? ધનવાન કે હરિનામ સ્મરણ કરનાર ? નામ સ્મરણ કરનાર શ્રેષ્ઠ છે. ભક્તિની સાથે સત્શાસ્ત્રોનું સેવન અનિવાર્ય છે.

કોઈ પણ પ્રકારે પરમાત્મા સાથે સબંધ જોડવાની ખાસ જરૂર છે. લોકો ધનવાન અને સત્તાધારી માણસ સાથે સબંધ જોડવા ઈચ્છે છે પણ પરમાત્મા સાથે સાચા સબંધ જોડવા ઈચ્છતા નથી. પણ ધ્યાન રાખજો, ભગવાન સાથે અને સંતો સાથે સબંધ જોડવામાં ઘણાં ફાયદા થાય છે. વાલિયા લૂંટારાને નારદજી સાથે સબંધ થયો તે મહાન સંત બની ગયા. વાલ્મિક ઋષિ થઈ ગયા. વાઘરી સગરામને સંતનો સમાગમ થયો તો પરમ ભક્ત થઈ ગયા. ભગવાન સાથે જોડાવું તેને યોગ કહેવાય. અને જોડાઈ ગયા છે તેને યોગી કહેવાય. તમારી નાડ પ્રભુ સાથે જોડેલી રાખો.

કમળ પાણીમાં રહે પણ એની પાડ જો ધરતીમાં ચોંટેલી હોય તો કમળ લીલું રહે...તાજું રહે. અને પાડ જો ધરતીથી નોખી થઈ જાય તો કમળ કરમાઈ

**આ પૃથ્વી પર કોઈ જસલામતી નથી. અહીં માત્ર તકો છે.**

જાય છે. જે પાણી પોષણ આપતું હતું તે જ સડાવે છે. શા માટે સડી જાય છે ? પાડ ધરતીથી નોખી થઈ જાય છે તેથી. તેમ જીવપ્રાણી માત્રની આવી જ સ્થિતિ છે. ભગવાનથી જુદો થયેલો આત્મા કરમાઇ જાય છે. પ્રભુથી નોખો પડેલો આત્મા દુઃખી થાય છે. સુખી થવું હોય તો પાડ જોડેલી રાખજો. ભગવાન સાથે સાંધો હશે તો વાંધો નહિ આવે.

હૃદય ભુવનમાં પ્રભુનો પ્રકાશ લાવવો હોય તો નિત્ય હરિ સ્મરણ અને હરિ ભજન ભાવવિભોર થઈને કરવું. બ્રહ્મરસનું પાન કરશો તો ચિત્તમાંથી માયા અને વાસનાનો નાશ થશે અને બહારના વિષયો વિક્ષેપ નહિ કરે. ભગવાનને અખંડ યાદ રાખો.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૧૬૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૬૬) નવ પ્રકારની ભક્તિ વિષે.

સ્વામિનારાયણ હરે..

મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પુછ્યો જે, હે મહારાજ, સવિકલ્પ સમાધિ કેને કહેવાય અને નિર્વિકલ્પ સમાધિ કેને કહેવાય ? (ગ. પ્ર. પ્ર. ૪૦ વચનામૃત) શ્રીજી મહારાજ બોલ્યા જે, ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય, શુભ વાસના હોય જે હું નારદ, સનકાદિક, શુકજી જેવો થાઉં, શ્રી નરનારાયણદેવના આશ્રમમાં જઈને, ઋષિમુનિઓ ભેળો રહીને તપ કરૂં, શ્વેતદ્વિપમાં જઇને તપ કરીને શ્વેતમુક્ત જેવો થાઉં, એવી જાતના જેને સંકલ્પ વિકલ્પ થાય તેને સવિકલ્પ સમાધિવાળા કહેવાય.

અને જેને એવી રીતનો વિકલ્પ ન હોય તે અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેતા હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહેવાય.

**કોઈ મહાન માણસે ક્યારેય 'તક મળતી નથી' એવી ફરિયાદ કરી નથી.**

**શ્રવણં કીર્તનં વિષ્ણોઃ, સ્મરણં પાદસેવનમ્ ।**
**અર્ચનં વંદનં દાસ્યં, સખ્યા માત્મનિવેદનમ્ ॥**

ભગવાનના ભક્ત હોય તેમને નવ પ્રકારની ભક્તિ કરવી. કથા સાંભળી કીર્તન સ્મરણ કરવું. પ્રભુના ચરણમાં અર્ચન કરવું. પ્રભુને વંદન કરવાં. પ્રભુ પ્રત્યે દાસ ભાવે અને સખા ભાવે રહેવું. અને આત્માનિવેદનમ્ એટલે પ્રભુને સમર્પિત થઇ જવું. આ નવ પ્રકારની ભક્તિ છે.

કમળ પાણીમાં રહે પણ એની પાડ જો ધરતીમાં ચોંટેલી હોય તો કમળ લીલું રહે, તાજું રહે, અને પાડ જો ધરતીથી નોખી થઈ જાય તો કમળ કરમાઈ જાય છે, જે પાણી પોષણ આપતું હતું તે જ સડાવે છે.

શા માટે સડી જાય છે ? પાડ ધરતીથી નોખી થઈ જાય છે તેથી. જીવ પ્રાણી માત્રની આવી જ સ્થિતિ છે, ભગવાનથી જુદો થયેલો આત્મા કરમાઈ જાય છે, ભગવાનથી નોખો પડેલો આત્મા દુઃખી થાય છે. સુખી થવું હોય તો પાડ જોડેલી રાખજો. ભગવાન સાથે સાંધો હશે તો વાંધો નહિ આવે.

ગાડીનો ડબ્બો કાટ ખાધેલો હોય, પણ જો એંજીન સાથે જોડાયેલો હશે તો ગાડી પહોંચાડી દેશે, પણ એર કન્ડીશન ડબ્બો હશે, ને જો એંજીન સાથે જોડાયેલો નહિ હોય તો જયાં હોય ત્યાં જ રખડશે. ગમે તેવો પામર જીવ હશે અને ભગવાન સાથે મજબૂત રીતે બાંધેલો હશે, તો સંસારનાં દુઃખથી મુકત થઈ જશે, ભગવાનના ધામમાં પહોંચી જશે.

ગમે તેટલો ભણેલો હશે, પ્રાઈમીનીસ્ટર હશે, સમ્રાટ ચક્રવર્તી રાજા હશે જો તેની નાડ પ્રભુ સાથે જોડેલી નથી, તેનું મન પ્રભુ સાથે જોડેલું નથી, હરિનું શરણું નથી, તો તે બધા કટાયેલા ડબ્બા છે. સડેલા ડબ્બા છે. એંજીન સાથે જોડેલા નથી, તેથી તેવા ભંગાર જીવ જમપુરીમાં ધકેલાઈ જાશે. વચનામૃત અદ્‌ભૂત મહાન શાસ્ત્ર છે. જગતના જીવને ચેતવણી આપે છે. તમારી નાડ પ્રભુ સાથે જોડી રાખજો. ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દઢ નિષ્ઠા રાખવી તેને દઢ ઉપાસનાવાળા કહેવાય છે.

ગોરખપુરમાં એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. નામ હતું રામરત્ન. શ્રી

મદ્ ભાગવત ભણ્યા હતા. કથા બહુ સારી વાંચતા. બરાબર સમજાવતા. કથા સાંભળવા માટે વૃધ્ધ માવિત્રો આવે, ગરીબ, લૂલા ને લંગડા હોય તે આવે. ભાગવત શાસ્ત્ર ઉપર ચપટી ચોખા, ફુલ અને બે પૈસા મૂકે... બ્રાહ્મણને કોઈ દક્ષિણા પણ આપે નહિ. તેથી ભૂદેવ નીરાશ થઈ જાય. હવે શું કરવું ? આજીવિકા ચલાવવી કેમ ? વિચાર કરે છે. છપૈયા જાવું તો કાંઈક સારૂં થાય.

રામરત્ન ભૂદેવ છપૈયામાં આવ્યા. ગામમાં ધર્મદેવનું નામ મોટું. ગામના અગ્રેસર ગણાય ધર્મદેવની પાસે વાત કરી. ધર્મદેવે કહ્યું, ચિંતા ન કરો... ભગવાન ઉપર ભરોસો રાખીને અમારા આંગણામાં કથા વાંચો. હું તમામ વ્યવસ્થા કરી દઈશ. આમંત્રણ પત્રિકા મોકલાવી. ગામોગામથી સગા સંબંધી આવ્યાં. સુંદર મંડપ બનાવ્યો. કેળના સ્થંભ રોપ્યા. ધજા પતાકા બાંધ્યા. ચંદન પુષ્પથી શાસ્ત્રનું પૂજન કર્યું. એક બાજુ બાલમુકુંદ વિષ્ણુને પધરાવ્યા... પૂજન કર્યું... ભૂદેવ ગાદી તકીયા પર બેસી કથાની શરૂઆત કરી. મંગલાચરણ કર્યું.

ધર્મદેવ તથા સગા સંબધી ગ્રામજનો એકાગ્રચિતથી કથા સાંભળે છે. ઘનશ્યામ મહારાજને કથા સાંભળવી બહુ ગમે. મામાના ખોળામાં બેસીને કથા સાંભળે છે. આડું અવળું ક્યાંય જોતા નથી. એક નજરે વક્તા સામે જુવે છે... વક્તાને નવાઈ લાગી... આટલા નાના બાળકને કેટલી શ્રધ્ધા છે... સ્થિર થઈને બેઠા છે... જરાય ચંચળતા નથી... કથા વાર્તાના શ્રવણથી કાન દ્વારાએ ભગવાનને અંતરમાં ઉતારવા. ભગવાનના ગુણગાન ગાઈ મુખ દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. ભગવાનને નીરખીને આંખ દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. ભગવાનને ચડેલા પુષ્પોથી નાસિકા દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. કીર્તન ભજન ગાઈને વાણી દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. નવધા ભક્તિ કર્યા વિના નવરૂં રહેવું નહિ. મન, બુધ્ધિ, ચિત આદિ ઇંદ્રિયો દ્વારા ભગવાનનો સંબંધ રાખવો.

કથા સાંભળવા માટે સત્સંગી આવે તે ક્યારેક ફળ ફૂલ લઈ આવે, સીધા લઈ આવે, અન્ન વસ્ત્ર અને દક્ષિણા અર્પણ કરે... દરરોજ ફળના ઢગલા થાય. અનાજની ગાંઠડી બંધાય, રૂપિયાની ઝોળી ભરાય. રામરત્ન ભૂદેવ રાજી રાજી થઈ ગયા કે આ કથામાં ખૂબ દાન દક્ષિણા મળે છે. બપોરના બાર વાગ્યાનો સમય થયો. કથા વિરામ પામી પછી બાળમુકુંદ વિષ્ણુની મૂર્તિની પાસે ઊનું કરેલું સ્વાદિષ્ટ

**તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના**
**કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.**

દૂધનો કટોરો મૂકી સૌ ભક્તજનો થાળનું કીર્તન ગાય છે. ઘનશ્યામ મહારાજ મામાના ખોળામાં બેઠા છે.

બેઠા બેઠા હાથ લાંબો કરી દૂધનો કટોરો ઉપાડી લીધો... ઘુંટડે ઘુંટડે દૂધ પીએ છે. સભામાં બેઠેલા ભક્તજનો આશ્ચર્ય પામી ગયા... આવો લાંબો હાથ કરી કટોરો ઉપાડી લીધો... આ બાળક ચમત્કારી લાગે છે... ભગવાન સિવાય આટલો લાંબો હાથ કરી શકે નહિ... આ ઘનશ્યામ મહારાજ ચોક્કસ પરમેશ્વર છે. વારંવાર આવી લીલાઓ કરી પ્રભુ પોતાના સ્વરૂપની ઓળખાણ આપે છે.

કથાનો સાતમો દિવસ થયો... સૌ પૂજન કરે છે. ઘનશ્યામ મહારાજે કુબેરભંડારીને બોલાવ્યા... બ્રાહ્મણના રૂપે કુબેર ભંડારી આવી શાસ્ત્ર ઉપર ચૌદ સોનામહોર રાખી વક્તાનું પૂજન કર્યું. વસ્ત્રાભૂષણ અર્પણ કર્યા... પછી ઘનશ્યામ મહારાજને પગે લાગીને આકાશ માર્ગે ચાલ્યા ગયા... આવું આશ્ચર્ય જોઇ સૌ વિચાર કરતા થઇ ગયા... રામરત્નના આનંદનો પાર નથી... રામરત્ને મનોમન નક્કિ કર્યું કે કથા કરવી તો ઘનશ્યામ મહારાજ આગળ કરવી. પ્રભુને પ્રસન્ન કરવા કથા કરીએ તો જીવન ધન્ય બની જાય.

કથા સત્સંગનો પાયો છે. છાણના કીડાને શીરો ન ગમે ને માયામાં રચ્યા પચ્યા જગતના જીવને કથા ન ગમે. તમને શું ગમે છે ? કરો તપાસ અંતરમાંથી... શું જવાબ આવે છે ?

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૬૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૬૭) બ્રહ્મચારીના પગલે વરસાદ બંધ થયો.

સ્વામિનારાયણ હરે..

મુકુંદ બ્રહ્મચારી પ્રભુની આજ્ઞાથી સત્સંગ કરાવવા ગયા. ફરતા ફરતા ગામ મછિયાવ આવ્યા. ગામના દરબારને બ્રહ્મચારી ઉપર સારો ભાવ હતો. બ્રહ્મચારીની કીર્તિ સાંભળેલી તેથી અરજી કરે, થોડા દિવસ મછિયાવ રોકાઈ જાવ,

**ઘણા માણસો તકને ઝડપી તો લે છે પણ
પછી તુરંત જતેને જતી કરે છે.**

અને પ્રગટ પુરુષોત્તમ નારાયણની વાત કરી સૌને સારી સમજણ આપો. આદર સત્કાર પૂર્વક દરબારમાં આવ્યા. ભક્તજનો બ્રહ્મચારી પાસે આવીને બેઠા. બ્રહ્મચારી કહે છે, શ્રી સ્વામિનારાયણ ભગવાન છે તે સર્વોપરી છે. અવતારના અવતારી છે. કરોડો જીવાત્માના કલ્યાણ કરવા માટે આ લોકમાં માનવ દેહ ધારીને પધાર્યા છે.

ભગવાનનું ભજન સારી રીતે થઇ શકે તેવી તમામ સગવડરૂપ આ દેહરૂપી વાડી આપણને આપી છે. હરિનું સ્મરણ કરીને પોતાનો બ્રહ્મ સંબંધ ટકાવી રાખવો. સતત પ્રભુના ગુણ ગાવવા. ભગવાન આપણા અંતરમાં વસી જશે તો જગતની માયા દૂર ખસી જશે. જીવાત્માને જે કરવાનું છે તે ભૂલી જાય છે અને બીજું ઘણું થાય છે. આપણને સૌને ખબર છે, ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જવાના છીએ. સાથે પુણ્ય ને પાપ ચાલશે. આગળ કઠીન રસ્તો છે છતાં જાણી જોઇને પાપ કરે છે. પાપથી અટકી જાવ ને ધર્મના માર્ગે ચઢી જાવ. વગેરે ખૂબ ઉપદેશ આપ્યો છે. સત્યપ્રિય વ્યક્તિ સત્ય માટે સર્વસ્વનું બલીદાન આપવા ઉત્સુક હોય છે.

બ્રહ્મચારી દરરોજ માળા ફેરવતા. તે માળાના એક બહેને દર્શન કર્યા કે તુરંત સમાધિ થઇ ગઇ પણ પછી સમાધિ ઉતરતી નથી. હવે શું કરવું ? ધરતી ઉપર સુતાં છે. શ્વાસ બંધ થઇ ગયો. જીવ બ્રહ્મરંધ્રમાં ચડી ગયો. બધાં વિચાર કરતાં થઇ ગયા. બધાં માણસો બ્રહ્મચારીને ઠપકો આપે છે. જલદી બેઠા કરો! આ બહેન બેઠા નહિ થાય ત્યાં સુધી તમને જવા નહિ દઇએ! દરબારને ખબર પડી. તે આંખ લાલ કરીને બોલ્યા, સમાધિ કરાવી પાખંડ કરો છો ? બ્રહ્મચારીના સગાં સંબંધી, કુટુંબી જનો પાસેથી સંપત્તિ લૂંટી લ્યો. સિપાઇ ગયા ને તમામ સંપત્તિ લૂંટી લીધી. બ્રહ્મચારીએ કહ્યું, મને ગઢપુર જવાની રજા આપો. ઉતાવળ છે. શ્રીહરિ મારી રાહ જોતા હશે. હું નજીકનો સેવક છું. દરબાર ખીજાઇને બોલ્યો, સમાધિ ઉતરે પછી જવા મળશે!

બ્રહ્મચારી રવાના થયા. દરબારે કહ્યું, જલદી નીકળી જાવ ગામથી બહાર, નહિંતર ભૂંડી દશા થશે! પાછા ગામમાં આવાની મનાઇ છે. ખૂબ અપમાન કરી ફાવે તેમ બોલે છે. બ્રહ્મચારી વિચાર કરે છે, જેને સમાધિ થાય છે તે થોડા સમય પછી જાગૃત થઇ જાય છે ને આજે કેમ તે બાઇને સમાધિ ઉતરતી નથી? હશે, જેવી પ્રભુની ઇચ્છા. બ્રહ્મચારી ચાલતા થઇ ગયા. ગામ બહાર કાઢી મુક્યા. નિર્દોષ

વ્યક્તિનું આવી રીતે અપમાન કર્યું તે પ્રભુથી કેમ સહન થાય? બીજે દિવસે સમાધિ ઉતરી ગઈ.

ચોમાસું આવ્યું. બધી જગ્યાએ વરસાદ વરસે પણ મછિયાવ ગામ અને તેની સીમમાં બીલકુલ વરસાદ થયો નહિ. ગામના માણસો કહે છે, દરબારે પાપ કર્યું છે. ભક્તરાજ બ્રહ્મચારીનું અપમાન કરી ગામ બહાર કાઢી મૂક્યા છે. તે પાપે કરીને વરસાદ થતો નથી. હવે શું કરશું ? વરસાદ વિના અનાજ થશે નહિ. ઢોર શું ખાશે?'' ખૂબ ચિંતા કરે છે ત્યારે એક સત્સંગી ભાઈએ કહ્યું, તમે ગઢપુર જાવ અને ભગવાન સ્વામિનારાયણની માફી માગો તો કાંઈક રસ્તો નીકળશે. પછી દરબાર થોડાક માણસોની સાથે ગઢપુરમાં આવ્યા.

શ્રીજી મહારાજ લીંબતરૂ નીચે ઢોલિયા ઉપર વિરાજમાન છે. પગે લાગીને કહ્યું, અમારી ભૂલ થઈ છે. બ્રહ્મચારીનું અપમાન કર્યું છે તેથી વરસાદ ચારે બાજુ વરસે છે પણ મછિયાવ અને તેની સીમમાં એક ટીપું પણ વરસતું નથી. બધા દુઃખી દુઃખી થઈ ગયા છીએ. હવે તને જેમ કહો તેમ કરીએ. અમે તમારા શરણે આવ્યા છીએ.

શ્રીજી મહારાજે કહ્યું, જો મુળજી બ્રહ્મચારીનાં પગલાં ગામમાં થાય તો પુષ્કળ વરસાદ થશે. તેમને ગામ મછિયાવ લઈ જાવ. માફી માગો. રાજી થાય તેમ કરો. જેનો અપરાધ કર્યો છે તેની પાસે ક્ષમા માગો. બ્રહ્મચારી પાસે આવ્યા અને કહ્યું, ''વિના કારણે અમે તમારો અપરાધ કર્યો છે. અમને ક્ષમા આપો અને અમારા ગામમાં પધારો. સંતો ભક્તોની સાથે બ્રહ્મચારી ગામની પાદરમાં આવ્યા ત્યાં પુષ્કળ વરસાદ થયો. બધા રાજી રાજી થઈ ગયા. બ્રહ્મચારીજી, આજની રાત આંહી રોકાઈ જાવ.

બ્રહ્મચારીજી કાંઈ પણ બોલ્યા નહિ. ભલામણ આપતાં એટલું જ કહ્યું, ધર્મ નિયમનું પાલન કરશો તો આ લોક અને પરલોકમાં સુખી થાશો. આટલું કહી ગઢપુરના રસ્તે ચાલતા થઈ ગયા. શ્રીહરિની સેવામાં લાગી ગયા. આ કથા ચેતવણી આપે છે કે કોઈનો દ્રોહ ન કરો. અપમાન ન કરો. શ્રી હરિ (ગ. મ. પ્ર. ૪૪ના વચનામૃતમા) કહે છે કે, ભગવાનનો અને ભગવાનના ભક્તનો દ્રોહ કરતો હોય

**જ્યારે તક આવે ત્યારે તૈયાર રહો કેમકે જ્યાં તક અને તૈયારી ભેગા મળે છે તેને જ 'ભાગ્ય' કહે છે.**

તેને કાળનેમી, રાહુ અને રાવણ જેવો જાણવો.

(ગ.મ. ૩૩ના વચનામૃતમાં) શ્રીજી મહારાજે મુકુંદ બ્રહ્મચારીને યાદ કર્યા છે. યાદ કરતાં કહે છે કે, આ મુળજી બ્રહ્મચારી છે તે અતિશે દઢ નિષ્કામી છે તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે. બીજા કોઇ સેવા ચાકરી કરે તો તે એવી ગમતી નથી.

(ગ. પ્ર. પ્ર. ૭૩ના વચનામૃતમાં) શ્રી હરિ કહે છે કે, આ મુકુંદ બ્રહ્મચારી ભોળા જેવા છે પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે અને એમને કોઇ પોતાપણું નથી અને પારકું પણ નથી. એવી રીતે ગુણ લે છે તેથી ભગવાન જેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે

માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# ઘર સત્સંગ સભા

# સભા-૧૬૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.....................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૬૮) સ્વામિનારાયણ પ્રગટ મહામંત્ર છે.

સ્વામિનારાયણ હરે..

જગદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી ગામ ફણેણીમાં ધામમાં ગયા. પછી ચૌદમાના દિવસે સવારના સમયમાં વિશાળ સભામાં શ્રી સહજાનંદ સ્વામી સિંહાસનમાં ગાદી તકિયા ઉપર વિરાજમાન થયા. મુકુંદ બ્રહ્મચારી, મુક્તાનંદ સ્વામી આદિ સર્વ સંતો, મયારામ ભટ્ટ આદિ બ્રાહ્મણો, હરિભક્તો અને સ્ત્રી ભક્તજનો પોત પોતાની મર્યાદા પ્રમાણે સભામાં બેઠા.

મુક્તાનંદ સ્વામી આદિક સંતો તથા મયારામ ભટ્ટ આદિ ગૃહસ્થ સત્સંગીઓ સર્વ હાથ જોડીને કહે છે, હે પ્રભુ, હવે રામાનંદ સ્વામીને ઠેકાણે તમે છો. અને અમે સર્વ તમારા શિષ્ય છીએ. તમારી આજ્ઞાનું પાલન કરશું ને તમે જેમ કહેશો તેમ કરશું. અમને ઉત્તમ ઉપદેશ આપો. શ્રીજી મહારાજ કહે છે, તમે સર્વ મારા આશ્રિત છો. માનવ દેહે જે કાંઇ કરવાનું છે, ભજન ભક્તિ, પૂજા પાઠ,

**આ જગતમા યોગ્યતા કરતાં ઘણી વધુ તકો છે.**

સત્સંગ સમૈયા, દેવ દર્શન, દાન પુણ્ય તે તમે ભાવ અને શ્રધ્ધાથી બધું જ કરો છો. આપણા ગુરુ રામાનંદ સ્વામીએ જે જે આજ્ઞા કરી છે એ પ્રમાણે આપણને કરવાનું છે. આપણા ગુરુ સ્વયં ઉદ્ધવજીનો અવતાર છે. તે દિવ્ય સ્વરૂપે સત્સંગમાં સદાય બીરાજે છે. એમના આશીર્વાદ આપણી સાથે છે. તેથી પ્રાકૃત જીવાત્માની જેમ શોક કે ઉદ્વેગ કરવો નહિ. સદાય ધર્મનું પાલન કરવું. ધર્મ પ્રભુનું હૃદય છે. જે ધર્મનું રક્ષણ કરે છે તેનું ધર્મ રક્ષણ કરે છે. મીઠા વિનાનું ભોજન નિરસ છે તેમ ધર્મ વિનાના સાધનો વ્યર્થ છે. નિર્બળ અને લુખા છે. દાન, ધર્મ અને નીતિ જીવનમાં રાખવા જોઈએ. આચાર, વિચાર અને ઉચાર વ્યવહાર રાખવાં. ધર્મ જીવનો મિત્ર છે. જે ભક્તજન ધર્મનું યથાર્થ પાલન કરે છે તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે. જેમ જળાશયમાં દેડકાં, માછલાં આપોઆપ આવે છે તેમ ધાર્મિક ભક્તજન પાસે સુખ, સંપત્તિ અને શાંતિ આપોઆપ આવે છે. ધૈર્ય રાખીને નિયમ પ્રમાણે પોતાની ફરજનું પાલન કરવું. વિગેરે ખૂબ ઉપદેશ આપ્યો છે.

હે ભક્તજનો, તમે હજારોની સંખ્યામાં આજે સભામાં એકત્રિત થયા છો. ભગવદીય છો. મને ખૂબ વ્હાલા છો. તમે બધાં જુદા જુદા મંત્રના જપ કરો છો હવે આજથી વૈદિક પરાત્પર સ્વમિનારાયણનું ભજન કરજો. પ્રભાવશાળી મંત્ર આપું છું. માળા ફેરવતાં અને કામકાજ કરતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ મંત્રનો જપ કરજો. અમારૂં નામ સ્વામિનારાયણ છે.

સ્વામિનારાયણ મંત્ર ફણેણી ગામમાં જાહેર કર્યો છે. શ્રી હરિ કહે છે, હું એવું આધારરૂપી જહાજ તમારી પાસે મુકું છું. જેના બાવડામાં તાકાત નથી, તપ કે સાધનનું કોઈ સામર્થ્ય નથી એવા ભક્તજનો પણ સુખેથી ભવસાગર પાર થઈ જાય. આ બન્ને મંત્ર વેદમાં છે. નારાયણ મંત્ર વેદમાં છે અને સ્વામી મંત્ર પણ વેદમાં છે. શ્રીજી મહારાજે બે મેત્રને એક કર્યો અને પ્રભાવશાળી મંત્ર બનાવ્યો. સભામાં બેઠેલા બધાં ભક્તજનોએ કહ્યું, હવેથી અમે રાતદિવસ સ્વામિનારાયણ મંત્રનો જપ કરશું.

શ્રી હરિ કહે છે, અમારાં ભક્તિમાતાએ અમારૂં નામ ઘનશ્યામ મહારાજ રાખ્યું છે. માર્કંડેય મુનિએ અમારા ચાર નામ ધારણ કરાવ્યાં છે. હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ અને નીલકંઠ. લોજ ગામમાં મુક્તાનંદ સ્વામીએ અમારૂં નામ સરજુદાસ

રાખ્યું હતું. જગદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ અમારૂં નામ સહજાનંદ સ્વામી અને નારાયણ મુનિ રાખ્યું છે.

**"અમે સ્વયં અમારૂં નામ સ્વામિનારાયણ રાખીએ છીએ.**

**પરસ્પર એક બીજાંને મળીએ ત્યારે પણ જય સ્વામિનારાયણ કહેવું.**

**અમારૂં નામ સર્વોપરી છે."**

જે માણસે જીવનમાં ખૂબ પાપ કર્યાં હોય, કોઈ સત્કાર્ય કર્યું ન હોય, એવો પાપી મનુષ્ય મરણ પથારીએ પડ્યો હોય અને હમણાંજ પ્રાણ પંખેરું ઉડી જશે આવી સ્થિતિ હોય એના ખાટલાની આજુ બાજુ બેસી સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરે તો ગમે તેવો પાપી હોય છતાંય તાકાત નથી કે યમદૂત એને અડી શકે. એવો સ્વામિનારાયણ નામનો પ્રભાવ છે.

એક કરોડ જપ કરવાથી તન સુધરે છે એટલે આરોગ્ય પ્રાપ્ત થાય છે.

બે - ત્રણ કરોડ જપ કરવાથી ધનની પ્રાપ્તિ થાય છે, યશ અને કીર્તિ મળે છે.

ચાર કરોડ જપ કરવાથી ભગવાન સબંધી સુખ પ્રાપ્ત થાય છે. શાંતિ અને આનંદ મળે છે.

પાંચ કરોડ જપ કરવાથી આત્મા અને પરમાત્મા સબંધી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

છ કરોડ જપ કરવાથી અંતરશત્રુનો નાશ થાય છે.

સાત કરોડ અથવા આઠ કરોડ જપ કરવાથી મૃત્યુ સુધરે છે અને અપમૃત્યુ ટળે છે.

નવ કરોડ જપ કરવાથી ઈષ્ટદેવની ઝાંખી થાય છે. પ્રભુ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

દશ કરોડ, અગિયાર કરોડ અથવા બાર કરોડ જપ કરવાથી સંચિત પ્રારબ્ધ અને ક્રિયામણ કર્મો બળી જાય છે અને બ્રહ્મરૂપ થાય છે.

તેર કરોડ જપ કરવાથી ભગવાનનાં સાક્ષાત્કાર દર્શન થાય છે અને દેહના અંતે અક્ષરધામને પામે છે. જન્મ મરણના ફેરાથી મુક્ત થાય છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**અવસર ચૂકી જનારને પછતાવું પડે છે.**

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૬૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

# ઘર સત્સંગ સભા

## (૧૬૯) શીતળદાસમાંથી વ્યાપકાનંદ.

સ્વામિનારાયણ હરે..

ઝરણાપરણા ગામમાં શીતળદાસ રહેતા હતા. પરમ એકાંતિક ભક્ત હતા. જળકમળવ્રત સંસારમાં રહેતા હતા. સંસારથી મન વિરક્ત હતું. શીતળદાસ ભગવાનની સેવામાં અને પૂજામાં મગ્ન રહેતા. એક દિવસ શીતળદાસને વિચાર થયો કે, ''હું ચાર પહોર ભગવાનનું નામ સ્મરણ કરૂં છું. બાકીનો સમય ઉદ્યોગ અને નિંદ્રામાં વિતાવું છું. તે બરાબર નથી.'' મનુષ્ય જન્મ ભોગ માટે નથી પણ પરમાત્માના યોગ માટે છે.

આ સંસાર છે તે ભવ ભંડાર કલેશનો ભર્યો છે. સંસાર અંધારા કૂવા જેવો છે. મિથ્યા સુખને, ખોટા સુખને મૂકીને અખંડ આનંદમાં ભજન કરવું જોઈએ. રાત્રે પથારીમાં બેસીને જે ભક્તિ કરતાં નથી તેનાં મનમાં પાપ આવે છે અને મન અશાંત બની જાય છે. પથારીમાં પડ્યા પછી મન ધીરે ધીરે અંદર જાય છે. ત્યારે જગતની વિસ્મૃતિ થાય છે.

હંમેશાં શીતળદાસ વિચાર કરે છે કે, સાચા સંત મળે તો ભવબંધનથી મુક્ત કરે. સૌરાષ્ટ્રમાં ઘણાં તીર્થ છે. ચાલ, ત્યાં યાત્રા કરવા જાઉં. ત્યાં કદાચ સાચા સંત મળી જશે તો કામ થઈ જશે. ભગવાન મળે તો જીવન સફળ છે નહિંતર નિષ્ફળ છે.

આવું વિચારી શીતળદાસ યાત્રા કરવા માટે રવાના થયા. ફરતાં ફરતાં ેફણેણી ગામમાં આવ્યા. ત્યાં એક ભક્તજન સામા મળ્યા. તેમને પુછ્યું, સૌરાષ્ટ્ર સંતોની ભૂમિ છે. કોઈ સંત મહાત્મા અહિં મળશે ? હાહા, ચોક્કસ મળશે! ફણેણીમાં બિરાજતા રામાનંદ સ્વામી ભગવાન જેવા છે. ત્યાં જાઓ. તમને હૃદયમાં શાંતિ થશે. શીતળદાસ સંત આશ્રમમાં આવ્યા. શીતળદાસજી કહે છે, મને રામાનંદ સ્વામીના દર્શન કરાવો. ભક્તજનોએ કહ્યું, રામાનંદ સ્વામી તો પ્રભુના ધામમાં સિધાવી ગયા છે.

શીતળદાસ ઉદાસ થઈ ગયા. હવે શું કરીશ ? ભક્તજનોએ કહ્યું, તમે ચિંતા ન કરો. રામાનંદ સ્વામીના સ્થાન પર હવે સહજાનંદ સ્વામી છે. બહુ પરાક્રમી

**તક ભાગ્યે જ બીજી વાર મળે છે**

અને ઐશ્વર્યવાન છે. ચાલો, તેમના દર્શન કરાવું. સભામાં સહજાનંદ સ્વામી સંતો ભક્તોની સાથે બિરાજમાન છે. શીતળદાસ ત્યાં આવ્યા. શ્રીજી મહારાજે મીઠો આવકાર આપ્યો. આવો આવો શીતળદાસ, આવો. દૂર ઝરણાપરણા ગામથી આવો છો ? શીતળદાસ બે હાથ જોડી નમ્રતાથી બોલ્યા, હા, રામાનંદ સ્વામીના દર્શન કરવા આવ્યો હતો. પણ તે ધામમાં સિધાવી ગયા છે તેથી હવે આગળ યાત્રા કરવા જઈશ.

શ્રીજી મહારાજે કહ્યું, કાલે રામાનંદ સ્વામીના ચૌદમાની સભા છે. એક દિવસ રોકાઈ જાવ. ભલે સ્વામીજી. આજની રાત રોકાઈ જઈશ. પછી બીજે દિવસે સભા થઈ. શ્રીજી મહારાજે કહ્યું, શીતળદાસ, તમને રામાનંદ સ્વામીનાં દર્શન કરવા છે ન ે ? હા, દર્શન કરવાં છે. તો આંખ બંધ કરી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, જપ શરૂ કરો. તમને રામાનંદ સ્વામીનાં દર્શન થશે.'' તાલીના નાદથી સભામાં બેઠેલા ભક્તજનો પણ ધૂન કરે છે કે તુરંત શીતળદાસને સમાધિ થઈ ગઈ.

તેજ તેજ છવાઈ ગયું. દિવ્ય રત્ન જડિત સુવર્ણ સિંહાસન ઉપર ભગવાન બીરાજે છે. અનંત મુક્તો દિવ્ય સ્વરૂપે પ્રભુની આજુબાજુ બેઠા છે. સેવા કરે છે. રામાનંદ સ્વામી પ્રભુની સેવામાં છે. રામાનંદ સ્વામી કહે છે, શીતળદાસ, હું પ્રભુનો દાસ છું. સહજાનંદ સ્વામી છે તે સાક્ષાત પરમેશ્વર છે. શીતળદાસને બધાં મુક્તોની પૂજા કરવી છે. વિચાર કરે છે કે, હું એક અને મુક્તો અનેક તેથી પૂજા ક્યારે પૂરી થઈ રહે. પ્રભુ સંકલ્પ જાણી ગયા. તેથી બોલ્યા, શીતળદાસ, તમે સંકલ્પ કરો કે રામાનંદ સ્વામી ભગવાન હોય તો મારા અનેક રૂપ થાય ને પૂજન કરાય. શીતળદાસજીએ સંકલ્પ કર્યો પણ અનેક રૂપો થયા નહિ. હવે શું કરવું ?

પ્રભુએ કહ્યું, હવે સંકલ્પ કરો કે સહજાનંદ સ્વામી ભગવાન હોય તો હું અનેક રૂપે થાઉં અને મુક્તોની પૂજા કરું. સંકલ્પ કરતાંની સાથે શીતળદાસના અનેક રૂપ થઈ ગયા. એક સાથે ભગવાન અને અક્ષરધામના મુક્તોની પૂજા કરી. ધન્યતા અનુભવી. રાજી રાજી થઈ ગયા. પ્રભુના સ્વરૂપમાં મન તરબોળ થઈ ગયું. પછી સમાધિમાંથી જાગૃત થઈ ગયા. આનંદનો પાર નથી. પ્રભુના ચરણમાં નમસ્કાર કર્યા.ધન્ય ઘડી. ધન્ય અવસર! મારો જન્મ સફળ થયો. મને સદાય તમારા ચરણમાં રાખો અને સાધુ કરો. શ્રીજી મહારાજે કહ્યું, તમે અનાદિ મુક્ત છો. અમારા છો

અને અમારી સમીપે રહેશો. શ્રીજી મહારાજે શીતળદાસને ભાગવતી દીક્ષા આપી અને વ્યાપકાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૭૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**તક ગુમાવવી એટલે સફળતા ગુમાવવી**

## થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૭૦) ટી.વી. ઇન્ટરનેટનું દુષ્પરિણામ

સ્વામિનારાયણ હરે..

અક્ષરધામના અધિપતિ ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના આશ્રિતમાં સત્સંગ-સદાચારનું સંરક્ષણ-સંવર્ધન થાય તેવા ઉમદા હેતુથી શિક્ષાપત્રીમાં કેટલુંક ન કરવાની આજ્ઞા કરેલી છે. તેમાં **શ્લોક-૧૬૧ માં જણાવ્યું છે કે, "અને ભાંડ-ભવાઇ જોવા ન જવું."**

આજકાલ જે સ્થાન ટી.વી. ઈન્ટરનેટ, સિનેમા, નાટક વિગેરેનું છે, તેવું સ્થાન તત્કાલિન સમયમાં ભવાયા ભવાઈ કરતાં હતાં તેનું હતું. તેથી સદાચારને નુકશાન કરે તેવું ભવાઈમાં જોવા મળતું. તેના કારણે શ્રીહરિએ તે જોવાની ના પાડી હતી.

આજે પણ આપણાં સદાચાર પોષક સંતો આપણને વારંવાર ટી.વી., નાટક, સિનેમા અને ઈન્ટરનેટ જેવા માધ્યમોથી દૂર રહેવા ભલામણ કરે છે. તેની પાછળ તેમની દરંદેશી દૃષ્ટિ કામ કરે છે. આ બધા માધ્યમોમાં સમાજપયોગી શીખ ચોકક્સ હોય છે પણ સૌ ઢળતા ઢાળમાં ઢળી પડે છે. તે ન્યાયે જે તે માધ્યમમાં સારા પાસાનું અનુકરણ કરવાને બદલે તેમાંથી ખરાબ-અશ્લીલ બાબતો કે જે જતે દહાડે આપણા સદાચારની હોળી કરી નાખે છે તેનું અનુકરણ કરવા માંડે છે. જે હરિભક્તના ચારિત્ર્યને પણ નુકશાન કરવા માંડે છે. માટે જ આપણા હિતના રક્ષણ માટે સંતો આપણને ભલામણ કરે છે.

એમ કહેવાય છે કે જેને રોકનાર કે ટોકનાર હોય તેના ભાગ્ય સુધર્યા. અને જેને ટોકનાર કે રોકનાર ન હોય તેના ભાગ્ય ફૂટ્યા. સંત પરમહિતકારી હોવાથી

આપણને અવાર નવાર આપણાં હિતની જ વાતો કરતાં હોય છે.

હવે મૂળ વાત ઉપર આવીએ...વિજ્ઞાને જે કાંઇ નવી નવી ચીજોનું સંશોધન કર્યું છે તે લોકોની સુખ-સગવડો માટે કર્યું છે. પણ જે સાધનો માણસના ધર્મ-અધ્યાત્મ-સત્સંગને નુકશાન કરે છે. માણસને સાર્વત્રિક રીતે બરબાદ કરી નાંખે છે. તેવા સાધનો વાપરવા-જોવા જોઇએ નહિ. અને જો વાપરવા જ પડે તેમ હોય તો તેના ગુણદોષનું વારંવાર મનન કરવું જોઇએ.

ટી.વી., ઇન્ટરનેટ, મોબાઇલ આ બધું આજે ભલે જરૂરિયાત જેવું જણાતું હોય પણ તેની બીજી બાજુ એ પણ છે કે તે તમારા સદાચારની ઘોર ખોદવાનું પણ કામ કરે છે. જેની શરૂઆતમાં ખબર પડતી નથી અને જ્યારે ખબર પડે છે ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે. તેથી મા-બાપ, વડીલોએ પોતાના સંતાનોને આ સાધનોના દુષ્પરિણામોની ગંભીરતા સમજાવવી જોઇએ.

આજે વિશ્વમાં સેંકડો ટી.વી. ચેનલો જોવા મળે છે જેમાં મહ્દઅંશે સેક્સ અને હિંસાના દૃશ્યો જ જોવા મળે છે. જે માનવીની વૃત્તિઓને બહેકાવે છે. અને ગુનાખોરી કરવા પ્રેરણા પૂરી પાડે છે. જેના દુષ્ટ પરિણામો આપણ વર્તમાન પત્રોમાં જોવા મળે છે. માટે સાવધાન થઇ જઇએ.

આ બધા માધ્યમો પોતાના પ્રેક્ષક વર્ગ વધારવા માટે અને જાહેરાતની મબલખ કમાણી કરવા માટે હલકા-છીંછરા અને કામોત્તેજક દૃશ્યો લોકોને બતાવે છે. જેથી સત્સંગનું ધોવાણ થાય છે. ટી.વી. ઇન્ટરનેટનું આ દુષ્પરિણામ માનવીને ધર્મના માર્ગેથી પાડી નાંખે છે. જે કોઇપણ સંજોગોમાં ચલાવી શકાય નહિ.

વળી આ માધ્યમોમાં આવતી જરૂરી કે બિનજરૂરી ચીજવસ્તુઓની લોભામણી-લલચામણી જાહેરખબરોના કારણે તે વસ્તુઓ પહોંચ હોય કે ન હોય તો પણ ખરીદવા માટે આમજનતા પ્રેરાય છે. જેના પરિણામે ધર્મ-નીતિ જોખમાય છે. આ ગંભીર બાબતે વિચાર-ચિંતન કરવું તે સૌના હિતની વાત છે.

અને કેટલાંક કાર્યક્રમો આ માધ્યમો એવા પીરસે છે કે જે જોઇને પરિવારના સભ્યો તે સ્પર્ધામાં ભાગ લેવા પ્રેરાય છે. તેના લીધે નાણાંની બરબાદી થાય છે. સમાજમાં પ્રતિષ્ઠા જોખમાય છે અને સરવાળે નિયમ-ધર્મ-સત્સંગથી

**અવસર વગર બોલવું વ્યર્થ છે.**

મોં ફેરવી લેવાનો સમય આવે છે.

ટૂંકમાં....એક ને એક બે જેવી વાત એ છે કે, જો તમારે સંતોને-શ્રીજી મહારાજને રાજી કરવા હોય તો આ બધી બાબતોથી દૂર રહેવું જ જોઈએ.

આપણાં સાચા સગાં, મા-બાપ જે ગણો તે સંતો જ છે અને સંતો દ્વારા શ્રીહરિ જ બોલે છે. માટે સંતો આપણને ભલામણ કરે છે કે, ટી.વી., ઈન્ટરનેટ, સિનેમા, નાટક વિગેર જોવાથી દૂર રહેવું. તે વાત આપણા સૌના હિતની છે. તે વાત આજે માનીએ કે પછી મોડેથી માનીએ પણ માન્યા સિવાય છૂટકો નથી...નથી...ને નથી જ.

જગતનું સાચું સુખ ''સત્સંગ પરાયણ જીવન'' જીવવામાં જ છે. તેની આડે આવતાં કોઈપણ અવરોધનો જાનના જોખમે પણ ત્યાગ કરવો તે જાગૃત, સતર્ક હરિભક્તોની જવાબદારી ભૂતકાળમાં હતી...આજે વર્તમાનકાળે છે અને ભવિષ્યમાં રહેવાની છે.

યાદ રાખો સુખ-સમૃધ્ધિનો પાયો સદાચાર છે. નહિ કે સ્વેચ્છાચારી, દુરાચારી કે સ્વછંદી જીવન. ભગવાનનીજેટલી આજ્ઞા પાળીએ તેટલું સુખ અને જેટલી આજ્ઞા ન પાળીએ તેટલું દુઃખ. હવે સાનમાં સમજી ગયા હશો જ.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;

દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૭૧

૧. જય સદ્ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**અજ્ઞાન જેવો બીજો કોઈ શત્રુ નથી.**

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૭૧) સંતોની અદ્‌ભૂત શક્તિ.

સ્વામિનારાયણ હરે..

શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતોને કહ્યું, તમે દેશદેશાંતરમાં ફરો અને સત્સંગ કરાવો. સંતોની સાથે વ્યાપાકાનંદ સ્વામી એક શહેરની ભાગોળે વૃક્ષની ઘાટી છાયામાં બેઠા. ભજન કીર્તન કરે છે. ત્રણ દિવસ થયાં કાંઇ પણ જમવાનું મળ્યું નથી. હવે શું કરવું ? ત્યાં પ્રભુની કૃપાથી ભૂદેવ આવ્યા. સંતોને પગે લાગીને કહ્યું, બાપજી, આજે અમારે ઘેર જમવા પધારો. સંતોએ કહ્યું, બહુ સારૂં.

ભૂદેવે ઘરે ગયા. નાહી ધોઇ પવિત્રપણે રસોઇ બનાવી સંતોને બોલાવવા જાય છે. ત્યાં એવું બન્યું કે ઘણા દિવસથી ભૂદેવનો દીકરો બીમાર હતો. તેનું મૃત્યુ થઇ ગયું. ભૂદેવ વિચાર કરતાં થઇ ગયા કે હવે શું કરવું ? ઘરના દરવાજેથી હાથ ઊંચો કરીને સંતોને બોલાવ્યા. સંતો, અમારે ઘેર પધારો. સંતો ઘર તરફ આવે છે. ભૂદેવને ધર્મ સંકટ આવ્યું. બે બાજુથી દુઃખ થાય છે. દીકરાનું મૃત્યુ થયું છે તેથી સંતો જમશે નહિ અને ભૂખ્યા રહી જશે.

મનમાં વિચાર કરે છે કે, દીકરાનું મૃત્યુ થયું તે તો સંસારીના ઘરમાં મહેમાનની જેમ એક જન્મે અને એક મરે. એમ ચક્ર ચાલ્યા કરે છે. પંખીડાંનો મેળો છે. કર્મના લેણદેણ પૂરાં થાય એટલે ચાલતા થઇ જાણ પણ આમંત્રણ આપેલા સંતો ભૂખ્યા જશે એનું મને દુઃખ થાય છે. ત્યાં સંતો ઘર પધાર્યા. ભૂદેવ પગે લાગીને રડી પડ્યા. સંતોએ પુછ્યું, ઓચિંતુ શું થયું ? કેમ રડો છો ? ભૂદેવ આંસુ લુછતાં બોલ્યા, ઘણા દિવસે તમારા જેવા પવિત્ર સંતો મળ્યા તેને હું જમાડી ન શક્યો. મારી મહેનતનું ભોજન તમારા જેવા પવિત્ર સંતના ઉદરમાં જાય તો અમારી કમાણી સાર્થક થઇ ગણાય.

જિંદગીમાં સગાં વહાલાને ઘણી વખત જમાડ્યા છે. મિત્રોને ખૂબ જમાડ્યા છે. તે બધાં જમી જમીને ચાલ્યા જાય. પણ સંતો જમે તો જીવાત્માનું કલ્યાણ થાય

કેમ કે જમીને ભજન કરે. સંતો કહે, કહો તો ખરા... શું થયું છે ? બાપજી, મારો દીકરો ઘણા દિવસથી બીમાર હતો. તેનું અત્યારે જ મૃત્યુ થઈ ગયું છે. બોલો, હવે શું કરું ?

આવી વાત સાંભળી વ્યાપકાનંદ સ્વામીનું હૈયું પીગળી ગયું. દીકરાની નજીક ગયા. આયુષ્યરેખા જોઇ તો લેણદેણ પૂરું થઈ ગયું છે. શ્વાસ બંધ થઈ ગયો છે. સ્વામીએ કહ્યું, શ્વેત કપડું ઓઢાડી દો. મોઢું ખુલ્લું રાખો અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરો. ભગવાન સારું કરશે. સગાં સંબંધી જપ કરે છે. વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું, ભૂદેવ, તમે દીકરાના મૃત શરીરના કાનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલો.

પ્રભુની કૃપાથી વ્યાપકાનંદ સ્વામીની ભક્તિની શક્તિથી ધીરેથી આંખ ખોલી. ધીરે ધીરે બેઠો થઈ ગયો. હળવેથી બોલ્યો, બાપુજી, મને તરસ લાગી છે. પાણી આપો. પાણી પીધું ને સાવ સાજો થઈ ગયો. તુરંત સંતોને પગે લાગ્યો. આવું જોઈને સૌ આશ્ચર્ય પામી ગયા. સ્વામિનારાયણ ભગવાનના સંતોની આટલી બધી શક્તિ કે મરેલાંને જીવતાં કરી શકે. ગજબની વાત છે. પ્રારબ્ધ પૂરાં થઈ ગયા તેની આયુષ્ય વધારી દીધું. નવાઈની વાત છે.

ભૂદેવ રાજી રાજી થઈ ગયા. બાપજી, ધન્ય ઘડી, ધન્ય અવસર. આપ જેવા મહાન બ્રહ્મનિષ્ઠ સંતોને અમને દર્શન થયાં. આપ જમવા પધારો. સંતો હાથ પગ ધોઇ, માનસી પૂજા કરી જમવા લાગ્યા. ભૂદેવના આનંદનો પાર નથી. ભાવથી સંતોને જમાડ્યા. આવો પ્રતાપ જોઈ સૌને ગુણભાવ વધી ગયો.

સ્વામી ઉપદેશ આપે છે, આ જગતની અંદર તમે કેટલા વર્ષ જીવ્યા તે મહત્વની વાત નથી. પણ કેવું જીવન જીવ્યા તે મહત્વની વાત છે. કેટલો પરોપકાર કર્યો, કેટલી ભક્તિ કરી, કેટલી ધર્મ મર્યાદાનું પાલવ કર્યું, કેટલી ભગવાનમાં વૃત્તિ રાખી તે મહત્વની વાત છે.

''ગમે તેટલી સુખ સંપત્તિ મળે, ખાન પાન મળે, રાજપાટ મળે, માન મોટપ મળે છતાં ધર્મ છોડવો નહિ.''

ધર્મને પકડી રાખવો. ધર્મને તમે સાચવશો તો ધર્મ તમને સાચવશે. જેમ

**સોમાંથી નવ્વાણું ટકા માણસો પોતાના અજ્ઞાનથી પોતે દુ:ખી થાય છે.**

પ્રાણ વિનાના શરીરને શબ કહેવાય છે તેમ ધર્મ વિનાના માનવીને જીવતાં છતાં મરેલો કહેવાય છે. જેમ દેહ જીવને આધારે છે તેમ જીવ ધર્મને આધારે છે. ધર્મ વિના જીવવું તે જીવનને ધિક્કાર છે. ધર્મ છે તે સાચું ધન છે. વિગેરે ખૂબ ઉપદેશ આપી સંતો ત્યાંથી વિદાય થયા.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૭૨

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,.......................................................

# ઘર સત્સંગ સભા

૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................

૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

## (૧૭૨) ચાલો, શ્રમ યજ્ઞ કરીએ.

સ્વામિનારાયણ હરે..

શ્રી સહાજનંદ સ્વામી સંતો ભક્તોની સાથે ગામ ધોરાજી પધાર્યા. ત્યાંથી ભાડેર, માણાવદર, પીપલાણા, અગત્રાઈ પધાર્યા. ત્યાંથી કાલવાણી થોડા દિવસ રોકાઈને પછી માંગરોળ પધાર્યા. માંગરોળમાં મહાપ્રભુ ગામની ભાગોળે બિરાજમાન થયા છે. ત્યાં ગામના બહેનો પાણી ભરવા માટે માથા ઉપર પાણીના બેડાં લઈને દૂર દૂર જાય છે. પ્રભુએ પુછ્યું, ગોવર્ધનભાઈ, આ બાઈઓ ક્યાં પાણી ભરવા જાય છે ?

ગોવર્ધનભાઈએ કહ્યું, નજીકમાં તળાવ કે કૂવો કાંઈ નથી તેથી દૂર પાણી ભરવા જવું પડે છે. બાજુમાં એક વાવ છે પણ ઉજ્જડ થઈ ગઈ છે. કાદવ કીચડ જામી ગયો છે. પાણી ખરાબ થઈ ગયું છે. પ્રભુએ કહ્યું, દૂર પાણી ભરવા જવું પડે તે બહુ મુશ્કેલી કહેવાય. તો ચાલો, આપણે શ્રમ યજ્ઞ કરીએ. ઉજ્જડ વાવ પવિત્ર અને સ્વચ્છ કરીએ. વાવનું કામ શરૂં થયું. ભક્તજનો પોતપોતાના ઘરેથી કોદારી, પાવડા અને તગારાં લઈ આવ્યા. હજારો ભક્તજનો સેવા કરવા લાગી ગયા.

કીર્તન ભજન ગાતા જાય ને કાદવ કીચડ જુની માટી કાઢીને ટોપલા માથા ઉપર લઈ દૂર ફેકતા જાય. માણસો જોવા આવ્યા હતાં તે પણ સેવા કરવા લાગી ગયા. શ્રીજી મહારાજે કહ્યું, મને પણ માટીનો ટોપલો ભરી આપો. હું દૂર ફેંકવા જઈશ. અનંતકોટી બ્રહ્માંડનો નાથ માથા ઉપર ટોપલો ઉપાડી સેવા કરે છે. ત્યારે

**જ્યાં અજ્ઞાન છે ત્યાં દુઃખ આવશે જ.**

પ્રભુનાં દર્શન કરવા દેવતાઓ આકાશ માર્ગે આવી જયજયકાર કરી પુષ્પનો વરસાદ કરે છે. ''ધન્ય હો મહાપ્રભુ, ભક્તજનો માટે આપ કેવી સેવા કરો છો.

**સેવાની તક મળે ત્યારે ભાવ અને શ્રધ્ધાથી સેવા કરવી પણ આળસ રાખવી નહિ.**

એ આ કથાનો મુખ્ય હેતુ છે. વાવ માંથી માટી કાઢતાં કેટલા દિવસ લાગ્યા ?

દસ દિવસ સુધી કામ ચાલ્યું. પછી પાણી આવ્યું. શ્રીજી મહારાજે કહ્યું, ચાલો, વરૂણદેવનું પૂજન કરીએ. બ્રાહ્મણોને બોલાવી વરૂણદેવની પૂજા કરાવી છે. લોટો ભરી, કપડાંથી ગાળીને ભગવાનને જમાડ્યું તો ઠંડુ મીઠું સાકર જેવું પાણી. ગામના માણસો રાજી રાજી થઈ ગયા.

વાવ્યનું પૂતકર્મ કર્યું. ખુશાલીમાં મોટો ઉત્સવ કર્યો. સંતો બ્રાહ્મણો અને હજારો હરિભક્તજનોને ખૂબ ભાવથી મિષ્ટાન્ન મેવા જમાડી તૃપ્ત કર્યાં. ભૂદેવોને દાન દક્ષિણા આપી રાજી કર્યાં. રાત્રે દિવ્ય સભા થઈ. તે સભામાં જેટલા ભાવિક ભક્તો બેઠા હતા તેમને શ્રીજી મહારાજે ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યાં. સહુને નિશ્ચય થઈ ગયો કે આ સહજાનંદ સ્વામી છે તે સાક્ષાત પુરુષોત્ત નારાયણ છે. હજારો જીવાત્મા પ્રભુના આશ્રિત થયા અને નિત્ય સત્સંગ કરે છે. શરીરનો રોગ ઔષધ હરે છે. મનનો રોગ સત્સંગ હરે છે.

સત્સંગ છે તે સાવરણી સમાન છે. સવાર પડે ત્યારે બૈરાંઓ સાવરણીથી ઘર સાફ કરે. તેમ દરરોજ સત્સંગની સાવરણી હૈયામાં ફરતી રહેવી જોઈએ. સાવરણી કચરો વાળીને કચરો બહાર કાઢે છે તેમ સત્સંગરૂપી સાવરણી હૈયામાં જામી ગયેલા કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈ આદિક દુર્ગુણોના કચરા બહાર કાઢે છે. મનનું ગમતું મૂકીને ભગવાનની સેવા, સંતોની સેવા, ગરીબની સેવા, માતા પિતાની સેવા કરવી જોઈએ.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

# ઘર સત્સંગ સભા

### કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૭૩

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**અજ્ઞાની હોવું એટલી શરમની વાત નથી,**
**જેટલું શીખવા માટે તૈયાર ન રહેવું.**

## (૧૭૩) ભક્તિનું ફળ ભગવાન છે.

સ્વામિનારાયણ હરે..

ભાલ દેશમાં બરવાળા ગામ છે. ત્યાં સ્વામિનારાયણ ભગવાનનું મંદિર છે. મંદિરમાં લીંપણ કરવું હતું. એક હરિભક્તે એક બાઈને કહ્યું, મંદિર લીંપવું છે. તમારે જે મજુરી થશે તે આપીશ. તમે લીંપી દેશો ? હા હા, જરૂર લીંપી દઈશ. કેટલા રૂપિયા દેશો?'' ''દશ રૂપિયા આપીશ.'' બાઈ બોલ્યાં, હું સરસ રીતે જરૂર મંદિર લીંપી આપીશ. દશ રૂપિયામાં મંદિર લીંપી દીધું. સમય જતાં તે બાઈની અંતિમ અવસ્થા આવી ગઈ. ત્યારે તે બાઈને મંદિર અને ભગવાન યાદ આવ્યા કે મેં એક વખત મંદિરની સેવા કરી છે. વારંવાર મંદિર યાદ આવવાથી ભગવાન વિમાન લઈને તેને તેડવા પધાર્યા.

ભગવાન કહે, ચાલો, અમે તમને તેડવા આવ્યા છીએ. ત્યારે તે બાઈ બોલ્યા, મેં કોઈ દિવસ પૂજાપાઠ, ભજન ભક્તિ, કથા કીર્તન, દાન પુણ્ય કાંઈ કર્યું નથી. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, તમે ભજન નથી કર્યું પણ વારંવાર મંદિરને યાદ કરો છો અને ભાવથી મંદિરની સેવા કરી છે તેથી તેડવા આવ્યા છીએ. ત્યારે તે બાઈએ કહ્યું, મેં મફત સેવી નથી કરી. પૈસા લીધાં છે. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, પૈસા લેતાં સેવા કરી છે ને... માટે ચાલો વિમાનમાં બેસી જાઓ. અલ્પ સેવાને પ્રભુએ મહદ્ સેવા ગણીને પ્રભુએને ધામમાં તેડી ગયા. આ છે સેવા અને હરિ સ્મરણનો પ્રતાપ.

મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, ઉકાખાચરની પેઠે જેને સેવા કરવાનું વ્યસન પડે તેની મલીન વાસના નાશ થઈ જાય છે. શ્રી હરિએ આપણને ઉપદેશ દેવા માટે જાતે સેવા કરેલી છે. સ્વયં પરમાત્મા યાત્રિકો માટે રોટલા બનાવે. એંઠા પત્રવાળાં ઉપાડે. રસોડું સાફ કરે. ગામમાં ભિક્ષા માગવા જાય, છાણા લેવા જાય, અનાજ સાફ કરે. વાસણ માંજે, ચોક વાળે. ખૂબ સેવા કરેલી છે. ભગવાનનો રાજીપો છે તે મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે. કેમ જે સંતની સેવા કરે છે અને ભગવાનના ગમતામાં છે તે ભગવાનને સમીપે જઈને નિવાસ કરશે. ભગવાન અને સંતનો

રાજીપો નથી, ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે તે જરૂર ધામમાંથી હેઠો પડશે. માટે જેમ ભગવાન અને સાચા સંતો રાજી થાય તેમ કરવું.

ભગવાનના આશ્રય વિનાની ભક્તિ સુગંધ વિનાના ફુલ જેવી છે. ખાલી સરોવર જેવી છે. તેવી ભક્તિ ભગવાન સુધી પહોંચતી નથી. ભગવાન સુધી ભક્તિ પહોંચાડવી હોય તો ભક્તિ સાથે હૈયું જોડાવું જોઈએ. દાન પુણ્ય કરવાથી લૌકિક સુખ મળે પણ પોતાનું પરમ કલ્યાણ કરવું હોય અને શ્રીજી મહારાજના અક્ષરધામમાં જવું હોય તો વ્રત, દાન, પુણ્ય અને પરોપકારની સાથે ધર્મ સહિત નવધા ભકિત કરવી જોઈએ. ભક્તિ કર્યા સિવાય મુક્તિ મળતી નથી. દાન પુણ્ય કરવું જરૂરી છે. દાનનું ફળ સ્વર્ગ છે અને ભક્તિનું ફળ ભગવાન છે. આ વાત અવશ્ય સમજી રાખવી. દૂધમાં ઘી છે પણ તેના લાડવા બને નહિ. તલમાં તેલ છે પણ તેમાં ભજીયાં તરાય નહિ. પૃથ્વીમાં પાણી છે પણ તેનાથી તરસ છીપે નહિ. પ્રગટ પ્રભુનો નિશ્ચય કર્યા વિના કલ્યાણ થાય નહિ. ઘી, તેલ અને પાણી પ્રગટ હોય તો જ એનો સ્વાદ મળે. ભગવાનના આશ્રયથી જ કલ્યાણ થાય છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**અજ્ઞાની આત્મપ્રશંસા માટે હંમેશાં તૈયાર હોય છે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૭૪

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ..................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,...................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૭૪) વિધિનિષેધ સત્ય છે. ખોટા કહેનારા નારકી થાય છે.

સ્વામિનારાયણ હરે..

એક વેદાંતી બ્રાહ્મણ સભામાં આવીને બેઠો. શ્રીજી મહારાજ કહે છે કે, વેદાંત શાસ્ત્રને ભણે છે તે વિધિનિષેધને મિથ્યા કહે છે. તે શું સમજીને કહેતો હશે ? (ગ. પ્ર. પ્ર. ૪૨ વચનામૃત) વિધિ એટલે આ કરવું અને નિષેધ એટલે આ ન કરવું. શંકરાચાર્ય વિધિનિષેધનું પ્રતિપાદન કર્યું છે. ભગવદ્‌ગીતા અને વિષ્ણુસહસ્રનામનો પાઠ કરવો વિષ્ણુ ભગવાનની પૂજા કરવી. ઝાઝા ચોમાસા થયા હોય તેને થોડા ચોમાસાવાળાને વંદન કરવું. સારા પવિત્ર બ્રાહ્મણ હોય તેના ઘરની જ ભીક્ષા કરવી. શંક્રાચાર્યજીએ ઘણાક વિષ્ણુના સ્તોત્ર કર્યા છે.

માણસ માત્રને એમ નથી થતું કે આપણે ખૂબ આનંદ કર્યો, બહુ જોયું, બહુ જીવ્યા, બહુ ખાધું, બહુ અનુભવ્યું, બહુ કમાયા, બહુ જાણ્યું, આવું સમજાતું નથી. કામના એવી ચીજ છે. આખી ઉમર ચાલી જાય, છતાં ઈચ્છાઓની તૃપ્તિ થતી નથી, ઈચ્છાઓ અનંત છે.

શંકરાચાર્યજી મહારાજને એક વૃદ્ધબાપા મળ્યા, કેડથી બેવડા વળી ગયા છે. હાથમાં લાકડી, મોઢું ગોખલા જેવું, હોઠ લબડી પડે, માથાનું છાપરૂં ધોળું થઈ ગયું, ચામડીમાં કરચલીઓ પડી ગઈ છે. આખું શરીર ખખડી ગયું છે. શંકરાચાર્યજીએ કહ્યું ! બાપા હાય વોય છોડો ને પ્રભુ ભજો, જીવનું ભાતું કાંઈક બાંધી લો. બાપા કહે :- અમારા સંસારીનું તમને ખબર ન પડે, મારા છોકરા રમતિયાળ છે. વ્યવહારમાં બરાબર ધ્યાન ન રાખે તેથી ખેતરનું ધ્યાન અને ઘરનું ધ્યાન મારે રાખવું પડે છે, આખા કુટુંબની સંભાળ રાખવી તેમાં ભગવાન ક્યાંથી સાંભળે ? એક ખેતર છે ને બીજું ખરીદવાનું છે. સામે એક માળનું મકાન છે તેના ઉપર બીજો માળ બાંધવાનો છે. એટલે બેસી રહે તે ચાલે નહિ. શંકરાચાર્યજીએ કહ્યું, બાપા ! માનવને ઝંઝટ વધારતાં જ આવડે છે. માનવ એવું માને છે કે મને સર્વ પ્રકારનું સુખ મળે, પછી હું ભક્તિ કરીશ, તે કલ્પના ખોટી છે, સુખમાં માણસ ભાન ભૂલે છે. શકરાચાર્યજી તરત બોલ્યા.

**અંગં ગલિતં પલિતં મુંડં દશનવિહીતં જાતં તુંડમ્ ।**
**વૃદ્ધો યાતિ ગૃહિત્વા દંડં તદપિ ન મુંચતિ આશાપિંડમ્ ॥**
**ભજ ગોવિંદં ભજ ગોવિંદં ગોવિંદં ભજ મૂઢમતે ! ।**

કહેવાનો હાર્દ, પ્રભુ ચારવર્ગને દેનારા છે, આપણી યોગ્યતા પ્રમાણે પ્રભુ આપે જ છે. દુનિયાની બધી સત્તા એક આદમીને ભગવાન દેશે તો પણ માણસ ધરાશે નહિ. દુનિયાનું તમામ સૌંદર્ય એક વ્યક્તિને મળશે તો પણ સૌંદર્યના વિકારો જશે નહિ. સૌંદર્ય અને સત્તા તેમાં એને પૂર્ણતા નહિ દેખાય.

સદ્ગુરુનો સહારો અને સત્સંગનો પ્રસાદ અને કથાનું અમૃત જ્યાં સુધી નથી મળ્યું, જ્ઞાન પચ્યું નથી, ત્યાં સુધી જે કાંઈ મળશે તેમાં સંતોષ થશે નહિ. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખો, ઈચ્છાઓથી દૂર થાઓ તો મોક્ષ દૂર નથી.

**એ જાણવું કે આપ અજ્ઞાની છો તે જ્ઞાની બનવાનું પ્રથમ પગથિયું છે.**

પ્રભુ ચાર પુરુષાર્થનું ફલ પ્રદાન કરનારા છે. જેવી ભક્તની ભાવના તેવાં ફળ તેને આપે છે. કોઇ ભક્તને ધર્મ જોઇએ, તો ધર્મમાં અચળતા આપે છે. કોઇને ધન સંપત્તિની ઈચ્છા હોય તો એ આપે છે. સંપત્તિ આપીને રાજી કરે છે. કોઇ ભક્ત કહે કે મારે કાંઇ નથી જોઇતું; તમારા ચરણની સેવા જોઇએ છીએ. તો પ્રભુ તેને મોક્ષ આપે છે. પણ એક શરત જો વાસના રહેશે તો જન્મ ધરવો પડશે. ખોટી વાસના પણ જન્મ ધરાવે ને સારી વાસના પણ જન્મ ધરાવે.

જેટલા પરમહંસ થયા છે તે સર્વેને વિષે જડભરત શ્રેષ્ઠ છે. ભરતજીએ પુલ્હાશ્રમમાં ગંડકી નદી કીનારે તપશ્ચર્યા કરી. મૃગલું નદીમાં તણાતું જોઇ દયા આવી. બચાવી લીધું. પોષણ કરે છે. પણ થયું એવું કે હરિનું સ્મરણ ભૂલાઇ ગયું અને હરણનું સ્મરણ વધતું ગયું. કોઇ સાવધાન કરાવનાર સાથે નથી, તેથી મૃગ સંગાથે પ્રીતિ વધતી ગઇ. અંતકાળ વખતે હરણ યાદ આવ્યું તેથી તેને મૃગનો જન્મ લેવો પડ્યો. ભલા થઇને કોઇમાં આસક્તિ રાખતા નહિ.

ગોપીઆએ ગુણાતિત શ્રી કૃષ્ણ ભગવાન સાથે પ્રીતિ કરી તો ભગવાનના ધામને પામ્યા. ગોપીઓની ભક્તિ કેવી છે ? ગોપીઓની પ્રભુ પ્રત્યે કેવી તન્મયતા છે, ખાવા પીવાનું ભૂલી જાય છે, હાથનો દાગીનો પગમાં પહેરે, પગનો હાથમાં પહેરે, પ્રેમમાં બધી ક્રિયા આડી અવળી થઈ જાય છે, દેહભાવ ભૂલાઈ ગયો છે, શું કરવું તેનો ખ્યાલ રહેતો નથી. કેવળ કૃષ્ણમય બની ગયા છે.

ઘરનાં કામ કાજ બરાબર કરી શકતાં નથી, એક ગોપી પ્રભુનાં કીર્તન ગાતાં ગાતાં શીરો બનાવે છે, ભાવ-વિભોર બની ગઈ છે, આજ મારે ઘરે ભગવાન જરૂર જમવા પધારશે, દર્શન થશે. પછી પ્રેમથી કૃષ્ણને માંખણ મીશરી જમાડીશ, પાસે બેસીને વાતું કરાવીશ,

મન ભગવાનમાં છે ને દેહ રસોડામાં છે, તેથી શીરામાં ખાંડ ને બદલે મીઠું નાખી દીધું. સાસુ - સસરા જમવા બેઠા, તો અમૃત જેવો સ્વાદ, સસરાજી જમતાં જમતાં વખાણ કરે છે, વહુ બેટા, તમારી રસોઈ તે કેવી અમૃત જેવી થાય છે, થોડું જમવું હોય તોય વધારે જમાઈ જાય છે, હું તો ભગવાનને પ્રાર્થના કરૂં છું કે પુત્રવધુ આપો તો તમારાં જેવાં જ સુપાત્ર આપજો.

# ઘર સત્સંગ સભા

ગોપી રાજી થયાં કે સસરાને મારી રસોઈ બહુ ભાવે છે, બધાં એ જમી લીધું પછી છેલ્લે ગોપી જમવા બેઠી, તે શીરો ખારો ઉસ જેવો, ‘‘આ શું ! સસરા કહેતા હતા, રસોઈ અમૃત જેવી છે, પછી ખ્યાલ આવ્યો કે ખાંડને બદલે મીઠું (નીમક) પડી ગયું છે, પણ મારા ભગવાને મારી લાજ રાખી, અમૃત જેવી રસોઈ બનાવી દીધી, નહિંતર સાસુની વઢ ખાવી પડત.

ગોપીના રગે રગમાં ભગવાન રમી રહ્યા છે, તો રસોઈ કેમ અમૃત જેવી ન થાય ! ગોપીઓની આંખમાં ભગવાન, મુખમાં ભગવાન, ચિત્તમાં ભગવાન. આવી રીતે રગે રગમાં પ્રભુ વસી રહ્યા છે, તો તેના હાથની રસોઈ જેવી તેવી ન હોય, પોતે છપ્પન ભોગ જમનારા છે, ઝેરને અમૃત બનાવવાનારા છે, તેની શું વાત કહેવી ! પ્રભુ સ્મરણનો અદ્‌ભુત પ્રતાપ છે.

પ્રીતિ તોડજો રે, જુઠો જાણી કુટુંબ પરિવાર. શ્રી હરિ કહે છે કે, ભગવાન સિવાય બીજે પ્રીતિ રાખે છે તેને ઘોર નરકની પ્રાપ્તિ થાય છે. એમ વાર્તા કરીને શ્રીજી મહારાજ જય સચ્ચિદાનંદ કહીને પોતાને ઉતારે પધાર્યા. ભગવાનનું ચિંતવન કરે છે તે જ મહાન બાબત છે. ઘણા માણસોને માનવ દેહની કિંમત સમજાતી નથી. આખી જીંદગી પૈસા કમાવામાં અને કુટુંબ કબીલામાં જ ગુમાવી દે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।

**વિશ્વનો પ્રત્યેક માનવી અજ્ઞાની છે, ફક્ત પ્રત્યેકનું અજ્ઞાન જુદા જુદા વિષય અંગેનું હોય છે.**

પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૭૫

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

**(૧૭૫) અહંકાર તજો અને હરિ ભજો.**

સ્વામિનારાયણ હરે..

માંગરોળ નગરમાં અભિમાની મેઘજી વણિક રહેતો હતો. રામાનંદ સ્વામીનો શિષ્ય હતો. સમાધિમાં સ્વતંત્ર હતો. ઇચ્છા મુજબ પ્રભુના ધામમાં જાય અને પાછો આવે. મનમાં માને કે, હું પરમ સિદ્ધ છું અને સંતોથી શ્રેષ્ઠ છું. મારા જેવો કોઇ બુદ્ધિશાળી નથી. રામાનંદ સ્વામી ધામમાં ગયા છે તો પણ તેનો દ્રોહ

કર્યા કરે. રામાનંદ સ્વામીનો વારસદાર હું છું. અને રામાનંદ સ્વામીએ વિચાર્યા વિના ગાદી સહજાનંદ સ્વામીને આપી દીધી. સત્તા અને મોટાઈ માટે ઈર્ષ્યાના કારણે અંતર બળ્યા કરે છે. નાનાકડાં ૨૧ વર્ષના બચુકડાને ધર્મની ગાદી આપી દીધી. જમવાનું ભાવતું નથી. રાત્રે નિંદ્રા આવતી નથી. ખૂબ મુંઝાય છે. હવે શું કરવું ?

શ્રીજી મહારાજ સંતો અને ભક્તો વચ્ચે સભામાં વિરાજમાન થયા. મેઘજી સભામાં આવ્યો. પ્રભુને પગે લાગ્યો નહિ અને મુક્તાનંદ સ્વામી સામે હાથ લાંબો કરીને કહે છે, હું રામાનંદ સ્વામીનો કૃપાપાત્ર જૂનો શિષ્ય છું. હું તમારાથી મોટો છું. સમર્થ અને સમાધિનિષ્ઠ છું. ગાદીને લાયક હું છું. અને તમે બધા ભેળાં મળી વનમાં રખડતાં બ્રહ્મચારી આવ્યા છે તેને ગાદી આપી દીધી ? તમને કોઈ જાતનો વિવેક નથી. સંતોનો ખૂબ તિરસ્કાર કરે છે. અપમાન કરે છે.

શ્રીજી મહારાજ કહે છે, મેઘજી ભગત! સાવધાન થઈ જાઓ. સમજી જાઓ. બ્રહ્માદિક દેવોને વંદનીય એવા સંતોનું અપમાન કરો છો તે યોગ્ય નથી. આનું પરિણામ સારું નહિ આવે. ચેતી જાઓ. અમારી આજ્ઞામાં રહેશો તો સુખી થશો. સંતોએ તમારૂં શું બગાડ્યું છે ? તમને ફાવે તેમ બોલો છો ? ધ્યાન રાખજો. ભગવાને ભલભલાના વટ ઉતારી લીધા છે. મેઘજી રોફથી બોલ્યો, આજકાલના આવેલા તે મને તમારી આજ્ઞામાં હેવાનું કહેતા શરમાતા નથી ? હું વયોવૃદ્ધ, તપોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ છું. એટલે ઉંમરમાં તમારાથી મોટો છું. તપમાં પણ તમારી કરતાં આગળ છું. જ્ઞાનમાં પણ શ્રેષ્ઠ જ્ઞાની છું. મારામાં અપાર સામર્થ્ય છે. હું ખૂબ પ્રતાપી છું. જોરથી મેઘજીએ સભામાં પડકાર કર્યો. હે સભાજનો! સાંભળી લ્યો. હું આજથી ચોથે દિવસે સમાધિ કરીને પ્રભુના ધામમાં જઈશ.

શ્રીજી મહારાજે કહ્યું, જા તો ખરો... કઈ રીતે મારા ધામમાં જઈશ ? ખ્યાલ રાખજે... ત્રિશંકુ રાજાની જેમ અધવચ્ચે લટકાવી રાખીશ. જીવપ્રાણીમાત્રની દોરી મારા હાથમાં છે.

જીવાત્માની કેટલી અવડાઈ છે. સાક્ષાત પરમાત્મા કહે છે કે, સમજી જાઓ, છતાં પણ અહંકારી જીવાત્મા સમજતો નથી. જેને દેહાભિમાન હોય તેને ભગવાન અને પ્રગટ સંતો ભક્તો ઓળખાતા નથી. ઓળખવામાં દેહાભિમાન

**અજ્ઞાન ભગવાનનો શ્રાપ છે.**

આડો ગઢ બની જાય છે. દેહભાવ જાય પછી જ દિવ્યભાવની દઢતા થાય છે. જે દાસ બનીને રહે છે તે મહાન બને છે. વચનામૃતમાં શ્રી હરિ કહે છે કે, સત્સંગમાં કોઈના બરોબરિયા થવું નહિ પણ દાસના દાસ થઈને રહેવું. અહંકાર છોડો અને મન હરિમાં જોડો.

શ્રીજી મહારાજે મેઘજી ભક્તને ખૂબ સમજાવ્યો પણ સમજ્યો નહિ. મુંઝાતો અકળાતો ઘરે ગયો. ગામના તમામ માણસોને કહ્યું, ''ચાર દિવસ પછી હું સ્વતંત્રપણે પ્રભુના ધામમાં જવાનો છું. તમે બધાં મારા ઘરે જમવા આવો.'' મુસલમાન, ચંડાળ અને આસુરી નાસ્તિક માણસોને ખૂબ જમાડ્યા. પણ વૈરભાવના લીધે શ્રીજી મહારાજ અને તેમના સંતો અને હરિભક્તોને કોઈને જમાડ્યા નહિ. જેટલી સંપત્તિ હતી તા આસુરીમાં વેડફી નાખી. વિનાશકાળે વિપરિત બુદ્ધિ.

ચોથો દિવસ થયો. સૂર્ય ઉદય થયા અને મેઘજી પદ્માસન વાળી બેસી ગયો. માંગરોળના તમામ માણસો જોવા આવ્યા છે. ચાલો, મેઘજી જીવતાં સમાધિ લેશે. જોયા જેવું થશે. હજારો માણસો તમાશો જોવા આવ્યા છે. મેઘજી વટથી બેઠો. પ્રાણાયમ શરૂં કર્યાં. પ્રાણને ખેંચીને હૃદયમાં લઈ આવ્યો. હૃદયમાંથી પ્રાણને બ્રહ્મરંધ્રમાં લઈ જાય છે પણ પ્રાણ બ્રહ્મરંધ્ર સુધી જતો નથી. હવે શું કરવું ? પ્રાણ કંઠમાં ભરાઈ ગયો. પ્રાણ ઉંચો જતો નથી અને નીચે ઉતરતો નથી. મુંઝાય છે અને અકળાય છે. બોલાતું નથી. પગ પછાડે છે. તરફડિયાં ખાય છે. પણ જીવ દેહમાંથી નીકળતો નથી. હૃદયમાં આવતું નથી. પાણી વિના માછલું તરફડે તેમ તરફડે છે. પસ્તાવાનો પાર નથી. પાંચ દિવસ સુધી ખૂબ રીબાયો. પ્રભુએ ભલભલાના વટ ઉતારી દીધા છે.

સગાં સંબંધી બહુ રડે છે. મેઘજી હાથની સંજ્ઞાથી કહે છે, સહજાનંદ સ્વામીને બોલાવી લાવો... જલદી બોલાવી લાવો. સંબંધી શ્રી હરિ પાસે આવ્યા. પ્રાર્થના કરી. હે પ્રભુ! મેઘજીભાઈના ગુન્હા સામે નહિ જોતા, એમને જીવતદાન આપો. બહુ દુઃખી છે. તરફડિયાં ખાય છે. તેને સુખી કરો. આજથી અમે બધા તમારા ચરણે અને શરણે છીએ. અમારે ઘેર પધારો.

દુનિયામાં સૌથી વધારામાં વધારે માફી આપનાર એક પરમાત્મા છે.

# ઘર સત્સંગ સભા

ગમે તેટલા ગુન્હા કર્યાં હોય પરંતુ શરણે જાવ અને નિષ્કપટપણે પોકાર કરો. તમામ અપરાધને પ્રભુ માફ કરે છે. પ્રભુ અપાર દયાળુ અને ઉદાર છે. દયાળુ પરમાત્મા મેઘજી ભક્તને ઘેર પધાર્યા. કૃપાદષ્ટિ કરી કે તુરંત નાડીપ્રાણ ઠેકાણે આવી ગયા. મેઘજી ભક્ત સફાળા બેઠા થઈ ગયા. પ્રભુના ચરણ પકડી લીધાં. હે પ્રભુ, મને માફ કરો. મારાથી જેમતેમ બોલાઈ ગયું છે. સંતોનો અપરાધ થઈ ગયો છે. ક્ષમા કરો અને તમારા શરણે રાખો.

શ્રીજી મહારાજે કહ્યું, મેઘજીભાઈ, દેહત્યાગ કરવાની કોઈ જરૂર નથી. ભગવાનનું ભજન સ્મરણ કરો અને નમ્રતા પૂર્વક સત્સંગમાં રહો. મેઘજી ભક્ત બે હાથ જોડીને કહે છે, તમે જેમ કહેશો તેમ કરીશ. તમારો દાસ થઈને રહીશ.'' સમજવા જેવી કથા છે. ભગવાનની આજ્ઞા લોપે છે તેનો ચોક્કસ અનાદર થાય છે.

પરમાત્માની આવી અલૌકિક લીલા જોઈને નગરવાસી પ્રજાજનો આશ્ચર્ય પામી ગયા. આ સહજીનંદ સ્વામી સાક્ષાત પરમેશ્વર છે. એવું માનીને હજારો મનુષ્યો શ્રી હરિના આશ્રિત થયા. અનેક જીવાત્માનો ઉદ્ધાર કરવા પ્રભુ આ લોકમાં પધાર્યા છે. અહંકારીથી અવિનાશી આઘા રહે છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે,

અમને ભક્તિનો, ત્યાગનો, વૈરાગ્યનો, સમજણનો કે વર્તમાન પાળ્યાનો ઈત્યાદિક કોઈ પ્રકારનો અહંકાર ગમતો નથી. કેમ જે અહંકાર તો દેહાત્મબુદ્ધિને જ દઢ કરાવે છે. અહંકારી માણસને કોઈની વાત જલદી મનાતી નથી. તેણે કરીને ભગવાનનો તથા સંતોનો અપરાધ થાય છે. માટે અહંકાર તજો અને પ્રભુને ભજો. ભૂલ થઈ જાય તે સહજ છે અને ભૂલ સુધારવી તે આપણી ફરજ છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

**અજ્ઞાન એ નિર્દોષતા નથી પણ પાપ છે.**

### ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૭૬

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૭૬) સમાધિ પ્રકરણ.

સ્વામિનારાયણ હરે..

શ્રી સહજાનંદ સ્વામીનો પ્રૌઢ પ્રતાપ ચારે દિશામાં ફેલાઇ ગયો. પ્રભુએ

સમાધિ પ્રકરણ શરૂં કર્યું. પ્રભુના પ્રતાપથી અનેક માણસોને સમાધિ થાય છે. વિચારવા જેવા વાત છે. સમાધિ જેને તેને થાય નહિ. અષ્ટાંગ યોગ સાધતાં વર્ષો વીતી જાય તોય સમાધિ થાય નહિ. સમાધિ થવી કાંઇ સહેલી નથી. યોગની ક્રિયા શીખવી પડે પણ શ્રીજી મહારાજની કૃપાથી સહેજે સહેજે સમાધિ થાય. કાંઇ કરવું ન પડે અને સમાધિ થાય. ભગવાન ધારે તે કરી શકે. નાડી પ્રાણ પ્રભુના હાથમાં છે.

આ વાતની દેરાસરના પૂજારી શ્રાવકો અને વણિકોને ખબર પડી તેથી તેઓ પ્રભુની પાસે આવ્યા. તમે જો અમારા ઈષ્ટદેવના દર્શન કરાવો તો જ અમને વિશ્વાસ આવે કે વાત સાચી છે કે ખોટી. શ્રીજી મહારાજે કહ્યું, બેસો મારી સામે. બધાં પ્રભુ પાસે બેઠા. હવે એક નજરે મારી સામે જુઓ. જ્યાં શ્રી હરિ સામે જોયું ત્યાં સર્વેના નાડીપ્રાણ તણાઈ ગયા અને સ્થિર થઈ ગયા.

સમાધિમાં ઋષભદેવની સાથે ચોવીસ તીર્થંકરના દર્શન થયાં. ગામમાં આ પવન વેગે ફેલાઈ ગઈ કે શ્રાવકો બધાં મરી ગયા. સગાં સંબંધી અને ગામના લોકો રડતાં રડતાં ભગવાન પાસે આવ્યા. હે સ્વામિનારાયણ, તમે આ શું કર્યું ? બધાને મારી નાખ્યા. શ્રી હરિએ કહ્યું, માર્યા નથી પણ તાર્યા છે. બોલાવો, બધાં બોલશે.

નામ લઈ લઈને બોલાવ્યાં ત્યાં બધાઆં વારા ફરતી સમાધિમાંથી જાગી ગયા. પ્રભુના ચરણમાં પ્રણામ કર્યાં. પ્રભુ, આપ સાક્ષાત પરમેશ્વર છો. અમને અમારા ઈષ્ટદેવના દર્શન થયાં. આવી રીતે નાડીપ્રાણ ખેંચાઈ જાય અને સમાધિ થાય એ પરમાત્મા સિવાય કોઈથી થઈ શકે નહિ. આજથી અમે તમારા શરણે છીએ. હજારો માણસો ગામ માંગરોળમાં આવે છે. શક્તિના ઉપાસકો કહે છે, અમને અમારી શક્તિદેવીનાં દર્શન કરાવો. પ્રભુ તેને સમાધિ કરાવે. ગણપતિના ઉપાસકોને ગણપતિના દર્શન કરાવે. જે જેના ઈષ્ટદેવ હતા તેને તે રૂપે દર્શન થવાં લાગ્યા.

**રામ ઉપાસી રામને દેખે, કૃષ્ણ ઉપાસી કૃષ્ણને દેખે ।**
**નૃસિંહ ઉપાસી નૃસિંહને દેખે, દેખે ઇષ્ટ થાય દિલ દંગ ॥**

સૌને નિશ્ચય થઈ ગયો કે આ સહજાનંદ સ્વામી ચોક્કસ ભગવાન છે તેથી

**કોઈ પણ વિષયમાં અધૂરા જ્ઞાન કરતાં તે વિષયનું અજ્ઞાન વધુ સારું છે.**

પ્રભુના આશ્રિત થયા. શ્રી હરિએ સૌને પોતાના સ્વરૂપમાં ખેંચી લીધા. કોઈને જપ દ્વારા, કોઈને સમાધિ દ્વારા. જેમ ગોદડાંની થપ્પી કરે તેમ સમાધિમાં બધાંને ખડકી મૂકે. કોઈને પંદર દિવસ, કોઈને આઠ દસ દિવસ, કોઈને મહિનો, કોઈને બે મહિના થાય ત્યારે સમાધિમાંથી જાગે. કોઈને ૬ મહિને જગાડે. જોરદાર સમાધિ પ્રકરણ ચાલુ કર્યું.

શ્રીજી મહારાજનું ચંદન પુષ્પાદિક મંગલ પદાર્થથી પૂજન કરે અને આરતિ ઉતારીને ધન્યતા અનુભવે. જીવન ધન્ય બની ગયું. આ વાતની માંગરોળ નગરમાં મુસલમાન વ્રજદિન નામે રાજાને ખબર પડી. પોતાના અનુચર કાજીને કહ્યું, વાત સાચે છે કે ખોટી ? તમે ત્યાં જાઓ અને તપાસ કરો. કાજી આવ્યો પ્રભુ પાસે. મને મારા ઈષ્ટદેવના દર્શન કરાવો તો સાચું માનીએ.

શ્રીજી મહારાજે કાજી સામે કૃપાદષ્ટિ કરી કે તુરંત સમાધિ થઈ ગઈ. શ્વેત પ્રકાશ મધ્યે ૨૪ પેગંબરોના દર્શન થયાં. આશ્ચર્યનો પાર ન રહ્યો. આનંદ છવાઈ ગયો. આજે મારૂં જીવન સફળ થયું ! સમાધિમાંથી જાગૃત થયા. પ્રભુને નમસ્કાર કરી ચરણનો સ્પર્શ કર્યા. હે પ્રભુ, તમે અમારા ઈષ્ટદેવ છો. કાજી દોડતો રાજા વ્રજદિન પાસે આવ્યો. બનેલી વાત કહી સંભળાવી. રાજા આશ્ચર્ય પામી ગયા. પ્રભુમાં ભાવ ભક્તિ વધી ગઈ. જે કાંઈ દુષણો હતા એ બધાંનો ત્યાગ કરી પ્રભુના આશ્રિત થયા. પ્રભુએ ધર્મ નિયમની બધી રીતભાત શીખવી.

વ્રજદિન રાજાએ પ્રભુને પ્રાર્થના કરી, તમે પ્રજામાં ખૂબ સુધારો કર્યો છે. ભરાડીને ભક્ત બનાવ્યા છે. દુર્જનને સજ્જન બનાવ્યા છે. દુરાચારીને સદાચારી બનાવ્યા છે તો થોડા દિવસ રોકાઈ જાવ અને ઉપદેશ આપો. શ્રીજી મહારાજ કહે છે, સમા પર રહેવું સાવધાન, ભલી ભક્તિ કરવી નિદાન. આ સંસાર ઉંડા કૂવા જેવો છે. સુખ સાહેબી, અનેક જાહોજલાલી આ જીવે અનંત વાર ભોગવી લીધાં છે. પાણીનું બુંદ જ્યાં સુધી વૃક્ષના પાંદડા ઉપર હોય ત્યાં સુધી હીરાની જેમ મોતી જેવું ચળકાટ કરે. પણ પવનની લહેર એટલે પછી ધૂળ ભેગું ધૂળ થઈ જાય. ગોત્યું પણ મળે નહિ. માટે જગતની તમામ આસક્તિ મૂકીને પ્રભુનાં ચરણ સેવી લેવાં.

# ઘર સત્સંગ સભા

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;..................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

# સભા-૧૭૭

૧. જય સદ્‌ગુરુ સ્વામી,..........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**એવો પણ સમય આવે છે જ્યારે અજ્ઞાન
એ વરદાન સિદ્ધ થાય છે.**

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૭૭) મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ.

સ્વામિનારાયણ હરે..

શ્રી સહજાનંદ સ્વામી સૌને સમાધિ કરાવે છે. અનેક મનુષ્યોનાં નાડીપ્રાણ ખેંચાઈ જાય. મુક્તાનંદ સ્વામી કચ્છદેશમાં ભુજનગરમાં સંતો ભક્તોની સાથે સત્સંગ કરાવે છે. ત્યાં સમાચાર મળ્યા કે સહજાનંદ સ્વામી અનેકને સમાધિ કરાવે છે. આ વાત સ્વામીને ગમી નહિ. મુંઝાઈ ગયા. સમાધિ થવી કે કાંઇ રમતની વાત નથી. અષ્ટાંગયોગ સાધ્યા સિવાય સમાધિ થાય નહિ. રામાનંદ સ્વામીએ મહા મહેનતે સત્સંગ વિકસાવ્યો છે ને આ સહજાનંદ સ્વામી બહુ ફેલ કરે છે. હવે શું કરવું ? વિચાર કરતાં થઈ ગયા. મુક્તાનદં સ્વામી એક સંતને સાથે લઈને મેઘપુર આવ્યા. પ્રભુને એકાંત ઓરડીમાં લઈ ગયા અને ઠપકો આપે છે.

હે સહજાનંદ સ્વામી, તમે સત્સંગમાં ફેલ કરો છે તે બરાબર નથી. જેને તેને સમાધિ કરાવો છો તે પાખંડ મૂકી દો અને જેમ બધાં સાધુ રહે છે તેમ તમે રહો. મોટા યોગી અષ્ટાંગયોગ સાધીને થાકી જાય તેમ છતાં સમાધિ થાય નહિ અને તમે જેને તેને સમાધિ કરાવો છો તે વાત કદાચ બીજા માનશે પણ હું માનવાનો નથી.

ત્યારે પ્રભુ ધીરેથી નમ્રતાપૂર્વક બોલ્યા, સમાધિ રામાનંદ સ્વામીની ઈચ્છાથી થતી હશે બાકી અમે કાંઇ કરતા નથી. આવી વાત કરે છે ત્યાં સંતદાસજી પ્રભુના દર્શન કરવા આવ્યા. પગે લાગીને બેઠા. ત્યાં સંતદાસજીના નાડીપ્રાણ ખેંચાઈ ગયા અને સમાધિ થઈ ગઈ. શ્રી હરિ કહે છે, મુક્તાનંદ સ્વામી, તમે નાડી પરીક્ષા જાણો છો ? તો સંતદાસજીના હાથ પગની નાડી જુઓ. ઉઠી શકે તો ઉઠાડો. મુક્તાનંદ

સ્વામી નાડી જુવે છે પણ કાંઇ ખબર પડતી નથી. હૃદયના ધબકારા બંધ છે. શબવત્ થઈ ગયા છે. સ્વામી ઊંડા વિચારમાં ઉતરી ગયા. કાંઈ સૂઝ પડતી નથી. મુંઝાય ગયા. હવે શું કરવું ?

થોડા સમય પછી સંતદાસજી સમાધિમાંથી જાગ્યા. પ્રભુને પગે લાગ્યા. પ્રભુ કહે છે, સંતદાસજી, તમને સમાધિમાં પ્રભુનાં દર્શન થયાં છે તેની વાત કહી સંભળાવો. ત્યારે સંતદાસજી કહે છે, હું સમાધિમાં અક્ષરધામમાં ગયો હતો. ત્યાં શીતળ શ્વેત તેજના પુંજમાં દિવ્ય સિંહાસન પર સહજાનંદ સ્વામી બિરાજમાન છે. ત્યાં રામાનંદ સ્વામી બે હાથ જોડી સ્તુતિ કરતા જોયા. શિવ બ્રહ્માદિક અનંત દેવતાઓ, ઋષિમુનિઓ પ્રભુની સેવામાં છે. સહજાનંદ સ્વામી સમર્થ મૂર્તિ છે. અનંત કોટી બ્રહ્માંડના નિયંતા છે.'' સંતદાસજી કહે છે, હે મુક્તાનંદ સ્વામી, મને રામાનંદ સ્વામીએ કહ્યું છે કે તમે મુક્તાનંદ સ્વામીને સમજાવજો. સમાધિ કરાવનાર સર્વોપરી શ્રી હરિ છે. એની ઈચ્છાથી સમાધિ થાય છે. શંકા કરવા જેવું નથી. શાંતિથી ભજન કરો.

મુક્તાનંદ સ્વામીએ આ વાત સાંભળી પણ સંતોષ થયો નહિ. મનમાં શંકા થયા કરે છે કે, સમાધિ થવી તે કઠણ કામ છે. જેને તેને સમાધિ થાય જ નહિ. પછી શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામી અને ભક્તજનો સાથે ગામ કાલવાણી પધાર્યા. મંદિરમાં ઉતારો કર્યો. માધવદાસ અને જેઠામેરની સાથે મુક્તાનંદ સ્વામી સ્નાન કરવા જાય છે. મુક્તાનંદ સ્વામીએ તુંબડી ભરી. ખાખરાના વનમાં ચાલ્યા જાય છે. ઉંડા વિચારમાં ઉતરી ગયા છે. ત્યાં એક આશ્ચર્ય સર્જાયું.

જગદ્‌ગુરુ રામાનંદ સ્વામીના દિવ્ય સ્વરૂપે સાક્ષાત દર્શન થયાં. મુક્તાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો. સાષ્ટાંગ પ્રણામ કરી પગે લાગ્યા. ગદ્‌ગદિત થઈ ગયા. આંખમાં આંસુ આવી ગયા. રામાનંદ સ્વામી કહે છે, સ્વામી, તમે ચિંતા ન કરો. **"હું તમને વારંવાર કહેતો હતો કે હું તો ડુગડુગીનો વગાડનારો છું. ખેલ ભજવનારા હવે આવશે."**

જે આ સહજાનંદ સ્વામી છે. તે સાક્ષાત પુરુષોત્તમ નારાયણ છે. હું તો ઉધ્ધવનો અવતાર છું. અને એ તો અવતારના અવતારી છે.

**જેનામાં સારાસાર સમજવાની શક્તિ હોય તેની સાથે વાદવિવાદ હોઈ શકે પરંતુ અજ્ઞાની સાથે નહિ.**

તમે સહુ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. એ આપણા ઈષ્ટદેવ છે.'' આટલું કહી રામાનંદ સ્વામી અંતર્ધ્યાન થઈ ગયા. મુક્તાનંદ સ્વામીનો સંશય ટળી ગયો. અંતરના આનંદ સાથે કીર્તન ગાતાં ગાતાં ચાલ્યા આવે છે. ''આજે મારી ભ્રમણા ભાંગી ગઈ. ભ્રાંતી ટળી ગઈ.''

**ભ્રમણા ભાંગી રે હૈયાની, નથી રે કોઇને વાત કહ્યાની,**

**વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મન ઇર્ષ્યા આણે...**

મુક્તાનંદ સ્વામીએ પુષ્પ વીણીને સુંદર મજાનો હાર બનાવ્યો. ચંદન ઘસીને તૈયાર રાખ્યું. શ્રીજી મહારાજ સ્નાન કરીને સંતો ભક્તોની સાથે મંદિરે પધારે છે. મુક્તાનંદ સ્વામી રામાનંદ સ્વામીની પ્રસાદીની ચાખડી લઈ આવ્યા. અને કહ્યું, હે મહાપ્રભુ, ચાખડી પહેરો. શ્રીજી મહારાજે કહ્યું, આ તો ગુરુજીની ચાખડી છે. તે અમારાથી પહેરાય નહિ. મુક્તાનંદ સ્વામી બોલ્યા, મેં તમને બરાબર ઓળખી લીધા છે. તમે ગુરુના પણ ગુરુ છો. સાક્ષાત પરમેશ્વર છો. રાજીપે ચાખડી પહેરો અને અમારી આશા પૂરી કરો. શ્રીજી મહારાજે ચાખડી પહેરી અને ચાલતા થયા. મંદિરમાં પધાર્યા.

મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજનો હાથ ઝાલીને કહ્યું, હે પ્રભુ, આ ગાદી તકિયા ઉપર આપ બિરાજો. પ્રભુ બોલ્યા, આ ગાદી તકિયા તો આપણા ગુરુજીના છે. તે ઉપર અમારાથી બેસાય નહિ. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, હે મહારાજ, આપ સમગ્ર સૃષ્ટિના ગુરુ છો. અતિ આગ્રહ કરીને બેસાડ્યા. ષોડશોપચારથી પૂજા કરી, ભાલમાં ચંદન ચર્ચી, હાર પહેરાવ્યો ને આર્તિ પ્રગટાવી. આરતિ ઉતારે છે.

**જય સદ્‌ગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી...**

આપણે દરરોજ આરતિ બોલીએ છીએ તેમાં એક લીટી બહુ યાદ રાખવા જેવી છે.

**પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે, કાળ કર્મથી છૂટી, કુટુંબ સહિત તરશે...**

કર્મ જગતના દરેક મનુષ્યને ભોગવવું પડે છે. તેમાંથી કોઇ છૂટી શકતું નથી. પરંતુ આપણને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તે કાળ અને કર્મ પર લીટી મારી શકે છે. કાળ, કર્મ, પ્રારબ્ધ બધું જ પ્રભુને આધીન છે. આપણા પ્રારબ્ધ

ફેરવી શકે છે. આપણે ફક્ત પ્રભુના ગમતામાં રહેવાનું છે.

મુક્તાનંદ સ્વામીએ આરતિ ઉતારી, દંડવત્ પ્રણામ કર્યાં. પ્રદક્ષિણા કરી અને પ્રેમ પૂર્વક પ્રભુના ચરણાર્વિંદ પોતાના છાતીમાં લીધાં. આવું જોઇ સંતો અને હરિભક્તો આશ્ચર્ય પામી ગયા. સ્વામી ઉદાસ રહેતા હતા અને ઓચિંતું શું થયું ? અતિ આનંદમાં દેખાય છે. મુક્તાનંદ સ્વામી કહે છે, આજે મને ખાખરાના વનમાં રામાનંદ સ્વામીનાં દિવ્ય સ્વરૂપે દર્શન થયાં છે. તેમણે કહ્યું તે, સ્વામી, ચિંતા ન કરો. સહજાનંદ સ્વામી સાક્ષાત પરમેશ્વર છે. તેની લીલામાં જરાય શંકા કરાય નહિ. સહજાનંદ સ્વામી કહે તેમ તમે સૌ કરજો. એમની આજ્ઞામાં રહેજો.

આવું સાંભળી સંતો અને હરિભક્તોને શ્રીજી મહારાજનો પરિપક્વ નિશ્ચય થયો. શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામી પર અતિ પ્રસન્ન થયા. પોતે જે પુષ્પનો હાર પહેર્યો હતો તે સ્વામીને પહેરાવ્યો. જેમ નિરોગી માણસને બહુ ભૂખ લાગે છે તેમ પવિત્ર ભક્તજનને પ્રભુનાં શાસ્ત્રો વાંચવાની બહુ ઇચ્છા થાય છે. પ્રભુનું સ્મરણ બુદ્ધિને પવિત્ર કરે છે. મનન મનને પવિત્ર કરે છે. આ ગ્રંથ હારેલાંને હિંમત આપે છે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે<br>
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।<br>
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ।।૩૯।।<br>
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।<br>
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ।।૪૦।।<br>
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।<br>
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ।।૪૧।।

**અજ્ઞાની માટે મૌન સૌથી શ્રેષ્ઠ છે અને જો તેને આ યુક્તિ સમજાઈ જાય તો તે અજ્ઞાની જન રહે.**

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,..........

## સભા-૧૭૮

૧. જય સદ્‌ગુરુ સ્વામી,........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

**કથા-વાર્તા**

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૭૮) નિષ્કામ ભક્તને ભગવાન પોતાની સેવામાં રાખે છે.

સ્વામિનારાયણ હરે..

શ્રીજી મહારાજ કરૂણા દષ્ટિ કરીને બોલ્યા જે, સાંભળો, એક પ્રશ્ન પુછીએ છીએ જે, ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને નથી ઈચ્છતા. તે ચાર પ્રકારની મુક્તિ તે શું ? તો...

**મત્સેવયા પ્રતીતં ચ, સાલોક્યાદિ ચતુષ્ટયમ્ ।**
**નેચ્છન્તિ સેવયા પૂર્ણાઃ, કૃતોન્યત્કાલવિપ્લુતમ્ ॥**
**સાલોક્ય સાર્ષ્ટિ સામીપ્ય, સારુપ્યૈ કત્વમપ્યુત ।**
**દીયમાનંન ગૃહણન્તિ, વિના મત્સેવનં જનાઃ ॥**

**સાલોક્ય એટલે ભગવાનના લોકમાં રહેવું.**
**સાર્ષ્ટિ એટલે ભગવાન સરખું ઐશ્વર્ય પામવું.**
**સામિપ્ય એટલે ભગવાનના સમીપે રહેવું.**
**સારૂપ્ય એટલે ભગવાનના સરખું રૂપને પામવું.**

આ ચાર પ્રકારની મુક્તિને ભગવાનના ભક્ત ઈચ્છતા નથી. કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે છે. (ગ. પ્ર પ્ર. )

ગઢપુરમાં મંદિરનું કામકાજ જોશભેર ચાલતું હતું. જેની જેવી શકિત તે પ્રમાણે સૌ સેવા કરે. સેવા કરતા જોઈને શ્રીજી મહારાજ ખૂબ રાજી થાય. કડિયા મંદિરનું કામકાજ કરતા હતા. તેના નીચે જે ચૂનો ઢોળાય તેની સફાઈ ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી સાવરણો લઈને કરતા હતા. તેથી બ્રહ્મચારીના વાસા ઉપર ચૂનો પડેલો જોઈને શ્રીજીમહારાજે પોતાના હાથે તેમના વાસા ઉપરથી ચૂનો ખંખેરી નાખ્યો, અને બોલ્યા, બ્રહ્મચારીજી આવો આપણે મળીએ, એમ કહી બાથમાં લઈ ભેટીને સેવાનો આનંદ વ્યકત કરી રાજીપો દર્શાવ્યો.

સ્વભાવિક રીત છે, બાપ જેમ કહે તેમ દીકરો કરે તો બાપ રાજી થાય. પતિ જેમ કહે તેમ પત્નીકરે તો પતિ રાજી થાય, ગુરુ કહે તેમ શિષ્ય કરે તો ગુરુ રાજી થાય. શેઠ કહે તેમ નોકર કરે તો શેઠ રાજી થાય. રાજા કહે તેમ પ્રજા કરે તો રાજા રાજી થાય તેમ ભગવાન કહે તેમ ભકત કરે તો ભગવાન રાજી થાય. આ જગતની અંદર આપણે ઘણાય સગાં સબંધીને રાજી કર્યા, હવે તો ભગવાન અને સંતને રાજી કરવા છે એવો દઢ ઠરાવ કરી રાખવો. ભગવાનનું વચન લોપવાથી સો ઘણું દુઃખ થાય છે. વચનમાં વર્તવામાં જ સુખ છે.

જન્મ જન્માંતરનાં પુણ્ય ભેગાં થાય ત્યારે વચનામૃત વાંચવાનો અને સાંભળવાનો લ્હાવો મળે છે. એમાં પણ આ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની મધુર વાણી છે. આ ગ્રંથ વ્યકિતને શાંતિ અને સમાજને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે. ભગવાન સ્વામિનારાયણના ગુણ ચરિત્રથી ભરપુર છે.

ભગવાનમાં ગાઢ પ્રેમ થાય એ જ આ વચનામૃતનું મૂળ છે. જે કાંઈ આપણા જીવનમાં કાચ્યપ હોય તે એકાંતિક ભક્ત તેના સમાગમે કરીને ટાળવી. નિષ્કામી ભક્તો ભગવાનને બહુ વ્હાલા લાગે છે.

**અજ્ઞાનનું દુઃખ એ સૌથી મોટું દુઃખ છે.**

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

**કીર્તન**

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

**ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ**

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિં તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઇ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**સ્વાભાવિક ચેષ્ટા**

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૭૯

૧. જય સદ્‌ગુરુ સ્વામી,...........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ....................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,........................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,..........................................

**થાળ**

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

# ઘર સત્સંગ સભા

## કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૭૯) નરકના કુંડ ખાલી કર્યા.

સ્વામિનારાયણ હરે..

સહજાનંદ સ્વામી સંતો ભક્તોની સાથે અગત્રાઈથી કાલવાણી પધાર્યા. પ્રભુ ગાદી તકિયા ઉપર બિરાજમાન છે. સામે સંતો અને ભક્તો બેઠા છે. ત્યાં ભીમભાઈ પ્રભુનાં દર્શન કરવા આવ્યા. પગે લાગીને સભામાં બેઠા. પછી ધીરેથી વાત કરી કે,હે પ્રભુ, આ લોકમાં એવી રાજનીતિ છે કે જ્યારે રાજાને ઘરે પુત્રનો જન્મ થાય ત્યારે રાજા અતિ આનંદમાં આવી જાય. ખુશાલીમાં સૌને દામ દક્ષિણા આપે અને જેલમાં પુરેલાં ગુન્હેગારને જેલમાંથી છૂટા કરે.

રાજા જ્યારે પોતાના રાજકુંવરને રાજગાદી સોંપે ત્યારે નવા રાજા અતિ આનંદમાં આવી જાય ત્યારે ખુશાલીમાં અનેકને રાજી કરે. અને બંદીવાનને જેલમાંથી છૂટા કરે. તો હે પ્રભુ, તમને રામાનંદ સ્વામીએ ધર્મની ધર્મધૂરા સોંપી છે, રાજાધિરાજ થયા છો તો તમે બંદીવાનને બંધનથી છૂટા કરો. નરકના કુંડ ખાલી કરાવો. હે પ્રભુ, જમપુરીમાં અનેક વર્ષોથી અનેક પાપી જીવાત્માઓ નરકના કુંડમાં રીબાઈ રહ્યા છે. પીડાય છે. અતિ દુઃખી થાય છે. તેને દુઃખથી મુક્ત કરો. સર્વેને સુખિયા કરો. કોઈ સંતને ત્યાં મોકલીને નરકથી રીબાતા પ્રાણીને છૂટા કરો. ત્યારે શ્રીજી મહારાજે સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું, સ્વામી, તમે અખંડ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ મંત્રનો જોરથી જપ કરતાં કરતાં યમલોકમાં જાઓ. સ્વામિનારાયણ મહામંત્રનો સ્વર પાપી જીવાત્માના કાને સંભળાશે કે તેમની નરક કુંડથી મુક્તિ થશે.

સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં બેઠા. દિવ્ય દેહે યમલોકમાં ગયા. ઉચ્ચ સ્વરે મહામંત્રની ધૂન કરે છે. સ્વામીએ કહ્યું, હે પાપી જીવાત્માઓ! તમે અંતરના ભાવથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ તાલી બજાવીને ધૂન કરો. મહામંત્રનો જપ કરતાં પાપી જીવાત્માઓના પાપ બળી ગયા. અને નરકના કુંડમાં પીડાતા સર્વે પાપી જીવાત્માને દિવ્ય દેહ પ્રાપ્ત થયો. પાપી

**છ રીતે અજ્ઞાનીને ઓળખી શકાય : કારણ વગર ગુસ્સે થાય, લાભ વગર બોલે, પ્રગતિ વિના પરિવર્તન પામે, કામનું હોવા છતાં પૂછપરછ કરે, અજાણી વ્યક્તિમાં વિશ્વાસ મૂકે અને દુશ્મનને મિત્ર માને.**

જીવાત્માઓ રાજી રાજી થઇ ગયા. સ્વામીને બે હાથ જોડી નમસ્કાર કરી, પગે લાગીને બોલ્યા, હે સ્વામીજી, તમે અમને ધન્ય કરી દીધા. ભયંકર દુઃખમાંથી બચાવી લીધા.

સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું, તમે ભૂમાપુરુષના લોકમાં જાઓ. ત્યાં તો અનેક વિમાન આવ્યા. ચતુર્ભુજ રૂપ ધારણ કરી પાપી જીવાત્માઓ તેમાં બેસી ગયા. નરકના તમામ કુંડ ખાલી થઇ ગયા. એક પણ ગુન્હેગાર નથી. જમદૂતો નવરા થઇ ગયા. આંટા મારે છે. પસ્તાય છે. હવે શું ખાશું અને શું કરશું? મુક્તાનંદ સ્વામીની કીર્તનની ઝલક જોઇએ.

**સર્વે નરકના કુંડ ખાલી કર્યા,**
**ભૂખ્યા જમગણ રે, કર ઘસી પસ્તાય... બદ્રિપતિ પ્રબળ પ્રતાપ છે.**

સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાંથી જાગૃત થયા. બનેલી તમામ બાબત સૌને કહી સંભળાવી. સૌ ભક્તજનો આશ્ચર્ય પામી ગયા. દયાળુ પ્રભુ પતિત જીવોને પુનિત કરનારા છે. અધમનો ઉદ્ધાર કરનારા છે. શ્રીજી મહારાજે કહ્યું, આ અવતારે અમારે અનંત જીવાત્માનો ઉદ્ધાર કરવાનો છે. અમારા સંતો દ્વારે અનેકનો ઉદ્ધર થશે. સંકલ્પ માત્રથી અનેકનું કલ્યાણ થશે. આવી વિશાળ કલ્યાણની ભાવના જોઇ સૌ ભક્તજનો ખૂબ રાજી થયા.

(સર્વે સાથે મળીને બોલવું)
શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;;.................

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥

# ઘર સત્સંગ સભા

એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

### સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

## સભા-૧૮૦

૧. જય સદ્‌ગુરુ સ્વામી,.........................................................
૨. રામકૃષ્ણ ! ગોવિન્દ ! જય જય ગોવિન્દ ! ...................................
૩. નવીનજીમૂતસમાનવર્ણં,......................................................
૪. નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ.................................
૫. વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા,.........................................

### થાળ

જમો થાળ જીવન જાઉં વારી, ધોઉં કર ચરણ કરો ત્યારી.............

### કથા-વાર્તા

મંગલાચરણ-શ્લોકઃ જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે વેદો સ્તુતિ ઉચ્ચરે,.........

### (૧૮૦) ભુજધામ બદ્રિકાશ્રમ જેવું તીર્થધામ છે.

સ્વામિનારાયણ હરે..

ભગવાનનું સ્મરણ કરવાથી સુખ મળે અને ભજન ભક્તિ કરે તેના ભવદુઃખ ટળે એટલે જન્મ મરણનું દુઃખ ટળે છે. પ્રભુ સુખના ધામ છે. એક જગ્યાએથી તમામ સુખ મળતું હોય તો બીજી જગ્યા શા માટે દોડધામ કરવી પડે. માનવને

**વનમાં અંદર નકામી કા કા કરતા કાગડાની જેમ બોલતો બુદ્ધિ વગરનો માણસ વખાણ કે નિંદા કરે તેનો શો અર્થ ?**

દોડધામ કરવાની મજા આવે છે. બહુ દોડો નહિ, થાકી જશો. એક પરમાત્માનું શરણું લઈ લ્યો. વિચાર્યા વિના જ્યાં ત્યાં માથા મારવા નહિ. વર્ષો સુધી જંગલના જોગીઓ તપ કરે છતાં પણ સ્વપ્નમાં પણ પ્રભુની ઝાંખી થાય નહિ. એ આપણને પ્રત્યક્ષ શ્રીજી મહારાજ મળ્યા છે.

૪ ધામની યાત્રા કરે અને ભુજ ધામમાં એક વખત શ્રીનરનારાયનદેવનાં દર્શન કરે તો અધિક ફળ મળે છે. પ્રત્યક્ષ સ્વામિનારાયણ ભગવાનના હસ્તે પધરાવેલા ભગવાન છે. તેનો અપાર મહિમા છે. આપણે કંગાલ નથી. મોટા સાહુકાર છીએ. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. તેમની પૂજા કરીએ છીએ. ખુમારી રાખો. આપણને જેવા તેવા નથી રહેવું. સાધુને જડભરત જેવા થવું, સંસારીને રાજા જનક જેવું થવું. અને જો આવા મહાન ભક્ત થવું હોય તો મહાન શાસ્ત્રો અને મહાન સંતોનો સમાગમ કરો. મહાનને સેવ્યા વિના મહાન થવાતું નથી.

મોટા મોટા ભક્ત થઈ ગયા તેમણે રાજ, સાજ, સુખ, સંપત્તિ તજીને ભગવાનનું ભજન કર્યું છે. શ્રીજી મહારાજ કહે છે, તમે પણ ભગવાન ભજવાની તાણ રાખજો. આજથી પહેલાં કોઈપણ ખોટા કર્મ થઈ ગયા હોય તો તે કર્મ છોડીને સત્કર્મ કરી લેજો. કથાના શબ્દો જીવનમાં ઉતારજો. પ્રભુના દાખડા સામે જોજો. વચનામૃતમાં શ્રી હરિ કહે છે કે, ભગવાનના ભજનના સુખ આગળ ૧૪ લોકના રાજ્યનું સુખ છે તે નરક તુલ્ય કહ્યું છે. માટે સૌને જોવું તપાસી, નથી આગળ ખેલ ને હાંસી, નક્કી વાત છે નિરધાર, કરવો સૌને એનો વિચાર. આગળ ખેલ અને હાંસી નથી. આ વાત વિચારજો. ભગવાનનો રસ્તો પકડી લેશે તો મહા સુખને પામશે. ખટકો રાખીને ભજન ભક્તિ કરવું પણ ક્યાંય બંધાવું નહિ.

આનંદથી શ્રી હરિનું ભજન કરશો તો ડંકો વગાડતાં અક્ષરધામમાં જશો. રૂપિયાનું બળ હોય, સત્તાનું બળ હોય તો દુનિયામાં ડંકો વાગે. અને આત્મનિષ્ઠા અને ભગવાનનો મહાત્મ્યનું બળ હોય તો અક્ષરધામમાં ડંકો વાગે. તમારે ક્યાં ડંકો દેવો છે એ તમારા હાથની વાત છે. દુનિયામાં ડંકો દેવા માટે રાત દિવસ આપણે મહેનત કરીએ છીએ. પૈસા મળી જાય અને સત્તા મળી જાય. પણ ધ્યાન

રાખજો. દુનિયામાં આપણે અનેક વખત જન્મ લીધાં છે. નિર્વાસનિક થવાશે તો અક્ષરધામમાં જવાશે.

(સર્વે સાથે મળીને બોલવું)

શ્રીપતિં શ્રીધરં સર્વદેવેશ્વરં ભક્તિધર્માત્મજં વાસુદેવં હરે
માધવં કેશવં કામદં કારણં સ્વામિનારાયણં નીલકંઠં ભજે.

## કીર્તન

મારા વ્હાલાજીશું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ;
તે વિના કેને ભજીએ રે. તેનો સંગ૦ ૧
સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે. તેનો૦ ૨
શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે;
દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે. તેનો૦ ૩
અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે. તેનો૦ ૪
નરક કુંડથી નરસું લાગે, દુરીજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે. તેનો૦ ૫

## ભક્તચિંતામણિ ગાયન - ચોપાઇ

સુખ દુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજ્યો સ્થિર મતિ ।
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ ॥૩૯॥
એમ કરતાં જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું ।
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું ॥૪૦॥
નહિ તો તમે નચિંત રહેજ્યો, કરવું તમારે કાંઈ નથી ।
જે મળ્યા છે તમને, તે પાર છે અક્ષરથી ॥૪૧॥

**કોઈના ગુણોની પ્રસંશા કરવામાં તમારો સમય બગાડવા કરતાં તે વ્યક્તિના ગુણોને તમારા જીવનમાં ઉતારવા પ્રયાસ કરો.**

## સ્વાભાવિક ચેષ્ટા

પ્રથમ શ્રી હરિને રે,...........

શ્રી ''ઘર સત્સંગ સભા'' ગ્રંથનો મૂળ આશય છે કે મનને ભગવાનના લીલા ચરિત્રોમાં જોડી દેવું. ચિંતવન કરીને ચિત્તને પ્રભુની લીલામાં ગુંચવી મૂકવું. ચંચળ મનને જગતની વસ્તુઓમાંથી પાછુ વાળવું અને તેને જીતવાનું સાધન નવધા ભક્તિ છે. ભક્તિ કર્યા વગર નવરું રહેવું નહિ. આ ગ્રંથ સંજીવની ઔષધી સમાન છે.

ભગવાન સ્વામિનારાયણની કૃપાથી અને સંતોના આશીર્વાદથી જે કાંઇ સમજાયું એવું ''ઘર સત્સંગ સભા'' માં રજુ કર્યું છે. ઘર સભાના નિમિત બનાવી આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. શ્રી ''ઘર સત્સંગ સભા'' અદ્‌ભૂત ગ્રંથ છે. અમૃતનો દરિયો સત્સંગીના હાથમાં આપ્યો છે તે આનંદની વાત છે. શ્રી નરનારાયણ યુવક મંડળ તથા યુવતી મંડળ આ શાસ્ત્ર વાંચશે અથવા સાંભળશે તેના ઉપર સ્વામિનારાયણ ભગવાન ખૂબ રાજી થશે અને સન્મતિ તથા સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થશે અને અંતે ઉત્તમ ગતિને પામશે.

શ્રી ''ઘર સત્સંગ સભા'' શાસ્ત્રમાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો ભગવાન ક્ષમા આપે, અને જે કાંઇ સારૂં લાગ્યું હોય તે ભગવાનની કૃપાનું ફળ છે.

ઇતિ શ્રી ''ઘર સત્સંગ સભા'' પહેલો ભાગ સંપૂર્ણ...

## ઓરડાના પદો

### રાગ : ગરબી : પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઇ મેં બોલાવીયા રે, સુંદર છોગાંવાળો છેલ. ૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ. ૨

# ઘર સત્સંગ સભા

ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે ચરણે લાગી વારંવાર. ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર. ૪
કહો ને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. ૫
પહેરી પ્રીતશું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેંટો જોયા લાગ્ય;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય. ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમુલ્ય;
કોટિક રવિ શશિ રે, તે તો નાવે તેને તુલ્ય. ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. ૯

**પદ – ૨**

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતાં રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ. ૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર. ૨
બરાસ કપુરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર. ૩
બાજુ બેરખા રે, બાંયે કપુરના શોભિત;
કડાં કપુરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત. ૪

**મન હંમેશા ટીકા કરવા માટે તૈયાર જ હોય છે.**
**ટીકાઓથી ક્યારેય કોઈને લાભ થયો નથી.**

સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયનની કોર. ૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખ આનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરુણા કંદ. ૬
અદ્ભુત ઉપમા રે, કહેતાં શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર. ૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણે ઉગીયા અગણીત સૂર. ૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. ૯

### પદ — ૩

બોલ્યા શ્રી હરિ રે,સાંભળો નરનારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન.૧
મારી મૂર્તિ રે, મારાં લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાંતો જોયાની છે જુક્ત.૨
મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામર્થી રે, શક્તિ ગુણે કરી અભિરામ.૩
અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર.૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન.૬
અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય;

મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે મારી.૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ.૯

**પદ – ૪**

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનૂપ;
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ.૧
સહુ હરિભક્તને રે, જાવું હોયે મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ.૨
સહુ હરિભક્તને રે, રહેવું હોયે મારે પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ.૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠાં જાણી કુટુંબ પરિવાર.૪
સૌ તમે પાળજો રે, સર્વે દૃઢ કરી મારા નિયમ;
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ.૫
સંત હરિભક્તને રે, દીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ.૬
નિજજન ઉપરે રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સહુ ઔષધિ રે, પ્રીતે પોષે પૂરણચંદ.૭
શોભે સંતમાં રે, જેમ કોઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળીમાં કરવા જનનાં કાજ.૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામી લેશે તેની સાર.૯

**જે પોતે કોઈની નિંદા નથી કરતા પણ જેને બીજાની નિંદા સાંભળવી ગમે છે તે બંને સરખા જ કહેવાય**

## વચનામૃતો

સંવત્ ૧૮૭૬ ના માગશર સુદિ ૯ નવમીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે "આ [1]સત્સંગમાં જે વિવેકી છે, તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે અને ભગવાન અને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે અને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાનાં હિતકારી માને છે અને દુઃખ નથી લગાડતો, તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટ્યપને પામે છે અને જે અવિવેકી છે, તે તો જેમ જેમ સત્સંગ કરે છે અને સત્સંગની વાત સાંભળે છે તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે. અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે. તે તો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈજાય છે. માટે પોતાને વિષે જે ગુણનું માન તેનો ત્યાગ કરીને શૂરવીર થઈને ભગવાન અને ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટ્યપને પામે છે." ઈતિ વચનામૃતમ્ ॥શ્રી ગ.પ્ર.પ્ર. ૬॥

સંવત્ ૧૮૭૭ ના શ્રાવણ વદિ ૧૧ એકાદશીને દિવસ [1]રાત્રિને સમે શ્રીજીમહારાજ ગામ શ્રીસારંગપુર મધ્યે જીવાખાચરના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને શ્રીજીમહારાજે શ્રીમદ્ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો હતો ત્યારે તેમાં એમ વાર્તા આવી જે "જ્યાં મનોમય ચક્રની ધારા કુંઠીત થાય ત્યાં નૈમિશારણ્યક્ષેત્ર જાણવું." એ વાર્તાને સાંભળીને મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! એ મનોમય ચક્ર તે શું છે ને એની

ધારા તે શી સમજવી ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દશ ઇન્દ્રિયો છે એમ જાણવું અને તે ઇન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઇને બુઠ્ઠી થઇ જાય તેને નૈમિશારણ્યક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિનદિન પ્રત્યે વૃદ્ધિ પામે એવું જે નૈમિશારણ્યક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું. અને જ્યારે મનોમયચક્રની ઇન્દ્રિયોરૂપ જે ધારા તે બુઠ્ઠી થઇ જાય ત્યારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયને વિષે પ્રીતિ રહે નહિ અને જ્યારે કોઇ રૂપવાન સ્ત્રી દેખાય અથવા વસ્ત્રઅલંકારાદિક અતિ સુંદર પદાર્થ દેખાય, ત્યારે મૂળગો તેના મનમાં અતિશે અભાવ આવે પણ તેમાં ઇન્દ્રિયોની વૃત્તિ જઇને ચોટે નહિ, જેમ અતિ તીખી અણીવાળું બાણ હોય તે જે પદાર્થમાં ચોટાડે તે પદાર્થને વીંધીને માંહી પ્રવેશ કરી જાય છે અને પાછું કાઢ્યું પણ નીસરે નહિ અને તેના તે બાણમાંથી ફળ કાઢી લીધું હોય ને પછી થોથું રહ્યું હોય તેનો ભીંતમાં ઘા કરે તો ત્યાંથી ઉથડકીને પાછું પડે છે પણ જેમ ફળ સોતું ભીંતને વિષે ચોટી જાય છે તેમ ચોટે નહિ, તેમ જ્યારે મનોમય ચક્રની ધારા જે ઇન્દ્રિયો તે બુઠ્ઠિયો થઇ જાય ત્યારે ગમે તેવો શ્રેષ્ઠ વિષય હોય તેમાં પણ ઇન્દ્રિયોની વૃત્તિ ચોટે નહિ અને થોથાની પેઠે ઇન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે, એવું વર્તાય ત્યારે જાણીએ જે મનોમય ચક્રની ધારા કુંઠિત થઇ ગઇ. એવું સંતના સમાગમ રૂપી નૈમિશારણ્યક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું. ઇતિ વચનામૃતમ્ ॥શ્રી સ્વારંગપુર ૭॥

સંવત્ ૧૮૭૯ ના ફાગણ સુદિ ૮ અષ્ટમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપને વિષે જે ભક્તનું ચિત્ત અતિ આસક્ત થયું હોય'' તેનાં આવાં લક્ષણ હોય જે, ''પોતે માર્ગે

પ્રશંસા થાય ત્યારે કદાચ ક્ષણિક સંતોષ થાય પણ એનાથી નવું શીખવા મળતું નથી. જ્યારે ટીકા કશુંક શીખવાડી જતી હોય છે.

ચાલીને અતિશે થાકી રહ્યો હોય, ને બેઠું થાવાની પણ શરીરમાં શક્તિ ન રહી હોય, અને તેવા સમામાં કાંઈક ભગવાનની વાર્તાનો પ્રસંગ નિસરે તો જાણીએ એકે ગાઉ પણ ચાલ્યો નથી, એવો સાવધાન થઈને તે વાર્તાને કરવા સાંભળવામાં અતિશે તત્પર થઈ જાય, અથવા ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય અથવા ગમે તેવું અપમાન થયું હોય, ને તેવામાં જો એ ભગવાનની વાર્તા સાંભળે, તો તત્કાળ સર્વ દુઃખ થકી રહિત થઈ જાય. અને વળી ગમે તેવી રાજ્ય સમૃદ્ધિને પામીને અવરાઈ ગયો એવો જણાતો હોય, અને જે ઘડીએ એ ભગવાનની વાર્તા સાંભળે, તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી થયો, એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય,'' એવી જાતનાં જેને વિષે લક્ષણ હોય, તેને એ ભગવાનને વિષે દઢ આસક્તિ થઈ જાણવી.

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''એ ભગવાનને વિષે એવી દઢ આસક્તિ શા થકી થાય છે ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''કાં તો પૂર્વ જન્મનો એવો અતિ બળિયો સંસ્કાર હોય અથવા જે સંતને ભગવાનને વિષે એવી દઢ આસક્તિ હોય, તેને સેવાએ કરીને રાજી કરે, એ બેયે કરીને જ ભગવાનને વિષે એવી દઢ આસક્તિ થાય છે, પણ એ વિના બીજો ઉપાય નથી.'' ઈતિ વચનામૃતમ્ ॥ શ્રી. ગ. મ. પ્ર ૨૯ ॥

સંવત્ ૧૮૭૭ ના ફાગણ વદિ ૮ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટાને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન હતા, ને ધોળો ખેસ પહેર્યો હતો, ને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી, ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો, ને ધોળી ચાદર ઓઢી હતી ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ''કયે ઠેકાણે માન સારું છે ને કયે ઠેકાણે સારું નથી ને કયે ઠેકાણે નિર્માનીપણું સારું છે ને કયે ઠેકાણે સારું નથી ?'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેની આગળ તો માન રાખવું તેજ સારું છે.

અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ તેજ રૂડું છે. અને ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી. ને તેની આગળ તો માનને મુકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે.'' ઈતિ વચનામૃતમ્ ॥શ્રી. પંચાળા ૫॥

સંવત્ ૧૮૭૬ ના પ્રથમ જ્યેષ્ઠ સુદિ ૧૧ એકાદશીને દિવસ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ પોતાના ઉતારાને વિષે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મોટા મોટા સાધુ કેટલાક બેઠા હતા.

તેમની આગળ શ્રીજી મહારાજે વાર્તા કરી જે, ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારનાં જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો પણ તે સાથે અમારે બને નહિ અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે, અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી જે 'એ સત્સંગી છે' અને કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે અને જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય, અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ, તોપણ કોઈ રીતે દેહ પર્યંત મૂઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે, અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે, અને એવા ગુણ ન હોય તો હેત કરવા જાઈએ તોય પણ હેત થાય નહિ. અને અમારી તો એ જ પ્રકૃતિ છે જે, જેના હૃદયમાં ભગવાનની એવી પરિપૂર્ણ ભક્તિ હોય તે ઉપર જ હેત થાય છે. ઈતિ સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ. અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ ને એમનો અભાવ આવવા દેવો નહિ. અને ભગવાનના ભક્ત જેવા દેહ ને દેહનાં સગાંસંબંધીને વહાલાં રાખવાં નહિ. એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી. અને જે ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિમાન વિરાજમાન છે, અને ભગવાનના ભક્ત પણ

**પ્રશંસાનો ભરપૂર ઈન્કાર કરવાનો અર્થ થાય છે - ફરી વાર પ્રશંસા સાંભળવાની તીવ્ર ઈચ્છા.**

એ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા ભગવાનની સેવાને વિષે રહે છે. તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે, હું રખે મરીને ભૂતપ્રેત થાઉં, કે રખે ઈન્દ્રલોકને જ પામું, કે રખે બ્રહ્મલોકને જ પામું.' એવી આશંકા મનમાં રાખવી નહિ. કેમજે, જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહિ. અને એ ભક્તજન હોય તેને પણ પોતાનું જે મન છે તેને પરમેશ્વરના ચરણારવિંદને વિષે દૃઢ કરીને રાખવું. જેમ વજની પૃથ્વી હોય તેમાં વજની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઉખડે નહિ, તેમ ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું. અને એવી રીતે જે ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'' એમ વાર્તા કરીને 'જય સચ્ચિદાનંદ' કહીને સર્વ સભાનેઉઠવાની આજ્ઞા કરી. ઈતિ વચનામૃતમ્ ॥ શ્રી. ગ. પ્ર. પ્ર. ૭૬ ॥

### ભક્તચિંતામણિ પ્રકરણ ૨૩

પૂર્વછાયો- ઉપવીત ઉત્સવ પૂરો થયો, સુંદર સારો નિદાન ।
ત્યાર પછીની જે વારતા, સહુ સાંભળો થઈ સાવધાન ॥૧॥
ધર્યા ધર્મ હરિએ બહુ, જે જે કહ્યા ગુરુદેવ ।
માતાપિતાની મહાત્મ્યે, કરે છે બહુપેર સેવ ॥૨॥
પણ અખંડ રહે છે અંતરે, ઘર ત્યાગ કરવા ઘાટ ।
ક્યારે મેલીશ આ ઘરને, હું ક્યારે લઈશ વનવાટ ॥૩॥
જે અર્થે આ અવતાર છે, તે કરીશ હું કૈયે કાજ ।
ધર્મ સ્થાપું અધર્મ ઉત્થાપી, એમ વિચારે મહારાજ ॥૪॥
ચોપાઈ- અઘમઘના ચાલણહાર રે, એવા અસુર જગે અપાર રે ।
તેને મોહ પમાડીને મારૂં રે, ધરાપર ધર્મને હું ધારૂં રે ॥૫॥
શુદ્ધ ધર્મે રાખું નરનાર રે, એહ અર્થે છે આ અવતાર રે ।

પણ હમણાં ત્યાગું જો ગેહ રે, મરે માબાપ મારે સનેહરે ॥૬॥
માટે બ્રાહ્મણનો છે જે શાપ રે, તેથી મુકાય દંપતિ આપ રે ।
તેદિ નિશ્ચે હું ત્યાગીશ ઘર રે, ગુઢ વિચાર એવો અંતર રે ॥૭॥
પછી વિદ્યા ગુરુ તાત કરી રે, વેદ ત્રીજો ભણી લીધો હરિ રે ।
મોટી બુદ્ધિવાળા છે દયાળ રે, જેહ શિખે તે અચિર કાળ રે ॥૮॥
જોઈ વિસ્મય પામે સૌ જન રે, પામે આશ્ચર્ય કહે ધન્ય ધન્ય રે ।
પછી ધર્મ તે ભણ્યાતા જેહ રે, સર્વે હરિને ભણાવ્યું તેહરે ॥૯॥
વેદ શાસ્ત્ર ને કાવ્ય પુરાણ રે, મહાભાષ્યાદિ ભણ્યા સુજાણ રે ।
પછી ધર્મ થઈ રળિયાત રે, કહી રામપ્રતાપને વાત રે ॥૧૦॥
સુણો જ્યેષ્ઠપુત્ર બડભાગી રે, આતો થાશે અતિશય ત્યાગી રે ।
જુવો આજથી એનાં એંધાણ રે, નથી કોઈ વાતની જો તાણ રે ॥૧૧॥
ખાન પાનમાંહિ નથી મન રે, નથી ઈચ્છતા વસન ભૂષણ રે ।
માન મોટપ્ય ને મારું તારું રે, નથી લાગતું એ એને સારું રે ॥૧૨॥
હર્ષ શોક વળી હાણ્ય વૃદ્ધિ રે, નથી ગમતી ઘરસમૃદ્ધિ રે ।
અતિ વૈરાગ્યવાન છે એહ રે, નથી સંભાળતા નિજ ગેહ રે ॥૧૩॥
અતિ ત્યાગ ગમે છે તનમાં રે, એમ મને જણાય છે મનમાં રે ।
માટે આથી નહિ થાય વેવાર રે, તમે ઉપાડો ઘરનો ભાર રે ॥૧૪॥
તમ પાસે એ નહિ માગે કાંઈ રે, નથી મન એનું ઘરમાંઈ રે ।
ખાવા પીવાનું પણ નહિ માગે રે, અતિ ઉદાસી છે વૈરાગે રે ॥૧૫॥
એમ જ્યેષ્ઠ પુત્ર જે જોખન રે, કહ્યાં તાતે તે માન્યું વચન રે ।.
પછી સ્વસ્થ ચિત્તે થઈ તાત રે, અંતરમાંહિ વિચારી વાત રે ॥૧૬॥
હવે વૃદ્ધ થયો છે આ દેહ રે, માટે સહુશું તજું સનેહ રે ।
હવે સાંખ્યયોગને આશરૂં રે, શ્રીકૃષ્ણ સ્વામીનું ધ્યાન ધરૂં રે ॥૧૭॥

**બીજાને હલકા ચિતરવા માટે નિંદા નથી થતી, પણ મોટે ભાગે પોતે મહાન છે એવું બતાવવા જ નિંદા થતી હોય છે.**

પણ પોતાને હરિ છે પ્રેહ રે, દેવા શિખામણ્ય છે સનેહ રે ।
સુણો સુત હરિ વાત મારી રે, સુખદાયક છે અતિ સારી રે ॥૧૮॥
કહું છું તમારા હિતને સારૂં રે, માટે માનજ્યો વચન મારૂં રે ।
કહું છું સ્વધર્મ ભક્તિ વૈરાગ્ય રે, તેનો કરશો માં કે'દી ત્યાગ રે ॥૧૯॥
જાજ્યો રામાનંદ સ્વામી પાસ રે, જો થાઓ ઘરમાંથી ઉદાસ રે ।
રામાનંદ સ્વામીનો મહિમાય રે, નથી જાતો મેં કહ્યો જીભાય રે ॥૨૦॥
તેતો વસે છે સોરઠ દેશ રે, દિએ છે જીવોને ઉપદેશ રે ।
જાજ્યો ધીરે ધીરે પુછી વાટ રે, ઉતરી ઝાડી નદીના ઘાટ રે ॥૨૧॥
એવી સાંભળી તાતની વાણી રે, સર્વે અંતરે લખી એંધાણી રે ।
પોતે વિદ્યાએ છે ગુણવાન રે, થયા ગુણે તે તાત સમાન રે ॥૨૨॥
વળી સુણે છે તાત મુખેથી રે, સર્વે શાસ્ત્ર સુંદર સુખેથી રે ।
સુણિ સુણિ ને ગ્રહે છે સાર રે, નીર ક્ષીર નોખું નિરધાર રે ॥૨૩॥
જેજે કાઢ્યું એમાંથી અનુપ રે, સર્વે જીવને તે સુખરૂપ રે ।
શ્રીમદ્ ભાગવત જે પુરાણ રે, તેનો સાર શોધીને સુજાણ રે ॥૨૪॥
કાઢ્યા સ્કંધ દોય દુઃખ હારી રે, પંચમસ્કંધ સદા સુખકારી રે ।
બીજો દશમસ્કંધ કહેવાય રે, શ્રીકૃષ્ણ ચરિત્ર છે જેમાંય રે ॥૨૫॥
એનું નામ છે ભાગવત સાર રે, લખી નોખું રાખ્યું નિરધાર રે ।
વળી ભારત સાર શોધીને રે, લખી લીધું વિચારે બુદ્ધિને રે ॥૨૬॥
ભગવદ્ગીતા ભવભય હરણીરે, લખી લીધી એ વિચારી વર્ણીરે ।
વિષ્ણુસહસ્ત્ર નામ સુખરૂપ રે, લખી વિદુરની નીતિ અનુપ રે ॥૨૭॥
એટલું શ્રીભારત મોઝાર રે, શોધી કાઢી લીધું છે એ સાર રે ।
વળી ધર્મશાસ્ત્રનો જે સાર રે, પોતે લખ્યો છે કરીને પ્યાર રે ॥૨૮॥
યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ છે સારી રે, લખી પોતે તે પણ વિચારી રે ।
એહ ધર્મશાસ્ત્રનો છે સાર રે, સુખદાયક સહુને અપાર રે ॥૨૯॥

સ્કંદપુરાણનો સાર જેહ રે, લખ્યો સુંદર શોધીને તેહ રે ।
વાસુદેવમાહાત્મ્ય મહારાજે રે, લખ્યું સૌ જનના હિતકાજે રે ॥૩૦॥
એહ સાર છે સ્કંદ પુરાણ રે, શોધી લખી લીધું એ સુજાણ રે ।
એ જે ચારે ગ્રંથમાં છે સત્વ રે, શોધી કાઢી લીધું છે એ તત્વ રે ॥૩૧॥
પછી તેનો ગુટકો લખાવી રે, શોધી સુંદર સારો બનાવી રે ।
લાવ્યા તેતો પોતે તાત પાસ રે, તાતે જોઈને કર્યો તપાસ રે ॥૩૨॥
નોયે આ બુદ્ધિ મનુષ્ય તણી રે, એમ કરી છે પ્રશંસા ઘણી રે ।
ધન્ય ધન્ય પુત્ર મહામતિ રે, તમે સર્વથી મોટા છો અતિ રે ॥૩૩॥
એમ કહીને વિચાર્યું જ્યારે રે, વાત પૂર્વની સાંભરી ત્યારે રે ।
કહ્યું માર્કંડેય તે મળ્યું રે, સર્વે પ્રકારે આજ મેં કળ્યું રે ॥૩૪॥
વળી વૃંદાવનની જે વાત રે, સાંભરી છે પોતાને સાક્ષાત રે ।
આવી મળીયાં સર્વે એંધાણ રે, જાણ્યા પુત્રને શ્યામ સુજાણ રે ॥૩૫॥
ત્યારે આશ્ચર્ય વાત એ નથી રે, એમ વિચાર્યું છે મનથી રે ।
પછી અતિ કરી સતકાર રે, વખાણ્યા ચારે શાસ્ત્રના સાર રે ॥૩૬॥
એમ તાતે કહ્યું તે સાંભળી રે, લખી રાખ્યા પોતા પાસે વળી રે ।
ધર્મશાસ્ત્ર ને સ્કંદપુરાણ રે, તેનું સાર કર્યું પરમાણ રે ॥૩૭॥
ભારત સાર ભાગવત સાર રે, વાંચે સુણે નિત્યે નિરધાર રે ।
જેણે કરી શ્રીકૃષ્ણમાં પ્રીત રે, થાય દઢ મતિ નિત્ય નિત્ય રે ॥૩૮॥
વળી શાસ્ત્ર યુક્ત ભક્તિ જેહ રે, કરવી કૃષ્ણની તાત કહે તેહ રે ।
સુણો મંત્ર હુંથી મહામતિ રે, અષ્ટાક્ષરનો તે શુભ અતિ રે ॥૩૯॥
વળી ત્રણ પ્રકારનો જેહ રે, કહ્યો પિતાએ કરી સનેહ રે ।
કહ્યું એ મંત્ર વહાલો છે મને રે, અતિ હેત કરી કહ્યો તને રે ॥૪૦॥
કરો જપ તેનો પૂજા નિત્ય રે, પાળજ્યો સ્વધર્મ રૂડી રીત્ય રે ।
એવી તાતે શિખામણ દીધી રે, માંડ્યું વર્તવા હરિએ વિધિ રે ॥૪૧॥

**જો આધ્યાત્મિકતા નહિ હોય તો**
**જગતનો વિકાસ વિનાશ તરફ વળી જશે.**

થયાં જન્મથી વર્ષ અગિયાર રે, તિયાં આવિયા અસુર અપાર રે ।
અતિ કાળા ને બહુ કરૂર રે, ભર્યા ક્રોધમાંહિ ભરપુર રે ॥૪૨॥
મોટી ડાઢ્યો ને માથે વાળ રે, ભુરા લંબુરા વડા વિક્રાળ રે ।
રાતી આંખ્યો ને આયુધ હાથ રે, આવ્યા જિયાં બેઠા હતા નાથ રે ॥૪૩॥
વેષ વૈષ્ણવી પણ અસુર રે, મનમાં છે માર્યાનું જરૂર રે ।
આવી ઉગામ્યાં આયુધ શઠે રે, ત્યાં તો નજર કરી નીલકંઠે રે ॥૪૪॥
પામ્યા મોહ પરસ્પર એહ રે, મુવા લડી માંહોમાંહી તેહ રે ।
મુવા અસુર ઉતર્યો ભાર રે, ત્યારે નાથે તે કર્યો વિચાર રે ॥૪૫॥
દેશ પ્રદેશ હશે વિમુખ રે, દેતા હશે મુનિયોને દુઃખ રે ।
માટે સર્વેનો ઉતારું ભાર રે, એહ અર્થે છે આ અવતાર રે ॥૪૬॥
માટે કૈયે તજું હું આ ઘર રે, કૈયે જોઉં શોધી સર્વે ધર રે ।
કૈયે પમાડું પાપીને મોહ રે, મરે માંહોમાંહિ તે સમોહ રે ॥૪૭॥
ઈતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે હરિચરિત્ર નામે ત્રેવીશમું પ્રકરણમ્ ॥૨૩॥

### ફગવા

મહાબળવંત માયા તમારી, જેણે આવરીયાં નરનારી ।
એવું વરદાન દિજીયે આપે, એહ માયા અમને ન વ્યાપે ॥૨૨॥
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્ય બુદ્ધિ કોઈ દન ।
જેજે લીળા કરો તમે લાલ, તેને સમઝુ અલૌકિક ખ્યાલ ॥૨૩॥
સતસંગી જે તમારા કહાવે, તેનો કેદી અભાવ ન આવે ।
દેશ કાળ ને ક્રિયાએ કરી, કેદિ તમને ન ભુલીયે હરિ ॥૨૪॥
કામ ક્રોધ ને લોભ કુમતિ, મોહ વ્યાપીને ન ફરે મતિ ।
તમને ભજતાં આડું જે પડે, માગીયે એ અમને ન નડે ॥૨૫॥
એટલું માગીયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે ।
વળી ન માગીએ અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ॥૨૬॥

કેદિ દેશો માં દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન ।
કેદિ કુસંગનો સંગ મ દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ॥૨૭॥
કેદિ દેશોમાં સંસારી સુખ, દેશો માં પ્રભુ વાસ વિમુખ ।
દેશો માં પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈરષા કાંઈ ॥૨૮॥
દેશો માં દેહ સુખ સંયોગ, દેશો માં હરિજનનો વિયોગ ।
દેશો માં હરિજનનો અભાવ, દેશો માં અહંકારી સ્વભાવ ॥૨૯॥
દેશો માં સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય ।
એ આદિ નથી માગતા અમે, દેશો માં દયા કરીને તમે ॥૩૦॥
પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર ।
મારી માયામાં નહિ મુંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ ॥૩૧॥
મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ ।
એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત ॥૩૨॥
દીધા દાસને ફગવા એવા, બીજું કોણ સમર્થ એવું દેવા ।

## જનમંગલ સ્તોત્ર

નમો નમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે । ભક્તિધર્માંગ જાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગંધપુષ્પહારાદ્યૈર્વિવિધૈરૂપહારકેઃ । સમ્પૂજીતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ । સદ્યઃ ફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥૩॥

અસ્ય શ્રી જનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રમંત્રસ્ય શતાનંદ ઋષિઃ ।
અનુષ્ટુપ્ છન્દઃ ધર્મનન્દનઃ
શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્ । બૃહદ્વ્રતધર ઈતિ શક્તિઃ । ભક્તિનંદન ઈતિ કીલ્કમ્ । ચતુર્વર્ગસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ । ॥ અથ ધ્યાનમ્ ॥

વર્ણિવેષરમણીયદર્શનં મંદહાસરૂચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ।૪

શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ । ભક્તિધર્માત્મજોજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ.૫

**મિથ્યા પ્રશંસા ઘણી જ દુઃખદાયક હોય છે.**

હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનંદનઃ। બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ। જિતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલાપ્રવૃત્તિરતિધૈર્યવાન્ । જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિતઃ ॥૮॥
ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ। સિદ્ધેશ્વરઃ સ્વતંત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥
પાષણ્ડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ। પ્રશાન્તમૂર્તિનિર્દોષોસુરગુર્વાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયનઃ ઉદ્ધવાધ્વપ્રવર્તકઃ । મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥૧૧॥
અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ । સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃસમાધિસ્થિતિકારકઃ। કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ । ભક્તિસંપોષકો વાગ્મિ ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાતિપાવનઃ। અબુદ્ધિહૃદ્ બ્રહ્મધામદર્શકશ્ચાપરાજીતઃ ॥૧૫॥
આસમુદ્રાન્તસત્કીર્તિ શ્રિતસંસૃતિમોચનઃ। ઉદારઃ સહજાનંદઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥૧૬॥
કંદર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ । પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિસ્પૃહઃ સત્યપ્રતિજ્ઞો ભક્તવત્સલઃ। અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥
નિરહંકૃતિરદ્રોહ ઋજુઃ સર્વોપકારકઃ । નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥૧૯॥
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષઃ આત્મદઃ। અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥
મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ। પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ । સર્વમંગલસદ્રૂપનાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥
ઈત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ । યઃ પઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥૨૩॥
યઃ પઠેચ્છૃણુયાદ્ભક્ત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વા। એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ.૨૪
એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે । દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ॥૨૫॥
ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્। યોગિનીનાં તથા બાલગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોપ્યુપદ્રવઃ। અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભિષ્ટં સુખં ભવેત્ । ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ.૨૮
ઈતિશ્રીશતાનંદમુનિવિરચિતં શ્રીજનમંગલાખ્યં શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સંપૂર્ણમ્ ॥

# ઘર સત્સંગ સભા

## જનમંગલનામાવલિ

| | |
|---|---|
| ૧. ૐ શ્રી શ્રીકૃષ્ણાય નમઃ | ૨૮. ૐ શ્રી તીર્થકૃતે નમઃ |
| ૨. ૐ શ્રી શ્રીવાસુદેવાય નમઃ | ૨૯. ૐ શ્રી તૈર્થિકાર્ચિતાય નમઃ |
| ૩. ૐ શ્રી નરનારાયણાય નમઃ | ૩૦. ૐ શ્રી ક્ષમાનિધયે નમઃ |
| ૪. ૐ શ્રી પ્રભવે નમઃ | ૩૧. ૐ શ્રી સદોન્નિદ્રાય નમઃ |
| ૫. ૐ શ્રી ભક્તિધર્માત્મજાય નમઃ | ૩૨. ૐ શ્રી ધ્યાનનિષ્ઠાય નમઃ |
| ૬. ૐ શ્રી અજન્મને નમઃ | ૩૩. ૐ શ્રી તપઃપ્રિયાય નમઃ |
| ૭. ૐ શ્રી કૃષ્ણાય નમઃ | ૩૪. ૐ શ્રી સિદ્ધેશ્વરાય નમઃ |
| ૮. ૐ શ્રી નારાયણાય નમઃ | ૩૫. ૐ શ્રી સ્વતંત્રાય નમઃ |
| ૯. ૐ શ્રી હરયે નમઃ | ૩૬. ૐ શ્રી બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ |
| ૧૦. ૐ શ્રી હરિકૃષ્ણાય નમઃ | ૩૭. ૐ શ્રી પાખંડોચ્છેદનપટવે નમઃ |
| ૧૧. ૐ શ્રી ઘનશ્યામાય નમઃ | ૩૮. ૐ સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ |
| ૧૨. ૐ શ્રી ધાર્મિકાય નમઃ | ૩૯. ૐ શ્રી પ્રશાન્તમૂર્તયે નમઃ |
| ૧૩. ૐ શ્રી ભક્તિનંદનાય નમઃ | ૪૦. ૐ શ્રી નિર્દોષાય નમઃ |
| ૧૪. ૐ શ્રી બૃહદ્વ્રતધરાય નમઃ | ૪૧. ૐ અસુરગુર્વાદિમોહનાય નમઃ |
| ૧૫. ૐ શ્રી શુદ્ધાય નમઃ | ૪૨. ૐ શ્રી અતિકારુણ્યનયનાય નમઃ |
| ૧૬. ૐ શ્રી રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ | ૪૩. ૐ શ્રી ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ |
| ૧૭. ૐ શ્રી મરુત્સુતપ્રિયાય નમઃ | ૪૪. ૐ શ્રી મહાવ્રતાય નમઃ |
| ૧૮. ૐ કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ. | ૪૫. ૐ શ્રી સાધુશીલાય નમઃ |
| ૧૯. ૐ શ્રી જીતેન્દ્રિયાય નમઃ | ૪૬. ૐ શ્રી સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ |
| ૨૦. ૐ શ્રી જીતાહારાય નમઃ | ૪૭. ૐ શ્રી અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ |
| ૨૧. ૐ શ્રી તીવ્રવૈરાગ્યાય નમઃ | ૪૮. ૐ શ્રી સાકારબ્રહ્મવર્ણનાય નમઃ |
| ૨૨. ૐ શ્રી આસ્તિકાય નમઃ | ૪૯. ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ |
| ૨૩. ૐ શ્રી યોગેશ્વરાય નમઃ | ૫૦. ૐ શ્રી સ્વામિને નમઃ |
| ૨૪. ૐ શ્રી યોગકલાપ્રવૃત્તયે નમઃ | ૫૧. ૐ શ્રી કાલદોષનિવારકાય નમઃ |
| ૨૫. ૐ શ્રી અતિધૈર્યવતે નમઃ | ૫૨. ૐ શ્રી સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ |
| ૨૬. ૐ શ્રી જ્ઞાનિને નમઃ | ૫૩. ૐ સદ્યઃસમાધિસ્થિતિકારકાય |
| ૨૭. ૐ શ્રી પરમહંસાય નમઃ | ૫૪. ૐ કૃષ્ણાર્ચાસ્થાપનકરાયનમઃ |

**પ્રશંસા હૃદયથી થાય છે, જ્યારે ખુશામત હોઠથી થાય છે. પ્રસંશામાં નિઃસ્વાર્થ હોય છે, જ્યારે ખુશામતમાં સ્વાર્થ હોય છે.**

૫૫. ૐ શ્રી કૌલદ્વિષે નમઃ
૫૬. ૐ શ્રી કલિતારકાય નમઃ
૫૭. ૐ શ્રી પ્રકાશરૂપાય નમઃ
૫૮. ૐ શ્રી નિર્દંભાય નમઃ
૫૯. ૐ શ્રી સર્વજીવહિતાવહાય નમઃ
૬૦. ૐ શ્રી ભક્તિસંપોષકાય નમઃ
૬૧. ૐ શ્રી વાગ્મીને નમઃ
૬૨. ૐ શ્રી ચતુર્વર્ગફલપ્રદાય નમઃ
૬૩. ૐ શ્રી નિર્મત્સરાય નમઃ
૬૪. ૐ શ્રી ભક્તવર્મણે નમઃ
૬૫. ૐ શ્રી બુદ્ધિદાત્રે નમઃ
૬૬. ૐ શ્રી અતિપાવનાય નમઃ
૬૭. ૐ શ્રી અબુદ્ધિહૃતે નમઃ
૬૮. ૐ શ્રી બ્રહ્મધામદર્શકાય નમઃ
૬૯. ૐ શ્રી અપરાજીતાય નમઃ
૭૦. ૐ આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ
૭૧. ૐ શ્રિતસંસૃતિમોચનાય નમઃ
૭૨. ૐ શ્રી ઉદારાય નમઃ
૭૩. ૐ શ્રી સહજાનંદાય નમઃ
૭૪. ૐ શ્રી સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
૭૫. ૐ શ્રી કંદર્પદર્પદલનાય નમઃ
૭૬. ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ
૭૭. ૐ શ્રી પંચાયતનસન્માનાય નમઃ
૭૮. ૐ શ્રી નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ
૭૯. ૐ શ્રી પ્રગલ્ભાય નમઃ
૮૦. ૐ શ્રી નિઃસ્પૃહાય નમઃ
૮૧. ૐ શ્રી સત્યપ્રતિજ્ઞાય નમઃ
૮૨. ૐ શ્રી ભક્તવત્સલાય નમઃ
૮૩. ૐ શ્રી અરોષણાય નમઃ
૮૪. ૐ શ્રી દીર્ઘદર્શિને નમઃ
૮૫. ૐ શ્રી ષડૂર્મિવિજયક્ષમાય નમઃ
૮૬. ૐ શ્રી નિરહંકૃતયે નમઃ
૮૭. ૐ શ્રી અદ્રોહાય નમઃ
૮૮. ૐ શ્રી ઋજવે નમઃ
૮૯. ૐ શ્રી સર્વોપકારકાય નમઃ
૯૦. ૐ શ્રી નિયામકાય નમઃ
૯૧. ૐ શ્રી ઉપશમસ્થિતયે નમઃ
૯૨. ૐ શ્રી વિનયવતે નમઃ
૯૩. ૐ શ્રી ગુરવે નમઃ
૯૪. ૐ શ્રી અજાતવૈરિણે નમઃ
૯૫. ૐ શ્રી નિર્લોભાય નમઃ
૯૬. ૐ શ્રી મહાપુરૂષાય નમઃ
૯૭. ૐ શ્રી આત્મદાય નમઃ
૯૮. ૐ શ્રી અખંડિતાર્ષમર્યાદાય નમઃ
૯૯. ૐ વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ
૧૦૦ ૐ શ્રી મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ
૧૦૧. ૐ શ્રી યમદૂતવિમોચકાય નમઃ
૧૦૨. ૐ શ્રી પૂર્ણકામાય નમઃ
૧૦૩. ૐ શ્રી સત્યવાદિને નમઃ
૧૦૪. ૐ શ્રી ગુણગ્રાહિણે નમઃ
૧૦૫. ૐ શ્રી ગતસ્મયાય નમઃ
૧૦૬. ૐ સદાચારપ્રિયતરાય નમઃ
૧૦૭. ૐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ
૧૦૮. ૐ સર્વમંગલસદ્રૂપનાનાગુણ-
વિચેષ્ટિતાય નમઃ

**॥ ઇતિ શ્રી જનમંગલનામાવલિ ॥**

# ઘર સત્સંગ સભા

## કિર્તનો

**(૧)**

સહજાનંદ હરિ પ્રગટ થયા સહજાનંદ હરિ. . . . ટેક.
વ્યાસ મુનિએ જે પૂર્વે કહી'તી,તે વાત સાચી કરી - પ્રગટ૦ ૧
કૌશલ દેશમાં પ્રગટ્યા પોતે, દ્વિજકુળ દેહ ધરી - પ્રગટ૦ ૨
અધર્મ કેરાં મુળ ઉખાડી, સદ્ધર્મ સ્થાપ્યો ફરી - પ્રગટ૦ ૩
નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા, નિરખ્યા મેં નેણાંભરી - પ્ર૦ ૪

**(૨)**

હરિ હૈયાના હાર છો, જીરે તમે હરિ હૈયાના હાર છો;
સેજ તણા શણગાર છો-જીરે તમે હરિ હૈયાના હાર છો-ટેક.
મુખથી શું ઘણું કહીએ મોહન રે, પ્રાણ તણા આધાર છો- જીરે૦
વાલપણામાં અતિશે વહાલારે, નટવર નંદકુમાર છો - જીરે૦
દુરિજનિયાંને દૂર ઘણા છો રે, પ્રેમી તે જનના પ્રાણ છો - જીરે૦
મુક્તાનંદ કહે નરનાટક ધરી રે, શરણાગતના સાર છો - જીરે૦

**(૩)**

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે... કોડે૦૧
એવું વ્રત કરે તે ધન્ય માનવી રે,
તેતો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે... કોડે૦૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યુ રે,
તેણે કારજ પોતાનું સરવે કર્યું રે... કોડે૦૩
એનો મહીમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે... કોડે૦૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસીરે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે... કોડે૦૫

**મિનિટોની ચિંતા કરો, કારણકે કલાકો તો પોતાની ચિંતા સ્વયં કરી લેશે.**

## સંતો આપણે ઘેર પધારવાના હોય ત્યારે આપણી તૈયારી નીચે પ્રમાણે હોવી જોઈએ.

- ઘર ફટા (પોતા) કરી સાફ કરવું.
- સંતોને બેસવાની વ્યવસ્થા માટે ખુરશી કે નીચે પાથરવા પાથરણું રાખવું.
- ઠાકોરજી માટે ટેબલ કે ટીપાઈ રૂમાલ પાથરીને રાખવી.
- ઠાકોરજી માટે ફ્રુટ, સુકોમેવો અથવા મીઠાઈનો થાળ તૈયાર રાખવો. પાણીનો લોટો ભરીને રાખવો.
- ઠાકોરજીની આરતી માટે ફુલ વાટ થાળીમાં રાખવી.
- બહેનો ભક્તો અલગથી ઠાકોરજીની આરતી કરી શકે.
- સંતો દ્વારા ઘરમાં પ્રસાદી જળ છંટાવવું.
- ઠાકોરજી માટે ફુલનો ૧ હાર રાખવો.
- સગા સંબંધીઓને ખાસ આમંત્રણ આપવું.
- સંતોની પૂજા કરવી. ફૂલના હાર પહેરાવીને સૂકોમેવો કે સાકરના પેકેટ આપી ધોતિયા ઓઢાડવા અને સંતોને પગે લાગી આશીર્વાદ મેળવવા.
- ઘરના નાના બાળકોને સંતોને પગે લગાડી આશીર્વાદ અપાવવા.
- હરિભક્તોને આપવા પ્રસાદની વ્યવસ્થા ગોઠવવી.
- ઠાકોરજીને ભેટ મૂકી દર્શન કરવાં.
- હરિભક્તોને બેસવા સંતોથી અલગ પાથરણાં રાખવાં.